અક્ષર અને શબ્દ

લેખક

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

ગુજરાત સાહિત્ય સભાનાં
પ્રકાશનોના
– સોલ એજન્ટ –
ગૂર્જર ગ્રંથરત્ન
કાર્યાલય
ગાંધી રસ્તો • અમદાવાદ

અક્ષર અને શબ્દ

(તદ્વિષયક ૨૫ લેખોનો સંગ્રહ)

લેખક

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

ગુજરાત સાહિત્ય સભા · અમદાવાદ

પ્રકાશકો
ચૈતન્યપ્રસાદ મો. દીવાન
કેશવરામ કા. શાસ્ત્રી
ધીરજલાલ ધ. શાહ
માનાર્હ મંત્રીઓ

ગુજરાત સાહિત્ય સભા
એલેન્ટાઈનની હવેલી
[illegible] દરવાજા, અમદાવાદ

આવૃત્તિ ૧ લી
પ્રતિ ૪૦૦

કીં. ચાર રૂપિયા

ઈ. સ. ૧૯૪૫
વિ. સં. ૨૦૦૧

મુદ્રક
મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ.
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ • અમદાવાદ

નિવેદન

ગૂયે વર્ષે 'કવોટા'ની મુશ્કેલીને કારણે અમે સભ્યોને માત્ર કાર્યવહી જ આપી શકયા હતા. બે વર્ષના સરવાળાએ આ વર્ષે કાર્યવહી અને આ ગ્રંથ તૈયાર કરી શકયા છીએ.

અમારા સહકાર્યકર શ્રી. કેશવરામ કા. શાસ્ત્રીએ પોતાના છેલ્લાં વીસ વર્ષોના લેખોમાંથી પસંદ કરી ગુજરાતી ભાષાનાં વ્યાકરણ બોલીઓ લિપિ અને જોડણીને લગતા પચીસ લેખો વિષયને અનુરૂપ એવા અક્ષર અને શબ્દ એ મથાળે અમને છાપવાની અનુમતિ આપી છે એની અમે અહીં નોંધ લઇએ છીએ.

એમને વિશે અમે જ અહીં વિશેષ લખીએ એ આત્મશ્લાઘા જેવું થઇ પડે. લેખોમાંની એમની તલસ્પર્શી તીક્ષ્ણ દૃષ્ટિ જ આપો-આપ એમની શક્તિનો પરિચય આપશે. પણ એટલું કહેવું જ જોઇએ કે એમણે જોડણી વિશે વિચાર કરતાં કવિ દલપતરામ અને નર્મદા-શંકરથી લઈ, મધ્યકાલીન ભાષાની જોડણીને પણ લક્ષમાં રાખી, છેક ગયા દાયકાના ગુજરાત વિદ્યાપીઠ સુધીના ગુજરાતી ભાષાની જોડણી નક્કી કરવાના પ્રયત્નોની જે મીમાંસા આપી છે તે સ્વ. નરસિંહરાવના સબળ પ્રયત્ન પછીનો બીજો અને છેલ્લો પ્રયત્ન છે. અન્યાન્ય વિદ્વાનોની તદ્વિષયક સેવાનો પણ તેથી આપણને ખ્યાલ મળે છે. એ રીતે જોડણીના ઇતિહાસનું જ્ઞાન મેળવવામાં શ્રી. શાસ્ત્રીના જોડણીવિષયક લેખો અભ્યાસકોને ઉપયોગી થઈ પડશે.

જોડણીના વિષયમાંનું શ્રી. શાસ્ત્રીનું પ્રભુત્વ, ગુજરાત વિદ્યા-પીઠના છેલ્લા નિયમોને ચુસ્તપણે અનુસરી એમણે જોડણીની સહેલી ચાવીઓ (જુઓ પૃ. ૪૧૧–૪૧૬) કરી આપી છે તેમાં સ્પષ્ટ છે.

આ લેખસંગ્રહ સભાને છાપવાની અનુમતિ આપી છે એ બદલ સભા એમની ઋણી છે.

બેલેન્ટાઇનની હવેલી ત્રણ દરવાજા, અમદાવાદ તા. ૧–૭–'૪૫	ચૈતન્યપ્રસાદ મો. દીવાન ધીરજલાલ ધ. શાહ માનાર્હ મંત્રીઓ

પ્રાસ્તાવિક

ગુજરાતી ભાષાનાં વ્યાકરણ લિપિ જોડણી વગેરે ઉપર છેલ્લાં ૨૦ વર્ષમાં લખાયેલા અને અન્યાન્ય સામયિકોમાં છપાયેલા ૨૫ લેખોનો આ સંગ્રહ વિષયને અનુરૂપ એવા અક્ષર અને શબ્દ એ મથાળે એકત્રિત રૂપમાં ગુજરાત સાહિત્ય સભાના સભ્યો સમક્ષ રજૂ કરતાં મને આનંદ થાય છે.

ગુજરાતી એ સ્વતંત્ર ભાષા છે. એની લિપિ એ પણ એની આગવી છે. આ વસ્તુ આંખ સમક્ષ રાખી એનાં સ્વાતંત્ર્ય અને ગૌરવ લક્ષ્યમાં આવે એ રીતે તે તે વિષયનું નિરૂપણ લેખોમાં આપવામાં આવ્યું છે. દરેક લેખમાં એ સાથે કોઈ અને કોઇ મુદ્દો નવીન રજૂ કરવામાં આવ્યો હોય છે એ પણ તજ્જ્ઞો જોઇ શકશે.

જોડણીનો વિષય, જ્યારે હું હજી સંશોધનના ક્ષેત્રમાં પા પા પગલી ભરતો હતો ત્યારનો જોતો તપાસતો આવ્યો છું. શરૂથી પ્રાચીન કાવ્યોના સંપાદનને અંગે જૂની ગુજરાતી ભાષાના સંપર્કમાં આવવાનું થવાથી અને એ કારણે સંખ્યાબંધ પ્રાચીન હાથપ્રતો જોવાનો લાભ મળ્યો હોવાથી મારા હૃદયમાં વ્યુત્પત્તિ–પક્ષ ખૂબ ઘર કરી ગયો હતો; એથી જ વ્યુત્પત્તિ ઉચ્ચારણ અને સારલ્યના સમન્વયવાળી જોડણી નક્કી કરવા તરફ મેં શરૂમાં મારી શક્તિઓ વાપરેલી. અમદાવાદમાં આવ્યા પછી–ખાસ કરીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગમાં કાર્ય કરવાનો પ્રસંગ મળવાથી ભાષાશાસ્ત્રવિષયક ગ્રંથોનો અભ્યાસ સરળ બન્યો. એને અંગે જોડણીના વિષયમાં પણ મને નવી દૃષ્ટિ મળી. ગુજરાત વિદ્યાપીઠની જોડણીના નિયમોનું વિવરણ આપતાં પાદટીપોમાં તેમ અન્યત્ર આ જોવા મળશે.

આજે હું એકાદ અપવાદ સિવાય વિદ્યાપીઠની જોડણીના વ્યવહારુ નિયમોને અનુસરું છું.એટલું ખરું કે વિદ્યાપીઠના નિયમોમાં મળતા વિકલ્પો-માંના જે શુદ્ધ ઉચ્ચારણ વ્યક્ત કરનારા છે તેનો વધુ સમાદર કરું છું. અસ્વાભાવિક વિકલ્પો જતા જ કરવામાં આવે એ એટલું જ જરૂરી છે.

જોડણીનું આજનું સ્વરૂપ વ્યવહારપૂરતું છે. જોડણીના નિયમોમાં જ્યાં ક્યાંય અસ્વાભાવિકતા છે તેને ભાષાશાસ્ત્ર બરદાસ્ત કરી શકે નહિ; તેથી જે કોઇપણ વિદ્વાન ભાષાશાસ્ત્રવિષયક ગ્રંથો લખે તે દેશનાં સ્વાભાવિક વ્યાપક જીવંત ઉચ્ચારણોનો જ સમાદર કરે એ સ્વાભાવિક છે. આવા શાસ્ત્રીય ગ્રંથો શબ્દનું સાચું સ્વરૂપ આપી શકે; ભલે એને લેખનમાં શુદ્ધ સ્વરૂપમાં જોડણી વ્યક્ત ન કરે.

પરંતુ આ વિષયને આવી બુદ્ધિથી જોનારા વિદ્વાનો આપણે ત્યાં છે કેટલા? આ વિષય જ એવો જટિલ અને માથાફોડિયો છે કે એ તરફ ઘણા ઓછા વિદ્વાનો દૃષ્ટિ આપે છે; તેથી જ આ ક્ષેત્રમાં કામ કરનારા એકલા પડી જાય છે; કેટલીક વાર ઉપેક્ષિત પણ થાય છે. સ્વ. નરસિંહરાવનું ઉદાહરણ આપણી સામે એ જ કહે છે.

પણ વિદ્યાઓના સંશોધન તરફ ગુજરાતનાં સંતાનો વધુ અને વધુ ધ્યાન દેવા લાગ્યાં છે. આ રીતે ધ્યાન અપાતાં વધુ સ્વાભાવિક દૃષ્ટિ કેળવાશે; ત્યારે જ શંકાસ્પદ વિષયો વધુ સ્પષ્ટ સ્વરૂપ પામશે.

ઉપર મેં મારું વલણ બતાવ્યું તેમ જોડણીના વ્યવહારુ નિયમો સ્વીકારવા જોઇયે એ બાબતમાં વિદ્વત્સમુદાયમાં ભાગ્યે જ બે મત હોઇ શકે. સાથે એ પણ સ્પષ્ટ છે કે વ્યવહારને સત્યનું પીઠબળ હોવું આવશ્યક છે. કોઇપણ વસ્તુ સત્યથી દૂર જાય તો એ વ્યવહાર છે એટલા માત્રથી સ્વીકાર્ય બની જતી નથી. જોડણી–અને ભાષાવિષયક તમામ વ્યવહારુ નિયમો–નું વલણ ભાષાના તથ્યની સમીપતમ આવવાનું હોવું જોઇયે. જેમ જેમ આપણા ભાષાસેવકો ભાષાને લગતા સત્યનું શોધન કરતા આવે તેમ તેમ વ્યવહારુ નિયમોએ એમના કાર્યસારને પોતામાં ઝીલી લેવો જોઇયે. સત્ય કરતાં કશું વધુ વ્યવહારુ નથી.

ગુજરાત સાહિત્યસભાએ આ લેખસંગ્રહ છાપી પ્રસિદ્ધ કરવાનું સાહસ કર્યું છે એ માટે હું સભાનો આભારી છું.

શીંઠાખળી, અમદાવાદ
તા. ૩૦–૬–'૪૫

કેશવરામ કા. શાસ્ત્રી

અનુક્રમણિકા

અક્ષર અને શબ્દ

[તદ્વિષયક લેખોનો સંગ્રહ]

૧. ગુજરાતી વ્યાકરણનું દિગ્દર્શન

(આર્યા)

અજ્ઞાન-તિમિર ભેદી જ્ઞાન-અરુણથી પ્રકાશ કરનારાં
ગુરુ-રવિ-પદ-કમલોમા સદૈવ હોજો નમન મારાં. ૧
વાગીશ્વર વલ્લભને વદી શ્રીવિટ્ઠલેશ વિભુવરને,
ગુરુના કૃપાકટાક્ષે નિબન્ધ લખવા પ્રયાસ બને. ૨

(ગીતિ)

રુમઝુમ કરતાં ફરતાં રંગી મા ગુર્જરી કૃપામૃતને
રેડો નિબન્ધપાત્રે, પીતા જે સર્વ ભક્ત રસિક બને. ૩

(અનુષ્ટુભ)

ગુર્જરી-સિંધુ છે મોટો, પાર તેનો કદી નથી;
તથાપિ તરવા ત્રાપે કરું છું યત્ન ધૈર્યથી. ૪

દરેક વિષય હાથ ધરતી વખતે નવી નવી કલ્પનાઓ મગજમાં આંદોલન કરી મૂકે છે, અને એવી સ્થિતિ લાવી મૂકે છે કે સત્ય-અસત્યનો નિર્ણય કરવો અતિ કઠિન થઈ પડે. એ જ સમયે મનો-ન્યાયાધીશ આવી કલ્પનાઓના સત્યત્વ-અસત્યત્વનો નિર્ણય આપવામાં મદદ કરે છે, અને બીજાં પણ એવા કેટલાંક સાધનો મળી આવે છે કે જેથી આગળ વધતાં એક પછી એક અડચણ દૂર થતી જાય છે.

ગુજરાતી વ્યાકરણનું દિગ્દર્શન કરવા મન પ્રેરાય છે તે વખતે સ્વાભાવિક રીતે એ વિચાર ઉપસ્થિત થાય છે કે, કયાં ગુજરાતી ભાષાનું અગાધત્વ અને કયાં આ અલ્પમતિનું ક્ષુદ્રકત્વ ? પરંતુ તે વખતે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાંતર્ગત શ્રીકૃષ્ણવાકય—"સ્વે સ્વે कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः=પોતાના કામમાં મસ્ત, મેળવે નર સિદ્ધિને,"નું

સ્મરણ આવતાં હૃદય ઉત્સાહપૂર્ણ થાય છે, અને આગળ વધવા પ્રેરાય છે. આવી સ્થિતિ થતાં સાધનોનું બાહુલ્ય પણ આવી મળે છે.

પ્રસ્તુત વિષયનો વિચાર કરતાં સ્વાભાવિક રીતે આ પ્રશ્નો પ્રાપ્ત થાય છેઃ—

(૧) ગુજરાતી એટલે શું?

(૨) ગુજરાતી વ્યાકરણ એ શું? અને

(૩) તેની આવશ્યકતા શી?

૧. ગુજરાતી

ગુજરાતી, આ શબ્દ મૂળ ‘ગુજરાત’ શબ્દને તદ્ધિતનો ‘ઈ’ પ્રત્યય લાગી સિદ્ધ થાય છે. જો કે એ વિશેષણ છે, તથાપિ અહીં ‘ભાષા’ શબ્દના સ્થાનમાં વપરાયો છે, તેથી **ગુજરાતી ભાષા** એવો અર્થ પ્રતીત કરાવે છે. **ગુજરાત** એ દેશવિશેષ છે, અને તેમાં ઉત્તરે પાલણપુરની ઉત્તરસીમા, દક્ષિણે સૂરત જિલ્લાની દક્ષિણસીમા, પૂર્વે ધરમપુર સ્વસ્થાન અને અરવલ્લી ડુંગરની હારમાળા, અને પશ્ચિમે કાઠિયાવાડનો પશ્ચિમ તરફનો અરબ્બાસમુદ્રનો કાંઠો, એમ સીમાંત આવેલા છે. આ પ્રદેશોમાં અને તે પ્રદેશોના મધ્યમાં આવેલા પ્રદેશોમાં જે ભાષા બોલાય છે તે જ **ગુજરાતી ભાષા** તરીકે પ્રસિદ્ધ છે.

જૂના ગુજરાતમાં મહીનદીના ઉત્તરભાગ, પાલણપુર, કડી, અમદાવાદ, મહીકાંઠા અને ખેડાનો જ સમાવેશ થતો હતો. સૂરત તે વખતે કોંકણભાગમાં મનાતું હતું. આ પ્રદેશનું ‘ગુજરાત’ એવું નામ દસમા–અગિયારમા સૈકાના મધ્ય ભાગમાં પડ્યું હોય, એમ મનાય છે. તે પહેલાં આ દેશ **આનર્ત+ લાટ** દેશ મળી હતો. લાટ પ્રદેશની ભાષા તે સમયે **લાટી** હતી. **લાટી** ભાષા એવી સુંદર હતી કે હજુ સુધી અલંકારગ્રંથોમાં લાટાનુપ્રાસ નામે શબ્દાલંકાર પ્રસિદ્ધ છે. રાજા ભોજ “સરસ્વતીકંઠાભરણ”માં જે ગુજરાતી ભાષાનું વસ્તુદર્શન કરાવે છે તે ખરેખર આનર્ત+ લાટની ભાષા છે.[૧]

---

૧. આ ગુજરાતની તે વખતની વિશિષ્ટ ભાષા ગમે તે હો, પણ ગુજરોની ભાષા તેમ લાટવાસીઓની ભાષાને ટકોરમાં ભોજ ઉલ્લેખે છેઃ

જ્યારથી ગુર્જર નામની એક પ્રજા આ દેશમાં આવી રાજ્ય કરવા સુધી પહોંચી ત્યારથી આ દેશ ગુજરાત કહેવાય છે. જૂનાં તામ્રપત્રો અને શિલાલેખોમાં આ દેશનું નામ ગુર્જરત્રા મળી આવે છે, કારણ કે આ દેશમાં આશ્રય લઈ ગુર્જરો નિર્ભય થયા હતા, એમ કહેવાય છે.

કેટલીક બીજી પ્રજાઓ માફક ગુર્જર લોકો પણ વાયવ્યકોણમાંના હિંદુસ્તાનના ડુંગરી પ્રદેશમાંથી હિંદુસ્તાનમાં આવી પહોંચ્યા. પ્રથમ તો તેઓ પંજાબમાં આવી વસ્યા, જ્યાં હજી પણ 'ગુજરાત' અને 'ગુજરાનવાલા' એવા બે જિલ્લા છે. આ નામ તેઓ ત્યાં વસતા હતા તેથી જ પડયું છે, એ ચોક્કસ છે. ત્યારપછી તેઓ રજપૂતાના અને માળવા તરફ વધ્યા, અને આગળ વધી ગુજરાત (તે વખતે આનર્ત+લાટ) અને ખાનદેશ સુધી વધ્યા, તથા તે તે સ્થળે પોતાનાં રાજ્યો સ્થાપ્યાં. રજપૂતાનામાં તેઓએ એક મહારાજ્ય સ્થાપ્યું. એ ગુર્જરવંશમાં જ રાજા ભોજ પ્રતીહાર થયો હતો, એમ કહેવાય છે. આ ભોજના સમયમાં તેઓની સત્તા કનોજમાં સ્થાપિત થઇ હતી. જ્યારથી અણહિલપુર પાટણમાં ચાવડાવંશનો અંત આવતાં સોલંકી વંશની સ્થાપના થઈ ત્યારથી આ પ્રદેશ 'ગુજરાત' નામે પ્રસિદ્ધ થયો. આ સાહસિક પ્રજાના નામ ઉપરથી જ આ દેશનું નામ 'ગુજરાત' પડયું હોય, એમાં કશી અતિશયોક્તિ નથી.

આ શબ્દની વ્યુત્પત્તિ નીચે મુજબ સાધવામાં આવે છેઃ

गुर् (गुरी, तुदादि–उद्यमने)=ઉદ્યમ કરવો. આ છઠ્ઠા ગણના ધાતુ ઉપરથી गुर् (પું.)=ઉદ્યમ, શબ્દ આવે છે (क्विवन्त). गुरि जीर्यन्त इति गुर्जराः=જેઓ ઉદ્યમમાં પોતાની જિંદગી પૂર્ણ કરે છે તે ગુર્જરો; અથવા, गुरि जरा येषां ते गुर्जराः=જેઓને ઉદ્યમમાં જ જરા આવી ગઈ છે તે ગુર્જરો. तान् त्रायते यो देशः स गुर्जरत्राः (सोमपावत्) =તે ગુર્જરોને જે બચાવે છે તે ગુર્જરત્રા (પું) અથવા, तान् त्रायते

पठन्ति लटभ लाटाः प्राकृतं संस्कृतद्विषः ।
अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः ॥ તા. ૧૨–૮–'૪૪

या भूमिः सा गुर्जरत्रा (रमावत्)=તેઓને જે બચાવે છે તે ભૂમિ **ગુર્જરત્રા** (સ્ત્રી.)[1] ત્યાં વરરુચિની "પ્રાકૃતમંજરી"નાં सर्वत्र लवराणाम् ૩-૩ અને शेषादेशयोर्द्वित्वमनादौ ૩-૪૯, એ બે સૂત્રોથી ઉભય સ્થળે આવેલા સંયુક્ત ર્‌નો લોપ થયા પછી, બાકી રહેલા જ્‌ અને ત્‌ નું દ્વિત્વ થતાં પ્રાકૃતમાં **ગુજ્જરત્તા** એવું રૂપ સિદ્ધ થાય છે. આ ઉપરથી **ગુજરાત** (પું. સ્ત્રી.) શબ્દ આવી રહે છે.

કેટલાક गूर् (गूरि–दिवादि–हिंसागत्योः)=હિંસા કરવી, જવું, આ ચોથા ગણના ધાતુને जर પ્રત્યય લગાડી गूर्यन्ते रिपूंस्ते गूर्जराः=જે શત્રુઓને હણે છે તે ગૂર્જરો. એમ વ્યુત્પત્તિ કરે છે; પરંતુ તે યથાર્થ છે કે નહિ તે કહેવું સાક્ષરોને હાથ છે. આમાં जर એવો નવો પ્રત્યય ઉદ્ભાવવો પડે છે.

ક્યાંક ક્યાંક **ગુજરાતને** બદલે **ગૂજરાત** પણ લખાયેલું મળે છે. આ વ્યુત્પત્તિ ન હોય તોયે गुज्जरत्ता ઉપરથી પણ 'ગૂજરાત' આવી શકે; અને એ રીતે હજી પણ કેટલાક લેખકો લખે છે. બહુસ્વરી શબ્દોમાં ભાગ્યે જ આદિસ્વર દીર્ઘ ઉચ્ચારી શકાય. તે રીતે પણ **ગુજરાત** વધુ સ્વાભાવિક છે.[2]

૨. ગુજરાતી વ્યાકરણ

ભગવાન પતંજલિ વ્યાકરણમહાભાષ્યમાં વ્યાકરણની વ્યુત્પત્તિ કરે છે કે–"व्याक्रियन्ते शब्दा अनेनेति व्याकरणम्=જેના વડે શબ્દોનો

---

૧. गुर्जरत्रा मंडल ઇ. સ. ની ૮મી સદીના કાલંજરના લેખમાં, गुर्जरत्रा भूमिः વિ. સં. ૯૦૦ના ભોજદેવના દૌલતપુરાના એક તામ્રપત્રમાં, અને गुज्जरत्ता પ્રાકૃત વિ. સં. ૯૧૮ના કુક્કના ઘટયાળના લેખમાં છે. પણ અલ્બેરૂનીએ તો ગુઝ્રાત શબ્દ ઇ. સ. ૯૭૦–૧૦૩૦માં જો કે આ દેશ માટે નહિ, પણ ભિન્નમાળ ને ઉપરના દેશ માટે પ્રયોજ્યો છે. તા. ૧૨–૮–'૪૪

૨. અલ્બેરૂની ગુઝ્રાત લખે છે, તેમાંથી સીધો ગુજરાત શબ્દ વધુ સ્વાભાવિક છે. એ નારી જાતિનો શબ્દ મૂળ અરબી સમૂહવાચક બહુવચનમાંથી દેશવાચક બન્યો વધુ શકય છે. તા. ૧૨–૮–'૪૪

વિશેષ આકાર બાંધવામાં આવે છે તે વ્યાકરણ." વ્યાકરણ એ ભાષામાં રહેલા શબ્દો કેવી રીતે વ્યુત્પન્ન થઈ જનસમૂહમાં વપરાય છે તેનો સ્ફોટ કરે છે.

આરંભમાં મનુષ્યો પરસ્પર વિચારની લેવડદેવડમાં જે જે સંજ્ઞાઓ વાપરતા તેનાં શબ્દસ્વરૂપો બંધાતાં. તે પછી કાળે કરી એવી રીતે જુદી જુદી વસ્તુઓની જુદી જુદી સંજ્ઞાઓ વાપરતાં શબ્દ-સમૂહો બંધાતા. તે શબ્દસમૂહોમાં નવા નવા શબ્દો જોડાઈ ભાષા-સ્વરૂપ વ્યક્ત થતું. એવા ભાષાસ્વરૂપમાં મૂળ શબ્દો કયા અને ત્યાર પછી કયા કયા શબ્દો ઉમેરાઈ નવા શબ્દો થયા, તેનો સ્ફોટ કરનારું શાસ્ત્ર તે જ **વ્યાકરણશાસ્ત્ર**. વ્યાકરણશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, ભાષાસ્વરૂપ અસલ સ્વરૂપમાં જ રહી વિકૃત ન થાય.

મૂળ ભાષામાંથી કઈ કઈ ભાષાઓ ઉત્પન્ન થઈ તે અહીં ટૂંકમાં દેખાડવામાં આવે છે:—

મૂળ ભાષા

- તુરાનિયન
  - આલ્તાઇન વગેરે
- સેમેટિક
  - હિબ્રુ, અરબી વગેરે
- આર્ય[૧]
  - ઇન્ડિક
    - સંસ્કૃત
      - પ્રાકૃત ભાષા
        - પાલિ, મહારાષ્ટ્રી, શૌરસેની, વગેરે
          - જૂની ગુજરાતી (અપભ્રંશ, મારવાડી વગેરે)
            - નવી ગુજરાતી
  - ઇરાનિક
    - ઝંદ, પહેલવી, ફારસી, વગેરે
  - સ્લેવોનિક
    - રશિયન વગેરે
  - કેલ્ટિક
  - હેલેનિક
    - ગ્રીક
  - ઇટાલિક
    - લેટિન
      - ફ્રેંચ વગેરે.
  - ટ્યુટોનિક
    - જર્મન
      - ઇંગ્લિશ વગેરે

૧ આર્ય એ જ ઇંડો-યુરોપિયન ભાષા.

મૂળ વૈદિકી—છન્દિક—ભાષામાંથી મહર્ષિ પાણિનિ જેવા વ્યાકરણાચાર્યે એ ભાષાના શુદ્ધ સ્વરૂપને શોધી ભાષા સંસ્કૃત કરી. કાળબળે તે પ્રકૃતિ મૂળ રૂપ છન્દિકમાંથી પ્રાકૃત ભાષાઓ જન્મી. જુદા જુદા દેશપરત્વે તે પ્રાકૃત ભાષાનાં જુદાં જુદાં નામો પડ્યાં. બૌદ્ધોની પાલિ એ છન્દિકમાંથી તુરત બગડેલી ભાષાનું સ્વરૂપ છે. प्रकृतेः संस्कृतायास्तु विकृतिः प्राकृती मता । षड्विधा सा प्राकृती च शौरसेनी च मागधी । पैशाची चूलिकापैशाच्यपभ्रंश इति क्रमात् । तत्र तु प्राकृतं नाम महाराष्ट्रोद्भवं विदुः ॥ કવિ દંડી પણ કહે છે કે—महाराष्ट्राश्रयां भाषां प्रकृष्टं प्राकृतीं विदुः ॥ મૂળ સંસ્કૃતમાંથી વિકાર પામેલી પ્રાકૃત ભાષા બનાઈ. તે પ્રાકૃત છ પ્રકારનીઃ-(૧) પ્રાકૃત કે મહારાષ્ટ્રી, (૨) શૌરશેની, (૩) માગધી, (૪) પૈશાચી, (૫) ચૂલિકાપૈશાચી, અને (૬) અપભ્રંશ. આપણી ગુજરાતી એ શૌરસેની અને અપભ્રંશમાંથી આઇ છે, એવું ભાષાશાસ્ત્રીઓનું મંતવ્ય છે.[१]

જે સમયે ભાષા આ પ્રમાણે બગડતી જતી હતી તે સમયે મહાન વૈયાકરણોએ તે તે ભાષાને વ્યાકરણરૂપી સાંકળથી જકડી હતી કે જેથી હજી પણ તે તે ભાષાનાં શુદ્ધ સ્વરૂપોને આપણે તે તે ભાષાનાં વ્યાકરણદ્વારા જાણી શકિયે છિયે. આપણી ગુજરાતી ભાષા માટે ઘણા ઘણા સાક્ષરોએ ઘણી ઘણી શોધ કરી ભાષાસ્વરૂપ સમજાવવા પ્રયત્ન કર્યા છે, અને હજી પણ થતા જાય છે; પરંતુ જેને

---

૧. એથી "શૌરસેન અપભ્રંશ" નામનો અપભ્રંશપ્રકાર હતો તે ઉપરથી આ ભાષા ઊતરી આવ્યાનું પણ કહેવામાં આવે છે તે બરોબર નથી. 'શૌરસેન' કે 'મહારાષ્ટ્ર'એ નામના કોઇ અપભ્રંશ ક્યાંય નોંધાયા નથી. સ્વાભાવિક ક્રમ એવો છે કે સ્વાભાવિક શૌરસેની>સ્વાભાવિક મહારાષ્ટ્રી> અપભ્રંશ એમ મુખ્ય બંધારણ અપભ્રંશને મહારાષ્ટ્રી પ્રાકૃતમાંથી મળ્યું છે, એમાં શૌરસેનીના સંસ્કારો ત્રીજી પેઢીએ વારસામાં મળ્યા છે. પ્રધાન અપભ્રંશની એક શાખા "ગૌર્જર અપભ્રંશ" તેમાંથી 'ગુજરાતી' ઊતરી આવી છે.

તા. ૧૨-૮-'૪૪

રેવરંડ ટેલર સાહેબ અસાધારણ વ્યાકરણ કહેતા તેવું વ્યાકરણ ન થાય ત્યાંસુધી ભાષાસ્વરૂપ શું છે તે ન સમઝાય.

૩. વ્યાકરણની આવશ્યકતા

"अर्थप्रवृत्तितत्त्वानां शब्द एव निबन्धनम् । तत्त्वावबोधः शब्दानां नास्ति व्याकरणादृते=અર્થ, પ્રવૃત્તિ અને તત્ત્વનું શબ્દ જ બંધન છે, અને શબ્દોનાં તત્ત્વોનું જ્ઞાન વ્યાકરણ વિના અન્ય રીતે નથી." માટે વ્યાકરણ આવશ્યક છે.

પતંજલિ મહર્ષિ વ્યાકરણમહાભાષ્યમાં વ્યાકરણ ભણવાનાં ઘણાં ઘણાં કારણો દર્શાવે છે, તે માંહેલાં આ ખાસ ઉપયોગી કારણો બતાવવામાં આવે છે:—

"कानि पुनः शब्दानुशासनस्य प्रयोजनानि ?=શબ્દાનુશાસનનાં[૧] વળી શાં પ્રયોજન છે?" એમ આરંભી, "रक्षोहागमलघ्वसन्देहाः प्रयोजनम्=રક્ષા, તર્ક, આગમ, લઘુ, અને અસંદેહ, એ પાંચ પ્રયોજન છે" વગેરે કહી આગળ દર્શાવે છે કે, "रक्षार्थं वेदानामध्येयं व्याकरणम्=વેદોના રક્ષણ માટે વ્યાકરણનું અધ્યયન કરવું." આનું નામ જ તે રક્ષા. હવે ઊહ (તર્ક) કરે છે કે—"न सर्वैर्लिङ्गैर्न सर्वाभिर्विभक्तिभिर्वेदमन्त्रा निगदिताः......तस्मादध्येयं व्याकरणम्=બધાં લિંગ, બધી વિભક્તિઓથી વેદમાં મંત્રો ભણેલા હોતા નથી...તેથી તે જાણવા માટે વ્યાકરણનું અધ્યયન કરવું." અવૈયાકરણ તર્ક કરી શકતો નથી, અને તેથી તેને

---

૧. ભાષ્યકાર ભગવાન પતંજલિ વ્યાકરણને **શબ્દાનુશાસન** કહે છે. તે શબ્દનો આરંભ વાર્તિકમાં કાત્યાયન મહર્ષિ કરે છે. ભાષ્યપ્રદીપકાર કૈયટ જ ત્યાં કહે છે કે—"व्याकरणस्य चेदमन्वर्थं नाम शब्दानुशासनमिति=શબ્દાનુશાસન એવું આ વ્યાકરણનું પર્યાયનામ છે." "अनुशिष्यन्तेऽसाधुशब्देभ्यो विविच्य ज्ञाप्यन्तेऽनेनेत्यनुशासनम्=જે વડે અપશબ્દોથી જુદા પાડી સાધુ શબ્દોને જણાવવામાં આવે તે અનુશાસન." शब्दानामनुशासनं शब्दानुशासनम्=શબ્દશાસ્ત્ર.

સ્પષ્ટ અર્થ સૂઝતો નથી. આ આગમ છે કે—"प्रधानं च षट्स्वङ्गेषु व्याकरणम् । प्रधाने च कृतो यत्नः फलवान् भवति=વેદનાં [1]છએ અંગોમાં વ્યાકરણ પ્રધાન છે. પ્રધાન વસ્તુમાં કરેલો યત્ન ફલિત થાય છે" એવું આગમ—શાસ્ત્રનું કથન છે માટે વ્યાકરણનું અધ્યયન કરવું. લઘુ-લાઘવ-સંક્ષેપ આ છે કે-"लघ्वर्थं चाध्येयं व्याकरणम् । ब्राह्मणेनावश्यं शब्दा ज्ञेया इति । न चान्तरेण व्याकरणं लघुनोपायेन शब्दाः शक्या विज्ञातुम्=લાઘવ માટે પણ વ્યાકરણનું અધ્યયન કરવું. બ્રાહ્મણે અવશ્ય શબ્દો જાણવા જોઇયે. વ્યાકરણ વિના બીજા કોઈ પણ ઉપાયથી શબ્દો જાણી શકાતા નથી." પાંચમું પ્રયોજન અસંદેહ છે—"असन्देहार्थं चाप्यध्येयं व्याकरणम्=સંદેહ ન રહે માટે પણ વ્યાકરણનું અધ્યયન કરવું." स्थूलपृषती એ શબ્દ स्थूला चासौ पृषती च स्थूलपृषती=મોટી કાબરચીતરી ગાય, આ તત્પુરુષાંતર્ગત કર્મધારય સમાસ, અને स्थूलानि पृषन्ति यस्याः सेयं स्थूलपृषती=જેને મોટાં ચિત્રવિચિત્ર ધાબાં છે તેવી, આ બહુવ્રીહિ સમાસ, આ વગેરે અવૈયાકરણ ન જાણી શકે. જેણે વ્યાકરણનું અધ્યયન કર્યું હોય તે તુરત જ કહી શકે કે, "જો આદ્યુદાત્ત હોય તો બહુવ્રીહિ, અને અંતોદાત્ત હોય તો કર્મધારય". આમ જ્યાં સંદેહ પડે ત્યાં વ્યાકરણથી જ નિરાકરણ થાય.

"इमानि च भूयः शब्दानुशासनस्य प्रयोजनानि=આ પણ વળી કેટલાંક શબ્દાનુશાસનનાં પ્રયોજનો છે." "तेऽसुरा हे लयो हे लय इति कुर्वन्तः पराबभूवुः । तस्माद् ब्राह्मणेन न म्लेच्छितवै नापभाषितवै । म्लेच्छो ह वा एष यदपशब्दः । म्लेच्छा मा भूमेत्यध्येयं व्याकरणम्=હે अरयः (હે

---

[1]. "मुखं व्याकरणं तस्य ज्यौतिषं नेत्रमुच्यते । निरुक्तं श्रोत्रमुद्दिष्टं छन्दसां विचितिः पदे ॥ शिक्षा घ्राणं तु वेदस्य हस्तौ कल्पान्प्रचक्षते । =વેદનાં છ અંગમાં (૧) મુખ તે વ્યાકરણ, (૨) નેત્ર તે જ્યોતિષ, (૩) કાન એ નિરુક્ત, (૪) પદો તે પિંગલ, (૫) નાસિકા તે શિક્ષા, અને (૬) હાથ તે કલ્પો. આ બધામાં વ્યાકરણ એ પ્રધાન અંગ છે. પદ અને પદાર્થોનો નિશ્ચય વ્યાકરણથી જ થાય છે.

શત્રુઓ)ને બદલે हे लयः, हे लयः (અરે નાશ) કરતા અસુરો હારી ગયા. બ્રાહ્મણે તેથી મ્લેચ્છ ન થવું, અપભાષણ ન કરવું. જે અપશબ્દ છે તે ખરેખર મ્લેચ્છ છે. આપણે અપશબ્દ બોલનારા ન થઇયે માટે વ્યાકરણનું અધ્યયન કરવું." વળી "दुष्टः शब्दः स्वरतो वर्णतो वा मिथ्याप्रयुक्तो न तमर्थमाह । स वाग्वज्रो यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात्=ઉચ્ચારથી કે અક્ષરથી ખોટી રીતે યોજવામાં આવેલો દુષ્ટ શબ્દ–અપશબ્દ ખરા અર્થને કહેતો નથી. જેમ વૃત્રાસુર इन्द्रशत्रुमां ઉચ્ચારની ભૂલ થવાથી ઇંદ્રને બદલે પોતે મરણ પામ્યો તેમ દુષ્ટ શબ્દ યજમાનની જ હિંસા કરે છે." વૈદિક એક આખ્યાયિકા છે કે ઇંદ્રના શત્રુ વૃત્રાસુરે અભિમાર–મારણ–મંત્રનો આરંભ કર્યો, તેમાં હોમને વખતે "स्वाहेन्द्रशत्रुर्वर्धस्व=ઇંદ્રના શત્રુનો જય થાઓ" એવા મંત્રાર્થવાળા મંત્રમાં इन्द्रशत्रु તત્પુરુષ હોતાં, અંતોદાત્ત ઉચ્ચાર કરવો જોઇયે, તેને બદલે ઋત્વિજે આદ્યુદાત્ત ઉચ્ચાર કરી આહુતિ આપી. આમ બહુવ્રીહિ સમાસ થતાં 'ઇંદ્ર જેનો કાપનાર' એવો અર્થ થયો, અને ઊલટું ઇંદ્ર વૃત્રાસુરને હણનાર થયો. "दुष्टाञ्शब्दान्मा प्रयुक्ष्महीत्यध्येयं व्याकरणम्=આમ દુષ્ટ શબ્દો ન વાપરિયે માટે વ્યાકરણ ભણવું."

વળી "यदधीतमविज्ञातं निगदेनैव शब्द्यते । अनग्नाविव शुष्कैधो न तज्ज्वलति कर्हिचित् । तस्मादनर्थकं माधिगीष्महीत्यध्येयं व्याकरणम्=જે ભણ્યા છિયે પણ ગણ્યા નથી અને પાઠમાત્રથી જ ઉચ્ચારિયે છે તે, જેમ સૂકાં લાકડાં અગ્નિ ન હોય તે સ્થળે બળતાં નથી તેમ, ફલદાયક થતું નથી. આમ અર્થરહિત શબ્દનું અધ્યયન ન કરિયે માટે વ્યાકરણનું અધ્યયન કરવું;" કારણ કે, "एकः शब्दः सम्यग्ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग्भवति=એક જ શબ્દ સારી રીતે જાણ્યો હોય, શાસ્ત્રસંમત હોય, અને સારી રીતે વાપરવામાં આવ્યો હોય, તો સ્વર્ગલોકમાં ઇચ્છિત ફળ દેનાર થાય છે."

પતંજલિ ભગવાને આમ વ્યાકરણનાં પ્રયોજનો દર્શાવી વ્યાકરણની આવશ્યકતા કેટલી છે તે દર્શાવ્યું છે, એ જણાઇ આવશે.

આગળના લોકો ભાષાશુદ્ધિ માટે કેટલું કરતા એ પણ સમઝાશે. તેને જ અનુસરી પ્રાકૃત ભાષાઓને પણ નવા નવા વ્યાકરણકારોએ प्राकृतलक्षण, प्राकृतप्रकाश, प्राकृतव्याकरण, प्राकृतसर्वस्व, षड्भाषाचन्द्रिका, વગેરે ગ્રંથો રચી જકડી છે.

ઉપર સર્વત્ર સંસ્કૃત વ્યાકરણના અધ્યયનની સ્પષ્ટ આવશ્યકતા જણાવી છે. પરંતુ તે જ રીતે તમામ ભાષાઓનાં વ્યાકરણો જાણવાં આવશ્યક છે; અને તે જ રીતે ગુજરાતી વ્યાકરણના જ્ઞાનની પણ આવશ્યકતા છે. આપણા પૂર્વના ગુજરાતી કવિઓ અને સમર્થ લેખકોના ગ્રંથોનું રક્ષણ ગુજરાતી વ્યાકરણના જ્ઞાનથી જ થવાનું છે. એ કવિઓના ગ્રંથોમાં વપરાયેલા પ્રયોગો કેવા છે, કઈ કઈ રૂઢિએ તેઓ કામ કરી ગયા છે, તે વગેરે ઊહ–તર્ક ગુજરાતી વ્યાકરણથી જ ફલિત થાય છે. વ્યાકરણરૂપ આગમથી તેવા કવિઓના અને લેખકોના લેખોનો અર્થ સ્પષ્ટ જાણી શકાય છે. કેવાં કેવાં શબ્દોનાં લાઘવ કર્યાં છે, તે વ્યાકરણ વિના અન્ય કોણ બતાવે ? તેમ સંદેહનું નિરાકરણ વ્યાકરણથી જ થવાનું છે. ઉચ્ચારના અને વર્ણના ભેદ વૈદિક ભાષા જેવા આપણામાં ય નથી શું ? ચાલ (ઉદાત્ત) =રિવાજ, ચાલ (અનુદાત્ત)=ગતિ, ચાલ (સ્વરિત)=વર્તણૂક; પુર (હ્રસ્વ)=શહેર; પૂર (દીર્ઘ)=પાણીનું વહી જવું, રેલ, વગેરે.

વાણી કેવી દિવ્ય છે, તેનું શ્રુતિ આ પ્રમાણે વર્ણન કરે છેઃ– "चत्वारि शृङ्गा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्त हस्तासो अस्य । द्विधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्यॉं आविवेश ॥ = ચાર પદજાત, (૧) નામ, (૨) આખ્યાત, (૩) ઉપસર્ગ અને (૪) નિપાત, એ એનાં શીંગડાં છે. ત્રણ કાળ (૧) ભૂત, (૨) ભવિષ્યત્ અને (૩) વર્તમાન, એ એના પાદ છે. નિત્ય અને કાર્ય, એ બે પ્રકારના શબ્દો શીર્ષ છે. સાત વિભક્તિ, એ તેના હાથ છે. (૧) ઉરસ્, (૨) કંઠ અને (૩) મૂર્ધસ્થાન એ ત્રણમાં બંધાયેલો ઇચ્છિત આપનાર વાણીરૂપી વૃષભ શબ્દ કરે છે. આ મહાન દેવ શબ્દ મનુષ્યમાં પ્રવેશ કરી રહ્યો

છે." આમ આ વ્યાકરણના શિક્ષણથી આપણને શબ્દબ્રહ્મ સાથે સામ્ય થાય છે, માટે અવશ્ય વ્યાકરણનું અધ્યયન કરવું.

પદમંજરીમાં પણ વ્યાકરણનું માહાત્મ્ય આમ નિરૂપાયેલું છે:— "उपासनीयं यत्नेन शास्त्रं व्याकरणं महत् । प्रदीपभूतं सर्वासां विद्यानां यदवस्थितम् ॥ इदमाद्यं पदस्थानं मुक्तिसोपानपर्वणाम् । इयं सा मोक्षमाणानामजिह्मा राजपद्धतिः ॥ रूपान्तरेण ते देवा विचरन्ति महीतले । ये व्याकरणसंस्कारपवित्रितमुखा नराः ॥ =જે સકલ વિદ્યાના દીવારૂપ છે તે મહાન વ્યાકરણશાસ્ત્રની યત્ન વડે ઉપાસના કરવી. મુક્તિના દાદરનું આ પહેલું પગથિયું છે. જે હવે પછી મુક્ત થવાના છે તેઓનો આ પાપરહિત રાજમાર્ગ છે. જેઓનાં મુખ વ્યાકરણના સંસ્કારથી પવિત્ર થયેલાં છે તેવા નરો અન્યરૂપે દેવ તરીકે આ પૃથ્વીના તળ ઉપર વિચરી રહ્યા છે."

ઉપરની "चत्वारि०" શ્રુતિમાં વ્યાકરણનાં જુદાં જુદાં અંગોનું નિરૂપણ છે. તેમાં જણાવેલાં અંગો વ્યાકરણમાં અવશ્ય હોવાં જોઈયે. આનાં આ અંગો આપણી ગુર્જરી ગિરામાં અવશ્ય છે. આગળ જતાં શ્રીપતંજલિ ભગવાન આજ્ઞા કરે છે કે:–"न चान्तरेण व्याकरणं कृतस्तद्धिता वा शक्या विज्ञातुम्=વ્યાકરણ વિના કૃત્ કે તદ્ધિત જાણી શકાતા નથી." માટે પણ વ્યાકરણનું અધ્યયન આવશ્યક છે.

આટલી વ્યાકરણની આવશ્યકતા જણાવ્યા પછી વ્યાકરણનાં જુદાં જુદાં અંગોનું નિરૂપણ કરવામાં આવે છે.

૪. વ્યાકરણનું દિગ્દર્શન

આધુનિક વ્યાકરણકારો વ્યાકરણના ચાર વિભાગ કરે છે:— (૧) અક્ષરવિચાર, (૨) શબ્દવિચાર, (૩) વાકયવિચાર, અને (૪) કવિતાવિચાર. આમાંથી ચોથા કવિતાવિચારને નિરાળો ગણી તેને માટે છંદઃશાસ્ત્ર નિરાળું જ બનાવવામાં આવ્યું છે. તેથી એને વ્યાકરણશાસ્ત્ર સાથે સંબંધ નથી. આથી તેને પ્રસ્તુત વિષયના દિગ્દર્શનમાં સ્થાન નથી. હવે વાકયવિચારનો શબ્દવિચારમાં જ સમન્વય થઈ જતો હોવાથી મુખ્ય (૧) અક્ષરવિચાર અને (૨) શબ્દવિચાર, એ બે વિભાગ રહે છે.

૧. અક્ષરવિચાર

ગુજરાતી ભાષામાં નીચે પ્રમાણે અક્ષરો છેઃ—

સ્વર ૧૧—અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ.

વ્યંજન ૩૪—ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્ બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, ષ્, સ્, હ્, ળ્.

(ં) અનુસ્વાર અને (ઃ) વિસર્ગ.

આનો વિભાગ આ રીતે છેઃ—

સમાનસ્વર—અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ. સંધિસ્વર—એ, ઐ, ઓ, ઔ.
હ્રસ્વસ્વર—અ, ઇ, ઉ, ઋ. દીર્ઘસ્વર—આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ.
ગુણસ્વર— એ, ઓ. વૃદ્ધિસ્વર—આ, ઐ, ઔ.

હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતના ભેદથી અ, ઇ, ઉ, એ દરેકના ત્રણ ત્રણ ભેદ છે. ઋ ભાષામાં હ્રસ્વ જ છે. તેના હ્રસ્વ અને પ્લુત એ બે ભેદ જ છે; અને એ, ઐ, ઓ, ઔ એ સંધિસ્વરો દીર્ઘ સ્વર છે, તેથી તેને દીર્ઘ અને પ્લુત એ બે ભેદ છે. એ, ઐ, ઓ, ઔ એ સંધિસ્વરો કહેવાય છે તેનું કારણ એ છે કે, અ+ઇ=એ, અ+એ=ઐ, અ+ઉ=ઓ અને અ+ઓ=ઔ આમ બને છે.[1]

૩૪ વ્યંજનોમાંના ક્ થી મ્ સુધીના પચીસ અક્ષરોમાં પાંચ પાંચ અક્ષરનો એક એક વર્ગ પડે છે. તે બધા વર્ગીય અને સ્પર્શ કહેવાય છે.[2]

---

૧. સ્વરોનાં ઉચ્ચારણની સ્વાભાવિકતા પ્રમાણે અ–ઇ–ઉનાં લઘુપ્રયત્ન ઉચ્ચારણ, એ–ઓ નાં હ્રસ્વ–દીર્ઘ સંવૃત અને હ્રસ્વ–દીર્ઘ વિવૃત એવાં ચાર ઉચ્ચારણો, અને ગુજરાતીમાં ઋનો અભાવ, આટલી વિશેષતા નોંધવી જોઇયે. ઉપર સામાન્ય સ્થિતિનું જ પ્રદર્શન છે. તા. ૧૨–૮–'૪૪

૨. વ્યંજનોમાં ખાસ કરીને 'ડ–ઢ'નાં મૂર્ધન્યતર ઉચ્ચારણ, 'ય–વ–હ'નાં લઘુપ્રયત્ન ઉચ્ચારણ, અને 'જ' અને 'સ' નાં ગ્રામીણ z ઝેડ અને કંઠય ઉચ્ચારણ એ મહત્ત્વનાં છે. 'ચ–છ–જ–ઝ'નાં મરાઠી–કાશ્મીરી જેવાં ચરોતરમાં છે તે જુદાં. તા. ૧૨–૮–'૪૪

ય્, ર્, લ્, વ્, એ અંતઃસ્થ કે અર્ધસ્વર કહેવાય છે.

શ્, ષ્, સ્, હ્ એ ઉષ્માક્ષર છે. ળ્ લ્‌ને મળતો જ છે, ઉચ્ચારણની રીતે તે મૂર્ધન્ય જિહ્વામૂલીય છે.

દરેક અક્ષરનું અમુક નિયત સ્થાનમાંથી ઉચ્ચારણ થાય છે, તેથી તે તમામ અક્ષરોનાં સ્થાન નક્કી કરવામાં આવ્યાં છેઃ—
કંઠસ્થાન–અ, કવર્ગ, હ્ અને વિસર્ગ. તાલુસ્થાન–ઇ, ચવર્ગ, ય્ અને શ્. મૂર્ધસ્થાન–ઋ, ટવર્ગ, ર્ અને ષ્, ળ્ પણ. દંતસ્થાન–તવર્ગ, લ્ અને સ્. ઓષ્ઠસ્થાન–ઉ, પવર્ગ.

આ મુખ્ય સ્થાનો છે. તે સિવાય કેટલાકને મિશ્ર અને કેટલાકને ઉભય સ્થાન છે. જેમકેઃ—

નાસિકાસ્થાન–ઙ્, ઞ્, ણ્, ન્, મ્, (અનુનાસિક), અનુસ્વાર.
કંઠતાલુ–એ, અ. કંઠોષ્ઠ–ઓ, ઔ. દંતૌષ્ઠ–વ્.

આ બધામાં ખાસ કરી અનુસ્વારના ઉચ્ચારમાં બે પ્રકાર મનાય છે[1]:—(૧) પૂર્ણ અને (૨) અપૂર્ણ કે ભાંગેલો. તત્સમ શબ્દોમાં અનુસ્વારનો ઉચ્ચાર પૂર્ણ છે–દંડ, મંડન, પંડિત, મંચ વગેરે. તદ્ભવ અને દેશ્ય શબ્દોમાં ઉચ્ચાર ભાંગેલો છે. ઘણું કરી દીર્ઘસ્વર અને અંત્યસ્વર ઉપર આવેલો અનુસ્વાર આવા શબ્દોમાં ભાંગેલો જણાય છે–ડાંગ, માંડવું, માંચડો, ખાંડ વગેરે. જ્યારે અનુસ્વારનો પૂર્ણ ઉચ્ચાર થાય છે ત્યારે પરસવર્ણ થઈ શકે છે. (અનુસ્વારનો પછી આવનારા અક્ષરના વર્ગના અનુનાસિક જેવો ઉચ્ચાર થાય, ત્યારે ખાસ કરી ગુજરાતીમાં વિકલ્પે તવર્ગીય અને પવર્ગીય અક્ષરો પહેલાં તેને બદલે અનુનાસિક અક્ષરો મુકાય છે. તે જ પરસવર્ણ કહેવાય છેઃ–જેમકે, દન્ત, પ્રતિબિમ્બ, સમ્ભવ, વગેરે. શ્, ષ્, સ્, ર્, અને હ્ ની પહેલાં અનુસ્વારનો મ્ જેવો ઉચ્ચાર થાય છે, પરંતુ મ્ લખાય નહિ. કવર્ગ,

---

૧. વસ્તુસ્થિતિએ આ બે ભિન્ન ઉચ્ચારણો વૈદિકકાળથી છે, જ્યાંનું પહેલું અનુસ્વાર અને બીજું અનુનાસિક છે. તા. ૧૨–૮–'૪૪

ચવર્ગ અને ટવર્ગ પહેલાં બહુધા પરસવર્ણ કરવાનો ચાલ નથી. તેમ જ ય્, વ્, લ્, પહેલાં પણ અનુસ્વારને બદલે અનુનાસિક ય્, વ્, લ્ મૂકવાનો પણ ચાલ નથી.) જ્યાં અનુસ્વારનો ભાંગેલો ઉચ્ચાર થાય ત્યાં તો પરસવર્ણ કોઈ રીતે થઈ ન શકે; જેમકે, કાંતવું ને બદલે કાન્તવું, સાંભળવું ને બદલે સામ્ભળવું, વગેરે. આ કેવળ અશુદ્ધ છે.

ગુજરાતીમાં સંસ્કૃત માફક સંધિ નથી, તેથી તે વિષય ચર્ચવો અસ્થાને છે.

૨. શબ્દવિચાર

શબ્દવિચારને પદવિચાર પણ કહેવામાં આવે છે. શબ્દ કે પદના બે વિભાગ છેઃ—(૧) વ્યયી, (૨) અવ્યય. વ્યયીમાં નામ અને ક્રિયાપદનો સમાવેશ થાય છે, અને અવ્યયમાં નિપાત અને ઉપસર્ગનો સમાવેશ થાય છે. વ્યયી પદમાં જુદા જુદા પ્રત્યયો લાગી ફેરફાર થાય છે. અવ્યય પદો ગમે તે સંજોગોમાં આવે તોપણ ફેરફાર વિનાનાં છે.

નામ—"नमत्याख्यातार्थं प्रति विशेषणीभवतीति नाम=જે ક્રિયાપદના અર્થને નમે છે, તેમાં વૃદ્ધિ કરે છે, તે નામ." આ નામને ભગવાન પાણિનિ 'પ્રાતિપદિક' એવી સંજ્ઞા આપે છેઃ–"अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । १ ।२। ४५ । कृत्तद्धितसमासाश्च ।१। २ । ४६ ।=અર્થવાળું, ધાતુ અને પ્રત્યયને વર્જી જે આવે તે પ્રાતિપદિક. ધાતુ ઉપરથી થયેલાં કૃદંત અને નામ ઉપરથી થયેલાં તદ્ધિતનો તથા સમાસાંત પદોનો પણ પ્રાતિપદિકમાં સમાવેશ કરવો."

નામમાત્ર હરકોઈ ઉપાયે, પછી તે તત્સમ હો કે તદ્ભવ હો તોપણ, ધાતુમાંથી નીકળેલાં હોય છે. દેશ્ય શબ્દો ધાતુ ઉપરથી નથી નીકળતા, એમ કહેવામાં આવે છે; પરંતુ એ વર્ણવ્યત્યય વગેરે ફેરફારોથી ધાતુ ઉપરથી નીકળેલા સંભવિત છે. ક્યાંક સ્વરોમાં પણ ફેર થયેલો હોય; જેમ કે, ટપકે તે ટીપું; જે સર્વત્ર ઝડે છે તે ઝાડ; જે ખોલાય તે ખોળિયું, વગેરે. આવી રીતે પ્રયત્નથી ભાગ્યે જ કોઈ શબ્દ એવો રહેશે કે જે કોઈ અને કોઈ ઉપાયે વ્યુત્પાદિત ન થાય.

તત્સમ અને તદ્ભવ શબ્દોનો કૃદંત કે તદ્ધિતમાં સમાવેશ થઈ જાય છે, કારણ કે તે શબ્દો કાં તો ધાતુને કૃત્ પ્રત્યયો લાગી અથવા તો તેવાં કૃદંતોને ફરી તદ્ધિતના પ્રત્યયો લાગી તૈયાર થયેલા હોય છે.

નામ એ મહાસંજ્ઞામાં સર્વનામ અને વિશેષણનો પણ સમાવેશ થઈ જાય છે; એટલે (૧) નામ, (૨) સર્વનામ અને (૩) વિશેષણ, એમ ત્રણ ભેદો પ્રતીત થાય છે. (૧) નામના ફરી ત્રણ મુખ્ય પ્રકારો ગણાય છે:—(૧) સંજ્ઞાવાચક કે વિશેષ, (૨) જાતિવાચક કે સામાન્ય, અને (૩) ભાવવાચક. પ્રત્યક્ષ દેખાતી વસ્તુઓનાં નામમાત્રનો સંજ્ઞાવાચક અને જાતિવાચકમાં સમાવેશ થાય છે, બાકીનો ભાવવાચકમાં.

સર્વનામ—"सर्वेषां नामानीति चातः सर्वनामानि." ભગવાન પતંજલિ ભાષ્યમાં આજ્ઞા કરે છે કે, "બધાંનાં નામો છે, તેથી તે સર્વનામો કહેવાય છે." આ સર્વનામો હરકોઈ નામને બદલે વાપરી શકાય છે. આ સર્વનામોના આપણા આધુનિક વ્યાકરણકારોએ ક્યાંક છ અને ક્યાંક સાત ભેદ પાડ્યા છે:—(૧) પુરુષવાચક, (૨) દર્શક, (૩) સ્વવાચક, (૪) સાપેક્ષ કે સંબંધી, (૫) પ્રશ્નાર્થ, (૬) અનિશ્ચિત, અને (૭) અન્યોન્યવાચક.

(૧) પુરુષવાચક:—ત્રણે પુરુષ બતાવવા માટે હું, તું, તે, આપ અને આપણે સર્વનામ ખાસ વપરાય છે.

(૨) દર્શક:—બતાવનારાં સર્વનામો એ, પેલું, ઓલ્યું, આ, વગેરે.

(૩) સ્વવાચક:—પોતાની જાતને માટે વપરાતાં સર્વનામ; જેમ કે, પોતે. કેટલાક આધુનિક વ્યાકરણકારો પંડે, જાતે, હાથે, મેળે, આપ, આપોઆપ, નિજ, એ શબ્દોને પણ સ્વવાચક સર્વનામમાં ગણે છે. ખરું જોતાં, પંડે, જાતે, હાથે, એ પંડ, જાત, હાથ શબ્દોનાં ત્રીજીનાં એકવચનો છે. મેળે, આપ અને આપોઆપ એ કેવળ અવ્યય જ છે, અને નિજ[1] વિશેષણ છે. 'નિજ'નો અર્થ 'પોતાનું' થાય

---

1. 'નિજનો ખૂની જનો ગણી લહે', વગેરે પ્રયોગો ઠીક નથી.

છે, નહિ કે 'પોતે.' 'પોતે' એવો અર્થ થતો હોત તો 'નિજ' સ્વવાચક સર્વનામ ગણાત. સ્વવાચક સર્વનામ ભાષામાં એક 'પોતે' જ છે.

(૪) સાપેક્ષ કે સંબંધી કે તત્પદાપેક્ષઃ—આ સર્વનામોને વાક્યમાં કોઈ સર્વનામની અપેક્ષા રહે છે; 'તે' સર્વનામની જ અપેક્ષા હોય છે, તેથી તેને સાપેક્ષ કે તત્પદાપેક્ષ કહેવામાં આવે છે. વાક્યમાં બીજાં વાક્યો સાથે તે સંબંધ ધરાવે છે, માટે સંબંધી જે, અને જે ઉપરથી જ નીકળતાં જેટલું, જેવું, જેવડું એ સર્વનામો આ પ્રકારનાં છે.

(૫) પ્રશ્નાર્થઃ—જે નામને બદલે વપરાય છે તેમાં પ્રશ્નનો અર્થ નીકળે છે, તેથી તે પ્રશ્નાર્થ; જેમ કે, કયું, શું, કોણ, અને 'ક' અંગ ઉપરથી નીકળતાં કેટલું, કેવડું, કેવું. (શું અવ્યય પણ છે. જ્યારે તે અવ્યય હોય ત્યારે તેમાં કશો ફેરફાર ન થાય. જ્યારે તે સર્વનામ હોય ત્યારે લિંગ પ્રમાણે શો-શી-શું થાય.)

(૬) અનિશ્ચિતઃ—આ સર્વનામો જેને બદલે વપરાયેલાં હોય તેમાં તેઓનું નક્કીપણું દેખાતું નથી; જેમ કે, કોઇ, હરકોઈ, કંઈ, કાંઇ, હરકાંઈ, સર્વ, બધું, સઘળું, દરેક, પ્રત્યેક, સહુ, બીજું, અન્ય, અન્યતર, ઇતર, અમુક, ફલાણું, કેટલુંક વગેરે.

(૭) અન્યોન્યવાચકઃ—અન્યોન્ય, પરસ્પર, એક બીજું, વગેરે સર્વનામ અન્યોન્યવાચક છે.

સૌકર્યાર્થ આ સર્વનામોના ભેદ ઉપયોગી છે. તેનાથી તે શબ્દોના પ્રયોગમાં ભૂલ થવા સંભવ નથી રહેતો. આ સર્વનામો આંહેલાં કેટલાંક નામને બદલે અને ક્યાંક નામની સાથે આગળ આવે છે. જ્યારે તે નામની આગળ વપરાય છે ત્યારે તેને હાલ વિશેષણ કહેવામાં આવે છે, પરંતુ તેથી તેના સર્વનામત્વમાં ખામી નથી જ આવતી. સંસ્કૃતમાં सर्वो जनः માં सर्वने સર્વનામ જ કહેવામાં આવે છે, તો પછી 'બધા લોક'માં 'બધા'ને સર્વનામ જ કહેવામાં કશી ક્ષતિ જોઇ શકાતી નથી.

વિશેષણ;—જે નામનો વિશેષ કરે છે તે વિશેષણ. આ વિશેષણના (૧) સંખ્યાવાચક અને (૨) ગુણવાચક, એવા બે ભેદ પ્રતીત થાય છે.

૧. સંખ્યાવાચકના વળી નીચે પ્રમાણે ભેદ છેઃ—

(૧) નિશ્ચિત સંખ્યા બતાવનારઃ-એક, બે, ત્રણ, દસ, બાર વગેર; તેમ જ અર્ધું, દોઢું, પોણું, વગેરે.

(૨) અનિશ્ચિત સંખ્યા બતાવનાર—થોડું, ઝાઝું, ઘણું, ઓછું,વગેરે.

નિશ્ચિતસંખ્યાવાચકના ચાર ભેદ છેઃ—

અ. સંખ્યાક્રમવાચકઃ—એક, બે, ત્રણ, ચાર, વગેરે.

આ. સંખ્યાપૂરકઃ—પહેલું, બીજું, ત્રીજું, વગેરે.

ઇ. સંખ્યાંશવાચકઃ—અર્ધું, પોણું, સવા, દોઢ, અઢી, વગેરે.

ઈ. સંખ્યાવૃત્તિવાચકઃ—એકવડું, બેવડું, ત્રેવડું, ચોવડું, બેગણું, ત્રણગણું, ચોગણું, બમણું, ત્રમણું, ચોમણું, સવાયું, દોઢું, વગેરે.

૨. ગુણવાચકઃ—ગુણ બતાવનારાં; જેમ કે, સારું, નરસું, સુંદર, ચપળ, વગેરે.

આ દરેક જાતનાં વિશેષણોના સ્વરૂપ પ્રમાણે બે પ્રકાર છેઃ—

૧. વિકારીઃ—જે પોતાના વિશેષ્યની જાતિ પ્રમાણે અંત્ય સ્વરમાં ફેરફાર કરે છે તે; જેમકે સારો છોકરો, સારી છોકરી, સારું છોકરું.

૨. અવિકારીઃ—જે પોતાના વિશેષ્યની જાતિ પ્રમાણે અંત્ય સ્વરમાં ફેરફાર કરતું નથી તે; જેમ કે, ચપળ છોકરો, ચપળ છોકરી, ચપળ છોકરું.

જેટલાં વિશેષણ કે સર્વનામને છેડે 'ઉ' છે તે બધાં વિકારી છે, અને છેડે 'ઉ' નથી તેવાં બધાં વિશેષણો અવિકારી છે.

વિશેષણ કે સર્વનામ નામ સાથે આવેલાં હોય ત્યારે તેઓને વિભક્તિના પ્રત્યય લાગતા નથી. જો વિશેષણ કે સર્વનામ વિકારી હોય તો નરજાતિમાં 'ઓ'ને બદલે 'આ' થાય (પ્રથમાના એકવચનમાં નહિ); અને 'ઉ' નો તે જ પ્રમાણે એકવચનમાં 'આ' અને બહુવચનમાં 'આં' થાય.

જ્યારે ત્રીજી અને સાતમી વિભક્તિવાળા નામ સાથે વિકારી વિશેષણ કે સર્વનામ આવે અને ત્રીજી કે સાતમીનો 'એ' પ્રત્યય લાગતાં વિશેષ્યનો અંત્ય સ્વર લોપાય, ત્યારે વિશેષણ અને સર્વનામને પણ 'એ' પ્રત્યય ઘણું કરી લાગે અને અંત્ય સ્વર ઊડી જાય; જેમ કે, સારા ઘોડાએ; પણ સારે ઘોડે.

પદચ્છેદ તો यल्लिङ्गं यद्वचनं या च विभक्तिर्विशेष्यस्य । तल्लिङ्गं तद्वचनं सा च विभक्तिर्विशेषणस्यापि અન્વયે દરેક વિશેષણ કે સર્વનામની વિશેષ્ય પ્રમાણે જ જાતિ, વિભક્તિ ને વચન જાણવાં.

વિશેષણનાં તુલનાત્મક રૂપોઃ—ગુજરાતી ભાષામાં ફક્ત ગુણવાચક વિકારી વિશેષણોને 'એરું' પ્રત્યય લગાડી તુલનાત્મક રૂપો (comparative forms) બનાવવામાં આવે છે. આ 'એરું' પ્રત્યય પહેલાં વિશેષણનો અંત્ય સ્વર લોપાય છે. આ તુલનાત્મક 'એરું' પ્રત્યય ત્રણસ્વરી વિશેષણ સુધી જ લગાડવામાં આવે છે; પછીનાં વિશેષણો અને તમામ અવિકારી ગુણવાચક વિશેષણોની તુલના બતાવવા વિશેષણોની પહેલાં 'વધારે' શબ્દ વપરાય છે. 'વધારે' એ 'વધુ' (અવિકારક)નું તુલનાત્મક રૂપ છે. જે વિશેષણને 'એરું' પ્રત્યય લગાડાય છે તેને જો તે ન લગાડવામાં આવે તો 'વધારે' શબ્દ આગળ આવીને પણ તુલના બતાવી શકે; જેમ કે:—

"મંદિર મે'ળી **આઘેરો** (સહેજ દૂર, હતો તેના કરતાં) ગયો."

(વૈકુંઠ-ધ્રુવાખ્યાન)

"માવડીનું હિત **મોંઘેરું** જાણું" (બીજા કરતાં) (રાસમંદિર)

આ 'એરું'ને લઘુતાવાચક તદ્ધિત પ્રત્યય તરીકે સાક્ષરવર્ય કમળાશંકરભાઈ ગણે છે; પણ અર્થ ઉપરથી તે તુલનાત્મક હોય તેમ સ્પષ્ટ થાય છે.

સંસ્કૃતમાં તુલના બનાવનાર એક तर પ્રત્યય છે, તેના ઉપરથી જ આ 'એરું' પ્રત્યય નીકળેલો છે. तर કોઈ વિશેષણને લાગે એટલે પુંલિંગમાં तरः એવું રૂપ થાય. ત્યાં વરરુચિની પ્રાકૃતમંજરીનું "अत

ओ सौ–૫–૧ " પ્રમાણે "अ નો પ્રત્યય सु પહેલાં ओ થાય." તેથી तरो થયું. ત્યાં "ए शय्यादिषु–૧–૫ "="શય્યા વગેરે શબ્દોમાં अ નો ए થાય." તેથી तरोનું तेरो થયું; અને "अयुक्तस्यानादौ–૨–૧ । कगचजतदपयवां प्रायो लोपः–२–२" "क्, ग्, च्, ज्, त्, द्, प्, य् અને व् જ્યારે કોઈ સાથે જોડાયા ન હોય અને શબ્દની શરૂઆતમાં ન હોય, ત્યારે ઘણું ખરું તેનો લોપ જ થાય." તેથી तेरो અહીં કોઈ પણ વિશેષણની પછી આવતો હોવાથી, અને શરૂઆતમાં નથી, તેથી त् ના લોપે પ્રાકૃતમાં एरो રહ્યું. તે જ ગુજરાતીમાં 'એરુ" તરીકે આવી રહ્યું.

જાતિ:—જાતિ ત્રણ છે તે પ્રસિદ્ધ છે.

વિભક્તિ:—વિભક્તિ સાત છે. તેના પ્રત્યયો (૧) ૦, (૨) ૦ કે ને (૩) એ, (૪) ને, (૫) થી, (૬) નું (વિકારક) (૭) એ કે માં છે. વિભક્તિ અને કારકનો વિષય मुग्धावबोधम् औक्तिकम् માં બહુ સરસ અને સપ્રમાણ છે. તેનું અનુકરણ ગુજરાતી વ્યાકરણકારો શાને ન કરે?

વચન:—ગુજરાતીમાં બે જ વચન છે. એકવચનનો પ્રત્યય નથી. બહુવચનનો પ્રત્યય 'ઓ' છે. આસપાસના સંયોગથી જો બહુવચન પ્રતીત થતું હોય, તો સાધારણ રીતે આ 'ઓ' પ્રત્યય લગાડવામાં આવતો નથી.

આમ ટૂંકામાં નામ અને નામને લગતો વિષય પૂર્ણ થાય છે.'

આખ્યાત કે ધાતુ:—કાત્યાયન મુનિ ધાતુની વ્યાખ્યા આપતાં કહે છે કે " क्रियावचनो धातुः=ક્રિયાનું વચન, તે જ ધાતુ." ભગવાન પતંજલિ તો નિર્દેશે છે કે, " क्रिया नामेयमत्यन्तापरिदृष्टाऽशक्या पिण्डीभूता निदर्शयितुम्...साक्षावनुमानगम्या=અત્યંત, ચારે બાજૂથી ન દેખાતી, અશક્ય અને પિંડરૂપ થયેલી જે દર્શાવી ન શકાય તે ક્રિયા...તે કેવળ અનુમાનથી જ ઓળખી શકાય." "यस्मिन्सन्निहिते पचतीत्येद्भवति सा नूनं क्रिया=જે નજીકમાં હોતાં 'તે રાંધે છે' એમ થાય છે તે ક્રિયા" વગેરે. ક્રિયાવાચક આ ધાતુઓને કાળના પ્રત્યયો લાગી ક્રિયાપદ તૈયાર

થાય છે. સંસ્કૃત ભાષામાં આવા આશરે ૧૭૦૦ ધાતુ મનાય છે. જો કે ધાતુઓ ૨૨૦૦ કરતાં વધારે છે તોપણ એ ને એ ધાતુ જુદા જુદા ગણોમાં આવતા હોવાથી, તેવા ધાતુ ૫૦૦ ને આશરે ઓછા છે. આ રીતે આપણી ગુજરાતી ભાષામાં પણ બરાબર શોધ કરવામાં આવે, તો ૧૦૦૦ ને આશરે મૂળ ધાતુઓ પ્રાપ્ત થઈ શકે. ચોક્કસ સમઝવાનું છે કે, આ ધાતુઓ ઉપસર્ગરહિત જ. ઉપસર્ગસહિત જો ગણવામાં આવે તો અનેકાનેક થઈ પડે.

જેવી રીતે સંસ્કૃતમાં કોઈના મતે નવ અને કોઈના મતે દસ ગણો—ધાતુઓના સમૂહો છે, તેવી રીતે આપણી ભાષામાં પણ ધાતુઓ પાંચ ગણમાં વિભક્ત થઈ જાય છે. આ મૂળ ધાતુઓને જ ઉપસર્ગો લાગતાં, પછી કૃત્પ્રત્યયો અને તેવાં કૃદંતોને તદ્ધિત પ્રત્યયો લાગી અસંખ્ય શબ્દસ્વરૂપો થયેલાં માલૂમ પડે છે. ઊંડી શોધથી એ બધું અત્યારે પણ પ્રાપ્ત થાય.

આ ધાતુઓમાંથી કેટલાય ધાતુઓ તત્સમ છે, કોઈ તદ્ભવ છે, અને કેટલાક દેશ્ય પણ છે. આના ઉપરથી વળી સાધિત શબ્દો—પદો બને છે. વળી કેટલાંક નામ કે વિશેષણને કાળના પ્રત્યયો વગેરે લાગી નામધાતુ બને છે. (અત્ર જે વિષય છે તે કેવળ ગુજરાતી ભાષાને જ લગતો છે.)

૧. પહેલા ગણના ધાતુઓ

આ ગણમાં ધાતુને ગણની નિશાની 'અ' લગાડવામાં આવે છે, અને ત્યારપછી કાળના પ્રત્યયો લાગે છે. [૧]કરે, કરતો, કરનાર છે, વગેરે.

આ ધાતુ માંહેલા અમુક નીચે આપ્યા છે:—

[૨]કર્, [૩]ચર્, ઊગ્, બમ્, જમ્, પેસ્, બેસ્, નાસ્, ટક્, માર્, તર્ વગેરે.

---

૧. સ્વરાદિ પ્રત્યયો લાગતાં અંત્ય 'અ' નો સર્વત્ર લોપ થાય છે.

૨. વકરવું વગેરે. ૩. આ+ચર્, ઉચ્+ચર્, ઓ+ચર્, વિ+ચર્, સમ્+ચર્, સાં+ચર્ વગેરે.

પ્રથમ ગણના ધાતુઓ લગભગ ૫૦૦ થી ૬૦૦ પ્રાપ્ત થાય છે. બીજા ચાર ગણના ધાતુઓથી આ તદ્દન જુદા પડી જાય છે.

૨. બીજા ગણના ધાતુઓ

આ ગણમાં ધાતુને ગણની કશી નિશાની નથી; કાળના પ્રત્યય લાગલા જ લાગે છે. બીએ, બીતો, બીનાર છું, બીશ, વગેરે. આ ગણના ધાતુ માંહેલા કેટલાંક બહુ અનિયમિત છે. ધાતુઓને પ્રત્યય લાગતાં કયાંક ધાતુના અંત્ય સ્વરમાં ફેરફાર થાય છે. જોઉં, જુએ, કહે, કહ્યું, વગેરે.

આ ધાતુ માંહેલા અમુક નીચે આપ્યા છે:—

કહે, કે, ચૂ, દૂ, દે, પી, બી, રહે, રે, લહે, લે, વહે, સહે, સૂ, ધો, જો, જા, લૂ વગેરે.

બીજા ગણના ધાતુઓ ૧૨૫ ને આશરે છે. તેઓ ઇતર ગણથી સપાટે જુદા તરી આવે છે.

૩. ત્રીજા ગણના ધાતુઓ

આ ગણમાં ગણની નિશાની 'અ' છે; પરંતુ ધાતુઓમાં અક્ષરોનો દ્વિર્ભાવ (reduplication) થાય છે. કેટલાકમાં ગણની નિશાની સહિત વ્યંજન સાથે ઉભય સ્વરનો દ્વિર્ભાવ થાય છે, અને કેટલાકમાં વિકલ્પે આદિવ્યંજનનો સ્વરસહિત દ્વિર્ભાવ થાય છે. કેટલાકમાં દ્વિર્ભાવ થતાં દ્વિર્ભાવમાં વ્યંજનોના જુદા જુદા આદેશ (substitutes) પણ થાય છે. ટળવળે, હચમચે, ખળભળે, વગેરે.

આ ધાતુઓ માટે એવી શંકા પણ કોઇને રહે કે, આ તો કેવળ અનુકરણવાચક (onomatopoetic) શબ્દો છે; તેઓનો આ ગણમાં સમાવેશ કેમ કરવામાં આવે છે ?

તે શંકાના નિરાકરણ માટે સાક્ષરવર્ય કમળાશંકરભાઇના શબ્દો જ બસ છે:—

"**શબ્દનો દ્વિર્ભાવ**–વળી પ્રાણીઓમાં અને આપણામાં બાળકોમાં શબ્દનો દ્વિર્ભાવ કરવાની ખાસિયત જોવામાં આવે છે. કોઇ શબ્દ પર ભાર

મૂકવો હોય તો આપણે તેનો દ્વિર્ભાવ કરીએ છીએ—બે વાર ઉચ્ચારીએ છીએ કે તેને લંબાવીએ છીએ. જા જા, આવ આવ, દૂર દૂર, પપા (પાપા), મામા, દાદા—આવા શબ્દ ઘણી ભાષામાં જોવામાં આવે છે. સંસ્કૃતમાં ત્રીજા ગણના તમામ ધાતુઓમાં દ્વિર્ભાવ થાય છે.” (ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ, પૃ. ૫)

જેવી રીતે સંસ્કૃતમાં ત્રીજા ગણના ધાતુઓમાં દ્વિર્ભાવ થાય છે તેવી જ રીતે ગુજરાતીમાં શોધવાથી આ સો સવાસોને આશરે મળેલા ધાતુઓમાં દ્વિર્ભાવ પ્રતીત થાય છે.

આ ધાતુ માંહેના અમુક નીચે આપ્યા છે:—

(કમ)કમ્, (ખદ)ખદ્, (ગડ)ગડ્, (ચક)ચક્, (ઝગ)ઝગ્, (ઠણ)ઠણ્, (ડગ)ડગ્, (ધણ)ધણ્, (ફર)ફર્, (ભક)ભક્, (કર)ગર્, (ચળ)વળ્, (ઝળ)હળ્, (ધલ)વલ્, (હચ)મચ્, (હડ કે હર)બડ્; (ખળ)ભળ્, (તળ)મળ્, (સળ)વળ્, (તર)ફડ્, વગેરે.

૪. ચોથા ગણના ધાતુઓ

આ ગણમાં ધાતુને ગણની નિશાની ‘આ’ લાગે છે, ત્યારપછી કાળના પ્રત્યયો લાગે છે. કુંગાય, કુંગાતું, વગેરે. (‘આ’ પ્રત્યય પછી આવતા ‘એ’ પ્રત્યયનો ‘ય’ થાય છે.) આ ધાતુઓનાં રૂપાખ્યાન અને બધા ગણનાં કર્મણિરચનાનાં રૂપાખ્યાનમાં કશો ભેદ નથી.

આ ધાતુ માંહેલા અમુક નીચે પ્રમાણે છે:—

કુષ્ટ્, ગેગ્, ગંધ્, પંફ્, કુંગ્, મુંઝ્, સુર્, ઓલ્, ધર્, પોસ્, કટ્, ખંચ્, કમ્ ચિડ્, દુભ્, ભર્, વગેરે.

આ ગણમાં લગભગ ૧૦૦ ધાતુઓ મળી આવે છે.

૫. પાંચમા ગણના ધાતુઓ

આ ગણમાં નિશાની ‘અવ’ છે. સૂચવે, સૂચવતો, વગેરે. આ ગણના ધાતુઓનાં રૂપાખ્યાન પ્રેરકના નીચે હવે પછી આવતા ત્રીજા પ્રકારનાં રૂપોને બહુ જ મળતાં છે.

આ ધાતુ માંહેલા અમુક નીચે આપ્યા છે:—

ઊઝ્, ઓર્, કચ્, ગોઠ્, પટ્, ભજ્, ભેળ્, ભોગ્, મેળ્, વર્ણ્.

વીન્, સાંચ્, સાલ્, સાદ, ચૂક્, ઓઢ્, તાર્, કેળ્, દોર્, સૂચ્ વગેરે.
આવા સોને આશરે ધાતુઓ પ્રાપ્ત થાય છે.

પ્રેરક રૂપઃ—આ ધાતુઓને પ્રત્યયો લાગી બીજા ધાતુઓ (સાધિત) તૈયાર થાય છે. આમ પ્રેરક રૂપો ચાર પ્રકારે બને છેઃ—

૧. પહેલો પ્રકાર

આ પ્રકારમાં ધાતુઓને 'અ' લગાડવામાં આવે છે. ફક્ત નીચે આપેલા અકર્મક ધાતુઓ અને પી (સકર્મક) ધાતુનો આ પ્રકારમાં સમાવેશ થાય છેઃ—

ઊ+કળ્, ઊ+ગર્, ચર્, ઊ+છળ્, ઊ+છર્, ટળ્, ઠર્, તર્, તપ્, દબ્, પડ્, પળ્, ફાટ્, બળ્, વળ્, સર્, ખર્, જર્, ઝર્, ભળ્, મળ્, ઢળ્, ઊ+કલ્, ખૂત, જૂત્, છૂટ્, તૂટ્, પીટ્, ખૂલ્, ફૂટ્, પી વગેરે.

(અ) સાધારણ નિયમ એવો છે કે, આ પ્રકારમાં ઉપાંત્ય 'અ'-નો 'આ' થાય છે, અને ઉપાંત્ય 'ઇ' કે 'ઊ' નો 'એ' કે 'ઓ' થાય છે.

અપવાદ—કલ્, ખર્, છર્, જર્, ભળ્, મળ્ આ ધાતુના ઉપાંત્ય 'અ' નો 'એ' થાય છે. ઉકેલે[1] વગેરે.

ઝર્ ધાતુનો વિકલ્પે 'આ' કે 'એ' થાય છે.

ઢળ્ ધાતુનો વિકલ્પે 'આ' કે 'ઓ' થાય છે.

(આ) ધાતુના અંત્ય ટ્ નો ડ્ થાય છે.

(ઇ) 'ખૂત્' અને 'જૂત્' ના ત્ નો ડ્ થાય છે, અને 'બૂડ્' ના ડ્ નો ળ્ થાય છે.

(ઈ) 'પી' ધાતુના અંત્ય 'ઇ' નો 'આ' થાય છે; પછી ચોથા ગણના ધાતુ જેવાં રૂપો થાય છે. પાય, વગેરે.

---

૧. પ્રેરકમાં અને કર્મણિ કે ભાવે રચનામાં જો ધાતુની પહેલાં ઉપસર્ગ આવતો હોય, અને તેનો આદિ સ્વર દીર્ઘ હોય, તો તે હ્રસ્વ થાય, અને ધાતુનો ઉપાંત્ય સ્વર દીર્ઘ હોય તો તે પણ હ્રસ્વ થાય.

૨. બીજો પ્રકાર

આ પ્રકારમાં ધાતુને 'આડ' લગાડવામાં આવે છે. આ પ્રકારમાં નીચે આપેલા ધાતુઓનો સમાવેશ થાય છેઃ—

અડ્, ઊંઘ્, ઊગ્, ઓઢ્, ખૂંચ્, ખસ્, ઘસ્, ઘટ્, ઘૂસ્, ઘોંટ્, ચાટ્, ચાખ્, ચાવ્, ચૂસ્, જીવ્, જમ્, ડૂક્, દાઝ્, દેખ્, ધાવ્, નાસ્, પેસ્, બેસ્, ભૂંસ્, પામ્, મટ્, રમ્, લાગ્, વહ્, વધ્, વજ્ કે વાગ્, પૂગ્, સૂંઘ્, સૂજ્, સૂઝ્, સૂ વગેરે.

(અ) આ પ્રકારમાં, 'ખસ્' ને 'આડ' લાગતાં 'આડ'નો 'એડ' અને 'ઘસ્' ને લાગતાં 'અડ' થાય. ખસેડે, ઘસડે.

(આ) 'ખૂટ્' અને 'લાગ્' આ પ્રકારમાં અને ત્રીજા પ્રકારમાં બન્નેમાં જાય છે.

(ઇ) સ્વરાંત ધાતુને વ્ લાગ્યા પછી 'આડ' લગાડવામાં આવે છે.

(ઈ) 'વધ્' ધાતુને 'આડ' લાગતાં 'આડ'નો 'આર' થાય.

૩. ત્રીજો પ્રકાર

આ પ્રકારમાં ધાતુઓને 'આવ' લગાડવામાં આવે છે.

પહેલા અને બીજા પ્રકારમાં આવેલા ધાતુ સિવાય ઘણું કરીને બધા ધાતુઓ આ પ્રકારમાં આવે છે.

(અ) ચોથા ગણના ધાતુઓને અને ઓર્, ચગ્, ટગ્, થાક્, ફૂલ્, ભૂલ્, ધસ્ ને 'આવ' લાગતાં 'આવ'નો 'અવ' વિકલ્પે થાય.

(આ) કગ્, ફર્, ખૂત્, શીખ્, દોર્, મળ્, ભળ્ અને સડ્-ને 'આવ' લાગતાં 'આવ'નો 'અવ' ચોક્કસ થાય.

(ઇ) ફર્, મળ્, ભળ્ના ઉપાંત્ય 'અ'નો 'એ' થાય.

(ઈ) પહેલા પ્રકારમાં સિદ્ધ થયેલાં રૂપોને ફરી આ 'આવ' લાગે છે. (આને જ કમળાશંકરભાઈ પુનઃપ્રેરક કહે છે.)

(ઉ) પહેલા પ્રકારમાં સિદ્ધ થયેલાં રૂપો, તાર્ (આના ઉપાંત્ય 'આ'નો 'અ' ન થાય), ખેર્, જેર્, ઝેર્, પછી 'આવ'નો 'અવ' થાય છે; ચાર્, દાબ્, તાપ્, પાડ્ ને વિકલ્પે 'અવ' કે 'આવ' લાગે.

(ઊ) નીચે આપેલા આ ધાતુઓ વિકલ્પે બીજા અને ત્રીજા પ્રકારમાં છેઃ—

ઊઠ્, ઊડ્, ઝૂર્, જગ્, છૂટ્, જાગ્, ઠર્, ડૂબ્, ડૂસ્. ઢૂક્, ટેક્, ચઢ્, દૂખ્, ધગ્, પેટ્, બજ્, બાઝ્, ખૂચ્, ખૂંચ્, ભમ્, રીઝ્, લગ્, લાગ્, વઢ્, શીખ્, હટ્ વગેરે.

(ઋ) 'દીસ્'માં પણ આ ફેરફાર છે, પરંતુ બન્ને ઠેકાણે 'દીસ્'-ને ઠેકાણે 'બત્' આદેશ પ્રયોજાય છે; તે બતાવે, બતાડે.

૪. ચોથો પ્રકાર

આ પ્રકારમાં ' અરાવ ' લાગે છે. આ ' અરાવ 'નો ' અડાવ ' વિકલ્પે થાય છે.

બીજા ગણના લગભગ બધા ધાતુઓ આ પ્રકારમાં છે.

સ્વરાંત ધાતુઓને વ્ લાગ્યા પછી 'અરાવ' કે 'અડાવ' લાગે; કહેવડાવ કે કહેવરાવ; બીવડાવ કે બીવરાવ, વગેરે.

પ્રયોગઃ-ગુજરાતી ભાષામાં સંસ્કૃતની પેઠે જ ત્રણ પ્રયોગ છે.

(૧) જ્યારે ક્રિયાનો આધાર કર્તા ઉપર હોય, ત્યારે કર્તરિ પ્રયોગ.

(૨) જ્યારે ક્રિયાનો આધાર કર્મ ઉપર હોય, ત્યારે કર્મણિ પ્રયોગ.

(૩) ક્રિયાનો આધાર કર્તા કે કર્મ ઉપર ન હોતાં અર્થ કે ભાવ ઉપર હોય, ત્યારે ભાવે પ્રયોગ.

સકર્મક ધાતુઓનો કર્મણિ પ્રયોગ અને અકર્મક ધાતુઓનો ભાવે પ્રયોગ થાય છે. કર્તરિ પ્રયોગે સકર્મક, અકર્મક બન્ને છે. વિષય સ્પષ્ટ છે.

કેટલાક લોક મૂળભેદ, કર્મકભેદ, પ્રેરકભેદ, કે શકયભેદ, એવા ધાતુઓના ચાર ભેદ માને છે—કર્તરિ પ્રયોગને મૂળભેદ, પ્રેરકના પ્રથમ પ્રકારને કર્મકભેદ, બાકીનાને પ્રેરકભેદ, અને કર્મણિ કે ભાવે પ્રયોગને સહ્યભેદ કે શકયભેદ માને છે.

ખરી રીતે ભેદ એ શબ્દની ગુજરાતી વ્યાકરણને કશી આવશ્યકતા નથી. અને જેને ભેદ કહેવામાં આવે છે તે પ્રયોગ જ છે. 'ભેદ' જેવો અપરિચિત શબ્દ વ્યાકરણમાં લાવવો યુક્ત જ નથી.

શ્રીયુત કમળાશંકરભાઇ પણ (શાળાપત્ર, પુ. ૪૫, પા. ૨૭૧) કહે છે કેઃ—

"આ રીતે 'ભેદ' શબ્દ જે પ્રાચીન વ્યાકરણમાં પરિચિત નથી, તે શબ્દ વ્યાકરણમાંથી કાઢી નાખવો જ યુક્ત છે. સહ્યતા, શકયતા, યોગ્યતા વગેરે જે જે અર્થો સહ્યભેદને લાગુ પાડયા છે, તે સર્વ કર્મણિરચના લાવશેઃ જેમ કેઃ–

'આ કામ મારાથી કરાશે નહિ.' (હું કરી શકીશ નહિ કે મારે કરવું યોગ્ય નથી)—કર્મણિ–શકયતા કે યોગ્યતા બતાવે છે.

'વીર રાજાથી શત્રુ મરાયો.'–કર્મણિ–સહ્યતા કે શકયતા બતાવે છે. (મરાયો, માર્યો ગયો કે મારી શકાયો.)

જેવી સહેલાઇથી 'કરાવું,' 'લખાવું' વગેરે રૂપો કર્મણિ છે, એમ બાળકો સમજી શકે છે, તેવી સહેલાઈથી 'કર્યું', 'લખ્યું', વગેરે રૂપો કર્મણિ છે, એમ સમજી શકશે નહિં, એમ ધારીને જ 'ભેદ' સંજ્ઞા ઉપજાવી, એને મૂળભેદનાં રૂપો કહ્યાં હોય એમ લાગે છે. પરતુ એ અશાસ્ત્રીય છે, એ શિક્ષકે સમજવું જોઈએ. ધાતુને પ્રત્યયો કર્ત્તરિ, કર્મણિ કે ભાવે થયા છે, પછી તે મૂળ ધાતુ હોય કે સાધિત ધાતુ હોય. આવી સ્થિતિ હોવાથી કર્મણિ જે પ્રત્યયો થાય છે તે પ્રત્યયોવાળા ધાતુને સાધિત ધાતુ ગણી ધાતુના મૂળ અને સહ્ય એવા ભેદ પાડવા યુક્ત નથી."

આવી રીતે આ શબ્દોથી મૂળભેદ અને સહ્યભેદ કે શકયભેદનું નિરાકરણ થઇ જાય છે.

હવે વાત રહી કર્મકભેદ અને પ્રેરકભેદની. કર્મકભેદ અને પ્રેરકભેદનું પૃથગ્ભેદત્વ બતાવવું યુક્ત જ નથી, કારણ કે મૂળ ધાતુ ઉપરથી જ પ્રેરણાવાચક પ્રત્યયો લાગી સાધિત ધાતુ બને છે. પ્રેરકભેદ ન હોતાં પ્રેરકરૂપ માત્ર જ છે. એ પ્રેરકરૂપોનાં પણ વળી કર્મણિ રૂપો થવાનાં જ.

આથી એ પ્રતીત થયા વિના રહેશે નહિ કે, મૂળભેદ, કર્મકભેદ, પ્રેરકભેદ અને સહ્યભેદ કે શકયભેદની ગુજરાતીમાં જરૂર નથી.

ફક્ત મૂળ ધાતુ ઉપરથી પ્રેરકરૂપો (સાધિત ધાતુ), તેનાં બેઉનાં કર્તરિ કર્મણિ ને ભાવે રૂપો, આટલું જ ધાતુઓને અંગત કાર્ય છે.

કાળ અને અર્થ:—દેખીતી રીતે ત્રણ કાળો પ્રસિદ્ધ છે— (૧) ભૂત, (૨) ભવિષ્ય અને (૩) વર્તમાન.

૧. **ભૂતકાળ:**—વાત કરનારાના સમયની પૂર્વે જે કાંઇ ક્રિયા થઈ હોય તે બતાવવા આ કાળના સંસ્કૃત વૈયાકરણોએ ત્રણ વિભાગ કર્યા છે:—(૧) અદ્યતન ભૂત (लुङ्) જે દિવસે વક્તા બોલતો હોય તે દિવસની જ થયેલી ક્રિયા જણાવે છે. अभूत्=તે થયો. (૨) અનદ્યતન કે હ્યસ્તન ભૂત (लङ्) ગઇ કાલે કે તેની પહેલાં થયેલી ક્રિયા બતાવે છે. अभवत्=તે થયેલો. (૩) પરોક્ષ ભૂત ((लिट्) સાધારણ રીતે ભૂતકાળમાં થયેલી અને નજરે ન દેખેલી, તેવી ક્રિયાઓ જણાવે છે. बभूव=હતો.

આ જ રીતે ગીર્વાણભારતીની પ્રપૌત્રી ગુર્જરી ભાષામાં પણ ત્રણ ભૂતકાળો વર્તમાન છે:-

(૧) અદ્યતન ભૂત કે પ્રથમ ભૂત—(આમાં તાત્કાળિક ક્રિયા સ્પષ્ટ છે) થયો.

(૨) અનદ્યતન કે હ્યસ્તન-દ્વિતીય ભૂત-(આમાં આગલી ક્રિયા સ્પષ્ટ છે) થયેલો.

(૩) નિયમિત કે હેતુમદ્ભૂત-(ઉપલા બે ભૂતકાળ કરતાં પૂર્વની ક્રિયા કાંઇક નિયમિત રીતે થતી હોય તેવો ભાસ કરાવે છે.) કરતો, જતો, એક રાજા હતો, તે શિકારે જતો, વગેરે.

કેટલાક લોકો એમ માને છે કે, આ નિયમિત ભૂતકાળ વર્તમાન કૃદંતનો કાળ તરીકે ઉપયોગ કરતાં બને છે. પરંતુ આ કહેવું યથાર્થ નથી. તેને વર્તમાન ક્રિયા સાથે કશો સંબંધ નથી. સ્વરૂપ ઉપરથી તેવો વિચાર બાંધવો કેમ યુક્ત લેખાય ? માત્ર તેમાં ચાલુ ક્રિયાનો અર્થ છે.

૨. **ભવિષ્યકાળ:**—હવે પછી થવાની ક્રિયાઓમાં આ કાળ વપરાય છે. સંસ્કૃતમાં આના બે ભેદ છે:-(૧) અદ્યતન ભવિષ્ય (लृट्); અને (૨) અનદ્યતન કે શ્વસ્તન ભવિષ્ય (लुट्). અદ્યતન, આજે કે

નજીકમાં થવાની ક્રિયા બતાવે છે. શ્વસ્તન, આજ પછીના કોઈ દિવસે થવાની ક્રિયા બતાવે છે. भविष्यामि (लृट्)=હું થઈશ. भवितास्मि (लुट्)=હું થવાનો છું, થનાર છું.

આ રીતે ગુજરાતીમાં પણ બે ભવિષ્યકાળ વ્યક્ત છેઃ—

(૧) અદ્યતન—હું કરીશ (करिष्यामि—करिस्सं=કરીશ.)

(૨) શ્વસ્તન—હું કરનાર છું (कर्तास्मि—करणहार छुं=કરનાર છું.)

'मुग्धावबोधम् औक्तिकम्'માં આને માટે પ્રમાણ છે કે, "हउं कालि अमुकउं करणहार इत्यादि वचने श्वस्तनी भविष्यकालि भविष्यति=હું કાલ અમુક કરનાર છું, વગેરે વચનમાં શ્વસ્તન ભવિષ્યકાળ થશે." આથી એ પ્રતીત થયા વિના રહેશે નહિ કે, આ યથાર્થ છે. સંસ્કૃતમાં તૃજન્તને અસ્‌નાં વર્તમાનકાળનાં રૂપો લાગ્યાં હોય તેવું દેખાય છેઃ—भवितास्मि, भवितास्वः, भवितास्मः, भवितासि વગેરે. તે જ પ્રમાણે અહીં પણ 'નાર' અંતવાળા કર્તૃવાચક રૂપને 'છ્‌'નાં રૂપ લાગ્યાં હોય તેવું દેખાય છે. સંસ્કૃતમાં બન્ને ભવિષ્યકાળનાં રૂપો "स्यतासी लृलुटोः ૩-૧-૩૩" એ સૂત્ર લાગી તૈયાર થાય છે, તેમ અહીં પણ 'નાર છ્‌' પ્રત્યય લાગી શ્વસ્તન ભવિષ્યકાળ તૈયાર થતો હોય એમ માનવું, સમાધાન ખાતર.

૩. **વર્તમાનકાળ**:—ચાલુ ક્રિયા બતાવવાને વર્તમાન (लट्) કાળ છે. કેટલાક લોક ગાડરિયા પ્રવાહની પેઠે વર્તમાનના બે ભેદ (શુદ્ધ અને મિશ્ર) કર્યે જાય છે—કરું (શુદ્ધ) અને કરું છું (અશુદ્ધ, મિશ્ર). ખરી રીતે ભાષાની રૂઢિ પ્રમાણે ' કરું છું ' એ જ વર્તમાન કાળનું રૂપ સત્ય છે. ' કરું ' એ તો આજ્ઞાર્થ અને વિધ્યર્થ રૂપ તરીકે છે.

આ સિવાય મુખ્ય ત્રણ અર્થો ભાષામાં છેઃ—

(૧) આજ્ઞાર્થ— } આ બંને અર્થો વિધિ, નિમંત્રણ, આમં-
(૨) વિધ્યર્થ— } ત્રણ, ઇચ્છા, પ્રાર્થના, સંશય વગેરે બતાવે છે.

સંસ્કૃત રૂપો करवाणि અને कुर्याम् ઉપરથી પણ करउं—કરું-ની શક્યતા છે. આ બન્ને અર્થોના પ્રત્યયોમાં કાંઇક ફેર છેઃ—

આજ્ઞાર્થ			વિધ્યર્થ		
૧.	ઉં	ઇયે.	૧.	ઉં	ઇયે.
૨.	૦	ઓ.	૨.	એ	ઓ.
૩.	ઓ	ઓ.	૩.	એ	એ.

આજ્ઞાર્થમાં આજ્ઞા અને આશીર્વાદનો અર્થ ભાષારૂઢિ પ્રમાણે વધારે દેખાય છે. આજ્ઞાર્થના બીજા અને ત્રીજા પુરુષમાં આ પ્રત્યયો વિકલ્પે લાગે છે:—

૨.	જે	જો.
૩.	જો	જો.

આ પ્રત્યયવાળાં આજ્ઞાર્થનાં રૂપો કાંઇક ભવિષ્યકાળની આજ્ઞા બતાવે છે, જેમ કે, "છોકરા ! નિશાળે જજે" (આ ઘડીએ નહિ). વિધ્યર્થ કાંઈક વર્તમાન ક્રિયા પણ બતાવે છે.

(૩) **ક્રિયાતિપત્ત્યર્થ**–કારણ અને કારણવાળો ભાવ જ્યાં રહેલાં છે, જ્યાં વિધ્યર્થ જેવો અર્થ છે તે છતાં ક્રિયા થઈ નથી, ત્યાં ક્રિયાતિપત્ત્યર્થ; જેમ કે, "જો વરસાદ સારો પડત, તો દુકાળ ન આવત, અને સહુ સારું થાત." "मुग्धावबोधम् औक्तिकम्"માં આ વિષયને પ્રમાણ છે. "जइ हउं पढत तउ भलउं हुंत इत्यादि उक्तौ क्रियातिपत्तिः=જો હું ભણત, તો ભલું થાત." આ ક્રિયાતિપત્ત્યર્થનો ભૂત અને ભવિષ્ય સાથે સંબંધ છે.

આમ આપણી ગુજરાતીમાં કાળના છ અને અર્થના ત્રણ ભેદ પ્રતીત છે. ભૂતકાળનાં ત્રણે રૂપો ભૂતકૃદંત ઉપરથી ઉત્સૃષ્ટ છે, તેથી વિકારી છે. બાકીના કાળ અને અર્થનાં રૂપો અવિકારી છે.

કેટલાક ગુજરાતી વ્યાકરણકારો આંગ્લ વૈયાકરણોનું અનુસરણ કરી નિશ્ચયાર્થ કે સ્વાર્થ, આજ્ઞાર્થ અને સંશયાર્થ કે સંકેતાર્થ એવા ત્રણ અર્થો કહે છે. શ્રીયુત કમળાશંકરભાઈ પોતાના વ્યાકરણમાં (૧) સ્વાર્થ, (૨) આજ્ઞાર્થ, (૩) વિધ્યર્થ, (૪) સંકેતાર્થ અને (૫) ક્રિયાતિપત્ત્યર્થ, એવા પાંચ અર્થો આપે છે. પરંતુ ઉપર

કહેલા કાળમાં વર્તમાન, અદ્યતન ભૂત, અનદ્યતન ભૂત, નિયમિત ભૂત, અદ્યતન ભવિષ્ય અને અનદ્યતન ભવિષ્ય, એ છ તો સ્વાર્થ કે નિશ્ચયાર્થમાં જ છે. આજ્ઞાર્થ એ સ્વતંત્ર રહી શકે તેમ છે. વિધ્યર્થ પણ સ્વતંત્ર રહી શકે તેમ છે. વિધ્યર્થમાં લખવું, ઊડવું, બેસવું, એવાં રૂપો છે, એમ જે કહેવામાં આવે છે તે ઉપપન્ન લાગતું નથી, કારણ કે, 'લખવું' વગેરે વિધ્યર્થ કૃદંત હોઈ, मया कर्तव्यं કે कार्यम् કે करणीयम्‌ની માફક સ્વતંત્ર કૃદંત તરીકે વ્યવહાર્ય થઈ શકે તેમ છે. તેથી હાલ જેને સાદો વર્તમાન કાળ કહેવામાં આવે છે તે નર્યો વિધ્યર્થ છે, એવું મારું માનવું છે. વ્યુત્પત્તિથી पतति અને पतेत् બન્ને ઉપરથી 'પડે' સિદ્ધ થઇ શકે; પરંતુ રૂઢિ 'પડે'ને વિધ્યર્થ જ કહે છે. "विधिनिमन्त्रणामन्त्रणाधीष्टसम्प्रश्नप्रार्थनेषु लिङ्–૩–૩–૧૬૧" એ પાણિનિના સૂત્રથી ત્યાં લિઙ્–વિધ્યર્થ જ સંભવિત છે. વળી જે રીતે વર્તમાનકાળનાં રૂપો પણ ઉપયોગ પ્રમાણે જુદા જુદા કાળને બતાવે, તેજ રીતે વિધ્યર્થ્ય વર્તમાનકાળના અર્થને દ્યોતિત કરે, તેથી પોતે સાદો વર્તમાન ન જ કહેવાય.

શુદ્ધ વર્તમાન તો તે જ કે જેને આધુનિક વ્યાકરણકારો મિશ્ર વર્તમાન કહે છેઃ કરું છું, વગેરે.

(૪) સંકેતાર્થઃ–આને જુદો ગણવાની જરૂર જણાતી નથી, કારણ કે, "आशंसावचने लिङ् ૩–૩–૧૩૪" તથા "हेतुहेतुमतोर्लिं ૩–૩–૧૫૬" એ બે પાણિનિનાં સૂત્રોથી એવી ક્રિયાઓ વિધ્યર્થ જ છે. કહેવામાં આવે છે કે, આ અર્થને ત્રણે કાળ સાથે સંબંધ છે; અને તે બરાબર જ છે. પરંતુ એટલું સમજવું આવશ્યક છે કે, જેને સાંકેતિક વર્તમાનકાળ કહેવામાં આવે છે તે વિધ્યર્થ છે; જેને સાંકેતિક ભૂત કહેવામાં આવે છે તે ક્રિયાતિપત્ત્યર્થ છે; અને જેને સાંકેતિક ભવિષ્યકાળ કહેવામાં આવે છે તે ભવિષ્યકાળ જ છે.

ખરું જોતાં બધા કાળો મૂળ રીતે તો સ્વાર્થમાં જ છે; તો પછી દરેકને સ્વાર્થ અને સંકેતાર્થ છે, તેમ કહેવાની જરૂર રહેતી

નથી. આથી ઉપર કહેલા (૧) આજ્ઞાર્થ, (૨) વિધ્યર્થ અને (૩) ક્રિયાતિપત્ત્યર્થ સશાસ્ત્ર છે, એમ થયા વિના રહેતું નથી.

મિશ્રકાળઃ—આજકાલ આપણા દરેક વ્યાકરણમાં મિશ્ર કાળોનો વિષય ખાસ પ્રધાન રીતે આપવામાં આવેલો હોય છે. તેનો ગુજરાતી વ્યાકરણને કેટલો ખપ છે, એ વિશે વિચાર કરવો યોગ્ય ધારવામાં આવે છે.

ગુજરાતી ભાષામાં મિશ્રકાળોની જરૂર હોય એવું મને લાગતું નથી. મિશ્રકાળોમાં કૃદંતોને ' હો, ' ' છ્ ' નાં રૂપો લાગી રૂપો તૈયાર કરવામાં આવે છે, અને પૂર્ણ વર્તમાન વગેરે કાળો બનાવવામાં આવે છે.

ગુજરાતી કૃદંતોને એકલા 'હો' કે 'છ્' નાં રૂપો લાગે છે એટલું જ નહિ, પરંતુ તેવાં કૃદંતો સાથે બીજા કેટલાક ધાતુઓ સંયુક્ત ક્રિયાપદ બને છે; તે જ રીતે આ કહેવાતા મિશ્ર કાળો સંયુક્ત ક્રિયાપદો જ.

કેવળ આંગ્લવૈયાકરણોને અનુસરી, તેઓએ કહેલા મિશ્ર કાળોને પકડી રાખી, ભાષામાં પણ તેવી માથાકૂટ લાવવી યોગ્ય ધારી ન શકાય. આપણાં આધુનિક વ્યાકરણોમાં અંગ્રેજી ભાષા ભણનારાઓને સહેલું પડે તેવા ઉદ્દેશથી મિશ્રકાળ વગેરે વિષયો ચર્ચેલા હોય છે; પણ તેથી ભાષાનું અસલ સ્વરૂપ ગૌણતા પામી ગૌણ વિષયો પ્રધાન થઇ પડે છે.

નીચેના ધાતુઓ વર્તમાન કૃદંત સાથે આવે છે:—

આવ્–કરતો આવે છે–નિયમિત ક્રિયા બતાવે છે.
જા–કરતો જાય છે–ચાલુ ક્રિયા બતાવે છે.
થા–ખાતો થા–નવીન ક્રિયાનો આરંભ બતાવે છે.
રહે–બોલતો રહે છે–ચાલુ ક્રિયા બતાવે છે.
હો–કરતો હોય છે—ચાલુ ક્રિયા બતાવે છે.

નીચેના ધાતુઓ પ્રથમ કે અદ્યતન ભૂતકૃદંત સાથે વપરાય છેઃ —

કર્-વાંચ્યા કરે છે—ચાલુ ક્રિયા બતાવે છે.
જા-ચાલ્યો જાય છે—ચાલુ ક્રિયા બતાવે છે.
હો-ચાલ્યો હતો—પૂર્ણ ક્રિયા બતાવે છે.
છ્-કર્યું છે—પૂર્ણ ક્રિયા બતાવે છે.

• નીચેના ધાતુઓ સંબંધક ભૂતકૃદંત સાથે આવે છેઃ—

ઊઠ્-કરી ઊઠે છે—સત્વર પૂર્ણ ક્રિયા બતાવે છે.
કાઢ્—કરી કાઢે છે—પૂર્ણ ક્રિયા બતાવે છે.
ચૂક્-કરી ચૂકે છે—પૂર્ણ ક્રિયા બતાવે છે.
જા-ખાઇ જાય છે—પૂર્ણ ક્રિયા બતાવે છે.
દે—કરી દીધું—સત્વર પૂર્ણ ક્રિયા બતાવે છે.
નાખ્-કરી નાખે છે—પૂર્ણ ક્રિયા બતાવે છે.
પડ્-કરી પડે છે—પૂર્ણ ક્રિયા બતાવે છે.
મૂક્-મેલ્-કરી મૂકે છે-મેલે છે-પૂર્ણ ક્રિયા બતાવે છે.
રાખ્-મૂકી રાખે છે-પૂર્ણ ક્રિયા બતાવે છે.
રહે-લહે લખી રહે છે-લહે છે-પૂર્ણતા સાથે સ્થિર ક્રિયા બતાવે છે.
શક્-કરી શકે છે-શકયતાનો અર્થ બતાવે છે.
બેસ્-કરી બેસે છે-પૂર્ણ ક્રિયા બતાવે છે.

નીચેના ધાતુઓ વિધ્યર્થ કૃદંત સાથે આવે છેઃ-

જો-કરવું જોઇયે—નિશ્ચયનો અર્થ બતાવે છે.
પડ્-કરવું પડે છે—નિશ્ચયનો અર્થ બતાવે છે.

નીચેના ધાતુઓ અદ્યતન ભવિષ્યકૃદંત સાથે આવે છેઃ—

છ્-કરવાનું છે-ભવિષ્યમાં નિશ્ચિત અર્થ બતાવે છે.
હો-કરવાનો હોય છે-નિયમિત ભવિષ્ય બતાવે છે.

આ જ પ્રમાણે શ્વસ્તન ભવિષ્યકૃદંત સાથે 'હો' ને 'છ્' આવી ઉપર જેવો જ અર્થ બતાવે છે. આ સંયુક્ત ક્રિયાપદોમાં બેથી વધારે પદ પણ આવે છે; જેમ કે, 'કરી રહ્યો છું'-પૂર્ણતા અને ચાલુ સ્થિતિ બતાવે છે.

આમ આ બધાં રૂપો માટે પણ નવા નવા કાળો બનાવવા પડે; માટે બહેતર એ છે કે મિશ્રકાળોની માથાકૂટ ન કરવી, અને સંયુક્ત ક્રિયાપદ તરીકે જ તેઓને ગણવાં. આપણી ગુજરાતીની પરદાદી સંસ્કૃતમાં गतोऽस्मि ને કોઈ પૂર્ણ વર્તમાન કહી શકે જ નહિ, તો પછી તેની પ્રપૌત્રીમાં તેના ઉપરથી જ ઊતરી આવેલા 'ગયો છું'-ને 'પૂર્ણ વર્તમાન' એવી નવી સંજ્ઞા શાને આપવી? અંતે એ જ ધારવું યુક્ત છે કે, મિશ્રકાળ ગુજરાતી વ્યાકરણને ઉપયોગી નથી; તે અશાસ્ત્રીય છે.

શ્રીયુત કમળાશંકરભાઈએ પોતાના વ્યાકરણમાં તેને સ્થાન આપ્યું છે તે કેવળ જૂના વ્યાકરણકારોથી એકદમ જુદા ન પડવું એવું ધારીને જ. પરંતુ સત્ય વાતમાં તેની શેહમાં શાને તણાવું? વિચાર કરતાં દરેકને પ્રતીત થશે જ કે, ગુજરાતી વ્યાકરણને મિશ્રકાળની જરૂર નથી.

કૃદંતો—કૃત્પ્રત્યયો દરેક ધાતુને સરખી રીતે સરખા અર્થમાં લાગુ પડે છે. ગુજરાતી કૃદંતના ત્રણ પ્રકાર છેઃ—

૧. નામરૂપઃ—(ભાવવાચક)

૧. 'અણ' પ્રત્યયવાળાં–કરણ, મરણ, ભરણ વગેરે. (આ 'અણ'-નો કેટલાક ધાતુને લાગતાં આણી, આણ, અત, આઈ, આવટ, આવ, આપ, આમણ, તર, ત્રી, વગેરે થાય છે, અને લિંગભેદ પણ થાય છે.)

૨. 'અ' પ્રત્યયવાળાં–કર, ચાલ, ભર, મર વગેરે. (આ 'અ' લાગતાં કોઈ નામ નરજાતિમાં, કોઈ નારીજાતિમાં, અને કોઈ નાન્યતરજાતિમાં જાય છે. ચાલ (પું.)=રિવાજ, ચાલ (સ્ત્રી.)–ગતિ; ઘર (નપું.)=ગૃહ વગેરે.)

૨. વિશેષણરૂપ :—(આ કૃદંતના પ્રત્યયો લાગતાં ધાતુને ગુણની નિશાની લાગે.)

૧. વર્તમાન કૃદંત–પ્રત્યય 'તું' (વિકારક): કરતો, કરતી, કરતું, વગેરે.

૨. પ્રથમ કે અદ્યતન ભૂતકૃદંત-પ્રત્યય 'યું' (વિકારક): કર્યું, કર્યો, કરી, વગેરે.

૩. દ્વિતીય કે અનદ્યતન ભૂતકૃદંત-પ્રત્યય 'એલું' (વિકારક): કરેલો, કરેલી, કરેલું, વગેરે.

૪. અદ્યતન ભવિષ્યકૃદંત-પ્રત્યય 'વાનું' (વિકારક): જવાનો, જવાની, જવાનું, વગેરે.

૫. શ્વસ્તન ભવિષ્ય કૃદંત-પ્રત્યય 'નારું' (વિકારક): કરનારો, કરનારી, કરનારું, વગેરે.

૬. વિધ્યર્થ કૃદંત-પ્રત્યય 'વું' (વિકારક કર્મણિ): કરવો, કરવી, કરવું, વગેરે.

૭. કર્તૃવાચક-પ્રત્યય ' નાર ' (અવિકારક, ક્યાંક 'નાર'નો 'આઉ' 'ઉ' થાય): કરનાર, ચડાઉ, ખેડુ, ભેદુ, વગેરે.

૩. અવ્યયરૂપઃ—

૧. સંબંધક ભૂતકૃદંત—પ્રત્યય 'ઇ', ક્યાંક 'ઇને'-કરી, કરીને.

૨. નિયમિત ભૂતકૃદંત-પ્રત્યય 'તાં'-કરતાં. (આ નિયમિત ભૂતકૃદંત યથાર્થ છે, એ તેના અર્થ ઉપરથી સ્પષ્ટ થશે. દોડતાં દોડતાં થાકી ગયો=દોડ્યો તેથી થાકી ગયો. દાખલો ગણતાં કલમ તૂટી=જેવો દાખલો ગણ્યો કે કલમ તૂટી. આ કૃદંતને અવ્યયરૂપ વર્તમાનકૃદંત કહેવું તો યુક્ત જ નથી લાગતું.) અહીં વ્યયી પદ પૂર્ણ થાય છે.

હવે અવ્યય આ નીચે છેઃ—

ઉપસર્ગોઃ—ઉપસર્ગો ધાતુઓની આગળ આવી

ધાતુ તણા અર્થો મહીં, ફેરવતા કો અર્થ,
અનુસરતા કો ધાતુને, વધારતા કો અર્થ. ૧
ઉપસર્ગો આ રીતથી, ત્રણ ગતિવાળા થાય;
આથી તે ભાષા મહીં, ઉપયોગી લેખાય. ૨
વળી—ઉપસર્ગો ધાત્વર્થમાં, બદલાવે છે સાર;
જેમ સુધાર, વધારજે, પધારજે નિરધાર. ૩

જેવી રીતે સંસ્કૃતમાં મુખ્ય એકવીસ ઉપસર્ગો છે તેવી રીતે આપણી ભાષામાં પણ કેટલાક મૂળ (તત્સમ), કેટલાક સંસ્કૃતમાંથી અપભ્રષ્ટ (તદ્ભવ) અને કેટલાક દેશ્ય છે; વળી કોઇ ફારસીના પણ છે. સંસ્કૃત અને ફારસી ઉપસર્ગો વ્યાકરણોમાં ઉપલબ્ધ થાય છે. ગુજરાતીમાં અ, ઊ, ઓ, પ, પર, વ, અને સાં ઉપસર્ગો મુખ્ય છે. વળી સંસ્કૃતમાં आविष्, अन्तर्, तिरस् વગેરે છે તેવા પૂર્વગો પણ આપણી ભાષામાં ઘણા છે, જેનો વિસ્તાર પ્રસંગોપાત્ત થશે. અહીં દિશા માત્ર દેખાડવામાં આવી છે.

નિપાત=અવ્યયઃ—"सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु । वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम्=જે ત્રણે લિંગે, બધી વિભક્તિઓમાં સરખું રહી, વિકૃત ન થાય તે અવ્યય." આ અવ્યયોના મુખ્ય ચાર ભાગ સ્વીકારવામાં આવે છેઃ—

૧. ક્રિયાવિશેષણ—ક્રિયાનો વધારો બતાવનાર અવિકૃત અવ્યય.

૨. નામયોગી—ખાસ નામોની પાસે જ આવી નામોની સાથે વિભક્તિના અર્થો બતાવનાર.

૩. ઉભયાન્વયી—બે શબ્દ કે બે વાક્યને જોડનાર.

૪. કેવળપ્રયોગી—વાક્યમાં કોઈ સાથે સંબંધ ન ધરાવતાં અલગ રહેનાર. (આ પ્રકારો સૌકર્યાર્થ ઘણા ઉપયોગી છે.)

અવ્યય પોતે અવિકૃત છે. તેને વળી બીજા કેટલાક પ્રત્યયો લાગતાં નવાં અવ્યયો પેદા થાય છે. કેટલાક અવ્યયો ઉપરથી વિશેષણ તૈયાર થાય છે : ત્યારે—ત્યારથી (અવ્યય), ત્યારનું (વિશેષણ).

શ્રીયુત કમળાશંકરભાઇ પોતાના "મધ્ય વ્યાકરણ"માં ક્રિયાવિશેષણ અવ્યયવાળા પાઠમાં કહે છે કેઃ—

"પ્રકારો અંગ્રેજી વ્યાકરણને અનુસારે—અવ્યયના પ્રકારો અંગ્રેજી વ્યાકરણને અનુસરીને જ દેશી ભાષાઓમાં પાડેલા છે. સંસ્કૃતમાં અવ્યયના પ્રકાર પાડયા નથી." (પા. ૧૫૧).

ત્યારપછી એ જ પુસ્તકમાં તે જ પાને વિશેષણ ક્રિયાવિશેષણ

તરીકે, એ મથાળા નીચે જે વિષય ચર્ચ્યો છે તે ઘણી જ દક્ષતાથી. સંસ્કૃતમાં यस्मिन्कर्मणि यथा स्यात्तथाथी નામ કે વિશેષણો અવ્યયાત્મક કરી શકાય છે. તે જ રીતે ગુજરાતીમાં વિશેષણ ક્રિયાવિશેષણ થઈ શકે એવો ત્યાં તેમનો આશય હોય તેમ લાગે છે. આ તેમણે આપેલાં ત્યાંનાં ઉદાહરણોથી પ્રતીત થશેઃ—

"તે મને ઘણું દમે છે–પુષ્કળ, અતિશય, બહુ સંતાપે છે.

"તે કંઈક તપી ગયેલો જણાયો.

"તે રણછોડજીને બરાબર નીચો વળીને નમ્યો.

"તેનો આત્મા એથી પણ વિશેષ–વધારે દુઃખાયો."

આ બધાં ઉદાહરણોમાંનાં વિશેષણો પોતાનાં સ્વરૂપમાં અવિકૃત રહી ક્રિયાનો વધારો બતાવે છે. તેને અવ્યયવત્ કહી શકાય. તે જ રીતે "ઘણું ધીમું બોલ્યો." એમાં પણ ઘણું અને ધીમું અવ્યયવત્ થઈ શકે; પરંતુ "લલ્લુ ઘણો મોડો આવ્યો," ત્યાં ઘણો અને મોડો-ને અવ્યયવત્ કહી શકવા સમર્થ થવાતું નથી. વિશેષણનો ક્રિયાવિશેષણ તરીકે આ વિશિષ્ટ ગુજરાતી પ્રયોગ છે.

૨. રા. પ્રેમચંદ કરમચંદ શાહ પોતાના "સરલ બાલવ્યાકરણ"માં કહે છે કે,

"'લલ્લુ ઘણો મોડો આવ્યો' તેમાં 'મોડો' ક્રિયાવિશેષણ છે. તેની પહેલાં 'ઘણો' શબ્દ આવવાથી તેના અર્થમાં વધારો થાય છે, માટે 'ઘણો' એ ક્રિયાવિશેષણ કહેવાય.

૩. વિશેષણ, ક્રિયાવિશેષણના અર્થમાં વધારો કરે છે.

સૂચનાઃ—વિશેષણ અને ક્રિયાવિશેષણના વિશેષણનું પદચ્છેદ ક્રિયા-વિશેષણ કરવું. ઘણું ગરમ, ઘણો હોશિયાર, ઘણો મોડો, એમાં 'ઘણું', 'ઘણો', ક્રિયાવિશેષણ છે" (પા. ૭૬).

આ ફકરો વાંચતાં સુજ્ઞ વાચકોને સત્વર સમઝાય છે કે, ગુજરાતી વ્યાકરણકારો અંગ્રેજી ભાષાના મોહમાં કેવા તણાય છે! એમ કહેવું જોઇયે કે 'ઘણો હોશિયાર, ઘણો મોડો'માં 'ઘણો' એ ક્રિયા-વિશેષણ તરીકે વપરાયેલા વિશેષણનું વિશેષણ છે.

He came very late માં late અને He is a very good man માં veryને ક્રિયાવિશેષણ અંગ્રેજી રૂઢિ પ્રમાણે કહી શકાય; પરંતુ 'ઘણો મોડો' અને 'ઘણો સારો'માં 'ઘણો'ને ક્રિયાવિશેષણ કહેવું એ બરોબર નથી. સ્પષ્ટ રીતે એને ક્રિયાવિશેષણ તરીકે વપરાયેલા વિશેષણનું વિશેષણ એમ કહેવું જોઇયે. જે વિશેષણો પોતાના વિશેષ્યની માફક જાતિ વચન ફેરવતાં જાય તેને ક્રિયાવિશેષણ અવ્યયના પ્રકારમાં ન મૂકતાં–ગણતાં તેઓનો ક્રિયાવિશેષણ તરીકે ઉપયોગ થયો છે એમ કહેવું વાજબી છે.

ઉપસંહાર

ભાષારૂપી મહાસાગરનો પાર શોધી કાઢવો એ નાની નૌકાઓથી શક્ય ન હોય. નાની નૌકા તો દેખાડી આપે કે—"આ અગાધ સમુદ્ર છે. તેમાં અમારું ગજું નથી. મોટાં વહાણો, ફત્તેમારીઓ કે અગ્નિનૌકા (સ્ટીમર) તૈયાર થાય, તો જ આનો વખતે પાર મળે, તે પણ ભાગ્યે જ સંભવિત." વ્યાકરણનાં તત્ત્વો શોધવાં, એ કાંઈ મારા જેવા સ્વભાવથી દુષ્ટ (जीवाः स्वभावतो दुष्टाः) ક્ષુલ્લક જીવથી ન બની શકે. નાના મછવાની માફક દેખાડી શકાય કે "આ રહ્યો વ્યાકરણસાગર. તેમાં ઝંપલાવવું હોય તો ઝંપલાવો. અમે તો કાંઠે કાંઠે તર્યાં કરીશું."

સાક્ષરોને મારી એ જ વિજ્ઞપ્તિ છે કે ઉપર વ્યાકરણનાં મુખ્ય મુખ્ય અંગોનું જે યથાબુદ્ધિ દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે, અને તેમાં જે તત્ત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે, તે જો સર્વમાન્ય થાય, તો ગુજરાતી ભાષા પણ પોતાની પરદાદી સંસ્કૃતભાષાની બરોબરી કરતી થાય. આથી गुर्जराणां मुखं भ्रष्टम् કહેનારાની પણ આંખો ઊઘડી જાય. તેઓ પણ જોઇ શકે કે, સદ્‌ગુણી પરદાદીની સદ્‌ગુણી પ્રપૌત્રી ગુર્જરી ગિરા કાંઇ જેવી તેવી નથી.

એટલું તો ચોક્કસ જ છે કે, આપણી ગુજરાતી ભાષામાં જે ખૂબીઓ રહેલી છે તે કોઇપણ બીજી જીવતી ભાષામાં નથી. રેવરંડ

જે. પી. ટેલર સાહેબ પોતાના ગુજરાતી ભાષાના વ્યાકરણમાં અંતે જે શબ્દો ('ગુજરાતી–આર્યકુલની–સંસ્કૃતની પુત્રી–ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સગી ! તેને કોણ કદિ અધમ કહે ?" વગેરે) ઉચ્ચારે છે તે શું એમ નથી બતાવતું કે, પરદેશીઓને પણ ગુજરાતી ભાષા માટે અસીમ માન હતું ?

અહીં વખતે કેટલાકને એ પ્રશ્ન રહેશે કે, વ્યાકરણમાં ધાતુઓના જુદા જુદા ગણ પાડવામાં આવશે, પ્રેરક વગેરેના ચાર ચાર પ્રકારો પાડી અમુક ધાતુ આ પ્રકારમાં અને અમુક પેલા પ્રકારમાં છે તેમ કરવામાં આવશે, કાળના પ્રકાર ૭ અને અર્થો ત્રણ જ, બાકીના બધા મિશ્રકાળો નકામા ગણવામાં આવશે, કૃદંતોમાં અમુક પ્રત્યયો લાગશે, અને એક જ પ્રત્યય કેટલાક ધાતુને લાગી બદલતો જશે, આમ બધું થશે, તો ભાષા ભણવી અતિ કઠિન થઇ પડશે; માટે આવી માથાકૂટની શી જરૂર ?

તેવાઓને એટલું જ કહેવું બસ છે કે, જે ગુર્જરીને ભવિષ્યકાળમાં પણ ચિરસ્થાયી રાખવા ઇચ્છે છે તેને તો ભાષાસ્વરૂપ કેમ સ્પષ્ટ થાય તેવી જ ઇચ્છા છે; બાકી જેઓ આંગ્લ ભાષાના મોહમાં તણાઈ, ભાષાસ્વરૂપ કચડી નાખવાની ઇચ્છાવાળા છે તેઓને આ વિષયનો ઘૂંટડો નહિ ઊતરે.

અંતે એ જ વિજ્ઞપ્તિ છે કે આ લખેલા નિબંધમાં જે વિષય પરત્વે આંગળી ચીંધવામાં આવી છે તેનો સંપૂર્ણ વિચાર કરી, એ વિષયમાં બધા સાક્ષરોના ઐકયે સહાનુભૂતિ મળે, તો હવે પછી મળવાની સાહિત્ય પરિષદમાં ભાષાસ્વરૂપમાં ઘણો પ્રકાશ થવા સંભવ છે.

છેવટે માતા ગુર્જરીના ઉત્કર્ષની પ્રબલ ઇચ્છા સાથે તેના જયપૂર્વક આ નિબંધની સંપૂર્તિ કરું છું.

(ગીતિ)

બચપણના સંયોગે, કહેલ વચનો અયુક્ત જો લાગે,
હંસક્ષીરન્યાયે, સાર લઇ શેષ સુજ્ઞ તો ત્યાગે. ૬

* નરવર વિક્રમના આ શુભ કર[૨]–વસુ[૮]–ખંડ[૯]–ચંદ્રના[૧] વર્ષે
માઘારંભે પૂરો આપું છું હું નિબંધ આ હર્ષે. ૨

गच्छतः स्खलनं क्वापि भवेदेव प्रमादतः ।
विहसन्ति खलास्तत्र समादधति सज्जनाः ॥ (केषाञ्चित्)

[આઠમી સાહિત્ય પરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ, ત્રૈમાસિક
સને ૧૯૨૭, પુ. ૧, અંક ૨ જો–પૃ. ૨૬–૫૦]

૨. આપણી વર્ણમાલા

૧. આદર્શ લિપિ

આપણા મનના વિચારો પરસ્પર દર્શાવવાને સામાન્ય રીતે ત્રણ સાધનોનો ઉપયોગ કરિયે છિયે, તે **વાણી, ઇસારા અને લેખન.** આ ત્રણમાં વચ્ચેનું સાધન જોઇયે તેવું ઉપયોગી નથી, કેમકે તેનાથી ઘણીવાર કહેવાનું કાંઈક હોય ને સમઝાઈ કાંઈક જાય. કાલા માણસો પોતાના વિચારો ઇસારાથી બતાવે છે, તે સમઝવામાં આપણે ઘણીવાર ભૂલ કરિયે છિયે. પૂરેપૂરા સ્પષ્ટ વિચારો સમઝવીને પહેલું અને ત્રીજું સાધન ઉપયોગી છે. રૂબરૂ જે કાંઇ દર્શાવવું હોય તે વાણીથી દર્શાવી શકાય; પરંતુ પરોક્ષ રીતે બતાવવાનું હોય તે તો લેખનદ્વારા બતાવિયે ત્યારે જ બતાવાય. આપણી પૂર્વે થઇ ગયેલાઓના વિચારો જાણવાનું આ સિવાય લોકમાં બીજું કયું સાધન છે? અતિ પ્રાચીનકાળથી આપણે ત્યાં તેમ જ પૃથ્વીના તલ ઉપર બીજા ભાગોમાં લેખનદ્વારા વ્યવહાર ચાલતો આવ્યો છે. આ લેખનના પણ બે પ્રકાર છેઃ એક કાંઇ ચિત્ર ચીતરી આપણા વિચાર બીજાને બતાવી શકિયે, અને બીજો પ્રકાર એ કે–આપણા ઉચ્ચારેલા વર્ણોના પ્રતિનિધિ સંકેત-(=ચિહ્ન)થી જણાવી શકિયે. આ બંને પ્રકાર ભૂતકાળમાં ચાલુ હતા.

---

* સંવત્ ૧૯૮૨ના માઘ સુદિ પડવો, તા. ૧૫–૧–૧૯૨૬

મિસર દેશમાં પ્રાચીનકાલમાં લોકો ચિત્રદ્વારા વ્યવહાર કરતા. એની સાક્ષિરૂપે અત્યારે પણ કેટલાંક તે કાળનાં શિલાલેખાદિ મળી આવ્યાં છે. ચિત્રથી કેવી રીતે વિચાર સમઝાવવામાં આવતા તે જોવા જેવું છેઃ જુઓઃ—

"मिसर में बहुत प्राचीनकाल में जो लिपि प्रचलित थी वह अक्षरात्मक नहीं किंतु चित्रलिपि थी, उसमें अक्षर न थे किंतु केवल आशयसूचक चित्र बनाये जाते थे जैसे कि 'मनुष्यने प्रार्थना की' कहना हो तो हाथ जोड़े हुए मनुष्यका चित्र बना दिया जाता था. इसी तरह कई भिन्नभिन्न चित्रोद्वारा कोइ एक विषय बतलाया जाता था."

(भारतीय प्राचीन लिपिमाला, पृ. २३. फूटनोट)

ઉપરની મ. મ. પંડિત ગૌરીશંકર ઓઝાએ આ ચિત્રલિપિની જે હકીકત આપી છે તે ઉપરથી તરત સમઝી શકિયે છિયે કે આ ચિત્રલિપિ સ્પષ્ટ વિચારો બતાવવા જોઇયે તેવી ઉપકારક તો ન જ ગણાય. એક માણસ ધુમાડાને લીધે આંખો ચોળતો હોય અને બીજો કોઇના માર ખાવાથી કે સગું મરી જવાથી રોતો આંખો ચોળતો હોય; બંનેની આંખમાંથી આંસુ ઝરતાં હોય, ત્યારે એમાંથી સમઝવું શું ? માનો કે સારામાં સારો ચિત્રકાર કદાચ મુખ ઉપરના ભાવો વ્યક્ત કરી શકે. આ સર્વસાધ્ય તો ન જ હોય. તેથી આ ચિત્રલિપિમાં સૌકર્ય હોવું ઓછું સંભવિત ગણાય. આથી સ્પષ્ટ સમઝી શકાય તેવું છે કે–બીજી રીત ઉચ્ચારેલા વર્ણોના પ્રતિનિધિરૂપે નક્કી કરેલા સંકેતથી જણાવવાની છે, તે જ અતિ સ્પષ્ટ અને ઉત્તમ છે. આ જ આપણી વર્ણલિપિ.

આ વર્ણલિપિ પણ બે જાતની છે. આર્યલિપિઓ તેમ જ વિદેશીય લિપિઓના જાણનારા આ વાત સમઝી શકે છે. વિદેશીય લિપિઓમાં સંકેતનું નામ જુદું અને ઉચ્ચારણ જુદું; એકનો એક સ્વર નાટકનાં પાત્રની માફક જુદા જુદા શબ્દોમાં જુદાં જુદાં ઉચ્ચારણો વ્યક્ત કરે, તોય પૂરું ન પડે એટલે એક કરતાં વધારે સ્વર મળી

એક ઉચ્ચારણ અર્પે; વ્યંજનોમાં પણ એક ઠેકાણે કાંઇક અને બીજે ઠેકાણે કાંઇક ઉચ્ચારણ બતાવવું પડે, તોય પૂરેપૂરાં ઉચ્ચારણો ન મળે. લગભગ વિદેશીય બધી લિપિઓમાં આ જાતનો દોષ છે. આને વર્ણ-લિપિનો એક પ્રકાર ગણિયે. બીજો પ્રકાર એ આપણી આર્ય લિપિઓ છે. દરેકેદરેક ઉચ્ચારણના પ્રતિનિધિ તરીકે સ્વતંત્ર સંકેત. વ્યંજનોમાં ભળેલા સ્વરો માટે પણ સ્વતંત્ર સંકેત. હ્રસ્વ-દીર્ઘ બતાવવાનું સંપૂર્ણ સૌકર્ય. આવી આદર્શ લિપિઓ એ આપણા આર્યાવર્તની લિપિઓ છે. પં. ઓઝા આદર્શ લિપિનું લક્ષણ આમ આપે છેઃ—

"आदर्श लिपि में यह गुण होना चाहिये कि प्रत्येक उच्चारण के लिये असन्दिग्ध संकेत हो जिससे जो बोला जाय वह ठीक वैसा ही लिखा जाय और जो लिखा जाय वह वैसा ही पढ़ा जाय."

(भा. प्रा. लि., पृ. २९)

આવી આદર્શલિપિ મેળવવાને આપણે ભાગ્યશાળી થયા છિયે. આ આપણી આર્ય લિપિઓની ઉત્પત્તિ અહીં પ્રાચીનમાં પ્રાચીન મળી આવેલી બ્રાહ્મી લિપિમાંથી છે. તે સમયનાં બધાંય ઉચ્ચારણોના પ્રતિ-નિધિ સંકેતો વ્યક્ત કરનારી એ આદર્શ બ્રાહ્મી લિપિ હતી, તે પ્રાચીન શિલાલેખાદિકદ્વારા જાણી શકાય છે.

જેમ જેમ જમાનો આગળ વધતો જાય તેમ તેમ સંકેતોના સ્વરૂપમાં ફેરફાર થતો જાય એ સ્વાભાવિક છે. આજથી ૨૨૦૦ વર્ષ પૂર્વની બ્રાહ્મી લિપિમાંથી એ જ રીતે આજની અનેક આર્ય લિપિઓ ઊતરી આવી છે. જુદી જુદી લિપિના સંકેત ભલે ભિન્ન સ્વરૂપવાળા થઇ જાય, પરંતુ ઉચ્ચારણો ખાસ બદલાવા સંભવ ઓછો. પ્રાતિ-શાખ્યો તેમ જ વર્ણશિક્ષાદિ ગ્રંથોમાં પ્રાચીન ઉચ્ચારણો આમ ઝળવાઇ રહ્યાં છે.

અત્રે આપણે એ વિચારવાનું છે કે—જે રીતે આપણી પ્રાચીન લિપિઓ તે તે સમયનાં ઉચ્ચારણોને વ્યક્ત કરતા પ્રતિનિધિ સંકેત ધરાવતી હતી તે જ રીતે આપણી લિપિ અત્યારનાં ગુજરાતમાં શક્ય

બધાં ઉચ્ચારણોને વ્યક્ત કરી શકે છે કે નહિ? ન કરી શકતી હોય તો સંકેતો પૂરા કરી આદર્શતા સાર્થક કરવા પ્રયત્ન કરવો ઇષ્ટ કે નહિ?

વૈદિક કાળથી ચાલ્યાં આવતાં ઉચ્ચારણો અદ્યાપિ પર્યંત જો ચાલુ હોય, તો તે બતાવનારા સંકેતો આપણી લિપિમાં હોવા જ જોઇયે; કદાચ ન હોય તો પૂરા કરી લેવા જ જોઇયે; એ વાત તો લિપિની આદર્શતાના ચાહનારાઓને સ્વીકાર્યા વિના ચાલે તેમ જ નથી. આ માટે નવાં ચિહ્નો યોજવાં કે નહિ તે વિચાર કરતાં પહેલાં વેદકાલીન ઉચ્ચારણો જરા જોઈ જઇયે.

૨. વેદકાલીન વર્ણમાલા

ઋગ્વેદના સમયમાં ઉચ્ચારણોના પ્રતિનિધિ સંકેતો કયા કયા હતા, તે વાત મહર્ષિ શૌનકના ઋક્પ્રાતિશાખ્યમાં આપેલાં ઉચ્ચારણોથી જાણી શકિયે છિયે. આ ઉપરાંત બીજાં પ્રાતિશાખ્યો, શિક્ષાગ્રંથો વગેરે વર્ણો કયા કયા અને કેટલા હતા તે વાત બતાવે છે. સામાન્ય રીતે તે સમયે વર્ણો ૬૪ કે ૬૩ હતા.

નીચે આ વેદકાલીન વર્ણમાલા આપી છે, તે જોતાં તે વાત નક્કી થઈ જશેઃ—

૧. સ્વરઃ—હ્રસ્વ —અ, ઇ. ઉ, ઋ, લૃ ૨. અયોગવાહઃ-અનુસ્વાર ं
—દીર્ઘ —આ, ઈ, ઊ, ૠ, (ॡ) —વિસર્ગ :
—પ્લુત —અ ૩, ઇ ૩, ઉ ૩, ઋ ૩, (લૃ ૩)—જિહ્વામૂલીય ≍
—સંધ્યક્ષર —એ, ઐ, ઓ, ઔ —ઉપધ્માનીય)(
— ,, પ્લુત—એ ૩, ઐ ૩, ઓ ૩, ઔ ૩.

૩. વ્યઞ્જનઃ—સ્પર્શ—ક, ખ, ગ, ઘ, ઙ, —અસ્પર્શ—અન્તસ્થ—ય, ર, લ, વ,
ચ, છ, જ, ઝ, ઞ, —ઉષ્માક્ષર—શ, ષ, સ, હ
ટ, ઠ, ડ, ઢ, ણ,
ળ, ળ્હ,
ત, થ, દ, ધ, ન,
પ, ફ, બ, ભ, મ,

૪. યમ:—કું, ખું, ગું, ઘું. (ભા. પ્રા. લિ. પૃ. ૪૪–૪૬)

ઋગ્વેદના કાળમાં ૨૧ સ્વર (લૃ–લૃ૩ દીર્ઘ–પ્લુતને છોડી), ૪ અયોગવાહ, ૨૭ સ્પર્શ વ્યંજન, ૪ અંતસ્થ, ૪ ઉષ્માક્ષર અને ૪ યમ મળી ૬૪ વર્ણો હતા. યજુર્વેદના સમયમાં 'ળ' અને 'ળ્હ' નાં ચિહ્નો વપરાશમાં ન હતાં. મુદ્દે યજુર્વેદકાલીન ભાષામાં એનું અસ્તિત્વ ન હતું. યજુર્વેદમાં અનુસ્વાર પછી શ, ષ, સ, હ અને ર આવે તો અનુસ્વારનું ગૂં (ગ્વમ્) એવું ચિહ્ન દાખલ થયું; એટલે ૬૩ વર્ણ રહ્યા. મહર્ષિ પાણિનિની શિક્ષામાં ૬૪–૬૩ વર્ણો બતાવ્યા છે. તેમાં 'ળ–ળ્હ' એ બે ઉચ્ચારણ નથી મળી આવતાં. ઋક્પ્રાતિશાખ્યમાં શૌનકે તે ઉચ્ચારણો વેદમિત્ર નામના આચાર્યનો મત આપી આપ્યાં છે. પાણિનિ-શિક્ષામાં આ ઉચ્ચારણો નથી, તેથી તે લોકમાં પ્રચલિત ન હતાં એમ ન કહી શકાય. સંસ્કૃતમાં તે ન હતાં, પરંતુ લોકભાષામાં હતાં, તેની સાક્ષી આપણને પાલિ ભાષા આપે છે. પાલિમાં 'તડાગ'નું 'તળાગ' એવું જ રૂપ મળી આવે છે તે, તેમ જ બ્રાહ્મીમાં તેને માટે અલગ ચિહ્ન હતું તે વાત તેના અસ્તિત્વ માટે બસ છે. બ્રાહ્મીમાં 'ળ્હ' માટે અલગ ચિહ્ન શિલાલેખાદિકમાં મળી નથી આવતું, તથાપિ હોવું જ જોઇયે, તેની સાક્ષી જૂની તામિલ લિપિ આપે છે, કેમકે તેમાં 'ળ્હ'નું સ્વતંત્ર ચિહ્ન હતું જ. (જુઓ ભા. પ્રા. લિ., પૃ. ૪૫ ની ફૂટનોટ ૩ અને લિપિપત્ર ૪૭ મું.)

યજુઃપ્રાતિશાખ્યમાં મહર્ષિ કાત્યાયને ૬૫ વર્ણ આપ્યા છે. આમાં 'લૃ' ના હ્રસ્વ દીર્ઘ પ્લુત એ ત્રણ ભેદ અને हुँ इति नासिक्यः: વર્ણ આપ્યો છે. પરંતુ લૃકારના દીર્ઘ–પ્લુતત્વના અભાવે યજુર્વેદમાં ૬૩ વર્ણ રહ્યા.

મહર્ષિ પાણિનિએ સંસ્કૃત વ્યાકરણની રચના કરી ત્યારે જે વર્ણો પૂર્ણ પ્રચારમાં હતા તેની ગણના કરી છે. તેમણે લૌકિક સંસ્કૃતમાં 'ળ–ળ્હ'ને સ્વીકાર્યા નથી, લૃકારનું દીર્ઘ સ્વરૂપ ગણ્યું નથી, તેમ જ યમને છોડી જ દીધા છે. સ્વર ૨૨, અનુસ્વારાદિક ૪, સ્પર્શ ૨૫,

અંતસ્થ ૪, ઉષ્માક્ષર ૪ તેમ જ સ્વતંત્ર અનુનાસિક ઉચ્ચારણ, આમ ૬૦ વર્ણ સ્વીકાર્યા છે.

ઋગ્વેદના કાળમાં આ છેલ્લું અનુનાસિક ઉચ્ચારણ પૂર્ણ પ્રચારમાં હતું, પરંતુ સંસ્કૃત કાળમાં નષ્ટપ્રાય થઈ ગયું જણાય છે, કેમકે જ્યાં જ્યાં અનુનાસિક ઉચ્ચારણ હતું ત્યાં લગભગ ઘણે સ્થળે પાણિનિએ અનુસ્વારનો વિકલ્પ આપ્યો છે. (એ સંબંધી હકીકત મેં "**અનુસ્વાર અને અનુનાસિક**" નામના લેખમાં અન્યત્ર બતાવી છે.) આ રીતે પાણિનિના સમયમાં ૬૦ ચિહ્નો પ્રચારમાં હતાં, એમ અનુમાન થઈ શકે છે. આ બધું પરોક્ષ છે. આપણને ખરી સ્થિતિ તો શિલાલેખાદિક આપી શકે. આપણે ત્યાં પ્રાચીનમાં પ્રાચીન શિલાલેખો સમ્રાટ અશોકના બ્રાહ્મી લિપિના મળી આવે છે. અત્યારની આપણી વર્ણમાલાઓ તે સમયની વર્ણમાલા સાથે ઘણો સંબંધ ધરાવે છે. અશોકના સમયમાં ૯ પ્લુત વર્ણના સંકેતો નષ્ટ થઈ ગયેલા, પરંતુ વૈદિક 'ળ–ળ્હ'નાં ચિહ્ન હતાં જ. બ્રાહ્મીમાં 'ળ' અને એ પછીની એના ઉપરથી જ ઊતરી આવેલી તામિલમાં 'ળ–ળ્હ' બંનેનાં ચિહ્નો મળી આવે છે.

[**નોંધ:**— અત્યારે આપણે ત્યાં જે 'ળ' ઉચ્ચારણ છે, તે જિહ્વામૂલીય છે, અને લકારને સ્થળે ગુજરાતી–મરાઠી, તેલગુ વગેરેમાં વાપરવામાં આવે છે. પાલિમાંનો 'ળ' તાલવ્ય કિંવા મૂર્ધન્યતર છે. વૈદિકકાળમાં જિહ્વામૂલીય અને તાલવ્ય ઉચ્ચારણ 'ળ' એકથી જ બતાવવામાં આવતાં. આ સંબંધી કેટલીક હકીકત "**મૂર્ધન્યતર ડ–ઢ અને જિહ્વામૂલીય ળ**" એ નામના સ્તતંત્ર લેખમાં મેં આપી છે. (જુઓ ઈ. સ. ૧૯૩૦ ની સાલનું બુદ્ધિપ્રકાશ, પૃ. ૨૭૬ થી ૨૮૧) બ્રાહ્મી લિપિ તેમ જ પ્રાચીન દક્ષિણની લિપિઓમાં એક જ ચિહ્ન એ બંને ઉચ્ચારણ બતાવતું, એમ પ્રાચીન લિપિમાલાની પ્લેટો ઉપરથી જણાય છે.]

૩. બારાખડી ને વર્ણમાલા

આની રીતે ૫૧ વર્ણ+૨ મળી ૫૩ વર્ણચિહ્નો પ્રચારમાં હતાં.

આમાંના ઋ ૠ ઌ એ અક્ષરોનાં ઉચ્ચારણો પાલિ-પ્રાકૃતના સમયથી જ લુપ્તપ્રાય હતાં; એટલે ક્યાંક વર્ણમાલામાં એને રાખવામાં આવતાં, ક્યાંક નહિ. ઈ. સ. પૂર્વની ત્રીજી સદીમાંના સમ્રાટ અશોકના બુદ્ધ-ગયામાં બનાવેલા મહાબોધિ-મંદિરની પાસે બુદ્ધના ભ્રમણસ્થાન (ચક્ર)-માં બે બાજૂ ૧૧-૧૧ સ્તંભોની બે હાર છે, તે સ્તંભોની કુંભીઓ ઉપર અ થી ટ સુધીના અક્ષરો ખોદ્યા છે તેમાં આ ઋ ૠ ઌ નથી; એટલે તે કાળથી આપણી પ્રચલિત બારાખડી પ્રચારમાં આવી ગઇ છે. પ્રાકૃતમાં એની જરૂર જ ન હતી. સંસ્કૃતમાં એની જરૂર હતી. આ સમયે તેનાં ખરાં ઉચ્ચારણો તો નષ્ટ થઈ ગયેલાં. પ્રાકૃતમાં 'ઋ' નો 'રિ,' વ્યંજનમાં મળેલા 'ઋ' નો 'અ' 'ઇ' 'ઉ' વગેરે આ નષ્ટ થઇ ગયેલાં ઉચ્ચારણને લીધે છે. ઌકારની સ્થિતિ તો ઘણી કફોડી છે. તેનું ઉચ્ચારણ તો સંસ્કૃત કાલમાં પણ હશે કે નહિ એ શંકા છે. મહર્ષિ પતંજલિએ વ્યાકરણ-મહાભાષ્યમાં પ્રત્યાહારાહ્નિકમાં આ વાત સ્પષ્ટ કરી છે. ऋऌक् એ શિવસૂત્રના ભાષ્યમાં તેઓ લખે છે કે-" अस्य हि ऌकारस्याल्पीयांश्चैव प्रयोगविषयः। यश्चापि प्रयोगविषयः सोऽपि क्लृप्तिस्थस्यैव ॥-આ ઌકારનો પ્રયોગ જ થોડેરો છે. જે છે તે પણ क्लृप् ધાતુ અને તે ઉપરથી થયેલા क्लृप्ति, क्लृप्तमां જ છે." અરે શૌનક તો આદિ અને અંતમાં 'ઌ' ને સ્વર તરીકે ગણવા જ તૈયાર નથી. "पदाद्यन्तयोर्न ऌकारः स्वरेषु-પદના આદિ અંતમાં રહેલા 'ઌ' ને સ્વરમાં નથી ગણવાનો." ફક્ત મધ્યમાં क्लृप्ति માફક હોય તો સ્વર. પૂર્વ કાળમાં 'ર' અને 'લ'માં સ્વતંત્ર સ્વરો-ચ્ચારણ હતાં પણ તે ઘણા સમયથી લુપ્ત થઈ ગયાં; એટલે સામાન્ય વ્યવહારમાં આપણી બારાખડી જ આવી રહી. આમ છતાં આનાં ચિહ્નો નષ્ટ તો થયાં જ નહિ. જાપાનમાં આવેલા હોર્યુજી નામક સ્થાનમાં બૌદ્ધ મઠમાં રાખવામાં આવેલ ઉષ્ણીષવિજયધારણી નામક તાડપત્ર ઊપર લખેલ બૌદ્ધ પુસ્તક (ઈ. સ. ની છઠ્ઠી સદીમાં લખાયેલ)ના અંતમાં લેખકે પૂરી વર્ણમાલા આપી છે. (જુઓ મા.

प्रा. लि. લિપિપત્ર ૧૯ મું.) ૧૪ સ્વર, અનુસ્વાર, વિસર્ગ, ૩૩ વ્યંજન, ક્ષ, અને ॐ. આમાં 'ઋ, ૠ, લૃ, લૄ' આ સ્વરો છે. સંસ્કૃતમાં ન મળતા 'ળ–ળ્હ' આમાં નથી. એ પછી પરમાર રાજા ઉદયાદિત્યના સમયમાં ઈ. સ. ૧૧ મી સદીમાંના ઉજ્જૈનના લેખમાં પૂરી વર્ણમાલા છે. (જુઓ લિપિપત્ર ૨૫ મું.) તેમાં ક્ષ અને ॐ નથી, પરંતુ જિહ્વામૂલીય અને ઉપધ્માનીયનાં ચિહ્ન મળી આવે છે. તેવી જ રીતે ઈ. સ. ૧૨ મી સદીના હસ્રાકોલમાંના લેખમાં પૂરી વર્ણમાલા છે, તેમાં "ઉષ્ણીષવિજયધારણી" ગ્રંથમાં આપેલી વર્ણમાલા જેટલા જ વર્ણ છે. (જુઓ લિપિપત્ર ૩૫ મું.) જે જે ઉચ્ચારણો નષ્ટ થઇ ગયાં, તેના સંકેતો પણ ધીમે ધીમે નષ્ટ થઈ જાય એ સ્વાભાવિક છે. પ્રાયઃ 'લૃ, લૄ' ના સંકેતો નષ્ટ થઇ જતાં 'લ' નીચે ऋ–ॠ નાં ચિહ્નો ક્રામે લગાડવામાં આવ્યાં છે. ક્યાંક સંકેત એકદેશી પણ બની જાય છે. વૈદિક કાળનો 'ળ' એવી જ સ્થિતિમાં આવી પડયો છે. જે ળકાર ગુજરાતી મરાઠી તામિલમાં છે તે 'લ'ને બદલે લખાતો જિહ્વામૂલીય 'ળ' છે. વૈદિકકાળમાં તેમ જ બ્રાહ્મી અને પ્રાચીન તામિલમાં 'ળ' તાલવ્ય અને જિહ્વામૂલીય ઉચ્ચારણ આપતો. અત્યારે એ 'ળ' તાલવ્ય કિંવા મૂર્ધન્યતરનો પ્રતિનિધિ થઈ શકે તેમ નથી જ. ક્યાંક સંકેત તદ્દન નષ્ટ થઇ ગયા છે. પ્લુત, જિહ્વામૂલીય, ઉપધ્માનીય, યમ, એનો સર્વથા અભાવ જ થઈ ગયો છે. માગધીમાં જિહ્વામૂલીય ઉચ્ચારણ હતું તે વ્યાકરણ ગ્રંથોમાં જ રહ્યું છે. સંસ્કૃતમાં જિહ્વામૂલીય અને ઉપધ્માનીય હતા, પરંતુ વિકલ્પે, કેમકે વિસર્ગ તેનું કામ, જેમ અનુસ્વાર અનુનાસિકનું કામ પતાવી દેતો તેમ, પતાવી દેતો. પ્રાકૃતમાં વિસર્ગ પણ ગયો. પરિણામે ત્રણેય ઉચ્ચારણો ગયાં. સંસ્કૃત ભાષાના શબ્દોની શુદ્ધિ પૂરતી વિસર્ગની આપણને જરૂર છે, એટલે આપણે પ્રાચીન સંકેત ચાલુ રાખ્યો. ખરું જોતાં આપણે ત્યાં અ,આ,ઇ,ઈ, ઉ,ઊ,એ,ઐ,ઓ,ઔ એટલા સ્વરો રહ્યા. મધ્યકાળમાં હસ્તલિખિત ગ્રંથોમાં અનુસ્વાર અને અનુનાસિક અનુક્રમે (૦) (·) અને (ˆ) (ˇ)

આ ચિહ્નદ્વારા પ્રચારમાં હતા. વ્યંજનોમાં મૂર્ધન્ય ષકાર ગેબ જ થઈ ગયો. સંસ્કૃતમાં ङ, ञ, ण વ્યાકરણના પારિભાષિક શબ્દો સિવાયના ઇતર શબ્દને આરંભે નથી આવતા. પ્રાકૃતમાં ङ, ञ થી શરૂ થતા શબ્દ નથી. આમ છતાં તે લુપ્ત તો ન જ થયા, કેમકે અનુસ્વારના પરસવર્ણ–વિષયમાં પંડિત હેમાચાર્ય વગેરેએ વિકલ્પે સ્થાન આપી સાંચવી રાખ્યા. ગુજરાતી ભાષા અત્યારે છે તેવી સ્થિતિમાં ન આવી હોત તો આપણી વર્ણમાલા આવી થાત. પરંતુ તેના ઉપરના સુંદર સંસ્કારોએ યોગ્ય ઉચ્ચારણો આપી તત્સમ સંસ્કૃતાદિ શબ્દોમાં ષકાર વગેરે નષ્ટ થયેલાં ઉચ્ચારણો અને સંકેતોથી વર્ણમાલા સમૃદ્ધ કરી. આ રીતે [1]બાવન સંકેત આપણે ત્યાં આવી રહે છે.

---

૧. વેદાંતી કવિ અખો પોતાના સમયમાં બાવન વર્ણ હતા તેવું બેએક સ્થળે બતાવે છે: "બબ્બા બાવનનો વિસ્તાર"(ભાષા—અંગ ૨૪૬)"બાવન અનંતરૂપે, વેદ પુરાણ સ્મૃતિ લખે" (અખેગીતા ૨૪–૬)શ્રીમદ્વલ્લભાચાર્યજીએ તત્ત્વાર્થ-"સર્વનિર્ણય" પ્રકરણમાં पञ्चाशद्वर्णरूपश्च એ કારિકાની ટીકામાં ૫૦ વર્ણ બતાવ્યા છે. (કારિકા ૧૫૧ મી) "षोडश स्वराः। स्पर्शाः पञ्चविंशतिः। यादयोऽष्टौ। क्षकारोऽन्तिमः। सन्ध्यक्षरत्वेऽपि पृथगुपादानं भिन्नश्रुत्या ज्ञाक्षरस्याप्युपलक्षकः। अत्रावान्तरभेदा बहवः सन्ति। क्वचिच्चतुःषष्टिर्वर्णाः क्वचित् त्रिषष्टिः क्वचिदेकपञ्चाशद् द्विपञ्चाशदिति। तथापि मुख्यो मातृकाविद्यायां सिद्धः पक्षो गृहीतः।" ૫૦ મો 'क्ष' કાં 'ज्ञ' ગણ્યું છે. બંને ગણે તો ૫૧ અને 'ળ' ગણે તો ૫૨. ૬૪–૬૩ વર્ણ કયા એ ઉપર બતાવ્યું છે. ૧૬ સ્વર—અ,આ,ઇ,ઈ.ઉ,ઊ,ઋ,ૠ.ઌ,ૡ,એ,ઐ.ઓ,ઔ, અનુસ્વાર, વિસર્ગ, ૨૫ વ્યંજન 'ક' થી 'મ' સુધીના સ્પર્શ, ૮ અસ્પર્શ, 'ળ' 'ક્ષ' 'જ્ઞ' મળી ૫૨. આમ બાવનના વિસ્તારમા ઋ,ૠ,ઌ,ૡને પ્રયુક્ત હોય કે ન હોય તોય શાસ્ત્રીયતા લાવવા ગણવાની રૂઢિ પડી ગઈ છે.

પં. ઓઝા લખે છે કે—"જૈનોના દૃષ્ટિવાદમાં બ્રાહ્મી અક્ષરોની સંખ્યા ૪૬ ની માની છે. તેમાં 'ઋ,ૠ ઌ,ૡ,' નથી, 'ज्ञ' નથી ૪૬ મો કાં 'ળ' કાં 'ક્ષ.' હુએંત્સંગ ૪૭ કહે છે, તેમાં ૪૫ તો દૃષ્ટિવાદવાળા, બાકીના 'ક્ષ' અને 'જ્ઞ' હોવા જોઇયે. (જુઓ પ્રા. લિ. પૃ. ૪૬, ફૂટનોટ ૫ મી.)" પરંતુ અને લાગે

[નોંધ—ઉપર મેં બતાવ્યું છે કે–કેટલાક વર્ણોના સંકેતો નષ્ટ થઇ ગયા છે. આમાંના નષ્ટ થઈ ગયેલા છતાં ઉચ્ચારણમાં આવતા વર્ણોના સંકેતો નવા પણ બનાવી લેવામાં આવ્યા છે. વર્તમાન ગુજરાતી લિપિમાં 'એ, ઐ,' આ બે સંકેતનાં મૂળ નષ્ટ થઇ જવાથી નવાં યોજેલાં છે. 'એ–ઐ'માં તો 'અ' ઉપર માત્રાઓ બતાવી ચલાવી લેવામાં આવ્યું. મૂળ નાગરી લિપિમાં પણ ई, ऋ, ऌ, ओ, औ, ङ આ સંકેતો ઉપજાવી કાઢેલા છે. એ રીતે અત્યારે પણ કાંઇ અધૂરું હોય તો આપણે પૂરું કરી શકિયે.]

પર સંકેતોઃ—

સ્વર–અ, આ, ઇ, ઈ, ઉ, ઊ[1], ઋ, એ, ઐ, ઓ, ઔ, અનુસ્વાર, અનુનાસિક, વિસર્ગ
૧૪ ા, િ, ી, ુ, ૂ, ૃ, ે, ૈ, ો, ૌ, —ં— —ઁ— ઃ

વ્યંજન–, ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ડ઼, ઢ, ઢ઼, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ,
૩૬ ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ (ર નાં ᳚, / કે ‸ આ બે)

જોડાક્ષર–ક્ષ, જ્ઞ.
૨

[નોંધ–ઉપર અનુસ્વાર, અનુનાસિકના બબ્બે સંકેત આપ્યા છે, તે પ્રાચીનકાળથી વપરાતા આવે છે.]

———
પર

આખા ગુજરાતમાં સર્વવ્યાપક ઉચ્ચારણો ઉપરના સંકેતદ્વારા આવી જાય છે. આમાં મૂર્ધન્યતર ड़–ढ़ એ સંકેતો નવા લાગશે. હિંદીમાં

છે કે હુએંત્સગે ક્ષ–જ્ઞ ન લીધા હોવા જોઇયે. પાલિ ભાષાના પરિચયવાળો 'ક્ષ–જ્ઞ' સ્વીકારે એ વધારે યુક્ત લાગે છે.

૧. રા. રા. બળવંતરાય ક. ઠાકોર હ્રસ્વ–દીર્ઘ વરડુ અને માત્રાના સંકેત દીર્ઘ વરડુના ચિહ્નથી ચલાવી લેવા માગે છે. કુ, કૂ, કે, અને કૈ. આ આનાર્ષ છે. આમ છતાં દીર્ઘ વરડુ કાનાવાળા અક્ષરો નીચે મૂકવામાં છાપખાનાવાળાઓને તકલીફ છે. હું માનું છું કે એ જ સ્થળે હ્રસ્વ વરડુને પ્રયોજવામાં આવે તો તકલીફ ટળે. કુ, કૂ કિ, કૈં તેમ જ ખુ, ખૂ, ખિ, ખૈં. છાપવામાં દીર્ઘ વરડુ અક્ષરની બહાર રહેતું હોવાથી તૂટેલું જ માલૂમ પડે છે.

ड़-ढ़ લખાય છે. આપણે શા માટે ન પ્રયોજિયે? તેમ આપણી ગુજરાતી લિપિને એ અપરિચિત નથી. રા. રા. નરસિંહરાવ ભો. દિવેટિયા પોતાના **જોડણી** નામક પુસ્તકમાં લખે છેઃ—

"રા. કહાનજી ચકુભાઈ ગાંધીએ મ્હને ડીસેમ્બર ૧૯૦૪ માં એક પોસ્ટ-કાર્ડ લખ્યું હતું. ત્હેમાં મ્હારા પૂછ્યા વિના જ લખે છે કે-"ડકાર મૂર્ધન્ય અને મૂર્ધન્યતરનાં લેખનચિહ્નો મધ્ય ગુજરાતી ભાષા સમયમાં જુદાં હતાં એમ કેટલાક જૂના ચોપડા પરથી જણાય છે." આ બાબત હું તપાસ નથી ચલવી શક્યો. પણ તપાસનું ફળ કાંઇક પ્રકાશ પાડે એમ સમ્ભવ છે."

(જુઓ પૃ. ૬૫)

આ પછી તેમણે શાસ્ત્રીય ગ્રંથોમાં નુકતાવાળા ड़-ढ़ ચાલુ કર્યા છે. તપાસ એઓશ્રીએ કરી હોય કે ન કરી હોય, પરંતુ રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળે તો તે એમાંનો મૂર્ધન્યતર 'ડ' ખોળી કાઢ્યો છે. જુઓ એમનો **ગુજરાતી અક્ષરોનું રૂપાંતર** નામક લેખ (**શાળાપત્ર**, ઈ. સ. ૧૯૦૯, પૃ. ૯૨.)

"આ ડ, વિના બીજા બે જાતના 'ડ' નાં ઉદાહરણ આ જ પુસ્તક (સાં. ૧૮૮૨માં ચારણી ભાષાનું ગુજરાતી લિપિમાં લખાયેલું 'હમ્મીર ચાલીશી' નામક) માંથી મળે છે.

૧ લા પ્રકારનો-સાંકડા ઉચ્ચારનો. હાલના 'ડ' ની પાછળ ટપકું કરવાથી થયેલો ડ, આવો ·ડ (ડના નીચલા વર્તુલમાં ટપકું.)

૨ જા પ્રકારનો-પહોળા ઉચ્ચારનો હાલમાં વપરાતો ડ."

'ળ' એ મૂર્ધન્યતર 'ડ' નું કામ ચલાવી શકે તેમ નથી, એટલે સહેલો અને સરળ સંકેત ચાલુ રાખવો જ ઇષ્ટ છે. તેવી જ રીતે 'ઢ'-ને પણ ન સ્વીકારિયે તો આપણી વર્ણમાલા અધૂરી જ રહેવાની. 'ડ-ઢ' મૂર્ધન્યથી ચલાવી લેવામાં લિપિની **આદર્શતા** ક્યાં રહી? જેમ આદિમાં 'ડ-ઢ' મૂર્ધન્ય છે, તેમ અનાદિ દશામાં પણ અમુક સંજોગોમાં મૂર્ધન્ય છે; એટલે જુદા સંકેત સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. એમ જ હોત કે આદિ ડ-ઢ મૂર્ધન્ય અને અનાદિ મૂર્ધન્યતર,

તો ચિહ્નની આવશ્યકતા જ ન રહેત. સ્વ. કવિ દલપતરામ તેમ જ પ્રો. રા. મે. ટ્રે. કૉલેજના સદ્ગત પ્રિન્સિપાલ શ્રી. માધવલાલે આ ચિહ્નની આવશ્યકતા બતાવેલી. દી. બ. કેશવલાલ ધ્રુવે ૧૮૯૩ માં નક્કી કરેલા નિયમોમાં "The double pronunciation of ડ and ઢ should be noticed, e, g., ઢંગ, પઢ઼તું, ડૉળ, માંડ઼વું" એમ નુકતાની ભલામણ કરી છે.

[છાપખાનાવાળાઓ નીચલી ડિગ્રીના 'ડ–ઢ' લઇ નીચે બિંદુ મૂકી કામ ચલાવે છે, પરંતુ નીચે વરડુ ગોઠવવામાં તકલીફ પડે, એ સ્વાભાવિક છે; એટલે જેમ હિંદીઓએ નુકતાવાળા ड़–ढ़ ના જુદી જુદી જરૂરવાળા અખંડ બોડી ટાઈપ વસાવી લીધા છે, તેમ વસાવી લેવાની જરૂર છે. 'ડ઼–ઢ઼' પૈકાના જોતા હોય તો ફેઇસ સ્મોલ પૈકાનો રાખે એટલે નુકતો માપમાં સમાઇ જાય અને નીચે વરડુ પણ ગોઠવી શકાય.]

ઉપર અનુસ્વાર અને અનુનાસિક એ બંનેનાં ચિહ્ન આપણે ત્યાં અલગ ઊતરી આવ્યાં છે. પં. હેમાચાર્યે भिसो हि हिँ हिं (सि. है. ૮–૩–૭)એ વગેરેમાં अतः परस्य भिसः स्थाने केवलः सानुनासिकः सानुस्वारश्च हिर्भवति એમ સાનુનાસિક હિઁ સાનુસ્વાર હિં થી જુદો બતાવ્યો છે. રા. **નરસિંહરાવ જેને અનુસ્વારનો તીવ્ર ઉચ્ચાર કહે છે તે અનુસ્વાર અને જેને કોમળ કહે છે તે અનુનાસિક.** આ બે કેવળ ભિન્ન ઉચ્ચારણો છે. પં. હેમાચાર્ય આ અનુનાસિક ઉચ્ચારણ માટે શું ચિહ્ન વાપરતા એનો પત્તો નથી. પરંતુ પાછલા ગ્રંથોમાં ત્યાં સબિંદુ અર્ધચંદ્રાકાર ँ મળી આવે છે. સં. ૧૬૧૨માં લખાઈ પૂર્ણ થયેલી સિદ્ધહૈમના આઠમા અધ્યાની નકલ ઉપરથી આ જાતનું કાંઈક અનુમાન બાંધી શકાય છે. (આ ગ્રંથ Bombay Sanskrit Series માં છપાયો છે.) ભક્ત કવિ દયારામ પણ આ ચિહ્ન વાપરતા તે રસિકવલ્લભની એમના જ હાથની પ્રત ઉપરથી જણાઈ આવે છે.

"प्रथम ज प्रणमूं श्रीगुरुपायेंजी ॥ वाह्यल्ये॑ वंदूं श्रीव्रजरायेंजी ॥१॥
"अव सखा वंदूं हरिरूपजी ॥ रषिकशिरोमणि कविकुलभूपजी ॥२॥
"मुजने॑ जाणी सहु निज दासजी ॥ मुज रुदयामां पूरो वासजी ॥३॥
"मुजने॑ भासे निज प्रभुपंथजी ॥ रचूं रषिकवल्लभ शुभ ग्रंथजी ॥४॥
"ढाळ—आ ग्रंथरचना करूं छूं गुरुशिष्यसंवादे करी ॥
जहेमां खंडन मायावाद शुद्धाद्वैत प्रतिपादन भरी ॥५॥"

(ભક્ત કવિ દયારામના **અંતર જીવન** એ ગ્રંથના ૪૬૮ મા પાના સામેના પૃષ્ઠ ઉપર છપાયેલા હસ્તાક્ષરના બ્લોક ઉપરથી કાંઈ પણ ફેરફાર વિના આ નકલ લીધી છે.)

ઉપરની કડીઓમાં વાહ્લ્યે॑, મુજને॑, સંવાદે॑ આ શબ્દોમાં તે તે સ્થળે કાઠિયાવાડમાં છે તે સાનુનાસિક ઉચ્ચારણ॑ થી બતાવ્યું છે, તેમ બિંદુ પણ વાપર્યું છે. દી. બ. ધ્રુવે પણ "The sharp nasal twang should be distinguished from the light nasalised, e. g., અંશ, ઑંસ" એમ ૧૮૯૩ ના નિયમોમાં સ્વીકારેલું, પણ **પછીથી અનુસ્વાર માટે ~ આડી લીટી ઉપર** બિંદુ અને અનુનાસિક માટે બિંદુ જ પોતાનાં સંપાદિત જૂની ગુજરાતીનાં પુસ્તકોમાં સ્વીકારેલ છે.

ગુજરાતી લિપિમાં અનુસ્વારને માટે યોજવામાં આવેલું ~ આ ચિહ્ન છાપખાનાવાળાઓને ગોઠવવામાં મુશ્કેલ છે. ઉપરની ડિગ્રીવાળા ટાઇપ શોધીને ઉપર એ ચિહ્ન ગોઠવવાં પડે, જે માપમાં વધી પડે છે. અનુનાસિક માટેના અર્ધચંદ્રાકાર તૈયાર પણ મળે છે. તેને ડિગ્રી વિનાના ટાઇપની બાજૂમાં મૂકવામાં સરળતા છે. પરંતુ ટૂ॑કૂ॑, ભૂ॑ડૂ॑, આમ કઢંગી સ્થિતિ થઈ પડે છે. આ અર્ધચંદ્રાકારને કાના ઉપર ગોઠવવામાં કાનો ઉપરની ડિગ્રીવાળો જોઇયે, નહિતર કઢંગું થઈ પડે. ઑંસ ને સ્થળે આ॑સ મૂકતાં આ વાત તરત સમજાય તેવી છે.

સદ્ગત પ્રિન્સિપાલ શ્રી. માધવલાલે અનુસ્વાર માટે ચાલુ બિંદુ અને અનુનાસિક માટે પોલું (°) મીંડું યોજવાની ભલામણ કરેલી. શાસ્ત્રીય દૃષ્ટિએ અનુસ્વારનો પ્રસંગ થોડો છે, જ્યારે અનુનાસિકનો પ્રસંગ ઘણો જ વધારે છે. આ માટે આ ચિહ્નોનો વ્યત્યય એટલે અનુસ્વારની જગ્યાએ કુટિલ અને જૂની દેવનાગરી લિપિમાં સર્વ-સામાન્ય એવું અનુસ્વારનું ચિહ્ન પોલું (°) મીંડું અને અનુનાસિકની જગાએ બિંદુ જ (ં), એમ સ્વીકારવામાં આવે તો સારલ્ય થાય. સ્વર પછી ગુલાંટ મારતું વધી પડતું અનુસ્વારનું ઉચ્ચારણ અખંડ ટાઇપની જમણી બાજૂએ ઉપરના ભાગે આવતા પોલા મીંડાથી બરોબર બતાવી શકાશે. 'સ°શય', નરસિ°હ.' આ પોલું મીંડું નવું વસાવવું પડે તેમ નથી. તેનું તૈયાર બીબું હોય છે. શબ્દો અધૂરા રહેતાં આ પ્રયોજાય છે, જેમકે "°ति ॥ गाम°" भवति ॥ गामणा ને સ્થળે. તે બીબું જ એવા પ્રકારનું છે કે–જ્યાં બિંદુ ગોઠવાય છે, ત્યાં જ આવી રહે છે. રા. બળવંતરાય ઠાકોરે **આપણી કવિતાસમૃદ્ધિ**માં આ પોલાં મીંડાનો અવિચ્છિન્ન ઉપયોગ કર્યો છે.

પ્રાંતીયતાના કાંઈ પણ ગંધ વિનાનાં સર્વ ઉચ્ચારણો આ રીતે આપણે ત્યાં આવી રહે છે. આટલા સંકેતોથી આપણી વર્ણમાલા સંપૂર્ણ બની રહે છે.[1]

[**નોંધઃ**—ડકાર મૂર્ધન્યતર કાઠિયાવાડમાં થોડા પ્રમાણમાં બોલાય છે. પરંતુ મુંબઇ વગેરે સ્થળોના સંપર્કને લીધે મૂર્ધન્યતર ઉચ્ચારણ થતું આવે છે; એટલે સાર્વત્રિક ઉચ્ચારણોમાં કાઠિયાવાડ બાદ રહી જતો નથી.]

અહીં કદાચ શંકા થશે કે–ઉપર જે ચિહ્નો આપવામાં આવ્યાં છે, તે વર્ણના પૂર્ણપ્રયત્ન ઉચ્ચારણોને બતાવનારાં છે. પરંતુ

૧. ગુજરાતી ભાષાનું સ્વરૂપ જોતાં હ્રસ્વ એ, દીર્ઘ એ, હ્રસ્વ વિવૃત ઍ, દીર્ઘ વિવૃત ઍ, તેવા જ 'ઓ'ના પણ ચાર પ્રકાર છે. માત્રાને ચાર રીતે પ્રયોજવામાં આવે તો વર્ણમાલા પૂરી થાય. તા. ૧૨–૮–'૪૪

આ ઉચ્ચારણોમાં જ અંતર્ગત એવાં અ,ય,વ,હ નાં લઘુપ્રયત્ન ઉચ્ચારણનું શું ?

સંસ્કૃત ભાષામાં આ માંહેલા લઘુપ્રયત્ન ય–વ દેખા દે છે. આ ઉચ્ચારણોને અલગ રીતે બતાવતા સંકેતો પ્રાચીનકાળમાં હતા નહિ. જેવી રીતે ડ-ઢ મૂર્ધન્યતરના સંકેતો હતા નહિ, તેવી જ રીતના આના ન હતા, તે વાત व्योर्लघुप्रयत्नतरः शाकटायनस्य (पा. ૮–૩–૧૮) આ સૂત્રમાં પાણિની મજ્જમ બતાવે છે, કેમકે એના જુદા સંકેત હોત તો व्योः એમ व–यनुं નામ પાડવા ખાસ કારણ ન રહેત. हर इह विष्ण इह, हरयिह त्रिण्णविह એમ કોઈ પણ ચિહ્ન વિના ય–વ લઘુ-પ્રયત્નતર બતાવવામાં આવતા. આપણે ત્યાં આ ય–વ લઘુપ્રયત્નને એ જ સ્વરૂપમાં બતાવતાં કોઇ પણ જાતની ખાસ મૂંઝવણ આવે તેમ નથી. પ્રાકૃતમાં આમાંનો લઘુપ્રયત્ન યકાર તે જ સ્વરૂપમાં મળી આવતોઃ वयणं–वअणं વગેરે. ગુજરાતીમાં તત્સમેતર શબ્દોમાં ઇકાર પછી સ્વર આવતાં, વ્યંજનાંત ધાતુઓનાં આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાં તેમ જ. इ કે નારી જાતિનાં आ इ ઉપરથી ઊતરી આવતો યકાર લઘુપ્રયત્ન હોય છે. ઉકાર પછી સ્વર આવતાં, તેમ જ પ્રત્યયના 'ઓ' પૂર્વે આ આવતાં લઘુપ્રયત્ન 'વ' દેખા દે છે; એટલે તેવાં સ્થળોએ કાંઇ પણ મૂંઝવણનો સંભવ નથી. હકારનું પણ તેમ જ છે, કેમકે તત્સમેતર શબ્દોમાં કોઇ પણ વર્ણમાં આ શ્રુતિ હોય તો તે તરત પકડાઇ આવે છે. વ્યંજનમાં હોય તો પહેલો વ્યંજન અને પછી આ લઘુપ્રયત્ન હકાર આવે છે. જો સ્વરમાં હોય તો 'હ'માં સ્વર ઉમેરી લખાય છે. હિંદીએ આ જ પદ્ધતિ વ્યંજનના સંબંધમાં સ્વીકારી છે. સ્વરમાં તો સામાન્ય રીતે 'હ' તે ભાષામાં પૂર્ણપ્રયત્ન છે.[1]

---

૧. છતાં શાસ્ત્રીય ગ્રંથોમાં બતાવવા હોય તો આ ચારે વર્ણો તેમાં તેવા 'અ' ડાબી બાજૂએ 'થી, 'ય–વ' નુકતાવાળા, અને 'હ' વિસર્ગ ચિહ્નથી બતાવાય. દા. ત. કમ'ળ, રાત્ય઼, જુવ઼ો, બેઃન વગેરે. તા. ૧૨–૮–'૪૪

લઘુપ્રયત્ન અકારનું ઉચ્ચારણ તો આપણે ત્યાં ઘણું જ પદ્ધતિસર થાય છે:

"જેના ઉપર ભાર નથી એવો અનાદિ 'અ' (સંયુક્ત વ્યંજનમાં ન મળેલો હોય તેવો કે સંયુક્ત વ્યંજન જેના પછી આવતો ન હોય તેવો, અથવા સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ ઢીલું હોય તો તે પૂર્વેનો) લઘુપ્રયત્ન છે, પછી શબ્દ તત્સમ હોય કે તત્સમેતર."[1]

આ ઉપરથી સમઝી શકાશે કે લઘુપ્રયત્ન અ, ય, વ, હ ને માટે પૃથક્ સંકેતોની ખાસ જરૂર નથી. એટલે આપણી વર્ણમાલા અપૂર્ણ નથી રહેતી.

૪. હવે રહ્યાં પ્રાંતિક ઉચ્ચારણો. તે આ છે:—

૧. રા. નરસિંહરાવ જેને વિવૃત કહે છે, તે પહોળા એ–ઓ;
૨. શુદ્ધ તાલવ્ય સિવાયના અર્ધતાલવ્ય ચ,છ,જ,ઝ;
૩. અંગ્રેજી Z ના ઉચ્ચારણને મળતા ઉચ્ચારણવાળો ગ્રામીણ જ઼ (રજ઼હ);
૪. અત્યારે 'હ' થી બતાવાતો ગ્રામીણ સકાર કિંવા કંઠ્ય સ઼.

૧. આમાં ગુજરાત તળપદમાં વ્યાપક એવું આ વિવૃત ઉચ્ચારણ કાઠિયાવાડમાં વ્યાપક નથી, એમ કહીશું, તો તે ખોટું નથી (ભાવનગરને બાદ કરવાનું). અંગ્રેજીમાં આ ઉચ્ચારણ છે, તેનો ખરો ઉચ્ચાર આરંભના કાઠિયાવાડી વિદ્યાર્થીઓ કરી શકતા નથી. અત્યારે સામાન્ય રીતે અંગ્રેજી તત્સમ શબ્દો ગુજરાતીમાં લખતી વેળાએ આ ઉચ્ચારણ અવળી[2] વર્તુલ માત્રાથી બતાવવામાં આવે છે. આ રીતે અત્યારે

---

૧. એકલા ઇ–ઉ હોય અને તેના ઉપર ભાર ન હોય ત્યારે તે પણ અલ્પપ્રયત્ન કે અર્ધમાત્રિક છે કાંઇ, ભાઇ, જનોઇ, જમાઇ, સમાઇ, ગાઉ, કમાઉ, ખરચાઉ વગેરે. તા. ૧૨–૮–'૪૪

૨. અહીં બતાવી છે, તે જ રીતે અવળી માત્રા કમ્પોઝિંગમાં સરલ છે. કોઇ લેખકો ॅ કે ॅ આમ માત્રા વાપરે છે, તે કમ્પોઝિંગમાં મુશ્કેલી ઉપજાવે તેવી છે. માત્રાનું બીજું લંબચોરસ છે. તેને ઉલટાવી મૂકતાં જગ્યા તેટલી

સર્વમાન્ય થઈ ચૂકી છે. અગાઉ અર્ધવર્તુલ ˘ કરી આ ઉચ્ચારણ બતાવાતું. આ ચિહ્ન સર્વમાન્ય ન થઈ શક્યું. આ ઉચ્ચારણમાં જ્યારે નાસિકાસ્થાનીય ઉચ્ચારણ ભળે ત્યારે સબિંદુ અર્ધચંદ્રાકાર ँ ચિહ્ન થાય. હૅાગકૅાગ, ઍંચવું વગેરે. હવે તે ચિહ્ન તો સાનુનાસિક ઉચ્ચારણ માટે જ રૂઢ થયેલું, એથી એ ઊલટું મુશ્કેલ થઈ પડે એ સ્વાભાવિક છે.

હવે અંગ્રેજી શબ્દોમાં જ્યાં જ્યાં ઉચ્ચારણ આવું હોય ત્યાં તો આ ચિહ્ન આખા ગુજરાતમાં વગર મુશ્કેલીએ લેખકો વાપરી શકે; પરંતુ તળપદા ગુજરાતી શબ્દોમાંનું આ ઉચ્ચારણ જ્યાં નથી જ, તેવા પ્રદેશવાળા લોકો—ખાસ કરી કચ્છી અને કાઠિયાવાડી (ભાવનગરી બાદ) આ ઉચ્ચારણ જ્યાં જાણતા જ ન હોય ત્યાં લખે ક્યાંથી? તે છતાં તેને જોડણીમાં સ્થાન વિકલ્પે મળે તે ઇચ્છવા જોગ છે. કોશમાં આવા બધા શબ્દો નોંધાવા જોઇયે જ.

૨. ચ, છ, જ, ઝ નાં બે ઉચ્ચારણો ગુજરાત તળપદમાં ચાલુ છે. કાઠિયાવાડમાં તો નથી જ, એમ મારું માનવું છે. કાઠિયાવાડમાં ગ્રામીણ લોકો 'ચ–છ' ને બદલે 'સ' અને 'જ–ઝ' ને બદલે અંગ્રેજી Z જેવું ઉચ્ચારણ કરે છે. આ ઉચ્ચારણો પણ અર્ધતાલવ્ય જેવાં છે. ચરોતર વગેરેમાં ખાસ વિશિષ્ટતાથી આ ઉચ્ચારણ થાય છે. શાસ્ત્રીય દૃષ્ટિએ આવાં ઉચ્ચારણોને જતાં તો ન જ કરાય. શબ્દકોશાદિ તેને વિકલ્પદ્વારા સ્વીકારી લે. આ ઉચ્ચારણ બતાવવા ચાલુ ચ-છ-જ-ઝ નીચે નુક્તો સ્વીકારવાથી સરળતા થાય.

૩. ૪. અંગ્રેજી તત્સમ શબ્દોમાં Z જેવું ઉચ્ચારણ નુક્તાવાળા 'જ઼' થી બતાવવું. 'ઝ' એ સાચો પ્રતિનિધિ નથી. તેમ જ ગ્રામીણ

ને તેટલી જ રોકે. હવે જો ˘ કે ° આમ મૂકિયે તો માત્રાનું બીજું આડું થતાં જગ્યા વધુ રોકે, જે કમ્પોઝિંગમાં મુશ્કેલી ઉપજાવે. આપણે તો અત્યારે છાપખાનામાં લભ્ય બીબાંઓથી જ ચલાવવાનું છે.

ઉચ્ચારણોમાં Z જેવું ઉચ્ચારણ અને કંઠ્ય સકાર પણ નુક્તાવાળા જ-સ[1] થી ગ્રામીણ પાત્રોના સંવાદોમાં બતાવાય, તે ઇષ્ટ છે. અરબી, ફારસી શબ્દોમાં Z જેવું ઉચ્ચારણ છે, ત્યાં આપણા લોકો સામાન્ય રીતે જકાર અને કવચિત્ ઝકાર ઉચ્ચારે છે; એટલે તેવા તત્સમ શબ્દો ભાષામાં સ્વીકારતી વેળાએ આપણી અસલ રૂઢિએ જ જોડણી યુક્ત છે. ત્યાં 'જ' વગેરેનો પ્રયોગ તેમ જ હિંદીએ સ્વીકારેલા क़, ख़, ग़, घ़, વગેરેના પ્રયોગ કાંઈ પણ લાભદાયક થાય તેમ નથી. ચાલુ લખાણ વગેરેમાં છાપખાનાવાળાઓની તકલીફનો પણ થોડો વિચાર કરવાનો છે.

ઉપર મુજબ આપણે ત્યાં સંકેતો હોય તો આપણાં બધાં ય ઉચ્ચારણો જાળવી શકાય. આપણાં ખરાં ઉચ્ચારણો જાળવવાનાં સાધન એ વ્યાકરણ અને કોશ છે. આપણે ત્યાં એકે એવું વ્યાકરણ નથી કે એક પણ એવો કોશ નથી કે જે આપણી ભાષાના ખરા સ્વરૂપને વ્યક્ત કરે. અત્યારે તો ભાષા જીવતી છે, પરંતુ કાળક્રમે ભાષામાં વિકારો થવાના જ, તે સમયે અત્યારનાં છે એ ઉચ્ચારણો માટે જો યોગ્ય સંકેત નક્કી કરેલા નહિ હોય તો ખરાં ઉચ્ચારણો શોધવાં મુશ્કેલ થઈ પડશે. આપણે વ્યાકરણાદિ ગ્રંથો તૈયાર કરી ભાષાના સ્વરૂપને યથાસ્થિત બતાવવા પ્રયત્ન કરિયે છિયે, પરંતુ ભાષાસ્વરૂપના વ્યંજક સંકેતોમાં ચલાવી લેવામાં આવશે તો ભવિષ્યની પ્રજાને જાણવા છતાં અંધારામાં રાખવાનું મહાપાતક આપણા શિર ઉપર આવી ચડશે. આ ખાતર પણ આપણે નવા સરળ અને સર્વગ્રાહ્ય થાય, તેવા સંકેતો યોજવામાં લેશ પણ પ્રમાદ ન કરવો જોઇયે. આપણા ઘણાએ વિદ્વાનો તેવા સરળ અને યોગ્ય સંકેતો અમલમાં લાવવા પ્રયત્ન કરે છે, પરંતુ બધાયે લેખકો એનું

---

૧. સ ના આ ઉચ્ચારનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ આપી નથી જ શકતો તે માટે તો સ઼ આમ કર્યે જ છૂટકો.

યોગ્ય અનુકરણ કરવું આરંભે તો જ કામનું. વધુ પ્રમાણમાં ખપ પડશે એટલે છાપખાનાવાળાઓ સગવડ કરી લેશે. ઉપર જે ચિહ્નો સૂચવવામાં આવ્યાં છે તેને માટે ખાસ નવાં બીબાં વસાવવાં પડે તેમ નથી. इति शम्

આંગરોળ–કાઠિયાવાડ. તા. ૨૭–૩–'૩૨

[વસંત : પુ, ૩૧, અંક ૧, માઘ સં. ૧૯૮૮ (સને ૧૯૩૨), પૃ.૧,–૨૭]

૩. ગુજરાતી વર્ણસમામ્નાય

વર્ણોત્પત્તિનાં કારણો

વૈખરીથી[૧] ઉત્પન્ન થતો અખંડ[૨] મૂળધ્વનિ[૩] તે વર્ણ[૪].

---

૧. વૈખરી શું? શાસ્ત્રકારો ચાર પ્રકારની વાણી કહે છે. ઋગ્વેદની એક ઋચા છે કે—

" चत्वारि वाक्-परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः ।
गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति ॥

વાણીનાં ચાર પદો છે, તેને જે વિદ્વાન બ્રાહ્મણો છે તે જાણે છે. તેમાંનાં ત્રણ પદો ગુહામાં રહેલાં છે, તે વ્યક્ત થતાં નથી, જ્યારે ચોથું વાણીનું પદ તે માણસો બોલે છે "

પ્રાચીનો આ ચાર પ્રકારની વાણીનાં **પરા, પશ્યંતી, મધ્યમા** અને **વૈખરી** એવાં નામ આપે છે. કોઈ પણ ચેતન પ્રાણીને કાંઇ પણ બોલવાની ઇચ્છા થાય છે તે વખતે સમઝી શકાય તેવા અર્થવાળા વર્ણો ઉત્પન્ન કરવાની ઇચ્છાએ આત્મા મનને પ્રેરણા કરે છે. મન આધારસ્થાન કિંવા મગજમાં રહેલા અગ્નિને પ્રેરે છે. આ પ્રેરાયેલો અગ્નિ ત્યાં રહેલા વાયુને હલાવે છે, એટલે તે વાયુ ત્યાં સૂક્ષ્મતમ ધ્વનિ ઉત્પન્ન કરે છે. આ સૂક્ષ્મતમ ધ્વનિ તે **પરા** નામની વાણી. ત્યાંથી વાયુ નાભિપ્રદેશમાં જઇ અથડાય, એટલે ત્યાં સૂક્ષ્મતર ધ્વનિ ઉત્પન્ન થાય છે; તે **પશ્યંતી** નામની વાણી. ત્યાંથી વાયુ છાતીના ભાગમાં આવી અથડાતાં સૂક્ષ્મધ્વનિ નીકળે છે: તે **મધ્યમા**. ઉપર

વર્ણો અનેક છે. તે જુદા જુદા હોવાનાં કારણો:—

વાણીનાં "ત્રણ પદો ગુહામાં રહેલાં છે, તે વ્યક્ત નથી" એમ કહેવામાં આવ્યું છે, તે કેટલું સ્વાભાવિક છે, તે આનાથી જણાશે. મનીષી બ્રાહ્મણો આ ત્રણ અને નીચેની એક એમ ચારેયના જ્ઞાતા છે. અહીં બ્રાહ્મણો એટલે યોગસિદ્ધિ ધરાવનારા પરમ યોગીઓ સમજવાના છે. આ રીતે ત્રણ પ્રકારની વાણી ઉત્પન્ન કર્યા પછી વાયુ મુખમાં કંઠ તાલુ મૂર્દ્ધા દંત વગેરે સ્થાનોમાં અથડાય છે, એટલે વિવક્ષિત અર્થવાળા વર્ણો ઉત્પન્ન થાય છે. આ વાણી તે વૈખરી. આમ સમજી શકાશે કે પરાનું સ્થાન મગજ, પશ્યંતીનું સ્થાન નાભિ, મધ્યમાનું સ્થાન છાતી અને વૈખરીનું સ્થાન મુખ છે.

સર્વસાધારણ મનુષ્યોને માત્ર વૈખરી વાણી જ ગોચર છે. અહીં નીચેની આપણી પ્રચલિત ઉક્તિ પણ ઉપયોગી થઇ પડશે:—

રાજાજીની ઘોડી ત્રણ પગે ખોડી:
એક પગે હાલે ચાલે, પાતાળમાંથી પાણી કાઢે.

૨. અખંડ મૂલધ્વનિને જ વર્ણ કહે છે. **ગમન** શબ્દમાં ગ્+અ, મ્+અ, ન્+અ એમ છ જુદા જુદા વર્ણો છે. એ પ્રત્યેક વર્ણ અખંડ છે. તેનો ભાગ પડી શકે તેમ નથી. માટે જ આ પ્રત્યેક વર્ણને **મૂળાક્ષર** પણ કહેવામાં આવે છે. કોઈને શંકા થાય કે ખ્, ઘ્, છ્, ઝ્, ઠ્, ઢ્, ઢ્, થ્, ધ્, ફ્ અને ભ્ આ વર્ણો માત્ર એક મૂલધ્વનિવાળા છે કે બે મૂલધ્વનિવાળા છે? બેશક માત્ર ક્+હ્ એમ બે વર્ણોના ઉચ્ચારણને ધરાવનાર ખ્ હોય તો તે એક મૂલધ્વનિવાળો ન લેખાય. પરંતુ તેવી સ્થિતિ નથી. આ મહાપ્રાણ અક્ષરો સ્વાભાવિક છે, અને માત્ર એક મૂલધ્વનિવાળા થઈ ચૂકયા છે.

૩. શ્રીવલ્લભાચાર્યજી ભૂતસૂક્ષ્મ ધ્વનિને વર્ણ કહે છે. મહાભૂતોમાં જે સૂક્ષ્મ ધ્વનિ કિંવા શબ્દ નામનો ગુણ છે, તે જ ભૂતસૂક્ષ્મધ્વનિ. નૈયાયિકો માને છે કે પાંચ મહાભૂતોમાંના પ્રથમ આકાશ તત્ત્વનો શબ્દ એ ગુણ છે. જ્યારે જ માત્ર એક આકાશ તત્ત્વ જ હોત અને તેમાંથી સ્વતંત્ર રીતે શબ્દ પ્રકટ થયો હોત તો તે માત્ર આકાશ તત્ત્વનો જ ગુણ થાત. પરંતુ તેવી સ્થિતિ નથી જ. સૃષ્ટિની ક્રમિક ઉત્પત્તિમાં આકાશ તત્ત્વ ઉત્પન્ન થયા પછી તેમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જલ, જલમાંથી પૃથ્વી એ તત્ત્વો પ્રકટ થયાં. એ ચાર તત્ત્વો પ્રકટ થયાં, તેઓની ક્રિયાંથી મૂલ આકાશ તત્ત્વમાં શબ્દ નામનો

કાંઈપણ અર્થાત્મક વર્ણોચ્ચાર કરવાની ઇચ્છા થતાં બુદ્ધિએ કરી આત્મા અંતઃકરણને પ્રેરણા કરે છે. મન શરીરમાં રહેલા અગ્નિને

ગુણ પ્રકટ થયો. આકાશ એ બીજાં ચારે તત્ત્વોનું સમવાયિ–કારણ હોવાથી તેમ જ પૂર્વ પૂર્વનું તત્ત્વ પર તત્ત્વમાં સમન્વિત રહેતું જ હોવાથી તે તે તત્ત્વોના ગુણો તે તે તત્ત્વમાં રહ્યા. આમ આકાશમાં શબ્દ, વાયુમાં શબ્દ અને સ્પર્શ, તેજમાં શબ્દ સ્પર્શ અને રૂપ, જલમાં શબ્દ સ્પર્શ રૂપ અને રસ, અને પૃથ્વીમાં શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ એ પાંચે ગુણો રહેલા છે. શબ્દ અવકાશમાં રહેલો છે, પરંતુ તેનો અનુભવ વાયુ હોય તો જ થાય છે, તેમ જ બીજાં ભૂતોની પણ શબ્દને મદદ છે. આ માટે જ વેદાંતીઓ પાંચે મહાભૂતોમાં શબ્દ નામનો ગુણ રહેલો છે તેમ કહે છે. આ મૂલધ્વનિ તે "વર્ણ" એમ કહેતાં પૂર્વે તેના પ્રકાર જાણવાની અપેક્ષા રહે છે. આ ધ્વનિ કિંવા શબ્દના બે પ્રકાર છેઃ ૧. અબુદ્ધિહેતુક અને ૨. બુદ્ધિહેતુક. મેઘની ગર્જના, સમુદ્રનાં મોઝાંઓ એ અબુદ્ધિહેતુક ધ્વનિ છે. એથી ઊલટું ચેતન પ્રાણીઓના કંઠમાંથી નીકળતો ધ્વનિ એ વગેરે બુદ્ધિહેતુક છે. (વગેરે શબ્દથી વાદ્યોમાંથી ઉઠાવવામાં આવેલો ધ્વનિ એટલે કે જેમાં ચેતન પ્રાણીની પ્રજ્ઞાનો લેશ પણ ઉપયોગ છે તેવી ક્રિયાથી ઉત્પન્ન થતો ધ્વનિ સમજવાનો છે. આ રીતે વિજ્ઞાન શાસ્ત્રને અનુસરી દૂરશ્રવણ, પ્રતિધ્વનિ દેનારાં યંત્રો એ વગેરેમાંનો ધ્વનિ યદ્યપિ જડ વસ્તુઓમાંથી આવતો હોવા છતાં બુદ્ધિહેતુક છે.)

અહીં શંકા થાય કે એક અતિ રુગ્ણ માણસ પોતાનાં દુઃખના દબાણને લીધે અનિચ્છાએ પોકાર પાડી ઊઠે છે, તે બુદ્ધિહેતુક કે અબુદ્ધિહેતુક? આનું મૂલ તપાસતાં માલૂમ પડશે કે એની તે વિશેની ઇચ્છા ન હોવા છતાં જીવના સ્વભાવમાં રહેલી સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રજ્ઞા તે દુઃખ સહન ન થવાને લીધે મનને જે જાતની પ્રેરણા કરે છે તેને લીધે મુખમાંથી 'ઓય'કાર નીકળી આવે છે. આમ ચેતન પ્રાણીઓનો ધ્વનિ–શબ્દ એ બુદ્ધિહેતુક છે, એવો જે સિદ્ધાંત પૂર્વે આપવામાં આવ્યો છે તે નિરપવાદ છે, તેમ સમજાશે.

આ બુદ્ધિહેતુક ધ્વનિના બે ભેદ છેઃ ૧. સ્વાભાવિક અને ૨. કૃતિસાધ્ય. અનિચ્છાએ પણ ઉત્પન્ન થતો ધ્વનિ તે સ્વાભાવિક છે. માત્ર તેમાં કોઇપણ વર્ણ વ્યક્ત ન થવો જોઇયે. જો કોઇ પણ વર્ણ વ્યક્ત થાય તો તે કૃતિસાધ્ય લેખાય. તેમાં હેતુ એ છે કે વર્ણો અનેક છે. પ્રજ્ઞા જે જાતનો વર્ણ ઉચ્ચાર-

પ્રેરે છે. અગ્નિ નિકટસ્થ વાયુને પ્રેરે છે. નાભિપ્રદેશમાંથી ઊઠેલો છાતીમાં ફરતો તે વાયુ પ્રથમ મંદ્રસ્વરને ઉત્પન્ન કરે છે; પછી કંઠ

વાની સૂક્ષ્માતિસૂક્ષ્મ ઇચ્છા કરે છે, તેટલા પૂરતો પણ શ્રમ તો થાય જ અને ધ્વનિ ઉત્પન્ન થાય, માટે જ તે કૃતિસાધ્ય છે, નહિ કે સ્વાભાવિક. પ્રાણી માત્રમાં રોવું હસવું એ સ્વાભાવિક છે. તે તે ક્રિયામાં જે જે ધ્વનિ ઉત્પન્ન થાય છે, તે સ્વાભાવિક છે. આ રીતે પશુ-પક્ષી વગેરેનો ધ્વનિ તે પણ સ્વાભાવિક છે. કૃતિસાધ્યને કોઈ કાલ્પનિક કહે છે. કાલ્પનિક એટલે કલ્પનાજન્ય કિંવા મિથ્યા. આ ધ્વનિ મિથ્યા તો નથી જ હોતો, કેમકે જો તેમ ઠરે તો તેમાંથી ઉત્પન્ન થતા વર્ણો પણ મિથ્યા ઠરતાં વિવક્ષિત અર્થ જ ન અર્પી શકે. માત્ર તેમાં ઉચ્ચારણ કરતી વખતે કાંઈ કૃતિ-ક્રિયાની આવશ્યકતા રહે છે, એટલા માટે જ એ કાલ્પનિક નહિ પણ કૃતિસાધ્ય છે. આ કૃતિસાધ્ય ધ્વનિના બે ભેદ છે: ૧. વાદિત્રોનો ધ્વનિ અને ૨. વર્ણાત્મક સ્ફુટ ધ્વનિ. વાદિત્રોના ધ્વનિના બે ભેદ છે: ૧. ઢોલ નગારાં મૃદંગ વગેરેનો, અને ૨. સા, રિ, ગ, મ, પ, ધ, નિ, એવો રાગ ઉત્પન્ન કરનારો ધ્વનિ. આ બીજા ભેદને ગતિરૂપ ધ્વનિ પણ કહેવામાં આવે છે. વર્ણાત્મક સ્ફુટ ધ્વનિ તે માનવ પ્રાણીના મુખમાંથી કંઠ, તાલુ વગેરે સ્થાનોમાં અથડાઇ ઉત્પન્ન થતો ધ્વનિ છે. પોપટ કૌઆ મેના વગેરે મનુષ્ય પ્રાણીના શબ્દોની નકલ કરે છે, તેટલા પૂરતો તેમના ધ્વનિનો આ વર્ગમાં સમાવેશ થઈ શકે. (જો કે તેઓની સ્વરનળી મનુષ્યના જેવી શક્તિમાન નથી હોતી, તેથી સ્પષ્ટ વર્ણોચ્ચાર તેઓ નથી કરી શકતાં.)

મુખમાંથી નીકળેલો વર્ણ બધે જ હવાના થરોમાં ફેલાઈ જાય છે, એ સિદ્ધાંત છે, છતાં દૂરનો સ્ફુટવર્ણાત્મક શબ્દ આપણે સાંભળી શકતા નથી. ઈશ્વરે જ તેવી આપણા કાનની સ્થિતિ કરી છે. કૃત્રિમ સાધનદ્વારા ગમે તેટલા દૂરથી આવતા અસ્ફુટ કે સ્ફુટ ધ્વનિને વિજ્ઞાનશાસ્ત્રની મદદથી સાંભળી શકાય છે એ હવે માત્ર પૌરાણિક ગાથાઓ નહિ પણ સાચી અને સૂર્યના પ્રકાશ જેવી સ્પષ્ટ વાત સિદ્ધ થઈ ચૂકી છે.

૪. વર્ણ એટલે તાલુ વગેરે સ્થાનોમાંથી ઊઠેલો ધ્વનિવિશેષ. માતૃકાઓમાં એવા અનેક મૂલ વર્ણ કિંવા અક્ષરો આપણે ગણિયે છિયે. તેમાં પ્રથમ

પ્રદેશમાં ફરતો મધ્યમ સ્વરને ઉત્પન્ન કરે છે, મૂર્ધસ્થાનમાં ફરતો તાર સ્વરને ઉત્પન્ન કરે છે. મૂર્ધસ્થાનમાં આવ્યા પછી પ્રત્યાઘાત પામતાં તે વાયુ કંઠાદિ સ્થાનમાંથી વિવક્ષિત અર્થવાળો વર્ણ ઉત્પન્ન કરે છે. આ રીતે વાયુ એ વર્ણનું ઉપાદાન કારણ અને આત્મા

કયો વર્ણ ઉત્પન્ન થયો હશે, એવી જિજ્ઞાસા જરૂર થાય. ગીતામાં, અક્ષરોમાં અકાર પરમાત્મા છે, એવું વિધાન મળી આવે છે. વસ્તુસ્થિતિએ બધા જ વર્ણોમાં પ્રથમ થયેલો કોઈ પણ વર્ણ હોય તો તે અકાર છે. આર્યોનો પવિત્ર શબ્દ ૐ (=અ+ઉ+મ્) છે, તેમાં પણ પ્રથમ અકાર છે. ૐના ઉચ્ચારણ માટે કંઠ ઓષ્ઠ અને નાસિકાનો ઉપયોગ છે. શ્વાસ શ્વાસનળીમાંથી કંઠમાં આવતાં અકારને ઉત્પન્ન કરે છે. અકારોચ્ચારણ કરતી વેળાએ મુખ ખુલ્લું રાખવું પડે છે. ત્યાંથી ઉ ઉચ્ચારવા માટે પૂરા ઓષ્ઠ ભિડાય નહિ તેવી રીતે શ્વાસને લંબાવવો પડે છે, અને જેવા ઓષ્ઠ ભીડયા કે નાસિકા-સ્થાનમાંથી મકાર ઉચ્ચરિત થાય છે. આ ત્રણે વર્ણો સાથે બોલતાં ૐ એવો પવિત્ર ધ્વનિ બહાર આવે છે. યોગશાસ્ત્ર પણ ૐકારની ઉત્પત્તિ પ્રથમ માને છે.

યોગશાસ્ત્રોમાં વર્ણોત્પત્તિ વિશે વિચાર કરવામાં આવ્યો છે. મનુષ્યના શરીરમાં બધાં મળી છ ચક્ર કલ્પ્યાં છે; તે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત વિશુદ્ધ, અગ્નિ અને સહસ્રદલ. દરેક ચક્રનો રંગ અને અધિષ્ઠાત્રી દેવતા જુદાં જુદાં કહ્યાં છે. આ છ ચક્રોમાં સૌથી ઉપર મસ્તકમાં સહસ્રદલ એ નામનું ચક્ર છે, તેમાં ૐકારની ઉત્પત્તિ માની છે. તેની નીચે અગ્નિચક્ર, તેમાંથી સર્વે સ્વરો ઉત્પન્ન થયા છે. તે પછી કંઠ-ઉરોભાગ વચ્ચે અનાહત વિશુદ્ધચક્ર છે, તેમાંથી કવર્ગ, ચવર્ગ, અને ટ્, ઠ્, ઉત્પન્ન થાય છે. તેની નીચે મણિપૂરચક્ર, તેમાંથી ડ્, ઢ્, ણ્, તવર્ગ અને પ્, ફ્ થયા છે. તે નીચે સ્વાધિષ્ઠાન ચક્રમાંથી બ્, ભ, મ્, ય્, ર્, લ્ થયા છે; અને છેલ્લા મૂલાધાર ચક્રમાંથી વ્, શ્, ષ્, સ્, હ્ એટલા વર્ણો ઉત્પન્ન થયા છે.

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ યોગશાસ્ત્રની વર્ણોત્પત્તિ ઉપયોગી નથી, તેમ છતાં શરીરના અમુક ભાગોમાંથી અમુક અમુક વર્ણો ઉત્પન્ન થયા છે, તેટલી હકીકત પૂરતી અહીં આપવી અનુચિત નથી જ.

પાશ્ચાત્ય ભાષાશાસ્ત્રીઓ પણ સર્વ સ્વરોને પ્રથમ ઉત્પન્ન થયેલા માને છે.

વગેરે નિમિત્ત કારણ છે. (કારણ વિના કોઈ પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી, એ સનાતન સિદ્ધાંત આમાં અભિપ્રેત છે.) આ ઉપાદાન અને નિમિત્ત કારણો મળી એક વર્ણને ઉત્પન્ન ન કરતાં જુદા જુદા વર્ણો ઉત્પન્ન કરે છે, તેમાં પહેલું કારણ તે વિવક્ષા છે. વિવક્ષાએ કરી વાયુ મુખમાં આવી જુદાં જુદાં સ્થાનોમાં અથડાય છે, એટલે જુદા જુદા વર્ણો ઉત્પન્ન થાય છે. આમ સ્થાન એ બીજું કારણ છે. પરંતુ માત્ર સ્થાનમાંથી ઉચ્ચાર નીકળતાં એક જ સ્થાનમાંથી ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, અ, હ્ એવા જુદા જુદા વર્ણો ન નીકળે. તે માટે ખાસ વસ્તુની આવશ્યકતા રહે છે, અને તે વસ્તુ તે પ્રયત્ન છે. આ ત્રીજું કારણ. વિવક્ષા, સ્થાન અને પ્રયત્ન એ ત્રણેના સમન્વયથી દરેક ઇષ્ટ વર્ણ ભિન્ન ભિન્ન ઉત્પન્ન થાય છે. વૈખરી ઉત્પન્ન થાય તે પહેલાંનો પ્રયત્ન તે આભ્યંતર અને કંઠમાંની પોકળ નળીના મુખનો સંકોચ-વિકાસ એ વગેરેનો પ્રયત્ન તે બાહ્ય કહેવાય છે.

આ બંને જાતના પ્રયત્નથી સ્થાનભેદે આપણે નીચેના એકમૂલ-ધ્વન્યાત્મક વર્ણો મેળવી શકિયે છિયેઃ—

સ્વર—અ, ઈ, ઉ, (ઋ, ળૃ)[૫]	અનુસ્વાર[૬]–(ं)
અનુનાસિક[૬]—(ँ)	વિસર્ગ[૬૫]–(ः)

---

૫. સંસ્કૃત વૈયાકરણો પ્રાથમિક સ્વરો પાંચ ગણે છેઃ–અ, ઇ, ઉ, ઋ, ળૃ. આમાંના છેલ્લા બેનાં સ્વરાત્મક ઉચ્ચારણ નષ્ટ થઇ ચૂક્યાં છે. વૈદિક કાળમાં ઋનું ઉચ્ચારણ હોય એમ લાગે છે, પરન્તુ ળૃનો ઉચ્ચાર તો અતિ પ્રાચીન કાળથી જ લુપ્ત થઈ ચૂકેલો. મહર્ષિ પતંજલિ ऌलृक् એ શિવસૂત્રના ભાષ્યમાં કહે છે કે "આ ળૃકારનો પ્રયોગ જ થોડેરો છે. જે છે તે પણ क्लृप् ધાતુ અને તે ઉપરથી થયેલા क्लृप्ति, क्लृप्तમાં જ છે." ઋક્પ્રાતિશાખ્યમાં તો શૌનક–पदाद्यन्तयोर्न लृकारः स्वरेषु–પદના આદિ–અંતમાં રહેલો ળૃ સ્વરો-માં નથી," તે પ્રમાણે માત્ર વ્યંજનમાં મળેલા ળૃને જ સ્વર ગણે છે. અત્યારે આપણે ઋ–ળૃના ર્+ઉ, લ્+ર્+ઉ એવા જ ઉચ્ચાર ગુજરાતમાં કરિયે છિયે. માત્ર સંસ્કૃત તત્સમ શબ્દોની શુદ્ધિ જાળવવા માટે જ દેશભાષાઓમાં

વ્યંજન—ક્, ખ્, ગ્, ઘ્, ઙ્. ચ્, છ્, જ્, જ્,[૭] ઝ્, ઞ્, ટ્, ઠ્,
ડ્ ,ડ્,[૭], ઢ્, ,ઢ્,[૭], ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્,
મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, સ્,[૭] હ્, ળ્.

આ ચુમાળીસ (ઋ–લૃ ને ગણતાં છેતાળીસ) વર્ણો કેવળ સ્વતંત્ર છે.

ઋ–લૃ સ્વીકારવામાં આવ્યા છે. તે જ રીતે (:) વિસર્ગ પણ માત્ર સંસ્કૃત તત્સમ શબ્દોમાં જ પ્રયુક્ત છે. પરંતુ તેનું ઉચ્ચારણ સ્વતંત્ર તેમજ અત્યાર સુધી ઝળવાઇ રહેલું છે, એટલે એક મૂલધ્વન્યાત્મક વર્ણોમાં તેનો સમાવેશ ન કરિયે તો વર્ણમાળા અધૂરી જ લેખાય.

['અ–ઇ–ઉ' નાં લઘુપ્રયત્ન ઉચ્ચારણ માટે આ લેખના અંતની પાદટીપ અને નોંધ જોવી. તા. ૧૨–૮–'૪૪]

૬. અનુસ્વાર અને અનુનાસિક એ તદ્દન ભિન્ન ઉચ્ચારણો છે. છેક ઋગ્વેદના કાળથી તે ભિન્ન જ સ્વીકારાયેલાં છે. પ્રાકૃતમાં અનુનાસિક ઉચ્ચારણ હતું, તે અપભ્રંશમાં વ્યાપક બન્યું: તે અત્યારે ગુજરાતી–હિંદી–મરાઠી વગેરે પ્રાંતીય ભાષાઓમાં અતિ વ્યાપક દશામાં મોજૂદ છે. ગુજરાતી વિદ્વાનોમાં અનુનાસિકની પ્રાચીનતાની શોધનું પ્રથમ માન સ્વ. નરસિંહરાવ. ભો. દિવેટિયાને જ છે, જો કે તેઓ આ અનુનાસિકને અનુસ્વારનો કોમલ ઉચ્ચાર માને છે. વસ્તુસ્થિતિએ અનુસ્વાર એ તો સ્વર પછી વધી પડતું ગુલાંટ મારતું નાસિકાસ્થાનીય ઉચ્ચારણ છે. તે સ્વર પછી રહે છે, માટે જ તેને અનુસ્વાર કહેવામાં આવે છે. અનુનાસિક ઉચ્ચારણ કોઈપણ સ્વર નાસિકામાંથી ઉચ્ચારાતાં કરી શકાય છે. આ રીતે હ્રસ્વ સ્વર નાસિકામાંથી ઉચ્ચારાતાં એટલે સાનુનાસિક બનતાં લઘુ જ રહે; દીર્ઘ હોય તો ગુરુ રહે. તેથી ઊલટું અનુસ્વાર હ્રસ્વ સ્વર પછી આવે તો તે હ્રસ્વ સ્વર ગુરુ બને છે. દીર્ઘ સ્વર પછી આવતાં યદ્યપિ સ્વરની માત્રાઓ બે જ રહે છે, તથાપિ અનુસ્વાર સ્વરની બહાર વધી પડે છે. સરખાવો **કાંસ્ય** (=કાંવ્સ્ય જેવું ઉચ્ચારણ) અને **કાંસું**. ગુજરાતના અમુક ભાગમાં આ અનુનાસિક ઉચ્ચારણનાં ત્રણ જુદાં જુદાં ઉચ્ચારણ થાય છે: અનુનાસિક કોમલ–કોમલતર–કોમલતમ જુદા જુદા સંયોગોમાં ઉચ્ચરિત થાય છે. તે શોધનું પ્રથમ માન પણ રા. નરસિંહરાવને જ છે. બેશક એ પ્રાંતીય છે, એટલે સાર્વદેશિક ગુજરાતીમાં તેનો ખાસ ઉપયોગ નથી.

૭. વિદેશીય ભાષાના, તેમાં ખાસ કરી અંગ્રેજી ભાષાના તત્સમ લેખે

સ્થાન અને પ્રયત્ન

સ્થાનઃ—સંસ્કૃત વૈયાકરણોએ આઠ સ્થાન આપ્યાં છેઃ–ઉરસ્, કંઠ, મૂર્ધા, જિહ્વામૂલ, દંત, નાસિકા, ઓષ્ઠ અને તાલુ. એ આઠ સ્થાનમાંથી નીચેના વર્ણો ઉત્પન્ન થાય છેઃ—

મૂલવર્ણો

૮ કંઠ – અ, કવર્ગ, સ્, હ અને વિસર્ગ;
તાલુ – ઇ, ચવર્ગ, ય, અને શ;
મૂર્ધા – (ઋ), ટવર્ગ, ર અને ષ;
દંત – (લૃ), તવર્ગ, લ અને સ;
ઓષ્ઠ – ઉ, પવર્ગ; જિહ્વામૂલ – ળ;
નાસિકા – અનુસ્વાર, અનુનાસિક અને દરેક વર્ગના છેલ્લા વર્ણોનાં તે તે સ્થાન ઉપરાંત (ઙ, ઞ, ણ, ન, મ);

સ્વીકારાયેલા શબ્દોમાં આ ઉચ્ચારણ આપણે કરિયે છિયે. વળી આ ઉચ્ચારણ ગ્રામીણ ભાષામાં છે જ, એટલે તેને અહીં આપ્યું છે. તેવી જ સ્થિતિ કંઠ્ય સ્‌ની છે. નાટકાદિના રચનમાં ગ્રામીણ પાત્રોની ભાષામાં જ–ઝને સ્થળે જ઼, અને શ, ષ, સ ને સ્થળે સ઼ પ્રયોજાયેલો હોય છે. આ ઉચ્ચારણો સ્વતંત્ર છે. અર્ધતાલવ્ય કિંવા મૂર્ધન્યતર ડ઼–ઢ઼ ને માટે તો હવે શંકા રહી જ નથી.

પ્રાંતીય ભેદે ચ–છ–જ–ઝ નાં ઉચ્ચારણો જુદાં છે, તે બતાવવાનો આગ્રહ રા. નરસિંહરાવનો છે. તેને માટે ત્યાં ત્યાંના વિદ્વાનો ચ–છ–જ–ઝ મુકતાવાળા અર્પે એ ઇષ્ટ છે.

ય–વ–હ નાં બે ઉચ્ચારણ છે: ૧. પૂર્ણપ્રયત્ન અને ૨. લઘુપ્રયત્ન. તે કાંઈ પ્રયત્નભેદને આભારી નથી, પરંતુ એકના એક ભેદમાં કમી જાસ્તીપણાને લીધે છે, એક જ મૂલધ્વનિનો અંગત ભેદ છે.

૮. કવર્ગનું ઉચ્ચારણ કંઠમાંથી થાય છે, તેનાં કરતાં જિહ્વાના મૂલમાંથી કાંઇક થાય છે. તેને માટે પાણિનિ કવર્ગને જિહ્વામૂલીય કહે છે. વસ્તુસ્થિતિએ કંઠ અને જિહ્વામૂલને દૂર હોવાપણું નથી, તેમ જ કવર્ગના ઉચ્ચારણમાં જિહ્વામૂલ ઉપર થઇ જિહ્વા કંઠની બારી સુધી કાંઇક અંશે લંબાતી રહેતી હોવાથી કવર્ગને કંઠ્ય તરીકે સ્વીકારવામાં કોઈ પણ જાતનો દોષ નથી.

ઉરસ્ – સંયુક્ત વર્ણમાં આવતો તેમ જ લઘુપ્રયત્ન હકાર;
દંતતાલુ – જ; મૂર્ધતાલુ – ડ, ઢ; દંતઓષ્ઠ – વ.

સાધિત વર્ણો

૯ વિલંબનવિધાનથી ઇ નો દીર્ઘ ઈ; તેનું તાલુ સ્થાન.
વિલંબનવિધાનથી ઉ નો દીર્ઘ ઊ; તેનું ઓષ્ઠ સ્થાન.
*[ગુણવિધાનથી (?) નો અ; તેનું કંઠ–સ્થાન.].
૧૦ ગુણવિધાનથી ઇ નો એ; તેનું કંઠ–તાલુ સ્થાન.
ગુણવિધાનથી ઉ નો ઓ; તેનું કંઠ–ઓષ્ઠ સ્થાન.
૧૧ વૃદ્ધિવિધાનથી ઇ નો ઍ; તેનું કંઠ–તાલુ સ્થાન.

---

૯. **વિલંબનવિધાન**માં મૂળ સ્વરને ઉચ્ચારવામાં જે ક્રિયા છે તે જ ક્રિયા છે. માત્ર વિશેષ એટલો જ કે તેને લંબાવવો. એ રીતે **અ** ને લંબાવતાં **અ** જ નિષ્પન્ન થાય, **આ** નહિ. વેદકાલીન **ઋ**નો વિલંબનવિધાનથી **ૠ** થાય છે, તેનું સ્થાન મૂર્ધા જ છે. સંસ્કૃત વૈયાકરણોએ **ઌ** ને દીર્ઘ સ્વીકાર્યો જ નથી. સંસ્કૃત વ્યાકરણમાં **ૠ** દીર્ઘ પણ માત્ર હ્રસ્વ **ઋ**કારાંત નામોનાં નાન્યતર જાતિનાં પ્રથમા–દ્વિતીયા–ષષ્ઠી–સંબોધનના બહુવચનમાં, અને નર–નારી જાતિના દ્વિતીયા–ષષ્ઠીનાં બહુવચનોમાં જ છે.

* પાણિનિ વર્ણમાળામાંના **અ**ને ગુણસ્વર કહે છે; મૂળ પ્રકૃતિના હ્રસ્વ અને દીર્ઘ **અ** નષ્ટ થઇ ચૂકયા છે એમ તેથી સમજાય છે. ભારત–યુરોપીય (Indo-European) મૂળ ભાષામાં આ હ્રસ્વ દીર્ઘ **અ** હતો, જેના અવશેષ ગ્રીક વગેરેમાંના હ્રસ્વ E માં સચવાયેલા છે. એને સ્થાને ભારત–આર્ય (Indo-Aryan) શાખામાં આજનો **અ** આવી રહ્યો છે. **આ** ગુણવિધાનથી થયેલા પેલા **અ** નું દીર્ઘસ્વરૂપ નહિ, પણ વિવૃતિવિધાનથી થયેલું સ્વરૂપ છે.
તા. ૧૨–૮–'૪૪

૧૦. **ગુણવિધાન**માં ઇ–ઉ બોલતાં પૂર્વે કંઠમાંથી શ્વાસ ખેંચવો પડે છે. એ શ્વાસમાં **અ**કાર રહેલો જ છે. આ પ્રમાણે પ્રથમ કંઠ્ય ઉચ્ચારણ થયા બાદ ઇ–ઉ ઉચ્ચારાય છે. અતિ ઝડપથી બોલતાં એ આપણી સામે **એ–ઓ** રૂપે આવે છે.

૧૧. **વૃદ્ધિવિધાન**માં સ્વર લાંબો નથી ઉચ્ચારાતો. **ગુણવિધાન**માં જે

વૃદ્ધિવિધાનથી ઉ નો ઔ; તેનું કંઠ–ઓષ્ઠ સ્થાન.
વિવૃતિવિધાનથી અ નો આ; તેનું કંઠ સ્થાન.
૧૨ વિવૃતિવિધાનથી એ નો ઍ; તેનું કંઠ–તાલુ સ્થાન.
વિવૃતિવિધાનથી ઓ નો ઑ; તેનું કંઠ–ઓષ્ઠ સ્થાન.

પ્રયત્નઃ—આભ્યંતર પ્રયત્નના પાંચ પ્રકાર છેઃ—**સ્પૃષ્ટ, ઇષત્સ્પૃષ્ટ, ઇષદ્વિવૃત, વિવૃત અને સંવૃત.**

વર્ણમાળાનો આદિ હ્રસ્વ **અ**કાર ઉચ્ચારવામાં જેટલી સરળતા છે તેટલી બીજા કોઈ પણ વર્ણમાં નથી. વસ્તુસ્થિતિએ **અ**કારોચ્ચારણ વખતે શ્વાસનળી બિડાયેલી જ રહેતી લાગે છે, માટે સંસ્કૃત વૈયાકરણોએ હ્રસ્વ **અ**કારને **સંવૃત** ગણ્યો છે. બાકીના સ્વરોનો ઉચ્ચાર કરતાં શ્વાસનળી ઊઘડેલી રહે છે, એટલે તે બધા **વિવૃત** કહેવાય છે. શ્, ષ્, સ્, સ્, અને હ્નાં ઉચ્ચારણમાં શ્વાસનળી કાંઈક ઊઘડેલી

ક્રિયા છે તેમાં પૂર્વે જે શ્વાસ કંઠમાંથી ખેંચવો પડે છે તેટલો જ તે ઉપરાંત શ્વાસ ખેંચવો પડે છે. અ+એ, અ+ઓને અતિ ઝડપથી બોલતાં ઐ-ઔ રૂપે આપણે જોઇયે છિયે.

૧૨. **ગુણવિધાન** અને **વૃદ્ધિવિધાન** વચ્ચે આ સ્વરોને એક ઉચ્ચાર છે. અર્વાચીન વૈયાકરણ સ્વ. નરસિંહરાવ આને **વિવૃતિવિધાન** કહે છે. અંગ્રેજી ભાષામાં આ ઉચ્ચારણ અતિ વ્યાપક છે. ગુજરાતીમાં સ્વીકારેલા અંગ્રેજી તત્સમ શબ્દોમાં આનો આપણે ઉપયોગ કરિયે છિયે. એ ઉપરાંત ગુજરાતના કેટલાક ભાગમાં ગુજરાતી શબ્દોમાં પણ આ ઉચ્ચારણ સ્પષ્ટ છે. તે વ્યક્ત કરવા ઍ-ઑ માં ઊંધી માત્રા પ્રયોજાય છે. આભ્યંતર પ્રયત્ન લેખે બધા સ્વર વિવૃત છે, પરંતુ અહીં જે આ **વિવૃતિવિધાન** એવી સંજ્ઞા આપી છે તે એ મુદ્દાથી કે આપણા પરિચિત સ્વરોને ઉચ્ચારતાં મુખ જેટલું ખૂલે છે તેનાં કરતાં આમાં વિશેષ ખૂલે છે. આ ઍ-ઑ ને આમ જોતાં **વિવૃત** કરતાં **વિવૃતતર** એવી સંજ્ઞા આપવી વધારે યોગ્ય થઈ પડે.

ઉમેરણઃ—'એ-ઓ'નાં ઉચ્ચારણોમાં ઊંડા ઊતરતાં ગુજરાતી ગળામાં ચાર ઉચ્ચારણો મળે છે: હ્રસ્વ એ, દીર્ઘ એ, હ્રસ્વ કે અર્ધવિવૃત એ, વિવૃત ઍ, તે પ્રમાણે 'ઓ'નાં પણ. અને આ ચારે **વિવૃતિવિધાનથી** જ ઉત્પન્ન થાય છે.

તા. ૧૨–૮–'૪૪

રહે છે માટે તે ઈષદ્વિવૃત કહેવાય છે. ય્, ર્, લ્, વ્ નાં ઉચ્ચારણ કરતાં જીભ તેનાં સ્થાનોમાં નહિ જેવો જ સ્પર્શ કરે છે, માટે તેઓને ઈષત્સ્પૃષ્ટ કહ્યા છે. જ્યારે ક્ થી મ્ સુધીના પચીસ અને ળ્, ડ઼, ઢ઼, અને ળ્, આ ઓગણત્રીસ વર્ણોનો સ્પૃષ્ટ પ્રયત્ન છે.

આ આભ્યંતર પ્રયત્નથી સારો વર્ણસમૂહ ઉત્પન્ન થાય છે, પરંતુ તેમાંના દરેકની ભિન્ન ભિન્ન ઉત્પત્તિ બાહ્ય પ્રયત્ન ઉપર અવલંબી રહી છે.

સંસ્કૃત વ્યાકરણમાં સ્વરોના ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિત એવા ત્રણ પ્રયત્ન છે. એકનો એક સ્વર ઊંચેથી ઉચ્ચારાતાં ઉદાત્ત, નીચેથી ઉચ્ચારાતાં અનુદાત્ત અને મધ્યમ માનથી ઉચ્ચારાતાં સ્વરિત થતો. વેદમાં આ ભેદો હતા, પણ પાછળથી એ ભેદ ટળી સામાન્ય રીતે સીધી સાદી વાણીમાં ઘણું કરી સ્વરિત જ સ્વરો રહ્યા છે [(Pitch Accent)–સાંગીતિક સ્વરભારનો પ્રકાર એ ઉપરના ત્રણ].

વેદકાળમાં ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિત ઉચ્ચારણો કેવાં હતાં, તે જાણવાનું અત્યારે સીધું સાધન નથી; માત્ર વેદપાઠીઓ તેને હાથના ઉપર, નીચે, સમાંતર હલનથી બતાવે છે.

આપણી ભાષામાં નીચેનાં સ્થળોએ જુદા પ્રકારનો સ્વરભેદ વ્યક્ત છે:—

જેના ઉપર [13]ભાર છે, તેવો સ્વર: કમલ ઘરમ, વાત.

---

૧૩. શબ્દોના ઉચ્ચારણમાં સ્વર ઉપર જે ધક્કો કિંવા ભાર પડે છે તે સ્વરભાર. (૧) લઘુપ્રયત્ન અકાર પૂર્વેના સ્વર ઉપર નિરપવાદ ભાર હોય છે જ, પછી તે સ્વર હ્રસ્વ હોય કે દીર્ઘ; ઘર, વાત, ગુજરાત. (૨) જોડાક્ષર પૂર્વેના સ્વર ઉપર ભાર હોય છે જ: હિસ્સો, કુક્કર. (૩) લઘુપ્રયત્ન અકાર સિવાયના બધા અંત્ય સ્વર ઉપર ભાર હોય છે. (તે ત્યાં સુધી કે સંસ્કૃત તત્સમ શબ્દોના અંત્ય હ્રસ્વ ઇ–ઉ પણ દીર્ઘવત્ ઉચ્ચારાય છે.) અપવાદ–જેની પૂર્વના સ્વર ઉપર ભાર છે તેવા અસંયુક્ત ઇ–ઉ અસ્વરિત હોય છે. કાંઈ, ભાઈ, ગાઉ, આગાઉ: જાઉં, કમાઉં, જઇ, લઇ, દઇ, જોઇ, જોઉં વગેરે.

જેના ઉપર [૧૪]ભાર નથી, તેવો સ્વર : કમલ, ધરમ.

[૧૫]લઘુપ્રયત્ન અકાર સર્વત્ર સ્વરભારવાળા સ્વર પછી : કમલ, ધરમ, વાત.

[આ ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત તો નથી. તે Stress Accent છે.]

આ સ્વરોની વાત થઇ. વિવાર, સંવાર, શ્વાસ, નાદ, ઘોષ, અઘોષ, અલ્પપ્રાણ અને મહાપ્રાણ એ આઠ પ્રયત્નથી સ્થાનભેદે જુદા જુદા વ્યંજન ઉત્પન્ન થાય છે. જ્યાં પ્રયત્ન સમાન હશે ત્યાં સ્થાનભેદ મળશે; જ્યાં સ્થાન સમાન હશે ત્યાં પ્રયત્નભેદ હશે; અને જ્યાં સ્થાન અને પ્રયત્ન સમાન હશે ત્યાં તે વર્ણ કોઈ બીજા સ્થાનની મદદથી બોલાતો હશે. નીચેના કોઠા ઉપરથી એ વસ્તુ સારી રીતે સમઝાશે:—

સ્થાન	પ્રયત્ન				
	વિવાર, શ્વાસ, અઘોષ		સંવાર, નાદ, ઘોષ		
	અલ્પપ્રાણ	મહાપ્રાણ	અલ્પપ્રાણ	મહાપ્રાણ	અલ્પપ્રાણ
કંઠ	ક	ખ	ગ	ઘ	ઙ
તાલુ	ચ	છ	જ	ઝ	ઞ
મૂર્ધા	ટ	ઠ	ડ	ઢ	ણ
દંત	ત	થ	દ	ધ	ન
ઓષ્ઠ	પ	ફ	બ	ભ	મ
તાલુ		શ	ય		
મૂર્ધા		ષ	ર		આ પાંચ
દંત		સ	લ		વર્ણો નાસિકા
કંઠ		સ઼		હ	સ્થાનની
દંતતાલુ				જ઼	મદદથી
મૂર્ધતાલુ			ડ઼	ઢ઼	ઉચ્ચારાય છે.
દંતઓષ્ઠ			વ		
જિહ્વામૂલ				ળ	

૧૪. અસમસ્ત શબ્દોમાં સ્વરભારવાળા અનંત્ય સ્વર પહેલાંનો સ્વર સ્વરભારવાળો નથી.

૧૫. જેના ઉપર ભાર નથી એવો અનાદિ અ (સંયુક્ત વ્યંજનમાં

અનુસ્વાર અનુનાસિક અને વિસર્ગ એ સ્વરના ધર્મ છે એટલે તેના જુદા પ્રયત્ન નથી; માત્ર સ્થાન જુદાં છે. (જુઓ **સ્થાન.**)

સ્વરો બધા જ અલ્પપ્રાણ છે. આ ઉપરથી એક તત્ત્વ સમજાશે કે પ્રયત્ન વિના વર્ણોત્પત્તિ નથી જ.

તા. ૨ : ૧૦ : ૧૯૩૩

[એસ. પી. શાહ સ્મારક ગ્રંથ : સને ૧૯૪૧, પૃ. ૮૧–૮૯]

૪. વર્ણશિક્ષા

સંસ્કૃત ભાષામાં વૈદિક ઉચ્ચારણોને યથાસ્વરૂપ જાળવી રાખવાને માટે મહર્ષિઓએ પ્રાતિશાખ્યો તેમ જ શિક્ષાગ્રંથો રચ્યા છે; તેને પ્રતાપે અદ્યાપિ-પર્યંત એક માત્રાના પણ ફેરફાર વિના સંહિતા-પાઠો સચવાઈ રહ્યા છે. પાણિનિની અષ્ટાધ્યાયી ઉપરના મહર્ષિ પતંજલિના મહાભાષ્યમાં પસ્પશ આહ્નિકમાં ઉચ્ચારશુદ્ધિ ઉપર અતિ વજન આપવામાં આવેલું છે. સ્વર તેમ જ વર્ણથી દુષ્ટ એવા શબ્દના પ્રયોગનો પતંજલિ સખત નિષેધ કરે છે. સમજ વિનાના ખાલી પાઠ માત્રને તે અગ્નિ ન હોય ત્યાં સૂકાં લાકડાં નાખી અગ્નિ મેળવવાની ઇચ્છા સાથે સરખાવે છે.

ન મળેલો હોય તેવો કે સંયુક્ત વ્યંજન જેના પછી આવતો ન હોય તેવો અથવા સંયુક્ત વ્યંજનનું ઉચ્ચારણ ઢીલું હોય તો તે પૂર્વેનો **લઘુપ્રયત્ન** છે, પછી શબ્દ તત્સમ હોય કે તત્સમેતર. **પ્રયત્નભેદવાળા એકના એક વર્ણને જુદા સંકેતોની આવશ્યકતા નથી; બાકીનાને માટે લિપિમાં સંકેતોની જરૂર છે.**

ઉમેરણ—આ લઘુપ્રયત્ન અકાર ઉપરાંત, એકલા ઇ–ઉ–ઉપર સ્વરભાર નથી હોતો ત્યારે તે પણ લઘુપ્રયત્ન કિંવા અર્ધમાત્રિક ઉચ્ચારાય છે. **કાંઈ,** ભાઇ, જનોઇ, જમાઇ, સમાઇ, મૂંઝાઇ, ગાઉ, કમાઉ, ખરચાઉ, અગાઉ વગેરે.

તા. ૧૨–૮–'૪૮

જુદાં જુદાં સ્થાનોમાંથી પ્રયત્નભેદે અનેક વર્ણો ઉત્પન્ન થાય છે, તેમ વિલંબનાદિ વિધાનથી મૂળ સ્વરોમાંથી સાધિત સ્વરો ઉત્પન્ન થાય છે. એ બધાનો ઝીણામાં ઝીણો ઉચ્ચારણ-ભેદ સમઝપૂર્વક જાણવાથી અશુદ્ધ ઉચ્ચારણનો સંભવ નથી. અકારનો વિવૃતિવિધાનથી આ ઉત્પન્ન થાય છે તે જાણવા માત્રથી આકારના ખરા સ્વરૂપનું આપણને ભાન નથી થતું. તેની મીમાંસા કરતાં સમઝાય છે કે હ્રસ્વ અકાર સંવૃત છે. અકારનો ઉચ્ચાર કરતાં ઓષ્ઠ અને મુખના ઉચ્ચનીચ ભાગો જેટલા દૂર રહે છે તેના કરતાં આકારના ઉચ્ચારને સમયે તેનું અંતર વધી જાય છે, મુખ વિશેષ પ્રમાણમાં ખુલ્લું થાય છે; આ વિધાન તે **વિવૃતિવિધાન. અ** સિવાયના બધા સ્વરો વિવૃત નામના આભ્યંતર પ્રયત્નના ભેદમાં સમાવિષ્ટ થાય છે. તે જ રીતે 'એ–ઓ' વિવૃત છે. તેમાંથી **વિવૃતિવિધાનને લીધે વિવૃતતર** ઍ–ઑ નિષ્પન્ન થાય છે. અને આ થવામાં મુખની જે સ્થિતિ થાય છે તે જ સ્થિતિ આ 'ઍ–ઑ' નિષ્પન્ન થવામાં છે.

અ, કવર્ગ, સ, હ, અને વિસર્ગ એ વર્ણો કંઠમાંથી ઉત્પન્ન થાય છે; આમ છતાં અવર્ણના ઉચ્ચારણને સમયે જીભને કંઠસ્થાનમાં સ્પર્શ કરવો પડતો નથી, જ્યારે કવર્ગના ઉચ્ચારણને સમયે કંઠસ્થાનમાં સ્પર્શ કર્યા સિવાય કવર્ગ-નિષ્પત્તિ થતી જ નથી. તેથી ઊલટું સ, હ અને વિસર્ગના ઉચ્ચારણને સમયે અકારોચ્ચારણ જેવી જ સ્થિતિ રહે છે; એમ છતાં અવર્ણોચ્ચાર–સમયે પ્રાણ અલ્પ રોકાય છે, જ્યારે સ–હ નો તફાવત જોવા જેવો છેઃ બંનેમાં કંઠયત્વ અને મહાપ્રાણત્વ હોવા છતાં હ ના ઉચ્ચારણને સમયે રણકા જેવો ધ્વનિ ઊઠે છે અને વર્ણોચ્ચાર સુકોમળ રીતે થાય છે, જ્યારે સના ઉચ્ચારણને સમયે રણકા જેવો ધ્વનિ તો નથી ઊઠતો પણ વર્ણોચ્ચાર કઠોર થાય છે. ઘોષ અને અઘોષનું આ તારતમ્ય ક, ખ, ગ, ઘ, ઙ નાં ઉચ્ચારણોમાં એ જ રીતે પ્રયત્નભેદે છે.

[1]આ જ રીતે બીજા બધા વર્ણો સ્થાન અને પ્રયત્નના ભેદે ભિન્ન ભિન્ન ઉત્પન્ન થાય છે. બાળકોનાં ઉચ્ચારસ્થાન બરોબર કેળવાયેલાં નથી હોતાં. તેઓમાં પ્રયત્ન હોવા છતાં ઉચ્ચારસ્થાનની કેળવણીના અભાવે એકને બદલે બીજો વર્ણ બોલાતો સાંભળિયે છિયે. જન્મથી જ કેટલીક જાતિઓ અમુક જાતના વર્ણો ઉચ્ચારી જ શકતી નથી. ઉદાહરણ તરીકે વોરાઓ તવર્ગનો ઉચ્ચાર સામાન્ય રીતે નથી કરી શકતા. ગ્રામીણ પ્રજા ચ–છ ને સ્થળે સામાન્ય રીતે સ પ્રયોજે છે; જ–ઝ ને બદલે જ઼ ઉચ્ચારે છે, જ્યારે શ ષ સ એ ત્રણેયને બદલે કંઠ્ય મહાપ્રાણ સ નો પ્રયોગ કરે છે. સોરઠમાં નાગરેતર શિષ્ટ પ્રજા પણ જિહ્વામૂલીય ળકારનો શુદ્ધ ઉચ્ચાર નથી કરી શકતી, અને તેથી તેને સ્થળે સામાન્ય રીતે રકાર અને જ્યાં રકારથી અન્યથાર્થ-ભ્રાંતિ ઉત્પન્ન થતી લાગે ત્યાં સ્વાભાવિક રીતે લકારનો પ્રયોગ કરે છે.

---

૧. ટૂંકમાં બીજાં સ્થાનોમાંથી ઉત્પન્ન થતા વર્ણોની સમજ આ છેઃ—

ઇવર્ણ, ચવર્ગ, ય અને શ એનું તાલુસ્થાન છે. આ વર્ણો તાળવામાંથી ઉચ્ચારાતા હોવા છતાં ઇવર્ણનું ઉચ્ચારણ જિહ્વાગ્ર તાળવા તરફ વળતાં જ સ્થાનને સ્પર્શ કર્યા વિના થાય છે; યને સમયે જરા સ્પર્શ થાય છે, જ્યારે શકારને સમયે મુખ વધુ ખુલ્લું થાય છે. ચવર્ગમાં પણ ચ–છ કઠોર છતાં ચ અલ્પપ્રાણ જ્યારે છ મહાપ્રાણ. જ–ઝ સુકોમલ છતાં જ અલ્પપ્રાણ, ઝ મહાપ્રાણ, અને ઞ અલ્પપ્રાણ, સુકોમલ, છતાં નાસિકાસ્થાનની મદદથી બોલાય છે. મિશ્રસ્થાનીય દંતતાલવ્ય જ઼ 'ઝ'થી તરત જુદો પડી આવે છે.

ટવર્ગ, ર અને ષનું મૂર્ધસ્થાન છે. તાળવા અને ઉપરના દાંત વચ્ચે કરકરિયાંવાળો ભાગ તે મૂર્ધા. ટવર્ગોચ્ચારણ વખતે મૂર્ધસ્થાનમાં જિહ્વાગ્રનો પૂરો સ્પર્શ, રને સમયે કાંઇક અને ષને સમયે સ્પર્શ નહિ પણ મુખ વધુ ખુલ્લું રહે. ટવર્ગમાં પણ ટ–ઠ કઠોર, તેમાં ટમાં પ્રાણ ઓછો ખેંચવો પડે, જ્યારે ઠમાં વધુ; ડ–ઢ સુકોમલ છતાં એક અલ્પપ્રાણ, બીજો મહાપ્રાણ. ણ સુકોમલ અને અલ્પપ્રાણ છતાં નાસિકાસ્થાનમાંથી બોલી શકાય. મિશ્રસ્થાનીય મૂર્ધતાલવ્ય કિંવા મૂર્ધન્યતર ડ઼–ઢ઼ સુકોમળ છતાં એક અલ્પપ્રાણ, બીજો મહાપ્રાણ.

તવર્ગ, લ અને સનું દંતસ્થાન, એટલે ઉપરના દાંતોનાં મૂળ. તવર્ગો-ચ્ચારણ-સમયે દંતસ્થાનમાં સ્પર્શ પૂરો. લને સમયે કાંઇક અને સને સમયે

ભાવનગર અને ચરોતર વગેરેમાં વિવૃતતર ઍ–ઑ, તેનાં યોગ્ય સ્થળોએ ત્યાંની પ્રજા બરાબર ઉચ્ચારી શકે છે. તેથી ઊલટું તે સિવાયના અન્ય પ્રાંતોમાં વિવૃતતર ઍ ઑ ના સાદા એ–ઓ તો ઠીક પણ તેવા અંગ્રેજી શબ્દોમાંના 'ઍ ઑ' ને સ્થળે પણ સાદા 'એ–ઓ' પ્રયોજે છે. બેશક જે પ્રાંતીય ભેદો છે તે જુદા જુદા પ્રાંતની પ્રજા ઉચ્ચારી ન શકે; તેમ છતાં જે સામાન્ય રીતે સમાન ઉચ્ચારણો હોય તે કેળવાયેલી પ્રજા એક સરખી રીતે ઉચ્ચારી શકે છે. **વર્ણશિક્ષાનું** પ્રયોજન પણ એ સર્વ સામાન્ય ઉચ્ચારણો માટે છે. ગુજરાતી ભાષા એ આખા ગુજરાત પ્રાંતની મહાભાષા છે. ગુજરાતી ભાષા તરફ જેને પ્રેમ છે તેવો તેનો સપૂત તેનાં ઉચ્ચારણોનો થતો નાશ ન જ જોઈ શકે.

જ્યાં તવર્ગોચ્ચારણ સમયે જિહ્વાગ્ર અડકે છે, તેથી સહેજ ઉપર ખેંચવા છતાં સ્પર્શ ન કરે, ને મુખ વધુ ખુલ્લું રહે. તવર્ગમાં પણ ત–થ કઠોર છતાં એક અલ્પપ્રાણ, બીજો મહાપ્રાણ. દ–ધ સુકોમલ છતાં એક અલ્પપ્રાણ, બીજો મહાપ્રાણ. **ન** સુકોમલ અને અલ્પપ્રાણ હોવા છતાં નાકમાંથી જ ઉચ્ચારાય.

ઉ, પવર્ગનું ઓષ્ઠસ્થાન, તેમ છતાં પવર્ગોચ્ચારણ–સમયે બંને હોઠ બરાબર બિડાય, જ્યારે 'ઉ'માં વચ્ચે અંતર રહે. પ–ફ કઠોર છતાં **પ** અલ્પપ્રાણ, **ફ** મહાપ્રાણ. **બ–ભ** સુકોમલ છતાં બ અલ્પપ્રાણ, ભ મહાપ્રાણ. **મ** સુકોમલ અને અલ્પપ્રાણ હોવા છતાં નાકની મદદથી જ બોલાય.

વ સુકોમળ અને અલ્પપ્રાણ છતાં ઉપરના દાત અને નીચલા હોઠથી બોલાય. આમ બથી તેનો ભેદ. બમાં જિહ્વાગ્રનો હોઠને સ્પર્શ, જ્યારે વમાં મિશ્રસ્થાનને સહેજ સ્પર્શ.

ળ સુકોમળ, મહાપ્રાણ અને જિહ્વાગ્રના મૂળમાંથી ઉચ્ચારાય, જે સમયે જિહ્વાગ્ર ગુલાંટ મારી જિહ્વાના મૂળ તરફ ખેંચાય. એટલી જીભ જેની કેળવાયેલી નથી હોતી તેની જીભ લંબાતાં મૂર્ધસ્થાનમાં સહેજ પૂગે તો **ર** અને બાકી દંતસ્થાનમાં તો પૂગે જ, જેથી **લ** બોલી જવાય.

એ–ઍ–ઐ ઓ–ઑ–ઔ એ બે કંઠતાલુ અને કંઠ–ઓષ્ઠથી ઊપજતાં ઝૂમખાંઓમાં ઉચ્ચારણ–સમયે મુખ ખુલ્લું રહે, છતાં ઍ–ઑમાં વધુ ખુલ્લું રહે, જ્યારે ઐ–ઔમાં જીભ પાછળ ખેંચાય, સાથે પોતપોતાનાં સ્થાનમાં અથડાય.

ઉચ્ચારણના દોષને લીધે ભાષાનું સ્વરૂપ નષ્ટ થાય છે. પ્રથમ આપણા આર્યોની એક જ ભાષા હતી, તેમાંથી જેમ જેમ લોકો જુદા જુદા દેશમાં પથરાતાં ગયાં, તેમ તેમ હવા, પાણી, દેશ, કાળ, ત્યાંની સ્થાયી પ્રજાનો સંસર્ગ, સામાન્ય પ્રજાની ઓછી કેળવણી એ અને એવાં બીજાં અનેક કારણોને લીધે નવી નવી ભાષાઓ મૂળમાંથી વિકાર પામતી પામતી ઉત્પન્ન થવા લાગી. એ વિષય અહીં અપ્રસ્તુત હોવાથી વધુ આપવો યોગ્ય નથી. આ બધા ઉપરથી તત્ત્વ એ લેવાનું કે આપણા ગુજરાતની મહાભાષા ગુજરાતી જીવંત સ્વરૂપવાળી છે. ઉપરનાં કેટલાંક કારણોને લીધે ભાષામાં દિનપ્રે દિન વિકારો તો થવાના જ. તે વિકારો પોતાનું સામ્રાજ્ય સંપૂર્ણપણે જમાવી નવી ભાષા ઉત્પન્ન કરે તે સમયે આપણી અત્યારની ભાષાનું ખરું સ્વરૂપ જાણવું મુશ્કેલ થઇ પડે. આ કારણથી કેળવાયેલા લોકોમાં ભાષાનું ખરું સ્વરૂપ સચવાઈ રહે એ માટે વ્યાકરણ કોશ વર્ણશિક્ષા આદિ સાધનોની અપેક્ષા રહે છે.

વર્ણોચ્ચાર કરતાં ઘણી ચીવટ રાખવી જોઇએ. આ સંબંધે પ્રાચીન શિક્ષાકારો પાણિનિ-યાજ્ઞવલ્કય-આદિ મહર્ષિઓએ ખાસ સૂચનાઓ આપી છે તે દુનિયાભરની ભાષાઓ માટે પણ અતિ ઉપયોગી છે. તે મહર્ષિઓએ નીચેના ૧૪ પ્રકારે **વર્ણોચ્ચાર-દોષ** માન્યો છે:—

શંકિત, ભીત, ઘોઘરું, અવ્યક્ત, અનુનાસિક, કાકસ્વર, કાપાળી સ્વર, સ્થાન રહિત, ભિન્ન સ્વર, વિરસ, ગડગડિયું, આકરું, વિશ્લિષ્ટ, તાલુ-દોષવાળું. આમ ૧૪ પ્રકારનું ઉચ્ચારણ દોષાત્મક છે.

વર્ણોચ્ચાર-ગુણ:—માધુર્ય, સ્પષ્ટ અક્ષર, પદચ્છેદ, સુસ્વર, ધૈર્ય અને લય સહિત, આ ૭ વર્ણોચ્ચારના ગુણ છે.

પાણિનિ અને યાજ્ઞવલ્કય નીચેના ૭ને અધમ પાઠક ગણે છે:—

૧. ગાતો હોય તેમ બોલનાર, ૨. ઉતાવળું બોલનાર, ૩. માથું ધુણાવતો બોલનાર, ૪. સમજ વિના માત્ર લખ્યું જ વાંચનાર, ૫. અર્થના ભાવ વિના બોલનાર અને ૬. મંદકંઠે બોલનાર.

મુખમાંથી પડી જશે યાતો કરડાઈ જશે તેવા ભયથી વાઘણ જે પ્રમાણે પોતાનાં બચ્ચાંઓને દાઢથી લઈ જાય છે, તેને લેશ પણ તકલીફ થવા દેતી નથી, તે પ્રમાણે વક્તાએ વર્ણોચ્ચાર યથાસ્થાન તેમ જ યથાપ્રયત્ન બરાબર જાળવી કરવાનો છે.

સ્વરના સંસ્કૃત વૈયાકરણોએ ત્રણ ભેદ આપ્યા છે: ૧. હ્રસ્વ, ૨. દીર્ઘ અને ૩. પ્લુત. હ્રસ્વ એક માત્રાનો સમય રોકે છે; [૨]દીર્ઘ બે

---

૨. આ, ઈ, ઊ, એ, એ, ઐ, ઓ, ઓ, ઔ આ સ્વરોનાં દીર્ઘ ઉચ્ચારણ છે: ગુજરાતીમાં પણ તેનાં ઉચ્ચારણો દીર્ઘ છે. આમાંના–એ–ઓ નાં હાલની ભાષાઓમાં હ્રસ્વ ઉચ્ચારણો પણ છે. જૂની પાલિ, પ્રાકૃત, અપભ્રંશમાં એ–ઓ હ્રસ્વ હતા. એ ભાષાઓમાં એવો એક સામાન્ય નિયમ છે કે જોડાક્ષરની પૂર્વનો વર્ણ હ્રસ્વ જ લખાય અને જોડાક્ષરના આદ્યવર્ણના થડકાથી માત્રા બે રહે. આમ છતાં તેવા સંજોગોમાં એ–ઓવાળા શબ્દો મળી આવે છે ત્યાં માત્ર તે એ–ઓ હ્રસ્વ માન્યા છે. અંગ્રેજી ભાષામાં જેમાં તેની વર્ણમાલાનો 'ઈ' સ્વર હોય છે તેવા શબ્દોમાં તેનું હ્રસ્વ ઉચ્ચારણ અનુભવાય છે. જેમકે પેન, પેન્સિલ વગેરે. ગુજરાતીમા પણ સ્થળ પ્રમાણે દેખ–બે લ વગેરે ધાતુઓ ઉપરથી આવેલા સાધિત ધાતુઓમા સ્વરભાર પ્રત્યયના આદિ સ્વર ઉપર રહેતો ન હોવાથી એ–ઓ અસ્વરિત થતાં હ્રસ્વ જેવા ઉચ્ચારાતા હોય તેમ મળી આવે છે; છતાં શિષ્ટ લોકો ખોટી રીતે દીર્ઘ ઉચ્ચારે છે. મધ્યકાલીન ગુજરાતીમાં હ્રસ્વ એ–ઓ કેટલીક વાર સાંપડે છે. ભવિષ્ય કાળનાં રૂપોમાં પ્રથમ-દ્વિતીય પુરુષમાં એશ તેમ જ યોસ પ્રત્યયવાળાં રૂપો મળે છે, જેવાં કે કરેશ, ગાયોસ વગેરે. આમાં ઉચ્ચારણ પ્રાય: હ્રસ્વ જ હોય છે. પ્રાય: કહેવાનું પ્રયોજન એ કે ઘણે પ્રસંગે દીર્ઘોચ્ચારણ પણ હોય છે. તે જ રીતે તમ્યો–તહ્મો, અમ્યો–અહ્મોમાં ઉચ્ચારણ હ્રસ્વ મળે છે. મધ્યકાલીન ગુજરાતીની ત્રીજી ભૂમિકામાં અર્વાચીન ગુજરાતીમાં જ્યાં 'એ' પ્રત્યય તેમ જ બેસવું, પેસવું, ધૈર્ય, પૈર્ય વગેરે શબ્દો હોય છે, ત્યાં હ્રસ્વ ઈકાર પ્રયોજાયેલો દીસે છે: બિસિ; પિસિ, ધિરિ, પિરિ તેમ જ ઓકારને સ્થળે આવ્યુ, ગયુ, કુણ. વગેરે. આ રૂપો પ્રથમ ભૂમિકાના અઇ–અઉ ઉપરથી ઊતરી આવ્યાં છે. આમાં 'એ–ઓ'ના હ્રસ્વોચ્ચારણની અસર હોય તેમ લાગે છે. કરેશ, ગાયોસ, તમ્યો–હ્મો, અમ્યો–હ્મોમાં અઇ–અઉ એવા સંયોગો ન હોવાને લીધે તેમાં એ–ઓ એમ ને એમ રહ્યા છે. અત્યારે પણ ઉત્તર ગુજ૰માં બેસે

માત્રા જેટલો સમય રોકે છે, જ્યારે પ્લુત ત્રણ માત્રા જેટલો સમય. ગુજરાતી ભાષામાં સ્વરના હ્રસ્વ અને દીર્ઘ એ બે ભેદ જ રહ્યા. હિંદની બધી જ ભાષાઓમાં પ્લુત સ્વરનો પ્રચાર વ્યાકરણોમાંથી નષ્ટ થઈ ચૂકયો છે; માત્ર સંબોધનમાં અકારાંત શબ્દ હોય તો તેની પૂર્વેનો સ્વર અને અકાર સિવાયનો સ્વર અંતે હોય તો તે પ્લુત ઉચ્ચારાય છે. ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિત એવા સ્વરોના ત્રણ

છે ને સ્થળે કાંઇક બિસિ છિ કિંવા 'બૅસે છૅ' એમ હ્રસ્વ એકારવાળાં રૂપો સંભળાય છે. જૂની હિંદીમાં પણ હ્રસ્વ એ–ઓ મળી આવે છે. ગુજરાતના કોઇ કોઇ ભાગમાં સ્વર પછી યેલું ને સ્થળે યલું આવું ઉચ્ચારણ કરવા તરફ વલણ છે તે इल्लના एलमांना ઉચ્ચારણને આભારી છે. ગયલું વગેરે તે ગયેલું છે.

આ હ્રસ્વ એ–ઓ અતિ પ્રાચીન છે. તુલનાત્મક ભાષાશાસ્ત્રીઓએ જૂની અવેસ્તા, લેટિન, ગ્રીક વગેરે વૈદિક ભાષાની સહચરી ભાષાઓ અને સહચરી ભાષાઓમાંથી ઊતરી આવેલી ભાષાઓમાં તેનાં સ્થળો બતાવ્યાં છે. વૈદિકમાં જ્યાં અકાર છે તેવા ઘણા શબ્દોમાં તે સહચરી ભાષાઓમાં હ્રસ્વ એ અથવા ઓ મળી આવે છે.

સં.	અ.	સં.	અ.
नरम्	नरेम् (ए હ્રસ્વ)	अहम्	आजेम् (ए હ્રસ્વ)
रथम्	रथेम् (,, ,,)	वयम्	वयेम (,, ,,)
अयम्	अयेम् (,, ,,)	अस्माकम्	अह्माकेम् (,, ,,)
સં.	લે.	સં.	લે.
अष्ट	ओक्टो (ओ હ્રસ્વ)	सप्त	सेप्टम् (ए હ્રસ્વ)
पति	पोटिस (,, ,,)	दश	डीसेम् (,, ,,)

વગેરે અનેક ઉદાહરણો છે.

[અવેસ્તામાં 'એ' હ્રસ્વ છે. એ ભાષામાં હ્રસ્વ–દીર્ઘ–ભેદે एના ત્રણ અને ओ ના બે ભેદ છે.]

ઉમેરણ:—એ–ઓ નાં ચાર ઉચ્ચારણો આજે ગુજરાતમાં સ્પષ્ટ છે, અને ભાષાશાસ્ત્ર તેમ વ્યાકરણમાં એ નોંધવાં જોઇયે. તા. ૧૨–૮–'૪૪]

જે બાહ્ય પ્રયત્ન આપ્યા છે તેમ જ સંવૃત–વિવૃત એવા સ્વરોના જે આભ્યંતર પ્રયત્ન આપ્યા છે તેનું બરાબર ધ્યાન રાખવાથી વક્તા ઉચ્ચારદોષમાંથી બચી જાય છે. ઉચ્ચારદોષ એ વક્તાનું મોટામાં મોટું દૂષણ છે. ગમે તેવું સારું કહેવાની શક્તિવાળો વક્તા હોય પણ જો તેનામાં ઉચ્ચારદોષ હોય તો શ્રોતાઓ ઉપર તેના શબ્દની કીમત ઢીલી પડે છે.

ઉપર વર્ણશિક્ષામાં પ્રયત્નના બે ભેદ માંહેલા આભ્યંતર પ્રયત્નના પાંચે પ્રકાર અને બાહ્ય પ્રયત્નના ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, ઘોષ, અઘોષ, અલ્પપ્રાણ અને મહાપ્રાણમાં જે જાતની મુખમાં ક્રિયા થાય છે તેનું સૂચન થઈ ચૂકયું છે. બાકી રહેલા વિવાર, સંવાર, શ્વાસ, નાદ આ ચાર પ્રયત્નમાં જે જાતની ક્રિયા છે તે સમઝવા જેવી છે. આના જ્ઞાનથી વર્ણસંબંધી શિક્ષા સંપૂર્ણ થાય. જેટલા અઘોષ કિંવા કઠોર વર્ણો છે તેઓના ઉચ્ચારણમાં મુખ અંદરના ભાગમાં વધુ પોલું કિંવા વિવૃત થાય છે, એટલે કે કંઠની બારી અને શ્વાસનળી વિકસિત થાય છે અને શ્વાસ ભરાય છે. કંઠની બારીનું વિકસિત થવું તે **વિવાર પ્રયત્ન** અને શ્વાસનળીનું વિકસિત થવું તે **શ્વાસ પ્રયત્ન**. ક, ખ, ચ, છ, ટ, ઠ, ત, થ, પ, ફ, શ, ષ, સ, સના ઉચ્ચારણમાં આ સ્વાભાવિક ક્રિયા છે, જ્યારે બાકીના વ્યંજનોમાં કંઠની બારી બિડાયા જેવી જ રહે છે; જ્યારે શ્વાસનળી સ્વાભાવિક સ્થિતિમાં જ રહે છે. કંઠની બારીની બિડાયા જેવી સ્થિતિ તે **સંવાર પ્રયત્ન** અને શ્વાસનળીની સ્વાભાવિક સ્થિતિ છતાં ધ્વનિ બહાર આવે જ, એ **નાદ પ્રયત્ન.**

આ રીતે વર્ણોના બારીક અભ્યાસથી વર્ણોચ્ચારણ સ્પષ્ટ અને સ્વાભાવિક બને છે.

તા. ૪–૧૦–૧૯૨૩

[ગુજરાતી પંચ-દીપોત્સવી અંક–સને ૧૯૩૭, પૃ. ૧૧–૧૨]

૫. ગુજરાતની બોલીઓ

સમગ્ર ભારતવર્ષ અનેક ભાષાઓમાં વિભક્ત છે એવા પશ્ચાત્યોના ફેલાવેલા સિદ્ધાંતને જ્યારે આપણે લક્ષ્ય કરિયે છિયે ત્યારે બુદ્ધિ બહેર મારી જાય છે. સૈકાઓ થયાં એક જ સંસ્કૃતિનાં ધાવણ ધાવી ઊજરેલા દેશને અનેક ભાષાઓ હોય એ ગળે ઊતરી શકતું નથી. અનેક ભાષાઓ નક્કી કરનારા વિદ્વાનોને પણ મૂળમાં ભારતવર્ષમાં બેથી ત્રીજી પૂર્ણ ભાષાનો પત્તો લાગ્યો નથી એ સત્ય જ્યારે આપણા સમક્ષ ખડું થાય છે ત્યારે જ અનેક ભાષાઓ હોવાના વાદનું તથ્ય (?) સમઝાય છે.

આપણો સિલસિલાબંધ ઇતિહાસ મળે છે તે પહેલાંની વાત કરતાં ભારતવર્ષનો ભાષાની દૃષ્ટિએ ખ્યાલ કરતાં બે પ્રકાર જાણવામાં આવ્યા છે; તે આર્ય અને દ્રવિડ. એની પૂર્વે ભારતવર્ષમાં એક પછી એક "નિગ્રો" અને "ઑસ્ટ્રો" ભાષાભાષી પ્રજા થઇ ગઈ છે એવો એક વાદ છે; અને તેના અવશેષો આર્ય અને દ્રવિડ એ બેઉ ભાષાઓના વંશવેલામાં સચવાઈ પણ રહેલા છે; પણ માત્ર થોડા અવશેષરૂપે થોડા શબ્દોમાં જ. એનું સ્વતંત્ર ભાષાત્વે અસ્તિત્વ આજે ભારતવર્ષમાં કયાંય પણ નથી રહ્યું. સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી માત્ર બે જ પ્રધાન ભાષાઓ ભારતવર્ષમાં આજ દિવસ સુધી જળવાઈ રહેલી છે; તે આર્ય અને દ્રવિડ. નીચેના દક્ષિણ ભારતવર્ષમાં દ્રવિડ ભાષામાંથી ઊતરી આવેલી સંખ્યાબંધ બોલીઓ છે, જેના ઉપર પણ આર્યભાષાના શબ્દકોશની ભારે લાદણી થઇ ચૂકી છે; એટલે કે ભાષાને લગતું બંધારણ બાદ કરતાં શબ્દસંગ્રહમાં કેટલોક ભાગ આર્ય-શબ્દોનો છે. ઊલટ પક્ષે આર્યભાષામાંથી ઊતરી આવેલી સંખ્યાબંધ બોલીઓમાં દ્રવિડ શબ્દોનું પ્રમાણ તુલનામાં કાંઇક ઓછું છે. છતાં આ બે યૂથની ભાષાઓનું બંધારણ ભારતવર્ષમાં સ્વતંત્ર રીતે છે જ અને તે જ ભારતવર્ષમાં પ્રધાન બે યૂથ–આર્ય અને દ્રવિડ–ની ભાષાઓના અસ્તિત્વને કહે છે.

આર્યભાષા અને દ્રવિડભાષા મૂળે ભારતવર્ષની નથી; એ બહારથી અહીં આવેલી પ્રજાએ લાવી છે અને તે અહીં સ્થિર થઇ છે. આમાં દ્રવિડભાષાનો આગમ જૂનેરો છે. ઈ. સ. પૂર્વે ૩૫૦૦ થી પૂર્વના સમયમાં દ્રવિડભાષાભાષીઓ રફતેરફતે આ ભૂમિમાં આવી સ્થિર થઇ ચૂક્યા હતા. મોહેન્જોડારો અને હરાપ્પામાં મળેલા અવશેષોમાંથી અભ્યાસની દૃષ્ટિએ જે કાંઇ મંતવ્યો જાહેરમાં આવ્યાં છે તેને જોતાં એ સ્થાનોની તત્કાલીન સંસ્કૃતિ આર્યેતર જણાય છે. ઇ. સ. પૂર્વે ૩૫૦૦ ની આશરાની સંધિથી નજીકના સમયમાં આર્યપ્રજાઓ ભારતવર્ષમાં રફતે રફતે આવવા લાગી; દ્રવિડ ભાષાભાષીઓ ધીમેધીમે દક્ષિણ ભારતવર્ષમાં ખસવા લાગ્યા અને ઈ. સ. પૂર્વે ૧૫૦૦ આસપાસ આવતાં તે સમગ્ર ભારતવર્ષમાં બંને ભાષા અને બંને સંસ્કૃતિ વચ્ચે પુષ્કળ લેવડદેવડ થઇ ગયેલી માલૂમ પડે છે. ઋગ્વેદની ભાષાનું સ્વરૂપ જોતાં તેમાં દ્રવિડમૂળના શબ્દો અને આર્યયૂથની ભાષાઓને અપરિચિત એવા મૂર્ધન્યવર્ણો સિદ્ધસ્વરૂપે સ્થાપિત થઈ ગયેલા મળે છે. અને સૂત્રકાળમાં આવતાં ધાર્મિક અને સામાજિક રીતરિવાજોમાં પણ પરસ્પર ખૂબ વિનિમય થઇ ગયેલો જણાય છે. આર્યોને અપરિચિત એવી મૂર્તિપૂજા અને યોગની વિદ્યા એ આર્યોને દ્રવિડો તરફથી મળેલી છે, તો ઊલટ પક્ષે દ્રવિડ પ્રજામાં તત્ત્વજ્ઞાન અને ધાર્મિક તેમ જ સામાજિક સંખ્યાબંધ વિધિઓ દાખલ થઈ ગઇ. અને આજે તો ધાર્મિક અને સામાજિક બંધનોમાં આર્યો અને દ્રવિડપ્રજામાં સૂચક ભેદ શોધ્યોયે જડતો નથી. સંસ્કૃતિની દૃષ્ટિએ (માત્ર જૂજજાજ અપવાદે) ઉભય પ્રજાની અલગ સંસ્કૃતિ છે એમ કહી શકાય તેવી આજે સ્થિતિ રહીયે નથી.

આ દૃષ્ટિએ વિચાર કરતાં સંસ્કૃતિથી એકતા અનુભવતા આ દેશમાં અનેક વિભિન્ન ભાષાઓ છે એમ કહેવું એ ન્યાય્ય લાગતું નથી. એથી ઊલટું એમ કહેવું પ્રાપ્ત થાય છે કે ભારતવર્ષમાં પ્રધાન બે ભાષાઓ છેઃ આર્ય અને દ્રવિડ. અને આજે પ્રાંતપ્રાંતની દૃષ્ટિએ

અનેક ભેદો મળે છે તે ભાષાઓ નહિ, પણ બોલીઓ છે. પરસ્પર પુષ્કળ ભેદ ઉચ્ચારણભેદે વિભિન્ન શબ્દવિકૃતિઓને આભારી છે, નહિ કે વિભિન્ન બંધારણને, કેમકે નહિ તો ૧૦ મી સદીમાં બંગાળા અને નેપાળમાં સાહિત્યની બોલી તરીકે સ્વીકારાયેલા સ્વરૂપની ગુજરાત અને મારવાડની તત્કાલીન સાહિત્યની બોલી સાથે જે એકરૂપતા છે તે શા માટે છે તેનો ખુલાસો મેળવી શકાય નહિ.

ભારતવર્ષમાં લગભગ દર હજાર વર્ષે એક આશ્ચર્ય બન્યું છે તે કાંઈક લક્ષ્યમાં લેવા જેવું છે. આજે વીસમી સદીમાં સમગ્ર ભારતવર્ષમાં વ્યવહારની એક બોલી તરીકે હિંદી-હિંદુસ્તાનીનું સ્થાન સર્વમાન્ય થયું છે. સર્વમાન્ય ન થયું એમ માનનારાઓને પણ દક્ષિણના થોડા ભાગને બાદ કરતાં વ્યવહારમાં અનિચ્છાએ પણ હિંદી-હિંદુસ્તાનીનું અનુસરણ કરવું પડે છે. એ વિના આમવર્ગ સાથેનો વ્યવહાર મુશ્કેલ બને છે. રાષ્ટ્રિય દૃષ્ટિએ પણ આવી એક સર્વસામાન્ય અને સર્વમાન્ય બોલીનો સ્વીકાર આવશ્યક બને છે. દસમી સદીમાં આ જ કારણે સમગ્ર ભારતવર્ષમાં અપભ્રંશને સર્વસામાન્ય કે સર્વમાન્ય સ્થાન મળ્યું હતું તે આપણે જાણતા નથી. પણ આજે હિંદી-હિંદુસ્તાનીનું જે સન્માન છે તે રીતે નહિ, પણ તે વખતની સમગ્ર પ્રાંતીય બોલીઓને એક પ્રધાન અપભ્રંશની પેટાબોલીઓ તરીકે જ વૈયાકરણોએ નોંધી છે. થોડા પ્રાંતભેદોથી બંધારણ એકસરખું જ છે. દ્રવિડ ભાષાઓથી સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવતા દ્રવિડ અપભ્રંશનું નામ પણ વૈયાકરણોએ નોંધ્યું છે. જે કાંઈ આપણે આ ઉપરથી અનુમાન કરી શકિયે છિયે તે એ કે દસમી સદી સુધીમાં અપભ્રંશ રાષ્ટ્રભાષા તરીકે હતી. આજથી બે હજાર વર્ષ ઉપર જતાં આપણને તેવું એક સ્વરૂપ મળે છે, અને તે જેને આપણાં વ્યાકરણોમાં મહારાષ્ટ્રી પ્રાકૃત કહે છે તે. આજે જેને આપણે મહારાષ્ટ્ર કહિયે છિયે તે પ્રદેશની જ નહિ, પણ મધ્ય હિંદના મોટાભાગની એ પ્રધાન સાહિત્યકીય બોલી હતી, એમ તત્કાલીન સાહિત્યથી સમઝાય છે. આ પૂર્વેના એક હજાર

વર્ષ ઉપર આ દેશનું સ્થિર થયેલું રૂપ તે સંસ્કૃત ભાષા છે, એમ કહેવામાં બાધ નથી. તે વખતે એ બોલાતી સર્વમાન્ય ભાષા હશે એ સામે વિરોધી દલીલો મળતી નથી. સંસ્કૃતની સર્વમાન્યતાની પડછે પાલિ આર્ધમાગધી અને શૌરસેની વિકસેલી. આમાંની પેલી અને છેલ્લી મધ્યદેશની પ્રધાનભાષા હતી જ, જે મધ્યદેશની સંસ્કૃત પછી ગ્રામવર્ગમાં પ્રચારમાં હોવા વિશે મતભેદ જોવામાં આવતો નથી. વચ્ચેની કાંઈક પ્રાંતીય હશે; જો કે આજે મળતું તેનું રૂપ પ્રાંતીયતા કરતાં સાહિત્યની ભાષા તરીકે વધુ યોગ્ય રહ્યું છે. પાલિમાં પણ પ્રાંતીયતાના અંશો છે, છતાં તેમાં વ્યાપક તત્ત્વનું બાહુલ્ય છે, જ્યારે શૌરસેની (સાહિત્યકીય આ જ પ્રાપ્ત થતા સ્વરૂપવાળી નહિ, પણ ખરેખર બોલાતી હશે તે વખતની)નું રૂપ આપણે મેળવી શકતા નથી. તેના અવશેષ અર્ધમાગધીમાં પ્રાપ્ત થાય જ છે અને તેના વિકાર સાહિત્યકીય શૌરસેની અને દિગંબર જૈનસાહિત્યના ભાષાસ્વરૂપમાં પણ સચવાઈ રહ્યા છે. સંસ્કૃત અને મહારાષ્ટ્રી પ્રાકૃતના સમય વચ્ચે આ ત્રણ બોલીઓ ક્રમિક રીતે વિકસેલી હશે તે તેના બંધારણ ઉપરથી સમઝાય છે. ગ્રંથસ્થ સ્વરૂપમાં એ વચ્ચેના હજાર વર્ષના ગાળાનું લૌકિક બોલીનું પ્રાંતવાર ઉચ્ચારણની દૃષ્ટિએ જ ભેદ બતાવતું, નહિ કે બંધારણની દૃષ્ટિએ ભેદ બતાવતું રૂપ અશોકનાં શાસનપત્રની ભાષા છે. આ રૂપ એવું છે કે જે પાલિના શાસ્ત્રીય સ્વરૂપથી આ બાજુનું અને સ્વાભાવિક શૌરસેનીના પૂર્વ કાળનું છે. માત્ર તે મહારાષ્ટ્રી પ્રાકૃતના સ્વરૂપથી સારી રીતે પૂર્વનું છે. આ બધી બોલીઓમાં ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ઉચ્ચારણભેદ સિવાય બીજું તત્ત્વ શોધ્યું ખાસ જડતું નથી.

આ ત્રણ હજાર વર્ષની ભાષાનો આ પ્રકારે પ્રાપ્ત થતો ઇતિહાસ જોતાં આમાં સળંગ એકસૂત્રતા જ જળવાયેલી જોઇ શકાય છે. એમાંથી અનેક ભાષાઓ થઇ એમ કહેવાથી વિભિન્નતા બતાવી શકાય તેમ નથી. 'ભાષા' નામ સ્વીકારતાંયે એ 'બોલી'થી વિશેષ નામને પ્રાપ્ત થઈ શકતી નથી, કેમકે કુળની એક પરંપરાનો જ અનેકદેશી એ વારસો છે.

જે અર્થમાં પાશ્ચાત્યો ભાષા(language)ને ગણે છે તે સ્વરૂપમાં નહિ, પણ તેઓ જેને બોલી (dialect) કહે છે તે સ્વરૂપમાં એક કુળની ભાષા માટે **ભાષા** તરીકે હોવાનું ભરતનાટ્યશાસ્ત્ર જેટલું જૂનું મળે છે :

मागध्यवन्तिजा प्राच्या सूरसेन्यर्धमागधी ।
बाह्लिकी दाक्षिणात्या च सप्त **भाषाः** प्रकीर्तिताः ॥ (भ. ना. १७–१९)

માગધી, આવંતિકા, પૂર્વીય, શૌરસેની, અર્ધમાગધી, બાહ્લિકી અને દાક્ષિણાત્યા (=મહારાષ્ટ્રી પ્રાકૃત) આ સાત **ભાષાઓ** કહી છે.

આ ભાષાઓ તે એક જ કુળની સગી બહેનો છે, એટલે કે એક જ ભારતીય ભાષાપ્રકારની સંસ્કૃતની સાથોસાથ લોકમાં સર્વમાન્ય થઈ ચૂકેલી પ્રાકૃત પ્રાંતીય બોલીઓ છે.

આપણે આ બોલીઓને અને તેમાંથી ઊતરી આવેલી આપણી સંખ્યાબંધ પ્રધાન બોલીઓને તેનું ગણ્ય સાહિત્ય પ્રસિદ્ધિમાં આવવાને કારણે **ભાષા** કહિયે તે કાંઈ ગેરવાજબી નથી. પણ **ભાષા** કહેવાથી મૂળ એક જ **મહાભાષાની** એ વંશજ છે તે ખ્યાલ ભુલાવો ન જોઇયે.

એ જ મૂળ પ્રાંતીય બોલીઓમાંથી આજે ભારતવર્ષની પાશ્ચાત્યોએ કહેલી સંખ્યાબંધ ભાષાઓ અને બોલીઓ (દ્રવિડયૂથની બોલીઓને બાદ કરતાં) ઊતરી આવી છે. એને આજે **બાહ્યયૂથ મધ્યયૂથ** અને **આંતરયૂથ** એમ ગમે તે રીતે જોવામાં આવે છતાં તે કુલભ્રષ્ટ થઈ શકવાની નથી. એ બધી ભાષાઓ એક જ મહાભાષાના પરંપરિત ભેદો માત્ર છે.

ભારતવર્ષમાં આર્યો આવ્યા અને અહીં **ભારતી** (વૈદિકી)ભાષા સર્વમૂર્ધન્ય થઈ ત્યારથી ફરી પ્રાંતીય ભેદોમાં પ્રાકૃતો વિકાસ પામી. અત્યારે વિદ્વાનોએ આદિમ ભારતીય (Primitive Indian), મધ્ય ભારતીય (Middle Indian) અને અર્વાચીન ભારતીય (Modern Indian) એવી ભૂમિકાઓ સ્વીકારી છે. આમાં આદિમભારતીયથી વૈદિક અને સંસ્કૃત, મધ્યભારતીયથી પાલિથી માંડી અપભ્રંશ સુધીના

યુગની પ્રાકૃત ભૂમિકાઓ, અને અર્વાચીન ભારતીયથી અપભ્રંશના અંત સાથે ૧૧–૧૨ મા શતકથી આ બાજૂની આર્યકુળની દેશભાષાઓ સમઝવાની છે. પણ જ્યારે ભારતવર્ષની પ્રાકૃત બોલીઓની મીમાંસા કરવામાં આવે ત્યારે આં સંક્ષિપ્ત ત્રણ ભૂમિકા પૂરતી થતી નથી, તેને માટે વૈદિકી સંસ્કૃત સાથોસાથ પ્રાકૃતો ઊભી થઇ અપભ્રંશ સુધીમાં ભૂમિકાભેદ મેળવતી અર્વાચીન ભાષાઓમાં પરિણત થઈ ત્યાંસુધીમાં એક કરતાં વધુ ભૂમિકાને વશ બની જ છે. ગ્રિયર્સને એ માટે પ્રાકૃતોના પ્રાથમિક દ્વૈતીયિક અને તાર્તીયિક એવા જે ભેદ કહ્યા છે તે આવકારવા જેવા જણાય છે. વૈદિકી ભાષાની સમસામયિક પ્રાકૃત વિશે આપણી પાસે કાંઇ સિદ્ધ સામગ્રી નથી, છતાં વેદમાં જે થોડાં રૂપો સંસ્કૃતીભવન પામ્યાં છે યા પ્રાકૃત રૂપમાં જ સચવાઇ રહેલાં છે તેનાથી કાંઇ ખ્યાલ મેળવી શકિયે છિયે. તેને આપણે **પ્રાથમિક પ્રાકૃત** કહી શકિયે છિયે. પાલિ અર્ધમાગધી અને અશોકની ધર્મલિપિ એ જે જાતનો વિકાસ આપે છે તે વચ્ચે મધ્યની એક ભૂમિકા હોવાની જે શકયતા છે તે આપણને દ્વૈતીયિક પ્રાકૃતોની પૂર્વ ભૂમિકાનો ખ્યાલ આપે છે. દ્વૈતીયિક પ્રાકૃતોમાંથી પણ ફરી ત્રણેક ભૂમિકા આગળ આવ્યા પછી ૧૦–૧૨ મી સદીનું અપભ્રંશભાષાસ્વરૂપ આપણને મળે છે. પણ આ બધું પ્રાકૃત લાક્ષણિક સ્વરૂપ જ છે, એટલે દ્વૈતીયિક પ્રાકૃતોમાં જ સમાવિષ્ટ થાય છે. તાર્તીયિક પ્રાકૃતો તે **અર્વાચીન ભારતીય** છે, જે પણ અનેક ભૂમિકા છેલ્લાં ૮૦૦–૯૦૦ વર્ષમાં વટાવી આજના સ્વરૂપે આવી રહી છે. આપણે જ્યારે આ ભૂમિકાઓની વાત કરતા હોઇયે ત્યારે આવી પરંપરાનો ખ્યાલ આપવા નામકરણ કરિયે એ કાંઈ દોષ નથી, પણ વધુ સરળતાબોધક છે.

અર્વાચીન ભાષાભૂમિકામાં આવતાં આ કુળની બોલીઓમાં આપણા હાલના ગુજરાતની પ્રધાન બોલી તરીકે સ્વીકારાયેલી ગુજરાતી ભાષાનો વિચાર કરતાં અનેક ભૂમિકાભેદો આવે છે. આ ભાષાનું નામ **ગૌર્જર અપભ્રંશ** જ રાખિયે તોયે નભી શકે તેમ છે.

ગૌર્જર અપભ્રંશ એ ૧૦–૧૨મી સદીમાં આજની માત્ર ગુજરાતભૂમિનો નહિ, પણ તેથી ઉત્તરના પ્રદેશમાં પણ પ્રાધાન્યે પ્રચારમાં હતો. તે વખતે પ્રચારમાં હતો એ કહેવાથી આજે એ પ્રદેશમાં એ નથી જ એવું કાંઈ નથી; સરખા પ્રભાવે એ ઉભય જૂના પ્રદેશમાં આજે પણ પ્રાંતીયતાથી રહેલો છે. ટેસ્સિટોરીએ જેનું નામ પશ્ચિમ રાજસ્થાની કહ્યું છે તે ઉભય જૂના પ્રદેશના વ્યાપક તત્કાલીન ભાષાપ્રકારનું જ નામ છે. એને માટે આપણે ત્યાં જુદો શબ્દ નહોતો; "ગુજરાતી" નામ કે "મારવાડી" નામનો હજી જન્મ પણ નહોતો થયો તે વખતના, એ ભાષાસ્વરૂપનું નામ ટેસ્સિટોરીને મતે પશ્ચિમ રાજસ્થાની, નરસિંહરાવને મતે ગૌર્જર અપભ્રંશ, કેશવલાલ ધ્રુવને મતે મધ્યકાલીન ગુજરાતી કે ભાઈ ઉમાશંકરે સૂચવ્યું છે તેવા વધુ વાજબી લાગતા નામ મારુ–ગુર્જરને સ્વીકારો, તેનાથી એ વ્યાપક ભાષાસ્વરૂપનો જ ખ્યાલ હોવો જોઇયે. આ ભાષાસ્વરૂપ પણ જુદીજુદી મને માલૂમ પડેલી ચાર ભૂમિકા વટાવી ઈ. સ. ૧૬૫૦ આસપાસ અર્વાચીન ગુજરાતી સાહિત્યકીય ભાષાના સ્વરૂપને પામી ઈ. સ. ૧૮૫૦ આસપાસથી અભિનવ અર્વાચીન ભૂમિકામાં પ્રવેશ પામી આજના ભાષાસ્વરૂપે સિદ્ધ થઈ છે; જેવી આજે પાલણપુરથી ઉપરના શિરોહી રાજ્યની અને મારવાડ–મેવાડના નીચેના ભાગોની બોલી મારવાડી–મેવાડી નામ પામી છે. રાજકીય ભેદોએ આ બોલીઓ જુદી પાડી. સદ્ભાગ્યે ગુજરાતીને સ્વતંત્ર ક્ષેત્ર મળી ગયું અને તે સ્વતંત્ર ભાષા તરીકે વિકાસ સાધી શકી. પેલી મારવાડી–મેવાડી એવું સ્વતંત્ર સ્થાન પેલા રાજકીય ભેદે જ ગુમાવી બેઠી, એટલે લોકની બોલીથી હજી આગળ નથી આવી શકી. શાળા પાઠશાળાઓમાં એના અભ્યાસની કાંઈ પણ વ્યવસ્થા ન હોવાથી, અને ભવિષ્યમાં તેવી વ્યવસ્થા ન થાય તો, બોલીઓ કદાચ પોતાપણું ગુમાવી બેસે તો તેમાં પણ કાંઈ નવાઈ નહિ હોય. આજે તો એવો સમય આવ્યો છે કે એક જ પેઢીએ એક મૂળ ધરાવતી ગુજરાતી–પશ્ચિમી મારવાડી–મેવાડીને જાણે કે કાંઈ પણ સંબંધ નથી એવી આ

પ્રદેશોની પ્રજાઓનો ખ્યાલ થઇ ગયો છે. નવા રાજ્યબંધારણનો જ્યારે પણ યોગ મળે ત્યારે ભાષાઓની સગાઇએ રાજકીય પ્રાંતરચના થાય તો આ એકતા સ્થાપિત થવાનો સંભવ છે. એમાં પણ એ ભુલાયું તો પછી એ બોલીઓના પુનરુજ્જીવનની આશા કદી ફલિત થવાની નથી; એટલું જ નહિ તેતે પ્રદેશોની બોલીઓનું અસ્તિત્વ પણ ભૂંસાઇ જશે.

ગુજરાત દેશનો રાજકીય એકમ સ્થિર થવાથી એને વિકાસ સાધવાનો સુયોગ મળ્યો છે, અને નવા યુગના આરંભથી આ એક સદીમાં ભારતવર્ષની અન્ય ભગિની ભાષાના સાહિત્યની હરોળમાં ઊભું રહી શકે તેવું સાહિત્ય ધરાવવાનું સુભાગ્ય ગુજરાતી ભાષાને મળ્યું છે. આજે ભાષાનો સમૃદ્ધ ઇતિહાસ પણ મેળવવાની સરળતા છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ગુજરાતી ભાષાના ઊગમ વિશે તેમ જ તેના પેટાભેદોના સ્વરૂપના સંશોધન વિશે પણ પ્રયત્નો અસ્તિત્વમાં આવવા લાગ્યા છે.

માત્ર ગુજરાતની નહિ પણ સમગ્ર ભારતવર્ષની અનેક બોલીઓની વ્યવસ્થિત સમીક્ષા કરવાનું મહાભારત કાર્ય કરનાર સર જ્યોર્જ એ. ગ્રિયર્સનનું ઋણ આ દિશામાં પ્રયત્ન કરનારા એક પણ સંશોધકને સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. આજે કદાચ આપણને નવી દૃષ્ટિ સૂઝે તોપણ તે દિશા બતાવવાનું પુણ્ય તો એ વિદ્વાનને ફાળે જ જશે, એમ કહેવામાં કોઈ પણ સજ્જન લેશ પણ નાનમ નહિ સમજે.

એમનો પ્રયત્ન સમગ્ર ભારતવર્ષને માટેનો હતો, અને તે ગ્રંથ તૈયાર કરવામાં બધા જ પ્રાંતોમાં ફરવાનો એમને લાભ મળ્યો ન હતો; જ્યાંજ્યાં એ નહિ જઈ શકેલા ત્યાંત્યાંની તેમ જઇ શકેલા ત્યાંત્યાંની પણ બોલીઓના ઉતારા તેમણે સ્થાનિક માણસો પાસેથી મેળવેલા, એટલે તેમાં ઊણપ રહેવાની સંપૂર્ણ સંભાવના છે. એટલે એમનાં બધાં જ વિધાનોનો સ્વીકાર કરવામાં વિવેકશક્તિનો ઉપયોગ કરવાની અનિવાર્યતા છે. એ ઊણપો સુધારી લેવાની તક ત્યાંત્યાંના ભાષાશાસ્ત્રીઓ સ્વીકારી પણ લે છે અને એવા પ્રયત્નો હવે અસ્તિત્વમાં પણ આવવા લાગ્યા છે. છેલ્લો જ દાખલો આપણે ડૉ. એસ. એમ. કત્રેના "કોંકણીનું

બંધારણ" (Formation of Konkani)નો દઇ શકિયે. એમાં પ્રાંતીય ભેદોના સમાવેશનો પણ પ્રયત્ન છે અને તેથી જ નોંધને પાત્ર બને છે.

ગુજરાતી ભાષાની લાક્ષણિકતાનો ખ્યાલ આપતો શાસ્ત્રીય પ્રયત્ન પ્રો. ટર્નરનો છે. એમણે "ગુજરાતી સ્વરવ્યંજન–પ્રક્રિયા (Gujarati Phonology) લખી શિષ્ટ ભાષાનું બંધારણ નોંધવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. બેશક એ આખરી અને સર્વમાન્ય થઈ શકે તેવો પ્રયત્ન નથી. એવો પ્રયત્ન હજી ભવિષ્યની રાહ જુએ છે. અને પ્રાંતીય ભેદોનો તો તેમાં સ્વલ્પ જ સ્પર્શ છે. ગ્રિયર્સને નોંધેલા પ્રાંતીય કે કોમી ભેદોથી સ્વાભાવિકતા જોઇયે તેવી રજૂ થતી નથી; તે સાથે હજી સંખ્યાબંધ પ્રાંતીય અને કોમી ભેદો વિશે લખવાનું પણ બાકી જ રહ્યું છે. અહીં આ લેખમાં એવા ભેદોના વિષયમાં મીમાંસા કરવાનો પ્રયત્ન નથી; સૂચન માત્ર જ કરવાનું છે.

ઉત્તરમાં કચ્છનું રણ શિરોહી રાજ્ય અને થોડો જોધપુર રાજ્યનો ભાગ, દક્ષિણમાં થાણા જિલ્લો અને ખાનદેશ જિલ્લો, પૂર્વમાં સાતપુડા અને વિંધ્યની ડુંગરમાળા, (એની પેલી પાર મેવાડ અને માળવા) અને પશ્ચિમે અનંત સાગર, એ ચાર દિશાઓ વચ્ચે આજે ગુજરાત કાઠિયાવાડનો ગુજરાતી ભાષા બોલનારી પ્રજાને સાચવતો પ્રદેશ આવી જાય છે. સરહદના પ્રદેશોની મિશ્ર બોલીઓને બાદ કરિયે તો સમગ્ર મધ્ય પ્રદેશોની ભાષાનો એકમ એક છે; એટલે કે બંધારણ એક સરખું જ છે; એટલે એ એક જ ભાષા છે. જે કાંઈ ભેદ પડે છે તે કેટલાંએક ઉચ્ચારણોના વિષયમાં છે. આ રીતે જોતાં આ પ્રમાણે મુખ્ય ભેદો પડે છે :

૧. ઉત્તર ગુજરાત (આનર્ત અને શ્વભ્રનો પ્રદેશ.)

૨. મધ્ય ગુજરાત (ચરોતરનો પ્રદેશ.)

૩. દક્ષિણ ગુજરાત (ચરોતર નીચેનો લાટ–સુરત ભરૂચ જિલ્લાનો પ્રદેશ.)

૪. કાઠિયાવાડ (પ્રાચીન સૌરાષ્ટ્રનો પ્રદેશ.)

ઉચ્ચારણની દૃષ્ટિએ તદ્દન જુદા પડી આવતા આ ચારે પ્રધાન પ્રાંતીય ભેદોની વિશિષ્ટ લાક્ષણિકતાઓ જો તારવિયે તો આ પ્રમાણે નીકળી શકે.

૧. ઉત્તર ગુજરાતની લાક્ષણિકતા

અ. સ્વરોચ્ચારણમાં અંત્ય એકારનું અતિ હ્રસ્વ ઉચ્ચારણ મધ્યકાલીન ગુજરાતીના અંત્ય ઇકાર જેવું; આવશિ; ખાશિ, જાશિ, થાશિ, આવિ છિ–ને લગભગ મળતું સંવૃત એકારવાળું.

આ. અનંત્ય દશામાં એકારનું વિવૃતપણું.

ઇ. એકારથી કાંઇક ખૂલતું પણ વિવૃત નહિ જ તેવું ઓકારનું ઉભય દશામાં મધ્યવર્તી ઉચ્ચારણ.

ઈ. દીર્ઘ ઈ–ઊ નાં પ્રાયઃ હ્રસ્વ ઉચ્ચારણ.

ઉ. અનુનાસિકતા (યાને સ્વ. નરસિંહરાવે કહેલું અનુસ્વારનું કોમળ ઉચ્ચારણ અહીં) કોમલતર દશામાં અંત્ય સ્વર ઉપર દેખાય છે.

ઊ. 'આં' ને સ્થાને વિવૃત 'ઑં' જેવું વ્યાપક ઉચ્ચારણ.

ઋ. ઈકાર જાળવતા શબ્દોને સ્થાને 'લેંબડો', 'પેંપળો' જેવું એકાર-વાળું ઉચ્ચારણ.[1]

એ. વ્યંજનોમાં તાલવ્ય સ્વરમાં સકાર ને સ્થાને તાલવ્ય ઉચ્ચારણનો વધુ પડતો પ્રયોગ; બાકીના સકારને સ્થાને કાઠિયાવાડના કંઠ્ય સકારથીયે આગળ વધીને છેક હ કરી નાખવાનું વલણ; અંત્ય થ ને સ્થાને ક્વચિત્ હ (જેમકે "નથી"ને સ્થાને "નહિ"), નહિતો ખકારનો સામાન્ય રીતે સકાર.

ઐ. ળકારને સ્થાને રકારનો વ્યાપક પ્રયોગ.

ઓ. લઘુપ્રયત્ન યકારનો વ્યાપક પ્રયોગ.

ઔ. લઘુપ્રયત્ન હકારનો ઘસાતો પ્રયોગ.

અં. ચ–છ ને સ્થાને સકાર અને જ–ઝ ને સ્થાને Z જેવું ઉચ્ચારણ.

અઃ. કકારને સ્થાને ચકાર, અને ગકાર ને સ્થાને જકાર પણ સંભળાય છે, 'ચ્યમ', 'જ્યોતો' વગેરે.

તરત નજરે ચડે એવાં આ ઉચ્ચારણો છે. એ ઉપરાંત શબ્દ-કોશની દષ્ટિએ કેટલોક ભેદ છે. કાઠિયાવાડના પૂર્વ પ્રદેશની સાથે આ શબ્દો સામાન્ય છે, જ્યારે ચરોતર અને લાટથી તદ્દન જુદા પડે છે.

૨. મધ્ય ગુજરાત

અ. એ–ઓ નાં ચતુર્વિધ ઉચ્ચારણ : હ્રસ્વ, દીર્ઘ, અર્ધવિવૃત અને સંપૂર્ણ વિવૃત ઉચ્ચારણો. અર્ધવિવૃત અને વિવૃત ઉચ્ચારણ જે જે વિશિષ્ટતાથી ઉચ્ચારાય છે તે ગોહિલવાડ અને થોડા ઝાલાવાડના અપવાદે અતિશુદ્ધ સ્વરૂપમાં માત્ર ચરોતરમાં જ મળે છે. (સ્વ. નરસિંહરાવે ગુજરાતી ભાષામાં વિવૃત ઍ–ઑ-નાં ઉચ્ચારણની જે મીમાંસા કરી છે તે ચરોતરની વિશેષે કરીને છે. તેમના શ્રવણમાં હ્રસ્વ એ–ઓ નથી આવ્યા તે જરા આશ્ચર્ય ઉપજાવે છે. મને દેખાડ, બોલાવ વગેરેમાં સ્પષ્ટ રીતે એ–ઓ અસ્વરિત હોઈ હ્રસ્વ જ લાગ્યા છે.

આ. અહીં પણ ઇ–ઉ નાં ઉચ્ચારણો હ્રસ્વ સામાન્ય રીતે છે.

ઇ. બધા જ પ્રદેશોથી અલગ તરી આવતું ઉચ્ચારણ અનુનાસિકનું છે. (સ્વ. નરસિંહરાવે અનુસ્વારનાં તીવ્ર અને કોમળ ઉચ્ચારણો કહ્યાં છે તેમાંનું કોમળ તે આ વેદકાળથી ચાલ્યું આવતું અનુનાસિક ઉચ્ચારણ છે. તેમણે પછી કોમલતર અને કોમલતમ ભેદ કહ્યા છે.) આ અનુનાસિક પદાંતદશામાં તદ્દન કોમલતમ બની ઘસાઇ જ ગયો છે. લખવું, કરવું, અહિં, નહિં, દહિં એમાં ક્યાંય અનુનાસિકતાનો પત્તોયે લાગતો નથી.

ઉ. સાનુનાસિક 'આં'ને સ્થાને વ્યાપક રીતે વિવૃત 'ઑં' જેવું જ ઉચ્ચારણ : "ગૉંમ", "પૉંણી."

ઊ. 'ઈ'કારને સ્થાને વિવૃતકલ્પ 'લૅંબડો', 'પૅંપળો', 'નૅશાળ' જેવું એકારવાળું ઉચ્ચારણ.

ઋ. વ્યંજનોમાં તાલવ્ય સ્વર કે ય ના યોગમાં સકારને સ્થાને શકારનો જ પ્રધાન પ્રયોગ.

ઉ. ળકારને સ્થાને રકારનો વ્યાપક પ્રયોગ, તે ત્યાંસુધી કે 'મળવું'-ને સ્થાને પણ 'મરવું'. (સોરઠ અને હાલારમાં આવાં સ્થળોએ તો માત્ર 'લ' જ વપરાય છે.)

ઊ. લઘુપ્રયત્ન યકારનો અતિવ્યાપક પ્રયોગ.

ઋ. લઘુપ્રયત્ન હકારનો અતિસ્પષ્ટ અને સૂચક પ્રયોગ.

એ. ચ-છ-જ-ઝનાં મરાઠીનાં ઉચ્ચારણોને મળતાં વિશિષ્ટ ઉચ્ચારણો. (સ્વ. નરસિંહરાવે જે વિશે ખાસ સૂચન કર્યું છે.) આ ઉચ્ચારણો ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડમાં જણાતાં નથી.

ચરોતરનાં આ ઉચ્ચારણો એટલાં સ્પષ્ટ છે કે સમગ્ર ગુજરાતી પ્રજામાં આ પ્રાંતની પ્રજા ઉચ્ચારણથી ઓળખાઇ જાય છે કે જેવી કોમી બોલી બોલનારી વોરા પારસી કે ખારવાની કોમો જુદી તરી આવે છે. શબ્દકોશની દૃષ્ટિએ શિષ્ટ ગુજરાતીને તે વધુમાં વધુ નજીક છે કે જેવી કાઠિયાવાડના ઝાલાવાડની.

૩. દક્ષિણ ગુજરાત

અ. બધા જ સ્વરોનું મધ્યમ ઉચ્ચારણ. અંતના સ્વરોમાં કાંઇક વિશેષ દીર્ઘતા. એ-ઓ.નાં વિવૃત ઉચ્ચારણ અહીં સૂચક રીતે વ્યક્ત થતાં નથી. પણ તેની સાથે કાઠિયાવાડમાં-સોરઠમાં જેમ અત્યંત હ્રસ્વ ઉચ્ચારણ છે તેવાંયે નથી.

આ. અનુનાસિક ઉચ્ચારણના વિષયમાં કાઠિયાવાડના દરિયાકાંઠા સાથે સામ્ય.

ઇ. તાલવ્ય શકારનો સર્વથા અભાવ. દંત્ય સકારને સ્થાને કંઠ્ય સકાર (ઉત્તર ગુજરાતની પેઠે હ થતો નથી, પણ કાઠિયાવાડની જેમ સકાર અને હકારની મધ્યમાં રહેલું ઉચ્ચારણ છે.)

ઈ. ળકારને સ્થાને લકારની જ બહુલતા. (ળકારનો રકાર આ પ્રદેશને જાણીતો નથી લાગતો. મુંબઇગરા ઉચ્ચારણ ળકારને સ્થાને લકારની પ્રબળતા છે તે સૂરતી ઉચ્ચારણને આભારી મને લાગે છે.)

ઉ. શબ્દારંભે નકારને સ્થાને લકારનો સમાદર: "કરી નાખ્યું" કહેવાને સ્થાને "કરિ લાંય્ખ્યું." (દરિયાકાંઠાની પ્રજાનું આ સ્વાભાવિક વલણ છે. કાઠિયાવાડના ખારવા અને દરિયાકાંઠાના કોળી–ભોઈ વગેરેમાં આ ઉચ્ચારણનું પ્રાધાન્ય છે. તેઓ કદી શબ્દારંભમાં નકારનો ઉચ્ચાર કરી શકતા નથી)

ઊ. લઘુપ્રયત્ન યકારનું પ્રાબલ્ય. ભૂતકૃદંતમાં તો જુદું તરી આવે તેવું ય઼ ઉચ્ચારણ આય્વો, ચાય્લો વગેરે. (આ સોરઠના ઘાંચીઓના અને મેરપ્રજાના ઉચ્ચારણથી બરોબર ઊલટું છે; તેઓ આવો, ચાલો, કર વગેરે જ બોલે છે; તેઓમાં લઘુપ્રયત્ન યકારનો તદ્દન અભાવ છે.)

ઋ. લઘુપ્રયત્ન હકારનું સ્વલ્પમાત્ર ઉચ્ચારણ. દરિયાકાંઠે હકારનું ઉચ્ચારણ પણ અદૃશ્ય થઈ ગયું છે.

એ. વ્યાકરણની દૃષ્ટિએ જુદાં તરી આવતાં રૂપોમાં દ્વિતીય ભૂતકૃદંતનો બહોળો ઉપયોગ: કરેલું, ગયલું, થયલું, છપાયલું; વર્તમાન પ્રથમ પુરુષ એકવચનમાં (કાઠિયાવાડની મેર–બબોટી-બોલી જેવો 'આં' પ્રત્યય: હું આવાં, જાવાં, કરાં; સંશયાર્થ ભૂતકાળમાં 'તે' પ્રત્યય: હું કરતે, ખાતે, પીતે, જતેં. (સોરઠમાં ભાદરકાંઠે આહીરોમાં એથી બરોબર ઊલટું ઉચ્ચારણ છે, જ્યાં 'એત' પ્રત્યય વ્યંજનાંત ધાતુઓને લાગે છે: કરેત, ચાલેત, રમેત.) ઉત્તર ગુજરાત, ઝાલાવાડ અને ચરોતરમાં વર્તમાન બીજાપુરુષ એકવચનમાં 'ઉ' પ્રત્યય છે તે અહીં નથી. 'તું સું કર઼ ચ' એમ જ ઉચ્ચારણ થશે. એ જ રીતે સાહાય્યકારક 'છે'નાં રૂપનો 'ચ' અવશેષ જ બધાં રૂપોમાં રહે છે. 'છૌ', 'છૈયે' રૂપો મુખ્ય ક્રિયાપદ તરીકે રહ્યાં છે. બહુવચનમાં નારીજાતિનાં નામો–વિશેષણોને પણ સર્વત્ર 'ઓ' પ્રત્યય લાગે છે.

સુરત પ્રદેશની લાક્ષણિક ભાષાના સંસ્કાર નીચે પારસીઓની કોમી બોલી ઘડાયેલી છે, અને તેથી પારસીઓની બોલી સુરતીનો જ એક

પેટાભેદ થઈ શકે છે. મોટે ભાગે દંત્ય વર્ણોને સ્થાને મૂર્ધન્ય વર્ણોની પ્રબળતા એ આ પ્રદેશમાં સામાન્ય છે એ લક્ષ્યમાં લેવા જેવું છે. ભરૂચ જિલ્લાની બોલીમાં સૂરતી અને ચરોતરીનું મોટે ભાગે મિશ્રણ છે.

૪. કાઠિયાવાડ

કાઠિયાવાડનો વિચાર કરતાં એમાં મુખ્ય બંધારણ એક સરખું જ છે; ઉચ્ચારણ પણ પ્રાયઃ સામાન્ય છે; છતાં અમુક વિશિષ્ટતા માલૂમ પડી આવે છે. પ્રાંતોની દૃષ્ટિએ તો તેવા ચાર જ ભેદ જોવામાં આવે છે. કાઠિયાવાડને ઉત્તર–દક્ષિણ કાપતી દોરીએ પૂર્વમાં ઝાલાવાડ અને ગોહિલવાડ તો પશ્ચિમે હાલાર અને સોરઠ આવી રહે છે. આ મધ્ય દોરી એક બીજો પણ ખ્યાલ આપે છે. તે એ કે પૂર્વ બાજૂ આનર્ત અને ચરોતર સાથે નજીકપણું આવે છે તો પશ્ચિમ બાજૂ કચ્છની બોલીની અસર હાલારમાં વધુ અને સોરઠમાં કાંઈક ઓછી માલૂમ પડી આવે છે. સોરઠની દરિયાકાંઠાની બોલીનો મેળ છેક સૂરતી સાથે કેટલાંક ઉચ્ચારણોમાં મળે છે.

અ. ઉચ્ચારણની દૃષ્ટિએ ઝાલાવાડ વધુ શિષ્ટ જણાય છે. એ–ઓનાં અર્ધવિવૃત અને વિવૃત ઉચ્ચારણ સ્વાભાવિક સ્વરૂપમાં ઝાલાવાડમાં છે, જ્યારે ગોહિલવાડમાં કવચિત્ અસ્વાભાવિકતાથી પણ થાય છે 'ઘોડૉ' જેવામાં. હાલાર અને સોરઠમાં પૂર્ણ વિવૃત ઉચ્ચારણ તો છે જ નહિ; શબ્દને અંતે એ–ઓનાં ઉચ્ચારણ અર્ધવિવૃત થતાં થતાં હ્રસ્વતા તરફ ઢળી ગયાં છે. પ્રૉ. ટર્નરે "ગુજરાતી"માં અંત્ય એ–ઓ હ્રસ્વ વિવૃત અને હ્રસ્વ સાદા સૂચવ્યા છે તે કદાચ આ કારણે પણ હોઇ શકે. ઉત્તર ગુજરાતમાં પણ આ વલણ ઉપર નોંધાયું છે. અનંત્ય અસ્વરિત એ–ઓનું હ્રસ્વપણું હાલાર અને સોરઠમાં અત્યંત વ્યાપક છે. અને જિમ, તિમ, કિમ વગેરે જે–તે–કે અંગમાં સર્વત્ર ઇકાર માલૂમ પડે છે.

આ. ઇ–ઉ નાં ઉચ્ચારણ સમગ્ર કાઠિયાવાડમાં, પછી તે સાનુનાસિક હોય કે નિરનુનાસિક, હ્રસ્વ જ જણાય છે. માત્ર 'ય' કે 'જ'

અવ્યયની પૂર્વે તદ્દન દીર્ઘ ઉચ્ચારાય છે. (શિષ્ટ ઉચ્ચારણમાં પણ આની વ્યાપકતા જણાય છે.)

૪. અનુનાસિકતા એ સમગ્ર કાઠિયાવાડનું પ્રધાન લક્ષણ છે. તેમાં પણ સોરઠમાં–તેમાંયે ખાસ કરીને આહીરોમાં તેનું ખૂબ પ્રાબલ્ય છે. (પાણિનિની "શિક્ષા"માં સોરઠની નારીના આ ઉચ્ચારણનો ઉલ્લેખ ખૂબ જૂનો છે. વેદની ઉચ્ચારણશુદ્ધિ સમઝાવતાં શિક્ષાકારે સોરઠની નારી અનુનાસિકનું પ્રબળ ઉચ્ચારણ કરે છે તેવું ઉચ્ચારણ કરી "રંગ" (અનુનાસિક) પ્રયોજવાનું વિધાન કર્યું છે. હિંદીમાં हँसना જેવું સોરઠના આહીરોમાં 'હઁસ્યો'. ઉચ્ચારણ, તો સમગ્ર સોરઠમાં 'મઁડયો' ઉચ્ચારણ છે. ગુજરાતમાં આ હ્રસ્વ અકાર સાનુનાસિક સાંભળવામાં આવ્યો નથી.)

૫. દંત્ય કે તાલવ્ય એવા ભેદ વિના જ સકારનો સર્વત્ર કંઠ્ય સ ઉચ્ચારાય છે, ઉત્તર ગુજરાતની જેમ તેનો હકાર થયો નથી.

૬. ચ–છ ને ઠેકાણે દંત્ય સ નું અને જ–ઝ ને ઠેકાણે Z ઝેડ જેવું શહેરોને બાદ કરતાં એકસરખી રીતે ઉચ્ચારણ છે. માત્ર સાહાય્યકારક 'છે' નો અપવાદ છે. તે એ રીતે કે પ્રાયઃ સર્વત્ર એનું ઉચ્ચારણ સકાર જેવું, યા તો ચ–છ વચ્ચેનું થાય છે, જે હાલારના પશ્ચિમ ભાગમાં–બર્ડામાં મૂર્ધન્ય ષકાર જેવું થાય છે.

૭. ઝાલાવાડમાં ગ ને સ્થાને ક્વચિત્ જ નો પ્રયોગ 'ગ્યોતો' ને સ્થાને 'જ્યોતો' જેવું મળે છે; અન્યત્ર નથી.

૮. ડ–ઢ નાં અનાદિ દશામાં મૂર્ધન્યતર ઉચ્ચારણમાં અપવાદ એ કાઠિયાવાડની પ્રધાન વિશિષ્ટતા કહી શકાય. સમગ્ર ગુજરાતમાં બે સ્વર વચ્ચે આવતા કે વચ્ચે અનુનાસિક ઉચ્ચારણનું વ્યવધાન છતાં ડ–ઢ મૂર્ધન્યતર છે. અહીં ઢ તો કદી મૂર્ધન્યતર નથી; પૂર્વસ્વરમાં સાનુનાસિકતા હોય તો ડ પણ કદી મૂર્ધન્યતર નથી. બેસ્વર વચ્ચે આવેલો ડ જો મૂળમાં બેવડા વ્યંજનને ઉપરથી ન ઊતરી આવેલો હોય તો જ મૂર્ધન્યતર છે, નહિ

તો નહિ. એ પ્રમાણે 'ઘોડો'માં ડકાર મૂર્ધન્યતર છે, પણ 'ગાડી' 'હાડ'માં નહિ.

એ. લઘુપ્રયત્ન યકાર સર્વત્ર વ્યાપક છે.

ઐ. લઘુપ્રયત્ન હકાર સર્વત્ર લુપ્ત છે. 'મ્હારું' કે 'મારું'ના ઉચ્ચારણમાં કાંઈ જ ભેદ નથી કે જેવો વિવૃત ઉચ્ચારણવાળા 'મોર' કે સાદા 'મોર' માં.

ઓ. ળકારના વિષયમાં ખૂબ પ્રાંતીયતા છે. ઝાલાવાડ, ગોહિલવાડ અને ગિરનારની પૂર્વ બાજૂનો ભાગ— કાઠીઓનો મુખ્ય પ્રદેશ તેમાં ળકાર સ્પષ્ટ અને સૂચક રીતે બોલાય છે. હાલાર અને સોરઠમાં તેનું તદ્દન અદર્શન છે (માત્ર નાગર કોમના અપવાદે). ત્યાં સર્વત્ર રકાર જ બોલાય છે. માત્ર જ્યાં અર્થભેદ આવશ્યક હોય છે ત્યાં જ લકાર સર્વત્ર બોલાય છે; જેમકે "મળવું" ને માટે 'મલવું', નહિ કે "મરવું". (સોરઠના લોકોને ઉદ્દેશી નાગરો ખાસ મશ્કરી કરે છે — "થારીમાં ગોર લાવી ચાટચ, ગરચો લાગેચ કે મોરો?"

ઔ. વ્યાકરણની દૃષ્ટિએ વિચાર કરતાં વર્તમાન બીજા પુરુષના એકવચનમાં માત્ર 'અ' પ્રત્યય : "તું સું કરચ" એ કાઠિયાવાડમાં માત્ર ઝાલાવાડના અપવાદે સર્વત્ર વ્યાપક છે. દ્વિતીય ભૂતકૃદંતનું "એલ" એ અવિકારી પ્રત્યયવાળું રૂપ દરિયાકાંઠાના પ્રદેશમાં વપરાય છે, જ્યાં 'એ'નો લઘુપ્રયત્ન 'ય' મળે છે: 'કરેલું' ને સ્થાને 'કર્યલ', 'ઊઠેલું'ને સ્થાને ઉઠ્યલ' જેવાં રૂપો. પ્રથમ કૃદંતનાં ટૂંકાં 'ગ્યો' 'થ્યો' 'રચો' 'કચો' વગેરે પણ. સંશયાર્થ ભૂતના 'અત' પ્રત્યય વિશે ઉપર સૂચન આવી જાય છે. ભવિષ્યકાળ પહેલા પુરુષ અને બીજા પુરુષ બહુવચનમાં "કરચસ્યું", "કરચસ્યો" એ રૂપો અનુક્રમે પ્રચારમાં છે, તેમ દેસ્યું, જાસ્યું વગેરે. નામના બહુવચનના પ્રત્યય તરીકે કાઠિયાવાડ 'ઓ' પ્રત્યયને બરદાસ્ત કરી શકતો નથી; સર્વત્ર 'ઉ' લાગે છે. આ 'ઉ'માં પણ પ્રાંતીયતા છે. સોરઠમાં અને હાલારમાં એ નિરનુનાસિક જ

છે, જ્યારે કાઠી પ્રજાના ઉચ્ચારણમાં તેમ ગોહિલવાડમાં સાનુનાસિકતા જણાય છે. સોરઠમાં "બાઇઓ આવી"ને સ્થાને "બાઇયુ આવિયુ", જ્યારે કાઠી પ્રજામાં "બાઇયું આવિયું" થશે. નારીજાતિ ન હોય તો ક્રિયાપદ તરીકે આવતા કૃદંતને તે પ્રત્યય ન થાય: "છોકરાંઉ આવ્યાં." ત્રીજી અને સાતમીના એકારમાં સાનુનાસિકતા કાઠિયાવાડમાં સચવાઈ રહી છે, જેવી વર્ત. ૧ લા પુરુષ બહુવચનમાં સચવાઈ રહી છે. વિકારક નામોમાં આ 'એ' પ્રત્યય અંતર્ગત થાય છે ત્યારે માત્ર તેમાં સાનુનાસિકતા નથી: "ઘોડાયેં લાત મારી", પણ "ઘોડે લાત મારી." બાકી સર્વત્ર "કરિયેંચ", "છૈયેં", પણ બર્ડામાં આ સ્થળે સાનુનાસિકતા જરાયે નથી એ નોંધપાત્ર વસ્તુ છે.

"છૌં" અહીં બોલાય છે, "છું" નહિ. સૂરત બાજૂ પણ "છૌં" છે.

અવ્યયોમાં જ્યારે–ત્યારે–ક્યારે–ને સ્થાને 'જયેં–તયેં–કયેં,' અત્યારે ને બદલે 'અટાણે' વગેરે વિભિન્નતાનું અહીં સૂચન જ માત્ર પૂરતું છે.

પહેલે શ્રવણે નોંધપાત્ર બનેલી આ લાક્ષણિકતાઓ માત્ર છે. સ્પષ્ટ પ્રાંતીયતા મને તેમાં લાગી છે. જેમ આ પ્રાંતીય ભેદો છે તેવા જ કોમી ભેદો પણ ગુજરાતમાં છે. કચ્છમાં નાગરો સિવાયની પ્રજા કચ્છી બોલી બોલે છે. હાલારમાં એ પ્રજા આગળ વધતાં મુખ્યત્વે ભાટિયા મેમણ અને ખોજાઓ–માંનો અમુક ભાગ કચ્છી બોલે છે. કાઠિયાવાડમાંના વાઘેરો, સિંધી, ભાવર વગેરે લોકો પણ કચ્છી બોલે છે. આ સિવાયની પ્રાયઃ સર્વ વર્ણો તળપદી બોલી બોલે છે. તળપદી બોલીમાં જે મુખ્ય ભેદ છે તે ઉપર પ્રાંતીયતાની દૃષ્ટિએ બતાવેલ છે. કોમોની દૃષ્ટિએ હિંદુ–મુસલમાન ખારવા અને હિંદુ કોળીઓ (દરિયાકાંઠે જ કામ કરતા) વિશિષ્ટતાએ ઉચ્ચારણો કરે છે. એ પછી ભોઇ લોકો જુદા તરી આવે છે. ત્રીજીના પ્રત્યય તરીકે 'વે' આ પ્રજાએ ક્યાંથી મેળવ્યો તે લક્ષ્યમાં નથી આવ્યું, પણ આ પ્રજાનાં ઉચ્ચારણ સૂરતી ઉચ્ચારણોને ઘણે અંશે મળતાં આવે છે. સોરઠના મુસલમાન ઘાંચીઓને પણ તેઓનું સ્વતંત્ર ઉચ્ચારણ છે,

કાઠિયાવાડમાં પોતાના વાચિક ભેદથી અલગ તરી આવતી પ્રજા તો મેર લોકોની છે. હાલારનો પશ્ચિમ ભાગ અને સોરઠનો ઉત્તર ભાગ આ પ્રજાથી ભરેલો છે. બીજી પ્રજાની સાથે રહેતાંયે તેમનાં ઉચ્ચારણો સચવાઈ રહ્યાં છે. વ્યાકરણની દષ્ટિએ જોતાં વર્તમાન પહેલા પુરુષ એકવચનમાં 'આં' પ્રત્યય અને સંબંધક ભૂતકૃદંતનો 'એ' પ્રત્યય એ ખાસ અલગ તરી આવતી વિશિષ્ટતા છે. લઘુપ્રયત્ન યકાર હકાર અને જિહ્વામૂલીય ળકાર તેઓમાં તદ્દન લુપ્ત છે. શબ્દ-કોશની દષ્ટિએ પણ જુદાપણું કેટલુંક છે. આ પ્રજા પોતાના સંસ્કાર ૪ થી ૫ મી સદીમાં મેવાડ મારવાડમાંથી લાવી તે હજુ સુધી જાળવી રહી છે. ભાષા તેમ જ સંસ્કૃતિમાં કાઠિયાવાડના નાગરોમાં ખાસ કરી સોરઠના નાગરો પોતાનો વાણીભેદ સાચવી રહ્યા છે; પુરુષોમાંથી એ ઘસાય છે, સ્ત્રીઓમાં હજી સચવાઇ રહ્યો છે. શબ્દકોશની દષ્ટિએ પણ તેમાં થોડો ભેદ મળે છે. 'અજો, ઈ કામ સારું હૂતું'માં એઓની લાક્ષણિકતાની છાયા પકડાશે.

વોરાઓ કાઠિયાવાડમાં છે, પણ તેઓનું મથક ઉત્તર ગુજરાતનું સિદ્ધપુર છે. તેઓએ પોતાનાં ઉચ્ચારણો અણીશુદ્ધ સાચવી રાખ્યાં છે. અહીં ઉમેરવા જેવી મુસલમાની, કાકારી, હિંદુઓમાં કાંઈક અંશે પાટીદારી, વિસાડી વગેરે પણ છે. નીચે સુરત બાજૂ પારસી અનાવલા બ્રાહ્મણો અને ભોઇ પ્રજામાં પોતાનાં વિશિષ્ટ ઉચ્ચારણો, શબ્દ-કોશ અને વ્યાકરણદષ્ટિએ રૂપભેદ છે. પણ સૂચક અને મહત્ત્વના ભેદો સરહદી પ્રજાના છે. ઉત્તર ગુજરાતની સરહદ ઉપરની પ્રજામાં મારવાડી ગુજરાતીનું મિશ્રણ, ઈશાન કોણમાં ઇડરના ઉપરના પ્રદેશોમાં પણ તેવું મિશ્રણ, પંચમહાલમાં ભીલી બોલીની છાંટ તો નીચે ખાનદેશ અને થાણાની સરહદમાં મરાઠી બોલીની છાંટ જણાય છે. રખડતી જાતોમાં છારા, વાઘરી, ચામઠા વગેરેની પણ પોતપોતાની વિશિષ્ટતાઓ છે.

કાઠિયાવાડમાં જેમ શહેરો અને ગામડાંની બોલીમાં કેટલોક વાચિક ભેદ મળે છે તેવો ઉત્તર ગુજરાત, અમદાવાદ, ખેડા, વડોદરા, ભરૂચ, પંચમહાલ વગેરે પ્રદેશમાં પણ ભેદ છે. અને

"ગુજરાતી પ્રજા સાથે ભળી ગયેલા ભીલો, દૂબળાઓ, રાણી પરજ, અને ખાનદેશની અહિરાણી વગેરેને પોતપોતાની વિશિષ્ટતા છે જ. આ બધા ભેદો પુષ્કળ ઉચ્ચારણવૈવિધ્ય, એક બીજા પ્રાંતોને અને કોમોને અજાણ્યા શબ્દસમૂહો વગેરેને જાળવી રાખે છે. છતાં એ બધા જ, દેશની પ્રધાન ભાષા ગુજરાતીના જ અંગમાં સમાવિષ્ટ થઈ રહે છે. બંધારણ બધાનું એક છે, ઉચ્ચારણવૈવિધ્યે પ્રધાન ભેદ રહે છે. ઉચ્ચારણશાસ્ત્રના સનાતન સિદ્ધાંતો પ્રમાણે ભાષામાં થતા જુદા જુદા વિકારોનો ઇતિહાસ એમાંથી મેળવી શકાય તેમ છે, એટલું જ નહિ તેતે પ્રજાની સંસ્કૃતિની પણ તેમાંથી પિછાણ કરી શકાય તેમ છે. આ દિશામાં આપણે ત્યાં એક પણ સબળ પ્રયત્ન સાચું માર્ગદર્શન કરાવે તેવો થયો નથી. જે થયા છે તેનાથી કાંઈ પણ સાચો રાહ મળતો નથી, કેમકે તેતે સ્થાનમાં જાતે જઇ પાકી શોધ કરાઈ તે એકે પ્રયત્ન થયો નથી. અહીં આ મને લક્ષ્યમાં આવેલું તેનું દિશાસૂચન માત્ર કર્યું છે. તેમાં સંપૂર્ણતા કે તદ્દન સત્યતાનો પણ દાવો કરી ન શકાય. એ તો તેતે પ્રદેશમાં જઈ કાનેથી વ્યવસ્થિત રીતે ઉચ્ચારણો અને બોલીનાં તત્ત્વો પ્રત્યક્ષ સાંભળી એકત્રિત કરવામાં આવે તો જ સાચું કાર્ય કરી શકાય. અને તે કાર્ય કરનારા પણ જે તે ન ચાલી શકે. ભાષાશાસ્ત્રનો સબળ અભ્યાસ ધરાવનાર, કેળવાયેલા જ્ઞાનવાળા વિદ્વાન જ તે કાર્ય સાધી શકે. ડૉ. ત્ર્યંબકલાલ ન. દવે જેવા નિષ્ણાત વિદ્વાન અને તેવી રીતે તૈયાર થયેલા બીજા ભાઈઓ આ કાર્ય મન ઉપર લે તો થોડાં વર્ષોમાં ગુજરાતની બોલીઓની સમીક્ષા સુકર થઈ શકે.

આ ઉચ્ચારણો નોંધવાને માટે આપણી લિપિના વર્ણો પૂરતા નથી. રોમન લિપિથી કામ સાધી શકાય તેમ છે, પણ તે આપણને ઉપયોગી તેટલી નથી જેટલી આપણી કોઈ લિપિ થઇ શકે. અહીં એ માટે નાગરી લિપિના કેટલાક વર્ણો સૂચવું છું. જે આપણાં પ્રાંતીય તેમ કોમી ઉચ્ચારણો નોંધવામાં ઉપયોગી થઈ પડશે.

સ્વરો

પૂર્ણપ્રયત્ન અ = अ
લઘુપ્રયત્ન અ = '(વ્યં•)अ
દીર્ઘ આ = आ
હ્રસ્વ ઇ = अि
લઘુપ્રયત્ન હ્રસ્વ ઇ= 'अि
દીર્ઘ ઈ = अी
હ્રસ્વ ઉ = अु
લઘુપ્રયત્ન હ્રસ્વ ઉ = 'अु
દીર્ઘ ઊ = अू
હ્રસ્વ એ = अ
દીર્ઘ એ = अे
અર્ધવિવૃત એ = अॆ
પૂર્ણવિવૃત એ = अॅ
હ્રસ્વ ઓ = अॉ
દીર્ઘ ઓ = ओ
અર્ધવિવૃત ઓ = ऑ
પૂર્ણવિવૃત ઓ = ऑ
દીર્ઘ ઔ = औ
સ્વરિતશ્રુતિનું ચિહ્ન ꜝ

અનુસ્વાર ॰
અનુનાસિક ॰
કોમલતર અનુનાસિક ँ
કોમલતમ અનુનાસિક ँ

વ્યંજનો

કંઠ્ય—क् ख् ग् घ् ङ्
તાલવ્ય—च् छ् ज् झ् ञ्
અર્ધતાલવ્ય—च़् छ़् ज़् झ़्
Z જેવો જ્— ज़्
મૂર્ધન્ય—ट् ठ् ड् ढ्
મૂર્ધન્યતર—ड़् ढ़् ण्
દંત્ય—त् थ् द् ध् न्
ઓષ્ઠ્ય—प् फ् ब् भ् म्
શ્વસિતૌષ્ઠ્ય—फ़्
અર્ધસ્વરો—य् र् ल् व्
લઘુપ્રયત્ન ય્, વ્—य़् व़्
ઉષ્માક્ષરો—श् ष् स स़् (કંઠ્ય) ह
લઘુપ્રયત્ન ह्— : (વિસર્ગચિહ્ન)
જિહ્વામૂલીય—ळ्

મારા અનુભવથી મને જણાયું છે કે આટલા સંકેતોથી આપણા દેશની બોલીનાં ઉચ્ચારણો અગવડ વિના નોંધી શકાશે. આ ઉપરાંત પણ સંકેતોની જરૂર પડે તો યોજી શકાય.

"રશ્મિ" (૧૯૪૪)ના સંપાદકોએ મને આ વિષય ઉપર લેખ લખવાનું નિમંત્રણ આપી મારા મનમાં સળવળતી યોજનાનું બીજારોપણ કરવાની જે તક આપી છે તે તરફ સાભાર વૃત્તિથી તેમ આ દિશામાં વહેલામાં વહેલી તકે આપણે ત્યાં પ્રયત્નો શરૂ થાય તે સદાશાથી આ લેખ પૂર્ણ કરું છું.   અમદાવાદ, તા. ૧૦-૪-'૪૪

૬. મૂર્દ્ધન્યતર ડ઼-ઢ઼ અને જિહ્વામૂલીય ળ

આપણી આર્યપ્રજા અતિ પ્રાચીન કાળથી શુદ્ધ ઉચ્ચારણને માટે પંકાતી આવે છે. પ્રાચીન આર્યોએ દરેકે દરેક ઉચ્ચારણને માટે જુદી જુદી સંજ્ઞાઓ અને તેને વ્યક્ત કરવા જુદાં જુદાં ચિહ્નો નિયોજેલાં હતાં. વૈદિક કાળમાં જે જે ઉચ્ચારણને માટે જે જે સંજ્ઞા કરવામાં આવેલી હતી તે તે સંજ્ઞાઓ પોતાના અસલ સ્વરૂપમાં અદ્યાપિપર્યંત વ્યક્ત થાય છે. એમણે એ દરેક સંજ્ઞાનું જુદું જુદું ચિહ્ન નક્કી કરેલું હતું. આપણને આવાં પ્રાચીનમાં પ્રાચીન ચિહ્નો "બ્રાહ્મી લિપિ"ની વર્ણમાળા મારફત જૂના શિલાલેખોમાં મળી આવ્યાં છે. ભારતવર્ષમાં અતિ પ્રાચીન કાળથી લખવાનો પ્રચાર હતો તે વાત આપણા સમર્થ પુરાતત્ત્વવેત્તા મ. મ. ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ પોતાના "ભારતીય પ્રાચીનલિપિમાલા" નામક હિંદી ગ્રંથમાં સારી રીતે ચર્ચા કરી સિદ્ધ કરી છે. કાળ દરેકને ખાય છે એ વાત નિર્વિવાદ હોવાથી ચતુર આર્યોએ ઉચ્ચારણોમાં ભવિષ્યમાં ફેરફાર થઈ જવાથી અશુદ્ધ કિંવા દુષ્ટ ઉચ્ચારણ થઈ જાય એમાંથી બચાવવા પ્રાતિશાખ્ય શિક્ષા અને વ્યાકરણના મહાન ગ્રંથો લખી ઉચ્ચારણોનું ખરું સ્વરૂપ આપણને વારસામાં સોંપ્યું છે. પંડિત ઓઝા આદર્શ લિપિનું આ પ્રમાણે સ્વરૂપ આપે છેઃ—

"आदर्श लिपि में यह गुण होना चाहिये कि प्रत्येक उच्चारण के लिये असन्दिग्ध संकेत हो जिससे जो बोला जाय वह ठीक वैसा ही लिखा जाय, वह ठीक वैसा ही पढ़ा जाय।" (भा. प्रा. लि. पृ. २९)

આવી આદર્શ લિપિ આપણને આપણા પૂર્વજ આર્યોએ વારસામાં આપી મોટો ઉપકાર કર્યો છે. એમાં કશી જ શંકા નથી. આવી આદર્શ આપણી પ્રાચીન બ્રાહ્મી લિપિના વંશમાં ઉત્પન્ન થયેલી આપણી ગુજરાતી લિપિ વૈદિક ઉચ્ચારણોમાંના ઘણાખરા સંકેતને બતાવી શકે તેવી છે. કદાચ કાલબળે કોઈ ઉચ્ચારણનો મધ્યકાળમાં લિપિમાંનો

સંકેત નષ્ટ થઇ ગયો હોય તો તે વ્યક્ત થતા ઉચ્ચારણનો ભવિષ્યમાં નાશ ન થઈ જાય, તે માટે તેનો સર્વસાધારણ લોકો ગ્રહણ કરતાં ન મૂંઝાય તેવી જાતનો સંકેત નક્કી કરી લેવો જોઇયે.

આ ઉપરાંત આર્યો બીજી પ્રજાના સંસર્ગમાં આવ્યાથી કેટલાંક વિદેશીય ઉચ્ચારણો પણ આપણી ભાષામાં દાખલ થયાં છે. આવાં જે જે ઉચ્ચારણો આપણે ત્યાં અતિવ્યાપક દશામાં હોય તે સર્વને માટે યોગ્ય સંકેત નક્કી હોવા જ જોઇયે. આપણે ત્યાં એકાર અને ઓકારનાં વિવૃત–સંવૃત ઉચ્ચારણોને માટે આપણા વિદ્વાન સાક્ષરોએ સંકેતો નક્કી કર્યા છે. સંવૃત ઉચ્ચારણમાં એ–ઓની માત્રા જે છે તેમ સવળી જ રાખી છે, જ્યારે વિવૃત ઉચ્ચારણમાં તે માત્રા [1]અવળી કરી છે. આ ફેરફાર કોઇને કદી મુશ્કેલ લાગે તેવો નથી. અનુસ્વારને બતાવવા બિંદુ નીચે [2]આડો લીટી (–̇) [કે ° પોલું મીંડું] આવું ચિહ્ન નક્કી કરવામાં આવ્યું છે, જે પણ કદી મુશ્કેલ લાગે તેવું નથી. ઊલટું ક્યાં અનુસ્વાર વ્યક્ત છે અને ક્યાં અનુનાસિક (અનુસ્વારનો કહેવાતો કોમળ ઉચ્ચાર–આનું ચિહ્ન (·) બિંદુ જ કાયમ રાખ્યું છે) વ્યક્ત છે એ નાનામાં નાનાં બચ્ચાંને પણ સમઝવામાં આવી જાય. અરબી ફારસી અંગ્રેજી વગેરે કેટલીક વિદેશીય ભાષાના શબ્દો આપણી ભાષામાં દાખલ થતાં એ શબ્દોમાંનું એક ઉચ્ચારણ 'રિવિઝન' વગેરે શબ્દોમાં વ્યક્ત થતું તાલવ્ય જ અને ઝ થી જુદું જ એવું છે. જો કે આ વિદેશીય ઉચ્ચારણ તદ્દન વિદેશીય તો નથી જ, કેમકે–સોરઠ–કાઠિયાવાડમાં ગ્રામીણ પ્રજામાં જ–ઝનું ઉચ્ચારણ 'રિવિઝન'માંના [3]'જ઼'

---

૧. આપણા વયોવૃદ્ધ સાક્ષરો રા. નરસિંહરાવ તેમ જ દી. બ. કેશવલાલ ધ્રુવ આ વિવૃત ઉચ્ચારણને અવળી માત્રાથી વ્યક્ત કરે છે.

૨. દી. બ. કેશવલાલભાઈએ સંપાદિત કરેલાં જૂની ગૂજરાતીનાં પુસ્તકોમાં આ ચિહ્ન સ્વીકાર્યું છે. આ સંબંધની ચર્ચા મેં અન્યત્ર કરી છે.

૩. રા. નરસિંહરાવ ભાઈએ પણ શાસ્ત્રીય ચર્ચાઓમાં આવાં પૃથક્ ઉચ્ચારણો માટે અધોબિંદુની પદ્ધતિ સ્વીકારી છે.

જેવું જ છે. તોપણ શિષ્ટવર્ગમાં જ-ઝનાં શુદ્ધ ઉચ્ચારણો છે, તેથી કરી તે વિદેશીય શબ્દોની શુદ્ધ *જોડણી કરતાં 'જ' ને વ્યક્ત કરવા હિંદીએ સ્વીકારેલ અધોબિંદુ કિંવા નુકતો એ નામનું ચિહ્ન ગ્રહણ કરવું આવશ્યક છે. આપણા પારસી ભાઈઓ તેમ જ મુસ્લિમ ભાઈઓ પોતાના ધર્મગ્રંથોમાં ગુજરાતી લિપિ પ્રસંગે આવી નુકતાની પદ્ધતિ સ્વીકારે છે. એ વાત સર્વને વિદિત જ છે કે અરબી-ફારસી-ઉર્દૂ વર્ણમાળામાં ચિહ્નો થોડાં હોવા છતાં આ નુકતાને લીધે એકના એક ચિહ્નનાં જુદાં જુદાં ઉચ્ચારણો વ્યક્ત થઈ શકે છે. આપણા એ ભાઈઓ પણ જેનાથી અતિપરિચિત છે તેવી આ નુકતાની પદ્ધતિ આપણને જ્યાં જરૂરની છે ત્યાં સ્વીકારવામાં કશી અડચણ ન જ હોય. નવું જ ચિહ્ન યોજવા કરતાં જ્યાં જરૂરનું છે ત્યાં આ નુકતાને સ્વીકારતાં ઘણી સરળતા મળે તેમ છે.

આવાં જ બે ઉચ્ચારણો 'ડ-ઢ'નાં છે. આપણી ભાષા પર મહાન ઉપકાર કરનાર સ્વ. કવિ નર્મદાશંકરે આમાંથી 'ડ'નાં બે ઉચ્ચારણ આજ ૭ દાયકા પૂર્વે બતાવેલાં. જુઓ (નર્મકોષ-ભૂમિકા. પૃ. ૩):-

> "(ઉ) ડનું ઉચ્ચારણ એક તો સંસ્કૃત શબ્દોમાં જ છે તેવું જ છે ને બીજું પૂર્વવર્ણના સમ્બન્ધમાં લગારેક પોળું લીસું એવું છે. શબ્દને આરંભે ડનું જે ઉચ્ચારણ છે, તે શુદ્ધ સંસ્કૃત છે ને શબ્દની વચમાં તથા અંતે જે છે તે શુદ્ધ પ્રાકૃત છે. એ પ્રાકૃત ઉચ્ચારણ અડવું, ચડવું, વડકણું, ઝાડ, કડા, ઝડી, વડું, હરડે, પડો ઇ૦ માં છે."

> "(ઋ)xxxxxxxx એ ઉચ્ચારણ ('હ'નું) વ્યંજન હથી કંઇક ઓછું છે. એ ઉચ્ચારણ પાસેના ડ વર્ણના સંબંધમાં આવે છે ત્યારે તેને દેખાડવાને ઢ નો ઉચ્ચાર પણ કેટલાક જણ કરે છે. જેમકે લડાઈ-લઢાઇ, ઓડણી-ઓઢણી ઇ૦"

સામાન્ય રીતે સ્વ. કવિ 'ડ'ના બીજા ઉચ્ચારણમાં હકારનું

ઉમેરણ—પ્રો. બળવતરાય ઠાકોર પોલું મીંડું સૂચવે છે, જે છાપખાનાની દૃષ્ટિએ વધુ સરળ છે. તા. ૧૨-૮-'૪૪

સ્થાન માનતા હોવાથી અને તે હકાર 'ડ'ની પૂર્વે ઉચ્ચારાતો લાગતો હોવાથી તેવા સંયોગમાં આગલા વર્ણમાં 'હ' ન ભેળવતાં આગલા વર્ણ નીચે તુકતો સ્વીકારે છે.

રા. નરસિંહરાવ ભાઇએ પોતાના The Gujarati Language and Literature Vol. 1 નામક ગ્રંથમાં આ મૂર્ધન્યતર ડ઼–ઢ઼નો સ્વીકાર કર્યો છે:

"(7)मूर्धन्यतर ड and ढ are the ड and ढ which are sounded with a deeper and fuller cerebral effort of the tongue.

e. g. कड़वुं, पाडो, गाडी, लढे, पढे, कढी; etc.

(Whereas डगलुं, डाळी, डोसो, ढंग, ढगलो, ढाल, &c are simply मूर्धन्य). (Sanskrit also appears to possess this मूर्धन्यतर sound, though not so named, hense it is that ईडे is ईळे, and गूढं is गूळ्हं in Vedic Sanskrit.

—જે વધારે ઊંડા અને પૂર્ણ જિહ્વામૂલીય પ્રયત્નથી ઉચ્ચારાય છે તે મૂર્ધન્યતર ડ઼–ઢ઼ છે. જેવા કે કડવું, પાડો, ગાડી, લઢે, પઢે, કઢી વગેરે.

(જ્યારે ડગલું, ડાળી, ડોસો, ઢંગ, ઢગલો, ઢાલ વગેરે ફક્ત મૂર્ધન્ય છે.) (આવું નામ ન આપ્યું હોવા છતાં સંસ્કૃતમાં પણ આ મૂર્ધન્યતર ઉચ્ચાર છે. વૈદિક સંસ્કૃતમાં ईडे એ ईळे અને गूढं એ गूळ्हं છે તે મૂર્ધન્યતર છે.)"

પરંતુ તેમણે પૃ. ૯૩–૯૪ પર વિદેશીઓ આ મૂર્ધન્યતર 'ડ઼, ઢ઼' નો સ્પષ્ટ ઉચ્ચાર ન કરતાં "ṛ. ṛh" આવો ઉચ્ચાર કરે છે, એ સિવાય બીજું કશું આપ્યું હોય તેમ લાગતું નથી.

આ વિષયમાં જે કાંઈ પણ ખરી અન્વેષણા કરવામાં આવી હોય તો તે બે વ્યક્તિની છે, એક પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરની અને બીજા કરાંચીમાં વસતા અમારા[૪] કાઠિયાવાડી રા. ડોલરરાય

---

૪. અહીં **અમારા કાઠિયાવાડી** એમ કહેવાનું એક પ્રયોજન છે. ખરેખર ભાષાશાસ્ત્રમાં રસ લેનારા કાઠિયાવાડમાં જવલ્લે જ થયા છે, જ્યારે

રંગીલદાસ માંકડની. પ્રો. બળવંતરાય ભાઇએ તા. ૨૪–૧૦–'૨૮ ને દિને શ્રીગોવર્ધનજયંતી–પ્રસંગે નડિયાદમાં પ્રમુખસ્થાનેથી ભાષણ આપતાં નિયમાવલી આપેલી, અને તેની પૂર્તિ તા. ૧૮–૧૧–'૨૮ ના ગુજરાતી પત્રને ૧૭૮૬ મે પાને પ્રસિદ્ધ કરેલી. રા. ડોલરરાયનો લેખ તો કૌમુદી ત્રૈમાસિક પુસ્તક ૫ મું. પૃ. ૭૦૧–૭૧૧ સુધીમાં છપાયેલો છે. આ બંનેએ થઈ મૂર્ધન્યતર ડ઼કાર સંબંધમાં લગભગ નિયમો પૂર્ણ કર્યા છે એમ કહિયે તો તે વિશેષ પડતું નહિ જ લાગે.

આ વિષય આપણી ગુજરાતી ભાષાને લગતો જ છે એમ કાંઈ નથી. રા. નરસિંહરાવભાઇએ અંગ્રેજી ગ્રંથમાંનો જે ફકરો ઉપર આવી ગયો છે તેમાં સ્પષ્ટ સૂચન કર્યું છે કે "આ મૂર્ધન્ય ઉચ્ચાર કાંઈ નવો નથી, વૈદિક સંસ્કૃતમાં એ મળી આવે છે." પ્રાતિશાખ્યોમાં અનાદિ ડ-ઢ નાં આ બીજાં ઉચ્ચારણોનું વિધાન છે જ. પરંતુ વૈદિક સાહિત્યમાં એ સ્થળે ળ–ળ્હ એવા સંકેત મળી આવે છે. તે જ સ્વ. નર્મદાશંકરે આપેલું પહોળું લીસું ઉચ્ચારણ છે. વૈદિક કાળમાંના ળ–ળ્હ એ આપણા મૂર્ધન્યતર ડ઼ – ઢ઼ છે કે અત્યારે જે ળ ઉચ્ચાર થાય છે તેને મળતા છે એ ખાસ તપાસવા જેવું છે. મહર્ષિ શૌનકે આ વાત સ્વકીય ઋક્પ્રાતિશાખ્યમાં ચર્ચી છે. સામાન્ય રીતે ડકાર મૂર્ધસ્થાની છે એ વાત એમના "मूर्धन्यौ षकारटवर्गौ (પ.–૧–૨૯) ષકાર અને ટવર્ગ મૂર્ધસ્થાની છે" એ સૂત્રમાં છે. પરંતુ તે પછી તરત જ ડકારના જુદા સ્વરૂપની વાત પછીના સૂત્રથી છેડે છેઃ—"

> जिह्वामूलं तालु चाचार्य आह स्थानं डकारस्य तु वेदमित्रः ।
> द्वयोश्चास्य स्वरयोर्मध्यमेत्य सम्पद्यते स डकारो ळकारः ।
> ळ्हकारतामेति स एव चास्य ढकारः सन्नूष्मणा सम्प्रयुक्तः ॥
>
> (પ. ૧—૨૦,૨૧)

ળ ગુજરાતમાં એ રસ લેનારા કાઠિયાવાડીઓ કરતા પ્રમાણમાં વધારે છે. અત્યારે તો રા. ડોલરરાય કાઠિયાવાડમાં ભાષાશાસ્ત્રમાં રસ લેતી એક જ વ્યક્તિ છે એમ કહીશું તો તે અતિશયોક્તિ નહિ જ ગણાય.

વેદમિત્ર નામના આચાર્ય ळकारનું જિહ્વામૂલ અને તાલુસ્થાન કહે છે. એને મતે બે સ્વરના મધ્યમાં આવી ડકાર ળકાર થઇ જાય છે, અને ઢકાર હોય તો (તેને સ્થળે) ઉષ્માક્ષર હ્‌થી સંયુક્ત થઈ ળકાર ळ्हकारपણાને પામે છે. જો કે આવા સંયોગોમાં મહર્ષિ શૌનકને મતે તો તે મૂર્ધન્ય જ છે, છતાં વેદમિત્ર નામના મહર્ષિ જિહ્વામૂલ અને તાલુ સ્થાન માને છે. આમ આપણી સામે ત્રણ સ્થાનો આવે છેઃ— ૧ મૂર્ધા, ૨ જિહ્વામૂલ અને ૩ તાલુ. મૂર્ધસ્થાની ડકારને માટે કશી શંકા નથી, પરંતુ બે સ્વરના મધ્યમાં આવતા ડકારનાં બે સ્થાન શંકા ઉપજાવે છે. એકના એક ડકારનાં આ ત્રણ સ્થાનમાંથી ઉચ્ચારતાં ત્રણ રૂપો થાય છેઃ

૧. જીભના ટેરવાને તાલુ અને ઉપલા દાંતોના મૂળના મધ્ય-ભાગમાં રહેલા કરકરિયાવાળા ભાગમાં અડાડી ઉચ્ચારતાં સ્પષ્ટ મૂર્ધન્ય ડકાર ઉત્પન્ન થાય છે;

૨. જીભના ટેરવાને તદ્દન જીભના મૂળ તરફ લઈ જતાં તાલુ અને કંઠ વચ્ચે અડાડી ઉચ્ચારતાં આપણા 'ળ' જેવું ઉચ્ચારણ ઉત્પન્ન થાય છે; જ્યારે

૩. જીભના ટેરવાને તાલુ સ્થાનમાં રાખી ઉચ્ચારતાં આપણા મૂર્ધન્યતર ડ઼ જેવું ઉચ્ચારણ મળી આવે છે.

આમ જ જો હોય તો વૈદિક કાળમાં ड़ અને ळ એવાં બંને ઉચ્ચારણ ચાલુ હતાં અને તે બંને વ્યક્ત કરવાને ळकार એવું એક જ ચિહ્ન હતું. કોઈ જિહ્વામૂલીય ઉચ્ચારણ કરતું, કોઈ તાલવ્ય ઉચ્ચારણ કરતું. ઋગ્વેદમાં સામાન્ય રીતે બે સ્વર વચ્ચે આવતા ड ढ નાં ळ – ळ्ह એવાં ઉચ્ચારણ મળી આવે છે. આમ કેવળ ड – ढ નાં જ બે ઉચ્ચારણ હોત તો સ્થાનભેદ ઊભો ન થાત. ક્વચિત્ ळकारને સ્થાને પણ ळकार આવે છે; આ તો સ્થાનભેદમાં કારણભૂત નહિ હોય ને?

त्वमिळा शतहिमासि दक्षसे त्वं वृत्रहा वसुपते सरस्वती। અહીં इला શબ્દ (ઋ. વે. ૨-૫-૨-૧-૧૧)

जोहूत्रो अग्निः प्रथमः पितेवेळस्पदे.मनुषा यत्समिद्धः। અહીં ईळस्पदेમાં इळ શબ્દ. (ઋ. વે. ૨-૬-૨-૧-૧૦-૧)

લકારનો જ્યાં જ્યાં ળકાર છે ત્યાં ત્યાં इल्[1] ધાતુ પરથી આવનારા શબ્દો જ હોય છે, કેમકે બીજે પ્રસંગે લકારનો ળકાર નથી થતો.

---

૧ રા. ડોલરરાય માંકડ પોતાના "ગુજરાતીમાં મૂર્ધન્ય 'ડ' અને મૂર્ધન્યતર 'ડ઼'" એ શીર્ષક લેખમાં (કૌમુદી વર્ષ ૫ મું, પૃ. ૭૦૮ મું) "મૂર્ધન્યતર ડ઼કારની......સ્વર હોવો જ જોઈએ." એ વાકયની ટીપણીમાં આ બાબતમાં કંઈક જુદું સમઝ્યા હોય તેમ લાગે છે. કાશી ચૌખમ્બા સિરીઝ તરફથી બહાર પડેલ ઋક્પ્રાતિશાખ્યમાં द्वयोश्चास्य स्वरयोर्मध्यमेत्य सम्पद्यते स डकारो ळकारः એવો પાઠ છે. આ ળકારથી આરમ્ભ આ પ્રમાણે લખે છે:—"લકારને દંત્ય ગણાય છે, પણ લકારનું સ્થાન જિહ્વામૂલીય પણ છે. મૂર્દ્ધન્યતર 'ડ઼' ઉચ્ચારી, તરત જ જીભના એ જ સંયોગથી 'લ' ઉચ્ચારશું તોપણ 'લ' બોલી શકાશે. આ મૂર્દ્ધન્યતર ળ઼કાર ળકાર કે ડ઼કાર વચ્ચે ખાસ દેખીતો ફેર નથી; અને મૂર્દ્ધન્યતર ળ઼કાર ળકાર કે ડ઼કારમાં ઘણી વખત ફેરવાઈ ગએલ દેખાય છે.

"(પૃ. ૭૦૯)—આથી પ્રાતિશાખ્યમાં ઉપર પ્રમાણે 'ડ' નો 'લ' થાય છે એમ કહ્યું ત્યાં લકાર મૂર્દ્ધન્યતર વિવક્ષિત છે." આ વગેરેથી લકાર દંત્ય નહિ પણ મૂર્દ્ધન્ય કે મૂર્દ્ધન્યતર હતો તેવું તેમણે સિદ્ધ કરવા યત્ન કર્યો છે. પરંતુ લહિયાઓ હસ્તલિખિત ગ્રન્થોમાં ळने સ્થાને ल લખતા તેથી જ ચૌખમ્બા સિરીઝવાળી આવૃત્તિમાં ल-ल्ह છે. શુક્લયજુઃપ્રાતિશાખ્યમાં "डढौ ळळ्हावेकेषाम्-(અ. ૪-૧૪૪) ત્યાં સમાનપદમાં બે સ્વરના મધ્યમાં ड-ढ ના ळ-ळ्ह થાય" તેમ મળી આવે છે. ઉભય સ્થળે ભાષ્યકાર ઉવ્વટ इळा અને इळे એ इळ् ધાતુ પરથી આવેલા શબ્દો ઉદાહૃત કરે છે. ખરું જોતાં ઉપર મૂળમાં ઉદાહરણ લીધાં છે તેમ ફક્ત इळ् ધાતુ પરથી આવતાં રૂપો કે શબ્દોમાં જ ळકારનો ळકાર મળી આવે છે, બાકી સર્વત્ર ळકાર કાયમ જ રહ્યો છે. પ્રાતિશાખ્યમાં કયાંય પણ लકાર મૂર્ધસ્થાની મળતો નથી. કદાચ માનો કે બે સ્વરના મધ્યમાં આવતો डકાર ळકાર જ છે, લકારનું જુદું દંત્ય ઉચ્ચારણ

तद्देवानां देवतमाय कर्त्वमश्रथ्नन्दृळ्हाव्रदन्त वीळिता ।
उद्गा आजदभिनद् ब्रह्मणा बलमगूहत्तमो व्यचक्षयत्स्वः ॥
(ऋ. वै. २–७–२–३–२४–३)

અહીં दृढा ને બદલે दृळ्हा, वीलिता (वि + इलिता = વિશેષ કઠણ–પૃથ્વીના સ્વરૂપ જેવી ઘન)નું वीळिता; પરંતુ बलम् એનું बळम् નહિ. આ જોતાં કેવળ इल् ધાતુ ઉપરથી આવતા શબ્દોમાં ઉચ્ચારાતો ळ એ જ વેદમિત્રના ઉચ્ચારદ્વૈવિધ્યનો જન્મદાયક છે. ड–ढ ઉપરથી આવતા ळ–ळ्हनું તાલુ કિંવા અત્યારે જે મૂર્ધન્યતર મનાય છે તે, અને ल ઉપરથી આવતા ळનું જિહ્વામૂલ સ્થાન છે; પરંતુ આ બે ઉચ્ચારણોમાં ઝાઝો તફાવત ન હોવાથી સામાન્ય રીતે વિદ્વાનોએ એક જ ઉચ્ચાર માન્યો. અમે સોરઠમાં આ જાતનું ઉચ્ચારણ કરતાં ગોટો વાળી નાખિયે છિયે. ઘોડો=અશ્વ અને ઘોળો=ભેળવો એ બંનેમાં 'ડ–ળ'ના ઉચ્ચારણમાં કશો તફાવત અચાનક વ્યક્ત કરી શકતા નથી. ચાંપી ચાંપીને બોલવા જતાં ભેદ કરી શકિયે. આથી એમ ન જ કહેવાય કે 'ડ઼' અને 'ળ' એવાં બે ઉચ્ચારણો જુદાં નથી.

નથી જ, તો પછી પ્રાતિશાખ્યકારોએ ळને દંતસ્થાની જ ગણ્યો છે તે કદી ન ગણત. ऌलसिता दन्ते (का. प्रा. १–६९) વગેરે. 'ઘોડો' વગેરે શબ્દોમાં મૂર્ધન્યતર ડ઼કાર ઉચ્ચારાય છે, તેમાં જે ઉચ્ચારણપ્રયત્ન છે તેનાથી 'ल' બોલતાં 'ઘોલો' નીપજે. હું એમ માનું છું કે ગમે તેટલો પ્રયત્ન કર્યા છતાં મૂર્ધન્યતર ડ઼ નું ઉચારણસાદૃશ્ય 'ल'માં લાવી શકાય તેમ નથી. રા. માંકડ જે સાદશ્ય માને છે, તે શાને આભારી છે ? સ્પર્શ વ્યંજન સિવાયના વ્યંજનો ઉચ્ચારતાં જીભ અક્ષરોચ્ચારણના સ્થાનમાં સ્પર્શ કરતી નથી કે પૂરેપૂરો સ્પર્શ કરતી નથી, છતાં વ્યંજનો વ્યક્ત થાય છે. 'ડ઼' બોલી તે જ સ્થિતિમાં ल બોલતાં જીભ દંત સ્થાનને અડતી નથી, અને સાદૃશ્ય દેખાય છે. વસ્તુસ્થિતિએ 'ડ઼' ઉચ્ચારતાં જીભનું ટેરવું તાળવે અડે છે, જ્યારે 'ल' બોલતાં જીભના ટેરવાની આગળની સપાટી તાળવે અડે છે, અને ટેરવું દાંતો તરફ લંબાઇ રહે છે, કિંતુ દાંતોનો સ્પર્શ કરતું નથી.

પાલિમાં तडाग વગેરેમાંનો तळाक લખાતાં આવતો ळकार એ તાલુસ્થાની કિંવા મૂર્ધન્યતર છે.

પૈશાચીમાંનો लनो ळ એ જિહ્વામૂલીય છે.

રા. નરસિંહરાવભાઈએ ळ વિશે લખ્યું છે કે-"The only distinction to be noted is this; while Pali, Vedic and Bhil language change the ड to ळ, the Pais'achi, Gujarati, Marvadi, Marathi and Dravidian languages change ल to ळ; the former keep the ल unchanged, the latter keep the ड generally unchanged; the resulting ultracerebral sound, ळ, is the same in all these languages."

(The Guj. Lang. & Lit. Vol. I, p. 308)

ધ્યાનમાં રાખવા જેવો ખાસ તફાવત આ છે:-જ્યારે પાલિ, વૈદિક અને ભીલી ભાષામાં डनो ळ થાય છે ત્યારે પૈશાચી, ગુજરાતી મારવાડી, મરાઠી અને દ્રવિડ ભાષાઓમાં लनो ळ થાય છે. આગલી ભાષાઓમાં लकारનો કશો ફેરફાર નથી, પાછલી ભાષાઓ ઘણું કરી डनो ફેરફાર કરતી નથી. ल-ड ઉપરથી આવતો મૂર્ધન્યતર ळ આ બધી ભાષાઓમાં એક સરખો જ છે.

પરંતુ મેં ઉપર બતાવ્યું છે તે પ્રમાણે ड ઉપરથી આવતો ळ (ગુજરાતી-હિંદી-મરાઠીમાં ड़) મૂર્ધન્યતર કિંવા તાલવ્ય છે, જ્યારે ल ઉપરથી આવતો ळ (ગુજરાતી-મરાઠી-દ્રાવિડ ભાષાઓમાં ळ) એ જિહ્વામૂલીય છે. આ વાતને ખરી પુષ્ટિ આપણી જીવતી ભાષાઓ ગુજરાતી-મરાઠી-મારવાડી આપે છે.

આમ મૂર્ધન્યતર ड़-ढ़ અને જિહ્વામૂલીય ळનો ઇતિહાસ જોયા બાદ મૂર્ધન્યતર ड़कार સંબંધમાં આપણા વિદ્વાનોએ કરેલી મહેનત જોઇયે.

રા. બળવંતરાયભાઈના નિયમો:—

"ડનાં ઉચ્ચારણ. (ગુજરાતી પત્ર, પૃ. ૧૭૪૬, તા. ૧૧-૧૧-'૨૮).

ડનાં બે ઉચ્ચારણ છે: ચોકખું અને અડ઼.

૧. પ્રથમ સ્થાને ચોકખો ડ જ હોય:–ડગલો, ડાંગ, ડોક, ડૂંગર...

૨. અનાદ્ય સ્થાને ડ નું ઉચ્ચારણ અડ્:–ઘોડો, ખીચડી, ગડબડ,ખડબચડું...
(નિયમ ૨ જો)

૩. અનાદ્ય ડ આગળ ર જેવું પ્રવાહી ઉચ્ચારણ હોય ત્યાં ડનું ઉચ્ચારણ યથારુચિ (નિયમ ૩ જો).

ભમરડો જેવા શબ્દ ઉચ્ચારતાં ર ને બરોબર ઉચ્ચારવાની ટેવવાળા ડ નો ચોકખો ઉચ્ચાર કરશે.

પણ ડ ને અડ્ ઉચ્ચારવાની ટેવવાળા ભમરડો, ઘરડી જેવા શબ્દ બોલશે તેમના ઉચ્ચારણમાં ર નો વિકાર થઈ જતો સંભળાશે.

૪. બે ડ સાથે સાથે આવે ત્યારે પ્હેલો ડ ચોકખો અને બીજો અડ્: ચાંડડ, ડોડિયા (માણસનું નામ'; બેથી વધારે સાથે આવે ત્યારે બધા અડ્: ગડડડ......ફુડ્ડુડુ......(નિયમ ૪ થો).”

આ ઉપરાંત એક વધુ નિયમ તેમણે તા. ૧૮–૧૧–'૨૮ના **ગુજરાતી પત્ર** પૃ. ૧૭૮૬ ઉપર આપ્યો છે:—

“૨ અનાદ્ય ડ તે અડ્ એ મુખ્ય નિયમ: પરંતુ ડ પ્હેલાં ઙ્, ઞ્, ણ્, ન્, મ્, કે બીજા કોઈ પ્રકારનું નાસિકોચ્ચારણ (nasal sound) આવતાં ડકાર રહે છે, અડ્ નથી થતો. × × × × ×

૪. બેશક આ પાંચે નિયમ પ્રાથમિક પૃથક્કરણનું જ પરિણામ હોવાથી એમાંનો કોઈ નિયમ લાગુ પડવો જોઇએ છતાં નથી પડતો, એવા અપવાદો શોધન કરતાં પકડાવાના જ. × × × × × અહીં હું જ એક અપવાદ નોંધું. × × × × લડવું (૧)=વઢવું, લડાઈ કરવી, to fight અને લડવું (૨)=લટકવું, લોલક પેઠે લબડવું, to dangle એ બે જુદા જુદા જ શબ્દો છે. લડવું (૧) માં ડ નો ઉચ્ચાર અડ્ થાય છે; લડવું (૨) માં ડકાર જ બોલાવો જોઇએ, કાઠિયાવાડમાં ડ કારજ બોલાય છે.”

૨૧. બળવંતરાયભાઇએ આપેલા નિયમોમાં ૧–૨–૫ આ ત્રણ નિયમો એ ખરા નિયમો છે; ૪થો નિયમ ૨ જામાં અને ૫ મામાં અંતર્ગત છે; ૩જા નિયમમાં કહેલી વાત આનુમાનિક જ છે. મૂર્ધન્યતર કિંવા અડ્ ઉચ્ચાર કરવાથી ર નો વિકાર થઇ જતો સંભળાય તે લઘુપ્રયત્ન અકારને આભારી છે. વસ્તુસ્થિતિએ શુદ્ધ ઉચ્ચારણમાં ડ્ મૂર્ધન્યતર જ છે; શિષ્ટ ગળામાં ર પોતાનો ઉચ્ચાર ગુમાવતો નથી.

લડ઼વું—લડવું એવો ઉચ્ચારભેદ રા. બળવંતરાયભાઈ પકડી શક્યા છે. તે શાને લીધે તે વાત શોધી શક્યા નથી. રા. ડોલરરાય એ વાતને ખોળવા કાંઇક અંશે સમર્થ થાય છે. એમના નિયમો જોઈયેઃ—

"શબ્દારંભે આવતો 'ડ' મૂર્દ્ધન્ય છે; તેમ જ જે 'ડ' ની પહેલાંના સ્વર ઉપર સ્વરભાર પડે તે પણ મૂર્દ્ધન્ય છે. જે 'ડ' ની પહેલાના સ્વર ઉપર સ્વરભાર ન પડે અને જેની પહેલાં કોઈ સ્વર અને પછી કોઈ સ્વર કે અર્દ્ધસ્વર હોય તે મૂર્દ્ધન્યતર 'ડ' છે. અને જે 'ડ' ની પહેલાંના સ્વર ઉપર સ્વરભાર વિકલ્પે પડે તે વિકલ્પે મૂર્દ્ધન્ય અને મૂર્દ્ધન્યતર છે."

આમાં એમણે ચાર નિયમો સમાવી લીધા છેઃ—

૧. શબ્દારંભે આવતો ડ મૂર્ધન્ય છે.

૨. અનાદિ દશામાં ડ પહેલાં આગલા સ્વર પર ભાર પડતાં મૂર્ધન્ય ઉચ્ચારણ છે. ડ પહેલાં નાસિકોચ્ચારણ હોય તો સ્વાભાવિક ભાર જણાવાથી ડ મૂર્ધન્ય રહે છે. નાસિકોચ્ચારણ સંબંધી ચર્ચા તેમણે મુદ્દલે કરી નથી, છતાં સ્વરભારમાં તે વાત આવી જતી હોવાથી આ બીજા નિયમમાં તે સમાવિષ્ટ થઇ જાય છે.

૩. સ્વરભાર ન હોય ત્યાં મૂર્ધન્યતર ઉચ્ચારણ છે.

આ ત્રીજા નિયમમાં એક મોટો વિરોધ આવી પડે છે. નીચેનાં ઉદાહરણોમાં આ સ્વરભાર ન હોવાનું ધોરણ ટકી શકતું નથી. સ્વરભાર ડ ની પહેલાંના સ્વર પર પડવા છતાં ઉચ્ચારણ મૂર્ધન્યતર જ છે. અક્કડ઼ લબાડ઼ કમાડ઼, અખાડ઼, અખોડ઼, અગડ઼, અધવાડ઼, ઓછાડ઼, પછાડ઼, અડ઼બે, પડ઼ખું, વગેરે.

૪. સ્વરભાર વિકલ્પે પડે ત્યાં મૂર્ધન્ય કે મૂર્ધન્યતર છે. આ ચોથા નિયમે જ એમને ગોટે ચડાવી દીધા છે. તેમણે વિકલ્પ ઉચ્ચારવાળાં ઉદાહરણો આ આપ્યાં છેઃ—

"૩. મૂર્દ્ધન્ય 'ડ' અને મૂર્દ્ધન્યતર 'ડ' બન્ને ઉચ્ચારાય છે.

ગાડી–ડ઼ી, ઊડ-ડ઼તું, મોડું–ડ઼ું, દેડ–ડ઼કો. લાડુ–ડ઼ુ, જાડો–ડ઼ો. પાડો–ડ઼ો (અહિંઆં ઉચ્ચારમાં ફેર થાય છે, તેમ અર્થમાં પણ ફેર થાય છે.)"

આ શબ્દો મૂળ ड़ ઉપરથી ઊતરી આવેલા ડવાળા હોઈ જોડાક્ષર-પૂર્વના સ્વર પર ભાર હતો તે ઉત્સૃષ્ટ સ્થિતિમાં રહેતાં ઉચ્ચારણ મૂર્ધન્ય રહ્યું, આટલી વાત સર્વથા સ્વીકાર્ય છે. પરંતુ પછીથી સ્વરભાર જતો રહેતાં ગાડી વગેરેમાં મૂર્ધન્યતર ઉચ્ચારણ થાય. ખરું જોતાં તેમણે જે દાખલા આપ્યા છે તેમાં ડ પછી પણ કોઈક સ્વર કે સ્વરવાળો વ્યંજન આવેલ હોય છે, તેથી સ્વરભાર પાછલા સ્વર પર પડતો લાગે છે. પરંતુ અંત્ય ડકારમાં જ્યારે લઘુપ્રયત્ન અકાર હોય છે ત્યારે સ્વરભાર ક્યાં પડે ?

આ ઉપરથી વિચાર કરતાં નીચેના નિયમો મૂર્ધન્યતર ઉચ્ચારના ખરા સ્વરૂપને વ્યક્ત કરતા લાગે છેઃ—

૧. મૂર્ધન્ય ડ–ઢ

૧. આદિમાં આવતો ડ–ઢ મૂર્ધન્ય છે. ડગવું, ડગલું, ડોસી, ડોલ; ઢોલ, ઢાલ, ઢબ્બુ, ઢેફું, ઢોંગ વગેરે. (અ-ડગ, ની-ડર, અ-ડોલ, અ-ડોલી, અ-ડોળ વગેરેમાં સમાસને અંગે 'અ' અને 'ની'ની પછી આવવા છતાં શબ્દને આરંભે હોવાથી મૂર્ધન્ય જ છે.)

૨. કોઈ પણ નાસિકાસ્થાનીય ઉચ્ચારણ પછી આવતો 'ડ–ઢ' મૂર્ધન્ય છે. અંડ, માંડવું, ખાંડવું, ઊંડું; પેંઢો, પાંઢો, વાંઢો, સાંઢ, મીંઢું વગેરે.

૨. મૂર્ધન્યતર ડ઼–ઢ઼

૧. પહેલાં સ્વર હોય અને પછી સ્વર કે ય આવે તો 'ડ઼–ઢ઼'નું ઉચ્ચારણ મૂર્ધન્યતર છે. કડ઼ું, કોડ઼, ચડ઼વું, ચડ઼યો, છોડ઼વું, તાડ઼, દાડ઼મ, પાડ઼ો (આંકનો), મોડ઼, રડ઼વું, રાડ઼, રીડ઼, લડ઼ધું લડ઼વું (યુદ્ધ કરવું), લડ઼યો, વાડ઼ો (કાપો નહિ, ફળિયું.), વાડ઼ી, સાડ઼ી, સૂડ઼ો; અઢ઼ી, ઓઢ઼વું, ઓઢ઼યું, કઢ઼ી, કઢ઼ાઇ, કાઢ઼વું, કાઢ઼યું, કોઢ઼, ટાઢ઼, ટાઢ઼ા, ડાઢ઼–દાઢ઼, ડાઢ઼િયું–દાઢ઼િયું, ડાઢ઼ું–દાઢ઼ું, મઢ઼વું, મઢ઼યું, મઢ઼ી, લાઢ઼ું, વઢ઼વું, વઢ઼યો, વાઢ઼વું, વાઢ઼યું, વેઢ઼, સઢ઼ વગેરે.

અપવાદ—૧. બેવડા ड़ ઉપરથી ઊતરી આવેલો ડકાર મૂર્ધન્ય છે.

સં.	પ્રા.	અપ.	ગુજ.
अड्डति (અભિયોગ કરવો, અડકવું.)		अड्डइ	અડે
...	अड्डअम् (દેશી)	अड्डउं	આડું
...	इड्डरम् (,,=ગાડું)	...	ઈડર (પુરવિશેષ)
	उड्डो (હે. દે. ૧-૮૫)	ओड्ड	ઓડ (કૂવા ખોદનારી એક જાત) (જસમા ઓડણ)
उड्डयते	उड्डेइ	उड्डइ	ઊડે
कपर्दकः	कवड्डओ	...	કોડો
कपर्दिका	कवड्डिआ	...	કોડી
	खड्डा (હે. દે. ૨-૬૨)	...	ખાડ
	गड्डरी (,, ૨-૮૪)	...	ગાડર (ઘેંટી)
	गड्डिआ (,, ૨-૮૧)	...	ગાડી
	गिड्डिआ (દેશી) } गेड्डिआ (,,) }	...	ગેડી
	चड्डअम् (,,)	चड्डउं	{ ચાડું { છાડું
	जड्डअं (,,)	...	જાડું
	पड्डओ (,,)	पड्डउ	પાડો (=મહિષ)
	पड्डिआ (,,)	...	પાડી
	फड्डअं (,,)	फड्डउं	{ ફાડું { ફાડિયુ
	बुड्डइ (હે.વ્યા.૮-૪-૧૦૧)	...	બૂડે
लड्डुकः	लड्डुओ	...	લાડુ
	वड्डअं (હે. દે. ૭-૨૯)	वड्डउं	વડું (=મોટું)
	हड्ड(कअं) (,, ૮-૫૯)	हड्डकउं	હાડકું
	हुड्ड (,, ૮-૭૦) } होड्ड (દેશી) }	...	હોડ (=શરત)

આ ઉપરાંત અડવું (=ખાલી), અડવાણું, અડિયું–અડાયું, અડો (=ધામો), આડિયું (=કરવત), આડું (=લાકડાનું), આડોપું, ખડીપીડી (ખડલી–પીડલી), ઉડાનશેહ, કોડામણું, કોડિયું (=સર્પની જાત), ખાડુ (ભેંસનું ટોળું), ગડારો, ગૂડો (=ગોડણ), ગુડો (=કાણ), ગૂડવું (=મારી નાખવું), ગોડવું (=જમીન ખોદવી), છોડું–છોડિયું, ટોડો (=ખાંભો), ટોડર, ડાડુ, ડેડો (=છોકરીઓનો મોરાકત વ્રતનો દેવ), ડોડો–ડોડી, ડોડુ, ડોડકું, ડોડ (=રીસ), ડોડવો, દેડકો (હે. દે. ડિડુરો.), બાડુ, લાડ, લાડવું, લાડો–લાડી, લડવું (=એક બાજૂ નમવું), લોડવું (ઝૂલવું), ચડ, ચાડ, પેડુ. ભોડું, ભેડો (સોરઠમાં આયરનું એક કુળ), ડોડિયો (=સોરઠમાં આયર અને કારડિયા રજપૂતનું એક કુળ), વડારણ, વેડુર, રેડો (=નરમૃગ.), હાડી (=ઢેઢની એક જાત.) વગેરે વગેરે.

[નોંધ—મૂર્ધન્યતર ડ઼–ઢ઼ ના ઉચ્ચારણમાં તળ ગુજરાત અને કાઠિયાવાડમાં એક વિચિત્ર ભિન્નતા માલૂમ પડી આવે છે. તળ ગુજરાતમાં ઉપર ડ઼ ઉપરથી આવતા શુદ્ધ મૂર્ધન્ય ઉચ્ચારને સ્થળે પણ સામાન્ય રીતે 'ડ'નું મૂર્ધન્યતર ઉચ્ચારણ કરવામાં આવે છે, જ્યારે કાઠિયાવાડમાં મૂર્ધન્યતર ઢકારને બદલે સામાન્ય રીતે મૂર્ધન્ય ઢકાર જ ઉચ્ચારવામાં આવે છે. 'કહાડવું' અને 'કાઢવું' એ બે જોડણી આને જ આભારી છે. 'કહાડવું' એ 'કાઢવું' છે, જે તળ ગુજરાતને સંમત છે, 'કાઢવું' કાઠિયાવાડીઓનું છે. કાઠિયાવાડીઓએ જેમ મૂર્ધન્યતર 'ઢ઼'નું ઉચ્ચારણ સમઝવા જેવું છે, તેમ તળ ગુજરાતના વતનીઓએ 'ડુ' ઉપરથી આવતા મૂર્ધન્ય 'ડ' ને સ્થળે કરાતા મૂર્ધન્યતર ઉચ્ચારણનો ખ્યાલ કરવા જેવો છે.]

અપવાદ—૨. ડ–ઢ પછી 'એ' સિવાયના કોઈ સ્વરના વ્યવધાને ટ વર્ગ, લ કે ળ આવે તો મૂર્ધન્યતર ઉચ્ચાર થતો નથી. અડણુ, અડાણી, આડણી, પડણુ કડણ, નડણ, ઓઢણી, અઢણ, લઢણ, જોડણી, જોડાણ; ટાઢોડું, ટાઢોડિયું, ડાડાડવું, ડાડડ઼િયું, વડલો, પૂડલો, ચૂડલો, કડલાં, જોડલું, દડૂલી, મદૂલી; અઢળક, પડાળ, પડળ, વગેરે.

ઉપર દેખાડવામાં આવતા આ હેતુને લીધે જ લઘુતાવાચક 'લ' પ્રત્યય લઘુતાવાચક અંતવાળા શબ્દને ડકાર પહેલાં આગમરૂપે આવે છે, જેથી મૂર્ધન્યતર ઉચ્ચાર કાયમ રહી શકે છે. જેમકે—વાતડ઼ી—વાતલડ઼ી; રાતડ઼ી—રાતલડ઼ી; વાટડ઼ી—વાટલડ઼ી, આંખડ઼ી—આંખલડ઼ી; છાંવડ઼ી—છાંયલડ઼ી; મીઠડ઼ી—મીઠલડ઼ી; છાતડ઼ી—છાતલડ઼ી; ગાવડ઼ી—ગાવલડ઼ી; પાંખડ઼ી—પાંખલડ઼ી; ચૂંદડ઼ી—ચૂંદલડ઼ી; જાતડ઼ી—જાતલડ઼ી,[1] વગેરે, કેમકે

---

૧. રા. ગોકુલદાસ રાયચૂરાના તંત્રિત્વે નીકળતા **શારદા** માસિકના ઇ. સ. ૧૯૨૮ ના **દીપોત્સવી** અંકમાં રા. ભરતરામ ભાનુસુખરામ મહેતાનો "ડ અને લ પ્રત્યય" એ શીર્ષક લેખ પ્રસિદ્ધ થયેલો. તેમાં 'લ' પ્રત્યયના સ્થાનમાં તેમણે ચર્ચા કરી છે. પરંતુ તે લેખ લખવામાં તેમણે કાંઇક ઉતાવળ કરી છે. એટલું તો એમાંથી ગ્રાહ્ય જ કે "આ પ્રત્યયોમાં તિરસ્કારને અથવા લઘુતાનો કે સ્વાર્થનો અર્થ હોય છે, એમ સ્વ૦ કમળાશંકરભાઇ લખી ગયા છે. તેમા હું એટલું ઉમેરીશ કે પ્રાચીન સાહિત્યમાં પ્રાસ મેળવવા ખાતર પણ મુખ્યત: 'ડ'કારનો ઉપયોગ થતો હતો."

પરંતુ ત્યારપછી નીચેની એમની સૂચના કાંઈક વધારે પડતી જણાય છેઃ "બેવડા પ્રત્યય વાપરવા જતાં લેખકે હમેશાં એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે પ્રથમ 'ડ' પ્રત્યયને માન મળે છે, અને પછી જ 'લ' પ્રત્યયને માન મળે છે. અર્થાત્ બેવડો પ્રત્યય 'ડલ' જ ખરો છે, 'લડ' ખોટો છે."

જરા વિચાર કરતાં ઉપર્યુક્ત સર્વસાધારણ ભૂલનું કારણ જણાઇ આવે છે. તેમણે નિયમ આપ્યો છે કેઃ—

"'ળ'કારાંત કે 'લ'કારાંત શબ્દ હોય તેને હંમેશાં 'ડ' જ લાગે અને 'ડ'કારાંત પ્રત્યય હોય તેને હંમેશાં "લ' જ લાગે એ સર્વસાધારણ નિયમ સમજવો.

અલબેલડી, ફૂલડાં, કોયલડી, વીજલડી, વેલડી, સાહેલડી, વડલો, વાંસલડી, બેડલું, ટીલડી, ઢેલડી, વાદલડી, લાડીલું, ચૂડલો, અંબોડલો હિલડું, હોડલું, જોડલી, બાહુડાં, એકલડું વગેરે."

આમાં રા. ભરતરામે આપેલો નિયમ સર્વથા આદરણીય છે એ નિર્વિવાદ જ, અને તે પ્રમાણે ડકારાંત શબ્દ જ હોય તો 'લ' લગાડવામાં કશો બાધ નથી, જેવાંકે વડલો, બેડલું, લાડીલું, ચૂડલો, હોડલું, જોડલી, વગેરે. પરંતુ

જો તેમ કરવામાં ન આવે તો લકાર પહેલાં લઘુપ્રયત્ન અકારવાળો ડ મૂર્ધન્યતર ઉચ્ચારી શકાતો નથી, અથવા ઉચ્ચારવા જઇયે છિયે તો 'કલ્લું–સાલ્લો' જેવો ઉચ્ચાર થઇ જાય છે. મૂર્ધન્યતર ઉચ્ચાર કરવામાં જીભને તાળવે અડાડવી પડે છે. અકાર લઘુપ્રયત્ન હોવાથી તરત જ તાળવે અડેલા જીભના ટેરવાને દંતસ્થાન તરફ ખેંચવા જતાં આગલો મૂર્ધન્યતર, 'લ' જેવો ઉચ્ચારાય છે. પરિણામે મૂર્ધન્યતર ઉચ્ચાર કરવાથી ઉપર જણાવેલી મુશ્કેલી ઊભી થતી નથી.

ખુદ જ્યાં 'ડ' પ્રત્યય તરીકે જ લાગ્યો હોય ત્યાં 'લ' ક્યાં લગાડવો એ જ વિચારવાનું છે.

એક વાત અહીં કહેવી આવશ્યક લાગે છે, અને તે એ જ કે.—

વ્યાકરણ પરથી ભાષાની ઉત્પત્તિ નથી, કિંતુ પ્રચલિત ભાષા પરથી વ્યાકરણના નિયમો બંધાય છે. એટલે કદાચ એવી સ્થિતિ હોય કે–વ્યાકરણના નિયમે પ્રચલિત ભાષા સાથે વિરોધ આવે ત્યાં ભાષાને અધીન થઈ અપવાદવાચક નિયમો વ્યાકરણકારે સ્વીકારવા પડે છે. પરંતુ એવીય વિચિત્ર સ્થિતિ અહીં નથી જ.

સામાન્ય નિયમે 'ડ઼' પ્રત્યય લગાડવામાં આવે છે તે દરેક શબ્દને લાગી શકે છે. ફક્ત જેટલા ડ–ડ઼'કારાંત કે ઢ–ઢ઼કારાંત મૂળ શબ્દ છે તેને 'ડ' લગાડતાં બોલવામાં બાધ આવે એ માટે 'ડ' ને બદલે 'લ' તરફ લોકોનું વલણ છે. કાંઠો જેવા કોઇક શબ્દમાં કાંઠડો–કાંઠલો એમ વિકલ્પ રહે છે તે અર્થભેદને આભારી છે. આથી એમ ન જ સ્વીકારી શકાય કે બધા 'ડ઼ુ' પ્રત્યયાંત શબ્દોની પાછળ જ એવા સંયોગમાં 'લું' લાગે. શા માટે 'ડ઼ુ' પ્રત્યયને 'લ' આગમ ન થતો હોય?

નવીન રીતે આપણા કવિઓનાં ચાલુ શબ્દપ્રયોગોને ભૂલભરેલા માની 'ડ઼ુ' પ્રત્યયાંત કે ડ–ડ઼–ડુ–ડ઼ુકારાંત ગમે તે શબ્દને 'લ' જ લગાડવો એવો બાધક નિયમ શા માટે દાખલ કરવો જોઇયે? એ તો એમના જ લેખથી સાબિત થઈ શકે છે કે કવિ નાનાલાલ, કવિ ખબરદાર, સ્વ૦ કવિ બોટાદકર, રા. દાયચૂરા જેવાયે પ્રમથ 'લ' અને પછી 'ડ' એવો જ ક્રમ સ્વીકાર્યો છે. રા. આરતરામ લખે છે કે

" જેને ઝીણવટવાળી આંખ ઈશ્વરે બક્ષેલી હશે, તે આ વાક્યોમાંની ખૂબી તુર્ત પારખી શકશે. જુઓ:—

૩. જિહ્વામૂલીય ળ

૧. પ્રાચીન તદ્ભવ શબ્દોમાંનો 'ળ' જિહ્વામૂલીય છે; અળશી, આંગળું, આંધળું, આળોટવું, કેળ, કંટાળો, છિનાળ, ઝોળી, નાળિયેરી, ડોળો, પીળું, શીળું, સાળો, હળદર વગેરે.

૨. હિંદીની અસરને અંગે કેટલાક તદ્ભવમાં વિકલ્પે 'લ' રહે છે; ડોલ-ળ, સોલ-ળ, વટલવું-ળવું, વગેરે.

૩. કેટલાક સંસ્કૃત તત્સમ શબ્દોમાં લ-ળ નો વિકલ્પ છે. જલ-જળ, ફલ-ફળ, માલા-માળા, શાલા-શાળા, બાલા-બાળા વગેરે.

	ખોટો શબ્દ		ખરો શબ્દ
	વાતલડી	"ને મોતે હરી લીધાં તે	વાતડલી
	રાતલડી	કો સમે, વાતલડી કરવાનો	રાતડલી
	વાટલડી	મારગ કહીં જડે."	વાટડલી
	ભાભલડી	વિધવાવિલાપ ગરબી કડી ૧.	ભાભડલી
	આંખલડી		આંખડલી
	માતલડી		માતડલી
	છાંયલડી		છાંયડલી
	મીઠલડી		મીઠડલી
	છાતલડી		છાતડલી
ઉપરાંત	ગાવલડી		ગાવડલી
	પાંખલડી		પાંખડલી
	ચૂંદલડી		ચૂંદડલી
	જાતલડી		જાતડલી

રા. ભરતરામ ઉપર જે ખરા શબ્દ તરીકે આપે છે તે કયાંય પણ પ્રચારમાં હોય તેમ મારું માનવું નથી; તેમ જ તેમનું માનવું પણ હોય એમ નથી લાગતું, કારણ કે એક તો તેમણે કયાંય એમના લેખમાં કોઇ સાક્ષરના લેખનાં તેઓએ માનેલા ખરા શબ્દનાં ઉદાહરણો આપ્યાં નથી, તેમ જ બીજું એ કે તેમનું માનવું "હવે આજકાલના કવિઓ આ બાબતમાં જે થાપ ખાય છે, તે એ છે કે-'ડ' અને 'લ' પ્રત્યય પૈકી પહેલો કયો અને કયારે લખવો એનું તેમને ભાન રહેતું નથી" એમ બધા કવિઓએ આ બાબતમાં થાપ ખાધી

૪. ળ કાર પછી સ્વરના વ્યવધાને 'ણ' આવતાં 'ળ' નો 'લ' થાય છે; વલણ, મલાણું, (=મળાયું) વગેરે.[૧]

છે એવું છે; એટલે એમણે કહેલો સિદ્ધાંત સ્વીકારવો કે કેમ તે એક વિચારવા જેવી વાત છે. વસ્તુસ્થિતિ એવી છે કે:—

(૧) સામાન્ય રીતે તિરસ્કાર, લઘુતા કે સ્વાર્થ તેમ જ કેવળ પ્રાસ વગેરે મેળવવા ખાતર શબ્દને 'ડું' પ્રત્યય લગાડવો. પરંતુ જો શબ્દ પ્રકૃતિથી જ ડ-ડ઼-ડું-ડ઼ું-કારાંત કે ઢ-ઢ઼-ઢું-ઢ઼ું-કારાન્ત હોય તો 'ડું' પ્રત્યયને બદલે 'લું' પ્રત્યય લગાડવો. તેવે સ્થળે મૂર્ધન્યતર ડ઼-ઢ઼ નો ઉચ્ચાર મૂર્ધન્ય થઈ જાય છે.

ઉદા૦—વડલો, પૂડલો, ચૂડલો, કડલાં, જોડલું વગેરે.

(૨) ળ કારાંત શબ્દોમાં અંત્ય 'ળ'નો લ કરી ડું પ્રત્યય જ ઇષ્ટ છે. જેમકે-વાદલડી. વાદળલી ક્યાંય જોયો સાંભળ્યો નથી.

(નોંધ—લકાર પહેલાં મૂર્ધન્યતર કે જિહ્વામૂલીય ળ ઉચ્ચારી શકાતો નથી, તેથી જ નિયમ પહેલામાં 'ડ઼-ઢ઼' ના 'ડ-ઢ' અને આ બીજામાં 'ળ'નો 'લ' સ્વીકાર્ય છે.)

આટલું કર્યા છતાં કેટલીકવાર પ્રાસાદિકને ખાતર કે વધારે રસમય કરવા ખાતર ઉમેરો કરવો હોય ત્યાં નીચેનો નિયમ રાખવો જોઇયે:—

(૩) ડું પ્રત્યય પૂર્વે જ 'લ' આગમ ઉમેરવાનું સાર્વત્રિક સર્વમાન્ય વલણ હોવાને લીધે તે જ રીત સ્વીકારવી. વાતલડી, ગાવલડી, પાંખલડી વગેરે.

(૪) 'ડું' કે 'લું' પ્રત્યય પૂર્વે આવતા કોઈપણ સ્વરનો લઘુપ્રયત્ન અકાર થાય છે, પરંતુ 'ડું' પહેલાં 'લ' આગમ આવે ત્યારે પૂર્વનો અકાર લઘુપ્રયત્ન ન રહેતાં લકારમાંનો અ લઘુપ્રયત્ન રહે છે. ગાવડી. ફૂડલું અને ગાવલડી.

આમ કરવાથી બધું ય સ્વસ્થ થશે, એવો મારો નમ્ર અભિપ્રાય છે. અને હું સમજું છું કે—આ જ નિયમો આપણી શિષ્ટ ગુજરાતીમાં અનુસરાય છે.

૧. અરબી, ફારસી, ઉર્દૂ વગેરે વિદેશીય શબ્દો પરથી ઊતરી આવેલા શબ્દોમાં લ અવિકૃત રહે છે, એમ અનુભવથી લાગે છે. (છતાં પાયદળ – ળ).

ઉમેરણ—અહીં 'પાયદલ-ળ' એ શબ્દ સંસ્કૃતોત્થ છે તે સ્વ. ન. ભો. દિવેટિયાએ બતાવ્યું છે. ગુજરાતીમાં સંસ્કૃત–પ્રાકૃત દ્વારા બેવડા 'લ્લ' ઉપરથી મળેલો 'લ' દંત્ય જ હોય છે, એ એક સિદ્ધાંત વાત છે. તા. ૧૨–૮–'૪૪]

ઉપર પ્રમાણે મૂર્ધન્યતર 'ડ઼-ઢ઼' અને જિહ્વામૂલીય 'ળ'નું ગુજરાતી ભાષામાં સ્થાન છે. મૂર્ધન્યતર ડ઼-ઢ઼ સંબંધમાં યથાબુદ્ધિ ખરૂં સ્વરૂપ વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે. ભાષામાં સારી રીતે કામ કરતા મૂર્ધન્યતર ઉચ્ચારણને ગુજરાતી જોડણીમાં સ્થાન નથી. ભવિષ્યની પ્રજાને એ વાતથી વાકેફ રાખવી હોય તો ડ-ઢ નીચે નુકતાની પદ્ધતિ સ્વીકાર્યે જ છૂટકો. પ્રાથમિક ધોરણોમાં ભણાવનારને આ મુશ્કેલીનો ખરો અનુભવ થાય છે. 'ડોસો' અને 'ઘોડ઼ો' એ બંને શબ્દમાં સરખો મૂર્ધન્ય ઉચ્ચાર સાંભળતાં કયા શિક્ષકને લાગી નહિ આવતું હોય ? આપણી વર્ણમાળામાં નુકતાવાળા 'ડ઼'ને દાખલ કરી ઉચ્ચારણનું પૃથક્કરણ પ્રથમથી જ બતાવવામાં આવે તો આવી મુશ્કેલી કદી ઊભી થાય તેમ નથી.

સ્વ. કમળાશંકરભાઈએ બૃહદ્વ્યાકરણમાં આ મૂર્ધન્યતર ઉચ્ચાર 'ડ઼-ઢ઼'નાને સ્થાન નથી જ આપ્યું; જિહ્વામૂલીય 'ળ' પણ ફક્ત શબ્દસિદ્ધિ પ્રકરણમાં પ્રાચીન તદ્ભવ શબ્દોમાં જ પ્રતીત થતો દેખાય છે. આપણા અર્વાચીન વૈયાકરણો આ વિષયને જતો નહિ જ કરે એવી આશા સાથે આ લેખ પૂરો કરું છું.

આંગરોલ-કાઠિયાવાડ, તા. ૧૦-૯-'૩૦

[બુદ્ધિપ્રકાશ: પુ. ૭૭, સપ્ટેમ્બર, ૧૯૩૦, પૃ. ૨૭૬-૨૮૮]

---

૭. મૂર્ધન્યતર ડ઼-ઢ઼ અને અવળી માત્રા

મારા સપ્ટેમ્બર ૧૯૩૦-"બુદ્ધિપ્રકાશ"માંના "મૂર્ધન્યતર ડ઼-ઢ઼ અને જિહ્વામૂલીય ળ" એ વિષયની ચર્ચાના લેખે ગુજરાતના અગ્રગણ્ય બે ભાષાશાસ્ત્રીઓનુ ધ્યાન ખેંચ્યું છે, અને તદનુસાર એ ઉભય સાક્ષરવર્યોએ ઑક્ટોબર-નવેમ્બર ૧૯૩૦ ના "બુદ્ધિપ્રકાશ"માં યોગ્ય

ચર્ચા કરી છે. તેમાંય આપણા વયોવૃદ્ધ સાક્ષરરત્ન નરસિંહરાવભાઈએ તો આખા લેખની સમીક્ષા લખી છે. સાક્ષરશ્રી બળવંતરાય ભાઈએ જો કે અવળી માત્રાના સંબંધમાં જ ઉક્ત અંકમાં લખ્યું છે, છતાં મારા પરના એક ખાનગી પત્રમાં એઓશ્રીએ ટૂંકમાં એ લેખમાંનું ઉપયોગી તત્ત્વ બતાવી આપ્યું છે. આ માટે એ ઉભય સાક્ષરોનો જેટલો આભાર માનું તેટલો થોડો જ છે.

(૧) મૂર્ધન્યતર ડ઼-ઢ઼

મારા ઉક્ત લેખમાં સા. નરસિંહરાવભાઈને થોડો ઘણો અન્યાય થયો હોય તેમ લાગે છે. Gujarati Language and Literature Vol. 1 તેમ જ **મનોમુકુર** એ સિવાયના જોડણી વિષયના એ બે નિબંધો મને મળી શક્યા નથી. મારા જન્મ પૂર્વના એ બે નિબંધોના પત્તા માટે મેં એક પત્રથી તેઓશ્રીને તકલીફ આપેલી. તેનો પ્રત્યુત્તર તેઓશ્રીએ તા. ૧૨-૯-'૩૦ ના પત્રથી આપેલો. તેમાં તેમણે તે પ્રથમ સાહિત્ય પરિષદના રિપોર્ટમાં ૧૯૦૫નો નિબંધ છપાયેલો તેની સૂચના કરેલી. મેં અન્યત્ર એ રિપોર્ટ મેળવવા યત્ન કર્યો, પરંતુ મળ્યો નહિ. આમ એ નિબંધ જ મારી પાસે ન હોવાથી ડ઼-ઢ઼ સંબંધમાંનો તેમનો પ્રયત્ન હું જનતાને ન બતાવી શક્યો. આ માટે હું તેમની ક્ષમા માગું છું; અને આશા છે કે તેઓશ્રી તે આપશે જ. અહીં સોરઠના એક ખૂણામાં પડેલાને પૂર્વનાં ઉપયોગી પુસ્તકો દુર્લભ હોય એ સ્વાભાવિક છે.

મારા નિયમોના નવીન અંશ બતાવતાં (ख) માં કાંઈક સમઝફેર હોય તેમ લાગે છેઃ—

"(૧) રા. કેશવરામ શાસ્ત્રી કહેઃ "મૂળ જોડાક્ષર (ની) પૂર્વના સ્વર ઉપર ભાર હતો તે ઉત્સૃષ્ટ સ્થિતિમાં રહેતાં ઉચ્ચારણ મૂર્ધન્ય રહ્યું, આટલી વાત સર્વથા સ્વીકાર્ય છે."

આમ કહી તરત જ કહે છેઃ

"પરન્તુ પછીથી સ્વરભાર જતો રહેતાં 'ઝાડી' વગેરેમાં મૂર્ધન્યતર ઉચ્ચારણ થાય."

ઉપરના અવતરણમાંનાં મારા અસલ લેખનાં અવતરણો મારો જ મત વ્યક્ત કરતાં હોય તેમ ભાસે છે. વસ્તુસ્થિતિએ સ્વરભારવિષયક કલ્પના મારી નથી, રા. ડોલરરાય માંકડની છે. મેં તે સ્થળે સ્વરભારકલ્પના નિરર્થક છે તે પરોક્ષ રીતે બતાવ્યું જ છે.

"પરંતુ પછીથી...ઉચ્ચારણ થાય" એ રા. ડોલરરાયના ત્રીજા નિયમની વૃત્તિ છે, એમ સંદર્ભ જોતાં પ્રતીતિ થતી નથી?

ડ઼ ઉપરથી ઊતરેલા ડકારવાળા શબ્દોમાંનું મૂર્ધન્યતર ઉચ્ચારણ તળ ગુજરાતમાં પ્રચારમાં છે તેનો ત્યાગ કરવા ભલામણ કરી છે તે તેવાં સ્થળોમાં હું મૂર્ધન્યતર ઉચ્ચારણ માનતો નથી તે માટે જ.

"કારણ લુપ્ત થવાની સાથે અન્ય કારણ પ્રકટ થતાં તે અન્ય કારણનું કાર્ય પ્રકટ થાય." એ ન્યાય પૂરેપૂરો અહીં ત્યારે જ લાગુ પડી શકે કે જ્યારે મુદ્દાને અપવાદ મળી શકતો ન હોય. ડ઼ સિવાયનો જે બીજો અપવાદ છે તેમાં स्वरमध्ये समानपदे એ સ્થિતિ હોવા છતાં મૂર્ધન્ય ઉચ્ચારણ છે જ. પછી ન થતાં હોય અને તે વિષયમાં મારી સમઝમાં ફેર હોય તો તે પ્રભુ જાણે. અપવાદ ૧ માં પણ એવા અનેક દાખલા છે કે જેમાં તળ ગુજરાતમાં પણ ઉચ્ચારણ મૂર્ધન્ય છે. પછી ત્યાં પણ પૂર્વ સંસ્કારનો ગંધ અકારણ હોય તો તે માટે કાંઈ કહેવાપણું નથી.

કાઠિયાવાડમાંનાં પણ શિષ્ટ ઉચ્ચારણોને જતાં કરવામાં આવે એ ઇષ્ટ તો ન જ ગણાય.

(ઘ) માં ૧. ડોલ–ડોળ એ એક ઉદાહરણ સંદિગ્ધ જ છે. સોલ–સોળ, વટલવું–વટળવું તેમ જ ગોલ–ગોળ એવા શબ્દોમાં સંદિગ્ધતા કેમ લાગતી હશે?

૨. 'પીડિત'નો 'પીડ઼િત' જ ઉચ્ચાર કરિયે છિયે. મારે મતે એ 'પીડ઼િત' જ લખાય (નુકતાવાળો ડ઼), આને જો તદ્‌ભવ કહેવામાં

આવે તો 'જલ'નું 'જળ' એ વગેરે ભલે તદ્ભવ રહે, બાકી તો નહિ જ.

(ક) 'પાયદલ–ળ' એ વિદેશી શબ્દ છે એવું ભાન મારા લેખમાં છે એ મારી ઉતાવળનું જ પરિણામ છે. એ બતાવી એઓશ્રીએ મને ઋણી કર્યો છે.

(૨) અવળી માત્રા.

અવળી માત્રા સંબંધમાં સા. નરસિંહરાવભાઈ તેમ જ દી. બા. કેશવલાલભાઈનું નામ મેં આપ્યું છે ત્યાં મારો એવું કહેવાનો આશય નથી જ કે–"તે બે વ્યક્તિ જ અવળી માત્રાનો ઉપયોગ કરે છે." વિષયના સમર્થનમાં કનિષ્ઠિકાધિષ્ઠિત વ્યક્તિઓનાં નામ તરત યાદ આવે તે સ્વાભાવિક છે. સા. બળવંતરાયભાઈ તેમ જ અન્ય વિદ્વાનો પણ માત્રાનો ઉપયોગ એ રીતે કરતા જ હશે.

"લિપિમાં નવું ચિહ્ન બહુ ધીમે ધીમે જ સ્થાન મેળવી શકે" એ એઓશ્રીના મતને હું મળતો જ છું. પરંતુ गतानुगतिको लोकः એ સ્થિતિ જોતાં સાક્ષરવર્ગમાં શિષ્ટગ્રંથરચનામાં યુક્ત ચિહ્નો દાખલ થાય તો પછી બીજાઓ અનુકરણ કરવાના જ.

આટલા ખુલાસાથી ઉભય સાક્ષરવર્યો સંતોષાશે જ, એમ ઇચ્છી એકવાર ફરીથી, લીધેલી તસ્દી માટે આભારની લાગણી બતાવી અહીં વિરમું છું. એ જ.

(૩)

'બુદ્ધિપ્રકાશ'ના સપ્ટેમ્બરના અંકમાંના મારા "મૂર્ધન્યતર ડ–ઢ અને જિહ્વામૂલીય ળ" એ સંબંધી લેખમાંનાં બેએક વિવાદાસ્પદ સ્થળોના પ્રત્યુત્તરરૂપે રા. ડોલરરાય માંકડ તરફથી મોકલવામાં આવેલું એક ચર્ચાપત્ર ડિસેમ્બરના અંકમાં પૃ. ૩૮૧થી પૃ. ૩૮૬ સુધીમાં છપાયેલું છે. રા. ડોલરરાય માંકડે કૌમુદી વર્ષ ૫મું, પૃ. ૧૭૦૮ તેમ જ પૃ. ૭૦૯ મે ળકારના મૂર્ધન્યતરત્વસંબંધમાં જે લખાણ કરેલું તેમાં થયેલ સમઝફેર બતાવવા મારા તરફથી ઉક્ત લેખમાં પ્રયત્ન કરવામાં આવેલો, અને એ

સમઝફેર પાઠભેદને આભારી છે તે વાત બતાવેલી. રા. ડોલરરાય આ વાત સ્વીકારે છે એ હર્ષની વાત છે, અને તે જ રીતે લકારના સંબંધમાં ડિસેમ્બરના અંકમાં પ્રાતિશાખ્યને મોખરે કરવામાં ન આવ્યું હત તો લકાર સંબંધમાં અહીં લખવા કાંઈ પ્રયોજન ન જ રહેત. તેઓ લખે છે કે (૨જા ફકરામાં) "××લકાર દંત્ય છે. પણ તેનું સ્વરૂપ કંઇક મૂર્ધન્યતર જેવું પણ, પ્રાતિશાખ્યના નિયમથી જ જણાય છે." તેમ જ (૪થો ફકરો) "શુદ્ધ દંત્ય સંયોગથી ઉચ્ચારાતા લકારને જિહ્વામૂલીય લકારમાં ફેરવતાં મૂર્ધન્યતર ડ઼કારના સ્થાનમાંથી પહેલાં પસાર થવું પડે છે એમ પ્રાતિશાખ્ય જણાવે છે." (પૃ. ૩૮૧). અને શું ખરે પ્રાતિશાખ્ય તેવું જ જણાવે છે? એમ જણાવતું જ હોય તો પછી મારે કશું લખવાપણું ન જ હોય. પરંતુ મારી અલ્પબુદ્ધિ બાપડી એ વાત પ્રાતિશાખ્યમાંથી શોધવા ભાગ્યશાલિની નથી થઈ, અને તેથી કરી અહીં લખવા પ્રેરણા કરે છે.

ऋक्प्रातिशाख्यમાં ळ સંબંધમાં આવી હકીકત મળે છે:—

दन्तमूलीयस्तु तकारवर्गः (ચૌખમ્બા સિરીઝ પૃ. ૩૬)
सकाररेफलकाराश्च (,, ,,)
रेफवर्त्स्यमेके (,, પૃ. ૩૭)

એ પછી બીજા વિષયનાં ચાર સૂત્ર બાદ—

जिह्वामूलं तालु चाचार्य आह स्थानं डकारस्य तु वेदमित्रः ।
द्वयोश्चास्य स्वरयोर्मध्यमेत्य संपद्यते स डकारो ळकारः ॥ १० ॥
ळ्हकारतामेति स एव चास्य ढकारः सन्नूष्मणा संप्रयुक्तः ।
इळा साळ्हा चात्र निदर्शनानि वीड्वंग इत्येतदवग्रहेण ॥ ११ ॥

ચૌ. સિ. પૃ. ૩૮-૩૯

પ્રથમ આપેલાં ત્રણ સૂત્રમાં વચ્ચેનું લકાર દંતમૂલીય છે એમ આપે છે; અને ત્રીજું "કેવળ ર વર્ત્સ્ય છે, એવો કેટલાકનો મત છે" તે વાત કહે છે. ભાષ્યકાર ઉવ્વટ પણ रेफवर्त्स्यं એ સૂત્ર પર લખતાં કહે છે કે:—

एके आचार्या रेफं बर्त्स्यमिच्छन्ति । वेर्त्से भवो वर्त्स्यः । वर्त्स्यशब्देन दन्तमूलादुपरिष्टादुच्छूनः प्रदेश उच्यते ।

આમાં મૂળ સૂત્રોમાં કે ભાષ્યમાં લકારનું સ્થાનાંતર લભ્ય નથી. હવે રહ્યું जिह्वामूलं-વાળું સ્થાન. એ કારિકાની ઉત્થાનિકામાં ભાષ્યકાર લખે છે કે-ळकारस्य पूर्वोक्तस्थानापरितोषात् स्थानान्तरं प्रतिपादयितुमाह-जिह्वामूलं વગેરે. કારિકા પોતે કેવળ ळકાર સંબંધી મતભેદ જ આપે છે. ચૌખમ્ભાસિરીઝવાળી પ્રતમાં ळકારને બદલે ऌકાર છે, પરંતુ ક્યાંય પણ ऌકારના સ્વરૂપમાં એનો ઉચ્ચાર કરતું કોઈ સાંભળી શકાતું નથી. હવે વાત રહી કેવળ ઉદાહરણની. મૂળ કારિકામાં इला જે ખરું इळा અને साल्हा જે ખરું साळ्हा છે, એણે જ રા. માંકડને મૂંઝવી દીધેલા છે. મેં મારા ઉક્ત લેખમાં કેવળ इल ધાતુ પરથી ઊતરી આવેલા શબ્દોમાં જ ल મળી આવે છે તે વાત સોદાહરણ બતાવી છે. એટલે મુદ્દે આ સર્વ ऌકારનો વિષય જ ક્યાં છે? આમ પ્રાતિશાખ્ય લકારના સ્થાનાંતરત્વે કહેતું જણાતું નથી જ.

હવે અત્યારે જે બે ઉચ્ચાર લકારના મળે છે તે જોઈએ. એક તો દંતમૂલીય ઉચ્ચાર છે; બીજો રા. માંકડ કહે છે તેમ "દાંતના મૂળને જીભ અડાડ્યા વગર પણ એક જાતનો લકાર ઉચ્ચારવો શક્ય છે." આ જ લકાર તે તેમનો મૂર્ધન્યતર હોય તેમ તેઓ માને છે. નિશ્ચિત કાંઈ નથી કહેતા, કેમકે તેઓ લખે છે કે-(પૃ. ૩૮૧) "આ લકારમાં મૂર્ધન્યતર તત્ત્વ વધુ ભળે તે દેખીતું છે." ભળે છે એમ તેઓ નથી કહેતા. લકારના બે ઉચ્ચાર છે એ વાત મને સ્વીકાર્ય છે. પરંતુ મારું માનવું એવું છે કે મૂર્ધન્યતર-પ્રાતિશાખ્યને મતે તાલવ્ય ऌકારમાં જે આસ્યપ્રયત્ન છે તે ऌકારના ઉચ્ચારણમાં નથી. આ બીજો લકાર મૂર્ધા અને દંતમૂલના મધ્યભાગમાં જ આવી રહે છે; એથી ઉપર જઈ શકતો નથી. આ લ તાળવા સુધી પહોંચી જતો હોય તો પછી લકારનું મૂર્ધન્યતરત્વ = તાલવ્યત્વ સ્વીકારવામાં મને બાધ નથી. પરંતુ પ્રત્યક્ષને પરોક્ષ પુરાવાની આવશ્યકતા રહેતી નથી.

લકારની પ્રક્રિયામાં જિહ્વામૂલીય ળ સુધી પહોંચતાં લકારનો મૂર્ધન્યતર ઉચ્ચાર હોવો જ જોઇયે, આમ માનિયે, તો સાડલો વગેરેમાં લઘુપ્રયત્ન અવાળો ડ મૂર્ધન્યતર કેમ નથી ઉચ્ચારી શકાતો? મૂર્ધન્યતર ઉચ્ચારણ પછી તેમ જ જિહ્વામૂલીય ઉચ્ચારણ પછી વચ્ચે લઘુપ્રયત્ન અકાર હોવાથી લ ને ઘણું છેટું પડી જતું હોવાથી જ મૂર્ધન્ય ડ અને લ, ડ અને ળ ને બદલે મૂકવા પડે છે. જો 'લ'નું કોઈ પણ સમયે મૂર્ધન્યતરત્વ શકય હોય તો લલ ભેળા બોલાય, લડ઼ ભેળા બોલાય, અને ડ઼લ અને ળલ કેમ ભેળા નથી બોલી શકાતા? આ કારણ શું વિચારવા જેવું નથી?

મારા સહૃદય મિત્ર આ વાત ધ્યાનમાં લેશે જ, એવી આશા અસ્થાને ન જ ગણાય.

આ ઉપરાંત બીજું વિવાદાસ્પદ સ્થાન 'ડ' ના વિકલ્પ ઉચ્ચાર સંબંધનું છે. મેં મૂર્ધન્ય 'ડ' નાં જે ઉદાહરણ આપ્યાં છે તેમાંનાં કેટલાંકમાં તેઓ વિકલ્પ જુએ છે. આ વિકલ્પ તે સામ્યાભાસનું જ પરિણામ છે, તે મુદ્દાથી જ તળ ગુજરાત અને કાઠિયાવાડનો ડકારોચ્ચારણ સંબંધી ભેદ બતાવવા પ્રયત્ન કરેલો. એવી નોંધમાં શાસ્ત્રીય કે અશાસ્ત્રીય રીતિ કેમ થઇ જતી હશે તે કાંઇ સમઝમાં આવતું નથી. એ ડકારનું ખાસ કરી સોરઠ અને હાલારમાં તો વિકલ્પોચ્ચારણ નથી એવું મારું માનવું ભૂલભરેલું મારા અનુભવ સુધી તો નથી જ.

હવે વાત રહી મૂર્ધન્યતર 'ડ' ના ઉચ્ચારણની. રા. માંકડ ડ પહેલાં સ્વરભારનો અભાવ જ માને છે, જ્યારે મેં એવાં કેટલાંક ઉદાહરણો આપેલાં કે જેમાં ડ઼ પહેલાં સ્વરભાર પડે, છતાં ઉચ્ચારણ મૂર્ધન્યતર જ રહે. એટલે મૂળે મૂર્ધન્યતર કે મૂર્ધન્ય ડકારાદિના ઉચ્ચારમાં સ્વરભાર–પ્રક્રિયા જ અનુપયુક્ત છે તે પરોક્ષ રીતે બતાવેલું. મેં મૂર્ધન્યતર ડ઼ પહેલાં સ્વરભાર છે તેવાં જે ઉદાહરણો આપ્યાં છે તે ઉદાહરણો હું જે સ્થળે સ્વરભાર માનું છું ત્યાં તેઓ માનતા નથી, એવું એમણે કેટલાંએક ઉદાહરણો આપી સમ-

ઊતર્યું છે. સંસ્કૃત શબ્દોમાં જ્યાં સ્વરભાર હોય, ત્યાં જ તે ઉપરથી ઊતરી આવેલા ગુજરાતી શબ્દોમાં રહે એવું બાધક નિયમન જીવતી ભાષાઓમાં ટકી શકે કે નહિ એ એક આશ્ચર્યની વાત છે. જીવતી ભાષાઓમાં શબ્દના ઉચ્ચારણ સાથે જ સ્વરભાર ક્યાં હોય છે તે પકડાઇ જાય છે. એ માટે વિશેષ ખણખોદ કરવા દૂર જવું પડે તેમ નથી. રા. ડોલરરાય પણ આ વાતથી અજાણ્યા નથી જ. જુઓ પૃ. ૩૮૪, ફકરો ૩ જોઃ—

" વળી બીજા થોડાક દાખલા લઇએઃ
કરોડમાં દેખીતું એમ લાગે કે સ્વરભાર 'રો' ઉપર છે. "

પણ તેઓ એ દેખીતી વાતને ખોટી માની કહે છે કે " પણ કોટિમાંથી ક્રોટિ થઇ કરોડ થતાં સ્વરભાર 'ક' ને 'રો' વચ્ચે વહેંચાઈ જાય છે. " પરંતુ મને લાગે છે કે આ વાત સ્વમતના પ્રતિપાદન માટે જ સ્વીકારાઈ છે. જીવતી ભાષામાંના પ્રત્યક્ષ નિયમો જૂઠા માની એમની પરંપરા શોધવા જતાં ભાષાનું જીવતાપણું જ નષ્ટ થઈ જવાનું.

લઘુપ્રયત્ન અકારવાળા વ્યંજન પૂર્વે સ્વરભાર હોય છે જ. ડૉ. ભાંડારકર આ વાત સ્વીકારતા હતા. સ્વ. કમળાશંકરભાઇએ ડૉ. ભાંડારકરનો આ મત બૃહદ્ વ્યાકરણના પૃ. ૩૮૮ ઉપર બતાવ્યો છે. જુઓ " ડૉ. ભાંડારકર કહે છે કે મરાઠીમાં सुतक्, नुतन्, पितळ्, जिवन्त् જેવા શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર પર ભાર પડે છે, તેથી તે अ નો ઉચ્ચાર अअ જેવો લાંબો થાય છે. " જો કે રા. કમળાશંકરભાઈ આ મતમાં શૈથિલ્ય બતાવે છે. અર્વાચીન તદ્ભવ જેવા કે धर्म–ધરમ, कर्म–કરમ, તેમ જ અરબી શબ્દો ઉપરથી ઊતરી આવતા અસંખ્ય શબ્દોમાં સ્વરભાર સ્થાનભ્રષ્ટ થતાં જોડાક્ષરના મધ્યભાગમાં સ્વરિત अ ઉમેરાય છેઃ અર્જ–અરજ; અદ્લ–અદલ, ફિક્ર–ફિકર વગેરે અનેક છે. આમ એમનું સ્વરભાર તત્ત્વ હાથ તાળી દઇને છટકી જવાનું.

મીંડુંનો ઉચ્ચાર મીડું થાય ત્યારે અનુસ્વાર લગભગ કોમલતર

નહિ, કિંતુ નષ્ટ જ થઈ જવાનો. પૂર્વે સહેજ પણ અનુનાસિક ઉચ્ચારણ હોય તો મૂર્ધન્યતર ડ નો સામાન્ય રીતે 'ણ' થઇ જ જાય. कणबी વગેરે ઉદાહરણો એ માટે મોજુદ છે.

આશા છે કે રા. ડોલરરાય આ વાત ધ્યાનમાં લેશે. નિયમોમાં સુધારો કરવો તે તેમની ઇચ્છાની વાત છે. इति शम्.

માંગરોલ–કાઠિયાવાડ, તા. ૧૪–૧–'૩૧

[બુદ્ધિપ્રકાશઃ પુ. ૭૮, અંક ૨, ફેબ્રુઆરી, સને ૧૯૩૧, પૃ. ૫૩–૫૭]

---

૮. પદાંત ઇ–ઇ ઉ–ઊ

આજ દિવસ સુધીમાં ગુજરાતી ભાષાની જોડણી એકધારી બનાવવાને માટે અનેકાનેક પ્રયત્નો થઈ ચૂક્યા છે, પરંતુ એ પ્રયત્નોનું સર્વાંશે પાલન અદ્યાપિપર્યંત થઇ શક્યું નથી. એ માટે કારણ ક્યાંય બીજે શોધવા જવું પડે તેમ નથી. આજ દિવસ સુધીમાં જે જે નિયમો પ્રચારમાં આવ્યા છે તે બધા સારલ્ય તેમ જ લેખનની અનુકૂળતા તરફ ઘસડાઇ ગયા છે. આથી કરીને કેટલાક પ્રસંગોમાં શાસ્ત્ર તેમ જ જોડણીમાં મુખ્યત્વે નિયામક એવા ઉચ્ચારણને બંધએસતી એવી જોડણી અદ્યાપિપર્યંત નક્કી થઈ શકી નથી. આ સંબંધમાં છેવટનો પ્રયત્ન ગુજરાત વિદ્યાપીઠ તરફથી થયેલો છે. તેમાં પણ આ જાતની ખામી દેખા દે છે. આપણે ત્યાં જેમ જેમ ભાષાશાસ્ત્રવિષયક નવીન જ્ઞાનની પ્રાપ્તિ થતી જાય છે તેમ તેમ ભાષાશાસ્ત્રને અધીન એવાં તત્ત્વ જડતાં આવે છે. તદનુસાર આપણે આપણું વલણ બદલતા જઇયે છિયે. પરિણામે જોડણીનાં નિયમોમાં ફેરફાર કરવો પડે છે. આ મળી આવતાં તત્ત્વોમાંનાં કેટલાંક તો એવાં સનાતન હોય છે કે આપણે તેને માન આપ્યા વિના ન જ ચાલે.

આવા સંયોગોમાં આપણા કામચલાઉ નિયમોને રજા આપ્યા વિના ચાલતું નથી. પરિણામે જનતામાં અરાજકતા પથરાતી જાય છે.

જોડણીના નિયમો નક્કી કરતાં એવી જાતનો પણ એક ઊહ કરવામાં આવે છે કે ગુજરાતી ભાષાના સ્વરૂપમાં પ્રાંતીય ઉચ્ચારણો અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે, માટે સર્વસામાન્ય નિયમો ઘડાવા જોઇયે, અને એવા સર્વસામાન્ય નિયમો ન ઘડાય ત્યાંસુધી અરાજકતા જ રહેવાની.

પણ આ અરાજકતા નથી ટળી શકતી એવું કોઇ પણ સિદ્ધ કરી આપવા તૈયાર થઇ શકે ખરું ? પ્રાતિશાખ્યોથી માંડી અત્યાર સુધીનાં વ્યાકરણો જોવાથી આ વસ્તુ ધ્યાનમાં આવી શકે તેમ છે. મહાન વૈયાકરણો આવી અરાજકતા દૂર કરવા સમર્થ થઇ શક્યા છે. તેઓએ **વિભાષા** કે **વિકલ્પ** નામનું તત્ત્વ સ્વીકાર્યું છે. ઉચ્ચારણની દૃષ્ટિએ જ્યારે એક કરતાં વધારે જાતનાં રૂપો આપણી સામે આવી પડે છે ત્યારે **વિભાષા–વિકલ્પ** એક આબાદ ઔષધ થઇ પડે છે. ગમે તેવા જોડણીના અસાધ્ય રોગોને હટાડવાને આ **વિભાષારૂપી** ઔષધ સમર્થ થઇ શકે છે. પંડિતપ્રકાંડ હેમાચાર્યનું સિદ્ધહૈમ નામક વ્યાકરણ અને તેમાંય તે ગ્રંથનો આઠમો અધ્યાય તેમ જ બીજાં પ્રાકૃતભાષાવિષયક વ્યકરણો જોવાથી આ વાતનો પત્તો મળી જાય છે. ઉચ્ચારણભેદને લીધે પ્રાકૃત ભાષામાં એકની એક પ્રકૃતિનાં એક કરતાં વધારે રૂપો મળી આવે છે. વૈયાકરણો આવાં રૂપોને સર્વત્ર વિભાષા-દ્વારા સ્વીકારી લે છે. આવા નિયમોમાં ખૂબી તો એ છે કે તે વિકાર દુનિયાની ગમે તે ભાષા લો તેમાંથી જડી આવવાના. વૈદિક ભાષામાંથી અવેસ્તાની ભાષામાં કયા કયા ફેરફાર થઇ રૂપો સ્વીકાર્યાં છે તેનો આપણે વિચાર કરિયે છિયે ત્યારે જ આનો ખરો ખ્યાલ આવે છે.

અત્યારે ગુજરાતી ભાષાના સ્વરૂપમાં પણ આ રીતે વિચારક-દૃષ્ટિએ તેનો તોડ આવી શકે તેમ છે.

જોડણીના તત્ત્વનો વિચાર કરતાં આપણે નીચેની વસ્તુઓ પર ધ્યાન આપિયે તો મારું માનવું છે કે આપણે જોડણીની ગમે તેવી અરાજકતા હોય તેને દૂર કરી શકિયે. એ તત્ત્વો આ છેઃ—

૧. ઉચ્ચારણ, ૨. શાસ્ત્રીય મર્યાદા અને ૩. સારલ્ય કિંવા લેખનની અનુકૂળતા.

આ ત્રણે તત્ત્વોના સમન્વયપૂર્વક કરવામાં આવેલાં રૂપો કે નિયમો માનવા લાયક જ થઈ પડે. જ્યાં જ્યાં ઉચ્ચારણોમાં ભેદ આવી પડે ત્યાં સારલ્ય એ તત્ત્વનો સ્વીકાર કરી એ બેમાંથી સ્વીકારવા લાયક કે વિભાષાદ્વારા સ્વીકારવા લાયક રૂપ શોધી કાઢિયે.

આમાં એક વાત ખાસ ધ્યાન રાખવા જેવી છે. તે એ છે કે-જ્યાં ઉચ્ચારણમાં મતભેદ હોય ત્યાં **વિભાષા** સ્વીકારી શકાય, પરંતુ જ્યાં ત્રણે તત્ત્વો એક જ વાત કહેતાં હોય ત્યાં વિભાષા સ્વીકારવા કશુંયે પ્રયોજન ન હોય. આંવા બે એક પ્રસંગ હું અહીં છેડું છુંઃ—

૧. જે પ્રમાણે સાનુનાસિક અનંત્ય ઈં-ઊં તત્સમેતર શબ્દોમાં દીર્ઘ જ છે, તે પ્રમાણે શબ્દોમાં સાનુનાસિક અંત્ય ઈં-ઊં પણ દીર્ઘ જ છે.

૨. જ્યાં સ્વરભાર ઉપાંત્ય સ્વર ઉપર છે તેવા અસંયુક્ત ઇ-ઉ સિવાયના બીજા બધા પ્રસંગોમાં તત્સમેતર શબ્દોમાં અંત્ય ઈ-ઊ દીર્ઘ જ છે.

૧. સાનુનાસિક અંત્ય ઈં-ઊં

સામાન્ય રીતે જોડણીના આજ સુધીના નિયમોમાં આપણે એવું જ વલણ જોયું છે કે-અંત્ય ન હોય તેવા સાનુનાસિક ઇં-ઊં દીર્ઘ છે. અંત્ય સાનુનાસિક ઇં દીર્ઘ ખરો, પરંતુ સાનુનાસિક અંત્ય 'ઉં' તો હ્રસ્વ જ. આમ એકલા સાનુનાસિક અંત્ય 'ઉંને જ હ્રસ્વ શા માટે ગણવો એવો કોઈના મનમાં કદી સવાલ ઊઠયો હોય એમ આપણે ભાગ્યે જ જોઈયે છિયે. દી. બ. કેશવલાલ હ. ધ્રુવ જેવા એવે પ્રસંગે

સાનુનાસિક દીર્ઘ ‘ઊં’નો પ્રયોગ કરે તેની આપણે ઉપેક્ષા જ કરિયે. કારણ શું? આપણે તો એમ જ કહીશું કે આજ સિત્તેર સિત્તેર વર્ષો થયાં એ હ્રસ્વ જ છે, તો પછી દીર્ઘતાની શંકા જ કયાંથી આવે? આવાં તત્ત્વોના વિચારમાં ઉપર આપેલાં ત્રણે તત્ત્વોનો સમન્વય કરી જુઓઃ ખરું રૂપ શું છે તે તરત જ મળી આવશે. રૂઢિ તો તેવા સંયોગોમાં આપણને હ્રસ્વ ‘ઉ’ રાખો એમ કહેશે. પરંતુ ઉચ્ચારણ અને શાસ્ત્રીય મર્યાદા આપણને કયું રૂપ આપશે? હું કહીશ કે દીર્ઘ જ. શા માટે? એ જ કે સ્વરભાર અંત્ય સ્વર ઉપર રહેલો છે. આને લીધે ત્યાં ઉચ્ચારણ દીર્ઘ છે, એ દૂર શોધવા જવું નહિ પડે. જુઓઃ—

સં.	પ્રા.	અપ.	ગુજ.
पर्णकम्	पण्णअं	पण्णउं	પાનૂં

अउं માં રહેલું સ્વરયુગ્મ એકરૂપ થતાં સંયુક્ત સ્વર ઉપર ભાર આવતાં પાનૂં થવાનું. હવે જો ‘પાનું’ એમ હ્રસ્વાંત બોલિયે તો ભાર પા ઉપર રહે. શાસ્ત્રીય રીતે પા ઉપર ભાર રાખવા જતાં અંત્ય ઉકાર આવી જ ન શકે.

पर्णम्	पण्णं	पन्नु	પાન

નાન્યતર જાતના રૂપમાં આ સ્થિતિ છે, એ નરજાતિના શબ્દની તપાસ કરતાં માલૂમ પડી આવશેઃ

घोटकः	घोडओ	घोडउ	ઘોડો

આમાં સ્વરભાર અંત્ય સ્વર ઉપર રહેવાથી સંયુક્ત अउ ओ-રૂપે બની પોતા ઉપર સ્વરભાર લે છે. ઘો ઉપર માનિયે તો—

घोटः	घोडो	घोडु	ઘોડ

આવું રૂપ થાય.

हस्त શબ્દના સ્વરૂપ ઉપરથી આ વાત તરત જ સ્પષ્ટ થઈ જશે. સ્વરભાર ह ઉપર હોય તો—

हस्तः	हत्थो	हत्थु	હાથ

પણ જો છેવટના સ્વર પર હોય તો—

हस्तकः	हत्थओ	हत्थउ	હાથો

એ જ રીતે—

पर्णम्	पण्णं	पण्णु	પાન
પરંતુ पर्णकम्	पण्णअं	पण्णउं	પાનૂં

આ ઉપરથી એક વસ્તુ ધ્યાનમાં આવશે કે—અપભ્રંશમાં આદિ સ્વર ઉપર ભાર હોય તો સંસ્કૃતમાંની પં. હેમાચાર્યે માનેલ स्वार्थे कः એ પ્રકૃતિ ઉપરથી નિષ્પન્ન નરજાતિમાં उ ઊપરથી દીર્ઘ ઓકાર અને उं ઊપરથી દીર્ઘ ઊંકાર સ્વાભાવિક રીતે આવી રહે છે. 'હૂં' નું સ્વરૂપ જુઓ—

अहम्	हअं	हउं	हूं

તે જ રીતે યાવત્સંયોગોમાં ऊं દીર્ઘ ઊતરી આવે છે.

કદાચ પ્રશ્ન થશે કે—અપભ્રંશમાં उँ વગેરે હ્રસ્વ[1] રૂપે દેખા દે છે તો પછી ગુજરાતીમાં દીર્ઘ શા માટે? નિરાકરણ દૂર શોધવા જવું પડે તેમ નથી. તે ભાષામાં अउ-अउं એમ સ્વરોની વિભક્તતાને અંગે સ્વરભાર બે સ્વરોમાં વહેંચાઈ જાય છે. તે જ ગુજરાતીમાં એકરૂપે થઈ જતાં દીર્ઘ સ્વરૂપે આવી રહે છે. **જૂની ગુજરાતીના આરંભકાળથી શિષ્ટ લખાણોમાં દીર્ઘ રૂપે દેખા** દે છે. છેવટ ભક્ત કવિ દયારામભાઈએ પોતાને હાથે **રસિકવલ્લભની** નકલ કરી છે તેમાં બધાય પ્રસંગોમાં અંત્ય સાનુનાસિક ऊं દીર્ઘ સ્વીકાર્યો છે. અત્યારે પણ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી

---

૧. पदान्ते उं-हुं-हिं-हुंकाराणाम् સિ. હે. ૮-૪-૪૧૧ એ સૂત્રમાં પં. હેમાચાર્ય ઉચ્ચારણમાં પ્રાયઃ લાઘવ માને છે. અપભ્રંશમાં પ્રાચસ્ત્વ દાખલ થવાનું કારણ ભાષા બોલાતી બંધ થયેલી એ હોઇ શકે. અથવા તળ ગુજરાતમાં કેટલેક સ્થળે અત્યારે પણ લખું છું વગેરે નિરનુનાસિક પ્રયોગને અંગે ઉતાવળથી થતા હ્રસ્વ ઉચ્ચારને આભારી હોય. અપભ્રંશમાં केहिँ ૮-૪-૩૫૨, केहिं ૮-૪-૩૫૭ એ વિકલ્પ એ વાત સૂચવે છે. ગુજરાતીમાં સાનુનાસિકત્વ દીર્ઘતા અર્પે છે.

બહાર પડતાં જૂની ગુજરાતીનાં પુસ્તકો, કાન્હડદે પ્રબંધ, ભાલણની કાદંબરી એ વગેરે ગ્રંથોમાં ઉં દીર્ઘ સ્વીકારવામાં આવેલો છે.

આ રીતે શાસ્ત્રીય મર્યાદા અને ઉચ્ચારણ દીર્ઘતા આપે છે. આરહસ્ય કેમાં છે એ દૂર શોધવા જવું પડે તેમ નથી. ઉપર એમ કહેવામાં આવ્યું છે કે-રૂઢિએ હ્રસ્વતા સ્વીકારી છે, પરંતુ એ ફક્ત ૬૦-૭૦ વર્ષ અથવા તો મુદ્રણકળાનો પ્રચાર થયો ત્યારથી; પરંતુ, સદીઓ પાસે આટલો ટૂંકો કાળ કાંઇ પણ ગણતરીમાં ન જ હોય.[૧]

૨. નિરનુનાસિક અંત્ય ઈ-ઉ

આ જ રીતે અંત્ય અસંયુક્ત ઇ-ઉ પહેલાં જ્યાં સ્વરભાર પડે છે તેવાં સ્થળોનો ત્યાગ કરી બાકી બધા સંયોગોમાં તત્સમેતર શબ્દોમાં અંત્ય ઇ-ઊ દીર્ઘ છે. ભાઇ, ફેઇ, મોઇ, જનોઇ, જમાઇ તેમ જ લડાઇ, ચડાઇ, ભાઇ, રાઇ, સોઇ, ભોંઇ, વગેરે અનેક શબ્દો અને કામચલાઉ, ચડાઉ, ખટાઉ, ગાઉ, બાઉ વગેરે શબ્દોમાં અસંયુક્ત ઇ-ઉ પૂર્વે સ્વરભાર હોવાથી એ ઇ-ઉ હ્રસ્વ છે. પરંતુ જ્યાં અંત્ય સ્વર પર ભાર પડતો હોય ત્યાં હ્રસ્વત્વ કેવી રીતે હોઇ શકે? એ દીર્ઘ શા માટે એ અહીં જોઇયે.

આ ઉત્સર્ગ ૧ લો

શ્રી. નરસિંહરાવભાઈએ The Gujarati Language and Literature Vol. I ના ૪૧૪ મા પૃષ્ઠ ઉપર આ ઉત્સર્ગ આપ્યો છેઃ–

When in a Prakrit, Apabhransa or transitional form, there is a स्वरयुग्म (vocalic group) at

---

૧. મારા આ વિચારો પ્રત્યેક શબ્દના અલગ ઉચ્ચારણ ઉપર બંધાયેલા હતા. ભાષા સમગ્રતયા બોલાતાં ગુજરાતીઓમાં ઉચ્ચારણની જે ઝડપ છે તેમાં દીર્ઘસ્વરોને હ્રસ્વ ઉચ્ચારવાનું સ્વાભાવિક બને છે. વસ્તુસ્થિતિએ લેખનમાં ગમે તે સ્થિતિ હોય, અંત્ય હ્રસ્વ કે દીર્ઘ ગમે તે સ્વરો, પછી તેના ઉપર સ્વરભાર હોય કે નહિ, હ્રસ્વ ઉચ્ચરિત થાય છે. એ કારણે જીવતી ભાષા વ્યક્ત કરતાં અંત્ય ઇ-ઉ એક સરખી રીતે હ્રસ્વ જોઇયે છે. એ જ કારણે અંત્ય એ-ઓ હ્રસ્વ વિવૃત છે.   તા. ૧૨-૮-'૪૪

the end of a word, the second member there of (whether short or long) is dropped and the first if short is lengthened.

આ રીતે:—

घृतम्	घिअं	घिउ	ઘી
मौक्तिकम्	मोत्तिअं	मोत्तिउ	મોતી
आरात्रिकम्	आरत्तिअं	आरत्तिउ	આરતી
धनिकः	धणिओ	धणिउ	ધણી

विज्ञप्तिका	विण्णत्तिआ	વીનતી કે વિનન્તી
कपर्दिका	कउड्डिआ	કોડી

આમાં इअ-इआ-इउ નો દીર્ઘ ई થાય છે. આમાં દીર્ઘ ઈ માટે કશી શંકા નથી. સંબંધક ભૂતકૃદંતનો પ્રત્યય એ જ રીતે દીર્ઘ છે.

कृत्वा	करिउ	કરી

[પં. હેમાચાર્યે त्व इ-इउ-इवि-अवय: ૮-૪-૪૩૯ આમ ચાર પ્રત્યય આપ્યા છે. એમાંનો इउ એ આ ई નો ઉત્પાદક છે. મેં આગળ કહ્યું છે કે અસંયુક્ત इ પૂર્વે સ્વરભાર હોય તો इ હ્રસ્વ જ છે. અને એ રીતે જો-જોઇ, સૂ-સૂઇ, લે-લેઇ, દે-દેઇ, કમા-કમાઈ વગેરે, એમાંની પહેલી પ્રકૃતિમાં લાગેલો 'ઇ' એ ઉપર આપેલા ચાર પ્રત્યય કિંવા આદેશમાંના પહેલા इ ઉપરથી य થઈ ઇ રૂપે પરિણામ પામી ઊતરી આવેલો શક્ય છે.]

આ પ્રમાણે દીર્ઘ ई વાળા શબ્દોનું થયું. આખા જોડણી કોશમાં એક ફક્ત **વિનંતિ-તી** આ શબ્દ મારી નજરે ચડયો છે. આમાં જ ફક્ત વિકલ્પ જોયો છે. બાકી બધે જ બધે અંત્ય 'ઇ' દીર્ઘ છે. હવે રહી વાત 'ઊ'ની. શ્રીનરસિંહરાવભાઈ આ માટે નીચેનાં ઉદાહરણો આપે છે:—

वृकः	वरुओ	वरुउ	વરૂ
(દેશ્ય)	रुअं	रुउ	રૂ

,,	बरुअं	बरुउ	બરૂ
,,	कोल्हुओ	कोल्हुउ	કોલ્હૂ–કોલૂ
कामरूपः	कामरुओ	कामरुउ	કામરૂ

આમાંના છેવટના સ્વરયુગ્મ उउ (= उअ) ઉપરથી દીર્ઘ 'ઊ' ઊતરી આવ્યો છે, એમાં બે મત નથી જ. उउ મૂળ उक प्रकृति ઉપરથી આવ્યો છે.

અરબીમાંથી ઊતરી આવેલા मज्मुअ–મજમૂ, मश्रुअ–મશરૂ, रुजुअ રજૂ, शुरुअ–શરૂ એ આ જ નિયમને આભારી છે.

(તે જ રીતે અંત્ય ન–ર લુપ્ત થઇ मज्नून–મજનૂ, साबून–સાબૂ, जाबूर–જાજરૂ અરબીમાંથી ઊતરી આવે છે.)

[**નોંધઃ**–ગુજરાત વિદ્યાપીઠ તરફથી બહાર પડેલા **જોડણીકોશમાં** રજૂ–શરૂ–મશરૂ–મજનૂ–જાજરૂ એ દીર્ઘાંત છે, જ્યારે મજમૂ–સાબૂ–ને બદલે **મજમુ–સાબુ** છે. આરજૂ, આલૂ, આબરૂ. તમ્બૂ, દારૂ એ ફારસી શબ્દો, ઉર્દૂ–કાબૂ એ તુર્કી શબ્દો અને વુજૂ એ અરબી શબ્દ પરથી વજૂ આ બધાય બરોબર દીર્ઘ આપ્યા છે, અને તે યોગ્ય જ છે. પરંતુ જોડણીકોશકાર જાદૂ, બાજૂ, બાનૂ એ ફારસી તત્સમ શબ્દોમાં વિકલ્પ શા આધારે આપે છે તે કાંઈ સમઝમાં નથી આવતું. તમ્બાકૂ, કદ્દૂ, હિન્દૂ આ ત્રણ ફારસી શબ્દો હ્રસ્વાંત જ આપે છે. આ કયા ધોરણે ?]

ઉપર उउ (=उअ) પ્રકૃતિ ઉપરથી ગુજરાતીમાં વરૂ, રૂ, બરૂ, કોલ્હૂ–લૂ, કામરૂ તેમ જ उअं ઉપરથી મજમૂ, મશરૂ, રજૂ, શરૂ વગેરે શબ્દો ઊતરી આવે છે. उउ એ મૂળ उ+क ઉપરથી ઊતરી આવે છે એ દીવા જેવું સ્પષ્ટ છે. रुअं–बरुअं–कोल्हुओ એ વાતની ખાતરી આપે છે. દીર્ઘ ઈકારવાળો ઉત્સર્ગ તો સ્પષ્ટ જ છે. इउ–उउ એ સ્વરયુગ્મમાં વિભક્ત થયેલો સ્વરભાર ગુજરાતીમાં દીર્ઘ ઈ–ઊ ઉપર આવી રહે છે. બીજાં ઉદાહરણો જોઇયેઃ—

लड्डुकः	लड्डुओ	लड्डुउ	લાડૂ
अभ्यापूतकः	अवावरुओ	अवावरुउ	અવાવરૂ
(देश्य)	अवालुओ	अवालुउ	અવાળૂ
अलुकम्	अलुअं	अलुउ	અળૂ
अर्बुदः	अब्बुओ	अब्बुउ	આબૂ
आश्विनः	आसुओ	आसुउ	આસૂ
अश्रुकम्	अंसुअं	अंसुउ	આંસૂ
कटुकम्	कडुअं	कडुउ	કડૂ
कुङ्कुमम्		कङ्कुउ	કંકૂ
जम्बुकम्	जम्बुअं	जम्बुउ	જાંબૂ
निम्बुकम्	लिम्बुअं	लिम्बुउ	લીંબૂ
वधूका	वहुआ		વહૂ
वालुका	वालुआ		વાળૂ (=રેતી)
सक्थुकः	सत्थुओ	सत्थुउ	સાથૂ-સાતુ
श्वश्रूका	सस्सुआ		સાસૂ

ઉપર ત્રીજા ખાનામાં ઉ આપ્યો છે તે અપભ્રંશ પ્રથમા એક-વચનનો છે, એટલે પ્રકૃતિમાં તે સ્થળે સ્વરભારના નિયામક क ઉપરથી આવેલો अ છે. આમ આમાં क ન ઉમેરવામાં આવે તો આદિ સ્વર ઉપર જ સ્વરભાર રહે અને

लड्डुः	लड्डू	लड्डु	લાડ,

એ રીતે અવાવર, અવાળ, અળ, આબ, આસ, આંસ એ વગેરે લઘુપ્રયત્ન અકારાંત રૂપો આવી પડે, કારણ કે અપભ્રંશમાંનો क પ્રકૃતિ ઉપરથી ઊતરી આવે છે અથવા તો છેવટ સ્વરભાર સાચવવા કોઈ બીજા વર્ણના અવશેષ રૂપે ઊતરી આવે છે. તે સિવાયનો ઉ લુપ્ત થાય છે, તે આપણે દીર્ઘ ઈકારાન્ત વિશેના ઉત્સર્ગમાં ઉપર જોયું છે. નૈસર્ગિક ઉચ્ચારણ પણ ગુજરાતીમાં તેવા સંયોગોમાં દીર્ઘ જણાય છે, એ કારણથી પણ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. જે ઊકારને દીર્ઘ ન

સ્વીકારે, તે તેવા જ સંયોગોમાં ઊતરી આવેલા દીર્ઘ ઈ ને તેવો સ્વીકારી શકે ?

ઉપર આ જે ઉત્સર્ગ મેં આપ્યો છે તે શ્રી. નરસિંહરાવભાઇના ઉત્સર્ગની અનુપૂર્તિરૂપે છે. હવે એક એવો બીજો ઉત્સર્ગ છે, જે આપણને અંત્ય દીર્ઘ ઊકાર આપે છે. શ્રી. નરસિંહરાવભાઇ જેવાની નજરમાંથી પણ આ ઉત્સર્ગ છટકી ગયો છે, એ જોઈ આશ્ચર્ય થયા વિના નથી રહેતું. પરંતુ હું તેમાં ખાસ દોષ નથી જ જોતોઃ આપણા જોડણીકારોનું એક જ મંતવ્ય દૃઢ થઇ ગયેલું કે—

‘ શબ્દના છેડાનો ઈકાર દીર્ઘ અને ઉકાર હ્રસ્વ લખવો.’

બુક-કમિટીએ આ નિયમ પ્રચારમાં આણ્યો. એનું જ આજ દિવસ સુધીમાં બધાએ અનુકરણ કર્યું. વસ્તુસ્થિતિ તપાસવાનું કોઇને ન સૂઝયું એમ કહું તો અતિશયોક્તિ નહિ જ થાય. એકાક્ષરી શબ્દોમાં દીર્ઘ ઊકાર રાખ્યો એ જ આશ્ચર્ય. મારું પણ એવું જ માનવું હતું, પરંતુ ગઈ સાલ ગુજરાતીના દીપોત્સવી અંક માટે શિષ્ટ ગુજરાતી જોડણીની રૂપરેખા નામનો લેખ લખતી વખતે વસંતની જૂની ફાઇલો જોવાનો મોકો મળ્યો. વસંત વર્ષ ૪ થું, પૃ. ૧૬૨–૧૬૪માં સાક્ષરશ્રી આનંદશંકરભાઇના જોડણીવિચાર નામક લેખમાં સ્વ. ગોવર્ધનરામભાઇના જોડણીસંબંધી વિચારો વાંચ્યા કે–“ (૪) તત્સમ શિવાયના શબ્દોમાં દીર્ઘ ઇ અને હ્રસ્વ ઉ અને ષકારને સ્થાને શકાર એમાં કોઇ પણ તરેહના તર્ક વિતર્ક કરવા નહીં. ” બસ આ જ શબ્દોએ મને ખેંચ્યો. તર્કવિતર્ક કરવાની ના શા માટે પાડી હશે ? મારું એમ માનવું થયું કે આમાં કાંઈ વિશેષ રહસ્ય હોવું જોઇયે. શ્રી. નરસિંહરાવભાઇએ વરૂ, રૂ, બરૂ વગેરે પાંચેક વિશેષ ઉદાહરણો આપ્યાં છે તે મારાં પ્રેરક થયાં અને તેણે જ બતાવ્યું કે તર્કવિતર્ક કરવા આવશ્યક છે. કોઈ માણસ આપણને અમુક સ્થળે જવાની ના પાડે એટલે સ્વાભાવિક આપણી જિજ્ઞાસા વધે અને તે સ્થળ હરકોઇ પ્રયત્ને જોવાનો આપણે પ્રયત્ન કરિયે. મને આ તર્કવિતર્કને પરિણામે

દીર્ઘ ઊકાર જણાયો. ઉચ્ચારણે તેને ટેકો આપ્યો, કેમકે સ્વરભાર અંતે પડતો હોવાથી ઉચ્ચારણ દીર્ઘ જણાય છે. હવે જો ઉચ્ચારણ દીર્ઘ હોય તો હ્રસ્વ શા માટે લખવા? દીર્ઘ લખવા એમાં સરળતામાં તો ભંગ નથી જ. ઉપલા ઉત્સર્ગ ઉપરાંત બીજો ઉત્સર્ગ આ છેઃ—

ब. ઉત્સર્ગ ૨ જો

જ્યારે क પ્રકૃતિ ઉપરથી ઊતરી આવેલો उ કાર પૂર્વના અકાર-માં મળી ओ રૂપે કે ઉંકાર પૂર્વના अ માં મળી દીર્ઘ ઊઁ રૂપે પરિણમતો નથી ત્યારે તે દીર્ઘ ઊકારરૂપે પરિણમે છેઃ—

रामकः	रामओ	रामउ	રામૂ
देवकः	देवओ	देवउ	દેવૂ
श्लक्ष्णकाः	णण्हओ	णण्हउ	ન્હાનૂ—નાનૂ
आर्द्रकम्	अ[illegible]ं	अद्दउ	આદ્દૂ
कृत्यकम्	......	......	કરતૂ
खण्डकम्	खण्डअं	खण्डउ	ખાડૂ
गोक्षुरकः	गोक्खुरओ	गोक्खरउ	ગોખરૂ
प्रियकः	पिअओ	पिअउ	પિયૂ
(દેશ્ય)	बप्पओ	बप्पउ	બાપૂ
वर्गक	वग्गओ	वग्गउ	વગૂ
वरकम्	वरअं	वरउ	વારૂ
विकालकम्	विआलअं	विआलउ	વિયાળૂ—બ્યાળૂ—વાળૂ.
सारकम्	सारअं	सारउ	સારૂ

આમાં સ્વરભાર અંત્ય अउ ઉપર અપભ્રંશમાં છે, તે જ સ્થળમાં કાયમ ત્યારે જ રહે કે જ્યારે ગુજરાતીમાં તે સ્થળે દીર્ઘ સ્વર હોય. હવે જો ત્યાં સ્વરભાર ન માનતાં આદિ સ્વર ઉપર લઇયે તો क પ્રકૃતિની જ જરૂર ન રહે, એટલે

रामः	रामो	रामु	રામ
श्लक्ष्णः	णण्हो	णण्हु	ન્હાન—નાન

विकालम्   विआलं   विआलु   વિયાળ–વ્યાળ–વાળ.

શ્રી. નરસિંહરાવભાઇનો આ બાબતમાં જરા મત જોઇયેઃ—

(*b*) According to the same *sutra* (VIII–iv–331) Sanskrit words ending in अ, without the क termination, turn the final अ into उ, and thus we have शब्दः (Skr.), सद्दो (Pr.), सद्द (Apabhr.). This final उ is changed into अ in Gujarati under the operation of a widely applicable utsarga to be noticed later on (e. g मधु–मध; विना–विणु–विण etc.).

શ્રી. નરસિંહરાવભાઇ આ ઉકારનો અકાર થવાની વાત કહે છે, તે રીતે રામ, ન્હાન–નાન, વિયાળ–વ્યાળ–વાળ એમ અકારાંત રૂપ આવે. એ અકારાંત રૂપ ન જોતાં હોય તો क પ્રકૃતિ સ્વીકારવી પડે. તે क પ્રકૃતિ સ્વરભારને અવલંબેલી હોવાથી કાં ઓ ઊતરી આવે, કાં ऊ ઊતરી આવે.

આવો જ કૃત્ તેમ જ તદ્ધિતનો ઊ પ્રત્યય છે.

કૃત્પ્રત્યય ઊ–ઉતારૂ, ખડ વઢૂ, ખીસાકાતરૂ, ગભરૂ, ગળેપડૂ, ઘરખોળૂ. ઘરફાડૂ, ઘરભેદૂ, ઘોરખોદૂ, ચલ્લૂ, ચાલૂ, ચારૂ, ટગૂમગૂ, ડગૂમગૂ, ડરૂ, ડરકૂ, ડીંગમારૂ, ધાડપાડૂ, પારખૂ, પેટભરૂ, બેઠાડૂ, બેસારૂ, ભજૂ, ભાગૂ, ભાગેડૂ, ભારખમૂ, રખડૂ, લગ્ગૂ, લાગૂ, લેભાગૂ, વેધૂ, સમજૂ, વગેરે.

તદ્ધિત પ્રત્યય ઊ–ઉનાળૂ, ખેતરાડૂ, ગરજૂ, ગાંગડૂ, ગોરાડૂ, ચોમાસૂ, પતાળૂ, બજારૂ, બેગરજૂ, લાલચૂ, લેપડૂ, વટેમાર્ગૂ, વનેરૂ, સતરૂ, હત્થૂ, હિતૂ, વિશ્વાસૂ, વેગૂ, વ્યાજૂ, શિકારૂ, શિયાળૂ, વગેરે.

ઉપર બતાવેલા બે ઉત્સર્ગ અને તેમાં રહેલી સ્થિતિ ઉપરથી એ વાત બધાના ધ્યાનમાં આવશે જ કે, શબ્દને અંતે વ્યંજનમાં રહેલા ઇ–ઉ ઊપર સ્વાભાવિક સ્વરભાર આવતો હોવાથી ઈ–ઊ દીર્ઘરૂપે દેખા દે છે. સ્વાભાવિકતા પાસે કૃત્રિમતા કાંઇપણ કામ કરી શકતી

નથી. એ સ્વાભાવિકતા જ આપણને જેની પૂર્વે સ્વર પર ભાર પડે છે તેવા કોઈ પણ વ્યંજનમાં ન જોડાયેલા એકલા ઈ–ઉનું હ્રસ્વ જ ઉચ્ચારણ આપે છે. એ હ્રસ્વ इ–उ પણ અપભ્રંશમાંથી સીધા ઊતરી આવ્યા નથી, પણ વચ્ચે य् व् રૂપે પરિણામ પામી, ગુજરાતીમાં ફરી इ–उ રૂપે આવે છે. અદ્યાપિ પણ એ હ્રસ્વ इ–उ નાં ઉચ્ચારણ इ–उ અને य व् ના મધ્યમાં છે.

એ તો સર્વ કબૂલ કરે છે કે, હજી જોડણીના અંતિમ નિયમો તો નક્કી નથી જ થયા, એટલે **જોડણી કોશમાં** આપેલી કેટલીક જોડણી નિયમબદ્ધ નથી, એમાં કશો શક નથી. આ રીતે નીચેના હ્રસ્વાંત દેખાય છે તે દીર્ઘાંત રહેવા જોઇયે, તે પણ ખ્યાલમાં આવી જશેઃ—

અર્જૂ, અખ્યારૂ, અલેલટપ્પૂ, આયડૂ, ઉલ્લૂ, એરૂ, કરૂવરૂ, કમ્પૂ, કાજૂ, કાલૂ, કાંગારૂ, ખડૂ, ખરચૂ, ખેલૂ, ગડાકૂ, ગડુડુડૂ, ગેરૂ, ગેસૂ, ગોખરૂ, ઘેરૂ, ચકભિલ્લૂ, ચગૂ, ચપ્પૂ, ચહૂ, ચમ્બૂ, ચીકૂ, ચીચૂ, છોરૂ, જકૂ–ગૂ, જલા(–ળા)ખૂ, જાથૂ, જારૂ, જાસૂ, જેહૂ, ઝાડૂ, ટટ્ટૂ, ટાપૂ, ડાઘૂ, ઢબૂ–ઢબ્બૂ, તમાકૂ, તસૂ, દાદૂ, ધરૂ, નારૂ, નારૂકારૂ, લટૂપટૂ, પટ્ટૂ, પરગજૂ, પરાજૂ, પરૂ, પાટૂ, પેડુ–ડૂ, ફાલૂ, ફાંસૂ, બજરબટૂ–ટ્ટૂ, બદૂ, બાબૂ, બાંબૂ, બોરદૂ, ભાભૂ, ભાલૂ, ભાંડૂ, ભિલ્લૂ, ભૂલૂ, ભેરૂ, મીંચૂ, મેરૂ, રતાળૂ, રાઘૂ, પાડરૂ, લટ્ટૂ, લુટારૂ, લૂંટારૂ, લેહૂ, વધૂ (=વધારે), વરડૂ, વલ્લૂ, વહુવારૂ, વહેવારૂ, વાછરૂ, સાળૂ, હજૂ, હડુડુડૂ, હરેડૂ, હિંસારૂ, સરજૂ, સાગૂ, સાદૂ, સાટૂ વગેરે અનેક. ઉપર જોડણી નક્કી કરવાનાં જે ત્રણ તત્ત્વો આપવામાં આવ્યાં છે, તેમાંના ઉચ્ચારણ અને શાસ્ત્રીય મર્યાદાથી ઉપલાં સ્વરૂપો આવી રહે છે. ત્રીજું તત્ત્વ રહ્યું સારલ્ય.

૧. બધા જ સંયોગોમાં અનુસ્વારના પોચા કિંવા અનુનાસિક ઉચ્ચારણવાળા ઈ–ઊ દીર્ઘ છે.

૨. જ્યાં સ્વરભાર ઉપાંત્ય સ્વર ઉપર છે તેવા અસંયુક્ત ઇ–ઉ હ્રસ્વ છે, બાકી બધા જ સંયોગોમાં તત્સમેતર શબ્દોમાં અંત્ય ઈ–ઊ દીર્ઘ છે.

આ બે નિયમોમાં સરળતા કેટલી છે તે દૂર શોધવા જવું પડે તેમ નથી. હજી સમય ચાલ્યો ગયો નથી. જોડણીના નિયમોમાં ફેરફાર કરી લેવા શું આવશ્યક નથી? કદાચ એવી શંકા કરવામાં આવે કે આજ દિવસ સુધી ક્યાંય હ્રસ્વ અને ક્યાંય દીર્ઘ ઇ–ઉ કર્યા છે તેનું કેમ? એનો આ જ ખુલાસો છે: આર્ષ ગુજરાતીમાં તે સ્થિતિ હતી, શિષ્ટ ગુજરાતીમાં આ શુદ્ધ સ્થિતિ છે. આ રીતે સ્વીકારવાથી જૂની રીતિનું માન પણ સચવાઈ રહે અને ઇષ્ટ અને સત્ય માર્ગનો નાશ થતો અટકે.[1]

આ વિષયમાં **વિભાષા** પણ ચાલી શકે તેમ જણાતી નથી. વ્યુત્પત્તિ–ઉચ્ચારણમાં જ જ્યાં મતભેદ ત્યાં **વિભાષા** સ્વીકારાય, એ સિદ્ધાંત ભૂલી જવાવો ન જોઇયે. इति शम् ।

માંગરોલ–કાઠિયાવાડ, તા. ૭–૮–'૩૧

[વસંત : વર્ષ ૩૦, અંક ૮, પૌષ ૧૯૮૮ (સને ૧૯૩૨), પૃ ૨૯૦–૨૯૮]

તા. ક. નામદાર ગોણ્ડલનરેશ શ્રીભગવત્ગોમણ્ડલની તૈયારીમાં ઉપરની હકીકત ધ્યાનમાં લેશે, એવી આશા અસ્થાને ન ગણાય.

તા. ૨૧–૧–'૩૨ **લેખક**

---

૧ આ પહેલાંની પાદટીપમાં બતાવ્યું છે તેમ આ આખો નિર્ણય છૂટા પ્રત્યેક શબ્દના ઉચ્ચારણથી તે વખતે બંધાયેલો હતો. જીવંત ભાષામાં વાક્યગત શબ્દોમાં ગુજરાતીઓના ગળામાં સ્વરિત કે અસ્વરિત કોઇપણ સ્વર હ્રસ્વ જ ઉચ્ચરિત થાય છે. માત્ર **જ** કે **ય** અવ્યય આવતાં ગમે તેવો સ્વર દીર્ઘ ઉચ્ચારાય છે. જોડણી ગમે તે નક્કી કરે સાનુનાસિક અને નિરનુનાસિક અંત્ય બધા સ્વરો હ્રસ્વ જ ઉચ્ચરિત થાય છે. અર્ધવિવૃત એ–ઓ આનું જ પરિણામ છે. વ્યુત્પત્તિ દીર્ઘ આપે છતાં વાક્યગત વ્યાપક ઉચ્ચારણ હ્રસ્વ આપે. તા. ૧૨–૮–'૪૪

૯. અનુસ્વાર અને અનુનાસિક

(૧)

સામાન્ય રીતે ગુજરાતી ભાષાનાં વ્યાકરણોમાં અનુસ્વારનાં **બે** ઉચ્ચારણો આપવામાં આવેલાં હોય છેઃ (૧) તીવ્ર કિંવા પૂર્ણ અને (૨) કોમલ કિંવા ભાંગેલું. આ બંને જાતનાં ઉચ્ચારણો કાંઈ નવાં **નથી,** વેદના વારાથી તે ચાલ્યાં આવે છે. તીવ્ર ઉચ્ચારણની પ્રાચીનતાના વિષયમાં તો કશી શંકા નથી જ, કેમકે અદ્યાપિપર્યંત અતિ વ્યાપક-દશામાં તે જળવાઈ રહેલું છે. કોમળ ઉચ્ચારણ પ્રાચીન નથી, કિંતુ, અપભ્રંશના કાળથી પ્રચારમાં આવેલું છે એવું સામાન્ય માનવું છે, આ લેખમાં અનુસ્વારના તીવ્ર ઉચ્ચારણની માફક તેનું કહેવાતું કોમળ ઉચ્ચારણ પણ પ્રાચીન–અતિ પ્રાચીન છે, તે બતાવવા માગું છું. આ કહેવાતું કોમળ ઉચ્ચારણ તે જ પ્રાચીન વૈયાકરણોને મતે **અનુ-નાસિક** ઉચ્ચારણ છે તે નીચે સ્પષ્ટ થશે.

શિષ્ટ ગુજરાતી જોડણીના વિષયમાં આ બંને ઉચ્ચારણ ઘણાં જ ઉપયોગી છે એ વાત આપણને અજાણી નથી. આજ સિત્તેર સિત્તેર વર્ષ થયાં જોડણી નક્કી કરવાના પ્રયત્નો થતા આવે છે, તેમાં આ બંને ઉચ્ચારણ પણ એક વિષય થઈ પડયાં છે.

૧. અનુસ્વાર (તીવ્ર ઉચ્ચારણ)

અહીં આરંભમાં તીવ્ર ઉચ્ચારણનો ઇતિહાસ આવશ્યક હોવાથી તે પ્રથમ આપું છું:—

આ તીવ્ર ઉચ્ચારણના સંસ્કૃત વૈયાકરણોએ બે ભેદ આપેલા છેઃ (૧) ર્, શ્, ષ્, સ્, અને હ્ પૂર્વે મકારના ઉચ્ચારણને મળતું, અને (૨) વર્ગીય વ્યંજનો તેમ જ રકારવર્જ્ય અંતસ્થ પૂર્વે મકાર જેવું અથવા વર્ગીય વ્યંજન પૂર્વે તે તે વર્ગના અનુનાસિક વ્યંજન જેવું, અને ય્, વ્, લ, પૂર્વે અનુનાસિક ય્, વ્, લ્, એટલે ઁય, ઁવ્ ઁલ્ જેવું. પરંતુ (૨) જા ભેદમાં આપેલું મકાર જેવું ઉચ્ચારણ અપવાદ

સ્થિતિમાં નથી તેવું પ્રાચીન વૈયાકરણોનું સામાન્ય રીતે માનવું છે. સામાન્ય રીતે એમ કહેવાનું કારણ એ છે કે–અપદાંત કે પદાંત ગમે તે સ્થિતિમાં ર, શ્, ષ્, સ્, હ્, સિવાયના વ્યંજન પૂર્વે પછીના વ્યંજનના વર્ગના અનુનાસિક વ્યંજન જેવું ઉચ્ચારણ છે તેવો કેટલાક આચાર્યોએ નિર્દેશ કર્યો છે. શુક્લયજુઃપ્રાતિશાખ્યમાં મહર્ષિ કાત્યાયન કહે છે કે—"अनुस्वारं रोष्मसु मकारः (अ. ४–१) अन्तस्थामन्तस्थास्वनुनासिकां परसंस्थानाम् (अ. ४–१०) स्पर्शे परपञ्चमम् (अ. ४–१२)–ર્ અને ઉષ્માક્ષર પૂર્વે મકારનો અનુસ્વાર થાય છે. ર્ વર્જ્ય અંતસ્થ વ્યંજનોની પૂર્વે પછીના અંતસ્થના સમાન સ્થાનવાળો અનુનાસિક અંતસ્થ, એટલે ય્ પૂર્વે ય્ँ, વ્ પૂર્વે વ્ँ, લ્ પૂર્વે લ્ँ થાય છે. સ્પર્શ–વ્યંજન પૂર્વે પછીના વ્યંજનના વર્ગનો પાંચમો થાય છે." સંસ્કૃત ભાષામાં અનુસ્વાર એ મકાર અને નકારનો વિષય છે, એટલે આમાં અનુસ્વારનો ઉપરનો વિધિ થવો જોઇયે, તેમ છતાં મકારનો થાય છે તેવું શા માટે ? આવો પ્રશ્ન જ અસ્થાને છે. अनुस्वारं रोष्मसु मकारः એ પછીનું સૂત્ર नुश्चोन्तः पदेऽरेफे (अ. ४–२) એ તે મકાર ઉપરાંત અપદાંત સ્થિતિમાં રેફવર્જ્ય ઉષ્માક્ષરોની પૂર્વે નકારનો અનુસ્વાર થવાનું વિધાન કરે છે. મહર્ષિ પાણિનિએ પણ તે બાબત અષ્ટાધ્યાયીમાં બતાવી છેઃ–" मोऽनुस्वारः (अ. ८–३–२३) અને नश्चापदान्तस्य झलि (८–३–२८)–મકારનો અનુસ્વાર થાય અને અપદાંત એવા મકાર અને નકાર પછી અંતસ્થ અને અનુનાસિક વ્યંજન સિવાયનો વ્યંજન આવે તો મ–નકારનો અનુસ્વાર થાય." મહર્ષિ કાત્યાયને અનુસ્વારને જુદો ન ગણતાં મકારનો અમુક સ્થિતિમાં અનુસ્વાર અને બાકીની સ્થિતિમાં સૂત્ર ૧૦–૧૨માં કહેલો વિધિ થાય, તેમ કહ્યું. મ. પાણિનિએ આમ વર્ગીય વ્યંજનોની પૂર્વે અનુસ્વારનું વિધાન કરી અલગ રીતે (તેની લાક્ષણિક સૂત્ર–યોજના–પદ્ધતિને અનુસરી) પરસવર્ણ માટે નવું સૂત્ર યોજ્યું છેઃ "अनुस्वारस्य ययि परसवर्णः (अ.८–४–५८), वा पदान्तस्य (अ. ८–४–५९)–અનુ-

સ્વાર પછી અંતસ્થ અને સ્પર્શ વ્યંજનો આવે તો પરસવર્ણ થાય, આ અનુસ્વાર જો પદ-વિભક્તિ તેમ જ કાળના પ્રત્યયો લાગી તૈયાર થયેલા રૂપ અને અવ્યયને છેડે આવતો હોય અને તેના પછી અંતસ્થ અને સ્પર્શ વ્યંજન આવે તો પરસવર્ણ વિકલ્પે થાય; પરસવર્ણ ન થાય ત્યારે અનુસ્વાર કાયમ રહે." મ. પાણિનિના સમયમાં લૌકિક-ભાષામાં માત્ર પદાંત સ્થિતિમાં, આ પ્રમાણે (પાણિનિના મતે અસિદ્ધ દશામાં) વિભાષા પ્રવર્તતી હતી; અપદાંતમાં નહિ. પરંતુ વૈદિક સાહિત્યમાં તેવા સંયોગોમાં કાત્યાયન મુનિ, જો કે તેઓ પાણિનિથી પછીના સમયમાં થયેલા છતાં વિભાષા સ્વીકારતા ન હતા.

પ્રસિદ્ધ પંડિતપ્રકાંડ હેમાચાર્યે સિદ્ધહેમ નામક સ્વકીય વ્યાકરણમાં સંસ્કૃતવિભાગમાં વિભાષા સ્વીકારી નથી. જુઓ—"म्नां धुड्वर्गेऽन्त्योऽपदान्ते (अ. १-३-३९) અને शिड्हेऽनुस्वारः (अ. १-३-४०) —મકાર અને નકાર જ્યારે પદને અંતે ન હોય ત્યારે તેના પછી જો અનુનાસિક કે ઉષ્માક્ષર આવે તો અનુસ્વાર થાય. જો કે પાણિનિ તેમ જ હેમાચાર્યે ૨્ ને અલગ પાડી તેની પૂર્વે અનુસ્વારનું વિધાન કર્યું નથી, તથાપિ પ્રાતિશાખ્યમાંના નિયમને અનુસરી કોઈ પણ વિદ્વાન ૨્ પૂર્વે પરસવર્ણ ઇચ્છતો નથી. પ્રસિદ્ધ વૈયાકરણ ભટ્ટોજી દીક્ષિતે સિદ્ધાંતકૌમુદીમાં સંજ્ઞા-પ્રકરણમાં—" अनुनासिकाननुनासिकभेदेन यवला द्विधा—અનુનાસિક અને અનનુનાસિકના ભેદથી ય્, વ્, લ્‌ના બે પ્રકાર છે." ત્યાં ૨્‌ને ગણ્યો નથી.

હેમાચાર્યે આમ વિભાષા સ્વીકારી નથી છતાં પ્રાકૃતવિભાગમાં—'वर्गेऽन्त्यो वा' (अ. ८-१-३०) એ સૂત્રની વૃત્તિમાં:—"अनुस्वारस्य वर्गे परे प्रत्यासत्तेस्तस्यैव वर्गस्यान्त्यो वा भवति । पङ्को पंको । ×××××। वर्ग इति किम् ? संसओ । संहरइ। नित्यमिच्छन्त्यन्ये—અનુસ્વાર પછી વર્ગીય વ્યંજન આવે અને અતિ નિકટ સંયોગ હોય તો તે જ વર્ગનો અંત્ય વ્યંજન વિકલ્પે થાય છે; જેમ કે—पङ्को पंको વગેરે. વર્ગીય વ્યંજન આવે એમ શા માટે ? એ માટે કે संसओ, संहरइ ત્યાં અનુસ્વાર

પછી સ્ અને હ્ વર્ગીય વ્યંજન ન હોવાથી અનુસ્વાર કાયમ જ રહે છે; પરંતુ બીજા કેટલાક વૈયાકરણો પરસવર્ણને નિત્ય માને છે," એમ વિભાષા સ્વીકારી છે.

૨. શિલાલેખાદિમાં અનુસ્વારની સ્થિતિ

એ રીતે પ્રાકૃત ભાષાઓમાં સામાન્ય રીતે જોડણીના વિષયમાં અનુસ્વાર રહેતો. પરસવર્ણ કરવો હોય તો વર્ગીય અને અંતસ્થ પૂર્વે થતો. પ્રાચીન શિલાલેખાદિમાં પણ આ વિભાષા ચાલુ હતી. જુઓ भारतीय प्राचीन लिपिमालाનું લિપિપત્ર ૮મું. ગિરિનારના અશોકના લેખની બાજૂમાં કોતરેલા ક્ષત્રપવંશી રાજા રુદ્રદામાના બ્રાહ્મી લિપિના લેખની લીટીઓ છે. પંડિત ઓઝાએ ઉતારેલી લીટીઓમાં પહેલી લીટીમાં कान्त અને ત્રીજી લીટીમાં धम्म એ બે સ્થળે-સામાન્ય રીતે અશોકના લેખોમાં અનુસ્વાર લખાતો ત્યાં પરસવર્ણ છે. અતિ પ્રાચીન એવી આ બ્રાહ્મી લિપિમાં આમ પરસવર્ણ મળે છે. એ પછી ગુપ્તકાળની ગુપ્તલિપિમાં લખાયેલા લેખોમાં પરસવર્ણનું પ્રાધાન્ય છે. ગુપ્તસમ્રાટ રાજા સમુદ્રગુપ્તના પ્રયાગના એક સ્તંભ ઉપરના લેખમાં અપદાંત સ્થિતિમાં પરસવર્ણ જ મળી આવે છે. જુઓ તે જ ગ્રંથમાં લિપિપત્ર ૧૬મું, લીટી બીજી-चन्द्रगुप्तपुत्रस्य; છઠ્ઠીમાં स्तम्भः, સાતમીમાં सर्वयोच्छ्रित० અને છેવટે पशुपतेर्जटान्तर्गुहा. એ ઉપરાંત લિપિપત્ર ૧૭ માની ત્રીજી લીટીમાં कुटुम्बिनः એમ પરસવર્ણ મળે છે. આ પછીની કુટિલ લિપિના કાળમાં પરસવર્ણનું પ્રાધાન્ય જ છે. અરે, એક બે સ્થળે તો શુકલયજુર્વેદમાં પ્રસિદ્ધ એવું અનુસ્વારનું ग्वम् કે गं ઉચ્ચારણ પણ મળે છે. મંદસોરથી મળેલા રાજા વિષ્ણુવર્ધનના લેખમાં वक्षो આમ અનુસ્વારને બદલે क् મળી આવે છે. (લિપિપત્ર ૧૮માની પાંચમી લીટી.) આ ઉચ્ચારણ આપણે ત્યાં તો ઘણા જૂના સમયથી જ લુપ્ત થઈ ગયું છે, પરંતુ બંગાળમાં ક્યાંક ક્યાંક ચાલુ છે. પંડિત ઓઝા એ જ ગ્રંથના પૃ. ૪૫ની ટીપમાં લખે છે કે-"अनुस्वार नकार (अनुनासिक) का स्वरमय उच्चारण दिखता है. वेदों में जब अनुस्वार 'र'

'श' 'ष' 'स' और 'ह' के पहिले आता है तब उसका उच्चारण 'ब' से मिश्रित 'गूं' या 'गंं' सा होता है जिसके लिये वेदो में चिन्ह है, यह यजुर्वेद में ही मिलता है ×××××प्राचीन शिलालेखादि में कभी कभी 'वंश' की जगह 'वङ्श' और 'सिंह' के स्थानमें 'सिङ्ह' खुदा मिलता है। अनुस्वारका 'श' के पहिले ऐसा उच्चारण आर्यकंठो में अब भी कुछ कुछ पाया जाता हैं और कई बंगाली अपने नामों के हिमांशु, सुधांशु, आदिको अंगरेजी में Himangshu, Sudhangshu (हिमांगशु, सुधांगशु) आदि लिखकर गूं के उच्चारणकी स्मृति को जीवित रखते है।"

આમ કુટિલલિપિના સમયમાં પ્રાતિશાખ્યમાંના નિયમોને અનુસરીને અનુસ્વારની જોડણી કરવામાં આવતી. મધ્યકાળમાં એટલે અશોકલિપિ કિંવા બ્રાહ્મી લિપિના કાળમાં સામાન્ય રીતે અનુસ્વાર જ લખવાનો પ્રચાર હતો તે સુધરી ખરી જોડણી તરફનું ગુપ્ત અને કુટિલ લિપિના કાળનું વલણ માલૂમ પડી આવે છે.

કુટિલ લિપિ પછી નાગરી કિંવા બાલબોધ લિપિમાં સર્વત્ર વિભાષા જોવામાં આવે છેઃ એકની એક લીટીમાં એક સ્થળે પરસવર્ણ કરે અને બીજે સ્થળે ન કરે. જુઓ લિપિપત્ર ૨૬માની પાંચમી લીટી–कियदिति ब्रह्मांडमन्तःक्षितिः ॥४॥ अष्टादशास्यरिपुकुंभिवि०—વગેરે. અને ક્રમે કરી નાગરી લિપિમાં બ્રાહ્મી લિપિ માફક પરસવર્ણનો ચાલ બંધ જેવો થઇ ગયો. હસ્તલિખિત ગ્રંથોમાં પણ વિદ્વાન—અવિદ્વાન દરેક સામાન્ય રીતે અનુસ્વાર જ લખતા અને તેને અનુસરીને આપણા શિષ્ટ વર્ગમાં પણ અનુસ્વાર તરફનું વલણ વધી ગયું. આનું મુખ્ય કારણ લેખનની સરળતા છે એ આપણે સૌ જાણિયે છિયે.

૩. ગુજરાતી જોડણીમાં અનુસ્વારની સ્થિતિ

જ્યારે સન ૧૮૫૮ પછી વાચનમાળા તૈયાર કરનારી હોપકમિટીએ જોડણીના નિયમો નક્કી કર્યા, ત્યારે તેમાં આ એક નિયમ ઘડવામાં આવેલો કે—"૩. શુદ્ધ સંસ્કૃત કે ફારસી શબ્દ આવે તો તેને અસલ પ્રમાણે લખવા." આમ તત્સમ શબ્દોની જોડણી મૂળ

પ્રમાણે કાયમ રાખવી તેવું ધોરણ બંધાયું; સંસ્કૃત વૈયાકરણોમાં સ્વીકારેલું પરસવર્ણનું ધોરણ ધ્યાનમાં લેવું રહી ગયું. ગમે તે સ્થિતિ થઈ પરંતુ એટલું તો ચોક્કસ કે–ક્યાંય પણ વાચનમાળામાં પરસવર્ણ મળતો નથી. બુકકમિટીના નિયમો ઉપર ચર્ચા કરતાં સ્વ. નવલરામભાઈએ પણ આ સંબંધમાં કશી ટકોર ન જ કરી; તેમ તેમના લેખોમાં પણ ક્યાંય પરસવર્ણ નથી મળતો; પરંતુ પહેલ કરી સ્વ. નર્મદાશંકર કવિએ. તેમણે સંસ્કૃત વ્યાકરણના સિદ્ધાંતોને અનુસરી નર્મકોશમાં પરસવર્ણ કરવાનું ધોરણ સ્વીકાર્યું—"લોકને વાંચતાં અઘરું પડશે માટે અનુસ્વારને વ્યંજનરૂપે ન લખવું એના કરતાં તેને તેના બીજા ઉચ્ચારણથી જુદું પાડી દેખાડવાને વ્યંજનરૂપે જ લખવું, ને અભ્યાસથી અઘરાને સેહેલું કરી નાખવું એ જ ઉત્તમ પક્ષ છે." (નર્મકોશ, ભૂમિકા પૃ. ૯) સ્વ. કવિના આ મત તરફ આપણું વલણ ન વધ્યું એનું મુખ્ય કારણ વાચનમાળા જ છે. એ પછી વાચનમાળા રિવિઝન કમિટીએ તો કોઈ પણ સ્થિતિમાં પરસવર્ણ ન જ કરવો એવો નિયમ બાંધ્યો. જુઓ "૬. જોડાક્ષરનો પહેલો અક્ષર અનુનાસિક હોય ત્યાં બધા શબ્દોમાં તેને બદલે અનુસ્વાર લખવો." સ્વ. કમળાશંકરભાઈએ મધ્યવ્યાકરણમાં વિભાષા સ્વીકારી, છતાં ત્રણે વ્યાકરણ ગ્રંથોમાં અનુસ્વાર જ રાખ્યો.

સ્વ. કવિ નર્મદાશંકર પછી પરસવર્ણની આવશ્યકતા પ્રથમ દી. બ. કેશવલાલ ધ્રુવે બતાવી (સને ૧૮૯૩). તેમણે તે વિશે નીચેનો નિયમ બાંધ્યો:—

"12. Nasal consonants should be preferred to the *anuswara* mark where the former clearly represent the nasal twang occurring in a word; e. g. અન્તર, સઞ્ચ, અર્જુ, લમ્પટ, અણ્ટસ."

રા. નરસિંહરાવ તેવા સંયોગોમાં અનુસ્વાર લખે છે, છતાં પરસવર્ણ તરફ વલણ રાખતા હોય તેમ લાગે છે:—

"(ख) The *anuswara* after a long vowel in *tatsama* words is तीव्र (hard); eg. कांत, पर्यंत, एकांत, नरेंद्र etc.

(These are generally written कान्त, नरेन्द्र etc, the form of a conjunct of a class nasal and the following consonant, and so this is no case of *anuswara.*)

(The Guj. Lang. & Lit. Vol. 1, p. 325)

છતાં પૃ. ૩૧૭–૩૧૯ ઉપર બેય જાતની જોડણી સંસ્કૃત શબ્દો માટે કરી છે.

આ બધુંય ધ્યાનમાં રાખી ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળે વિકલ્પ સ્વીકાર્યો:—

"૧૩. તત્સમ શબ્દોમાં અનુસ્વારનો અને અનુનાસિકનો વિકલ્પ રાખવો. (જેમ કે 'ગન્ધ' 'ગંધ', 'બન્ધુ' 'બંધુ', 'આનન્દ', 'આનંદ') પરંતુ અસ્પૃષ્ટ નાસિક્ય હોય ત્યાં તથા તદ્‌ભવ શબ્દોમાં કેવળ અનુસ્વારનો ઉપયોગ કરવો. (જેમ કે, 'સંયમ', '[illegible]', 'માંસ'; 'કાંઇ'; 'કાંતવું', 'આંખ,' 'બાંધવું.')

જોડણી કોશમાં—"૮. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ", આવો નિયમ છે, છતાં **સૂચનામાં** લખ્યું છે કે–"છાપવાની સગવડ ખાતર અને શબ્દોની સંખ્યા ન વધારવાના ઉદ્દેશથી અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિક વપરાય છે, તે વાપરીને જુદા શબ્દો આપેલા નથી. પણ જ્યાં જ્યાં અનુસ્વારને ઠેકાણે અનુનાસિક વાપરી શકાય ત્યાં ત્યાં તે વાપરવાની છૂટ છે; ઉદા. અંત–અન્ત, દંડ–દણ્ડ."

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કાચા ખરડામાં:—"૪ અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ." આ સ્થિતિ છે.

અનુસ્વારનાં તીવ્ર અને કોમળ એ બે ઉચ્ચારણ છે એમ માનવામાં આવે છે. આ બંનેને દર્શાવવા જુદા જુદા સંકેતો જોઈયે તેની પહેલ કરનારા તે સ્વ. માધવલાલ હરિલાલ દેસાઇ. તેમણે સને ૧૮૯૮ના શાળાપત્ર (પૃ. ૬–૧૨) માં અનુસ્વારનો કોમળ ઉચ્ચાર દર્શાવવા (॰) પોલા મીંડાંની હિમાયત કરેલી. પરંતુ તેના તરફ કોઈની નજર ન જ ખેંચાઇ. દી. બ. કેશવલાલ ધ્રુવે તે પછી ૨૫–૩૦ વર્ષે ગુ. વ. સો. તરફથી પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્યો છપાવ્યાં, તેમાં (ꣳ) આવું ચિહ્ન અનુસ્વારના તીવ્ર ઉચ્ચાર માટે પ્રયોજ્યું; અત્યારે રા. બળવંતરાય ઠાકોર પોતાના શિષ્ટ ગ્રંથોમાં ત્યાં (॰) પોલું મીંડું કરે છે.

હું માનું છું કે અનુસ્વારનાં કહેવાતાં તીવ્ર કોમળ ઉચ્ચારણો દર્શાવવા આ જાતની યોજના કરવામાં આવે તો કદાચ સારલ્ય થાયઃ–

૧. વિકલ્પમાં સામાન્ય રીતે જ્યાં અનુસ્વારનું વિધાન છે તેવા સંયોગોમાં વર્ગીય વ્યંજન પૂર્વે પરસવર્ણ એટલે કે વર્ગીય અનુનાસિક વ્યંજન લખવોઃ કુઙ્કુણ, વ્યઞ્જન, પ્રચણ્ડ, ધન્તૂરો, સમ્ભવ, વગેરે.

૨. તે જ સંયોગોમાં ય્, વ્, લ્. પૂર્વે આગલા સ્વર ઉપર બિંદુ[1] કરી ય્, વ્, લ્, એવડા કરવાઃ સંય્યુક્ત, સંવ્વાદ, સંલ્લાપ, વગેરે.

૩. તે જ સંયોગોમાં ર્, શ્, ષ્, સ, હ, આવે તો પોલું મીંડું કરવુંઃ સ॰શય, સ॰સાર, સ॰હાર વગેરે.

---

૧. આ બિંદુનો કદી તીવ્ર ઉચ્ચાર નથી, કેમકે સંસ્કૃત ભાષામાં પણ આવા સંયોગોમાં આગલા સ્વર ઉપર (ँ) આવું ચિહ્ન પ્રયોજવામાં આવે છે. તેને સાનુનાસિક ઉચ્ચારણ કહે છે; તેને જ અત્યારે અનુસ્વારનો ભાંગેલો ઉચ્ચાર કહેવામાં આવે છે, તે વાત હવે પછી લેખમાં બતાવવામાં જ આવશે. આ રીતે બિંદુ કરી ય્, વ્, લ્, એવડા કરવાથી માપ બરોબર જળવાઇ રહેશે. ગુજરાતી સા૦ પરિષદ મંડળે જે અસ્પૃષ્ટ નાસિક્યનો નિર્દેશ કર્યો છે તે આ જ છે એમ હું માનું છું. અસ્પૃષ્ટ નાસિક્યવાળો અકાર ટૂંકો બોલાય છે, એ વાત સ્પષ્ટ છે. આ કારણથી એ પછી ય્, વ્, લ્, નો જે ઉચ્ચાર થાય છે તે અર્ધા ય્, વ્, લ્, ન લખાય તો વ્યક્ત કેમ થાય? સંસ્કૃત વૈયાકરણોએ આવે સ્થળે તે બેવડા સ્વીકાર્યા છે જ.

૪. નિયમ ૧–૨ માં બતાવેલા સંયોગોમાં પરસવર્ણ કરવા મરજી ન હોય તો અનુસ્વાર બતાવવા પોલું મીંડું યોજવું: કંકણ, વ્યંજન, સંયોગ વગેરે.

૫. અનુસ્વારનો કહેવાતો કોમળ ઉચ્ચાર દર્શાવવા (ˑ) બિંદુ જ પ્રયોજવું.

અતિ સરળતા સ્વીકારવી હોય તો એ જ ઉપાય કે—**તીવ્ર ઉચ્ચાર બતાવવા સર્વત્ર પોલું મીંડું અને કોમળ ઉચ્ચાર બતાવવા બિંદુ જ વાપરવું.**

શબ્દ તત્સમ હોય કે તત્સમેતર હોય, તેવા બધા શબ્દોમાં આમ ભેદ બતાવવો આવશ્યક છે.

આ નિયમને અનુસરી અરબી, ફારસી, અંગ્રેજી વગેરે તત્સમ શબ્દોની તેના ઉચ્ચાર પ્રમાણે જોડણી કરવી એવી આપણે ત્યાં પ્રથા છે, તેથી તેવા શબ્દોમાં મઞ્જૂર, તઞ્જી, તમ્બૂ વગેરેમાં પણ પરસવર્ણ સ્પષ્ટ રીતે સ્વીકારી શકાય તેમ છે. અંગ્રેજી શબ્દોનો વિચાર કરતાં અનુસ્વારસંબંધી નિયમો વાંધાભરેલા લાગશે. અંગ્રેજી શબ્દોમાં ટ્ ડ્ પૂર્વે જ્યારે નકાર આવે છે ત્યારે સામાન્ય રીતે ત્યાં ન જ ઉચ્ચારાય છે: સુપરિન્ટેન્ડન્ટ. તેવે સ્થળે ઉચ્ચારાનુસારી જોડણીના નિયમે 'ન' લખવો. સમન્સ જેવા શબ્દોમાં આપણે સમંસ નથી જ લખતા, તે જ રીતે અહીં કરવું.

(૨)

૪. કોમળ ઉચ્ચારણ કિંવા અનુનાસિક

આ રીતે અનુસ્વારના તીવ્ર ઉચ્ચારણ સંબંધની સ્થિતિ છે. હવે ક્રમપ્રાપ્ત તેના કહેવાતા કોમળ ઉચ્ચારણની વાત આપું છું. આ કોમળ ઉચ્ચારણ તે અનુસ્વારનું જ એમ આપણે અત્યારે માનિયે છિયે. એનું મુખ્ય કારણ લેખનમાં વપરાતા આવતા ચિહ્નનું સાદૃશ્ય જ છે. તીવ્ર ઉચ્ચારણમાં સ્વરની પાછળ નાકમાં બહાર વધી પડતું અમ્ કે અંગ્ જેવું સ્વાભાવિક ઉચ્ચારણ પાછળ ગુલાંટ ખાતું છે. આમ હ્રસ્વ

કે દીર્ઘ ગમે તે સ્વર પછી આવતાં તે અલગ જુદું તરી આવે છે. એથી ઊલટું કહેવાતું કોમળ ઉચ્ચારણ સ્વરમાં અંતર્ગત જ છે, એટલે કે સ્વર હૃસ્વ જ હોય તો નાકમાંથી ઉચ્ચારાતાં હૃસ્વ જ રહે છે; દીર્ઘ હોય તો દીર્ઘ જ. તીવ્ર ઉચ્ચારણ પહેલાં થડકારો છે, જ્યારે સાનુનાસિક સ્વરમાં થડકારાનો લેશ પણ અનુભવ નથી થતો. પ્રાચીન વૈયાકરણોએ નાકમાં ગુલાંટ ખાતા ઉચ્ચારણને જ 'અનુસ્વાર' એવી સંજ્ઞા આપી છે, જ્યારે અંતર્ગત ઉચ્ચારણવાળા સ્વરને સાનુનાસિક કહ્યો છે. શુકલયજુઃપ્રાતિશાખ્યમાં અનુસ્વારના હૃસ્વ દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ભેદ છે, પરંતુ તેમાં આ સાનુનાસિક ઉચ્ચારણના ભેદ આપ્યા નથી, તેને સ્વતંત્ર જ આપવામાં આવેલ છે. વેદોમાં આ ઉચ્ચારણ **અહોળા પ્રમાણમાં છે, તેને અનુસ્વાર સાથે કશો પણ સંબંધ નથી.**

૫. અનુનાસિકની વ્યાખ્યા

શુકલયજુઃપ્રાતિશાખ્યના પ્રથમ અધ્યાયમાં વર્ણસ્થાનો બતાવ્યાં છે તે સ્થળે અનુસ્વાર અને અનુનાસિક (કોમળ ઉચ્ચારણ) બતાવવામાં આવેલ છે: "यमानुस्वारनासिक्यानां नासिके (अ: १–७४) कुँ, खुँ, गुँ, घुँ, એ ચાર યમ, અનુસ્વાર અને हुँ એ નાસિક્ય નાસિકાસ્થાનમાંથી બોલાય છે. જ્યારે "मुखनासिकाकरणोऽनुनासिकः। (अ. १–७६) તે ઉપર ઉવ્વટની વૃત્તિ–मुखसहितया नासिकया क्रियत इति मुखनासिकाकरणः। मुखनासिकाकरणो वर्णोऽनुनासिकसञ्ज्ञो भवति। जातावेकवचनम्। स्वराणामयं वैकल्पिको धर्मः। अन्तस्थानां रेफवर्जितानां च वाचनिकश्चायं धर्मः। મુખસહિત નાક વડે જે કરાય તે મુખનાસિકાકરણ. મુખનાસિકાકરણ, પછી ગમે તે હોય તે વર્ણ અનુનાસિક સંજ્ઞા પામે છે. અહીં જે જે વર્ણ મુખસહિત નાકમાંથી બોલાય તે તે અનુનાસિક છે એવો ભાવ છે, તો પછી વર્ણ ઘણા હોવાથી સૂત્રમાં બહુવચન કેમ ન યોજ્યું ? ત્યાં કહે છે કે–જાતિવાચક એટલે કે આખા સમૂહનું કહેતો હોવાથી એકવચનનો પ્રયોગ છે. સ્વરોનો આ વૈકલ્પિક ધર્મ છે, એટલે કે એકનો એક સ્વર જ્યારે મુખમાંથી જ ઉચ્ચારાય ત્યારે

તે અનનુનાસિક અને મુખસહિત નાસિકાથી બોલાય ત્યારે અનુનાસિક. ર સિવાયના અંતસ્થ વર્ણોને આ કહેવા પૂરતો ધર્મ છે, એટલે કે વસ્તુસ્થિતિએ તેવા સંયોગોમાં य़्, व़्, ल़्, થાય તેમ કહેવાય છે." તેનું પ્રયોજન કાત્યાયન ત્યાં જ કહે છે—"अनुनासिकमुपधा प्राबन्तस्थाया: (अ ३-१३१)-અંતસ્થ જ્યારે સાનુનાસિક કરવાના હોય છે ત્યારે અંતસ્થની ઉપધા એટલે કે પૂર્વનો સ્વર અનુનાસિક થાય છે.

तान्+लोकान् એ સ્થળે નકારનો પરસવર્ણ થતાં સાનુનાસિક ल़् થાય છે ત્યાં પૂર્વનો સ્વર અનુનાસિક થતાં ઉપરના વિધાન-અનુસાર ताँल्लोकान् બને છે. તેવા સ્થળે આ સાનુનાસિક છે, સાનુસ્વાર નથી. જો સાનુસ્વાર કરિયે તો ल़् એવડો લખવાની જરૂર જ ન રહે. વસ્તુસ્થિતિ જ એવી છે કે ત્યાં અનુસ્વાર ઉચ્ચરિત જ નથી, તેવા સંયોગોમાં ˘ य् ˘ व् ˘ ल् આવા જ ઉચ્ચાર સ્પષ્ટ-અતિસ્પષ્ટ છે.

મ. પાણિનિ અનુનાસિકની વ્યાખ્યા આપતાં કહે છે કે-मुखनासिकावचनोऽनुनासिकः (अ. १-१-८). એ ઉપરના ભાષ્યમાં મ. પતંજલિએ मुखनासिकावचनः એ વાત સારી રીતે સમઝાવી છે—

"मुखं च नासिका च मुखनासिकम् । मुखनासिकं वचनमस्य सोऽयं मुखनासिकावचनः । ×××अथवा मुखनासिकमावचनमस्य सोऽयं मुखनासिकावचनः । अथ किमिदमावचनमिति ? ईषद्वचनमावचनमिति । किञ्चिन्मुखवचनं किञ्चिन्नासिकावचनम् । मुखद्वितीया वा नासिका वचनमस्य सोऽयं मुखनासिकावचनः । मुखोपसंहिता वा नासिका वचनमस्य सोऽयं मुखनासिकावचनः । ××××प्रासादवासिन्यायेन । तद्यथा केचित्प्रासादवासिनः । केचिद् भूमिवासिनः । केचिदुभयवासिनः । ये प्रासादवासिनो, गृह्यन्ते ते प्रासादवासिग्रहणेन । ये भूमिवासिनो, गृह्यन्ते ते भूमिवासिग्रहणेन । ये तूभयवासिनो, गृह्यन्त एव ते प्रासादवासिग्रहणेन भूमिवासिग्रहणेन च ॥ एवमिहापि केचिन्मुखवचनाः । केचिन्नासिकावचनाः । केचिदुभयवचनाः । तत्र ये मुखवचना, गृह्यन्ते ते मुखग्रहणेन । ये नासिकावचना, गृह्यन्ते ते नासिकाग्रहणेन । ये उभयवचना, गृह्यन्त एव ते मुखग्रहणेन नासिकाग्रहणेन च ॥"

"મુખ અને નાસિકમાંથી જે બોલાય છે તે અનુનાસિક," એ સૂત્રાર્થ. ભાષ્યાર્થ—

"૧. મુખ અને નાસિકા તે मुखनासिकम्=મુખનાસિક (પ્રાણીનાં અંગ હોવાથી સમાહારદ્વંદ્વ). આ અનુનાસિકનું મુખનાસિક વચન = ઉચ્ચારણ છે, (તેથી) તે આ मुखनासिकावचनः છે. અથવા

૨. આ અનુનાસિકનું મુખનાસિક કાંઈક વચન = ઉચ્ચારણ છે, (તેથી) તે આ मुखनासिकावचनः છે. आवचनम् = કાંઈક વચન = ઉચ્ચારણ એ શા માટે? કાંઈક વચન = ઉચ્ચારણ તે आवचनम्। કાંઈક મુખમાં ઉચ્ચારણ, કાંઈક નાસિકામાં ઉચ્ચારણ.

અથવા

૩. મુખ જેમાં મદદગાર છે તેવી નાસિકા ઉચ્ચારણ(-સ્થાન) છે, તેથી આ मुखनासिकावचनः છે.

આનું સમાધાન **પ્રાસાદવાસિન્યાયથી** છે. જેમકે-કેટલાક પ્રાસાદ=મહેલમાં વસનારા હોય છે, કેટલાક ભૂમિ ઉપર વસનારા હોય છે, કેટલાક બંને સ્થળે વસનારા હોય છે. જેઓ મહેલમાં વસનારા છે તેઓ **પ્રાસાદવાસી**થી સૂચિત થાય છે. જેઓ ભૂમિમાં વસનારા છે તેઓ **ભૂમિવાસી**થી સૂચિત છે. જે બંને સ્થળે વસનારા છે તે **પ્રાસાદવાસી** તેમ જ **ભૂમિવાસી**થી સૂચિત છે. એમ અહીં પણ કેટલાક મુખમાંથી ઉચ્ચારાય છે, કેટલાક નાસિકામાંથી ઉચ્ચારાય છે અને કેટલાક બંને સ્થાનમાંથી ઉચ્ચારાય છે. તેમાં જે મુખમાંથી ઉચ્ચારાય તે **મુખથી** સૂચિત, જે નાસિકામાંથી ઉચ્ચારાય તે નાસિકાથી સૂચિત, અને જે બંને સ્થાનમાંથી ઉચ્ચારાતા હોય તે મુખ અને નાસિકા એમ બંનેથી સૂચિત થાય છે."

આમ મુખ અને નાસિકામાં સાથે ઉચ્ચારાતા વર્ણ અનુનાસિક છે. વસ્તુસ્થિતિએ સ્વરો જ એવા વર્ણો છે કે જે આમ ઉભય સ્થાનમાંથી સાથે બોલી શકાય છે. (ङ्, ञ्, ण्, न्, म् એ પાંચ વર્ગીય અનુનાસિક વ્યંજનો છે. તેની સ્થિતિ પણ એવી છે કે તે

પૂર્વે આવેલા સ્વરો જ સાનુનાસિક ઉચ્ચારાય છે. આપણી પાસે ङ्, ञ्, ण्, न्, म्, એવા સંકેતો હોવાથી આગલા સ્વર ઉપર અનુનાસિકતા બતાવનાર ँ ની જરૂર નથી રહેતી.) આ વાત ઉવ્વટના શબ્દોમાં ઉપર બતાવવામાં આવી છે. અહીં પાતંજલ ભાષ્ય ઉપરની પ્રદીપ નામક ટીકાના લખનાર કૈયટનાં આ જ પ્રસંગનાં આ વચનો ઉપયોગી થશે. તે લખે છે કે—"अनुनासिकस्य पूर्वः परो वा भागो मुखेनोच्चार्यते भागो नासिकया, तत्र नासिकावचनभागानुरागवशाद् मुखवचनोऽपि भागो नासिकावचन इव लक्ष्यते। यथा सँय्यन्तेत्यत्रानुनासिकयकारानुरागाद् अकारोऽनुनासिक इव प्रतिभाति–અનુનાસિકનો આગલો અથવા પાછલો ભાગ મુખ વડે ઉચ્ચારાય છે અને તે બેમાંથી એક ભાગ નાસિકામાંથી ઉચ્ચારાય છે અને તે બેમાંથી એક ભાગ નાસિકોચ્ચારણમાં આવતા ભાગને લીધે મુખમાંથી ઉચ્ચારાતો ભાગ નાસિકામાંથી ઉચ્ચારાતો હોય તેમ જોઈ શકાય છે; કેમકે सँय्यन्त એ સ્થળે અનુનાસિક યકારને લીધે આગલો અકાર અનુનાસિક જેવો લાગે છે." ઉવ્વટ અને આ બન્નેના વચનથી એ સ્ફુટ થાય છે કે ગમે તે રીતે આગલો સ્વર અનુનાસિક ઉચ્ચરિત છે. કાત્યાયન તો સ્પષ્ટ જ કહે છે કે–ઉપધા સાનુનાસિક થાય' છે.

૬ અનુનાસિકનું પરોપજીવિત્વ

સ્વરોના અનુનાસિક ને અનનુનાસિક એવા બે ભેદ પ્રાચીન વૈયાકરણોએ આપ્યા છે. જો અનુનાસિકનો પાછળથી ઘોર થતો અવાજ નીકળતો હોય તો હ્રસ્વ સ્વરની અનુનાસિકતા કેવી રીતે થઈ શકે? થાય તો બે માત્રા જેટલો વખત જતાં સ્વરનું લઘુત્વ કેમ કહી શકાય? જુઓ સિદ્ધાંતકૌમુદીનું સંજ્ઞા પ્રકરણ–तस्यादित० (૧–૨–૩૨)ની વૃત્તિમાં–"स नवविधोऽपि प्रत्येकमनुनासिकानुनासिकत्वाभ्यां द्विधा–એક જ સ્વરના હ્રસ્વ દીર્ઘ અને પ્લુત; એ દરેકના ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત મળી એક સ્વરના નવ ભેદ; તે નવ ભેદના ફરીથી અનુનાસિક અને અનનુનાસિક એ રીતે દરેકના બે થતાં અઢાર ભેદ છે." આનાથી

સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે અનુનાસિક હ્રસ્વ સ્વર હોય તો માત્રા એક જ રોકે, અને તેથી એ અતિ સ્ફુટ થાય છે કે અનુનાસિક પરોપજીવી છે, અનુસ્વારની જેમ સ્વતંત્ર નથી.

૭ અનુનાસિકનો ઇતિહાસ

પ્રાચીન વૈદિક સાહિત્યમાં એનો પુષ્કળ પ્રચાર હતો. મ. પાણિનિ કહે છે કે–आङोऽनुनासिकश्छन्दसि (अ. ૬–૧–૨૨૬)–વેદમાં आङ् ઉપસર્ગ પછી કોઈ સ્વર આવે તો તે અનુનાસિક થાય.–ઉદા० अभ्र आँ अपः। गभीर आँ उग्रपुत्रे।" વળી પણ– "अणोऽप्रगृह्यस्यानुनासिकः (अ. ૮–૪–૫૭)–અપ્રગૃહ્ય अ, इ, उ જેને છેડે હોય તે શબ્દને અનુનાસિક વિકલ્પે થાય. એટલે કે અંત્ય સ્વર વિકલ્પે સાનુનાસિક થાય. ઉદા० एतं भरत तद्वशायँ (ऋ. ૨–૨–૧૪–૨). પંડિત હેમાચાર્ય પણ સિદ્ધહેમમાં આ વાતનું સમર્થન કરે છે–" अइउवर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः (सि. हे. ૧–૨–૪૧)–દ્વિવચનને છેડે આવેલા દીર્ઘ ई, ऊ સિવાયના અ, ઇ, ઉને અંતે અનનુનાસિક થાય.] પાણિનિ અન્યત્ર પણ કહે છે કે–आतोऽटि नित्यम् (अ. ૮–૩–૩) વેદમાં आ પછી (નકારના આદેશ રૂપે રહેલ) रु ને સ્થાને અવશ્ય અનુનાસિક થાય. आ जुह्वानो न ईड्यो देवाँ आ वक्षि यज्ञियान् (ऋ. ૧–૨૪–૧૮૮–૩); स विद्वाँ आ च पिप्रयः (ऋ. ૧–૧–૬–૮) વગેરે.

સંસ્કૃત ભાષામાં ન્નો અનુનાસિક અને વિસર્ગ થાય છે–सँस्कर्ता, पुँस्कोकिलः, चक्रिँस्त्रायस्व, काँस्कान् વગેરે. આ સ્થળે મહર્ષિ પાણિનિના સમયમાં ગમે તે કારણે વિભાષા પ્રવર્તતી હતી, તેથી 'अनुनासिकात्परोऽनुस्वारः (अ. ૮–૩–૪) થી અનુનાસિકને બદલે અનુસ્વાર વિકલ્પે થાય,' તેવું મળી આવે છે. અનુનાસિક પછી આવતા અર્ધ વ્યંજનને લીધે પૂર્વના સાનુનાસિક સ્વરને જે થડકારો મળે છે તેને લીધે ઉભય ઉચ્ચારણોને ધ્યાનમાં રાખી પાણિનિએ માત્ર પદાંત સ્થિતિમાં જ વિભાષા સ્વીકારી હોય તેમ લાગે છે.

[નોંધઃ—અષ્ટાધ્યાયીનાં આઠમા અધ્યાયનાં ૨-૩-૪ પાદનાં સૂત્રો=ત્રિપાદી સૂત્રો પાણિનિએ જ અસિદ્ધ ગણ્યાં છે, એટલે તેવા વિધાન તરફની પાણિનિનિ અરુચિ સ્પષ્ટ છે. તેમાં વિવેક એવો છે કે પહેલું સૂત્ર જે વાત કહે તે વાતનો અપવાદ તે પછીનું સૂત્ર આપતું હોય તો અપવાદ આપનારું સૂત્ર અસિદ્ધ ગણાય. એ રીતે પૂર્વે બતાવેલું वा पदान्तस्य (અ. ૮-૪-૫૯) (=૫૯) ની કીમત તેની પૂર્વેના अनुस्वारस्य ययि परसवर्णः (અ. ૮-૪-૫૮ અઠ્ઠાવન) પાસે કાંઈ પણ નથી.]

પ્રાકૃતમાં આ કોમળ ઉચ્ચારણની વિભાષા પ્રવર્તતી હતી. भिसो हि हिँ हिं (सि. हे. ૮-३-७)—અકાર પછી આવતા તૃતીયા બહુવચનનાં भिस् પ્રત્યયને સ્થાને કેવળ हि, સાનુનાસિક हिँ, સાનુસ્વાર हिं થાય છે. વળી—जस्-शस इँ-इं-णयः सप्राग्दीर्घाः (सि. हे. ૮-३-२६)—નપુંસકલિંગના નામ પછી પ્રથમા બહુવચનના जस् અને દ્વિતીયા બહુવચનના शस्‌ને સ્થળે સાનુનાસિક इँ, સાનુસ્વાર इं અને णि આદેશ થાય છે. जाइँ वयणाइं अम्हे '' ઉદા૦

ताला जाअन्ति गुणा जाला दे सहिअएहिँ घेप्पन्ति ।
रइकिरणाणुग्गहीआ-इँ होन्ति कमलाइँ कमलाइं ॥

[हिँ, इँ, હ્રસ્વ જ ઉચ્ચરિત છે, જ્યારે છેલ્લો इं-इम् ઉચ્ચારવાનો]

"क्लीबे स्वरान्म् सेः (सि. हे ૮-३-२५)—નપુંસકલિંગના સ્વરના નામને પ્રથમાના એકવચનના सि ને બદલે म् થાય છે. वणं पेम्मं दहिं महुं. આચાર્ય અહીં કહે છે કે—केचिदनुनासिकमपीच्छन्ति । दहिँ महुँ વગેરે.

માગધીમાં પણ આ અનુનાસિક પ્રચારમાં હતો—"आमो डाहँ वा (सि. हे. ૮-४-३००) માગધીમાં અવર્ણ પછી આવતા ષષ્ઠી બહુવચનના आम् ને સ્થળે અનુનાસિક અંતવાળો डाहँ (=आहँ) થાયઃ सप्पणाहँ सुहं । व्यत्ययात्प्राकृतेऽपि-ताहँ, तुम्हाहँ, अम्हाहँ, सरिआहँ, कम्माहँ વગેરે. "

અપભ્રંશકાળથી જ તે અતિ પ્રચારમાં છે, તે વાત રા. નરસિંહરાવે The Guj. Lang. & Lit. Vol. I એ ગ્રંથમાં પૃષ્ઠ ૩૧૬–૩૩૩ માં અતિ વિસ્તારથી આપી છે; એટલે તેનું અહીં પિષ્ટપેષણ અનાવશ્યક છે.

(૩)

૮. અનુનાસિકની પ્રાચીનતાનું ગ્રહણ

આ અનુનાસિક ઉચ્ચારણ માત્ર અપભ્રંશકાળથી જ પ્રચારમાં આવ્યું છે તેવું માનવું પ્રથમ રા. નરસિંહરાવનું હતું, એટલે ઉક્ત અંગ્રેજી પુસ્તકમાં ભાષણમાં તેઓ તેની પ્રાચીનતા ન આપી શકેલા. તેમના ત્યાંના શબ્દો આ રહ્યા—"This *anuswara* was unknown to Sanskrit; even the nasalized ऌ as in सँल्लोकान् was attached to a strong nasal sound. Prakrit also did not possess the soft *anuswara*. Only with the rise of *Apabhrams'a* commenced this soft *anuswara*, inside a word as well as at the end.". (The Guj. Lang. & Lit Vol. 1, pp. 316–17)

અત્યંત આનંદની વાત છે કે આ ભાષણો મુદ્રિત થયા પછી આ અનુનાસિક ઉચ્ચારણની પ્રાચીનતા–અતિ પ્રાચીનતા–આ ચતુર વિદ્વાનની નજરમાં આવી. એ જ પુસ્તકના Adenda માં (પૃ. ૪૭૦–૭૧ ઉપર, તેમણે પાણિનીય શિક્ષાનું એ अराँ અને એ ઉપરની ટીકા આપી છે, ત્યાં) આ અનુનાસિક ઉચ્ચારણ (તેમને મતે કોમળ ઉચ્ચારણ)ની પ્રાચીનતા વૈદિક કાળ સુધીની સ્વીકારી છે—"Thus this weak nasal.........has its distant source in Vedic phonology."

આની પ્રાચીનતા—વિષયક શોધનું માન આમ રા. નરસિંહરાવ પ્રાપ્ત કરે છે. એ વિદ્વાનનું ગુજરાતી પ્રજાને ગુજરાતી ભાષાના તત્ત્વદર્શનના વિષયમાં ઓછું ઋણ નથી જ, એમ મુક્ત કંઠે સ્વીકારવું જ જોઇયે.

૯. અનુનાસિકનો ગુજરાતીમાં અવતાર ને સ્થિતિ

આ અનુનાસિક કિંવા અનુસ્વારનો કહેવાતો કોમળ ઉચ્ચાર આપણને નીચેની રીતે મળ્યો છે:—

A. સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશમાંથી ગુજરાતીમાં આવતા અનુસ્વારનો તીવ્ર ઉચ્ચાર કોમળ થઇ જતાં અનુનાસિકરૂપે પરિણમે છે. આ ફેરફાર થતાં અનુસ્વારની પૂર્વેનો હ્રસ્વ સ્વર હોય તો દીર્ઘ થાય.

(अ) હ્રસ્વ સ્વર:—

સં.	પ્રા.	અપ.	ગુજ.
पिण्डकः	पिण्डओ	पिण्डउ	પીંડો
शृङ्गकम्	सिङ्गडअं	सिङ्गडउं	શીંગડું
रङ्ककः	रङ्कड ओ	रङ्कड उ	રાંકડો
अहकम्	अहअं	हउं	હૂં
भूतकम्	हूतअं	हूतउं	(हूतूं=)હતું, વગેરે

(आ) દીર્ઘસ્વર:—

एकान्तरकम्	...	एकान्तरउं	એકાંતરૂં
वाञ्छति	वञ्छइ	......	વાંચે
भाण्डकम्	हण्डओ	हण्डउ	હાંડો, વગેરે

B. સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશમાં મૂળ શબ્દમાં કવચિત્ હોવા છતાં, કવચિત્ ન હોવા છતાં પાછળથી કેટલાક શબ્દોમાં અનુનાસિક આવેલો હોય છે:—

(અ) મધ્યમાં અનુનાસિક:—

छिद्रकम्	छिद्दअं	छिद्दउं	છીંદું
छिक्का	......	......	છીંક

......	छड्डइ	......	છાંડે
......	भुक्कइ	......	ભૂંકે
पिच्छकम्	पिच्छअं	पिच्छउं	પીછું (પીંછું પણ)
उच्चकम्	उच्चअं	उच्चउं	ઊંચું

(આ) અધિક અનુનાસિકઃ—

अधुना	......	हुउणा	હમણાં
द्वारिका	......	......	દ્વારકાં
मथुरा	......	......	મથુરાં
यमुना	......	......	જમનાં વગેરે.

[આટલા ઉત્સર્ગો રા. નરસિંહરાવે નોંધ્યા જ છે. તે ઉપરાંત નીચેને સ્થળે અપભ્રંશ અને મધ્યકાલીન ગુજરાતીદ્વારા અનુનાસિક ઊતરી આવ્યો છે.]

૧. બીજી–ચોથીના નેં પ્રત્યયમાં.

૨. ત્રીજી સાતમીના એં યેં પ્રત્યયમાં. ફક્ત જ્યારે ઓકારાંત નરજાતિ અને ઊકારાંત નાન્યતર જાતિના શબ્દને લાગતાં જે બે રૂપ થાય છે, જેવાકે ઘોડાયેં[1] પરંતુ ઘોડે; ગાડાયેં પરંતુ ગાડે; તેમાં અંત્ય સ્વર લુપ્ત થઈ એ અંતર્ગત થાય છે ત્યાં નથી.

૩. વર્તમાન કાળના પ્રથમ પુરુષ બહુવચનમાં ઇયેં છે ત્યાં.

---

[1] અહીં એ–એંને બદલે યે–યેં કેમ થયો એ જાણવું જરૂરનું છે. અકારાંત, અંત્ય સ્વર લુપ્ત કરતા ओ–ऊकारान्त શબ્દને અનુક્રમે એં અને એ કાયમ રહે છે. બાકી કોઈ પણ સ્વર પછી એ–એં પૂર્વે લઘુપ્રયત્ન યકાર આગળ આવે છે. વડે, માટે, સાથે, પાસે, એવા નામયોગી શબ્દો જેમ વ્યસ્ત દશાના છે તેમ વિભક્તિના પ્રત્યયો વ્યસ્ત દશાના નથી, કિંતુ સમસ્ત દશાના છે. રા. નરસિંહરાવના શબ્દમાં કહિયે તો "માત્ર પેલા પ્રત્યયો (એ વગેરે) સન્નિધિકાર્યથી કેટલીકવાર મૂળ અઙ્ગ જોડે સજ્જડ બાળી જાય છે." (મનોમુકુર–પૃ. ૫૨૩–૨૪). સમસ્ત દશામાં આમ લઘુપ્રયત્ન યકાર વ્યક્ત છે.

[ટીપ—અનુનાસિક અપભ્રંશ તેમ જ મધ્યકાલીન ગુજરાતી, તેમ જ છેક અર્વાચીન ગુજરાતીવાળા હસ્તલિખિત કાવ્યગ્રંથોમાં બહોળા પ્રમાણમાં મળે છે. આનું આડકતરું વિધાન રા. નરસિંહરાવે મનોમુકુરમાં આપ્યું છે—" 'સુણિયેં' ઇત્યાદિમાં પૂર્વે અનુસ્વાર (? અનુનાસિક) લખાતો હતો તે શ્રવણીયમ્‌ના અન્ત્ય અનુનાસિકનો શેષ છે એમ સમર્થન નહિ થઈ સકે, કેમકે 'અનેં,' 'કરે,' ઇત્યાદિ બહુ પ્રસંગે પ્રાચીન જૈન ગ્રન્થાદિકમાં અનુસ્વારનો (? અનુનાસિકનો) પ્રક્ષેપ કરવાની પદ્ધતિ હતી, ત્હેની જ અસર 'સુણિયેં' ઇત્યાદિના અન્ત્ય અનુસ્વારમાં (? અનુનાસિકમાં) રહેલી એમ ખરું દર્શન જણાય છે." રા. નરસિંહરાવ એને પ્રક્ષેપ માને છે. આવા ભાષાશાસ્ત્રીને હાથે પ્રક્ષેપ એવી મળેલી સંજ્ઞા જ આ અનુનાસિકના વિધાન માટે બસ છે. આ સાનુનાસિક ઉચ્ચારણ માત્ર તળ ગુજરાતમાં જ નથી, બાકી દેશના ઘણા ખરા ભાગમાં છે. આ ઉપરાંતઃ

૪. નેં, અનેં, જ્યારેં, અત્યારેં, માટેં વગેરે શબ્દોમાં અપભ્રંશકાલીન ઇં દ્વારા ઊતરી આવેલો.

અત્યારે સ્વીકારાયેલી જોડણીમાં આ અનુનાસિકને સ્થાન નથી, પરંતુ હસ્તલિખિત શિષ્ટ ગુજરાતી ગ્રંથોમાં તે બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. ગુજરાતી પદબંધ મહાભારતના સંપાદનને અંગે અનેક હસ્તલિખિત પ્રતિઓનાં દર્શન કરવાનાં સદ્ભાગ્ય આ લેખકને પ્રાપ્ત થયેલાં છે. અમે કાઠિયાવાડમાં આ જાતનાં ઉચ્ચારણો કરિયે જ છિયે. આમ એ કદાપિ પ્રક્ષેપ ઠરી શકવાનાં નથી. આને લેખનમાં ન દર્શાવી સદાને માટે બાતલ કરી નાખવાથી ભવિષ્યમાં ઉપર બીજા ઉત્સર્ગમાં જે રીતે અનુનાસિક ઉમેરાય છે તેને સજ્જડ કરતી આ અનુપૂર્તિ સદાને માટે નષ્ટ જ થઈ જશે.

ત્રીજી વિભક્તિના 'એ'માંનો અનુનાસિક કોઇનો ઘુસાડેલો નથી, "आट्टो णानुस्वारौ (सि. हे. ८–४–३४२)–અપભ્રંશમાં અકારાંત નામને તૃતીયાના પ્રત્યયના થયેલા ए આદેશમાં ण અને અનુસ્વાર ઉમેરાય છે." "एँ चेदुतः (सि. हे. ८–४–३४३)–ઉપરની સ્થિતિમાં ઇકારાંત અને ઉકારાંત નામને एँ एम् અને एण પ્રત્યય લાગે છેઃ–के महु दिण्णा दिअहडा दइएँ पवसन्तेण । अग्गिएँ उण्हउ होइ जगु वाएँ सीअलु तेवँ ॥" જુની ગુજરાતીમાં સાતમીમાં इँ પ્રત્યય મળી આવે છે. "દીસિ અગાસિ તાવડિ દાઝઈ, રાતિં વાઈ ટાઢિ." (કાન્હ. પ્ર. ૧–૧૫૨), "ગોપાલિઇં ગાએ દોહતીએ ચેતુ આવિઉ" (મુગ્ધા૦ ઔ૦), તેમ જ પં. હેમાચાર્યે પણ ઘણાં ઉદાહરણો પ્રાકૃત વ્યાકરણમાં આપ્યાં છે. આ જ આપણો સાતમીનો 'એ' છે. नइँ પ્રત્યય પણ મુગ્ધ૦ ઔ૦ વગેરે ગ્રંથોમાં મળે છે જઃ "જેહ વસ્તુનઇં પરિત્યાગ સૂચીઇ" વગેરે.

C. સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશમાં શબ્દોમાં રહેલા ण्, न् અને म् ને સ્થળે અનુક્રમે ँड्, ँद् અને ँब् (ક્વચિત ँव्, ક્વચિત ँप् પણ).

(अ) ण् નો ँड् :– भणति ...... ભાંડે (ગાળો ભાંડવી)

(आ) न् નો ँद् :–पानककम् पानडउं પાંદડું (પાનડું પણ)

वानरकः वानरउ વાંદરો (વાનરો પણ)

(इ) म् નો ँब् :—ग्रामककम् (पुं) गामडउं (नपुं.) ગાંબડું (ગામડું ,,)

चर्मककम् चम्मडउं ચાંબડું (ચામડું ,,)

म् નો ँव् :—शाल्मलिकः सिम्बलउ શેંવળો (શેમળો ,,)

म् નો ँप् :—पद्मिमणी ...... પાંપણ, વગેરે.

[આ ઉત્સર્ગ પણ રા. નરસિંહરાવે નોંધ્યો છે જ.]

ઉપર ઉત્સર્ગ Aમાં અનુસ્વાર લાંપડો પડી જતાં અનુનાસિકરૂપે પરિણમે છે અને પૂર્વનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે એવું સૂચન છે. ગુજરાતી ભાષાની સ્થિતિ એવી છે કે–આ અનુનાસિક ઉચ્ચારણ દીર્ઘ સ્વર ઉપર આવી રહ્યું છે. અપભ્રંશમાં અંત્ય

હ્રસ્વ સ્વરમાં ઉચ્ચારણ હતું તેવું આપણને સિદ્ધહેમ કહે છે. તે જ રીતે છેક મધ્યકાલીન ગુજરાતીની ચોથી ભૂમિકા સુધીમાં અંત્ય હ્રસ્વ સ્વરમાં ઉચ્ચારણ પ્રાપ્ત થાય છે. અંત્ય હ્રસ્વ ઉકારમાંનું આ ઉચ્ચારણ મધ્યકાલીન ગુજરાતીમાં પ્રથમ ભૂમિકા સુધી હતું, દ્વિતીય ભૂમિકાથી બંધ થયું, જ્યારે હ્રસ્વ ઇકારમાં ચોથી ભૂમિકા સુધી હતું એમ હસ્તલિખિત ગ્રંથો જોતાં આપણે સમજી શકિયે છિયે. અનંત્ય સાનુનાસિક ઈ–ઉ તો પ્રથમ ભૂમિકાથી જ દીર્ઘ પ્રાપ્ત થાય છે. આમ સ્થિતિ હોવા છતાં રા. નરસિંહરાવે આ કોમળ ઉચ્ચારણના ભેદ આપતાં કોમલતમ ઉચ્ચારો હ્રસ્વ સ્વરમાં છે એવું વિધાન કર્યું છે. આ સંબંધી તત્ત્વની ચર્ચા અહીં અસ્થાને નહિ જ ગણાય.

તેમણે બતાવેલા ભેદો નીચે મુજબ છે:—

(ग) The *anuswara* after a long vowel in *tadbhava*, is कोमल (soft); e. g. रांक, रांकडो, कांठो, आंधळो, पींछुं, रींछ, वींछीं, पूंछडुं, रुंधवुं, खेंचवुं; सोंपवुं, etc.

Exception:-उपरांत.[1] The *anuswara* here is तीव्र the result of some false analogy; as of एकान्त and the like.

(घ) The *anuswara*, on the vowel at the end of a *tadbhava* word is कोमलतर; e. g. दहिं; अहिं; नहिं; मउ; etc.

---

૧ આ ઉપરાંત અને પૃ. ૩૧૮ ઉપર बान्धव ઉપરથી ઊતરતો भाण्डु શબ્દ તીવ્ર અનુસ્વારવાળા છે, એમ રા. નરસિંહરાવભાઇને લાગ્યું છે. સ્વ. કમળાશંકરભાઈએ પણ ઉપરાંતમાં તીવ્ર ઉચ્ચાર જોયો છે, પરંતુ કાઠિયાવાડમાં ત્યાં કોમળ જ ઉચ્ચારણ છે. લોકો एकान्त प्रान्त मांस જેવા શબ્દોમાં પણ કોમળ ઉચ્ચારણ કરે છે. છેલ્લા ત્રણ શબ્દો એ આભાસસામ્યનાં ઊલટાં ઉદાહરણ છે. આમ ઉપરાંત અને भांडु અપવાદમાં રહી શકતા નથી, એમ મને લાગે છે.—લેખક

(क) The *anuswara*, after a short vowel inside *tadbhava* words of the following type is कोमलतर; e. g. कुँवारो, कुँपळ, सुँवाळो; etc.

(ख) The *anuswara* afrer the vowel उ at the end of *tadbhava* words (Indicating the neuter gender, or the first person singular, present tense of verbs; or words like हुं) is कोमलतम; e: g. शुं, सारुं, काळुं, पाडुं, आडुं, आपुंछुं, हुं; etc.

(The Guj. Lang. & Lit. Vol. I, p. 327)

અનુસ્વારનો કોમળ ઉચ્ચાર જે રા. નરસિંહરાવ કહે છે તે જ અનુનાસિક છેં તે ઉપર સૂચવાઈ ગયું છે, એટલે અહીં આ कोमल, कोमलतर, कोमलतम એ ત્રણ અનુનાસિકના જ ભેદ છે. સૌરાષ્ટ્ર વૈદિક કાળ અથવા તો કહો કે પાણિનિના સમયથી પોતાના અનુનાસિક ઉચ્ચારણ માટે પંકાતો આવ્યો છે. પાણિનીય શિક્ષામાં—यथा सौराष्ट्रिका नारी तक्रँ इत्यभिभाषते। तथा रङ्गाः प्रयोक्तव्या खे अराँ इव खेदया ॥ એમાં *કાંસ્યધ્વનિસમ અનુનાસિક સોરઠની સ્ત્રીઓ બોલે છે. અત્યારે પણ આહીર લોકોમાં સામાન્ય રીતે બધા જ સ્વરો કાંસ્યધ્વનિસમ અનુનાસિકવાળા બોલવામાં આવે છે; એટલે સૌરાષ્ટ્રમાં ઉપરના ભેદો कोमल, कोमलतर, कोमलतमનું પૃથક્કરણ પ્રાપ્ત નથી, માત્ર कोमल જ ઉચ્ચારણ પ્રાપ્ત છે. ગુજરાતમાં પણ ખાસ કરી ચરોતરમાં અનુનાસિક બહુ જ ઓછા પ્રમાણમાં, બલ્કે કેટલેક સ્થળે ઉચ્ચારાતો જ નથી. રા. દોલતરામ કૃપારામ પંડયાએ પોતાનાં કાવ્યોમાં 'કરું છું' વગેરેને સ્થળે 'કરુ છુ,' 'લાવવુ, ફરવુ,' 'હુ' આમ નિરનુનાસિક સ્વરો વાપર્યા છે. આ વસ્તુ રા. નરસિંહરાવના જાતિ–અનુભવની હોવાથી તેવે સ્થળે कोमलतम પણ ઉચ્ચારણ છે, તે બતાવવા ઉપરના ભેદો તેમણે બતાવ્યા છે. આમ એ ભેદો પ્રાંતીય હોવા

છતાં પણ અસ્વીકાર્ય ન જ ગણાય. માત્ર અહીં પ્રશ્ન એ રહે છે કે ઘ, ક, ઘમાં સૂચવ્યા મુજબ તે ઉચ્ચારણો છે તે સ્વર હ્રસ્વ છે કે દીર્ઘ ?

"It is strongish in Surat and Broach Districts and in Kathiawad, almost resembling a powerful કોમલ anuswara;

It is middling strong or weak in the Ahmedabad Districts and it represents the true કોમલતમ sound; and—

It is weakest, almost to a vanishing point in Charotar, (the tract between the Vatraka and the Mahi rivers.")

અપભ્રંશમાં અનુનાસિક અને અનનુનાસિક હ્રસ્વ-સ્વરાંત શબ્દો મળી આવે છે, જેવા કે પ્રથમાના उ પ્રત્યય જેને છેડે છે તેવા શબ્દો અને સાતમીનો इ પ્રત્યય જેને છેડે છે તેવા શબ્દો. આવા શબ્દોમાં સ્વરભાર પ્રાયઃ બે વિભક્ત સ્વરોમાં વહેંચાઈ જાય છે. घोडउ; पण्णउं વગેરે. આ સ્થળે એની જે ચાર માત્રાઓ છે તે જ નવા વિકાસમાં કાયમ રહ્યે આપણને 'ઘોડો,' 'પાનૂં' આવાં રૂપો મળે છે. આમાં તે સ્પષ્ટ થશે કે उ उ પૂર્વ સ્વરમાં કોઈપણ રીતે એકીભાવ પામી નરજાતિમાં ओ અને નાન્યતર જાતિમાં દીર્ઘ ऊं તરીકે ઊતરી આવે છે. રા. નરસિંહરાવે જે 'દહિં, અહિં, નહિં, ઘડું' એ ઉદાહરણ આપ્યાં છે, તે અપભ્રંશના નિયમે પૃથક્ સ્વરવાળા રહે. અર્વાચીન ગુજરાતીને નિયમે તો તે 'દ્હૈં, હૈં, ન્હૈં, ઘૈં,' આવાં સ્વરૂપમાં ઉચ્ચરિત થાય છે. ગુજરાતી જોડણીમાં હવે કોઈ પણ કંઈ એવી જોડણી સ્વીકારાતું નથી, તે સ્થળે કૈ. તેમ જ અઉ પૃથક્ ન લખતાં સૌ એવી જોડણી સર્વમાન્ય થઈ ચૂકી છે. એ જ માત્રા જો કાયમ રાખવી હોય તો ઊપર સૂચવ્યા મુજબ જોડણી થાય. જો સ્વરોનો વિભક્ત ઉચ્ચાર કરવો હોય તો સ્વાભાવિક ત્રણ માત્રાઓ રોકાય, એટલે

'કહીં, નહીં, અહીં, ઘણું, એવી જોડણી આવી રહે. ગુજરાતી જોડણીમાં પદને અંતે આવતો ઇકાર (જેમાં પૂર્વે ભાર છે, તેવા શબ્દો સિવાયના શબ્દોમાં) દીર્ઘ સ્વીકારાઈ ચૂક્યો છે. ઉચ્ચારણ સ્વરભારના ધોરણે દીર્ઘ છે. તેવી જ સ્થિતિ પદાંત ઉકારની છે. [આ વિષયમાં એક વિસ્તૃત ચર્ચા પદાંત ઇ–ઈ ઉ–ઊ એ નામના લેખમાં કરી ચૂક્યો છું, જુઓ વસંત સં. ૧૯૮૭–પૌષનો અંક, પૃ. ૨૯૦–૨૯૮.)] તેમાં કયું ધોરણ નિયામક છે, તેની ચર્ચા ટૂંકમાં અહીં આપું છું:—

રા. નરસિંહરાવ જણાવે છે:—

"નાન્યતર જાતિમાં 'ઓ' ને ઠેકાણે 'ઉં' અને ત્યહાં પણ એક પક્ષે 'આગણું' જેવા શબ્દો છે, તો બીજે પક્ષે 'દૂધ,' 'ઘર' જેવા અકારાન્ત શબ્દો છે: અને 'ઓ'નો ખુલાસો છે તે જ 'ઉં'નો ખુલાસો છે:—આમ રા. બ. રમણભાઇ કહે છે. હું પણ તેમ જ કહું છું: પણ હેમને મતે સ્વરભારનો ખુલાસો છે, તો મ્હારે મતે क પ્રત્યય લાગવા ન લાગવાનો ખુલાસો છે: સ્વરભાર પણ ઉપરના તોડ પ્રમાણે સ્વીકારવાને બાધ નથી."

'(મનોમુકુર–પૃ. ૫૬૬)

ઉપરના રા. નરસિંહરાવના શબ્દોથી આપણે એટલું તો જાણી જ શકિયે છિયે કે નરજાતિમાં સ્વરભારને અંગે બે રૂપો જોવામાં આવે છે. અર્થભેદને અંગે સ્વરભાર બદલે છે, એવો સામાન્ય મત છે. અનુદાત્ત શબ્દોમાં અંતે અકાર રહે છે (તે પણ લઘુપ્રયત્ન; એટલું સ્વરભારનું જોર છે.) જ્યારે અંતોદાત્ત શબ્દોને નરજાતિમાં ઓ અને નાન્યતર જાતિમાં ઉં ગુજરાતીમાં આવી રહે છે. મિ. બીમ્સ, અને ઉપરના ફકરામાં રા. નરસિંહરાવ લખે છે તેમ રા. બ. રમણભાઈ, આ વધારો કેવળ સ્વરભારને અંગે છે એમ માને છે; જ્યારે રા. નરસિંહરાવ क પ્રત્યયને અંગે આ વધારો માને છે. પં. હેમાચાર્યના "अन्तस्यात उं स्यमोः (સિ. હે. ૮–૪–૩૫૪)—અકારાંતના અકાર પછી પ્રથમા દ્વિતીયાના એકવચનમાં સિ–અમ્‌નો ઉં થાય છે," એ

સૂત્રનો એમને ટેકો છે. નર—નાન્યતર બંનેમાં તેઓ क ને લીધે જ ઓ–ઉં આવવાની વાત કહે છે, સ્વરભારની વાતને તેઓ ઢીલી કરી નાખે છે. તે વિશે તેઓ કહે છે કે—

"કેવળ સ્વરભારનું તત્ત્વ અંહિ પ્રવર્તતું જોવું વ્યર્થ છે; એ જ अंगन શબ્દનો 'આંગણુ' થાય છે; તેમ જ 'આંગણું' પણ થાય છે; તો ત્યહાં સ્વરભારનો પ્રસંગ ક્યાં આવશે! અર્થભેદ પણ એમાં નથી. अंगनं–आंगणु–આંગણુ, એમ જ ક્રમ જણાશે," (મનોમુકુર–પૃ. ૫૬૬) "વળી 'પથ્થર'–'પથરો' એ પ્રકારના ઉદાહરણમા અર્થભેદ છે જ નહિ. ત્યહાં એ સમાધાન શી રીતે કામ આવશે?" (મનોમુકુર–પૃ. ૫૫૧)

આમ સ્વરભારના કરતાં क ને જ સ્વીકારી અપભ્રંશમાં अउ–अउं થતાં ગુજરાતીમાં ઓ–ઉં આવે એમ તેઓનું માનવું છે. હું એ ક-કારને જ અંતોદાત્ત ઉચ્ચારણનો નિયામક માનું છું. પથ્થર–પથરોમાં માત્રાઓ ચાર જ રહે છે, પરંતુ 'આંગણુ–આંગણૂં'માં તે ખરું? 'આંગણુ' અને 'આંગણૂં'ની ચાર જ માત્રા હોય તો પછી क પ્રકૃતિની આવશ્યકતા જ શી? अङ्गनम्–आंगणु–આંગણુ પણ अङ्गनकम्–आंगणउं–આંગણૂં તેમાં आंगणु અને आंगणउंમાં માત્રાભેદ સ્પષ્ટ છે જ: आंगणुની ચાર માત્રા તે જ 'આંગણુ'ની, પરન્તુ आंगणउंની પાંચ તો ગુજરાતીમાં ઊતરતાં ચાર રહે ખરી? ચાર રહે તો 'આંગણું'ની શી જરૂર? 'આંગણુ' બસ છે. પરંતુ 'આંગણું' વિના ચાલતું જ નથી અને તે જ પાંચ માત્રાનું નિયામક છે. એ રીતે પાંચ માત્રાનું 'આંગણૂં' આપણી પાસે આવી રહે છે. સ્વરભાર અંતે સાંચવવા જ क ઉમેરાય છે, તે સ્વરભાર જ 'આંગણૂં' આવો પાંચ માત્રાનો શબ્દ આપણને અર્પે છે. પાછળથી રા. નરસિંહરાવ આ સ્વરભારના ધોરણને કાંઇક આવકારતા હોય તેમ લાગે છે:

"क પ્રત્યયના પક્ષને અને સ્વરભારના પક્ષને એક બીજાના વિરોધી ગણવાને કાંઈ પણ કારણ છે? બીમ્સ क પ્રત્યય સ્વીકારે છે, માત્ર સ્વરભારની કલ્પના વિરોધરૂપે ઉમેરે છે, અને એમ માને છે કે ઓકારાંત થવાનું કારણ

અન્ત્ય સ્વરભાર છે. આ બંને પક્ષનું સમાધાન થઇને સંયોગ કરી શકાય એમ મ્હને લાગે છે.”(મનોમુકુર-પૃ. ૫૫૮)

આમ ઓકારને તો તેઓ સ્વરભારનો નિયામક સ્વીકારતા લાગે છે. તેમના જ શબ્દોમાં કહિયે-તો

“જ્યાં સુધી હોય ત્યાં સુધી તો અન્ત્ય ઓકાર ટકી રહે. પરંતુ સ્વરભાર તો અપભ્રંશમાંથી લુપ્ત થયો. એટલે આદ્યુદાત્ત हस्त:-हत्थो-એમ થયેલાનું અન્ત્ય ઓને અપ્રધાનતા મળી, અને અપભ્રંશમાં हत्थु થઇ ગયું, તે પરિણામ અન્તોદાત્તને પ્રસંગે થતું રોકવાને માટે સ્વરને વ્યંજન કરતાં ઘસારો વ્હેલો પ્હોંચે તેથી, સ્વરભારના સ્થળે રક્ષણાર્થ ભીંત્ય તરીકે क પ્રત્યય મૂકયો (જેથી અર્થમાં કશો ફેર પડે નહિ, स्वार्थ कः (ફૂટનોટ-‘ગાભો’- ‘ગાભ ઇત્યાદિમાં અર્થભેદ છે તે ઝીણવટને સ્પર્શ ના કરીને જ આ સ્થૂલ વચન છે.) અને કાર્ય થાય]; પછી સ્વરભાર ખશી જઈને क પ્રત્યયે કામ જાળવ્યું.” (મનોમુકુર-પૃ. ૫૫૯)

આ કામ જાળવનારા કકારે જ જેમ अउ દ્વારા અર્ધવિવૃત ઓ આપ્યો અને સ્વરભાર અંત્ય સ્વર ઉપર કાયમ રાખ્યો, એ જ રીતે નાન્યતર જાતિના अउं સ્વરભાર જાળવવા ઉં આપે કે ઊં? આ સ્વરભાર જ આપણને દીર્ઘ ઊંકાર આપે છે.[1]

---

૧. અત્ય ઇ-ઉ પૂર્વે સ્વરભાર હોય તો તેવા સંયોગોમાં અંત્ય ઇ-ઉ હ્રસ્વ રહે છે. તે વાત મેં ૫૬૨ ઉલ્લેખાયેલા વસંતના ‘પદાંત ઇ-ઈ ઉ-ઊ’-વાળા લેખમાં આપી છે. સાનુનાસિક ઉંવાળા આવા શબ્દો ગુજરાતીમાં મળશે, જઉં, દઉં, વગેરે સ્થળે કૈંની માફક જોં. લૌં, દૌં એવી જોડણી કરવી જોઇયે અથવા સ્વરો પૃથક્ રહેતા જઊં, લઊં, દઊં એવી જૂના કાળથી ચાલી આવેલી જોડણી રાખવી. આકારાંત ધાતુઓ પછી આ ઊ હસ્તલિખિત પુસ્તકોમાં દીર્ઘ છે, તેમાં ઉચ્ચારાનુસારી જોડણી સ્વીકારતા નિયમે પૂર્વે આ ઊપર ભાર પડતાં ઉ હ્રસ્વ લખવો હોય, તો જેમ કાંઇમાં પૂર્વ આકાર ઉપર અનુનાસિક કરિયે છિયે, તેવી રીતે ‘થાંઉ, જાંઉ, ગાંઉ’ એમ જ કરવી જોઇયે, હેમચંદ્રે અપભ્રંશમાં काइँ એમ જોડણી આપેલી, પરંતુ અર્વાચીન ગુજરાતીમાં આપણે કાંઇ સ્વીકારેલ છે. રા. નરસિંહરાવ કાંઇ એમ લખે છે, તેમ લખવું હોય તો થાંઉં, જાંઉં, ગાંઉં, કમાઉં, એમ લખવું ઉચ્ચારાનુસારી સ્વીકાર્ય ગણાય.

આ તો અંત્ય ઊંકારની વાત થઈ. અનંત્ય ઊંકારની સ્થિતિ પણ વિચારણીય છે. રા. નરસિંહરાવ ઉપર ક્યાં કુઁવારો, કુઁપળ, કુઁવાળો એ શબ્દો ઉદાહૃત કરે છે. તે સ્થળે ઉ હ્રસ્વ ખરો કે નહિ? આ શબ્દોમાં મૂળમાં એક કરતાં વધારે સ્વર ઉપર ભાર છેઃ—

कुमारः । कुमारकः ॥ कुड्मलम् । कुड्मलकम् ॥ सुकुमारः । सुकुमारकः ॥ ઉપરાંત कुम्भकारः । અવતારઃ—कुमारः—कूंअरु; कुमारकः—कुँव्वारउ, कुड्मलम्—कुम्पलु, कुड्मलकम्—कुम्पलउ; सुकुमारकः—सुम्मालउ; कुम्भकारः—कुम्भारु । તેમાં બંને સ્વરો ઉપર ભાર કાયમ રહેતાં 'કૂંવર, કૂંવારો, કૂંપળ, કૂંપળું, સૂંવાળો, કૂંભાર,' વગેરે. જૂની ગુજરાતીમાં આ શબ્દો બહોળા પ્રમાણમાં વપરાયા છે.

पचु चरु मांहि कंसार मारकूंअर उषा परणइ" (उषाहरण—२८) એ જ આ વાતનું સમર્થન કરે છે. અહીં અનુનાસિક હ્રસ્વ રાખતાં ટૂંકૂં, ઊંચૂં, ઊંધૂં વગેરેમાં આદિ સ્વર હ્રસ્વ જ માનવો પડે; જે શક્ય લાગતું નથી. આવા વિષયમાં એટલે ઉચ્ચારની અસંદિગ્ધતાના વિષયમાં વ્યુત્પત્તિ જ નિયામક છે.

લખવું વગેરેમાંનો વુંકાર કાંઈક લાંબો થાય છે તે વાત સ્વ. કવિ નર્મદાશંકરે નર્મકોશમાં નોંધી છે જઃ—

"××××× કેટલાંએક ઉંકારાન્ત નપુંસક નામ—વિશેષણના પ્રત્યય રૂપે છે, તે અને કેટલાક ધાતુના મુખ્ય પ્રત્યય વું રૂપે છે, તે એક સરખી જ રીતે બોલાય છે, પણ વું છે તેનું ઉચ્ચારણ કંઈક વિશેષ સ્પષ્ટ ને કિંચિત્ લબાતું જણાશે એમ મને ભાષાનું વલણ અને હું શું નું ઉચ્ચારણ જોતાં ને શબ્દની વ્યુત્પત્તિ જોતાં જણાય છે." (નર્મકોશ—ભૂમિકા પૃ. લૃ)

અહીં કવિ કેવળ વુંને જ લંબાતા ઉચ્ચારણવાળું માને છે. વ્યુત્પત્તિ-સંબંધી શોધ તેમ જ પ્રાચીન—અતિ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો પ્રાપ્ત થયા ન હતા તેવા સમયમાં પણ વુંમાં ખરુ લંબાતું ઉચ્ચારણ તેઓ શોધી શક્યા. એમની પાસે અત્યારે છે તેવાં સાધનો મોજૂદ હોત

કે જરૂર સર્વત્ર તે અંતનું ઉચ્ચારણ લંબાતું છે તે જોઈ હ્રસ્વ ઉચ્ચારણું અશાસ્ત્રીય છે તેમ કહેવાની તે સ્વતંત્ર કવિ જરૂર પહેલ કરત.

આ સાનુનાસિક ઉં હ્રસ્વ બુકકમિટીના નિયમોમાં પ્રથમ દેખાયો. બુકકમિટીના બે એક નિયમો ગુજરાતી ભાષાના સ્વરૂપને કાંઈક અંશે પ્રતિકૂળ છે તે વાત રા. બળવંતરાયે બતાવી છે તે સાચી જ છે, જે તેમણે આપેલી નીચેની હકીકતથી જણાશે. તેઓ હકારસંબંધમાં લખતાં કહે છે કેઃ—

"હોપવાચનમાળાની જોડણીનું અને શિક્ષકોમાં તેને વળગીને ખોટા શિક્ષણનું પરિણામ જ છે. વ્યુત્પત્તિ કે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ કેવલ અજ્ઞ હઠ કહેવાને જ પાત્ર છે." (વસંત વર્ષ ૨૮ મું. પૃ. ૩૨૭)

હોપવાચનમાળા પહેલાં શિષ્ટ હસ્તલિખિત ગ્રંથોમાં અંત્ય ઈં, ઊં દીર્ઘ મળી આવે છે. ઉપર બતાવવામાં આવ્યું તે પ્રમાણે દીર્ઘતા શાસ્ત્રીય છે, એટલે માત્ર ૧૯મી સદીમાં હ્રસ્વતા દર્શાવનારી પદ્ધતિ વાણિયાસાઈ લખાણોમાં હતી તેવી પદ્ધતિવાળા ગ્રંથો જ શરૂઆતમાં બહોળા પ્રમાણમાં મળ્યા હોવાથી શરૂઆતના નિયમોમાં સાનુનાસિક ઉંકાર હ્રસ્વ રાખેલો. તેનું જ ગડુરિકાન્યાયે અત્યાર સુધી અનુકરણ થતું આવ્યું છે. હવે તો સાધનબાહુલ્ય છે તેવી સ્થિતિમાં આપણે ખરા માર્ગ ઉપર ન આવિયે તો પછી આપણાં દુર્ભાગ્ય જ લેખાય.

સાનુનાસિક અનંત્ય ઈં–ઊં દીર્ઘ છે એમાં આપણને કોઈને કશો વાંધો નથી. જોડણીકોશમાં તે જ નિયમ નિયામક છે. આપેલા અપવાદોનો ખુલાસો ઉપર આપવામાં આવ્યો જ છે. આ તો મૂળ શબ્દોની વાત થઈ. સાધિત શબ્દોમાં સાનુનાસિક ઈં ઊં ની સ્થિતિ શી છે તે તપાસી લઈયે.

અંત્ય સાનુનાસિક ઈં–ઊં-વાળા ધાતુઓ ઉપરથી સાધિત દશામાં આવતાં રૂપોમાં પણ સાનુનાસિક સ્વર દીર્ઘ રહે. કર્મણિ-ભાવેના આય અને પ્રેરકના અવ–આવ–આડ વગેરે પ્રત્યયો લાગતાં ધાતુમાં જે એક સ્થળે સ્વરભાર છે તે પ્રત્યય લાગતાં ધાતુમાં અને પ્રત્યયમાં એમ ઉભય સ્થળે હોતાં ઉપાંત્ય સ્વર હ્રસ્વ કરવો પડે તેમ

નથી. 'લૂંટાય છે', 'લૂંટાવે' વગેરે. ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળની જોડણીની નિયમાવલીનો આ વાતને ટેકો છે. રા. નરસિંહરાવ વગેરે વિદ્વાનો પણ આ વાત સ્વીકારે છે. તેમનો મતઃ—

"(૪) વસ્તુતઃ પોચા અનુસ્વાર યુક્ત આ-કારને હ્રાવે પ્રસંગે આવતાં અનુસ્વાર જોરદાર થઇ જાય છે, તેમ ઈકાર–ઊકારને પ્રસંગે ઉચ્ચારપરિણામ નથી થતું: વાંચવું–વંચાવવું (=વઞ્ચાવવું), રાંધવું–રંધાવવું (=રન્ધાવવું); ઇત્યાદિ; પણ નીંદવું–લૂંટવું–નું નિન્દાવવું લુણ્ટાવવું જેવું ઉચ્ચારપરિણામ નથી થતું. નીંદાવવું–લૂંટાવવું એમ થવા માટે આ બહુ સૂચક સ્થિતિ છે." (બુદ્ધિપ્રકાશ સને ૧૯૩૦ પૃ. ૧૧. રા. નરસિંહરાવના જોડણીનો એક નિયમ એ નામના ચર્ચાપત્રમાંથી)

આમાં જે હેતુ છે તે સમઝવા જેવો છે. હ્રસ્વ ઇ ઉના દીર્ધસ્વર દીર્ધ ઈ ઊ છે, જ્યારે અ નો આ એ વૃદ્ધિસ્વર છે. ઇ ઉ- નો ગુણ એ–ઓ છે હિંદીભાષામાં ગુણવૃદ્ધિસ્વરવાળા ધાતુઓનાં સાધિત રૂપોમાં મૂળસ્વર થાય છે. મારનાં ઉપરથી મરાનાં, દેખનાં ઉપરથી દિખાનાં, બોલનાં ઉપરથી બુલાનાં ગુજરાતીમાં માત્ર આ નો ફેરફાર સ્વીકારાયો છે; એ–ઓનો નહિ. આમ આનો સવાલ દીર્ધ ઈ ઊ સાથે કોઇ પણ સંબંધ ધરાવતો નથી. (વસ્તુસ્થિતિએ ગળાની બારીના વિકાસથી અનો આ, ઇ–ઉના એ–ઓ થાય છે.)

આમ અનુસ્વાર અને અનુનાસિકનો ઇતિહાસ અને શિષ્ટ ગુજરાતી જોડણીમાં તેનું સ્થાન, એ યથાબુદ્ધિ બતાવવા પ્રયત્ન કર્યો છે. અનુનાસિકનું તત્ત્વ શિષ્ટ ગુજરાતીમાં કેટલું વ્યાપક છે તે પણ આનાથી જણાઇ આવશે. આ લેખથી, મારું એમ માનવું છે કે— અનુસ્વાર અને અનુનાસિકના વિષયમાંનાં ઉપયોગી તત્ત્વો ચર્ચાઈ જાય છે. છતાં બુદ્ધિને અંગે કદાચ કોઈ તત્ત્વ રહી જવું પણ હશે. વિદ્વાનો એ વિષયને વધારે ઉજ્જ્વલિત કરશે એવી આશા સાથે આ લાંબો લેખ અહીં પૂર્ણ કરું છું. इति शम्

માંગરોલ–કાઠિયાવાડ
તા. ૨૨-૯-'૩૩

[વસંતઃ વર્ષ ૩૨, અંક ૪,૫, કાર્તિક–માર્ગશીર્ષ, સં. ૧૯૯૦ (સને ૧૯૩૩) પૃ. ૧૩૪–૧૪૮, ૧૮૦–૧૮૮]

૧૦. પદાંત સાનુનાસિક દીર્ઘ ઊં

કેટલીક વાર કોઈ અણધાર્યા કારણોએ સત્ય પર ઢાંકપીછોડો થયે અસત્યો પ્રચારમાં[1] આવી જાય છે અને પછી તેના નિત્યના સહવાસથી આપણને સ્વપ્ને પણ એવો ખ્યાલ નથી આવતો કે એ સત્યો નથી પણ અસત્યો છે. એનું એક સારામાં સારું ઉદાહરણ પદને અંતે આવતો સાનુનાસિક ઉકાર છે. ઇ. સ. ૧૮૬૮માં બુકકમિટીના નિયમો પ્રસિદ્ધ થયા તેમાં એક નિયમ એવા પ્રકારનો હતો કે "૮. કાંસું રાતું વાંચવું વગેરે શબ્દોમાં નાન્યતર જાતિ જણાવનારો જે સ્વર તે અનુસ્વારવાળો હ્રસ્વ ઉકાર છે, અને અંત્યાક્ષરી ઉ હ્રસ્વ લખવો." 'અંત્યાક્ષરી ઉ હ્રસ્વ લખવો, એનો અર્થ એ કે ગુજરાતી ભાષામા જ્યાં જ્યાં પદને અંતે નાકમાંથી બોલાતો કે નાકમાંથી ન બોલાતો એવો ઉકાર આવે તે હ્રસ્વ છે; એટલે જ ક્રિયાપદોમાં વર્તમાન–ભવિષ્ય એ બંને કાળમાં આવતો તેવો નાકમાંથી બોલાતો ઉકાર પણ હ્રસ્વ છે; જેમકે બોલું છું, કરીશું' વગેરે. સ્વ. નવલરામભાઈએ ઈ. સ. ૧૮૭૨ માં તે વસ્તુનો ખુલાસો નિયમોના અર્થગ્રહણમાં નીચે પ્રમાણે કર્યો:—

"૭. નાન્યતર જાતિના પ્રત્યયમાં ઉકાર હ્રસ્વ છે.

(उँ प्रत्ययमां उकार बधे ठेफाणे ह्रस्व ज छे.)

(સ્વ. ન. ભો. દ્વિવેટીઆનું–જોડણી, પરિશિષ્ટ ૧ લું)

આનું અણીશુદ્ધ પાલન છેક જોડણીકોશની નિયમાવલી અને

---

૧ બુકકમિટી અને હોપ વાચનમાળાએ કરેલાં આંધળિયાં વિશે આ ઉકાર માનવી. વ્યુત્પત્તિથી આવતો અંત્ય ઉં પ્રત્યેક શબ્દની દૃષ્ટિએ નહિ, પણ વાક્યમાં સમગ્રરૂપે ગુજરાતી ગળામાં હ્રસ્વ ઉચ્ચરિત થાય છે, એવી સમજ વિના થયેલા નિર્ણય સામે આ કહેવાનું છે. સમજીને નિર્ણય કરવા જતાં તેવા સંયોગોમાં બીજા બધા સ્વરો પણ હ્રસ્વ છે, જે હજી જોડણીમાં સ્વીકારાયા નથી. ૧૨-૮-'[illegible]

તેનો પણ સમન્વય સધાય એ દૃષ્ટિએ તૈયાર થયેલા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કાચા ખરડા સુધી થયું. વચ્ચે માત્ર આપણા સમર્થ ભાષાશાસ્ત્રી દી. બ. કે. હ. ધ્રુવને એ વસ્તુનું સત્ય દર્શન થયું, અને તેમણે આવો નાકમાંથી બોલાતો પદાંત ઉં દીર્ઘ લખવાનું જ સ્વીકાર્યું.

આ વસ્તુની આ પૂર્વે કાંઈક અસ્પષ્ટ ગંધ સ્વ. કવિ નર્મદાશંકરને થયેલ, તે તેમણે નર્મકોશની પ્રસ્તાવનામાં નીચે મુજબ નોંધી:—

"× × × × કેટલાંએક ઉંકારાન્ત નપુંસક નામ-વિશેષણના પ્રત્યયરૂપે છે, તે અને કેટલાંક ધાતુના મુખ્ય પ્રત્યય તું છે, તે એક સરખી જ રીતે બોલાય છે, પણ તું છે તેનું ઉચ્ચારણ કંઇક વિશેષ સ્પષ્ટ ને કિંચિત્ લંબાઈ જણાશે એમ મને ભાષાનું વલણ અને હું શું તું ઉચ્ચારણ જોતાં ને શબ્દની વ્યુત્પત્તિ જોતાં જણાય છે." (નર્મકોશ-ભૂમિકા, પૃષ્ઠ ૯.)

અને એમને આ વસ્તુની પ્રતીતિ કાંઈક થઈ પણ ખરી અને અને માત્ર તું જ નહિ, પણ બીજા બધા પ્રસંગોમાં એમણે સંપાદિત કરેલા દયારામકૃત કાવ્યસંગ્રહ અને એમની નર્મકવિતામાં છંદ જ્યાં જ્યાં દીર્ઘ માગતો હતો ત્યાં ત્યાં નિઃસંકોચ રીતે આવો નાકમાંથી ઉચ્ચારાતો ઉકાર દીર્ઘ પ્રયોજ્યો. પણ આ દિશા તરફ કોઈનું લક્ષ્ય ગયું હોય તેવું જાણવામાં નથી આવ્યું, એ હર્ષનો વિષય છે કે પ્રો. બળવંતરાય ઠાકોરે પોતાની કવિતામાં આ વસ્તુ સ્વીકાર્ય ગણી છે, અને છંદ માગે ત્યાં દીર્ઘતા અર્પી છે.

આ ઉચ્ચારણમાં રહેલું નાસિકાસ્થાનીય ઉચ્ચારણ અનુસ્વાર છે (એટલે સ્વ. નરસિંહરાવભાઈ જેને અનુસ્વારનો કોમલ, કોમલતર, અને કોમલતમ ઉચ્ચાર કહે છે, તે છે), એવું એક સરખું સામાન્ય માનવું છે. એ ઉચ્ચારણ અનુસ્વાર જ છે એ વસ્તુએ ભારે મૂંઝવણ ઉત્પન્ન કરી છે, અને તેથી संयुक्ताद्यं दीर्घं सानुस्वारं विसर्गसंमिश्रम्। विज्ञेयमक्षरं गुरु એ શ્રુતબોધીય પરિભાષાના મોહમાં તણાઈ જઈ પ્રયોજતા કોઈપણ વિદ્વાનને એ સ્વરમાં એ અનુસ્વાર નથી કે તેવો

અનુસ્વાર ન હોવાને કારણે સ્વર હ્રસ્વ રહ્યો નથી એવું સત્ય દર્શન નથી થયું. ખુદ સ્વ. નરસિંહરાવ જેવા સમર્થ ભાષાશાસ્ત્રીને પણ એ ઉચ્ચારણ અનુસ્વારનું કોમલ (અને તેઓના ચરોતરના સંપર્કથી અને ત્યાં પ્રાયઃ એ ઉચ્ચારણ લુપ્ત દશામાં હોવાથી આગળ વધ્યે અનુસ્વારનું કોમલતમ) સમઝાયું છે. વસ્તુસ્થિતિએ આ ઉચ્ચારણ અનુસ્વાર નથી, પણ વૈદિક કાળથી સ્વતંત્ર રીતે ચાલ્યું આવતું અનુનાસિક ઉચ્ચારણ છે. આ ઉચ્ચારણ જૂનું છે, તે વસ્તુ શ્રી. નરસિંહરાવને પાછળથી સમઝાયેલી તો ખરી જ. જુઓ તેમના The Guj. Lang. & Lit. Vol. 1 ના Adenda માં—"Thus this weak nasal...has its distant source in Vedic phonology." (પૃ. ૪૭૦-૪૭૧).

આ બંને ઉચ્ચારણનો મોટો ભેદ તો એક જ છે કે અનુસ્વાર હરકોઈ સ્વરની પછી વર્ગીય અક્ષરો પૂર્વે તે તે વર્ગના અનુનાસિક વ્યંજન જેવું, ય-લ-વ પૂર્વે સાનુનાસિક ય-લ-વ જેવું (એટલે કે પૂર્વનો સ્વર નાકમાંથી બોલાય અને ય-લ-વ બેવડા ઉચ્ચરિત થાય તેવા પ્રકારનું)[1] અને ર-શ-ષ-સ-હ પૂર્વે અઁવ્ ને મળતું ઉચ્ચારણ ધરાવે છે; તેની એ જ વિશેષતા કે એ સ્વરની બહાર છે. અનુનાસિક સ્વરનો ધર્મ છે અને હ્રસ્વ હોય કે દીર્ઘ હોય કે પ્લુત હોય, ગમે તેવો સ્વર હોય, તે નાકમાંથી માત્ર ઉચ્ચરિત થાય, એટલે સાનુનાસિક બને છે.

આ ભિન્ન ઉચ્ચારણોની પ્રતીતિ ડૉ. ટેસ્સિટોરીને મધ્યકાલીન ગુજરાતીમાં થયેલી છે. જુઓ—

§ "૨૦. જૂ. પ. રા. ની હાથપ્રતિઓમાં અનુનાસિક અને અનુસ્વારની વચ્ચે કશો ભેદ બતાવવામાં આવ્યો નથી હોતો; બંને ઉચ્ચારણો

---

૧. આ ઉચ્ચારણના વિષયમાં વિસ્તૃત ચર્ચા મારા તરફથી અનુસ્વાર અને અનુનાસિક એ નામના એક સ્વતંત્ર લેખમાં અપાઇ છે. જુઓ 'વસંત' વર્ષ ૩૦ મું, પૃષ્ઠો ૧૩૯-૧૪૯ અને ૧૮૦-૧૮૮).

એક સરખી રીતે (ં) બિંદુથી બતાવવામાં આવ્યાં હોય છે. તેથી કરીને આપણે નક્કી કરી શકતા નથી કે जं कउणहं વગેરે શબ્દો जम् कउणाहम् એમ અપભ્રંશમાંના અનુસ્વારની જેમ અનુસ્વાર સાથે વાંચવા કે जँ कउणाहँ એમ અનુનાસિક તરીકે વાંચવા: પરંતુ મોટે ભાગે એ સંભવિત છે કે તત્સમ શબ્દો કે જેમાં બિંદુ અનુસ્વાર માટે અથવા તો વર્ગીય અનુનાસિક વ્યંજનોને બદલે વપરાયો હોય છે, તેઓને બાદ કરતાં બિંદુ સર્વત્ર અનુનાસિકનું જ પ્રતિનિધિત્વ ધરાવતું હોય છે. અનુસ્વારમાથી અનુનાસિક થઇ જવાની પ્રક્રિયાનો આરંભ પ્રાકૃત અને અપભ્રંશની ભૂમિકામાં થઈ ચૂકયો હતો જ. પ્રાકૃતભાષાના વૈયાકરણો એવું સૂચવે છે કે પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનાં કાવ્યોમાં हूं, हिं, उं વગેરે પ્રત્યયોમાના સ્વરને ગુરુ પણ ગણી શકાય અને લઘુ પણ ગણી શકાય; અર્થાત્ અંત્ય સાનુનાસિક ઉચ્ચારણ વિકલ્પે, અનુસ્વાર તરીકે અથવા તો અનુનાસિક તરીકે ગણી શકાય; (જુઓ પિશલ, § ૧૮૦). સિ. હે. ૮–૪–૪૧૧ એ સૂત્રમાં એવું વિધાન કરવામાં આવ્યું છે કે–'અપભ્રંશમાં उ, हुं, हिं, हं વગેરે પ્રત્યયો પ્રાયઃ હ્રસ્વ સ્વર તરીકે ઉચ્ચરિત થાય છે.' અને તે વ્યાકરણમાં જે ઉદાહરણો આપવામાં આવ્યાં છે. તે ઉપરથી આપણે જોઈ શકિયે છિયે કે अं हं एं એ પ્રત્યયોની પણ ઉપર જેવી જ સ્થિતિ છે. તેથી કરીને એમ લાગશે જ કે અંત્ય અનુસ્વાર અપભ્રંશમાં અનુનાસિક–સ્વરૂપમા પરિણત થઇ ચૂકયો જ હતો. હેમચદ્રે આપેલાં પદ્યાત્મક અવતરણો કે જેમાં લગભગ બધે જ અત્ય સાનુનાસિક ઉચ્ચારણો અનુનાસિક સ્વરૂપે આવી ચૂકયાં છે અને થોડા જ દાખલાઓમાં અનુસ્વાર જળવાઈ રહ્યો છે, એ અવતરણો જે પુરાવો રજૂ કરે છે તે ઉપરથી આપણે નિર્ણય બાધિયે તો આપણે માનતા થઈ જ જઇયે કે અપભ્રંશમાં અંત્ય અનુસ્વાર સામાન્ય લોકભાષામાં ખરા સ્વરૂપમા અનુનાસિક–સ્વરૂપે થઈ ચૂકયો હતો અને માત્ર કાવ્યમાં જ્યારે જ્યારે દીર્ઘ શ્રુતિની આવશ્યકતા રહેતી હતી ત્યારે ત્યારે માત્ર પ્રયોજાવો ચાલૂ રહ્યો હતો."[૧]

વસ્તુસ્થિતિ જ આવી હોવાથી આ સાનુનાસિક ઉચ્ચારણ સ્વતંત્ર સ્વરધર્મ છે. ગુજરાતીમાં તે અનુસ્વાર ઉપરથી ઊતરી આવેલું છે. તેનો સામાન્ય નિયમ પણ એ છે કે "હ્રસ્વ સ્વર પછીનો અનુ-

---

૧. જુઓ. Ind. Ant. 1914, પૃ. ૬૨–૬૩:–તેનો અનુવાદ—

અનુસ્વાર ન હોવાને કારણે સ્વર હ્રસ્વ રહ્યો નથી એવું સત્ય દર્શન નથી થયું. ખુદ સ્વ. નરસિંહરાવ જેવા સમર્થ ભાષાશાસ્ત્રીને પણ એ ઉચ્ચારણ અનુસ્વારનું કોમલ (અને તેઓના ચરોતરના સંપર્કથી અને ત્યાં પ્રાયઃ એ ઉચ્ચારણ લુપ્ત દશામાં હોવાથી આગળ વધ્યે અનુસ્વારનું કોમલતમ) સમઝાયું છે. વસ્તુસ્થિતિએ આ ઉચ્ચારણ અનુસ્વાર નથી, પણ વૈદિક કાળથી સ્વતંત્ર રીતે ચાલ્યું આવતું અનુનાસિક ઉચ્ચારણ છે. આ ઉચ્ચારણ જૂનું છે, તે વસ્તુ શ્રી. નરસિંહરાવને પાછળથી સમઝાયેલી તો ખરી જ. જુઓ તેમના The Guj. Lang. & Lit. Vol. 1 ના Adenda માં—"Thus this weak nasal...has its distant source in Vedic phonology." (પૃ. ૪૭૦–૪૭૧).

આ બંને ઉચ્ચારણનો મોટો ભેદ તો એક જ છે કે અનુસ્વાર હરકોઈ સ્વરની પછી વર્ગીય અક્ષરો પૂર્વે તે તે વર્ગના અનુનાસિક વ્યંજન જેવું, ય–લ–વ પૂર્વે સાનુનાસિક ય–લ–વ જેવું (એટલે કે પૂર્વનો સ્વર નાકમાંથી બોલાય અને ય–લ–વ બેવડા ઉચ્ચરિત થાય તેવા પ્રકારનું)[1] અને ર–શ–ષ–સ–હ પૂર્વે ઁવ્ ને મળતું ઉચ્ચારણ ધરાવે છે; તેની એ જ વિશેષતા કે એ સ્વરની બહાર છે. અનુનાસિક સ્વરનો ધર્મ છે અને હ્રસ્વ હોય કે દીર્ઘ હોય કે પ્લુત હોય, ગમે તેવો સ્વર હોય, તે નાકમાંથી માત્ર ઉચ્ચરિત થાય, એટલે સાનુનાસિક બને છે.

આ ભિન્ન ઉચ્ચારણોની પ્રતીતિ ડૉ. ટેસિટોરીને મધ્યકાલીન ગુજરાતીમાં થયેલી છે. જુઓ—

§ "૧૦. જૂ. પ. રા. ની હાથપ્રતિઓમાં અનુનાસિક અને અનુસ્વારની વચ્ચે કશો ભેદ બતાવવામાં આવ્યો નથી હોતો; બંને ઉચ્ચારણો

૧. આ ઉચ્ચારણના વિષયમાં વિસ્તૃત ચર્ચા મારા તરફથી **અનુસ્વાર અને અનુનાસિક** એ નામના એક સ્વતંત્ર લેખમાં અપાઇ છે. જુઓ 'વસંત' વર્ષ ૩૦ મું, પૃષ્ઠો ૧૩૯–૧૪૯ અને ૧૮૦–૧૮૮).

એક સરખી રીતે (ं) બિંદુથી બતાવવામાં આવ્યાં હોય છે. તેથી કરીને આપણે નક્કી કરી શકતા નથી કે जं कउणइं વગેરે શબ્દો जम् कउणइं એમ અપભ્રંશમાંના અનુસ્વારની જેમ અનુસ્વાર સાથે વાંચવા કે जँ कउणइँ એમ અનુનાસિક તરીકે વાંચવા: પરંતુ મોટે ભાગે એ સંભવિત છે કે તત્સમ શબ્દો કે જેમાં બિંદુ અનુસ્વાર માટે અથવા તો વર્ગીય અનુનાસિક વ્યંજનોને બદલે વપરાયો હોય છે, તેઓને બાદ કરતાં બિંદુ સર્વત્ર અનુનાસિકનું જ પ્રતિનિધિત્વ ધરાવતું હોય છે. અનુસ્વારમાથી અનુનાસિક થઇ જવાની પ્રક્રિયાનો આરંભ પ્રાકૃત અને અપભ્રંશની ભૂમિકામાં થઈ ચૂકયો હતો જ. પ્રાકૃતભાષાના વૈયાકરણો એવું સૂચવે છે કે પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનાં કાવ્યોમાં इं, हिं, उं વગેરે પ્રત્યયોમાંના સ્વરને ગુરુ પણ ગણી શકાય અને લઘુ પણ ગણી શકાય; અર્થાત્ અંત્ય સાનુનાસિક ઉચ્ચારણ વિકલ્પે, અનુસ્વાર તરીકે અથવા તો અનુનાસિક તરીકે ગણી શકાય; (જુઓ પિશલ, § ૧૮૦). સિ. હે. ૮–૪–૪૧૧ એ સૂત્રમાં એવું વિધાન કરવામાં આવ્યું છે કે–'અપભ્રંશમાં उ, हुं, हिं, हं વગેરે પ્રત્યયો પ્રાયઃ હ્રસ્વ સ્વર તરીકે ઉચ્ચરિત થાય છે.' અને તે વ્યાકરણમાં જે ઉદાહરણો આપવામાં આવ્યાં છે તે ઉપરથી આપણે જોઈ શકિયે છિયે કે अं इं एं એ પ્રત્યયોની પણ ઉપર જેવી જ સ્થિતિ છે. તેથી કરીને એમ લાગશે જ કે અંત્ય અનુસ્વાર અપભ્રંશમાં અનુનાસિક–સ્વરૂપમા પરિણત થઇ ચૂકયો જ હતો. હેમચદ્રે આપેલાં પદ્યાત્મક અવતરણો કે જેમાં લગભગ બધે જ અત્ય સાનુનાસિક ઉચ્ચારણો અનુનાસિક સ્વરૂપે આવી ચૂકયાં છે અને થોડા જ દાખલાઓમાં અનુસ્વાર જળવાઈ રહ્યો છે, એ અવતરણો જે પુરાવો રજૂ કરે છે તે ઉપરથી આપણે નિર્ણય બાધિયે તો આપણે માનતા થઈ જ જઇયે કે અપભ્રંશમાં અંત્ય અનુસ્વાર સામાન્ય લોકભાષામાં ખરા સ્વરૂપમા અનુનાસિક–સ્વરૂપે થઇ ચૂકયો હતો અને માત્ર કાવ્યમાં જ્યારે જ્યારે દીર્ઘ શ્રુતિની આવશ્યકતા રહેતી હતી ત્યારે ત્યારે માત્ર પ્રયોજાવો ચાલૂ રહ્યો હતો."[1]

વસ્તુસ્થિતિ જ આવી હોવાથી આ સાનુનાસિક ઉચ્ચારણ સ્વતંત્ર સ્વરધર્મ છે. ગુજરાતીમાં તે અનુસ્વાર ઉપરથી ઊતરી આવેલું છે. તેનો સામાન્ય નિયમ પણ એ છે કે "હ્રસ્વ સ્વર પછીનો અનુ-

---

૧. જુઓ. Ind. Ant. 1914, પૃ. ૬૨–૬૩:–તેનો અનુવાદ—

સ્વાર લોપાતાં પડતાં સ્વર દીર્ઘ બને છે અને અનુસ્વાર અનુ-નાસિક-સ્વરૂપમાં આવી રહે છે.” અત્યારે ગુજરાતી ભાષામાં ઊતરી આવેલું આ અનુનાસિક ઉચ્ચારણ બહુ જ થોડા અપવાદ સિવાય દીર્ઘ સ્વરમાં છે. જ્યાં એ હ્રસ્વ સ્વરમાં છે ત્યાં એ જેમાં છે તેવા સ્વરવાળી શ્રુતિ (syllable) પછીની શ્રુતિ (syllable)માં સ્વરભાર આવેલો છે; જેમકે સાંભળવું પણ સઁભળાવું. આવી સ્થિતિ થવામાં વચ્ચેની શ્રુતિ અસ્વરિત એટલે કે લઘુપ્રયત્ન અકાર-વાળી છે, તે ખાસ નોંધવા જેવું છે, જેથી સઁભ એવી બે શ્રુતિ એક શ્રુતિ રૂપે જણાય છે અને પછીની શ્રુતિ પર ભાર જાય છે. એનો વૈકલ્પિક અપવાદ મંડવું નાં રૂપોમાં છે; જેમકે મઁડ્યો, મઁડેલો, મઁડે વગેરે. એવો કાઠિયાવાડની એક પ્રાંતીય બોલીમાં [1]હસવું ક્રિયાપદનાં રૂપોમાં છે; જેમકે હઁસું, હઁસિયે, હઁસે, હઁસતો વગેરે. ઇ–ઉ. ના વિષયમાં તેવા ઉચ્ચારણ ટાણે જ્યારે એ પછીની શ્રુતિમાં સ્વર-ભાર હોય છે ત્યારે ઉચ્ચારણમાં પ્રાયઃ વિભાષા જણાય છે. તેવે સ્થળે જોડણીકોશમાં (મૂળ શબ્દો તેમ જ સાધિત શબ્દોમાં) ઈ–ઊ-ને દીર્ઘ રાખવાનું સર્વમાન્ય વલણ સ્વીકારવામાં આવ્યું છે; માત્ર અપવાદમાં કુઁવારી, કુઁપળ, સુઁવાળો, કુઁભાર વગેરે થોડા શબ્દ ત્યાં સ્વીકાર્યા છે, જે મૂંઝારો, લૂંટારો વગેરે સાધિત શબ્દોમાં અવિકૃતિ માફક સર્વથા અવિકૃતિ એટલે કે વ્યુત્પત્તિથી સિદ્ધ દીર્ઘતા તરફ ખેંચે છે.

આમ અનાદિ દશામાં અપવાદો અકારના વિષયમાં ઉપર બતાવેલા ત્રણ જ છે; ઇ–ઉ–ના વિષયમાં ખરું જોતાં એક પણ નથી. આ આખી પ્રક્રિયા “વસંત”માંના અનુસ્વાર અને અનુનાસિક એ લેખમાં આ પૂર્વે મારા તરફથી અપાઈ છે.

પદને અંતે આવેલા સાનુનાસિક ઈની દીર્ઘતા તરફ પણ અત્યારે હવે મતભેદ ક્યાંય પણ રહ્યો નથી. સ્વ. શ્રી નરસિંહરાવ ભાઈએ

---

૧. હિંદીમાં હઁસના છે જ.

અહિઁ, તહિઁ, જહિઁ, કહિઁ, મહિઁ, દહિઁ માં હ્રસ્વતા પ્રચ્છેલી; પણ હવે એક સરખી રીતે અહીં, તહીં, જહીં, કહીં, મહીં, દહીં અને નહિ–નહીં સ્વીકારાયાં છે. એટલે ઇ નો ઝઘડો પણ પૂર્ણ થયો છે. રહ્યો માત્ર પદાંત સાનુનાસિક ઉ. આ ઉ દીર્ઘ છે કે હ્રસ્વ ?

નાન્યતર જાતિના સમગ્ર વિકારક શબ્દોમાં આ સાનુનાસિક ઉઁ રહેલો છે એ વસ્તુ સૌ જાણે છે. એવા શબ્દોમાં ગુજરાતીએ એવો ઉઁ મેળવ્યો છે તે પ્રક્રિયાનો વિચાર કરવામાં આવે તો એના સ્વરૂપના વિષયમાં નિશ્ચય કરી શકાય.

નીચે માત્ર બે પ્રકારના શબ્દો આપું છું :

સં.	પ્રા.	અપ.	ગુજ.
हस्तः	हत्थो	हत्थु	हाथ
हस्तकः	हत्थओ	हत्थउ	हाथो
पर्णम्	पण्णं	पण्णु	पान
पर्णकम्[1]	पण्णअं	पण्णउं	पानूं

આ શબ્દોમાં એક બાજૂ हस्तः અને पर्णम् શબ્દ છે, ત્યારે બીજી બાજૂ हस्तकः અને पर्णकम् શબ્દ છે. આનો તફાવત વિચારતાં આપણને क પ્રત્યય કાંઈક વિશેષતા અર્પતો લાગે છે. પ્રા. हत्थओ અને पण्णअं તેમ જ અપ. हत्थउ અને पण्णउं એ રૂપો સાહિત્યમાં પ્રયોજાયેલાં છે. અને શ્રીહેમચંદ્રાચાર્યે નાન્યતરજાતિના उं ની તો ચર્ચા પણ કરી છે. જુઓ "कान्तस्यात उं स्यमोः (सि. हे. ८–४–३५४)–મૂળ પ્રકૃતિમાં क જેના અંતમાં છે તેવા શબ્દના (क માંના) अ પછી सि (પ્રથમા એકવચનનો પ્રત્યય) અને अम् (દ્વિતીયા એકવચનનો

---

૧. અર્વાચીન ભાષામાં આવેલાં ભૂતકૃદંતોમાં अउ બદલે इउमांथी उ આવ્યું છે: ત્યાં क પ્રત્યય કરતાં इत એ સેટ્ ધાતુના ભૂ. કૃ. પ્રત્યયનું પરિણામ છે.

પ્રત્યય), એ પૂર્વે અંત્ય અનો ઉં આદેશ થાય છે," એવું એમનું વિધાન. વસ્તુસ્થિતિએ નરજાતિનો, શબ્દના અંગમાં ન પેસતો ઉ અને નાન્યતરજાતિનો, તેવો જ, શબ્દના અંગમાં ન પેસતો ઉં એ સ્વાર્થે પ્રયોજાયેલા क પ્રત્યયનો અવશેષ હોય તેમ માનવામાં કોઇને વાંધો નથી; (કેટલાક શબ્દમાં क પ્રત્યય આવતાં અર્થભેદ થાય છે, તે વસ્તુ અહીં મહત્ત્વની નથી.)

પાશ્ચાત્ય ભાષાશાસ્ત્રીઓમાંના ડૉ. હોર્નલે[1] આ क પ્રત્યની પ્રક્રિયાને સ્વીકારી છે, મિ. બીમ્સે[2] મુખ્યત્વે સ્વરભારનું તત્ત્વ જ સ્વીકાર્યું છે. સદ્‌ગત રમણભાઈ નીલકંઠે પણ આમાં માત્ર સ્વરભારનું તત્ત્વ જ જોયું છે. સ્વ. નરસિંહરાવભાઈ कપ્રકૃતિના સમર્થક છે, છતાં સ્વરભારની પ્રક્રિયાને ઉવેખી શક્યા નથી તે તેમના નીચેના વિધાનથી માલૂમ પડશેઃ—

"નાન્યતરજાતિમાં "ઓ"ને ઠેકાણે 'ઉ" અને ત્ય્હાં પણ એક પક્ષે 'આંગણું' જેવા શબ્દો છે, તો બીજે પક્ષે 'દૂધ,' 'ઘર' જેવા અકારાંત શબ્દો છે; અને 'ઓ'નો ખુલાસો છે તે જ 'ઉ' નો ખુલાસો છેઃ—આમ રા. બ. રમણભાઇ કહે છે. હું પણ તેમ જ કહું છું; પણ હેમને મતે સ્વરભારનો ખુલાસો છે, તો મ્હારે મતે क પ્રત્યય લાગવા ન લાગવાનો ખુલાસો છે; સ્વરભાર પણ ઉપરના તોડ પ્રમાણે સ્વીકારવાનો બાધ નથી." (મનોમુકુર પૃ.૫૬૬)

સ્વ. નરસિંહરાવભાઇએ ડૉ. હોર્નલ અને મિ. બીમ્સના મતની સમીક્ષા આપી બંનેના મતનો સમન્વય સાધતી વેળાએ મૂળ સંસ્કૃત શબ્દોના આદ્યોદાત્ત અને અત્યોદાત્ત વિશેની ચર્ચા તેમના The Guj. Lang & Lit. Vol. 1 ના પૃ. ૧૯૬–૨૦૩માં આપી છે. ચર્ચા અહીં ઉતારવી નિરર્થક છે; પણ એ ઉપરથી એમણે કાઢેલી એ આખી તારવણીમાં તેમનો ઝોક ઉપર 'મનોમુકુર'માં આપેલા વિધાનનું જ પોષણ કરતો સ્પષ્ટ જણાય છેઃ—

---

1. The Guj. Lang. & Lit. Vol. 1, પૃ. ૧૯૯
2. એજન પૃ. ૧૯૬–૯૭

" Thus, the accent is not the direct cause of the ending, while the क suffix is : the क suffix is, in a way, the उपादान i. e. समवायिकारण of the औ ending and उं ending, while the accent is their निमित्तकारण , being an indirect influence. The accent, to put it differently, is a co-ordinate factor which brings into, play the क suffix for a special purpose. This purpose is the protection of the final vowel against the corrosion of decay."

(એજન પૃ. ૨૦૩)

કોઈ પણ રીતે સ્વરભાર અંત્ય સ્વર પર સચવાઈ રહે છે અને તેથી જ क પ્રત્યય અને પ્રાકૃત અપભ્રંશમાં અનુક્રમે અંત્ય અકારની બાજુમાં ओ–अं અને उ–उं આવી ઊભા છે. સ્વરભાર આ ओं–अं કે उ–उंની પૂર્વના અકારમાં છે એવો સ્વ. નરસિંહરાવનો આશય નીચેના વાક્યથી સ્ફુટ થાય છેઃ—

" It may be suggested that after all the क suffix is but an etymological fiction. For all we actually see in *Apabhraṁśa* and subsequent stages is the अउ. In this अउ the अ is accented, the उ stands apart. What could this उ stand for ? Hence the क suffix was fictioned. This is only a possible hypothesis."

(એજન પૃ. ૨૦૫)

જે અઉનું છે તે જ અઉંનું છે, તે પુનરુક્ત કરવાની કાંઈ આવશ્યકતા રહેતી નથી. આ પ્રમાણે 'સ્વરભારવાળા અંત્ય અકાર પછી क પ્રકૃતિના (ભૂતકૃદંતોના સંબંધમાં इत પ્રકૃતિની સર્વત્ર ગણતરી કરવી; તેના પણ) અવશિષ્ટ નરજાતિના અપ. उ અને નાન્યતરજાતિના

અપ. उं સુધી તો સ્વરભારનું તત્ત્વ નિયામક છે, એમ સ્વ. નરસિંહરાવ-ભાઇને પણ, ભલે ગૌણ રીતે, સ્વીકાર્ય છે. એ સ્વરભાર અંત્ય અકાર પર ન રહે ત્યારે જ क પ્રત્યય લાગતો નથી ને તેથી हस्तः–हत्थो–हत्थु–હાથ અને पर्णम्–पण्णं–पण्णु–પાન એવાં લઘુપ્રયત્ન અકાર જેના છેડામાં છે તેવાં શબ્દસ્વરૂપો આપણી સમક્ષ રજૂ થાય છે.

પણ क નામ–વિશેષણ–સર્વનામ સિવાયનાં તત્સદૃશ રૂપોમાં નથી એ જોઇયે. જુઓ करूं શબ્દઃ—

સં.	અપ.	મધ્ય ગુ.
करोमि	करउं	करूं
कुर्मः	करहुं	करूं

(એવાંજ करीशूं–करयशूं વગેરે અર્વા. ગુજ. નાં રૂપો પણ)

આમાં કોઈ क (કે ભૂ. કૃ. इत) પ્રત્યયની સંભાવના નથી, પણ સ્વરભાર र ઉપર આવતો હોવાથી મધ્ય. ગુજરાતીની રજી ભૂમિકાથી અલગ રહેલા સ્વરો એકરૂપ થઇ જવાથી એક દીર્ઘ સ્વરૂપે આવી રહ્યા છે. ડૉ. ટેસ્સિટોરીએ ઉભય પ્રકારનાં રૂપોની પ્રક્રિયા Notes on Old Western Rajasthani માં સમઝાવેલી છે તેનો અનુવાદ માત્ર અહીં આપું છું; (અંગ્રેજીમાં transliterationની મુશ્કેલીને અંગે તેમનો અંગ્રેજી ફકરો છાપવામાં કાઠિન્ય છે, તે માટે):–

"(૪) अउ ऊકારના સ્વરૂપમાં આવી રહે છે. આ પ્રમાણે ऊકાર થવામાં (अइ > इइ > ई ના આભાસસામ્યની જેમ) अउनुं उउ થવું કારણરૂપે રહેલું છે કે સ્વરભારવાળો उકાર કારણરૂપે રહેલો છે તે નિશ્ચયપૂર્વક હું કહેવા શક્તિમાન નથી. સ્થિતિ એવી છે કે કેટલાંક ઉદાહરણોમાં પ્રથમનું કારણ નિયામક હોય છે. આ પ્રમાણે मूं (वि. ७७) (જુઓ § ૮૩) < અપ. महु < સં. मह्यम् (પિશલ § ૪૧૮). એ ઉદાહરણમાં अउनुं ऊકાર સ્વરૂપે આવી રહેલું [1]उउ દ્વારા માની શકાય. અને લગભગ એમ જ, કેમકે તે પૂર્વે

[1] तुहुं પરથી तूं થાય છે: તેમાં उउની શકયતા છે; જ્યાં ડૉ. ટેસ્સિટોરીની ઓષ્ઠ્ય વર્ણની માન્યતા નકામી જાય છે.

ઓષ્ઠ્ય વર્ણ આવેલો છે; જ્યારે હૂં (જુઓ § ૮૩) < અપ. હુતં < સં. अहकम् (પિશલ § ૪૧૭), એ ઉદાહરણમાં अउनुं ऊકાર સ્વરૂપે આવી રહેવું उકાર પર સ્વરભાર આવ્યાને કારણે જણાય છે. બીજાં ઉદાહરણો આ છે:—

आपणपूं (दश. १–२) < आपणपउं (જુઓ § ૯૨);

कूण (आदि. ३) < कउण (જુઓ § ૯૧.) < कवण (પિશલ § ૪૨૮);

बोलूं (फ. ७१५–१–३) < बोलउं (જુઓ § ૧૧૭);

सूं < सउं (જુઓ § ૭૫ (૫) < અપ. सहुं < સં. साकम्:
(Indian Aatiquary વર્ષ ૧૯૧૪, પૃ. ૬૧)

આમાંના कूणની આપણને જરૂર નથી. બાકીનામાં सूं સિવાયનાં अउंમાંથી નિષ્પન્ન છે. ડૉ. ટેસ્સિટોરી અંત્ય उ ઉપર ભાર માને છે, જે ખરું જોતાં उ પૂર્વેના अમાં છે. આટલો જ માત્ર મતભેદ. બાકી તત્ત્વ તો એક જ છે અને તે अउंનું અલગ હોવાપણું. જે પાછળથી મધ્ય-ગુજ.ની રજી ભૂમિકાથી (ડૉ. ટેસ્સિટોરીના મતે Old Western Rajasthani) એક દીર્ઘ ઊંકાર રૂપે ઊતરી આવ્યું છે.

સ્વરભાર આપણને આ દીર્ઘ ઊં મધ્યકાલીન ગુજરાતીમાં આપે છે; અને હાથપ્રતોમાં પણ પ્રાયઃ દીર્ઘ ઊંકાર પ્રયોજાયેલો મળે છે; શુદ્ધ પ્રતોમાં તો ચોક્કસ જ, છતાં લેખનમાં કવચિત્ હ્રસ્વ પણ લખાયેલો છે. નરજાતિમાં આવતો ओ દીર્ઘ છે એ વિષયમાં કોઈને મતભેદ નથી. જે પ્રક્રિયાથી ओ થયો છે તે જ પ્રક્રિયાથી ઊં થયેલો છે, એટલે તેની દીર્ઘતાને માટે શંકા ભાગ્યે જ રહે છે; અને કવિ દયારામ સુધી એ શુદ્ધ લેખનમાં દીર્ઘ તરીકે સ્વીકારાયેલો છે. ઉચ્ચારણની દષ્ટિએ તપાસતાં ચરોતરીય પ્રાંતીયતાને બાજૂએ રાખતાં ઊંનું દીર્ઘોચ્ચારણ શબ્દના સ્વાભાવિક ઉચ્ચારમાં રહેલું છે; પરંતુ શિષ્ટ ગુજરાતી ભાષામાં એ હ્રસ્વ સ્વરૂપે અજાણ્યે સ્વીકારાઈ જતાં

આલ્ફ્રેડ માસ્ટરના શબ્દોમાં કહું તો [1]"A steady influence proceeds from the learned to make the accent depend wholly upon the quality as shown in the spelt word."

આ ટીકા આ ઉચ્ચારણમાં બરોબર લાગુ પડે છે; અને એ ઊં ઉપર જાણે કે સ્વરભાર નથી જ તેવી જ રીતે આજે સૌ માની રહ્યું છે–ઉચ્ચારણમાં પ્રત્યેક વ્યક્તિ તેના ઉપર ભાર આપતી હોવા છતાં. આ ઊંકારની પૂર્વે જ્યારે સ્વરભાર હોય છે ત્યારે મધ્ય. ગુજ. માંથી ઊતરી આવેલો એ દીર્ઘ ઊં હ્રસ્વ ઉં બની જાય છે એટલું જ નહિ, પણ પોતાની સાનુનાસિકતા પોતા ઉપરાંત પૂર્વના સ્વરને પણ અર્પે છે; જેમકે જાંઉં, થાંઉં, કમાંઉં, મૂઝાંઉં વગેરે. અદ્દલોઅદ્દલ એવું જ ઇનું ઉદાહરણ સ્વ. નરસિંહરાવે કાંઇંમાં સ્વીકાર્યું છે. બાકી સર્વત્ર સ્વરભાર અંત્ય સ્વર પર આવતો હોવાથી અને તેના પછી લઘુપ્રયત્ન અકારવાળી કોઈ શ્રુતિ નહિ હોવાથી તે સ્વાભાવિક રીતે દીર્ઘ આવી રહે છે.

આલ્ફ્રેડ માસ્ટરે Stress Accent in Modern Gujaratiમાં આવા સાનુનાસિક પ્રચલિત ઉંની મીમાંસા પણ બીજા શબ્દોની સાથોસાથ આપી છે. પ્રચલિત જોડણીને અનુસરી તેમને આવા બધા શબ્દોમાં um આપવો પડ્યો છે, પણ તેમણે તેવા um ને સર્વત્ર long by position ગણ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે એમણે આવો long by position ઉં ચરોતરની બોલીમાંથી મુખ્યત્વે સાંભળ્યો છે.[2] જોકે મારું તો સ્પષ્ટ માનવું છે કે ચરોતરમાં સાનુનાસિક ઉચ્ચારણ નષ્ટપ્રાય છે અને તેથી stress તેવા ઉ માં નથી અને હોય તો સ્વલ્પ જ. એનું સારામાં સારું ઉદાહરણ અમદાવાદની મોટરબસવાળાઓનો આવ્વુ છિ શબ્દ છે; આમાં વુ તો હ્રસ્વ થઈ ગયો છે, પણ આ પરના સખ્ત સ્વરભારને કારણે છે પણ છિ રૂપે

---

૧. Stress Accent in Modern Gujarati નામક નિબંધ, પૃ. ૮૯

૨. જુઓ એજન. પૃ. ૮૨

આવી રહ્યો છે. બિચારા વમાંના લઘુપ્રયત્ન-અકારનું તો નામોનિશાન પણ પ્રાપ્ત નથી.

આલ્ફ્રેડ માસ્ટરે દ્વિશ્રુતિ, ત્રિશ્રુતિ, ચતુઃશ્રુતિ, એમ ત્રણ જાતના શબ્દો નોંધ્યા છે. લઘુપ્રયત્ન અકારવાળા શબ્દોમાં એમને અકાર શાંત= mute જ લાગ્યો છે એટલે ક્યાંય પણ તેની જુદી શ્રુતિ (syllable) ગણી નથી, એટલે નીચેનાં ઉદાહરણોમાં આપણી દૃષ્ટિએ कसकसतुं જેવામાં પાંચ શ્રુતિ (syllable) દેખાતી હોય છતાં તેમને મતે ત્રણ શ્રુતિ જ છે. તેમણે સ્વરભારવાળા શબ્દોની ટીપ આપી છે તેમાં સ્વરોનાં સ્વરૂપ સૂચવવા નીચેની નિશાનીઓ પ્રયોજી છે:

— Long by nature સ્વાભાવિક દીર્ઘ;

V Long by position સ્થિતિને કારણે દીર્ઘ;

‿ Short હ્રસ્વ.

જોકે નીચે આપેલા ૩૮ થી તો તેવા હ્રસ્વ ઉંને પણ દીર્ઘ જ માની-ગણેલ છે.

તેમણે શબ્દોની ટીપ transliterationથી આપી છે. હું અહીં તેને નાગરીલિપિમાં આપું છું, જેથી સમઝવામાં સૌકર્ય થાય;—

દ્વિશ્રુતિ શબ્દોમાં

૨. — V ओलुं

૪. V V घरडुं, हिण्डवुं, चढतुं*

૮. ‿ V परुं

ત્રિશ્રુતિ શબ્દોમાં

૧૧. — — V बांधेलुं, नाखेलुं, देवाडवुं

૧૪. — V V वापर्युं,[1] मेळववुं

૧૭. V ‿ V अंगरखुं, घुन्घळवुं

---

* આ અને :આવા જ શબ્દોમાંના લઘુપ્રયત્ન અવાળી શ્રુતિ તેમને અસ્વીકાર્ય છે, એટલે જ શબ્દો દ્વિશ્રુતિ ગણ્યા છે,

૧. જે જે શબ્દ ઉપર અહીં એકનો આંક કર્યો છે, તેમાં લઘુપ્રયત્ન અ-કાર હોવા છતા લેખકને સમઝાયા નથી; એટલે ત્યાં તેવા અ કારવાળી શ્રુતિને સ્વતંત્ર શ્રુતિ ગણી છે

२३. V ‿ V ओसिकुं, बेवडुं;[१] मानितुं, आयलुं[१] (के आयेलुं)
२५. V ‿ V शिंगडुं[१]
२६. ‿ — V कलेजुं, फरेलुं;
३१. ‿ V V वढकणुं, परण्युं,[२] रमकडुं;
३५. ‿ ‿ V बमणुं,[१] अघरुं[१]

ચતુઃશ્રુતિ શબ્દોમાં

३८. — — ‿ — [१]कालिंगडुं[३]
४२. — ‿ ‿ — [१]फेरववुं[३]
४६. ‿ — V — [१]फराववुं[३]
५०. ‿ ‿ ‿ — [१]पगथियुं

(પૃ. ૮૩ થી ૯૦)

આલ્ફ્રેડ માસ્ટરે આપેલા નિરપવાદ આટલા શબ્દો જ પર્યાપ્ત છે. એમણે શામાટે અંત્ય સાનુનાસિક હ્રસ્વ उને long by position ગણ્યો છે?

મને એનું કારણ સ્વ. નરસિંહરાવભાઈના નીચેના શબ્દોમાં જણાય છે:—

"As regards the कोमलतम *anuswara* after a final उ in *tadbhava* words we observed that it is strongish in Surat and Broach districts and Kathiawad;[૪] it is middling strong or weak, in

૨. परण्युं શબ્દમાં र ને long by Position ગણ્યો છે, જે લેખકનો પ્રમાદ છે: र અહીં પણ લઘુપ્રયત્ન અકારવાળો છે, અને તેથી આ શબ્દ તેમના મતે પણ દ્વિશ્રુતિ ગણાય. એવી જ સ્થિતિ वापर्युं ની છે.

૩. અહીંથી નીચેનાં ઉદાહરણોમાં અંત્ય સ્વર, ઉપરનાં ઉદાહરણમાં long by position હતો, તેને લેખકે long by nature સગવડ ખાતર ગણ્યો છે, લાઘવ ખાતર.

૪. કાઠિયાવાડમાંના અનુનાસિક ઉચ્ચારણની પ્રાચીનતા કહો, વિશિષ્ટતા કહો, છેક પાણિનિના સમયની છે :

Ahmedabad district and round about; and weakest almost to a vanishing point, in Charotara."

(The Guj. Lang. & Lit. Vol. II, પૃ. ૩૨૯)

આલ્ફ્રેડ માસ્ટરે ચરોતરમાંના કોમલતમ ઉચ્ચારણવાળા ઙું ની પ્રાંતીયતા સ્વીકારી તેમના વિશાળ અનુભવમાં આવેલા સ્વાભાવિક (શ્રી. નરસિંહરાવના અનુસ્વારના કોમળ) ઉચ્ચારણને ખ્યાલમાં રાખી long by position ગણ્યું છે, જેણે તેવા સાનુનાસિક સ્વરમાં દીર્ઘતા સ્વાભાવિક રીતે અર્પી છે.

અને એક મતે क પ્રકૃતિ અને અન્યમતે સ્વરભારના તત્ત્વનો આપણે સ્વીકાર કરતા હોઇયે તો તેવો સ્વરભારવાળો સાનુનાસિક ઙું દીર્ઘ આવી રહે. છેલ્લા ૭૫ વર્ષથી જાણ્યે અજાણ્યે આપણે એની હ્રસ્વતા માની અને માન્યા પછી તે સત્ય જ છે એમ આપણને થયું અને છેક એટલે સુધી કે નિશાળોમાં શ્રુતલેખન વખતે શિક્ષકો પણ તેવા સાનુનાસિક ઙુંને મઝાની કૃત્રિમતાથી હ્રસ્વ ઉચ્ચારે (કે જે કોઇપણ વિજ્ઞ વ્યક્તિ સાંભળે-ભલેને તે ખુદ ચરોતરનો હોય-તેને પણ કર્ણકટુ લાગે).

વ્યુત્પત્તિની દૃષ્ટિએ આ વિષયની વિસ્તૃત ચર્ચા વસંત વર્ષ ૩૦-પૃ. ૨૯૦-૩૦૧ માં પદાંત ઇ-ઈ ઉ-ઊ. એ મથાળાના એક લેખમાં મારા તરફથી કરવામાં આવી છે, એટલે એની પુનરુક્તિ અહીં કરી નથી. બાકી એ તો સત્ય છે કે પ્રાંતીયતાનો ત્યાગ કરવામાં આવે તો વ્યુત્પત્તિ અને ઉચ્ચારણ એ ઉભય દૃષ્ટિએ આ ઉચ્ચારણ દીર્ઘ છે અને તેના પુરાવા ગુજરાતી ભાષાના ગ્રંથોની શિષ્ટ હાથપ્રતો છે. જેઓ હાથપ્રતોના બહોળા પરિચયમાં આવ્યા છે તેઓ આ વસ્તુ સારી રીતે સમજી શકે; બીજાઓને માત્ર કુતૂહલ લાગે.

यथा सौराष्ट्रिका नारी तक्रँ इत्यभिभाषते ।
तथा रङ्गाः प्रयोक्तव्याः खे अराँ इव खेदया ॥
(પાણિનીય શિક્ષા)

વીરસિંહકૃત "ઉષાહરણની સં. ૧૫૬૯ ની હાથપ્રત ઉપરથી શ્રી. ભોગીલાલ જયચંદ સાંડેસરાએ તૈયાર કરેલું એ કાવ્ય શ્રીફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિકમાં હાલ છપાય છે તે તરફ હું તજ્જ્ઞોનું ધ્યાન ખેંચવા માગું છું. શ્રી. સાંડેસરાએ પ્રાયઃ શબ્દશઃ એ નકલ તૈયાર કરી છે. આવી તો અનેક શિષ્ટ હાથપ્રતો [1]મધ્યકાલીન ગુજરાતીની બીજી ભૂમિકાથી માંડી છેક કવિ દયારામે પોતાને હાથે લખેલા પોતાના रसिकवल्लभ કાવ્ય સુધીની છે કે જેમાં દીર્ઘ ઊં સ્વીકારાયેલો છે. ખરું જોતાં માત્ર બુકકમિટીની ઈ. સ. ૧૮૬૮ માં આવેલી કૃત્રિમ જોડણીમાં જ એ વીસરાયો તે વીસરાયો જ, જેમાં હું તો માત્ર પ્રાંતીયતા જોડણી નક્કી કરનારાઓની–નો જ દોષ માનું છું. હું સંપૂર્ણ વિભાષાવાદી છું, છતાં પણ આ એક ઉચ્ચારણના સંબંધમાં શિષ્ટ લિખિત ભાષા (Standard Gujarati) માં પણ સ્વરભારને કારણે વિભાષા અનુભવી શકતો નથી.[2]

શિષ્ટ લિખિત ભાષા (Standard Gujarati)માં એના તરફ અનાદિ દશામાં તો સંપૂર્ણ સદ્‌ભાવ કેળવાઈ ગયો છે, હવે માત્ર અંત્ય દશામાં જ તેવા સદ્‌ભાવની અપેક્ષા છે. इति शम्

તા. ૨૧ : ૨ : '૩૮ મીઠાખળી–અમદાવાદ

[વસંતઃ વર્ષ ૩૬, અંક ૪, કાર્તિક–પૌષ, સં. ૧૯૯૪ (સને ૧૯૩૭), પૃ. ૨૬૬–૨૩૪]

---

૧. ગાયકવાડ ઓરિયેન્ટલ ગ્રંથમાળામાં મારા મિત્ર શ્રી. મધુસૂદન મોદી પ્રો. બળવંતરાય ઠાકોર સાથે गुर्जररासावलि સંપાદિત કરી રહ્યા છે, એની શાસ્ત્રીય આવૃત્તિ પ્રસિદ્ધ થયે મારાં ઉપરનાં સમગ્ર વિધાનોની સત્યતાનો તજ્જ્ઞોને પરિચય થશે. ગુજરાતી ભાષાની ઉચ્ચારણશુદ્ધ જોડણી નક્કી કરવામાં ગુજરાતી ભાષાના શિષ્ટ હસ્તલિખિત ગ્રંથોના પરિચયની જેટલી જરૂર છે તેટલી જ દેશભરમાં પ્રચલિત વર્તમાન ઉચ્ચારણોના પરિચયની પણ જરૂર છે. આ બંને વસ્તુઓમાં જેટલી શિથિલતા એટલા આપણા જોડણીકારો ગુજરાતી ભાષાના સ્વાભાવિક સ્વરૂપથી વેગળા સમજવા.

૨. ઉમેરણ—આ પ્રશ્ન જ ખૂબ જટિલ છે. એને સમજવા સ્વરભારના તત્ત્વનો જીવંત ભાષામાં કેવો અમલ છે તેની બારીક દૃષ્ટિએ તપાસ કરવી જરૂરની જ છે. તા. ૧૬–૯–'૪૪

૧૧. વ્યાકરણનું શિક્ષણ

ગુજરાતી વ્યાકરણ કેવી રીતે શીખવવું એ તરફ ઘણા થોડા વિદ્વાનોનું ધ્યાન ગયું છે. જે વિદ્વાનોનું ધ્યાન ગયું છે તેઓ, જ્યાંસુધી મારી માહિતી છે ત્યાંસુધી, ગુજરાતી ભાષાને પ્રધાન રાખી કાંઇ કરી ગયા હોય તેવું જણાતું નથી. આ વસ્તુ કેળવણીના ક્ષેત્રમાં કામ કરનારા કેળવણીકારોએ અભ્યાસક્રમમાં ગુજરાતી વ્યાકરણનો અભ્યાસક્રમ નક્કી કર્યો છે તે ઉપરથી તરી આવે છે.

ગુજરાતી ભાષા પણ એક સ્વતંત્ર ભાષા છે અને તેને પોતાનું સ્વતંત્ર બંધારણ છે એ વાત સૌથી પ્રથમ આંખ સમક્ષ હોવી જોઇયે. નીચે બતાવવામાં આવશે તે પ્રમાણે સૌથી પ્રથમ અક્ષરવિચારમાં જ ગુજરાતી ભાષાના સ્વાતંત્ર્યની ઉપેક્ષા કરવામાં આવી છે. એવાં બીજાં પણ સ્થાનો છે કે જ્યાં આ જાતની ઉપેક્ષા જોવામાં આવે છે. પણ એમાં તે તે કેળવણીકારોનો દોષ સ્વીકારવા કરતાં આપણને મળેલી વિદેશી જૂની પદ્ધતિની અભ્યાસપરંપરાનો જ દોષ છે એમ મને લાગે છે.

વધુ વિસ્તાર ન કરતાં ગુજરાતી વ્યાકરણનો અભ્યાસ કઈ દૃષ્ટિથી થવો જોઇયે તેની જ મીમાંસા અત્રે આપવામાં આવે છે.

કોઈ ભાષાના વ્યાકરણનો વિચાર કરતાં એનાં પ્રધાન ત્રણ અંગો ૧. અક્ષરવિચાર, ૨. શબ્દવિચાર અને ૩. વાકયવિચારનો વિભાગવાર વિચાર આવશ્યક બને છે. કવિતાવિચાર એ ચોથું અંગ છે એમ માની એને વ્યાકરણના અંગમાં દાખલ કરવામાં આવે છે એ બરોબર વસ્તુ નથી. એમ કરવું હોય તો પછી રસ અને અલંકારનો, વૃત્તિઓ અને રીતિનો, એ બધાંનો પણ વ્યાકરણમાં સમાવેશ થઈ જાય. શબ્દ-વિચારનો ખ્યાલ કરતાં વૃત્તિના વિચારનો વ્યાકરણમાં પ્રવેશ કરાવવા દિલ લલચાય, પણ વ્યાકરણમાં તેનો સમાવેશ અનાવશ્યક છે. સબબ કે વ્યાકરણમાં માત્ર અક્ષર શબ્દ વાકયના કલેવરનો જ વિચાર છે. એમાં

એના અર્થને ઉદ્દેશી કાંઇ કરવાનું ખાસ આવશ્યક નથી. કારકમાં આપણે અર્થનો ખ્યાલ કરવાનો હોય છે, પણ તે પણ સ્થૂલ છે; વૃત્તિઓમાં જે સૂક્ષ્મતા છે તે તેમાં નથી. એ જ પ્રમાણે કાળના અર્થમાં પણ એ સ્થૂળતા છે, અને તે શબ્દોના–ક્રિયાપદોના કલેવરને જ વ્યક્ત કરવા માટે છે. આં રીતે તેના સ્થૂળ સ્વરૂપમાં અક્ષર શબ્દ અને વાક્યનો વિચાર એ વ્યાકરણ છે. 'વ્યાકરણ' શબ્દનો શબ્દાર્થ પણ એ જ વાત કરે છે: જેમાં વિશેષે કરી અક્ષર–શબ્દ–વાક્યના આકરણ=આકારનો નિશ્ચય છે તે વ્યાકરણ.

અક્ષરવિચાર

આપણાં વ્યાકરણોમાં આ વિષયમાં ઓછામાં ઓછો વિચાર કરવામાં આવ્યો છે. સંસ્કૃત વ્યાકરણને અનુસરી સંસ્કૃત ભાષામાં જે ઉચ્ચારણો છે તેટલાં જ સ્વીકારી આપણું કામ ચલાવી લેવામાં આવ્યું છે. વધુમાં માત્ર વૈદિક જિહ્વામૂલીય 'ળ'ને દાખલ કરવામાં આવ્યો છે. આટલા સ્વર અને વ્યંજનોથી ગુજરાતી જીવંત ભાષાને લેખનમાં વ્યક્ત કરી શકાતી નથી એનો વિચાર સુધ્ધાં કરવામાં નથી આવ્યો. સ્વ. નરસિંહરાવ દિવેટિયાએ સ્વતંત્ર રીતે થોડું ધ્યાન દોર્યું છે, પણ તેના તરફ કેળવણીકારોની તદ્દન ઉપેક્ષા છે. આજનું કેળવણીખાતું બહાર શું થઈ રહ્યું છે એની સામે ખાસ જોતું લાગતું નથી. તેમાંથી તૈયાર થઈ બહાર આવતા અધ્યાપક–વર્ગની પણ તેવી સ્થિતિ છે. આપણાં નિત્યનાં જીવંત ઉચ્ચારણોનો વિચાર સુધ્ધાં આપણે કરવા તૈયાર નથી.

સ્વરો જ પ્રથમ લઇયે. સંસ્કૃતને અનુસરી, अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ए, ऐ, ओ, औ, અનુસ્વાર અને વિસર્ગ આટલાં ઉચ્ચારણો વિશે આપણું જ્ઞાન મર્યાદિત છે. સંસ્કૃત તત્સમ શબ્દોને માટે આવેલા ऋનું તો છેક સંસ્કૃતકાળથી આપણે ઉચ્ચારણ ગુમાવ્યું છે. એનો ઉપયોગ આજે તત્સમ શબ્દો પૂરતો જ છે. આ સિવાયનાં બાકીનાં ઉચ્ચારણોમાં લઘુપ્રયત્ન અકાર ઇકાર અને ઉકાર, અને ખાસ કરીને

એ-ઓનાં ચતુર્વિધ ઉચ્ચારણોના વિષયમાં આપણે ત્યાં વ્યાકરણોનું મૌન છે. પ્રાકૃત વ્યાકરણોમાં એ-ઓનાં દ્વિવિધ ઉચ્ચારણો નોંધાયેલાં હતાં તેના તરફ પણ આપણે આંખ આડા કાન કર્યા છે. આનાં વધુ બે ઉચ્ચારણો છે તે તરફ સ્વ. નરસિંહરાવ દિવેટિયા, સર જ્યોર્જ એ. ગ્રિયર્સન, પ્રો. ટર્નર વગેરેએ ધ્યાન દોર્યું, પણ તે વ્યાકરણના વિષયમાં તો તદ્દન ઉપેક્ષિત થયું છે. આ ઉચ્ચારણ તે એ-ઓનું પહોળું ઉચ્ચારણ. અંગ્રેજી ભાષામાં આ ઉચ્ચારણ છે. તેનો અહીં પ્રવેશ થયો તે પૂર્વનાં આ બેઉ ઉચ્ચારણ વ્યાપક છે અને ઉચ્ચારણભેદે જુદા જ અર્થના શબ્દો હોય છે. ઘેર ઘૅર, મોર મૉર, ગોળ ગૉળ, કોયલો કૉયલો આ શબ્દયુગ્મોને તપાસવાથી તે વાત સમઝાશે. અંગ્રેજીમાં જોડણી જુદી હોવાથી બંનેના ઉચ્ચારણ વચ્ચે ભેદ જાણવામાં આવે છે. ગુજરાતીમાં લેખનમાં જુદાં ચિહ્નો વ્યાકરણકારોએ અપનાવ્યાં નહિ હોવાથી એનાં જીવંત સ્વરૂપ લેખનમાં બતાવી શકાતાં નથી. આપણી નિશાળુ ભાષા અને જીવંત ભાષા વચ્ચેનો આ ભેદ તેથી જ તરી આવે છે અને એનું દુષ્ટ પરિણામ તો એ છે કે એનાં ખરા શબ્દોમાંનાં એ ઉચ્ચારણો નવી પ્રજામાં વિલીન થતાં જાય છે.

અનુસ્વાર એ નાસિકાસ્થાનીય એક જ ઉચ્ચારણ વ્યાકરણમાં નોંધાયેલું છે. બીજું ઉચ્ચારણ હોઈ શકે તેવો આજનું એક પણ ગુજરાતી વ્યાકરણ જોવાથી આપણે ખ્યાલ મેળવી શકિયે નહિ. છેક વૈદિક સમયથી અનુનાસિક કિંવા નાસિક્ય નામનું ઉચ્ચારણ જાણીતું છે. પ્રાકૃત વ્યાકરણોમાં–ખાસ કરી અપભ્રંશમાં અત્યંત વ્યક્ત થતા આ ઉચ્ચારણને વિશે આપણે ત્યાં વ્યાકરણોમાં કશો ભેદ નથી. સં. कांत અને ગુ. કાંતવું-માં લેખનમાં કાંઇ પણ ભેદ નથી. આ વિશે સ્વ. નરસિંહરાવ દિવેટિયા, પ્રો. રા. ટ્રે. કોલેજના એક વખતના પ્રિન્સિપાલ સ્વ. માધવલાલ વગેરેએ અનેકશઃ ધ્યાન દોરવા છતાં કેળવણીખાતાની તે વિશે ઉપેક્ષાવૃત્તિ રહી છે. આ બંને ઉચ્ચારણનો ભેદ સ્પષ્ટ છે. એકમાં સ્વર પછી નાસિકાસ્થાનીય ઉચ્ચારણ છે જે વધી પડે છે.

આ અનુસ્વાર. બીજું ઉચ્ચારણ એવું છે કે સ્વર પોતે જ નાકમાંથી બોલાય છે, અને તેના સ્વરૂપમાં કશો વધારો નથી થતો, એટલે કે સ્વર હ્રસ્વ હોય તો લઘુ જ રહે છે.

વિસર્ગનો આપણે ત્યાં સં. તત્સમ શબ્દો પૂરતો સ્વીકાર છે. એ પૂર્ણપ્રયત્ન મહાપ્રાણ ઉચ્ચારણ બીજી રીતે આપણે ગુમાવ્યું છે, પણ ગુજરાતી થઈ ચૂકેલા શબ્દોમાં 'હ'નું લઘુપ્રયત્ન કિંવા સ્વરમય ઉચ્ચારણ છે. લેખનમાં આજે એને 'હ'થી જ બતાવવામાં આવે છે. વ્યાકરણમાં જૂની રૂઢિએ 'હ'રૂપે જ આવે છે. સ્વ. નર્મદાશંકર કવિથી માંડી સ્વ. દિવેટિયા સુધીમાં આ 'હ'ને કેવી રીતે બતાવવો તેને વિશે પ્રકારો નિરૂપાયા છે. તેનું આખરી સમાધાન હજી થયું નથી. એ સ્પષ્ટ હકાર તો નથી, પણ શબ્દમાં કોઈ એક સ્વર જ મહાપ્રાણિત થતો હોય છે. દા. ત. **બહેન, વહાણું** શબ્દો લેવામાં આવે તો ઉચ્ચારણમાત્રા ત્રણથી વધતી નથી. લેખનમાં 'હ' જુદો બતાવવાથી ચાર માત્રા જેટલું શબ્દમાપ બને છે. બે'ન વા'ણું કે **બ્હેન વ્હાણું** લખવાથી માત્રામાપ ત્રણનું બને છે. પણ તેમાં એ-આ સ્વર મહાપ્રાણિત છે એનો ખ્યાલ નથી આવતો. આ સ્થાને સંસ્કૃતનું પેલું વિસર્ગ-ચિહ્ન અપનાવી લેવામાં આવે તો માત્રામાપની દૃષ્ટિએ સ્પષ્ટતા, અને વ્યંજન હકાર અને મહાપ્રાણિત સ્વર વચ્ચેનું તારતમ્ય મેળવી શકાય. જેમકે **બેઃન, વાઃણું**. જીવંતભાષાને તેના સાચા સ્વરૂપમાં વ્યક્ત કરવાને આવું કાંઈક જરૂરી છે.

વ્યંજનોમાં પણ આવી મુશ્કેલી અનુભવાય છે. સંસ્કૃત ભાષામાંનો મૂર્ધન્ય ષ આપણે ત્યાં ખાસ નથી. વેદકાળથી ચાલ્યાં આવતાં ડ-ઢ નાં અનાદિ દશામાં આવતાં મૂર્ધન્યતર ઉચ્ચારણ, ઉપરાંત ય-વ-નાં લઘુપ્રયત્ન ઉચ્ચારણ વિશે આપણે ત્યાં વ્યાકરણોમાં મૌન છે.

ચ-છ-જ-ઝ-શ-સ નાં પ્રાંતીય ઉચ્ચારણોને જતાં કરિયે, પણ ઉપરનાં વ્યાપક ઉચ્ચારણોને જતાં કરાય નહિ. એને માટે જુદા સંકેતો પણ આવશ્યક છે. અંગ્રેજી-ફારસી તત્સમ શબ્દોમાં કેટલાંક

વ્યંજન-ઉચ્ચારણો ગુજરાતીને જે પરિચિત છે તે અપનાવવાં પડે છે. એ જુદા સંકેતથી સ્વીકારવાથી જીવંત ભાષાનો પરિચય વધુ સરળ બને છે.

સ્વર-વ્યંજનોનાં જુદાંજુદાં ઉચ્ચારણસ્થાનોની મીમાંસા વ્યાકરણનું પ્રધાન અંગ છે. તેની તો અત્યારસુધીના એક પણ ગ્રંથમાં મીમાંસા નથી મળતી. આની જરૂરિયાત ગુજરાતી ભાષાના સ્વાંગ ૭૫ ટકા શબ્દોની વ્યુત્પત્તિ સાધવામાં છે. ક્રમિક વ્યુત્પત્તિનો ખ્યાલ નહિ હોવાને કારણે કોઈ ભાષાના વિકાસના જ્ઞાનમાં અત્યન્ત આવશ્યક એવું આ પ્રધાન અંગ તદ્દન ઉપેક્ષિત થયું છે. એમ તો વ્યુત્પત્તિ સિદ્ધ કરવાના પ્રયત્નો સ્વ. વ્રજલાલ શાસ્ત્રી, સ્વ. નવલરામ પંડયાથી માંડી સ્વ. નરસિંહરાવ અને સ્વ. કેશવલાલ ધ્રુવ સુધી થયા છે, પણ પહેલા એક અને છેલ્લા બેને બાદ કરતાં વ્યુત્પત્તિની સાચી પ્રણાલીનાં દર્શન પણ નથી થતાં. સ્વ. વ્રજલાલ શાસ્ત્રીએ દિશાસૂચન કરી માર્ગ બતાવ્યો હતો.

વ્યાકરણના ગ્રંથોમાં એમ તો વ્યુત્પત્તિને વિશે પાનાંનાં પાનાં ભરાયેલાં જણાય છે, પણ તેમાં કયાંય પણ વૈદિક ભાષા(Indo-Aryan) પછી અનેક ભૂમિકાઓ વટાવી આજની ગુજરાતી ભાષા પોતાનું સ્વરૂપ પામી શકી છે તેની ઝાંખી દૃષ્ટિ પણ મળતી નથી. સંસ્કૃતમાંથી ગુજરાતી ભાષા સીધી ઊતરી આવી છે એવી ભ્રામક માન્યતાએ આપવામાં આવેલી વ્યુત્પત્તિ સ્વરવ્યંજનપ્રક્રિયાની સ્વાભાવિકતાને લક્ષ્યમાં જ આવવા દેતી નથી.

આમ અક્ષરવિચારમાં અક્ષરોનાં ઉચ્ચારણની તેના સાચા સ્વરૂપમાં વ્યક્તિ અને સ્વર-વ્યંજનોના ઉચ્ચારણશાસ્ત્રના નિયમ પ્રમાણે વિકારોનો સાચો વિકાસ એ કોઈપણ વ્યાકરણ-ગ્રંથમાં તે તે કક્ષાની દૃષ્ટિએ આવશ્યક છે. આ વિના કોઈપણ વ્યાકરણ પૂર્ણ ન ગણી શકાય.

શબ્દવિચાર

વ્યુત્પત્તિ એ શબ્દવિચારનું અંગ નથી, કેમકે તેમાં શબ્દનો સમષ્ટિરૂપે ખ્યાલ નથી, પણ તેમાંના પ્રત્યેક ઉચ્ચારણનો વિકાસ બતાવાય છે. શબ્દવિચાર એ વાક્યવિચારના પગથિયારૂપ છે.

અંગ્રેજીમાં જેને parts of speech કહેવામાં આવે છે તે આ શબ્દવિચાર છે. એમાં પ્રત્યેક શબ્દનું વૈભાગિક પૃથક્કરણ છે. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ, નામયોગી, ઉભયાન્વયી અને કેળવણીપ્રયોગી એ રીતે મુખ્ય આઠ પ્રકાર પાડવામાં આવ્યા છે. આમાં ક્રિયાપદના અંગમાં કૃદત લેવામાં આવ્યાં છે. કૃદંતની સ્વતંત્ર કીમત ગુજરાતીમાં એટલા પૂરતી છે કે તેમાંનાં કેટલાંકથી કાળનાં રૂપાખ્યાનોની ગરજ સરે છે, જ્યારે તે વિધેય તરીકે આવે છે. બાકી કૃદંતનો ઉપયોગ પ્રાયઃ વિશેષણસ્વરૂપે છે. સામાન્ય સ્વરૂપમાં ક્રિયાપદના મૂળ ધાતુને પ્રત્યય લાગી તૈયાર થયેલાં રૂપો તે કૃદંત છે, તે પછી નામ પણ હોઈ શકે, વિશેષણ પણ હોઈ શકે અને અવ્યય પણ હોઈ શકે. આ કૃદંત તે પછી સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃતોદ્વારા મળેલાં વ્યુત્પન્ન કૃદંતો તેમ જ નવાં કૃદંતો, અને નામ, સર્વનામ, વિશેષણો, ક્રિયાવિશેષણો વગેરેને નવા અનુગો લાગી નવાં નામ, વિશેષણ, ક્રિયાવિશેષણ વગેરે બને છે. સંસ્કૃતમાં આને તદ્ધિત કહેવામાં આવે છે. એ રીતે કૃત્પ્રત્યય અને તદ્ધિત પ્રત્યયો, વધુ પ્રામાણિકપણે કહિયે તો કૃત્–અનુગો અને તદ્ધિત અનુગો એ શબ્દવિચારનાં મહત્ત્વનાં અંગ છે, જેની parts of speech કરતાંયે વધુ મહત્તા છે. વ્યાકરણોમાં સ્વતંત્ર રીતે આ પ્રકરણો વધુ ધ્યાન ખેંચે એવી રીતે અપાવાં જોઇયે. આવી જ પૂર્વગોની વિશિષ્ટતા છે, અને તે પણ તે જ રીતે ચર્ચાવા જોઇયે.

ક્રિયાપદોના કાળ અને અર્થનાં રૂપો કર્તરિ–કર્મણિ–ભાવે–પ્રેરકની દષ્ટિએ આપણે ત્યાં ઠીક પ્રમાણમાં ચર્ચાયેલાં મળે છે. પણ સાથોસાથ અંગ્રેજી વ્યાકરણને અનુસરી મિશ્રકાળોનો ખડકલો પણ

આપવામાં આવ્યો હોય છે. ગુજરાતી ભાષાના સ્વરૂપમાં મિશ્રકાળોનું વિશિષ્ટ સ્થાન નથી. સંયુક્ત ક્રિયાપદોનો વિશિષ્ટ પ્રયોગ ગુજરાતી મિશ્ર-કાળોમાંના ઘણાની ગરજ સારી આપે છે. એ રીતે મિશ્રકાળ બતાવવાને તારવવામાં આવેલાં 'છે–હો'નાં સાહાય્યકારક ક્રિયાપદોનું સ્થાન સંયુક્ત ક્રિયાપદોના અંગમા જ અંતર્ભૂત થાય છે. કર્યું છે, કરી રહ્યો, કરી લીધું, કરી મૂક્યો, આ પ્રયોગો સરખાવી જવાથી મિશ્રકાળોની જરૂરિયાત છે કે નહિ તે સમઝાશે. અંગ્રેજી વ્યાકરણને અનુસરી દાખલ કરવામાં આવેલી મિશ્રકાળપદ્ધતિને જતી કરી સાદા કાળ અને અર્થનાં રૂપાખ્યાનો ગુજરાતી વ્યાકરણને માટે પૂરતાં છે.

શબ્દવિચારનાં આ બધાં અંગો વધુ સ્પષ્ટ મીમાંસા માગી લે છે.

વાક્યવિચાર

વ્યાકરણનું ૩ જું પ્રધાન અંગ વાક્યવિચાર છે, જેમાં મુખ્ય તો કારક છે. કારકથી વાક્યમાં એક શબ્દ સાથે બીજા શબ્દનો કયા પ્રકારનો સંબંધ છે એ નક્કી કરવામાં આવે છે. વ્યાકરણોમાં સામાન્ય રીતે "વિભક્તિના અર્થો" એ મથાળે કારકની ચર્ચા આપવામાં આવી હોય છે. સંસ્કૃત ભાષામાં કારક વિશે ઘણી ચોકસાઈ છે. એને અનુસરી ગુજરાતી ભાષામાં પણ એ પ્રકારની મીમાંસા દાખલ કરવામાં આવી છે. પણ સંસ્કૃત અને ગુજરાતી વચ્ચેની ભાષાભૂમિકાઓમાં વાક્યમાં શબ્દોના પરસ્પર સંબંધમાં જે કાંઈ ફેર થયા હોય તેનો ક્રમિક ખ્યાલ આપવાનો હજી સુધી પ્રયત્ન થયેલો ખાસ જોવામાં નથી આવતો. એક જ ઉદાહરણ આપું: 'હું ગામ જાઉં છું' એમાં "ગામ"ની સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે બીજી વિભક્તિ ગણી લેવામાં આવી છે. સંસ્કૃત ભાષામાં ગત્યર્થક ક્રિયાપદો સાથે સ્થાનવાચક શબ્દ બીજીમાં આવે છે એ ખરું, પણ અપભ્રંશમાં આવતાં ત્યાં સાતમી વિભક્તિ આવે છે. અને ગામ્દ્વારા જીવતી ગુજરાતી ભાષામાં "હું ગામ્ય જાઉં છું" એમ આવે છે, જેમાં પેલો લઘુપ્રયત્ન ય સાતમીનો જીવંત પ્રત્યય છે. લેખનમાં તે ન બતાવાય એટલે કાંઈ વિભક્તિ બદલી ન

જાય. એ સાતમી વિભક્તિના અર્થનો જ છે. અકારાંત નામમાં આમ ય મળે છે, ને બીજા સ્વર અંતે હોય તેવામાં 'એ' છે, 'હું નદીએ જાઉં છું" વગેરે.

આવો પ્રશ્ન 'ને' અનુગ માટે છે. ત્રીજી કે સાતમી વિભક્તિના નામ પૂર્વે વિશેષણાત્મક છઠ્ઠી વિભક્તિનો મનાતો 'નું' અનુગ 'ને'ના રૂપમાં આવે છે–જેમાં ત્રીજી સાતમીનો 'એ' પ્રત્યય લાગીને; જેમકે "રાજાને ઘોડે લાત મારી", 'હું રાજાને ઘોડે ચડયો." આમાં પહેલા વાક્યમાં ત્રીજીના અર્થનો 'એ' પ્રત્યય અને બીજા વાક્યમાં સાતમીના અર્થનો 'એ' પ્રત્યય છે. પણ કેટલાક અવ્યયો પહેલાં આવી સ્થિતિમાં માત્ર વિશેષણતાનો ખ્યાલ આપે તેવી સ્થિતિ દેખાતી હોય છે; જેમકે

'હરિની ઉપર ગુસ્સે થયો.'

'મારી જોડે તમે આવજો.'

'તેની સાથે શું કામ છે?' વગેરે.

પ્રત્યયની દૃષ્ટિએ વિચારતાં આમાં 'હરિનું+ઇ, મારું+ઇ, તેનું+ઇ' એવી સ્થિતિ છે. 'ઉપર' એ 'ઉપરય' છે. એમાં સાતમીના પ્રત્યયનો અર્થ છે. પછીના બંને દાખલા સ્પષ્ટ છે. આવાં બીજાં ઉદાહરણ ભાષામાં ઘણાં છે. એ શોધી સ્પષ્ટ કરી આપવાં જોઇયે.

હવે અહીં બીજી–ચોથી વિભક્તિના ગણાતા 'ને' અનુગ વિશે જોઇયે. આપણે ત્યાં સંપ્રદાનના અર્થમાં હોય ત્યારે 'ને' ચોથી વિભક્તિના પ્રત્યય (વધુ સાચો શબ્દ 'અનુગ') તરીકે ગણવામાં આવ્યો છે, અને દ્વિકર્મક ક્રિયાપદોની પણ ચોથી વિભક્તિ ગણવામાં આવી છે. એટલે તેટલા પૂરતું સ્પષ્ટ થઈ જાય છે. પ્રશ્ન માત્ર વાક્યમાં એક જ કર્મ દેખાતું હોય અને તેને 'ને' લાગ્યો હોય ત્યારે ગૂંચવણ ઊભી કરે છે. 'પિતા દીકરાને બોલાવે છે'. કર્તરિમાં આ સ્થિતિ. કર્મણિમાં 'પિતાએ દીકરાને બોલાવ્યો'. બેઉમાં દીકરાને અબાધિત છે. કર્મણિ-પ્રયોગમાં કર્મ પહેલી વિભક્તિમાં જવું જોઇયે, છતાં અહીં તેમ નથી થતું, ક્રિયાપદ તેના પ્રમાણે ફરે છે છતાં. આનો ચમત્કાર "મારવું"

ક્રિયાપદના ઉપયોગમાં છે; એવો પ્રયોગ ગુજરાતીનો માત્ર આગવો છેઃ

સિપાઈ ચોરને મારે છે.

સિપાઈએ ચોરને માર્યો.

સિપાઈએ ચોરને માર્યું.

સિપાઈએ ચોરને લાકડી મારી.

સિપાઈએ ચોરને લાકડીએ માર્યો.

આ પાંચ વાક્યોમાંનું પહેલું કર્તરિપ્રયોગમાં છે. પછીનાં કર્મણિ-પ્રયોગમાં છે. બીજા અને પાંચમા વાક્યમાં ચોરને પ્રમાણે ક્રિયાપદ ફરે છે, છતાં વિભક્તિ પહેલી નથી. આવી વિચિત્ર સ્થિતિમાં 'ને'વાળા પદનો નિર્ણય કરવો વિકટ થઈ પડે છે. જેમાં ગમે તે રીતે કાંઈક દેવાનું છે તેમાં જેને દેવાનું છે તે ચોથી વિભક્તિનો અર્થ ધારણ કરે. વિભક્તિઓ નક્કી કરવામાં છેક સંસ્કૃત વ્યાકરણથી એના પ્રત્યયો લક્ષ્ય કરવામાં આવ્યા છે અને પછી કયા કયા અર્થમાં એ વિભક્તિઓ વપરાય છે તે નક્કી કરવામાં આવ્યું હોય છે. આ રીતે વિભક્તિ-પ્રત્યય પ્રમાણે નીચે મુજબ નક્કી કરી લેવું જોઈયે, જેથી બાળકોને પડતી મુશ્કેલી ટળી જાય.

૧લી–૨જી વિભક્તિનો પ્રત્યય નથી. ૩જી–૭મીનો એ.

બાકીની શુદ્ધ વિભક્તિઓ ગુજરાતીએ ગુમાવી છે. અંગને તે તે અર્થ બતાવનારા અનુગો લગાડી કામ ચલાવી લેવામાં આવે છે.

આ રીતે 'ને' ચોથાના અર્થનો અનુગ સિદ્ધ ગણાશે, અને પ્રેરકમાં એમાં 'સંપ્રદાન' જેવો જ અર્થ સ્ફુટ થશે. છઠ્ઠીના અનુગમાં ત્રીજી–સાતમીનો 'નું+એ' એ રીતે મળી થયેલો 'ને' એ જુદી વસ્તુ છે તે ઉપર બતાવાયું છે, જેવી 'નું+ઈ'થી 'ની'ની સ્થિતિ છે.

કારક પછી વાક્યવિચારના અંગમાં સમાવિષ્ટ થાય તે સમાસ છે. સંસ્કૃત ભાષાના તત્સમ શબ્દો પૂરતો તો આ વિષય તદ્દન નક્કી છે અને તેજ વિભાગે આપણે ત્યાં ગુજરાતી શબ્દોના સમાસનો નિર્ણય છે. શુદ્ધ ગુજરાતી શબ્દોને માટે આ વિષય જરા પણ અઘરો નથી.

આ વાક્યવિચારની અંતર્ગત વાતો પછી અંગ્રેજી વ્યાકરણમાં જેનું મહત્ત્વ છે તે વાક્યપૃથક્કરણ અને પદચ્છેદ આવે છે. વાક્યનાં પ્રધાન બે અંગો અંગ્રેજી પ્રમાણે Subject અને Predicate. અદલોઅદલ એ પ્રમાણે વાક્યપૃથક્કરણ કરવા જતાં આપણે ત્યાં મુશ્કેલી ઊભી થાય છે. Subjectથી આપણી પરિભાષામાં કર્તા લક્ષ્ય થાય છે, જ્યારે વસ્તુસ્થિતિ તેનાથી જુદી છે. સંસ્કૃત વ્યાકરણના વાદગ્રંથોમાં આ વિશે જૂના સમયમાં વિચાર થયેલો છે. સ્વ. કમળાશંકરભાઇએ આ વિષય ખૂબ નિર્ણીત કરી આપ્યો છે. કર્તા અને ક્રિયાને સ્થાને સં. વ્યાકરણના વાદગ્રંથોની 'ઉદ્દેશ્ય' અને 'વિધેય' સંજ્ઞાઓથી ગુજરાતી વાક્યપૃથક્કરણ બહુ સ્પષ્ટ થઈ ચૂક્યું છે. આમ છતાં હજી ગુજરાતીમાં ક્રિયાપદ રહિત વાક્યોના પૃથક્કરણનો વિષય અસ્પૃષ્ટ જ રહ્યો છે, જેનો નિશ્ચય કરવો જ પડશે.

ગુજરાતી ભાષાની એક આગવી વિશિષ્ટતા તેના બેવડા કર્મણિ-પ્રયોગમાં છે. આ પ્રકારનાં જોડિયાં વાક્યો જોવાથી તે સ્પષ્ટ થશે:

છોકરે દાખલો કર્યો.   છોકરાથી દાખલો કરાયો.

અંગ્રેજીમાં એ બેઉની નીચે મુજબ સ્થિતિ છે:

The boy worked out a sum.

A sum was worked out by the boy.

આનું અંગ્રેજીમાં વાક્યપૃથક્કરણ થતાં પહેલા વાક્યમાં The boy એ Subjectના ખાનામાં અને બીજા વાક્યમાં A sum એ Subjectના ખાનામાં આવશે. ગુજરાતીમાં આ સ્થિતિ નથી. ગુજરાતીમાં તો બંને વાક્ય કર્મણિપ્રયોગે છે અને ક્રિયાનાથ **દાખલો** છે, અને તેના પ્રમાણે વિધેયમાંનું ક્રિયાપદ (કૃદંત) ફરે છે; એટલે કે ઉદ્દેશ્ય અહીં બેઉ કિસ્સામાં **દાખલો** છે. અને કર્તા **છોકરે–છોકરાથી** છેક **વિધેયવર્ધક**ના ખાનામાં સ્થાન પામે છે.

એનાથીયે વિકટ સ્થિતિ તો નીચેનાં કર્મણિવાક્યોની છે, જેમાં

પ્રેરકનાં (કે અંગ્રેજી વ્યાકરણ પ્રમાણે કર્મકપ્રયોગનાં) ક્રિયાપદોનાં કર્મને, વાક્યપૃથક્કરણમાં ક્યાં મૂકવાં એ નક્કી કરવું વિકટ છેઃ

શિક્ષકે વિદ્યાર્થીને બોલાવ્યો. તવંગરે **કેદીને** છોડાવ્યો.
છોકરે **કૂતરાને** માર્યો. એક મલ્લે બીજા **મલ્લને** પાડ્યો, પછાડ્યો.

આ વાક્યોમાં સર્વત્ર ક્રિયાનાથ પેલા 'ને' અનુગવાળા શબ્દો છે. આપણે સામાન્ય એ નિયમ કર્યો છે કે પહેલી વિભક્તિમાં જે હોય તે ઉદ્દેશ્ય, અને એ રીતે કર્તરિપ્રયોગમાં કર્તા અને કર્મણિપ્રયોગમાં કર્મ "ઉદ્દેશ્ય" હોય છે, જે ક્રિયાનાથ હોય છે. આ સ્થિતિ ઉપરનાં વાક્યોમાં નથી, કેમકે ક્રિયાનાથ પહેલી વિભક્તિમાં નથી. આવા સંયોગોમાં શું કરવું એનો નિર્ણય વિકટ છે. ગુજરાતી ભાષાની લાક્ષણિકતાને લક્ષ્યમાં લઇએ તો 'ને' અનુગવાળા આ શબ્દો ઉદ્દેશ્ય હોઈ વાક્ય-પૃથક્કરણમાં 'ઉદ્દેશ્ય'ના ખાનામાં આવવા જોઇયે.

વ્યાકરણમાં જે ભાષાનું વ્યાકરણ હોય તેની લાક્ષણિકતાને પ્રથમ સ્થાન હોવું જોઇયે અને એ સિદ્ધાંત ઉપર નિર્ણયો હોવા જોઇયે.

પદચ્છેદનો વિષય વ્યાકરણમાં સ્વતંત્ર સ્થાન એટલા પૂરતું જ પામી શકે કે તેમાં, વાક્યોમાં તે તે શબ્દનું શું સ્થાન છે તે તેના સ્વરૂપજ્ઞાન સાથે નિશ્ચિત કરી શકાય. ખરું જોતાં તો એ, વિદ્યાર્થીને પ્રત્યેક શબ્દની ઓળખ છે કે નહિ, તે જાણવાની કસોટીરૂપ છે. આવી ઓળખ અંગ્રેજી ખોખાના અનુવાદરૂપ હોવાને બદલે ગુજરાતીની સ્વતંત્ર હોવી જોઇયે. વ્યાકરણમાં વિરામચિહ્નોનું સ્થાન વિવેક પૂરતું છે. વિરામચિહ્નો એ અર્થને અધીન છે. બોલવામાં કાંઈ વિરામચિહ્નોની આપણને જરૂર નથી; આપોઆપ એ વસ્તુ અર્થથી નિશ્ચિત થઈ જાય છે. લેખનમાં તેની જરૂર અર્થસંદેહ ટાળવાને છે, અને તે રીતે એનો ઉપયોગ છે. અને એનો ખરો પ્રયોગ તેથી જ સમઝવો આવશ્યક છે. આ તરફ પુષ્કળ બેદરકારી આપણે ત્યાં છે. સ્વ. કમળાશંકરભાઇએ આ વિશે જે વિચાર કર્યો છે તે એકંદરે પ્રમાણ છેઃ આવશ્યક સ્થળે જ માત્ર વિરામચિહ્નો પ્રયોજવાં જોઇયે.

જોડણી


ગુજરાતી વ્યાકરણોમાં આ પણ એક પ્રકરણ ઉમેરવામાં આવ્યું હોય છે. વ્યાકરણમાં આવું સ્વતંત્ર પ્રકરણ હોઈ શકે એ જ આશ્ચર્યનો વિષય છે. આજે કેટલાક સંયોગોમાં ઉચ્ચારણને અનુકૂળ જોડણી ન હોવાને કારણે આ ધાંધલ વહોરવી પડે છે. વસ્તુસ્થિતિએ એ આખો પ્રશ્ન વ્યુત્પત્તિશાસ્ત્રનો છે. ઉચ્ચારણોને અનુકૂળ રહી આપણને જૂની ભાષામાંથી શબ્દો કેવી રીતે આવી મળ્યા છે તેનો નિશ્ચય થયા પછી એ મૂળ શબ્દો ઉપરથી ફરી સાધિત શબ્દો, મૂળ ધાતુઓ ઉપરથી ક્રિયાપદનાં રૂપાખ્યાનો, કૃદંતો, નામ–વિશેષણ–સર્વનામનાં રૂપાખ્યાનો અને તદ્ધિત અનુગો લાગતાં **સ્વરભાર** પ્રમાણે સ્વરોનાં સ્થાન કેવી રીતે બદલાય છે તે વગેરે વ્યાકરણમાં તે તેના સ્થાને નક્કી થઈ જવું જોઈએ. એ નથી થયું હોતું, એટલે કે સાચાં ઉચ્ચારણોના પરિચયને અભાવે એનો નિર્ણય નથી થયો હોતો એને કારણે 'જોડણી'નું સ્વતંત્ર પ્રકરણ રચવામાં આવ્યું હોય છે. એની કાંઈ પણ જરૂર તેથી રહેતી નથી. આજે લેખન પૂરતી કાંઈ પણ આવશ્યકતા હોય તો શબ્દો લેખનમાં કેવી રીતે છૂટા પાડવા; તેમ શબ્દો કેવી રીતે તોડવા એ પણ નક્કી કરવું આવશ્યક હોય છે. આનું સ્વતંત્ર પ્રકરણ આવશ્યક બને છે.

[બુદ્ધિપ્રકાશ: પુ. ૯૧મું, સને ૧૯૪૪, અંક ૩, પૃ. ૯૨–૯૭]

૧૨. ગુજરાતી લિપિની પરંપરા બતાવનાર કોઠો

[ગુજરાતી લિપિનો આજનો મરોડ કેવી રીતે ઊતરી આવ્યો છે તે બતાવનારો કોઠો આ સામેના બ્લૉકમાં બતાવવામાં આવ્યો છે. એ ઉપરથી જણાશે કે જૂની બ્રાહ્મી લિપિમાંથી કયા ક્રમે આજની ગુજરાતી લિપિ વિકસી છે.—લેખક]

['ગુજરાતી'–દિવાળી–અંક, સને ૧૯૩૩, પૃ. ૪૧]



૧૩. રાષ્ટ્રલિપિ અંગે લિપિ–સુધારણા

૧. ગયા ઈસ્ટરના તહેવારો (ઇ. સ. ૧૯૩૫)માં ઇંદોર મુકામે ૨૪મું હિંદી સાહિત્ય સંમેલન થયું હતું. ભાઈ કિશનસિંહ ચાવડાએ **માનસીના** પ્રથમ અંકમાં તે સંમેલનનું વિહંગાવલોકન આપ્યું છે તે વાંચવામાં આવ્યું. આખા સંમેલનમાં ઉપયોગી અને ધ્યાન ખેંચાય તેવું કાર્ય થયું હોય તો તે કાકા કાલેલકરનો લિપિની નવેસરથી વિચારણા કરવા માટે સમિતિ નીમવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો તે. વર્તમાનપત્રોમાં વાંચવામાં આવ્યું કે–લિપિસુધારણા માટે નિમાયેલી સમિતિની એક બેઠક ગયા જૂનમાં થઈ અને તેમાં સોળ ઉપયોગી ઠરાવો પસાર થયા. પ્રસિદ્ધ થયેલા આ ઠરાવોમાંના ૧૪ ઠરાવ નાગરી લિપિમાં કરવા જોઈતા સુધારાઓનું સ્વરૂપ બતાવે છે. સૂચવવામાં આવેલા આ સુધારાઓ નાગરી લિપિને સાર્વદેશિક તેમ જ સરળ જરૂર બનાવી શકે તેવા છે. ઉક્ત ઠરાવો અંતિમ નિર્ણય આપનારા નથી, તેમ છતાં અંતિમ નિર્ણયના સ્વરૂપને ઘણા જ નજીક છે એમ નિષ્ણાતોને જરૂર લાગ્યા વિના નહિ રહે.

૨. વિજ્ઞાનના જમાનામાં સર્વ કાંઈ વૈજ્ઞાનિક દૃષ્ટિએ શુદ્ધ હોવું જોઈયે એમ સૌ કોઈ ઇચ્છે એ સ્વાભાવિક છે. આજે વિદ્વત્તા કૃત્રિમ અલંકારોથી ભરચક જડબાંતોડ સામાસિક શબ્દોથી ખદબદતી માત્ર વિદ્વદ્ભોગ્ય ભાષામાં નથી સમાયેલી, કિંતુ સરળમાં સરળ સર્વ-ગ્રાહ્ય ઘરગથુ છતાં ભાષાશાસ્ત્રના સ્વાભાવિક નિયમોનો સમાદર કરવામાં પછાત ન રહેતી તેવી ભાષા અર્પવાની કુશળતામાં સમાયેલી છે. લો. મા. ગાંધીજીએ નવજીવન–દ્વારા આ અભિનવ છતાં સમાદરને સર્વથા યોગ્ય તેવી ભાષાશૈલી પ્રચારમાં આણી છે. માત્ર ગુજરાતી ભાષા નહિ પણ હિંદી ભાષા પણ આ નવીન શૈલીનો સમાદર કરતી અત્યારે પ્રાપ્ત થાય છે. તેનો સારામાં સારો પુરાવો ગોરખપુરથી પ્રસિદ્ધ થતું "કલ્યાણ" માસિક છે. ભાષાના સારલ્ય સાથે લિપિ કિંવા અક્ષર-

વિન્યાસ પણ શુદ્ધ અને સ્વાભાવિક હોવો જોઇયે તે તરફ દેશના અગ્રગણ્ય વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું છે, એટલું જ નહિ પણ તે તરફ સર્વસાધારણ જનતાનું પણ ધ્યાન ખેંચાય તે માટે હિંદી સાહિત્ય સંમેલન દ્વારા તે વિષયમાં શાંત પ્રચારકાર્યનો આરંભ થઈ ગયેલો વર્તમાનપત્રોમાં વાંચવામાં આવે છે. લો. મા. ગાંધીજીએ સુધારેલી લિપિ સર્વગ્રાહ્ય થઈ શકે કે કેમ તેનો અખતરો કરવાનું પણ માથે લીધું છે તેવું પણ વાંચવામાં આવ્યું છે. ઉક્ત સમિતિએ પસાર કરેલા ઠરાવોની દિશાએ કામ કરવા માત્રથી પણ જરૂર એ અખતરો પાર ઊતરશે એવું નિષ્ણાતોને જણાયા વિના નહિ રહે.

૩. લેખનમાં લિપિની સરળતાની આવશ્યકતા છે તેના કરતાં મુદ્રણમાં તેવા પ્રકારની સરળતાની વધુ આવશ્યકતા છે તે માત્ર મુદ્રણ-ખાતાના નિષ્ણાતો જ જાણે છે. મુદ્રણકાર્યમાં સરળતા ત્યારે જ ગણી શકાય કે જ્યારે લિપિમાં વપરાતા સંકેતો માત્રનાં સ્વતંત્ર બીબાંથી કાર્ય વહાવી શકાય. રોમન લિપિમાં આ ખૂબી રહેલી છે તે તેનાં ઓછામાં ઓછાં વર્ણમાળાના અક્ષરો અને વિરામાદિ ચિહ્નોનાં બીબાંથી સમજી શકાય છે. આર્યલિપિઓમાં વર્ણો સ્વરયુક્ત અને સ્વરવિહીન એમ બે પ્રકારના છે; એટલે જેટલા વર્ણો છે તેટલાનાં તેનાથી બમણાં બીબાંઓ તૈયાર કરવા માત્રથી જો મુદ્રણકાર્ય સચવાઈ જતું હોય તો તે સરળતા ભરેલું છે એમ કહેવામાં કાંઈ પણ વાંધો નથી. છાપ-ખાનામાં અખંડ ખોડી ટાઈપ ઓછામાં ઓછા હોવા જોઇયે, છતાં કાર્ય સમયનો પૂરો બચાવ કરી પાર પડતું હોવું જોઇયે. અત્યારે નાગરી લિપિના ટાઇપ લો કે આપણી ગુજરાતી લિપિનાં ટાઇપ લો, આથી જુદી જ જાતની સ્થિતિ પ્રાપ્ત થાય છે. એકનો એક વર્ણ અર્ધો, અકારથી મિશ્રિત, હ્રસ્વ અજ્જુવાળો, દીર્ઘ અજ્જુવાળો, હ્રસ્વ વરડુવાળો, દીર્ઘ વરડુવાળો, ઋકારવાળો, એકારવાળો, આટલાં તો સાદાં અને સર્વમાન્ય બીબાં ધરાવે છે, તે ઉપરાંત જુદા જુદા વર્ણો સાથે સંયુક્ત બનતાં તે જ વર્ણનાં અનેકાનેક બીબાંઓ હોય તે તો

જુદાં જ. આમ એક જ વર્ણનાં આઠ તો ઓછામાં ઓછાં અને પ, ત, દ એ વગેરે વર્ણોનાં અનેક બીબાંઓ છાપખાનાવાળાએ વસાવવાં પડે છે. અક્ષર ગોઠવવાવાળાઓને એકી સાથે કેટલાં ભિન્ન ભિન્ન બીબાંઓ સાથે કામ લેવું પડે છે તે આથી સમઝાશે. ઉપર સામાન્ય આઠ પ્રકારનાં બીબાં ઉપરાંત ઉપર–નીચેની ડિગ્રીવાળા (૧) ઉપરની ડિગ્રીવાળો ટાઇપ, (૨) નીચેની ડિગ્રીવાળો ટાઈપ અને (૩) બંને ડિગ્રીવાળા ટાઇપ, ઉપરાંત હ્રસ્વ અને દીર્ઘ વરડુનાં અનુનાસિક (કિંવા કહેવાતા અનુસ્વાર)વાળાં બીબાં તો જુદાં જ. ડિગ્રીવાળા ટાઇપો એ માટે કે કદી કોઈ વરડુવાળું બીબું અથવા સંયુક્તાક્ષરમાં ઉપર નીચે મૂકવાનું હોય કે સૌ સૌની માત્રા માથે અનુસ્વારનું ટપકું વગેરે મૂકવાનું હોય ત્યારે ડિગ્રીવાળા ટાઇપ ન હોય તો ઇષ્ટ વર્ણ ઉપજાવવો કેવી રીતે? કેટલીકવાર તેવો ડિગ્રીવાળો ટાઇપ ન મળવાથી ટાઈપ કાપવાના સંચાથી ઉપર–નીચે ડિગ્રી માટે ચાલતે કમ્પોઝિંગે ઊઠી ટાઇપ કાપી વરડીઓ બેસાડવી પડે છે. આ મુશ્કેલીનો અનુભવ છાપખાનાના અનુભવીઓને જ સમઝાય તેવો છે.

આવા પ્રકારની કડાકૂટમાંથી ઉદ્ધાર કરવા માટે ઉક્ત સમિતિ સ્થિર નિર્ણય કરવા પ્રવૃત્તિ થઇ છે તે સર્વથા સમાદરણીય છે.

વિદેશી લિપિઓમાં નથી તેવી જબ્બર મુશ્કેલી આપણે ત્યાં દરેક વર્ણની બારાખડી બનાવવામાં છે. બારાખડી બનાવવા વરડીઓ ક્યાંક વર્ણની ડાબી બાજૂએ, ક્યાંક જમણી બાજૂએ, ક્યાંક નીચે છે: જેવી કે વર્ણની ડાબી બાજૂએ 'કિ;' વર્ણની જમણી બાજૂએ 'કા, કી;' ઉપરની બાજૂએ 'કે, કૈ, કં;' વર્ણની નીચેની બાજૂએ 'કુ, કૂ, કૃ;' અને 'ઓ–ઔ–ઔ'માં ઉપર અને જમણી બાજૂએ. 'કિ–કી'માં યદ્યપિ ગુજરાતીમાં તેને માટે સ્વતંત્ર આવતાં બીબાં ડાબી જમણી બાજૂએ મુકાતાં તે તે વર્ણ પ્રાપ્ત થાય છે, તોપણ દેવનાગરી ટાઇપમાં પ્રાયઃ વર્ણ ઉપરની ડિગ્રીવાળો થઇ િ અને ી આ પ્રકારે ઉપર અને પડખે અળગું બીબું મુકાય છે.

તેમાં જો ખાંચો રહી જાય તો તેને માટે આવતી ચોરસ કે લંબચોરસ માપની ડિગ્રી-સળીઓ ભરવી પડે છે. નાગરી ટાઇપના ो ौ માં પણ આ સ્થિતિ છે. આવી વિકટતામાં સમિતિનો નીચેનો નિર્ણય આવકારવા લાયક છેઃ

[२] बारारवड़ी में स्वरो की सब मात्राएं अक्षरों के आगे रखी जायं। सिर पर या पाई के नीचे नहीं। ह्रस्व 'ि' के सम्बन्ध में यह निर्णय हुआ कि उच्चारण के क्रम से वह भी आगे ही लिखी जाय, किन्तु उसके स्वरूप को निश्चित करने के लिए विशेषज्ञों से सूचनाएं मगवायी जायं। तब तक वर्तमान पद्धति से ह्रस्व 'ि' भले ही लिखी जाय।

સમિતિ વિશેષજ્ઞોને હ્રસ્વ અજ્જુના સ્વરૂપના વિષયમાં સૂચના કરવા માટે નિમંત્રણ આપે છે. પ્રાચીન બ્રાહ્મી લિપિમાં વર્ણની જમણી બાજૂએ ઉપરના ભાગમાં હ્રસ્વ દીર્ઘ અજ્જુ _|, _|_| આવા સ્વરૂપમાં ક્રમે લખવામાં આવતી. ધીમે ધીમે હ્રસ્વ અજ્જુ ઉપરથી વળતી વળતી ડાબી બાજૂ લડી ગયેલી થતાં થતાં અર્વાચીન 'ि' અને 'ि' આ સ્વરૂપમાં આવી ગઈ છે. વર્તમાન નાગરી, શારદા, ટાકરી, ગુરુમુખી, કૈથી, ગુજરાતી, બંગલા અને મૈથિલ લિપિમાં આ પ્રમાણે ડાબી બાજૂએ આવી રહી છે, તેમ છતાં ઉડિયા, મોડી, ગ્રંથ, મળાયળમ, તુળુ અને તામિળ લિપિમાં તે જમણી જ બાજૂએ રહેવા પામી છે. તેલુગુ અને કન્નડમાં તે ઉપર જ રહી ગઇ છે. સમિતિની સૂચના જમણી બાજૂએ હ્રસ્વ-અજ્જુ લખવાના નિર્ણય તરફ છે. હ્રસ્વ અજ્જુ અને દીર્ઘ અજ્જુમાં થોડો ભેદ રાખવાથી લેખન તેમ જ મુદ્રણ એ ઉભયમાં અનુકૂળ થાય તેવું સ્વરૂપ આપણે મેળવી શકીશું.

૫. અહીં ગુજરાતી લિપિમાં અનુકૂળ થાય તેવી રીતે સ્વરોની માત્રાઓ સર્વ જ જમણી બાજૂએ આવી રહે તેવી બારાખડી બતાવું છું;—

१.

अ आ अि अी अु अू अृ अॄ ॡ अे अै अो

अौ आे आै आो आौ अं अँ अः

क ख ग घ ङ च छ ज झ ञ ट ठ ड ढ ण

त थ द ध न प फ ब भ म य र ल व श ष स

ह ळ क्ष ज्ञ – क़ ख़ ग़ घ़ च़ छ़ ज़ फ़ स़ – अ़

ॐ श्री १ २ ३ ४ ५ ६ ७ ८ ९ ०

२.

अ क ख ग घ ङ च छ ज झ ञ ट ठ ड ढ

ण त थ द ध न प फ ब भ म य र ल व श ष स

ह ळ क्ष ज्ञ – क़ ख़ ग़ घ़ च़ छ़ ज़ फ़ स़ – अ़ ॐ श्री

३.

અ ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન પ ફ બ ભ મ ય ર લ વ શ ષ સ

હ ળ ક્ષ જ્ઞ – ક઼ ખ઼ ગ઼ ઘ઼ ચ઼ છ઼ જ઼ ફ઼ સ઼ – અ઼ શ્રી

૪.

અ આ અિ અી અુ અૂ અૃ અે અૈ અો આૈ આૌ

અં અઁ અઃ – ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ

ઢ ણ ત થ દ ધ ન પ ફ બ ભ મ ય ર લ વ શ

ષ સ હ ળ ક્ષ જ્ઞ – ચ઼ છ઼ જ઼ સ઼ ૐ શ્રી – ૧૨૩૪૫૬૭૮૯૦

અ આ અી અી અ, અ ૢ અ' અ^s

અ'' આ' આ^s આ'' અં અ° અ॰

[**સૂચનાઃ**—સુધારેલી દેવનાગરીની બારાખડી આ સામે છપાયેલા બ્લૉકમાં જોવા વિનંતી છે.]

અકારની બારાખડી માફક જ સર્વ વ્યંજનોની બારાખડી બનાવવાની. એકાર અને ઓકારનાં બે* સ્વરૂપ છે તે ચાલુ એ–ઓ અને વિવૃત ઍ–ઑ બતાવવા માટે છે. હ્રસ્વ વરડુ અને દીર્ઘ વરડુ અત્યારે ચાલુ ુ અને ૂ આ ચિહ્નોથી લેખન–મુદ્રણમાં છે; આમાંના હ્રસ્વ વરડુના બીજાને વર્ણની નીચે ન મૂકતાં જમણી બાજૂએ અક્ષરના નીચેના અર્ધ ભાગમાં સમાઈ જાય તેમ ઊભું મૂકવું. દીર્ઘ વરડુનાં બીજાંને તે જ સ્વરૂપમાં ઉપરના જ સ્થળે મૂકવું. અનુનાસિક અને અનુસ્વારનાં ઉચ્ચારણોનો ભેદ બનાવવો અત્યાવશ્યક છે. સદ્ગત પ્રિન્સિપલાલ માધવલાલભાઈએ વર્ષો પૂર્વે તેની હિમાયત કરી છે. લિપિસુધારણા–સમિતિએ એક ઠરાવમાં આની સ્પષ્ટતા કદી છેઃ

[૬] पूर्ण अनुस्वार के स्थान पर [°] लगाया जाय और चन्द्रबिन्दु की जगह केवल [˙] लगाया जाय। उक्त अनुस्वार के लिये वैज्ञानिक रूप से स्वरहीन ङ्, ञ्, ण्, न्, म् भी लिखे जा सकते है।

---

૧ દક્ષિણ દેશની ભાષામાં એક હ્રસ્વ એકાર–ઓકાર પણ છે. ઉક્ત સમિતિ તેનો નિર્દેશ કરતાં લખે છે કે—

[४] दक्षिण की लिपियों के स्वरो में ह्रस्व ए और ह्रस्व ओ के रूप आते हैं, उनके लिये मात्रा [S] इस प्रकार लगायी जाय।

ગુજરાતી લિપિમાં આની હાલ ખાસ જરૂર નથી. પ્રચલિત દેવનાગરીમાં આ ઉક્ત નિર્ણય પ્રમાણે સર્વથા આદરણીય છે. આ સામે છાપેલા બ્લૉકમાં ત્રણે એકાર તેમ જ ત્રણે ઓકારનાં સ્વરૂપ બતાવ્યાં છે જ.

—આને ગુજરાતી લિપિમાં શા માટે ન અપનાવી લઈએ? વિસર્ગ અને કોલનનો ભેદ બતાવવા વિસર્ગને પોલા બે મીંડાંથી બતાવવો આવશ્યક છે. માત્ર ગુજરાતી લિપિમાં જ નહિ, પણ નક્કી કરવા ધારેલી સુધારેલી દેવનગરી લિપિમાં પણ વિસર્ગ બે પોલાં મીંડાંથી બતાવવામાં સૌકર્ય સ્પષ્ટ છે.[1]

આવા પ્રકારની બારાખડી બનાવવાથી લેખન અને મુદ્રણમાં ધારેલું સાફલ્ય મેળવી શકાશે.

[નોંધઃ—હ્રસ્વ વરડુ અને દીર્ઘ વરડુ જૂના નાગરી લિપિમાં વર્ણની જમણી બાજુએ લખાતાં, જેનો અવશેષ રુ તેમ જ રૂમાં રહેવા પામેલ છે; એટલે આ આપણને નવીન નથી. માત્ર રુમાં છે, તે બધા વર્ણોમાં અપનાવવું રહ્યું]

આવા પ્રકારે મુદ્રણમાં માત્રાઓનાં બીબાંઓ જમણી બાજૂએ ગોઠવવાથી એક એક વર્ણનાં આઠ આઠ ઓછામાં ઓછાં બીબાં બનાવવાં પડે છે ત્યાં માત્ર અર્ધો વર્ણ અને આખો વર્ણ આવાં બે જ પ્રકારનાં બીબાં બનાવવાં પડશે.

૬. સંયુક્તાક્ષરના પૂર્વ વર્ણ તરીકે અર્ધા વર્ણોની આવશ્યકતા છે જ. હવે જે વર્ણોમાં કાનો અંતર્ગત છે તેનો તે કાનો દૂર કરવાથી અર્ધો વર્ણ પ્રાપ્ત થાય છે; પરંતુ લિપિમાં બધા જ કાનાવાળા વર્ણો નથી. જ્યાં જ્યાં કાનાવાળા વર્ણો નથી ત્યાં તે વર્ણ નીચે હલ્ ચિહ્નવાળાં જેવાં કે—ક્, ઙ્, છ્, જ્, ઝ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ઙ્, ફ્, દ્, ફ્, ર્, હ્ આ સ્વરૂપ ફાઉન્ડ્રીવાળાઓ તૈયાર કરે. આમ પણ સરવાળે

1 ગુજરાતી લેખનમાં લઘુપ્રયત્ન 'હ' બતાવવાની ખૂબ મુશ્કેલી છે. જે સ્વર મહાપ્રાણિત હોય તેના પછી વિસર્ગનું પોલા મીંડાવાળું નહિ તેવું ચાલુ આડું ચિહ્ન પ્રયોજાય તો સરળ થઈ પડે. દા. ત. બેન, વાઃણું, માઃરું વગેરે.

તા. ૧૨–૮–'૪૪

એક વર્ણનાં બે જ બીબાં બનાવવાં પડશે. જેને કાનો નથી તેવા અક્ષરોને પછીના વ્યંજન સાથે જોડતાં વચ્ચે–આડી રેખા કરવાની ભલામણ ઉક્ત સમિતિએ કરી છે. જુઓ:

[૧૪] संयुक्ताक्षर बनाने में जिन अक्षरों में पाई है, उन की पाई हटा दी जाय और बिना पाईवाले अक्षरों के आगे – ऐसा संयोजक चिह्न लगाने से वे अक्षर हलन्त समझे जायं। शब्द के अन्त या स्वतन्त्ररूप से जब किसी व्यञ्जन को हलन्त बनाना हो तो उसे पुरानी पद्धति के अनुसार ही हलन्त चिह्न द्वारा ही बनाया जाय। जैसे विराट्, अर्थात् आदि ।

—વચ્ચે આડી રેખા કરવી ગૌરવદોષથી ગ્રસ્ત લાગે છે, સબબ ઉક્ત ઠરાવના ઉત્તરાર્ધની સૂચનાને સર્વત્ર સ્વીકારવી–ખાસ કરી કાના વિનાના અક્ષરોમાં જ. હલ્ ચિહ્નવાળું બીબું આમે પણ અન્ય વર્ણ ખોડો લખવાને પ્રસંગે જોઈશે જ. તેવું બીબું પ્રાપ્ત હોવાથી વચ્ચે આડ કરવાની લપમાં પડવા કોઈ પણ જાતની કશી આવશ્યકતા સહૃદય વિદ્વાનોને જણાશે નહિ. નાગરી લિપિમાં क–फ અર્ધા કરવા ટાણે क–फ આવા પ્રચલિત સ્વરૂપના આવે, બાકીના માટે ङ् छ् ट् ठ् ड् ड़् ढ् ढ़् द् र् ह् ळ् આવા સ્વરૂપનાં બ્લોકમાં બતાવ્યા મુજબનાં સુધારેલી લિપિનાં બીબાં જોઇયે.

રકાર જ્યારે સંયુક્તાક્ષરના પૂર્વ વર્ણ તરીકે હોય છે ત્યારે વર્ણની જમણી બાજૂએ રેફના સ્વરૂપમાં આવે છે. ઉચ્ચારણ વર્ણની પૂર્વે હોવા છતાં અત્યારે તેનું સ્થાન વર્ણની પાછળ રહે છે. પ્રાચીન બ્રાહ્મી લિપિમાં રેફ અર્વાચીન સ્વરૂપમાં છે તેવી જ રીતનો વર્ણની ઉપર લખાતો. અત્યારે પણ આપણે લખિયે છિયે ઉપર, પરંતુ છાપવામાં તો તે વર્ણની પાછળ આવે છે. આ મુશ્કેલીમાંથી બચવા પૂર્વ વર્ણ તરીકે ૨્ કે ર્ ના રૂપમાં જ લખવો યુક્ત છે. કાના વિનાના વર્ણો ખોડા તો લખવાના જ છે, એટલે તેનું ૨્, ર્ આવું બીબું પણ

રહેવાનું જ. આ જ રકાર સંયુક્તાક્ષરના અંત્ય વર્ણ તરીકે હોય છે ત્યારે / કે ‸ આ સ્વરૂપમાં આવે છે; તેવા ચિહ્નની હવે જરૂર નહિ રહે, કેમકે પૂર્વ વર્ણ ઉપર સૂચવ્યા મુજબ આવવાનો જ; તેની બાજૂમાં આ રકાર ગોઠવાઇ રહેશે (શાસ્ત્રી=શાસ્તરી) અને સ્વરોની માત્રાઓ તેના પછી ગોઠવાઇ રહેશે.

૭. પ્રચલિત લોકભાષામાં 'ડ ઢ' નાં બે ઉચ્ચારણો સ્પષ્ટ છે. વસ્તુસ્થિતિએ વૈદિક કાળથી આ ઉચ્ચારણો પૃથક્ ચાલ્યાં આવે છે. પ્રાચીન બ્રાહ્મીમાં 'ડ'ના આ મૂર્ધન્યતર ઉચ્ચારણ માટે સંકેત અલગ હતો. પ્રાચીન તામિળમાં 'ઢ' ના મૂર્ધન્યતર ઉચ્ચારણ માટે સંકેત હતો. અત્યારે આપણે નવા સંકેતો ઉપજાવવા કાંઇ પણ જરૂર નથી. હિંદી લિપિમાં સ્વીકારાયેલ નુકતાવાળા ડ઼–ઢ઼ ગુજરાતી લિપિમાં સ્વીકારી લેવાથી કાર્ય સરી જાય છે. આ નુકતાનું સ્થાન વર્ણની ડાબી બાજૂએ નીચેના ભાગમાં રાખવાની લિપિસુધારણા સમિતિએ હિમાયત કરી છે. ઉર્દૂ–ફારસીના કેટલાક શબ્દો તેમ જ અંગ્રેજી ભાષાના શબ્દોનાં સાચાં ઉચ્ચારણો આપણી ભાષાઓમાં બતાવવા લેખનમાં આ નુકતાનો ઉપયોગ આવશ્યક છે. સુધારેલી દેવનાગરી લિપિમાં તે સમિતિની સૂચના મુજબ યોજાય તે ઇચ્છવા યોગ્ય છે. ગુજરાતી ગ્રામીણ પાત્રોનાં ઉચ્ચારણોમાં અંગ્રેજી Z જેવું એક ઉચ્ચારણ છે, જે શુદ્ધ 'જ–ઝ'-ને સ્થળે ગ્રામીણો પ્રયોજે છે. આ ઉચ્ચારણ જ–જકાર નીચે ડાબી બાજૂએ નુકતાથી બતાવવું. વળી 'શ–ષ–સ'ને સ્થળે ગ્રામીણો એક વિશિષ્ટ પ્રકારનું કંઠ્ય ઉચ્ચારણ કરે છે તે બતાવવા હકાર શક્તિમાન નથી. આ માટે નુકતાવાળો સકાર પ્રયોજાય એ જ ઇષ્ટ છે. સુધારેલી નાગરી લિપિમાં સમિતિના [૭] મા નિયમનું પાલન આવકારવા લાયક છે.

૮. સર્વગ્રાહ્ય નાગરીમાં ख આ. સંકેત र+व આ બે વર્ણો જેવો છે. તેને માટે સમિતિ ગુજરાતી 'ખ'ની ભલામણ કરે છે. [उससे तो

ગુજરાતી ખ અચ્છા હૈ—જુઓ નિયમ ૧૦ મો.] કૈથીમાં પણ આવો ખકાર છે. [ખ બ્લૉકમાં જુઓ.]

૯. अ, झ, ण, श આ સ્વરૂપ સમિતિએ માન્ય રાખ્યાં છે. ळકારનું હિંદી સ્વરૂપ સમિતિ સૂચવે છે. પરંતુ મને લાગે છે કે હિંદી લિપિના આ ल માથેથી શિરોરેખા ચાલી જતાં ચાલુ ગુજરાતી 'ભ' જેવો જ તે થઇ રહે છે. તે માટે તેનું જૈન કિંવા ગુજરાતી સ્વરૂપ અપનાવવું વધારે યોગ્ય છે. (તેનું સ્વરૂપ જુઓ પૂર્વે છપાયેલા બ્લૉકમાં.) क्ष આ સાચો જોડાક્ષર ચાલુ લખાણમાં સ્વતઃસ્વીકૃત છે જ. ભૂમિતિ વગેરેમાં क्ष કે क्ष ભલે સ્વીકારાય. ज्ञ અત્યારે ज्ञ આ સ્વરૂપમાં ઉચ્ચારાતો નથી, માટે સ્વતંત્ર સંકેતે રહે તે વધારે સરળ થશે.

૧૦. સ્વરોમાં ऋ, ॠ, ऌમાંનો ऋકાર સંસ્કૃત તત્સમ શબ્દોમાં દેશભાષાઓમાં સ્વીકારવામાં આવે છે તે બ્લૉકમાંના સ્વરૂપમાં રહે. દીર્ઘ ॠ ની સંસ્કૃત શ્લોકો સુધારેલી નાગરીમાં લખતાં જરૂર પડે, ત્યાં બ્લૉકમાંના સ્વરૂપે વર્ણની જમણી બાજૂએ લખવો. ऌકાર માત્ર क्लृप् ધાતુ પરથી આવેલા क्लृप्त જેવા એક શબ્દમાં જ છે. ત્યાં તે ऌ—ऌ સ્વરૂપમા ભલે પડયો. તે માટે અલગ બીજું ન કરવું હોય તો ल—ऌની જમણી બાજૂએ ऋકારના ચિહ્ન સાથે લખવાથી સરળતા થશે.

૧૧. घ અને धનો સુધારેલી નાગરીમાં ભેદ રાખવો જરૂરનો છે. આ માટે घના ઉપરના અર્ધ વર્તુલનો ઉપરનો છેડો थ માફક વાળવો, જ્યારે ध જૂની નાગરીમાં છે તેવો રાખવો. આમ કરવાથી તેનો તફાવત તરત પકડી શકાય.

૧૨. મકાર માથેથી શિરોરેખા ચાલી જતાં म અને भમાં કાંઈ પણ ભેદ નથી રહેતો; તે માટે મકારનું જુદું સ્વરૂપ સ્વીકારવું. (તે માટે જુઓ બ્લૉકમાં આપેલો તે વર્ણ.)

૧૩. ઇંદોરની લિપિસમિતિને જે જાતની લિપિની આવશ્યકતા છે તેવી વૈજ્ઞાનિક દૃષ્ટિએ શુદ્ધ લિપિ કેવા પ્રકારની હોઈ શકે તે બતાવવાનો આ મારો પ્રયત્ન છે. તેમાં "સાપ ભેળા વીંછીના" એ ન્યાયે ગુજરાતી લિપિમાં પણ કરવા જોઈતા તદનુકૂળ સુધારાઓ આ લેખમાં સૂચવ્યા છે. છાપખાનાંવાળાઓને ઓછામાં ઓછાં બીબાંથી સંપૂર્ણ કાર્ય સાધી શકાય તેવો પૂરો ખ્યાલ રાખી અત્રે સૂચનાઓ રજૂ કરવામાં આવી છે. ઉપર સૂચવ્યા મુજબનાં બીબાં ઉપરાંત જુદાં જુદાં વિરામચિહ્નો, કૌંસો, નાની મોટી–ડેશો,...ટપકાંઓ વગેરે અત્યારે છે તેનાં તે જ ઉપયોગમાં ચાલી શકશે; તેમાં કશો ફેરફાર કરવાની જરૂર નહિ રહે. જોડાક્ષરનાં અનેકગણાં બીબાંઓ, સ્વરની માત્રાવાળા અખંડ ખોડી ટાઇપો વગેરેની જરૂર રહેશે જ નહિ. મારા સામાન્ય અનુભવથી મને જે સૂઝયું છે તે અહીં સૂચવવાની ધૃષ્ટતા કરવામાં આવી છે. આ વિષયના નિષ્ણાતો જરૂર આ વિષયમાં સારામાં સારો તેમ છતાં સહેલામાં સહેલો રસ્તો શોધી કાઢી આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિથી સરળમાં સરળ ઉચ્ચારણના ક્રમને જાળવી રાખનારી વર્ણમાળા જનતા સમક્ષ મૂકશે જ, ત્યાંસુધી મારી અલ્પ સૂચનાઓ પણ જનતાને માર્ગદર્શક નીવડશે તો મારા યત્નની હું સાર્થકતા સમઝીશ.

(સાં. ૧૯૯૧ જન્માષ્ટમી—**આંગરોળ**–કાઠિયાવાડ ૨૧ : ૮ : '૩૫)

તા. ક. આ નિબંધ લખાયા પછી નવેમ્બરમાં મુમ્બઈમાં મળેલી સમિતિએ નિર્ણય બહાર પાડયો છે, તે જોઈ સંતોષ થયો છે. સાથેનો બ્લોક બનાવતી વેળાએ તે સૂચનાઓમાંની છૂટને અમલમાં મૂકવામાં આવી છે તેની અહીં સહર્ષ સાભાર નોંધ લઉં છું. તાઃ ૧૭ : ૩ : '૩૬, **મીઠાખળી**–(અમદાવાદ)

[માનસી: સં. ૧૯૯૨ (સને ૧૯૩૬), પૃ. ૧૯૫–૨૦૫]

૧૪. લિપિસુધારણા–(૧)

થોડા સમય થયાં રાષ્ટ્રિય એક જ લિપિ કરવાને માટે આગેવાન હિંદીઓ તરફથી પ્રયત્ન શરૂ થયા છે. એ પ્રયત્નોને કેટલાકો વધાવી લે છે, જ્યારે કેટલાકોને તે તરફ સ્વાભાવિક ઘૃણા જ હોય તેમ લાગે છે. બંને પક્ષે નિષ્પક્ષપાત દૃષ્ટિથી હાલને માટે ઉપસ્થિત થયેલા આ વિષય તરફ જોવાનું છે.

શ્રી. કાકા કાલેલકર વગેરેને આ દિશામાં પ્રયત્ન કરવાનું જે સૂઝયું છે તે રાષ્ટ્રિય એકતાને માટે જ. બંગાળી લિપિ એક ગુજરાતી ભાગ્યે જ વાંચી શકવાનો (બંગાળી લિપિનો ખાસ અભ્યાસ કર્યો હોય તેવા આમાંથી બાદ.) તે પ્રમાણે કન્નડને હિંદુસ્તાનના ઇતર પ્રાંતનો કોઇ પણ વતની ભાગ્યે જ વાંચી શકવાનો. કેટલીક વાર એવું બને છે કે બોલનારના વિચારો ભાંગી તૂટી એક ભાષામાં હોય તે અન્ય પ્રાંતનો માણસ સમજી શકવા સમર્થ થાય છે. પરંતુ તે તો જ્યારે તેવા બંને માણસો એકત્ર થાય ત્યારે. પરંતુ જો દૂર રહ્યે દૂરની ભાષા સમજવી હોય અને તેનો અભ્યાસ કરવો હોય તો અપરિચિત લિપિ કરતાં પરિચિત લિપિમાં દૂરની ભાષાનો અભ્યાસ-પરિચય જરૂર ઝડપથી સાધી શકાય. અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરનારને પણ પ્રથમ તો માતૃભાષામાં ઉચ્ચારણો લખેલાં વાંચ્યા–શીખ્યા પછી જ તે લિપિમાં લખાયેલી ભાષા ઉપર કાબૂ સાધી શકાય છે. આ જ હેતુથી એક લિપિની અનિવાર્યતા ઊભી થાય છે.

બધા પ્રાંતોની અનુકૂળતાનો વિચાર કરી હિંદી, મહારાષ્ટ્રિય, ગુજરાતી સાહિત્ય પરિષદોના પ્રતિનિધિઓએ સર્વમાન્ય એક લિપિનો અનુરોધ કર્યો છે, એટલે તે જરૂર આવકારવા લાયક છે.

લિપિનું લેખનમાં સારલ્ય જોઇયે તેના કરતાં મુદ્રણમાં સારલ્ય વધુ આવશ્યક છે, કેમકે જેમ ઓછાં બીબાં તેમ ખર્ચ થોડો આવે. અત્યારે નાગરી લિપિ કે ગુજરાતી લિપિના એક ફેઇસની (દાખલા

તરીકે લો પૈકા,) ૪૫૦ થી ૬૦૦ જેટલી મેત્રિસ જોઇયે. આ શાને આભારી છે? અંગ્રેજી કેપિટલ, સ્મૉલ કેપિટલ અને ચાલુ ટાઈપોયે થતાં (બધાં ચિહ્નો વગેરે થઈ) ૧૫૦ મેત્રિસ નથી જોઈતી. તેનું કારણ તો સ્પષ્ટ જ છે કે સ્વરોનાં સાદાં, અનુસ્વારવાળાં અને ખુદ સ્વરનાં જુદાં આવાં બીબાં, તે દરેકની પાછી બારાખડી, તે ઉપરાંત જોડાક્ષરોની સંયુક્ત રચના, આ વગેરેનાં અખંડ બીબાંઓ (કે જે મુદ્રણને સરળ બનાવવા યોજ્યા વિના ચાલે તેમ નહતું) માટે આટલી બધી મેત્રિસ જોઇતી હતી; અને દરેક ફાઉન્ડ્રીવાળાએ તેટલી રાખવી પડે છે જ. લિપિસુધારણાના પ્રશ્નની ચર્ચામાં પડેલાઓએ પોતાની ચર્ચામાં લેખન કરતાંય મુદ્રણને સોંઘું અને સરળ બનાવવા તરફ ખાસ ધ્યાન આપવાનું રહે છે. લિપિસુધારણા–સમિતિના પ્રયત્નમાં તેવું મુદ્રણસારલ્ય છે જ તે વાત તે વિષયના અનુભવીઓ જ સમઝી શકે. લિપિસમિતિ જે ફેરફાર સૂચવે છે તે ધરાર ઠોકી બેસાડવા નહિ જ. અને તેથી જ તે વિષયમાં રસ લેનારા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાને હકદાર છે. તેઓના મતને લિપિસમિતિ અવગણવાની નથી જ. અને સૂચવવામાં આવેલા યોગ્ય ફેરફારોને લિપિસમિતિએ વધાવ્યા છે તે સ્વાનુભવ છે.

લિપિસમિતિએ ચાલુ ગુજરાતી લિપિમાં ક ખ ચ જ ઝ ણ ધ ફ ભ લ ળ એ અગિયાર અક્ષરોના સ્વરૂપમાં ફેરફાર ઇચ્છયો છે એ વાત કેટલાકોને નથી ગમતી. જેઓને નથી ગમતી તેઓને હું પૂછવા માગું છું કે પ્રચલિત ગુજરાતી લિપિમાં મુદ્રણસૌંદર્યની દષ્ટિએ કાંઈ ફેરફાર ઇષ્ટ છે ખરા કે ? અને તે જ રીતે માથાવાળી નાગરી લિપિનાં માથાં કાયમ રાખીને પણ તે લિપિને સાર્વદેશિક બનાવવામાં સમર્થ થઈ શકાય તેવી કોઈ યોજના ઇષ્ટ છે ખરી કે ?

નાગરી લિપિનાં બીબાં ગોઠવવાની મુશ્કેલી બીબાં ગોઠવનારા સમઝે છે. અખંડ બોડી ટાઈપો હોવા છતાં પણ તે બીબાં ગોઠવવાની મુશ્કેલી ખાસ ઓછી નથી થઇ, કારણ કે ભાષામાં જેટજેટલાં સ્વરૂપો

છે તેટતેટલાં બીબાં બનાવી ટાઈપની કેપ્સોમાં તેટલાં ખાનાં બનાવે (આ માટે અત્યાર સુધી જે બે કેઇસ છે તે પૂરતી નહિ થાય, ત્રણ કેઇસ ઓછામાં ઓછી જોઇશે) ત્યારે સારલ્ય થાય. તે ઘણું ઓછું સંભવિત છે. આ જ માટે લેખનમાં ફેરફાર ઇષ્ટ છે. તે ફેરફાર થતાંની સાથે જ લિપિ સાર્વત્રિક બની શકે તે માટે નાગરીના પાંચેક વ્યંજનો જેવા કે ख ण ध म ल એ, અને સ્વરોનાં સ્વતંત્ર રૂપોમાં ફેરફાર થાય, તે સાથે જોડાક્ષરોમાં લેખનસૌંદર્ય થાય એટલે લિપિ-મુદ્રણ સુકર તેમ જ સાર્વજનિક બની શકશે. નાગરી લિપિનાં માથાં જેમને ઇષ્ટ છે તેવાઓ આટલા ફેરફાર સ્વીકારે એટલે બીબાં ગોઠવનારાની તકલીફ ઘણી જ ઘટી જવાની.

પ્રાંતીય સ્વરૂપોને ખ્યાલમાં લેતાં એક ઉચ્ચારણ એક દેશમાં હોય તે જ ઉચ્ચારણ અન્ય દેશમાં હોતું જ નથી. આ પ્રાંતીય ઉચ્ચા-રણો સાંચવવા માટે નજીકના ઉચ્ચારણવાળા વર્ણ નીચે નુકતા સ્વીકારવાથી જોઈતી સગવડ મળી જવાની. આમ કરતાં છતાંયે ૨૦૦ મેત્રિસથી વધુ મેત્રિસ નહિ જોઇશે. જુઓ, ક્યાં ૨૦૦ મેત્રિસ અને ક્યાં ૪૫૦ થી ૬૦૦ મેત્રિસ?

સ્વરોના પૃથક્ સંકેતો અત્યારે નાગરિલિપિમાં इ ई उ ऊ ऋ ॠ ऌ ए ऐ છે. ओ औ માટે તો अनुंज સ્વરૂપ જોઇયે. કોઇ કહે કે સ્વરો વિજાતીય છે, તેઓમાં સ્થાનભેદ છે અને अ ની બારાખડી થવાથી સંધિના નિયમોમાં અડચણ પડશે! ભલા ओ औ માં આ વાંધો નથી? તેમાં अ શા માટે રાખવામાં આવે છે? તેમાં જેમ अ સ્વીકારવામાં આવ્યો છે તેવી રીતે બધા સ્વરો માટે अ સ્વીકારી જુદાં જુદાં સ્થાનનાં ઉચ્ચારણો માત્રાઓથી બતાવવામાં આવે તો સૌકર્ય વધવાનું કે ઘટવાનું?

આ માટે જ તે દિશામાં જે પ્રયત્ન થયો છે તે આવકારવા લાયક છે, લિપિને સાર્વદેશિક બનાવવા તેમ જ મુદ્રણસૌકર્ય મેળવવા.

અત્યારે માથાં કાઢવાં ન રુચે એ સ્વાભાવિક છે, અને તે માટે માથા-વાળી જ—પૂરાં માથાંવાળી નાગરી લિપિ ભલે રહી.

સ્વરના સંકેતો લિપિસમિતિના વરવા લાગતા હોય તો (અને તે એ–ઐ–ઓ–ઔ માં ખાસ, તેમ જ ઉ ઊ માં કાંઈક;) તેને સરળ[1] બનાવવાનો પ્રયત્ન ઇષ્ટ. એટલું તો સચવાવું જોઈયે કે સ્વરનાં ચિહ્ન ન માથે, ન નીચે કે ન ડાબી બાજૂએ આવે. તેજ રીતે જોડાક્ષરોના પૂર્વ વર્ણો કાનાવાળા હોય તેનો કાનો તૂટી જાય, ને કાનો નથી તેવા વર્ણો ખોડા લખાય; અથવા તો વર્ણના જમણી બાજૂએ નીચેના ભાગ તરફ હલ્-ચિહ્ન જેવું, નીચે ઢળતી સંયોગરેખા જેવું ચિહ્ન યોજાય.–અને ख ण घ भ ल માં લિપિસમિતિને ઇષ્ટ ફેરફાર યોજાય. (આવા સંયોગમાં ल ગુજરાતી ભ–થી ગોટાળો ન પામે તે માટે જૈની ल લખાય તો તેથી ઓછું સૌકર્ય પ્રાપ્ત નહિ થાય.)

તે જ રીતે ગુજરાતી લિપિ પણ ઉપરની પદ્ધતિએ યોજાય, એટલે નવી લિપિ શ્રી. કાકા કાલેલકર તરફથી સૂચવાયેલી છે તેનાથી ભડક-નારાઓ એક પગલું આગળ વધ્યા તો લાગશે, અને લાઠી ભાંગશે નહિ ને સાપ મરશે નહિ. મીઠાખળી, અમદાવાદ, તા. ૨૯ : ૨ : '૩૬

તા. ક.—રની સ્થિતિ પણ અન્ય વર્ણ જેવી; એટલે રેફ કે ઘોડીની કડાકૂટથી બચી જવાશે. આ વિષયમાં મારો સ્વતંત્ર નિબંધ અન્યત્ર થોડા સમયમાં જ પ્રસિદ્ધ થશે તે જોઈ વિચારવા પ્રાર્થના છે.

[ગુજરાતઃ નવું પુ. ૨, અંક ૨, એપ્રિલ ૧૯૩૬, પૃ. ૧૪૪–૧૪૫]

---

૧. દીર્ઘ અજ્જુની નિશાની ચાલુ જ; હ્રસ્વ અજ્જુને માટે જમણી બાજૂએ ઊંધા રેફ જેવી નિશાની ˏ ; હ્રસ્વ વરડુ અત્યારનું છે તે, પરંતુ જમણી બાજૂએ નીચલા ભાગ તરફ ઊભું; તેજ રીતે દીર્ઘ વરડુ; ઋકાર માટે ઋકારમાંથી 'ત્ર' નો ભાગ કાઢી જમણી બાજુનું અર્ધા વર્ણની જમણી બાજૂએ આવી રહે; અને માત્રાઓ અંગ્રેજી 'Stroke' ના સ્વરૂપની. અ′ અ″ આ′ આ″.

૧૫. લિપિસુધારણા–(૨)

પરમ ભાગ્યની વાત છે કે સારાયે હિંદુસ્તાન માટે એક જ રાષ્ટ્રલિપિ હોવી જોઇયે તેવું મંતવ્ય ધરાવનાર આજે હિંદુસ્તાનના અનેક પ્રાંતોના આગેવાન વિદ્વાનો થયા છે. જેવી રીતે રાષ્ટ્રભાષા તરીકે સારાયે હિંદુસ્તાનની પ્રજા આપણી સર્વમાન્ય હિંદી ભાષાને કોઇ પણ જાતના મતભેદ વિના સ્વીકારવા તૈયાર છે તેવી જ રીતે સમગ્ર પ્રાંતીય ભાષાઓ એક જ લિપિમાં લખાય તો તેથી ગમે તે પ્રાંતના વિચારો અન્ય ગમે તે પ્રાંતનો વતની વાંચી તો શકે જ. જો લખાણ વાંચતો થશે તો થોડા પ્રયત્ન પછી સમઝવાને પણ શક્તિમાન થશે.

આવી રાષ્ટ્રલિપિ તરીકે પ્રથમ પદ ધારણ કરતી કોઇ પણ લિપિ હોય તો તે દેવનાગરી કિંવા બાલબોધ લિપિ છે. ૨૨૦૦ વર્ષ પૂર્વે હિંદની એક લિપિ તરીકે અશોકકાલીન બ્રાહ્મી લિપિ જ હતી તે વાત નિષ્ણાતોથી અણજાણી નથી. તેમાંથી ઊતરી આવેલી તેમ જ રાષ્ટ્રભાષા હિંદીની એક માત્ર લિપિ તરીકે સ્વીકારાયેલી અને તેમ છતાં રાષ્ટ્રલિપિ તરીકે સર્વને સંમાન્ય રહે તેવા પ્રકારની લિપિ તે આ દેવનાગરી કિંવા બાલબોધ લિપિ છે. લેખન અને મુદ્રણમાં આ લિપિ કઠિન છે એવી સામાન્ય ફરિયાદ છે. આવી ફરિયાદને સ્થાન જ ન રહે તેમ છતાં હિંદુસ્તાનની સમગ્ર પ્રાંતીયતાને પોતામાં સમાવી લે તેવા પ્રકારના ફેરફાર આ લિપિમાં થાય તેવા પ્રયત્ન હિંદી સાહિત્ય સંમેલન, ગુજરાતી સાહિત્યપરિષદ અને મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ જેવી દેશની અગ્રગણ્ય સંસ્થાઓ સેવી રહી છે. તેનું સત્પરિણામ લાવવાને પણ આ પરિષત્–ત્રયી ભાગ્યશાળી થઈ છે. ૧૯૩૫ ના નવે-મ્બરમાં ૧૨ મી તારીખે મુંબઇ મુકામે વિદ્વદ્વર્ય કાકા કાલેલકરના અધ્યક્ષત્વે નાગરી લિપિ–સમિતિની એક બેઠક મળેલી, જેમાં કેટલાક ઉપયુક્ત સુધારાઓ સૂચિત થયા હતા, જે તા. ૨૪મી નવેમ્બર ૧૯૩૫ ના

'મુંબઇસમાચાર–સાપ્તાહિક'માં પ્રસિદ્ધ થઈ ચૂકેલા. તેમાં સ્વીકારાયેલા સ્વરૂપનો બ્લૉક તે જ વર્ષના તા. ૧૧ મી ડિસેમ્બરના 'જયભારત'માં તેમ જ તા. ૧૨ મી ડિસેમ્બરના 'મુંબઇસમાચાર–દૈનિક'માં છપાઇ ગયેલો. તે ઉપરથી આપણે નાગરી લિપિમાં થયેલા અથવા કરવા ધારેલા સુધારાઓનો ખ્યાલ મેળવવા શક્તિમાન થયા છિયે.

આપણી લિપિઓ લેખનમાં સરળ હોય તેટલી જ મુદ્રણમાં સરળ હોવી જોઇયે. રોમન લિપિ અત્યારે ઇતર ખંડોમાં સંમાન્ય થઈ છે તેનું એક કારણ આ જ છે: તેમાં એક બીબાની બાજૂમાં બીજું અખંડ બીબું મુકાયે જ જાય છે, જેથી બીબાં ગોઠવનારાઓ વિનાશ્રમે ખોટીપા વિના કામ ઝડપથી સાધ્યે જાય છે. તેવી જ જાતની સરળતા આપણી રાષ્ટ્રલિપિમાં હોવી જોઇયે. આપણે ત્યાં સ્વરોની જે માત્રાઓ —વરડીઓ લગાવવામાં આવે છે તે બીબાં ગોઠવનારાઓ માટે જ જબર ખોટીપાનો પ્રસંગ છે. આ ખોટીપો ત્યારે જ ટળે કે જ્યારે સ્વતંત્ર આખા વર્ણની જમણી બાજૂએ—કેમકે ઝાઝી માત્રાઓ જમણી બાજૂએ જ આવી રહે–ગોઠવાય તો ધાર્યું કામ ઝડપભેર મેળવી શયાય. તે રીતે બધી જ માત્રાઓ—વરડીઓ જમણી બાજૂ ગોઠવાય તેવું ધોરણ ઉક્ત સમિતિએ સ્વીકાર્યું છે, જે સર્વથા આદરણીય અને અનુકરણીય છે. નાગરી લિપિ ઉપરના માથાબંધનથી સુશોભિત છે; પરંતુ માથાબંધન લેખન–સારલ્યમાં જરા વિઘ્નકારક છે. આને કાઢી નાખવાથી અક્ષરો વરવા દેખાય તેવી દહેશતથી માથાનો અંશ માત્ર રાખવાને સમિતિ યોગ્ય ભલામણ કરે છે. આવા પ્રકારની માથાબંધનના અંશવાળી બારાખડી તૈયાર થતાં સારલ્ય છે એ વાત નિર્વિવાદ છે. જૂઓ સામેનો બ્લૉક (૨) આ વિષયમાં કેટલીક સૂચનાઓ એક સ્વતંત્ર નિબંધમાં મેં અન્યત્ર કરી છે. તે નિબંધ આ નવી બેઠક પહેલાં પ્રસિદ્ધ થવા સંભવ નથી. તેનો કાંઇક અંશે ઉપયોગ ઉક્ત સમિતિની બેઠકમાં થયો હોય તેમ લાગે છે. એટલે માત્ર અહીં વધારે સૂચનાઓ આપવાની ધૃષ્ટતા કરું તો તે ધૃષ્ટતા નહિ જ ગણાય.

१.

अ आ अ? आ अ, अ, अः अ; ल्ह अ? अ/ अ

अ/ आ/ आ/ आ/ अ/ अं अ॰ अः

क ख ग घ ङ च छ ज झ ञ ट ठ ड ड़ ढ ढ़ ण

त थ द ध न प फ ब भ म य र ल व श ष स

ह ळ क्ष ज्ञ – क़ ख़ ग़ घ़ च़ छ़ ज़ फ़ स़ – अ़

ॐ श्री १ २ ३ ४ ५ ६ ७ ८ ९ ०

२.

अ क ख ग घ ङ च छ ज झ ञ ट ठ ड ड़ ढ ढ़

ण त थ द ध न प फ ब भ म य र ल व श ष स

ह ळ क्ष ज्ञ – क़ ख़ ग़ घ़ च़ छ़ ज़ फ़ स़ – अ़ ॐ श्री

३.

અ ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ડ઼ ઢ ઢ઼ ણ

ત થ દ ધ ન પ ફ બ ભ મ ય ર લ વ શ ષ સ

હ ળ ક્ષ જ્ઞ – ક઼ ખ઼ ગ઼ ઘ઼ ચ઼ છ઼ જ઼ ફ઼ સ઼ – અ઼ શ્રી

૪.

અ આ અ? આ અ, અ, અઃ અ' અ' અ" આ(અ(અ?

અં અ॰ અઃ – ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ

ડ઼ ઢ ઢ઼ ણ ત થ દ ધ ન પ ફ઼ બ ભ મ ય ર લ વ શ

ષ સ હ ળ ક્ષ જ્ઞ – ચ છ જ ઝ ॐ શ્રી – ૧૨૩૪૫૬૭૮૯૦

સ્વરો અને બારાખડી

ઉક્ત સમિતિએ છપાવેલો બ્લૉકમાં નાગરી અકારની બારાખડી ઘણી જ સુંદર તેમ જ ઘાટીલી થઈ તે નિર્વિવાદ છે. મૂળ અકારનું એક બીબું અને તેની જમણી બાજૂ સૂચિત માત્રાઓ—વરડીઓનું એક બીબું આવતાં જ આપણું સમગ્ર કાર્ય સફળ થઈ જાય છે. એક ધ્યાન ખેંચવા હું ખાસ માગું છું કે ટાઇપરાઈટિંગ મશીનોમાં લેવાની અનુકૂળતા થાય તે માટે આ માત્રાઓ વર્ણના સ્વરૂપ જેવડું જ બીબું રોકનારી થાય તો જ કામ સુશોભિત થાય. નાગરી લિપિનાં ટાઈપરાઇટિંગ મશીનોમાં આનાથી સારી અનુકૂળતા મેળવી શકાય તેમ છે.

આમાં હ્રસ્વ ઇકાર અને દીર્ઘ ઈકારનું સ્વરૂપ તેના હ્રસ્વત્વ—દીર્ઘત્વનો ખ્યાલ આપવા સંપૂર્ણ રીતે સમર્થ થાય તેવું નક્કી થવું જોઇયે. એઓના બ્લૉકમાં આપેલી બાંધેલા ચાબૂક જેવા આકારની જમણી બાજૂએ આવતી હ્રસ્વ અજ્જુ તેના હ્રસ્વત્વનો ખ્યાલ આપવા શક્તિમાન નથી લાગતી. તેનું સ્વરૂપ ઊંધા રેફ જેવું થાય તો સારલ્ય વધે. તે રેફ અત્યારે છે તેના કરતા ઉલટાવતાં નીચેની બાજૂએ જરા લંબાય તેવો થવો જોઇયે, જ્યારે દીર્ઘ અજ્જુ અત્યારે છે તેવા સ્વરૂપની પરંતુ વર્ણથી જરા ઊંચેરી છે તે વર્ણની ઉપરની બાજૂની સમાન લીટીમાં સમાઇ જાય તેવી થવી જોઇયે. હ્રસ્વ ઉકાર, હ્રસ્વ ઋકાર, દીર્ઘ ઋકાર, એકાર—ઐકારનાં સ્વરૂપો સુંદર છે. ઋકારનાં બંને ચિહ્નો અકારની બાજૂમાં અલગ ગોઠવાઈ જાય તેવાં પૃથક્ બીબાં હોવાં જોઇયે, જે બીબાં અન્ય કોઇ પણ વર્ણની આગળ ઇ ઈ ઉ ઊ વગેરેનાં અલગ બીબાંની માફક આવી રહે.

એકાર—ઓકારનાં બબ્બે રૂપો સ્વીકાર્ય છે. આ સંવૃત અને વિવૃત છે; પરંતુ એક માત્રા જેટલો જ સમય રોકતો હ્રસ્વ એકાર—ઓકાર અહીં રહી જ જાય છે. તેને માટે વિવૃત કરતાં ઊલટું પાડેલું બીબું સુંદર અને અને સરળ થઇ પડશે. (જુઓ પૃ ૨૧૧નો બ્લૉક.)

અનુનાસિક અને અનુસ્વારનાં સૂચવેલાં રૂપો મધ્યમાં રહ્યાં તે જરા ઉપર લઈ વર્ણની ઉપરની બાજૂની સમાન લીટીમાં સમાઈ જાય, તેથી વધારે યુક્ત દેખાશે. અનુનાસિકનું ચિહ્ન પોલું મીંડું જે નીચે ખોડાના ચિહ્ન જેવું છે તેને સ્થળે સાદું બિંદુ આવે અને તેની નીચે ભલે ખોડાનું ચિહ્ન રાખવામાં આવે. આ માટે બ્લોકમાં બતાવ્યા સ્વરૂપવાળી બારાખડી સ્વીકારવાથી ધાર્યું કામ જરૂર સાધી શકાશે એવું મારું નમ્ર મંતવ્ય છે.

સંસ્કૃત ભાષામાં લૃકારનો ખપ क्लृप् ધાતુ ઉપરથી ઊતરી આવેલા બે શબ્દોમાં છે, ત્યાં ઉપર સૂચવ્યા પ્રમાણે ઋકારના ચિહ્નવાળો લૃકાર પ્રયોજાય એટલે બસ. કોલનથી ભેદ બતાવવા વિસર્ગનાં પોલાં મીંડાં સૂચવાયાં તે યુક્ત જ છે.

વ્યંજનો

નાગરી લિપિ સારાયે હિંદુસ્તાનની દરેકે દરેક પ્રાંતીય બોલીનાં વિશિષ્ટ ઉચ્ચારણોને સમાવી લે તે માટે બધા સંકેતો સાંચવનારી હોવી જોઇયે. જે વર્ણ નાગરી લિપિમાં ન હોય તેને નુકતા જેવા ચિહ્નથી ભળતા વર્ણથી પૃથક્ બતાવવામાં આવે તો તે શ્રેયસ્કર થઈ પડે. આ રીતે આપણે ત્યાં નાગરીમાં નથી તેવા વિશિષ્ટ अ क ख ग घ च छ ज ड फ स ને માટે તે અક્ષરોમાં નિમ્ન ભાગમાં નુકતાઓ દાખલ કરી નવાં બીબાં હાજર રાખવાં જ જોઇયે.

નાગરી લિપિ સાર્વદેશિક બની શકે, માટે કેટલાએક વર્ણોમાં જે કાંઈ ફેરફારો ઉક્ત સમિતિએ સૂચવ્યા છે તે સમાદરણીય છે. ખ ણ ધ્ર ભ શ આ પાંચ અક્ષરોમાં ઉપરના ભાગમાં પોલા વળાંકવાળા (ગુજરાતી ણનું આછેરું સ્વરૂપ સાંચવી રાખતો) સ્વીકારવામાં આવેલ છે. ખ ગુજરાતી જ સ્વીકારવો પડયો છે. કૈથીમાં તે જ આકારનો ખકાર છે. આ ઉપરાંત લકારનું સ્વરૂપ ફેરવવા સૂચવું છું. પ્રચલિત હિંદી સ્વરૂપવાળો લકાર ગુજરાતી ભકારનો ખ્યાલ આપે છે, તે સ્થળે ગુજરાતી સ્વરૂપને મળતા સ્વરૂપવાળો લકાર — જેનું સ્વરૂપ

ઉક્ત સમિતિએ છપાવેલા ગુજરાતી લિપિના બ્લૉકમાં સ્વીકાર્યું છે તેવું સ્વીકારવાથી આ જાતની મૂંઝવણ ટળી જશે. આ રીતે આપણી સમક્ષ ઉપર બ્લૉક (૧) માં બતાવ્યા મુજબનાં વ્યંજનસ્વરૂપો હાજર થાય છે.

તેટલા ઉપરાંત શ્રી મળી ૪૬ સ્વરૂપો. સ્વરોમાં સ્વતંત્ર ૐકાર માટેનું રૂપ ૐરૂપ ઉક્ત સમિતિએ સ્વીકાર્ય ગણ્યું છે. આ રીતે—

૧. અકાર ૨, અને વરડીઓ ૧૪ (ઓની ત્રણ અને ઔની એક એ ન લેવાની, કારણ કે કાનાની જમણી બાજૂએ એ ની ત્રણ અને ઐની એક માત્રા ગોઠવવાથી વ્યવહાર ચાલી શકશે જ.),
૨. વ્યંજમનાં ૪૬ સ્વરૂપો (શ્રી સાથે), અને
૩. ૐનું એક. આ ઉપરાંત બીજગણિત વગેરેમાં ક્ષ જ્ઞ નાં એક એક રૂપ મળી ૬૫ સ્વતંત્ર બીબાંથી સમગ્ર સ્વર—વ્યંજન—સમામ્નાય સાધી શકાશે.

જોડાક્ષરો

નવી રીતે જોડાક્ષરો ઉપર—નીચે લખવાના નથી, પરંતુ ઉચ્ચારણના ક્રમે ગોઠવવાના છે. આ રીતે કાનાવાળા વ્યંજનો પૂર્વ વર્ણ તરીકે આવે ત્યારે કાનો લુપ્ત થઈ જાય. આવાં क फ ळ ના જમણી બાજૂના છેડાને અને વર્તુલને કાપી કાઢેલાં, વર્ણો સાથે ૩૪ બીબાં જોઇયે.

જે વર્ણોમાં કાનો નથી તેમાં क फ ळ સિવાયના વર્ણો જોડાક્ષરમાં પૂર્વ વર્ણ તરીકે આવે ત્યારે ખોડા લખાય તે ઇષ્ટ છે. આ ङ छ ट ठ ड ड़ ढ ढ़ द र ळ એ ૧૨ વર્ણો ખોડા જોઇયે. સંસ્કૃત ભાષામાં સમગ્ર વ્યંજનો ખોડા જોઇયે છે; માટે આ ૧૨ સહિત બધાં મળી ૪૬ બીબાં ખોડા—સ્વરૂપવાળાં જોઇયે. રકારના રેફમય સ્વરૂપને ઉક્ત સમિતિએ કાઢી નાખેલ છે; અને તે જ ઇષ્ટ છે. તે પૂર્વ વર્ણ તરીકે આવે ત્યારે ખોડો લખવાથી સારલ્ય છે. તે જ રીતે તેનાં લીટી

ઘોડી વગેરે સ્વરૂપ પણ રદ કરવાં જોઈયે. જોડાક્ષરના ઉત્તર વર્ણ તરીકે આવતાં બધા જ સંયોગોમાં રકાર અન્ય વર્ણોની મ[illegible]ક આખો લખાય-છપાય. એ રીતે प्रेम કે द्रव લખવું હોય તો प्‌रेम द्‌रव લખાય.

આ રીતે ૬૫+૩૪+૪૬=૧૪૫ બીબાંથી સમગ્ર-વર્ણ-સમામ્નાય સાધી શકાશે.

આ ઉપરાંત ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૦, અને ૧૬ વિરામચિહ્નો વગેરેનાં બીબાં તૈયાર રાખતાં બધો જ વ્યવહાર સાધી શકાશે. ૧૪૫+૨૬=૧૭૧ બીબાં આમ જોઇશે.[1] અને આનાથી હિંદની બધીયે ભાષાનો વ્યવહાર સાંચવી શકાશે.

શિરોરેખા વિનાની આંતરરાષ્ટ્રિય લિપિ

આવા પ્રકારની લિપિના ઉપરના ભાગમાંથી નાની શિરોરેખા નાબૂદ કરવાથી આંતરરાષ્ટ્રિય લિપિ લેખનાનુકૂળ સાધી શકાશે. તેનું સ્વરૂપ એવું છે કે જે અત્યારની ગુજરાતી લિપિને મળતું આવી જાય છે. આના નિવેડાથી અત્યારની આપણી ગુજરાતી લિપિને પણ સારા હિંદુસ્તાનની આંતરરાષ્ટ્રિય લિપિ બનાવી શકાશે. આનું સ્વરૂપ ઉક્ત સમિતિએ સૂચવ્યું છે તેમાં સ્વરોની માત્રાઓ જૂના સ્વરૂપમાં જ સ્વીકારી છે તે નાગરી લિપિના નવા સ્વરૂપમાં સૂચવ્યા મુજબ સ્વીકારાય તો જ મુદ્રણ અને તેને લીધે ટાઈપરાઇટિંગ અને લીનો મશીનમાં સરળતા સાધી શકાય. આનું સ્વરૂપ બ્લૉક (૩) માં બતાવ્યા મુજબનું રાખવાથી આનું, આ સ્વરૂપ લેખનમાં આંતરરાષ્ટ્રિય બની જાય છે અને માથા વિનાની નાગરી લિપિને જ સાંચવી લઈ શકાય છે. આની બારાખડી પણ તેના આંતરરાષ્ટ્રિય સ્વરૂપને ત્યારે જ સાંચવી શકે કે જ્યારે બ્લૉક (૧) માં સૂચવ્યા મુજબ નાગરી લિપિને સૂચવા-

---

૧. સ્વરની વરડીઓમાં અનુનાસિક અને અનુસ્વારનાં ચિહ્નો અંદર સાથે રહે તેવાં બીબાં રાખવાની જરૂર જણાય તો ૨૮ બીબાં વધારે જોઇયે. આ રીતે બધાં મળી ૧૯૯ બીબાં જોઇયે.

જેવી સ્વરોની માત્રાઓ—વરડીઓ લગાડાય. આ વાતને જતી કરવી કોઈ પણ રીતે ન પાલવે.

આપણી ગુજરાતી લિપિના ગુજરાતી થઈ ચૂકેલા વર્ણોનું સ્વરૂપ ફેરવ્યું ન રુચતું હોય તેવાઓએ પણ સ્વરોની માત્રાઓ તો સુધરેલી નાગરી લિપિની જેવી જ રાખવી જોઈએ. તેથી જ બીબાં ગોઠવવામાં, ટાઈપરાઈટિંગમાં અને લીનોટાઈપ મશીનોમાં સરળતા મેળવી શકાશે.

આપણી આ પરિષદ સંમુખ આ અલ્પ સૂચનાઓ મૂકું છું. સાથેના બ્લૉકમાં તેનું સ્વરૂપ છાપ્યું છે (પૃ. ૨૧૧) તેને ધ્યાનપૂર્વક જોઈ વિચારી જવાની વિદ્વાનો તકલીફ ઉઠાવે, અને તેમાંથી કાંઈ પણ ઉપયોગી જણાય તો તેને સ્વીકારવાની કૃપા દર્શાવે એટલાથી હું મારી આ મહેનતની સાર્થકતા ગણીશ. इति शम् ।

માંગરોળ, તા. ૧૮–૧૨–'૩૫

[ગુજરાતી સાહિત્ય સંમેલન–અધિવેશન બારમું, ૧૯૩૬–અહેવાલ તથા નિબંધ–સંગ્રહ, સાહિત્યવિભાગ, પૃ. ૩૭–૪૧)

૧૬. ગુજરાતી અક્ષરોનાં બીબાં

આપની સમક્ષ મૂકવામાં આવતો પ્રકૃત વિષય પ્રાથમિક નજરે કાંઈ પણ મહત્ત્વ અર્પતો હોય તેમ લાગશે નહિ. બીબાંઓ એ માત્ર બાહ્ય વસ્તુ જ છે; તેનાં નક્કી કરેલાં સ્વરૂપો વ્યવહારને સંપૂર્ણ રીતે ચલાવી શકે એટલે આપણું કાર્ય સર્યું; આમ જ સામાન્ય માન્યતા પ્રચલિત હોય એમ લાગે છે. અને તેથી જ આમવર્ગ એ તરફ તદ્દન બેદરકાર દેખાય છે. જેઓ બાહ્ય સૌંદર્યને આંતર સૌંદર્યની માફક જ થોડું પણ અલ્પત્વ આપ્યા વિના ચાહનારા છે તેઓ આ વાતને કદી પણ ચલાવી લેવા માગતા નથી. બેશક આવા ચાહકો અલ્પસ્વલ્પ છે, તથાપિ તેના મહત્ત્વને તેનાથી લેશ પણ આંચ આવે તેમ નથી. આ સાચા ચાહકો પ્રથમ નજરે જ દિલને હરી લે તેવાં સુંદર વળાંકવાળાં બીબાં ઇચ્છે છે; અને ખર્ચની પણ પરવા રાખ્યા વિના મનપસંદ બીબાં

ફાઉન્ડ્રીઓમાં કઢાવી પોતાનાં વહાલાં પુસ્તકોમાં વાપરે છે. જ્યારે પણ કોઈ પણ ફાઉન્ડ્રીમાં મળતા ટાઈપોના નમૂનાની ચોપડીઓ આપણા હાથમાં લઈયે છિયે અને તેમાં પ્રાપ્ત થતા એકના એક જ સ્વરૂપના ટાઇપોના ભિન્ન ભિન્ન વળાંકો સારાં ફૂલો અને વેલોથી સુશોભિત થયેલા આપણી આંખ સમક્ષ રજૂ થાય છે ત્યારે સ્વાભાવિક રીતે આપણાં દિલને હરી લે છે. મુંબઈ–નિર્ણયસાગર પ્રેસ આ વિષયમાં કદાચ પ્રથમ કક્ષામાં આવે તો તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. તે પ્રેસની ઉચ્ચ કક્ષાની ફાઉન્ડ્રીમાં ઉત્તમ પ્રકારની ટકાઉ ધાતુમાંથી સુંદર દેખાવના ટાઇપોનાં સ્વરૂપો આપણે જોઇયે છિયે ત્યારે ખરે જ આપણને સંતોષ જાહેર કર્યા વિના ચાલતું નથી. તેના જ પૈકા ટાઈપોમાં છપાયેલું પુસ્તક હાથમાં લો; પછી બીજી કોઇ ફાઉન્ડ્રીમાંના તે જ પૈકા ટાઇપમાં છપાયેલું પુસ્તક હાથ લો; જોતાં જ ઉભય એક જ પ્રકારના ટાઈપનાં બાહ્ય સૌંદર્યમાં આપણે તારતમ્ય અનુભવી શકીશું. તે પછી ત્રીજી જ ટાઇપ–ફાઉન્ડ્રીના પૈકાનું પુસ્તક હાથમાં ધરો. કોઈ પણ એક ફાઉન્ડ્રીને અન્યથી હલકી ચીતરવા આ પ્રયત્ન નથી; પરંતુ જેમાં જે કાંઈ સૌંદર્ય–વિષયક વિશેષતા યા હીનતા પ્રત્યક્ષ થાય છે તે બતાવવા પૂરતો જ આ પ્રયત્ન છે. આ ગુજરાતી ટાઇપ કાઢનારી ત્રણે પ્રકારની ફાઉન્ડ્રીઓ ઉત્તરોત્તર પ્રથમ–દ્વિતીય–તૃતીય કક્ષામાં આપણને જણાય છે એ ખૂબી માત્ર કારીગરોની છે. એક ફાઉન્ડ્રી સૌંદર્યમાં ઓછા દીપતા ટાઇપો કાઢે છે તેમાં વાંક એકલા ફાઉન્ડ્રીવાળાઓનો પણ નથી. ગ્રાહકોને સોંઘા ટાઇપો જોઇયે છે, અને તેથી સહેલી રીતે અને સફાઇની દરકાર રાખ્યા વિના હલકી ધાતુમાંથી ટાઇપો કાઢવામાં આવે એ કાંઇ અસ્વાભાવિક નથી. આમ છતાં પણ સાદા ટાઈપો કાઢવામાં વધુ મુશ્કેલી તો ન જ ગણાય. ભલે ધાતુ હલકી વપરાય, પરંતુ ટાઇપોના 'ફેઇસ' સારા અને સુંદર કરવામાં આવે તો તેથી ફાઉન્ડ્રીવાળાઓને ખાસ નુકસાન જવા સંભવ નથી.

પરંતુ આ બધાનું મુખ્ય કારણ મને તો એક જણાય છે–અને તે એ જ છે–આપણામાં ચલાવી લેવાની બૂરી ખાસિયત છે. આ ચલાવી લેવાની ખાસિયતને લીધે જ ગુજરાતીઓ અન્ય પ્રાંતીયો કરતાં કાંઇક અંશે પછાત છે.

એક બીજું કારણ પણ મને જણાય છેઃ રોમન લિપિમાં ચાલુ મુદ્રણ–કામ માટે ૨૬ મૂળાક્ષરોનાં નાનાં મોટાં (small, capital, and small capital) થઇ મુખ્ય ૭૮ બીબાં જ હોય, એટલે ૭૮ મેત્રિસ બનાવી બધું કાર્ય પાર પાડવામાં આવે છે. અને તેથી જ અનેક પ્રકારના અવનવા ફેઇસવાળા ટાઇપો મેળવવામાં નિઃસંકોચ-વૃત્તિવાળા થઇ શકાય છે; જ્યારે પૂર્વની લિપિઓમાં સ્વરોની જુદી જુદી માત્રાઓ–જોડાક્ષરો વગેરેમાં પરાપૂર્વથી ચાલ્યાં આવતાં સ્વરૂપોને લીધે એક જ અક્ષરનાં ૧૦–૧૨ અને છેક ૨૪ સુધીનાં બીબાં કરવાં પડે છે. કયાં ૩ બીબાં અને કયાં ૨૪ બીબાં ? નીચે એક ક નાં અનેક બીબાં કયાં છે તે સરળતા થવા બતાવું છું:—

૧ ક—ચાલુ ટાઈપ;

૧ ક—ઉપરની ડિગ્રીવાળો કે, કૈ, કો, કૌ, કં વગેરે બનાવવા;

૧ ક—નીચેની ડિગ્રીવાળો કુ કૂ કૃ નાં બીબાં અખંડ ખૂટી જતાં તે વરડુ વગેરે ગોઠવવા;

૧ ક—ઉપર-નીચેની ડિગ્રીવાળો–જોડાક્ષરમાં નીચેના વર્ણની ઉપર મૂકવા વગેરે માટે તેમ જ કું કૂં વગેરે બનાવવા;

૧ કી—દીર્ઘ અજ઼ુવાળું બીબું તૈયાર મળે છે;

૧ કુ—હ્રસ્વ વરડુવાળું બીબું તૈયાર મળે છે;

૧ કૂ—દીર્ઘ વરડુવાળું બીબું તૈયાર મળે છે;

૧ કૃ—ઋકારવાળું બીબું પણ તૈયાર મળે છે;

૧ ક—જોડાક્ષરમાં પૂર્વ વર્ણ તરીકે મૂકવા 'ક' ની જમણી બાજૂની આડી રેખા અધૂરી રાખી;

૧ કે—એક માત્રાવાળું અખંડ બીબું;

૪ ર્ક—રકારથી સંયુક્ત 'ર્ક' નાં ચાલુ, ઉપરની ડિગ્રીવાળું, નીચેની ડિગ્રીવાળું, અને ઉપર–નીચેની ડિગ્રીવાળું;

૧ ફૂ—ખોડા 'ફૂ' નું અખંડ બીબું;

૪ ક્ત—તકારથી યુક્ત 'ક્ત'નાં ચાલુ, ઉપરની ડિગ્રીવાળું, નીચેની ડિગ્રીવાળું, અને ઉપર—નીચેની ડિગ્રીવાળું;

૧ કૂં—સાનુનાસિક દીર્ઘ ઊંકારવાળું અખંડ બીબું; અને

૪ ક્ક—'ક' થી સંયુક્ત 'ક્ક'નાં 'ર્ક–ક્ત' મુજબ ચાર બીબાં.

આમ માત્ર ક નાં મારા અનુભવમાં ઓછામાં ઓછાં ૨૪ બીબાં આવેલાં છે. ફાઉન્ડ્રીવાળાઓને આ ખાતર ક ની ૨૪ મેત્રિસ તૈયાર રાખવી પડે છે. આ રીતે અનેક વર્ણોની ભિન્ન ભિન્ન મેત્રિસ તૈયાર કરવામાં જ–વસાવવામાં જ ફાઉન્ડ્રીવાળાઓ ખર્ચના ખાડામાં ઊતરી જાય છે; અને તેથી પણ તેઓ ટાઇપોનાં બાહ્યાંગ સુધારવામાં ઓછું ધ્યાન આપનારા થાય તો તેમાં હું કશું આશ્ચર્ય જોતો નથી.

આપણે ત્યાં જોડાક્ષરો બહોળા પ્રમાણમાં છે. લેખનમાં કાના વિનાનો વ્યંજન પૂર્વ વર્ણ તરીકે હોય ત્યારે અને સામાન્ય રીતે પકાર–તકાર વગેરેના સંયોગ હોય ત્યારે જોડાક્ષરો ઉપર–નીચે લખાય છે. બેશક તે શોભીતું લાગે છે. એથી જ કરીને એક જ વર્ણનાં અનેક બીબાંઓ તૈયાર રાખવાં પડે છે. રોમન લિપિમાં આવી માથાકૂટ નથી, અને તેથી અંગ્રેજી ટાઇપ કાઢનારી ફાઉન્ડ્રીઓ અનેક પ્રકારના સુશોભિત બાહ્યાંગવાળા ટાઇપો બજારમાં હાજર રાખી શકે છે અને ખરીદનારાઓ ઓછી કીમતે ખરીદી શકે છે. રોમન લિપિના એક પ્રકારની ૧૦૦ જેટલી મેત્રિસ હોય એટલે એક આખો પ્રકાર સિદ્ધ થાય છે, જ્યારે ગુજરાતીમાં એક જ પ્રકાર માટે ૧૦૦૦ જેટલી મેત્રિસ તૈયાર રાખવી પડે છે. આમ રોમન લિપિના ટાઇપો તૈયાર કરવામાં સારલ્ય જબરું છે, સમયનો બચાવ છે અને કરકસર છે.

આપણે ત્યાં નાગરી ટાઇપોનું કંપોઝિંગ સામાન્ય રીતે અઘરું ગણવામાં આવે છે. નિર્ણયસાગર પ્રેસ જેવાં છાપખાનાંઓ ઘરની જ

ફાઉન્ડ્રીની મદદથી અનેક પ્રકારનાં અખંડ બીબાં વસાવવા શક્તિમાન છે, જ્યારે બીજાં છાપખાનાંઓમાં તેટલું સારલ્ય નથી. સબબ, એ કામ સર્વત્ર અઘરું અને ખર્ચાળ મનાય છે. પ્રાયઃ ટાઇપો ઉપર-નીચેની ડિગ્રીવાળાઓ જ વસાવવામાં આવે છે; સ્વરોની માત્રાઓ લગાવતાં રહેતા ખાંચા ચોરસ અને લંબચોરસ ડિગ્રીઓથી ભરવા પડે છે; આમ બીબાંઓ ગોઠવવા-વસાવવામાં જ સમય અને નાણાંની બરબાદી થતી હોવાથી તે કંપોઝિંગ મોઘું પડે એ સ્વાભાવિક છે. ગુજરાતી ટાઇપોનું કંપોઝિંગ સમૃદ્ધ છાપખાનામાં સરળ અને સસ્તું ખરું, પણ નાનાં છાપખાનાંઓમાં મુશ્કેલીભરેલું છે. આ નાગરી-ગુજરાતી ટાઈપોના કંપોઝિંગમાં સરળતા કેટલી જરૂની છે ?

આનો સાચી તકલીફ તો ટાઈપ-રાઇટરો અને લીનોટાઈપ મશીનોમાં છે. સ્વરોની માત્રાઓ લગાવવી, જોડાક્ષરો ઉપર-નીચે મૂકવા, તે કાર્ય તેમાં બહુ જ મુશ્કેલીભરેલું છે. વધારામાં ગુજરાતી વર્ણસ્વરૂપોને પહોંચી વળવા અનેક બીબાંઓ તૈયાર હોય તેવી ચાવી-વાળાં જ મશીનો હોય તો કામ પૂરું અને સારું આપી શકે. કેટલાંક પારસી વર્તમાનપત્રો જેમ જોડાક્ષરોની દરકાર પણ કર્યા વિના અક્ષરો બધા જ આખા છાપે છે તેવું આ ટાઈપરાઇટરોનાં મશીનની મદદે કરે તો કામ ઝટ થાય અને મશીનો સોંઘાં મળે; પણ તેમ સર્વત્ર બની શકતું નથી. આ માટે તો એ જ ઉત્તમ માર્ગ કે જેમ બને તેમ ઓછામાં ઓછાં બીબાંથી વધુ કાર્ય થઇ શકે તેવાં મશીનો-તેવા ટાઇપો તૈયાર હોય તો જ સમય અને નાણાંનો બચાવ થાય; તે તરફ આપણે ધ્યાન આપવું જોઇયે.

આપણે ત્યાં પ્રથમ મુશ્કેલી સ્વરોની માત્રાઓ-વરડીઓ લગાવ-વામાં છેઃ—

ક કા કિ કી કુ કૂ કૃ કે કે કૈ કો કો કૌ કં કઃ

આમાં સ્વરોની માત્રાઓ લગાવતાં કુ કૂ કૃ કે કે કૈ કો કો કૌ કં આ પૂર્ણ વર્ણો બનાવવા કાં તો સ્વતંત્ર રીતે અખંડ બોડી ટાઇપ

જોઈયે, નહિતર ઉપર-નીચેની ડિગ્રીવાળો કે જોઈયે. હ્રસ્વ અર્જુ અને દીર્ઘ અર્જુનાં બીબાં એવાં છે કે ટાઇપની ડાબી—જમણી બાજૂએ મૂકવા માત્રથી ઇષ્ટ વર્ણ આપે છે. હ્રસ્વ અર્જુ આવા સંયોગોમાં પ્રાયઃ તૂટી જાય છે, કારણ કે અર્જુનું વર્તુલ ટાઇપને માથે આવી રહે છે, જે કાનામાં ચોંટેલું હોય છે અને છાપવાના મશીનમાં અથડાતાં ભાંગી ખરી પડે છે. 'ટૂ લાઇન્સ' વગેરે ટાઇપોમાં હ્રસ્વ દીર્ઘ અર્જુનું વર્તુલ સર્વત્ર નાનું હોવાથી તૂટતું નથી એટલાં સદ્ભાગ્ય. આ કડવો અનુભવ દરેકે દરેક પુસ્તકમુદ્રાપકને હોય છે તે સમાનધર્મીઓને અજ્ઞાત વાત નથી. માટે પ્રથમ તો આ માત્રાઓ એવા સ્વરૂપવાળી હોવી જોઈયે કે જેને માટે અખંડ એક જ બીબું વર્ણનાં બીબાંની એક બાજૂ ગોઠવાઇ રહે; ઉપર નીચે ક્યાંક એ માત્રાઓ મૂકવી જ ન પડે. કંપોઝિંગ સરળ કરવા આવો કોઈ સર્વમાન્ય ઉપાય યોજવાની નિષ્ણાતોને ખાસ જરૂર હોવી જ જોઈયે, તો જ કાર્યમાં સમય અને નાણાંનો બચાવ થાય.

ઈંદોર-હિંદી સાહિત્ય સંમેલનની બેઠકમાં નાગરી લિપિને સર્વ-માન્ય અને સર્વસામાન્ય સાફલ્યવાળી બનાવવા યોજના કરવામાં આવી છે. લિપિ-સુધારક સમિતિએ તે વિષયમાં કેટલાએક ઠરાવો ઘડયા છે તેમાંનો સ્વરોની માત્રાવિષયક એક ઠરાવ ઘણો જ ઉપયોગી છે, જેના પ્રમાણે વર્તન કરવાથી સમય અને નાણાંનો જબર બચાવ થવાનો પૂરતો સંભવ છે, કેમકે તેમાં એક જ વર્ણનાં અનેક અખંડ બીબાંઓની જરૂર જ નથી રહેતી; એક જ બીબાંની બાજૂમાં સ્વરોની માત્રાનાં સ્વતંત્ર બીબાં મૂકવાથી સકળ કાર્ય સરી જાય છે. તે ઠરાવ આ છે:-

"(૨) बाराखड़ी में स्वरोंकी सब मात्राएं अक्षरों के आगे रखी जायं। शिर पर या पाईं के नीचे नहीं। × ×"

આ સમિતિનો આશય એમ પણ છે કે માત્રાઓ વર્ણની જમણી બાજૂ જ આવી રહે. હ્રસ્વ અજ્જુ અત્યારે ડાબી બાજૂએથી

માથે આવે છે તેના તરફ આ સમિતિ બહુ જ ઓછા માનથી જુએ છે અને ઇચ્છે છે કે નિષ્ણાતો કોઇ યોગ્ય સ્વરૂપ સૂચવે જે જમણી બાજૂએ જ દીર્ઘ અજ્જુની માફક જ ગોઠવાઈ રહે. આ હ્રસ્વ અજ્જુ હ્રસ્વ તો છે જ. દીર્ઘ અજ્જુથી તેનો ભેદ બતાવવા દીર્ઘ આખી છે તેને બદલે આ અર્ધી પ્રયોજાય તો તે સરળતા જરૂર અર્પશે. હું નિષ્ણાતોનું અત્રે ધ્યાન ખેંચું છું કે હિંદની ઉડિયા મોડી ગ્રંથ મળાયળમ તુળુ અને તામિળ લિપિઓમાં હ્રસ્વ અજ્જુ વર્ણની જમણી બાજૂએ જ આવે છે તેને આપણે અપનાવી લઇયે તેમાં કોઇ પણ જાતની હાનિ હું જોતો નથી.

બીબાંઓમાં પૈકા માપની વાત કરતાં પ્રાયઃ સર્વ વર્ણો પહોળાઇમાં અર્ધ એમના છે; અ ખ ણ એ ત્રણ કે ચાર વર્ણો પોણા એમના છે. આ પોણા એમના વર્ણોનો ફેઈસ જરા સાંકડો કરી બધા જ વર્ણો ½ એમના માપમાં લઈ લેવાઃ તેની બાજૂમાં–જમણી બાજૂ માત્ર ¼ એમના માપમાં સમાઈ રહે તેવાં સ્વરોની બધી જ માત્રાનાં બીબાં તૈયાર કરવાં. એ ઐ ઓ ઔ અં અઃ, આ સ્વરોની માત્રાઓ વર્ણની ઉપર આવે છે, જ્યારે કાનો જમણી બાજૂએ આવે છે. આનો નમૂનો ફેરવી ¼ એમનું જ એક બોબું બનાવી તેમાં સ્વરોની માત્રાઓ સમાવિષ્ટ કરવી. આ માટે હું જે ૧૫ માત્રાઓ સૂચવું છે તે સામે આપેલા બ્લૉકમાં જુઓ.

આખા વર્ણની જમણી બાજૂએ એ પ્રમાણે બનાવેલાં ¼ એમનાં બીબાં આવી જવાથી સંપૂર્ણ બારાખડી સાધી શકાશે. (જુઓ બ્લૉક-માં આપેલી બારાખડી.)

સ્વરોની માત્રાઓ માટે એ પંદર બીબાં મુખ્યતયા આવશ્યક છે. તે ઉપરાંત અનુનાસિક સુશોભિત થાય તેમ બતાવતાં બ્લૉકમાં બતાવ્યા મુજબનાં બીબાં વધારાનાં જોઇયે. (ટાઇપરાઇટરોમાં અને લીનો ટાઈપ મશીનોમાં બ્લૉકમાં આપેલમાંથી બધાંની જરૂર નથી.)

એટલાં ૨૨ બીબાં ¼ એમ અથવા ½ એમ જે પ્રમાણે

૧. માત્રાઓ

િ ી ી ુ ુ ૂ ૃ ે ૈ ૈ ો ૌ ૉ ં ઁ ઃ

૨. બારાખડી

અ આ અિ અી અુ અૂ અૃ અે અૈ અૅ અો અૌ

અૉ અં અઁ અઃ

૩. સાનુસ્વાર અને સાનુનાસિક માત્રાઓ

િં િઁ ીં ીઁ ીં ીઁ ુ ુ ૂં ૂઁ ેં ેઁ ૈં ૈઁ ોં ોઁ

ૌં ૌઁ ૉં ૉઁ

૪. સ્વતન્ત્ર વર્ણો-અંકો

અ ક ક્ ખ ખ્ ગ ગ્ ઘ ઘ્ ઙ ઙ્ ચ ચ્

છ છ્ જ જ્ જ જ્ ઝ ઝ્ ઞ ઞ્ ટ ટ્ ઠ ઠ્ ડ ડ્

ડ ડ્ ઢ ઢ્ ઢ ઢ્ ણ ણ્ ત ત્ થ થ્ દ દ્

ધ ધ્ ન ન્ પ પ્ ફ ફ્ બ બ્ ભ ભ્

મ મ્ ય ય્ ર ર્ લ લ્ વ વ્ શ શ્

ષ ષ્ સ સ્ સ્ત સ્ત્ હ હ્ ળ ળ્ ક્ષ

ક્ષ ક્ષ્ જ્ઞ જ્ઞ્ ૐ શ્રી ૦૧૨૩૪૫૬૭૮૯

૫. વિરામ ચિહ્નો વગેરે

. , : ; - — ' ' [{ (+ × ! ? /

આપમાં સચવાઈ રહે તે મુજબનાં બનાવવાં. આટલાં ૬૭ બીબાં માત્રથી સમગ્ર વ્યવહાર ચાલી શકશે. કંપોઝિટરોને રોમન લિપિના કંપોઝિંગ જેટલી જ આનાથી સરળતા થશે. આમ એક જ આખા વર્ણનું બીબું બારાખડીના દરેક અક્ષરને માત્રાનાં સ્વતંત્ર બીબાંની મદદથી આપવા શક્તિમાન થશે. અનુસ્વારનાં જે બીબાં બ્લોકમાં આપ્યાં છે તે સિવાયનાં અનુનાસિક કિંવા અનુસ્વારનાં બિંદુવાળી માત્રાઓનાં સ્વતંત્ર બીબાં અત્યારે જે સ્વરૂપમાં છે તે સ્વરૂપવાળાં છાપખાનામાં રાખવાં તો પડે છે જ. માત્ર આ પોલાં મીંડાવાળો અનુસ્વાર ઇંદોરના હિંદી સાહિત્ય સંમેલનની લિપિ–સુધારક સમિતિ-ની સૂચનાએ વધુ ઉમેરેલ છે, જેનો આજ નહિ તો કાલે પણ ગુજરાતીઓએ સ્વીકાર કર્યા વિના છૂટકો જ નથી. અમો વર્ષો થયાં તે અનુસ્વારના પોલા મીંડાની ભલામણ કરિયે છિયે તેના તરફ આપણા જ ગુજરાતી વિદ્વાનો ભલે બેદરકાર રહે, પરંતુ સમગ્ર હિંદના એ હિંદી સાહિત્ય સંમેલને તો તેનો અનુરોધ કરી આડકતરી રીતે પણ અમોને પ્રોત્સાહન આપી ઉત્તેજિત કર્યા છે.

ઉપર મુજબ બારાખડી એક વર્ણનાં જ બીબાંની જમણી બાજૂ સ્વરોની ભિન્ન ભિન્ન માત્રાઓનાં સાનુનાસિક સાનુસ્વાર અને સાદાં મળી ૩૭ બીબાં આવતાં તૈયાર થઇ ચૂકે.

હવે બીજો જટિલ પ્રશ્ન સંયુક્તાક્ષરોના વિષયમાં છે. માતૃભાષાના ખરા પ્રેમી પત્રકારોને તે ચલાવી લેવું નથી. ગુજરાતી, પ્રજાબંધુ ગુજરાતી–પંચ વગેરે સાપ્તાહિકો તો સાવધાન જ છે અને છાપવામાં સંયુક્તાક્ષરોની શુદ્ધિ ઉપર બરોબર ધ્યાન રાખે છે. પારસી દૈનિકો આ વસ્તુમાં નિરુપાયે અસાવધ છે; પ્રાયઃ જોડાક્ષરોને તોડી નાખી આખા વર્ણો જ ગોઠવી દે છે. અને તેમ કર્યા વિના છૂટકો પણ નથી હોતો. અનેક બીબાંઓ જોઇયે ત્યાં સમયસર પત્ર છાપવું હોય ત્યારે કયા ખાનામાંથી કયું બીબું શોધવા થોભવું? આ જોડાક્ષરની વ્યવસ્થા ગુજરાતી લિપિમાં એક સરખી નથી તે જ તેમાં અડચણ કરનારૂં છે. તેનું ધોરણ એક

સરખું બંધાય તે જ ઇષ્ટ છે; તેનાથી જ કંપોઝિંગ, ટાઇપરાઇટિંગ અને લીનો-ટાઇપિંગ સરળ થઇ પડશે.

આપણે ત્યાં કાનાવાળા જે વ્યંજનો છે તેને જોડાક્ષરમાં પૂર્વ વર્ણ તરીકે મૂકતાં કાનો દૂર કાઢી નાખિયે છિયે. આવાં કાના વિનાનાં તે તે અક્ષરનાં બીબાં દરેકે દરેક છાપખાનામાં હોય છે જ, તે જોડાક્ષરમાં પૂર્વ વર્ણ તરીકે રહે એટલે પત્યું. જે વ્યંજનો કાનાવાળા નથી તેને પ્રાયઃ પાછલા વર્ણની આગળ કે ઉપર ગોઠવવામાં આવે છે. આ માટે કાંતો તેવા જોડાક્ષરનું આખું અખંડ એક બીબું જ રાખવું પડે છે, નહિતર-ઉપર-નીચેની ડિગ્રીવાળા ટાઇપો લઇ ઉપર-નીચે ગોઠવવામાં આવે છે; પરંતુ ત્યારે અનુસ્વાર કે વરડુ તેમ જ અકારાદિની માત્રાઓ લગાવતાં બહુ જ મૂંઝવણ પડે છે અને સમયનો સારો ભોગ લેવાઇ જાય છે. તે માટે કાંઇ પણ માર્ગ શોધી કાઢવો જોઇયે. ઇંદોર લિપિ-સુધારક સમિતિ તેવા સંયોગમાં પૂર્વ વર્ણ અને ઉત્તર વર્ણને અલગ રાખી વચ્ચે આડી રેખા કરવા સૂચવે છે, તે કરતાં તે તે વર્ણ ખોડો રખાય તે જ ઇષ્ટ છે. આમ એક વર્ણનાં માત્ર બે બીબાં તે એવી રીતે કે—

૧. કાનાવાળા વ્યંજનોનું કાનાવાળું ને કાના વિનાનું,

૧. કાના વિનાના વ્યંજનોનું સાદું અને નીચે ખોડાના ચિહ્નવાળું જોઇયે.

—આટલા ફેરફારથી આપણો સમગ્ર વ્યવહાર ચાલશે. રકારને માટે રેફ અને રેખા કે ઘોડી કરવામાં આવે છે તેની આથી આવશ્યકતા જ નહિ રહે. કર્મ લખવું હોય તો કર્‍મ લખાશે-છપાશે; શાસ્ત્રી લખવું હોય તો શાસ્ત્‍રી લખાશે-છપાશે; અને હ્રસ્વ લખવું હોય તો હ્‍રસ્વ લખાશે—છપાશે. આ સુધારો ટાઇપરાઇટિંગ અને લીનો ટાઇપ મશીનોમાં કેટલી સરળતા લાવી મૂકશે તે માત્ર નિષ્ણાતો જ જાણી શકે.

સંસ્કૃત ભાષાનાં અવતરણો તેમ જ વિદેશી ભાષાના ફકરાઓ ગુજરાતી લિપિમાં ઉતારતાં ખોડા વ્યંજનોની ઘણીવાર જરૂર રહે છે.

કાના વિનાના વ્યંજનોનાં ખોડા રૂપવાળાં બીબાં ઉપર બતાવ્યા મુજબ તૈયાર રહેવાનાં જ. કાનાવાળા ખ ગ ઘ ચ જ ણ ત થ ધ ન પ બ ભ મ ય લ વ શ ષ સ ક્ષ જ્ઞ આટલા વર્ણોમાં નીચે હલ્–ચિહ્નવાળાં બીબાંઓ તૈયાર રહે એટલે સર્વ કાર્ય સરળ થઇ પડશે.

ગુજરાતી લિપિમાં ઘ અને ધની પાકી મૂંઝવણ છે. તે ટાળવા ધના ઉપરના વર્તુલમાં થને મળતું મીંડું કરવાથી સૌકર્ય પ્રાપ્ત થશે તેમ જ તે વર્ણ અત્યારે જે શોભા આપે છે તેના કરતાં ઘણી જ સારી શોભા આપશે. વધારામાં જ–સનાં વિદેશી અને ગ્રામીણ ઉચ્ચારણ માટે અનુક્રમે ૨ અને ૩ બીબાં જોઇયે. વધારામાં ૐ અને **શ્રી.** (જુઓ બ્લૉકમાં.)

આ રીતે આપણને માત્ર બ્લૉકમાં બતાવ્યા મુજબનાં ૧૪૪ મૂળ બીબાંઓ જ જોઇશે.

આ ૧૪૪ બીબાં ઉપરાંત વિરામચિહ્નો વગેરે ૧૬ (. , : ; ! ? - — ‘ ’ [ ] (+ × /) મળી ૧૬૦ બીબાં અને અંકોનાં ૧૦ મળી ૧૭૦ બીબાં જોઇયે.

માત્ર આટલી મેત્રિસ તૈયાર રાખવાથી ફાઉન્ડ્રીવાળાઓ તેમ જ ૫૩ જેટલી ચાવીઓથી ટાઇપરાઇટર બનાવનારાઓ અને લીનો ટાઈપ મશીનો તૈયાર કરનારાઓ પોતાનો સમગ્ર વ્યવહાર સાધી શકશે.

આ તો માત્ર ટાઇપોની જ વાત થઈ. હવે અહીં તેના સ્વરૂપના વિષયમાં થોડુંક કહેવા ઇચ્છું છું.

આરંભમાં સૂચવી જ ગયો છું કે ફાઉન્ડ્રીવાળાઓ જરા ખામચી રાખે તો મનોહર બીબાંઓ અવશ્ય ઉત્પન્ન કરી શકે. નિર્ણયસાગર ટાઇપ ફાઉન્ડ્રીએ આ દિશામાં ઘણી જ પ્રગતિ કરી છે: અંગ્રેજી ઇટેલિક્સ ટાઇપના ઘાટના ટેઢા વર્ણો તે ફાઉન્ડ્રીએ કાઢ્યા છે. સુંદર પુસ્તકોમાં યોગ્ય સ્થળે તે ટાઇપોના પ્રયોગથી ગ્રંથ શોભાસ્પદ જરૂર બને છે. આ ડાબી બાજૂ ઢળતા હોય છે. તે જ રીતે જમણી બાજૂ ઢળતા

દેખાવવાળા વર્ણો પણ શોભાસ્પદ બને. ફૂલો અને વેલોથી સુશોભિત ટાઇપો, ખાસ કરી કેપિટલ પ્રયોજવા પડે ત્યાં આપણે ત્યાં વાપરવાનો પ્રચાર છે, તેમાં પણ નિષ્ણાતો નવી નવી ભાત પ્રયોજે તે ઇચ્છવા યોગ્ય છે.

અત્યારે પ્રાપ્ત થતા ટાઇપોના પ્રકારમાં સાદા અને બ્લૅક એવા મુખ્ય બે જ ભેદો પ્રાયઃ પ્રાપ્ત થાય છે. મુંબઇની એએક ફાઉન્ડ્રીમાં પૈકાનો એક ત્રીજો પ્રકાર દાખલ થયો છે, જેનો ફેઇસ લગભગ સવાઇ પૈકાને મળતો છે. ચાલુ કંપોઝિંગમાં આ ત્રણ ભાત તેની જરૂરિયાત પ્રમાણે જરૂર શોભાસ્પદ બને છે. બોમ્બે લેટર ફાઉન્ડ્રીએ સ્મૉલ પૈકામાં પણ આવા પ્રકારો કાઢેલા. આ જ પદ્ધતિ લૉંગ પ્રાઇમર, સવાઈ પૈકા અને ગ્રેટ પ્રાઇમરમાં યોજાય એ ઇચ્છવા યોગ્ય છે. ઉપર બતાવ્યા પ્રમાણે આજ દિવસ સુધી ૧૦૦૦ જેટલી મેટ્રિસ તૈયાર રાખવી પડતી હતી તેનાથી ઘણી જ ઓછી મેટ્રિસ ને લગભગ ૧૭૦ જેટલી જ એક જાતને માટે રાખવાની છે. આમ ઘણો જ ખર્ચ બચી જાય તેમ છે; અને તેથી આ દિશામાં સારલ્યપૂર્વક ઘણી જ પ્રગતિ સાધી શકાય તેમ છે. વર્તમાનપત્રકારો અને ગ્રંથમુદ્રાપકો જો ઇચ્છે તો ધાર્યું કાર્ય મેળવી શકે તેમ છે. માત્ર વાંધો એટલો જ છે કે આ દિશા તરફ વ્યાપારી મગજના પત્રકારો જરા બેદરકાર રહે છે.

આ વિષયમાં મારી સમક્ષ ઉપસ્થિત થયા છો તે આપ સૌના કરતાં મારો ઓછામાં ઓછો અનુભવ હશે. આ વિષયના નિષ્ણાતો ઉપર સૂચવેલી મારી સૂચનાઓ સાવધાનતાપૂર્વક વિચારી તેનો કાંઇ પણ ઉપયોગ કરે તો તેટલાથી મારી કૃતકૃત્યતા છે એમ હું માનીશ. सुज्ञेषु किं बहुना ?

[ગુજરાતી સાહિત્ય સંમેલન–અધિવેશન બારમું, ૧૯૩૬, અમદાવાદ, અહેવાલ તથા નિબંધસંગ્રહ, પત્રકારત્વવિભાગ, પૃ. ૧૬૧–૧૬૮]

૧૭. જોડણી વિશે કાંઇક

આજે લેખનના વિષયમાં અંતર્ભૂત એવા જોડણી એ વિષય ઉપર આપની સંમુખ કાંઇક જણાવવા માગું છું. આજ સુધીમાં આ વિષયમાં અનેક પ્રયત્નો થયા છે, પરંતુ એવા એક પણ પ્રયત્નનું સર્વાંશે પાલન અદ્યાપિપર્યંત થઇ શકયું નથી. તેથી હું એમ કહેવા નથી જ માગતો કે આ વિષયમાં કેવળ અરાજકતા ચાલે છે. કેટલેક અંશે સિદ્ધિ મળી છે, તથાપિ સર્વમાન્ય જોડણી સ્વીકારાઇ નથી, એટલું જ કહેવાનો મારો આશય છે. સામાન્ય રીતે આજ દિવસ સુધીમાં જે જે નિયમો ઘડાયા છે તે તે નિયમોમાં સરળતા કે અનુકૂળતા તરફ ઘણું કરી ધ્યાન આપવામાં આવ્યું છે. સ્વ. ગોવર્ધનરામભાઇએ એક એવો નિયમ અગાઉ ઘડેલો કે—"પદને અંતે ઈ એટલા દીર્ઘ અને ઉ એટલા હ્રસ્વ." પરંતુ આ શા માટે? એનો એ જવાબ આપી શકાય કે લેખનની સરળતા. આમ લેખનની સરળતા જોવા જતાં કેટલીયેવાર ઉચ્ચારણ તેમ જ શાસ્ત્રીય મર્યાદાનો ભંગ કરી દેવામાં આવ્યો હોય છે. આ સંબંધમાં છેવટનો પ્રયત્ન આપણી ગુજરાત વિદ્યાપીઠ તરફથી થયેલો છે તેમાં પણ આ જાતની ખામી દેખા દે છે. આપણે ત્યાં જેમ જેમ ભાષાશાસ્ત્રવિષયક જ્ઞાનનો ફેલાવો થતો જાય છે તેમ તેમ ભાષાશાસ્ત્રને અધીન એવાં તત્ત્વ જડતાં આવે છે. તદનુસાર આપણે આપણું વલણ બદલતા જઇયે છિયે. આ મળી આવતાં તત્ત્વોમાંનાં કેટલાંક તો એવાં સર્વવ્યાપક હોય છે કે આપણે તેને માન આપ્યા વિના ન જ ચાલે. આવા સંયોગોમાં આપણા કૃત્રિમ કામચલાઉ નિયમોને તિલાંજલિ આપ્યા વિના ચાલતું નથી; એટલે આપણા ઉપર અરાજકતા ફેલાવ્યાનો આરોપ આવે છે.

જોડણીના નિયમો નક્કી કરતાં એક એવી જાતની પણ શંકા ઉઠાવવામાં આવે છે કે ગુજરાતી ભાષાના સ્વરૂપમાં પ્રાંતીય ઉચ્ચારણો અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે, માટે સર્વમાન્ય નિયમો ઘડાવા જોઇયે;

અને એવા સર્વમાન્ય નિયમો ન ઘડાય ત્યાંસુધી અરાજકતા રહેવાની.

પણ આ કહેવાતી અરાજકતા નથી ટળી શકતી એવું કોઈ પણ સિદ્ધ કરી આપવા તૈયાર થઈ શકે ખરું? આજથી સિત્તેર–એંસી વર્ષ પૂર્વેનાં લખાણ જુઓ અને આજનાં લખાણ જુઓ. અમુક અમુક ચર્ચાસ્પદ સ્થળો સિવાય એક ધાટીનું જ લખાણ લગભગ મળવાનું. આ ચર્ચાસ્પદ સ્થળોનો નિર્ણય પણ સુકર છે. પ્રાતિશાખ્યોથી માંડી અત્યાર સુધીનાં વ્યાકરણો જોવાથી આ વસ્તુ ધ્યાનમાં આવી શકે તેમ છે. મહાન વૈયાકરણો આવી જાતની અરાજકતા દૂર કરવા સમર્થ થઈ શકયા છે. તેઓએ **વિભાષા** કે **વિકલ્પ** નામનું તત્ત્વ સ્વીકાર્યું છે. શાસ્ત્રીય દૃષ્ટિએ જ્યારે એક કરતાં વધારે જાતનાં રૂપો આપણી સામે આવી પડે છે ત્યારે આ **વિભાષા** કે **વિકલ્પ** એક આબાદ ઔષધ થઈ પડે છે. ગમે તેવા જોડણીના અસાધ્ય રોગોને હટાડવા આ **વિભાષારૂપી** ઔષધ સમર્થ થઈ શકે છે. પંડિતપ્રકાંડ હેમાચાર્યનું સિદ્ધહૈમનામક વ્યાકરણ અને તેમાંય તે ગ્રંથનો પ્રાકૃતભાષાવિષયક આઠમો અધ્યાય સાદ્યંત જોવાથી આ વાતનો પત્તો મળી જાય છે. ઉચ્ચારભેદને લીધે પ્રાકૃત ભાષામાં એકની એક પ્રકૃતિનાં એક કરતાં વધારે રૂપ મળી આવે છે. આવાં રૂપોને વૈયાકરણો સર્વત્ર વિભાષાદ્વારા સ્વીકારી લે છે. ઉચ્ચારણમાં થતા આ ભેદ પણ કાંઈ કૃત્રિમ હોતા જ નથી, અમુક નિયમોને જ અધીન હોય છે. આવા નિયમોમાં ખૂબી તો એ હોય છે કે–તે વિકાર દુનિયાની ગમે તે ભાષા લો, તેમાંથી જડી આવવાના. તુલનાત્મક ભાષાશાસ્ત્રે આ વાત અત્યારે તદ્દન સિદ્ધ કરી બતાવી છે.

અત્યારે ગુજરાતી ભાષાના સ્વરૂપમાં પણ આ રીતે વિચારક-દૃષ્ટિએ તેનો તોડ આવી શકે તેમ છે.

જોડણીનાં તત્ત્વનો વિચાર કરતાં આપણે નીચેની વસ્તુઓ ઉપર ધ્યાન આપિયે તો મારું માનવું છે કે–આપણે જોડણીની ગમે તેવી અરાજકતા હોય તોય તેનો નિકાલ લાવી શકિયે. એ તત્ત્વો આ છેઃ—

૧. ઉચ્ચારણ, ૨. શાસ્ત્રીય મર્યાદા અને ૩. સારલ્ય કિંવા લેખનની અનુકૂળતા.

આ ત્રણે તત્ત્વોના સમન્વયપૂર્વક કરવામાં આવેલાં રૂપો કે નિયમો માનવા લાયક જ થઇ પડે. જ્યાં જ્યાં ઉચ્ચારણોમાં ભેદ થઇ પડતો હોય ત્યાં ત્યાં શાસ્ત્રની મદદ લો, વસ્તુનું નિરાકરણ તરત જ મળવાનું. એ બે તત્ત્વોથી પણ જ્યાં કાંઇ ભેદ મળી આવે ત્યાં સારલ્ય એ તત્ત્વની મદદ લો. એ બેમાંથી સ્વીકારવા લાયક રૂપને વિભાષાદ્વારા આપણે સ્વીકારી શકિયે.

દાખલા તરીકે આ નિયમો હું આપની સંમુખ મૂકું છું:—

૧. ગુજરાતી ભાષામાં તત્સમેતર શબ્દોમાં સાનુનાસિક સ્વર દીર્ઘ છે.

૨. જ્યારે અસંયુક્ત ઇ–ઉ પૂર્વે સ્વરભાર હોય ત્યારે એ અંત્ય ઇ–ઉ દીર્ઘ નથી; બાકી બીજા બધા સંયોગોમાં તત્સમેતર શબ્દોમાં અંત્ય ઈ–ઉ દીર્ઘ છે.

આ બેમાંનો પહેલો નિયમ આપણે લઇયે.

આજ સુધીના જોડણીના નિયમોમાં સામાન્ય રીતે આપણે એવું જ વલણ જોયું છે કે અંત્ય ન હોય તેવા સાનુનાસિક ઈ–ઊ દીર્ઘ છે; અંત્ય સાનુનાસિક ઈ દીર્ઘ ખરો, પરંતુ અંત્ય સાનુનાસિક ઉ તો હ્રસ્વ જ. આમ એકલા અંત્ય ઉને જ શા માટે હ્રસ્વ ગણવો જોઇયે એવો કોઈના મનમાં કદી સવાલ ઊઠયો હોય એમ આપણે ભાગ્યે જ જોઇયે. દી. બ. કેશવલાલ હ. ધ્રુવ જેવા એવે પ્રસંગે દીર્ઘ લખે ત્યારે આપણે તેની ઉપેક્ષા જ કરિયે. કારણ શું ? આપણે તો એમ જ કહીશું કે—આજ સિત્તેર–એંસી વર્ષ થયાં એ હ્રસ્વ જ છે તો પછી દીર્ઘતાની શંકા જ કયાંથી આવે ? ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં સામાન્ય રીતે પ્રાકૃત ભાષાનાં વ્યાકરણ–સંબંધમાંના અજ્ઞાનને લીધે જ આવા પ્રશ્નોમાં કોઇ રસ લેતું મળી નથી આવતું. આવી વાતોમાં આપણે ઉપર આપેલાં ત્રણે તત્ત્વોનો સમન્વય કરી જોઇયે તો ખરાં રૂપો ક્યાં તે

તરત જ મળી આવે. રૂઢિ તો તેવા સંયોગોમાં આપણને હ્રસ્વ ઉ રાખવો એમ કહેશે, પરંતુ ઉપરનાં તત્ત્વો આપણને દીર્ઘ ઊ આપશે; અને સરળ કયું રૂપ હોય તે શોધવા દૂર જવું પડશે નહિ. ઉચ્ચારણ અને શાસ્ત્ર એ બંનેય એવા પ્રસંગે દીર્ઘ રૂપ આપે છે, અને સારલ્ય દીર્ઘતામાં સ્વાભાવિક છે, એટલે વિભાષા તરીકે સ્વીકારવાની આવશ્યકતા નથી રહેતી અને દીર્ઘ રૂપ આપોઆપ સ્વીકારાઈ જાય છે. વ્યુત્પત્તિથી એ વાત તપાસિયે. ઉચ્ચારણનિયમે સ્વરભાર અંત્ય સ્વર ઉપર હોવાથી ઊં દીર્ઘ છે. તેની શાસ્ત્રીય પરંપરા આ છે:—

સંસ્કૃત	પ્રાકૃત	અપભ્રંશ	ગુજરાતી
पर्णकम्	पण्णअं	पण्णउं	પાનૂં

अउंમાં રહેલું સ્વરયુગ્મ એકરૂપ થતાં છેલ્લા સ્વર ઉપર ભાર આવી પડે છે. પરિણામે અકાર લુપ્ત થતાં उं દીર્ઘ બને છે, અને માપ બરોબર સચવાઈ રહે છે.

હવે પાનું એમ હ્રસ્વાંત બોલિયે તો ભાર પા ઉપર રહે. શાસ્ત્રીય દૃષ્ટિએ પા ઉપર ભાર રાખતાં અંત્ય ઉકાર આવી ન શકે:

पर्णम्	पण्णं	पण्णु	પાન

નાન્યતર જાતિના રૂપમાં આ સ્થિતિ છે. સ્વરભારનું આ તત્ત્વ નર જાતિના શબ્દોમાં તપાસિયે:

घोटकः	घोडओ	घोडउ	ઘોડો

આમાં સ્વરભાર અંત્ય સ્વર ઉપર રહેતાં સંયુક્ત સ્વરયુગ્મ ओરૂપે પરિણમે છે. ઓકારની દીર્ઘતામાં કોઈને શંકા છે ખરી!

હવે જો સ્વરભાર ઘો ઉપર માનિયે તો આ રૂપ થાય:—

घोटः	घोड़ो	घोडु	ઘોડ્

हस्त શબ્દના સ્વરૂપ ઉપરથી આ વાત તરત જ સ્પષ્ટ થશે:

हस्तः	हत्थो	हत्थु	હાથ
हस्तकः	हत्थओ	हत्थउ	હાથો

આ ઉપરથી એક વસ્તુ ધ્યાનમાં આવશે કે અપભ્રંશમાં ઉપાંત્ય સ્વર ઉપર ભાર હોય ત્યારે અંત્ય ઉકારનો અ થાય છે. પરંતુ જો સ્વરભાર અંત્ય સ્વરયુગ્મમાં હોય તો સંસ્કૃતમાંની પં. હેમાચાર્યે માનેલી स्वार्थे कः એ પ્રકૃત ઉપરથી નિષ્પન્ન उ (નર જાતિમાં) અને उं (નાન્યતર જાતિમાં)ગુજરાતીમાં ઓ તેમ જ ઉં એમ દીર્ઘ સ્વરૂપે પરિણમે. 'હું'નું સ્વરૂપ જુઓઃ—

अहम्   हअम्   हउं   हूं

અપભ્રંશમાં अउं સ્વરયુગ્મમાં સ્વરભાર अ અને उंમાં વિભક્ત હોવાથી उंકાર પ્રાયઃ હ્રસ્વ માન્યો છે. જુઓ—पदान्ते उं–हुं–हिं–हंकाराणाम् ૮–૪–૪૧૧. એ જ સ્વરભાર अકારના લોપ સાથે उं પર પડતાં દીર્ઘ ઊકારમાં પરિણામ પામ્યો.

એક બીજી શંકા મૂકું. કદાચ પ્રશ્ન થશે કે—અપભ્રંશમાં સપ્તમ્યંત અવ્યયોમાં हिं આવે છે તે ઉપર આપેલા સૂત્રમાં જણાવ્યું તે પ્રમાણે હ્રસ્વ છે, તો પછી અહીં, કહીં, જહીં, તહીંમાં દીર્ઘત્વ શા માટે?

જુઓ, તળ ગુજરાતમાં અત્યારે પણ લખુ છુ જેવા નિરનુનાસિક પ્રયોગને લીધે ઉતાવળથી બોલતાં હ્રસ્વ ઉચ્ચાર થતો લાગે છે. જૂની ગુજરાતીમાં પણ આ નિરનુનાસિકત્વ ઘણું જ સામાન્ય થઈ પડેલું. પં. હેમાચાર્યના વખતમાં हि અને हिं એવા બંને પ્રયોગો મળી આવે છે. केहिं ૮–૪–૩૫૨ અને केहिं ૮–૪–૩૫૭. આ સંબંધી ખુલાસો હું થોડા સમયમાં જ નીચે કરવાનો છું. ગુજરાતીમાં આવતાં સ્વરભાર અંત્ય હીં ઉપર પડવાથી સ્વાભાવિક રીતે હીં દીર્ઘ આવી રહે છે.

આ જ રીતે અંત્ય અસંયુક્ત ઇ–ઉ પહેલાં જ્યાં સ્વરભાર છે તેવાં સ્થળોનો ત્યાગ કરી, બાકી બધા સંયોગોમાં અંત્ય ઈ–ઊ દીર્ઘ છે. કોઇ, કાંઇ, ભાઇ, મોઇ, બાઇ, રાઇ, સાંઇ તેમ જ લડાઇ, ચડાઇ અને કામચલાઉ, ચડાઉ, ખટાઉ, કમાઉ વગેરે શબ્દોમાં અસંયુક્ત ઇ–ઉ પૂર્વેના સ્વર પર ભાર છે, એટલે ઉચ્ચારણ હ્રસ્વ છે. પરંતુ જ્યાં અંત્ય સ્વર પર ભાર હોય ત્યાં હ્રસ્વત્વ કેવી રીતે હોઇ શકે?

એ દીર્ઘ શા માટે એ અહીં જોઈએ:—

રા. નરસિંહરાવભાઈએ પોતાના The Guj. Lang. & Lit. Vol. I એ નામના ગ્રંથના ૪૧૪ મા પૃષ્ઠ ઉપર આ ઉત્સર્ગ આપ્યો છે—

"જ્યારે પ્રાકૃત, અપભ્રંશ કે ક્રમિક રૂપમાં શબ્દને છેડે સ્વરયુગ્મ હોય છે ત્યારે તેમાંનો હ્રસ્વ કે દીર્ઘ બીજો સ્વર લુપ્ત થાય છે અને પ્રથમનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે." (અનુવાદ)

આ રીતે—

સં.	પ્રા.	અપ.	ગુજ.
घृतं	घिअं	घिउ	ઘી
मौक्तिकं	मोत्तिअं	मोत्तिउ	મોતી
आरात्रिकं	आरत्तिअं	आरत्तिउ	આરતી

धनिकः	धणिओ	–	ધણી
कपर्दिका	कवड्डिआ	–	કોડી
विज्ञप्तिका	विण्णत्तिआ	–	વિનંતી કે વીનતી

આમાં इअ–इउ–इआ માં અંત્ય સ્વર લુપ્ત થતાં इ દીર્ઘ થાય છે. આમાં દીર્ઘ ઈ માટે શંકા નથી. સંબંધક ભૂતકૃદંતનો પ્રત્યય પણ તે જ રીતે ઊતરી આવ્યો છે. પં. હેમાચાર્ય અપભ્રંશમાં ચાર પ્રત્યય આપે છે: त्व इ–इउ–इवि–अवयः ૮–૪–૪૩૯. આમાંના इउ પરથી આપણો એ ઈ આવે છે:

कृत्वा	करिउ	કરી

મેં આગળ જણાવ્યું છે કે–અસંયુક્ત ઇ–ઉ પૂર્વે સ્વરભાર હોય તો इ–उ હ્રસ્વ છે. એ રીતે જોઇ, હોઇ, સઇ, લેઇ, કમાઈ એ સંબંધક ભૂતકૃદંતોમાં ઈકારની હ્રસ્વતા આવી રહે છે.

હવે રહી વાત તત્સમેતર શબ્દોમાં દીર્ઘ ઊની.

રા. નરસિંહરાવભાઈ આ માટે આ ઉદાહરણો આપે છે:—

સં.	પ્રા.	અપ.	ગુજ.
वृकः	वरुओ	वरुउ	વરૂ
(દેશ્ય)	रुअं	रुउ	રૂ
,,	बरुअं	बरुउ	બરૂ
,,	कोल्हुओ	कोल्हुउ	કોલ્હૂ
कामरूपः	कामरूवो कामरुओ	कामरुउ	કામરૂ

આમાં છેવટના સ્વરયુગ્મ उउ ઉપરથી દીર્ઘ ઊ આવે છે, અને આ રીતે જ લાડૂ વગેરે સિદ્ધ થાય છે:

लड्डुकः	लड्डुओ	लड्डुउ	લાડૂ

હવે જો લાડુ સિદ્ધ કરવા જઇયે તો લાડ આવે:

लड्डुः	लड्डू	लड्डु	લાડ

કેમકે અપભ્રંશમાં ઉપાંત્ય વર્ણ પર ભાર આવે છે, અને તે ભાર તે સ્થળે કાયમ રહેતાં અંત્ય ઉ લુપ્ત થતાં લાડ રહે.

આમ इअ–इआ–इउ અને उअ–उआ–उउ એ ઉપરથી દીર્ઘ ઈ–ઊ ઉતરી આવે છે તેમાં કશો શક નથી.

ઉપર જે સંયોગોમાં નરજાતિમાં ઓ અને નાન્યતરમાં ઉં अउ અને अउं પરથી ઊતરી આવે છે તે જ સંયોગોમાં તેવે સ્થળે ઓ અને ઉં ન થાય ત્યારે દીર્ઘ ઊકાર થાય છે. આમાં એ સ્વરભારનું ધોરણ નિયામક જણાય છે. આપણે રામો–કાળો–દેવો એ વગેરેમાં ઓકાર નથી વાપરતા ત્યારે રામૂ–કાળૂ–દેવૂ એવું ઉચ્ચારણ કરિયે છિયે. સ્વરભાર આપણને એ અંત્ય દીર્ઘ ઊ આપે છે, કેમકે જો હ્રસ્વ ઉ તરફ જઇયે તો પ્રસિદ્ધ ક્રમમાં દોષ આવે અને સ્વરભાર પૂર્વના સ્વર પર રહેતાં રામ–કાળ–દેવ એવાં રૂપ જ સંભવે. નાન્યતર જાતિનાં લીંબૂ–આદૂ એ વગેરે શબ્દોમાં એ જ રીતે अउं ન રહેતાં अउ પરથી ઊ આવે છે. (આદૂને સ્થળે આદૂં પણ પ્રચારમાં છે.) આ જ રીતે આલૂ, પેડૂ, વિયાળૂ વગેરે શબ્દો આવી રહે છે:

विकालकम् विआलअं विआलउ वियाळू.

(આ જ રીતે रज्जुअ, गुरुअ એ પૂર્વ ઉત્સર્ગને લીધે રજૂ, ગરૂ એ રૂપે પરિણામ પામે છે. તેમાં उअ છે. ફારસી–અરબી ઘણા શબ્દો એ રીતે આપણે ત્યાં દીર્ઘ ઊકારાંત ઊતરી આવે છે. આ વાત उअની થઈ. अउની આ સ્થિતિ મેં આ પૂર્વે જ બતાવી છે.)

ચાલૂ, લાગૂ એ વગેરે પણ આમ દીર્ઘાંત આવે છે.

વિયાળુ વગેરેમાં હ્રસ્વ ઉકાર કોઈ રીતે ન થઇ શકે:

विकालम् विआलं विआलु વિયાળુ

આ ઉપરથી અત્યારે પ્રચલિત જોડણી નક્કી કરવાનાં ત્રણ તત્ત્વોથી જ આની ઉપયુક્તતા સિદ્ધ થઇ જાય છે. આમાં ઉચ્ચારણ દીર્ઘ છે. શાસ્ત્રીય પરંપરા આપણને દીર્ઘતા અર્પે છે. સારલ્ય એ કે–તત્સમેતર શબ્દોમાં સ્વરભાર અંતે હોય ત્યારે સાનુનાસિક તેમ જ નિરનુનાસિક ઈ–ઊ દીર્ઘ. પરંતુ નિરનુનાસિક અસંયુક્ત ઇ–ઉ પહેલાં જ સ્વરભાર હોય ત્યાં ઇ–ઉ હ્રસ્વ.

આવો જ એક બીજો પ્રસંગ છે.

તૃતીયા તેમ જ સપ્તમીનો એ પ્રત્યય જ્યારે નામને લાગે છે ત્યારે સાનુનાસિક ઉચ્ચારણ છે: રમાયેં, નદિયેં, રથેં; પરંતુ ઊં–ઓકારાંત નામને લાગતાં અંત્ય ઊં–ઓ લુપ્ત થઈ એ અંતર્ગત થઇ જાય છે ત્યારે ત્યાં નિરનુનાસિક એ છે: ગાડે, ઘોડે ત્યાં અનુનાસિકતા નથી જ.

તે જ રીતે છઠ્ઠી સિવાયના ને પ્રત્યયમાં અનુનાસિકતા છે.

વળી વર્તમાનકાળના પ્રથમપુરુષ બહુવચનમાં આવી જ રીતે ઇયેં ઉચ્ચારણ મળી આવે છે.

આ ઉપરાંત અનેં, માટેં, જ્યારેં, ત્યારેં, ક્યારેં, અત્યારેં એ વગેરેમાં પણ અનુનાસિકતા મળી આવે છે.

[1]કાઠિયાવાડમાં રહેનાર આ વાતથી ભાગ્યે જ અજાણ્યો છે.

---

૧. કાઠિયાવાડમાંનાં ઉચ્ચારણોને લક્ષ્ય કરી કરવામાં આવેલા આ નિર્ણયો માત્ર વ્યુત્પત્તિને અધીન છે. વ્યાપક ઉચ્ચારણોમાં હ્રસ્વતા તરફ વલણ છે. આ વિશે આ પૂર્વે અનેક સ્થળે પાદટીપોમાં સૂચન કરેલું છે. તા. ૧૨–૧૧–'૪૪

આ જાતની અનુનાસિકતા પ્રાચીન ગ્રંથોમાં એટલે છેક અપભ્રંશના કાળમાં **વિભાષારૂપે** છે; જૂની ગુજરાતીમાં પણ છે:

"એક ઊઘાડા વસ્ત્રવિહીણ, ભૂખઇં કરી એક થાઇ ખીણ." કાન્હ. પ્ર.
"જીવ ધર્મિઇં સંસાર તરઇ; આવશ્યકિઇ દેવ પૂજિઉ." મુગ્ધા. ઔ.
"દીસિ અગાસિ તાવડિ દાઝઇ, રાતિ વાઇ ટાઢિ." કાન્હ. પ્ર.
"વસ્તુનઇં પરિત્યાગ સૂચિઇ." મુગ્ધા. ઔ.
"ઘણા પુરુષ છિં સ્વામી ઇહાં, આપણ જઇઇં નવરૂં તિહાં." વેતા. પ.

તે જ રીતે અનઇં, જિવારઇં, તિવારઇં, કિવારઇં વગેરે પ્રયોગો મળી આવે છે.

આવી **વિભાષા** શા માટે એ દૂર શોધવા જવું પડે તેમ નથી. અત્યારે પણ જેમ જેમ તળ ગુજરાત તરફ જઇયે તેમ તેમ નિરનુનાસિકતા શ્રવણગોચર થશે, જ્યારે કાઠિયાવાડમાં તે જ સ્થળે સાનુનાસિક ઉચ્ચારણ મળશે. આ બંને ઉચ્ચારણો અતિ પ્રાચીન કાળથી **દેશભેદે** ચાલ્યાં આવે છે. એને જ માન આપી પં. હેમાચાર્યે **વિભાષા** દ્વારા **વિકલ્પ** સ્વીકાર્યો છે.

અમે-અમેંની સ્થિતિ તેમ જ તમે-તમેંની સ્થિતિ જુઓ:

जस्-शसोरम्हे अम्हइं ८-४-३७६
जस्-शसोस्तुम्हे तुम्हइं ८-४-३६९

अम्हे ઉપરથી અમે-હ્મે. अम्हइं ઉપરથી અમેં-હ્મેં.
तुम्हे ,, તમે-ત્હ્મે. तुम्हइं ,, તમેં-ત્હ્મેં.

મઇં-તઇં ઉપરથી મેં-તેંની સાનુનાસિકતા તે જ વખતની છે.

टा ङ्यमा **मइं** ८-४-३७७, टा ङ्यमा पइं **तइं** ८-४-३७०

આ રીતે લેખનમાં **વિભાષા** નામનું તત્ત્વ સ્વીકાર્યાથી કહેવાતી અરાજકતા દૂર કરી શકિયે.

શ્રુતલેખનમાં વિદ્યાર્થીઓને કેટલી મુશ્કેલી નડે છે તે વાત કોઇથી અજાણી નથી. આપણે ઉચ્ચારણ કરિયે કરિયે-કરિયેં અને છોકરાને ઉપદેશ આપિયે કે લખ કરીએ. જાણે પરભાષા શીખતો હોય તેવી દશા દેખાય !

(નોંધ:—ફરીએ એ રૂપ તદ્દન અસંભવિત છે. જ્યાં લઘુપ્રયત્ન યકાર નથી ઘૂસ્યો ત્યાં પણ ફરિએ એવું હ્રસ્વ ઇ–વાળું ઉચ્ચારણ છે. સ્વરભાર અંત્ય સ્વર ઉપર હોવાથી રિ અસ્વરિત દશામાં દીર્ઘ કોઇ પણ રીતે ઉચ્ચારી શકાતો નથી.)

આ રીતે જ વર્ણમાળામાંનાં આપણાં પ્રચલિત ઉચ્ચારણોમાં વિદ્યાર્થીઓ ભૂલ કરે છે. પ્રાથમિક શાળાઓમાં ડોસો, ઘોડો અને ગાડું એમાં સર્વત્ર ડ મૂર્ધન્ય જ ઉચ્ચારે છે. ડોસો, ઘોડો અને ગાડુંમાં ડ મૂર્ધન્ય છે. ઘોડોમાં ડ મૂર્ધન્ય નથી, કિંતુ પ્રાતિશાખ્યને મતે તાલવ્ય છે. રા. નરસિંહરાવ એને મૂર્ધન્યતર કહે છે. છોકરો પોતાના વ્યવહારમાં બોલે ઘોડ઼ો–તાલવ્ય ઉચ્ચાર, પણ જ્યારે વાંચન કરતો હોય ત્યારે વાંચે ઘોડો–મૂર્ધન્ય ઉચ્ચાર. એ શાને આભારી ? એ જ કે ડ મૂર્ધન્ય કે તાલવ્ય તેને માટે કશું જ નવું ચિહ્ન નહિ. હિંદીની માફક તાલવ્ય ઉચ્ચારણ વખતે નીચે બિંદુ કિંવા નુકતો સ્વીકારી લખવાની યા છાપવાની ટેવ હોય તો ખરાં ઉચ્ચારણ વેગળાં ભાગી ન જાય.

તેવી જ દશા અનુસ્વાર અને અનુનાસિકની છે. અનુસ્વારનો ઉચ્ચાર અમ્ કે અવઁ માફક વધી પડતો છે, જ્યારે અનુનાસિક સ્વરમાં અંતર્ગત છે. સંશય ત્યાં અનુસ્વાર, સાંચો ત્યાં અનુનાસિક. કાંસ્ય અને કાંસું એ બેય સ્થળે આ ઉપર જુઓ. કાંસ્યમાં અનુસ્વાર, કાંસુંમાં અનુનાસિક ઉચ્ચારણ.આ માટે આપણે ત્યાં કાંઈ ઓળખ ખરી?

અનસ્વારના ઉચ્ચારણ માટે પોલું મીંડું રાખો.

અનુનાસિક ચાલુ બિંદુથી જ વ્યક્ત કરો અને એ સંસ્કાર બચ્ચાંઓને પાડો.

આજના લેખન એ વિષયમાં કાંઇક ઉપયોગી થઇ પડે એવા ઉદ્દેશથી આ નાનોશો નિબંધ આપ સંમુખ મેં રજૂ કર્યો છે.

શુદ્ધ સંસ્કારોનો મૂળ પાયો પ્રાથમિક શાળાઓમાં જ નખાય

છે. બચ્ચાંઓને આરંભથી જ આવા વિષયો સરળતાપૂર્વક સમઝાવવામાં આવે તો મોટાં થતાં એ સંસ્કારો કેટલા સજ્જડ રહે એનો વિચાર કરો.

કૃત્રિમતા એ કાંઈ કામની નથી. કૃત્રિમ બંધનો તરત તૂટી જાય છે. એવાં સનાતન બંધન હોવાં જોઇયે કે જેમાં કૃત્રિમતાનો લેશ પણ ન હોય. આપણી આ ભાષા જમાના પછી આ જ સ્વરૂપમાં રહેવાની નથી. તે વખત આજની ભાષાનું ખરું સ્વરૂપ સ્પષ્ટ રીતે વ્યક્ત થતું હોય તેવા જો અકૃત્રિમ નિયમો બાંધ્યા હશે તો જ રહેશે. પ્રાચીન વૈયાકરણોએ વ્યાકરણ દ્વારા જૂની ભાષાઓને બાંધી લીધી છે, જેથી તે તે ભાષાઓ અત્યારે પણ જીવતી જેવી લાગે છે. અત્યારે ઉચ્ચારણોમાંનાં યોગ્ય તત્ત્વોને બતાવવાનું આપણી પાસે સાધન નહિ હોય તો તે તે સ્વરૂપ માટે ભવિષ્યમાં પત્તો ન જ લાગવાનો.

શબ્દકોશ એ એવું એક સાધન છે. તે દ્વારા ભાષાનું ખરું સ્વરૂપ જાળવી શકાય. પરંતુ આપણે ત્યાં એવો એક પણ કોશ છે કે જેમાં એ–ઓના, વિવૃત્ત ઉચ્ચાર, અનુસ્વાર અને અનુનાસિકનો ભેદ, ચ–છ–ઝ–ડ–ઢનાં બે બે ઉચ્ચારણો, લઘુપ્રયત્ન ય–વ–હ તેમ જ લઘુપ્રયત્ન અ, ઇ, ઉ, આ વસ્તુઓ જાણી શકાય?

આપણે ત્યાં હાલ નામદાર ગોંડલનરેશ તરફથી રા. રા. ચંદુલાલ પટેલ ગુજરાતી શબ્દકોશ તૈયાર કરે છે, તેઓ આ અતિ ઉપયોગી તત્ત્વોને શબ્દકોશમાં શબ્દે–શબ્દે બતાવશે તો ભવિષ્યમાં પણ ભાષાનું ખરું સ્વરૂપ પકડવા કલ્પનાઓના ઘોડા દોડાવવા નહિ પડે.

પ્રભુ એ કામમાં એમની જોડે ઊભા રહે એ અભ્યર્થના સાથે આ મારાં વચનો પૂર્ણ કરું છું અને આપનો અમૂલ્ય સમય રોકવા માટે આપ સર્વેની ક્ષમા માગું છું.

આંગરોળ, તા. ૨૯–૫–'૩૧

[સને ૧૯૩૧માં ઉનાળાની રજામાં રાજકોટ મુકામે કેળવણીકારોની પરિષદમાં રજૂ થયેલો નિબંધ—અમુદ્રિત]

૧૮. ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળની જોડણી

ગુજરાતી ભાષાની જોડણી નક્કી કરવાના આ જ પોણા સૈકા થયાં પ્રયત્નો થઈ રહ્યા છે. જેમ જેમ ગુજરાતી ભાષાના મૂળ સ્વરૂપનું ઊંડું અને સંગીન જ્ઞાન મળતું જાય છે અને ગુજરાતી ભાષાના પ્રાચીન ગ્રંથો પ્રકાશમાં આવતા જાય છે તેમ તેમ ભાષાનું ખરું સ્વરૂપ શું હોવું જોઇયે તે નક્કી થતું આવે છે. ગુજરાતી ભાષાની જોડણી નક્કી કરવા આ પ્રમાણે આપણે તેનું પ્રાચીન અને મધ્યકાલીન સ્વરૂપ જોવું પડે છે અને તે ઉપરથી જ અત્યારની પ્રચલિત જોડણીમાં કયાં કયાં ખામી છે તે જોઇ શકિયે છિયે. ગુજરાતના એક અગ્રગણ્ય ભાષાશાસ્ત્રીએ પોતાના એક ખાનગી પત્રમાં મને સ્પષ્ટ શબ્દોમાં જણાવેલું કે–" × × × × જ્યાંસુધી અપભ્રંશનો બરોબર અભ્યાસ થશે નહિ ત્યાંસુધી આવી અવ્યવસ્થા ચાલુ રહેવાની."

અપભ્રંશનો અભ્યાસ એટલે શું? એ જ કે વિક્રમના ૧૦ મા શતકથી ગુજરાતી ભાષાના જૂના સ્વરૂપનું મુદ્દે અપભ્રંશનું, તે પછી સૈકાવાર થતા ફેરફારોનું તે ગુજરાતી ભાષાના અત્યારના સ્વરૂપ સુધીનું ક્રમિક જ્ઞાન સંપાદન કરવું તે. એ રીતે જિદ્દને એક બાજૂ મૂકી ખરો વિચારક વિચારે તો જોડણીનું છેવટનું સ્વરૂપ શોધી શકવામાં લાગતી મુશ્કેલી દૂર થઈ જાય.

જોડણીના નિયમો નક્કી કરનારા વિદ્વાનોને આમ આજ દિવસ સુધીના ગુજરાતી ભાષાના સ્વરૂપનું જ્ઞાન કેટલું અનિવાર્ય છે તે જણાઈ આવશે.

છેલ્લા પોણા સૈકામાં જોડણી નક્કી કરવાના[1] સાત પ્રયત્નો થઇ

---

૧. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સને ૧૯૨૯ના જૂનની ૫ મીએ નક્કી કરેલો કાચો ખરડો, એને ગણિયે તો તે આઠમો પ્રયત્ન. આ ઉપરાંત નાના પ્રયત્નો તો બીજા અનેક હશે. આ કાચા ખરડામાં પરિષદ મંડળ અને જોડણીકોશમાં જ્યાં વિરોધ છે ત્યાં પ્રાયઃ વિકલ્પ સ્વીકારવામાં આવેલ છે. જુઓ તેનો ૩ જો અને ૧૭ મો નિયમ (**ગ્રંથ અને ગ્રંથકાર**, પુ. ૨, પૃ. ૨૧૬–૧૯.)

ચૂક્યા છે. તેમાં છેલ્લો પ્રયત્ન તે ગુજરાત વિદ્યાપીઠ તરફથી જોડણીકોશદ્વારા પ્રસિદ્ધિમાં આવ્યો છે. તેમાં જોડણીને એકધારી કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. તેનું પરિણામ એકંદરે સારું આવ્યું છે.

એટલું તો આપણે જાણી જ શકિયે છિયે કે ગુજરાત વિદ્યાપીઠના જોડણી વિષયક નિયમો નક્કી કરવામાં ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળે છેવટે મંજૂર કરેલા જોડણીના બે એક વ્યાપક નિયમ ધ્યાન બહાર રહી ગયા છે. ગુજરાત સાહિત્ય પરિષદ મંડળે નક્કી કરેલા નિયમો એ સામાન્ય ભેજામાંથી નીકળેલા નથી. તે નક્કી કરવામાં ગુજરાતના સમર્થમાં સમર્થ અગ્રગણ્ય વિદ્વાનોનો સાથ છે. બેશક સરળતાને માટે કોઈ કોઈ નિયમ ખામી ભરેલો હશે; પરંતુ તેથી તેની પ્રતિષ્ઠામાં લેશ પણ હાનિ નથી થતી. હા, કોઈ સ્થળે ખામી રહી ગઈ હોય તો તે સુધારી શકિયે. અહીં તે બંનેના નિયમોમાંનું સામ્ય તારતમ્ય અને ફેરવવા યોગ્ય નિયમોનું ફેરવવાપણું બતાવવાને આ મારો અલ્પ પ્રયત્ન છે.

ગુ. સા. પ. મંડળે જોડણીના ૧૮ નિયમો બનાવ્યા છે તેમાં લગભગ ભાષાસ્વરૂપનો સમાવેશ થઇ જાય છે એમ કહું તો તે અતિશયોક્તિભરેલું નથી. "વસંત" ના બધા જ વાચકો પાસે ગુ. સા. પ. મ. પત્રિકા (ત્રૈમાસિક)નાં પુસ્તકો હોય એ બનવા જોગ નથી, એટલે અત્રે તે તે નિયમને ઉતારી તે તે નિયમની પ્રતિષ્ઠા કિંવા ખામી અને તેનાં સમર્થન આપવાં અસ્થાને નહિ ગણાય; એટલે તેની તે ભાષામાં અત્રે તે નિયમો ઉતારતો જઉં છું.

ગુ૦ સા૦ ૧. ભાષામાં તત્સમ અને તદ્ભવ બંને રૂપોને સમાન રીતે સ્વીકારવાં. (જેમકે, 'કઠિન,' 'કઠણ'; 'આશ્ચર્ય,' 'અચરજ.')

" ૨. મૂળ ફારસી, અરબી, અંગ્રેજી વગેરે વિદેશીય શબ્દ ગુજરાતી ભાષામાં કઢંગું ન દેખાય તેમ મૂળને અનુસરતા લખવાં. (જેમ કે, 'સિપાહી' નહિ, પણ 'સિપાઇ.')

,, ૩. સ્વરાંત તત્સમ શબ્દો મૂળ પ્રમાણે લખવા. (જેમ કે, 'મતિ;' 'ગુરુ.')

,, ૪. ગુજરાતીમાં આવેલા વ્યંજનાંત તત્સમ શબ્દોની જોડણી સ્વરાંત કરવી. (જેમ કે, 'જગત;' 'પરિષદ;' 'અકસ્માત.')

ગુ૦ વિ૦ ના જોડણીકોશમાં આ ચારના પાંચ નિયમ બનાવ્યા છે. એમાં અહીંના ૪ થા નિયમના બે ભાગ પાડી નાખ્યા છે:

"પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, ક્વચિત્" એવા શબ્દો એકલા આવે અથવા બીજા સંસ્કૃત શબ્દની સાથે સમાસમાં આવે ત્યારે વ્યંજનાંત લખવા. ઉદા૦ કિંચિત્કર, પશ્ચાત્તાપ. આવા અવ્યયો પછી જ્યારે જ આવે ત્યારે તેમને વ્યંજનાંત ન લખવા. ઉદા૦ ક્વચિત જ."

આ જોડણીકોશના નિયમના પૂર્વાર્ધ મુજબ જ્યારે આવા વ્યંજનાંત શબ્દો એકલા હોય ત્યારે વ્યંજનાંત જ લખવા. બેશક સંસ્કૃત ભાષાનું માન સાંચવવા આ નિયમ યોગ્ય ગણાય. પરંતુ અહીં એ પ્રશ્ન સ્વાભાવિક થાય કે સંસ્કૃતેતર ભાષાના વ્યંજનાંત શબ્દોની શી હાલત? વસ્તુસ્થિતિ જ એવી છે કે ગુજરાતી ભાષામાં આવા શબ્દો વ્યંજનાંત બોલાતા જ નથી, પરંતુ તેમાં લઘુપ્રયત્ન અકાર સામેલ રહે છે; એટલે જ ગુ૦ સા૦ ૫૦ મંડળે આવો અપવાદ સ્વીકાર્યો નથી. જુઓ 'જ' અવ્યય લાગતાં શબ્દનો ચમત્કાર. એ લઘુપ્રયત્ન અકાર પૂર્ણપ્રયત્ન થઇ જાય છે સર્વત્ર : ક્વચિત જ. આમ સ્વાભાવિક રીતે જોડણીકોશનો ૪ થો નિયમ નકામો થઈ પડે છે.[1]

ગુ૦ સા૦ ૫. શિષ્ટ જનોના ઉચ્ચાર જુદા જુદા હોય ત્યાં બધા ઉચ્ચાર

---

૧. ગુ૦ વ૦ સો૦ ના કાચા ખરડામાં આનો તોડ આમ છે:—

"૩. જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લે તે અને તત્સમ ભારદર્શક જ લે ત્યારે અકારાંત ગણીને લખવા. જેમ કે વિદ્વાન્–વિદ્વાનને, પરિષદ્, પરિષદમાં. તેમ ક્વચિત જ."

(ગ્રંથ અને ગ્રંથકાર, પુ. ૨, પૃ. ૨૧૬)

પરંતુ આમ વિકલ્પ જોવા હું કારણ જોતો નથી. ખુલાસો ઉપર સ્પષ્ટ છે.

સ્વીકારવા, અને તે પ્રમાણે જોડણી કરવી. [જેમ કે, 'ડાશી,' 'ડાસી;' 'ફલ,' 'ફળ:' (પ્રસંગાનુસાર); પણ 'સું' નહિ પણ 'શું'] પરન્તુ સરલતા વગેરે કારણથી આ નિયમનો અપવાદ કરવો પડે. (જેમ કે, યકારને લગતો નીચેનો ચૌદમો નિયમ જુઓ.)

અત્યારે પરસ્પર સાક્ષરોમાં જોડણીવિષયક વિરોધ છે તેનું નિરાકરણ આ **વિભાષા**દ્વારા થઇ જાય છે. બેશક કેટલાંએક સ્થળ એવાં હોય કે જ્યાં આવી જાતની **વિભાષા** કદાચ સ્વીકારવી ન જોઇયે. આનું સ્પષ્ટીકરણ હું નીચેના ૭મા નિયમમાં કરીશ. આ પાંચમા નિયમના ઉત્તરાર્ધમાં જે ચૌદમા નિયમનું અપવાદત્વે સૂચન છે તે ચૌદમા નિયમમાં આપ્યું છે. ગુ૦ વિદ્યાપીઠને આ નિયમ સ્વીકાર્ય છે. (જુઓ તેનો ૧૬ મો નિયમ.)

ગુ૦ સા૦ ૬. એક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય 'ઇ' દીર્ઘ લખવી (જેમ કે, 'ઘી,' 'છી,' 'પી,'); અને એક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય 'ઊ' દીર્ઘ લખવો, પણ તે અનુસ્વારવાળો હોય તો હ્રસ્વ લખવો. (જેમ કે, 'જૂ,' 'રૂ,' 'લૂ', 'હું', 'તું', 'શું', 'છું'.

ગુ૦ વિ૦ ના ૧૯ મા નિયમમાં આ નિયમ સાંચવવામાં આવ્યો છે. પરંતુ તેનો નિયમ આ કરતાં વધુ વ્યાપક છે, કેમકે તેમાં અનેકસ્વરવાળા શબ્દોના સાનુનાસિક તેમ જ નિરનુનાસિક ઇ–ઉ ની હકીકત સમાવવામાં આવી છે—

જો૦ કો૦ ૧૯. તદ્ભવ શબ્દોમાં અંત્ય ઈ તથા ઉ સાનુસ્વાર કે નિરનુસ્વાર એ અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવાં. ઉદા૦ ધણી, વીંછી, અહીં, દહીં, પિયુ, લાડુ, જાડું.

અપવાદ—એકાક્ષરી શબ્દોમાં નિરનુસ્વાર ઊ દીર્ઘ લખવો. ઉદા૦ જૂ, લૂ, થૂ, બૂ, ભૂ.

પરિષદ મંડળનો છઠ્ઠો નિયમ એ પછીના સાતમા નિયમથી પૂર્ણ બને છે:—

ગુ૦ સા૦ ૭. (ક) બે સ્વરવાળા તદ્‌ભવ શબ્દોમાં બંને 'ઈ' દીર્ઘ લખવી. (જેમ કે, 'બીડી,' 'ખીલી,' 'સીડી'.) (ખ) ત્રણ સ્વરવાળા તદ્‌ભવ શબ્દોમાં દીર્ઘ અક્ષર પહેલાંની 'ઇ' હ્રસ્વ લખવી, અને હ્રસ્વ અક્ષર પહેલાંની 'ઇ' દીર્ઘ લખવી. (જેમ કે, 'મિજાસ,' 'હિસાબ,' 'રિવાજ,' 'ભીતર,' 'પીહર.') (ગ) અનુસ્વારવાળી અંત્ય 'ઈ' દીર્ઘ લખવી; પણ રૂકાર સિવાયના બધા પ્રસંગમાં અનુસ્વારવાળો અંત્ય 'ઉ' હ્રસ્વ લખવો. (જેમ કે, 'તહીં.' 'અહીં,' 'હતું,' 'બધું,' 'ફરૂં.' 'કરૂં'.) (ઘ) અનેક સ્વરવાળા તદ્‌ભવ શબ્દોની જોડણી કરવામાં શિષ્ટ ઉચ્ચાર ઉપર, અને જ્યાં વ્યુત્પત્તિનો આધાર મળી શકતો હોય ત્યાં વિશેષે કરીને વ્યુત્પત્તિ ઉપર, ધ્યાન રાખવું. (જેમ કે, 'દૂધ,' 'શીખવવું,' 'ઊડવું,' 'નીવડવું.') પરંતુ આઠમા નિયમને અનુસરીને આ નિયમ લાગુ પાડવો.

આ બે નિયમમાં અંત્ય તેમજ અનંત્ય ઈ–ઉની વાત છે. અનંત્ય ઇ–ઉની હકીકત ગુ૦ વિ૦ ના ૨૦ અને ૨૨–૨૩–૨૪ એ નિયમોમાં સમાવેલી છે.

અનંત્ય ઈ–ઉ માટેના નિયમો બંનેમાં સમાન છે. બેશક ગુ૦ વિ૦ ના કેટલાક અપવાદો ચિંત્ય છે; તેની ચર્ચા નીચેના આઠમા નિયમની ચર્ચા વખતે કરીશું. અંત્ય ઇ–ઉ માટેના મત પણ બંનેમાં સમાન છે. ફક્ત સાનુનાસિક 'રૂં' ના વિશેનો બંનેને મતભેદ છે.[1]

આ ઉભય નિયમાવલીઓથી અંત્ય ઇ–ઉ સંબંધમાં નીચેની હકીકત મળી આવે છેઃ—

૧. એક સ્વરવાળા તદ્‌ભવ શબ્દોમાં અંત્ય ઈ દીર્ઘ લખવો.

૨. એક સ્વરવાળા તદ્‌ભવ શબ્દોમાં અંત્ય નિરનુનાસિક ઊ દીર્ઘ લખવો.

---

૧. ગુ૦ વ૦ સો૦ ના કાચા ખરડામાં રૂં હ્રસ્વ રાખ્યો છે. જુઓ ત્યાંનો નિયમ ૧૦ મો, પૃ. ૨૧૯.

૩. અનેક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય ઈ દીર્ઘ લખવો.
૪. અનેક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય સાનુનાસિક કે નિર-નુનાસિક ઉ હ્રસ્વ લખવો. (છતાં ગુ૦ સા૦ ૫૦ ને મતે સાનુનાસિક ૂં દીર્ઘ લખવો.)

આ વિષયમાં એક વિસ્તૃત ચર્ચા હું ' પદાંત ઇ-ઈ ઉ-ઊ ' એ નામના લેખમાં આજથી એક વર્ષ પૂર્વે કરી ચૂકયો છું. આ લેખ ' **વસંત** 'ના આ જ સાલના પૌષના અંકમાં છપાઈ ગયો છે, એટલે એનું પિષ્ટપેષણ અહીં નકામું છે. ત્યાં મેં ભાષામાં નીચેના નિયમો પ્રચારમાં છે તે સ્પષ્ટ રીતે બતાવ્યું છે:—

૧. જે પ્રમાણે સાનુનાસિક અનંત્ય ઇ-ઊ તત્સમેતર શબ્દોમાં દીર્ઘ છે, તે પ્રમાણે શબ્દોમાં સાનુનાસિક અંત્ય ઇ-ઊ પણ દીર્ઘ છે.

૨. જ્યાં સ્વરભાર ઉપાંત્ય સ્વર ઉપર છે તેવા અસંયુકત ઈ-ઉ સિવાયના બીજા બધા પ્રસંગોમાં તત્સમેતર શબ્દોમાં અંત્ય ઈ-ઊ દીર્ઘ છે.

મુખ્યત્વે અહીં ચર્ચવાની વાત તે સાનુનાસિક અંત્ય ' ઉ 'ની છે. આજ દિવસ સુધીના જોડણીના બધા નિયમોમાં સાનુનાસિક 'ઉં' હ્રસ્વ સ્વરૂપે જ સ્વીકારવામાં આવ્યો છે. વ્યુત્પત્તિ, ઉચ્ચાર અને સરળતા એ ત્રણેયના સમન્વયે આપણી પાસે એ દીર્ઘ સ્વરૂપમાં મોજૂદ છે, આમ છતાં તેને હ્રસ્વ લખવામાં આવે છે.[1] બુકકમિટીએ સને ૧૮૭૨ માં પોતાના નિયમો અમલમાં મૂકયા તે

---

૧ સ્વરભારનું તત્ત્વ શબ્દ એકલો ઉચ્ચારાતાં જે સ્થિતિ આપે તેને ઢાંકવાના પ્રયત્ન સામે આ કથન છે. ત્યાં હ્રસ્વતા વાકયગત સ્વરૂપમાં છે તે સમજીને નિયમો બાંધવામાં આવે તો તે વાંધાપડતું નહિ. 'ઇ-ઉ' ની ભાષામાં સર્વત્ર સરખી સ્થિતિ છે, છતાં શબ્દાંતે 'ઇ' દીર્ઘ અને એકાક્ષરી શબ્દો સિવાય 'ઉ' હ્રસ્વ, આવો નિયમ કરવો તે બાધક છે.

તા. ૧૨-૮-'૪૪

પહેલાં દરેક શિષ્ટ લખાણમાં વિક્રમના ચૌદમા શતકથી શબ્દોને અંતે આવેલો સાનુનાસિક કિંવા અનુસ્વારના કહેવાતા પોચા ઉચ્ચારવાળો 'ઊ' દીર્ઘ છે. આપણે ત્યાંના હસ્તલિખિત પુસ્તકસંગ્રહોમાંનાં પુસ્તકોની જે નામાવલીઓ પ્રસિદ્ધ થઇ છે તેમાં ગ્રંથના આદિ અને અંતના જે ઉતારાઓ આપવામાં આવેલા છે તે ઉપરથી આ વિષયની સંપૂર્ણ ખાતરી થઈ શકે તેમ છે. નિરનુનાસિક અંત્ય 'ઇ' અને 'ઉ' પણ તે જ રીતે વ્યુત્પત્તિ ઉચ્ચાર અને સરળતાના સમન્વયે દીર્ઘ છે તે પણ એ આપણી પ્રાચીન લેખનશૈલી જ સ્પષ્ટ રીતે પુરવાર કરે છે.

છેવટમાં છેવટ સાનુનાસિક દીર્ઘ ઊંકાર આપણે ગુજરાતી પ્રેસ તરફથી પ્રસિદ્ધ થયેલ નર્મકવિતામાં જોઇયે છિયે. એ પછી પ્રાયઃ બુકકમિટી અને વાચનમાળાના નિયમોનું ગાડરિયા પ્રવાહ જેવું અનુકરણ આપણે કરતા આવ્યા છિયે. એક ફક્ત દી. બ. કેશવલાલ ધ્રુવ આવા દરેક સંયોગમાં પ્રાચીન શાસ્ત્રીય પ્રણાલીને અનુસરી સાનુનાસિક 'ઊં' દીર્ઘ લખે છે. અત્યારે ગુજરાતી ભાષાના અસલ સ્વરૂપના જાણકારોમાં દી. બ. ધ્રુવ અગ્રપદે છે એમ કયો સહૃદય સ્વીકાર્યા વિના ન રહે ?

અહીં જૂના ગ્રંથોમાંથી ઉતારાઓ આપવા બેસિયે તો ગ્રંથોના ગ્રંથો ભરાય, એટલે અહીં સં. ૧૬૪૮ માં લખાયેલા ગીતગોવિંદના ગદ્ય–અનુવાદની ગુજરાત વર્નાકયુલર સોસાયટીના હસ્તલિખિત પુસ્તકસંગ્રહની નં. ૨૬૬ વાળી પ્રતિ અને સં. ૧૬૯૮ માં લખાયેલ વિષ્ણુદાસના રામાયણની પ્રતિમાંનો એક એક ઉતારો આપી સંતોષ માનું છું:

ગીતગોવિંદમાંથી:—

"વલી કેહવુ છિ તે હરિ। તરલ ચપલ એહવુ વાયૂ યે દષ્ટિના અંત"
"। એહવૂં ચંચલ યે મુખ । તેણિ ઉપજાવ્યુ છિ સંભોગ નિ સ્નેહ કાં"
"જેહનિ । તુ જાંણે કરિ શરતકાલનિ વ્યષિ વિકાસનિ પામ્યાં કમલ"
"ઉપરિ ક્રીડા કરવા બિષજન એહવૂં પીપિરિ એહવૂં તલાવ જ હુયિ"

"નહીં શૂં । કેહવૂં છિ ॥ કૃષ્ણના શરીરનિ તલાવની શરષાઇ છિ ।"
"અનિ મુખ જે તે જાંણે કમલ । અનિ બેહૂ આંષિ જાંણે ષંજન"
"પક્ષી" (પૃષ્ઠ ૪૫ મું)

રામાયણમાંથીઃ—

"પ્રથમે વીનાએક વીનવૂં ચરીત્ર નીસંગ અનુભવૂં ॥"
"ગુણ સ્તવૂં સ્મામી સૂભ મતી પામવા રે ॥ ૧ ॥"
"રામકથા જેમ વીસ્તરૂં તવ ચરણે"
"હૂં ચીત ધરૂં સ્તવન કરૂં ભવશંકટ જો ભાજવા રે ॥ ૨ ॥"
(ફાર્બસ સભાની હસ્ત૦ નામા૦ ભાગ ૨ જો, પૃ. ૩૭૫)

તેમ જ

"શ્રીરામ તણે ચરણે નમૂ । ભાવ ધરીને પ્રણમૂં ।
"યેહ સમૂ નહી કો પાવન જાંણીઇ રે ॥ ૧ ॥
"તેહ નામ હૂં અનુભવૂં । ચરીત્ર નીરતર અભિનવૂં ।
"હૂં સ્તવૂ રઘુનંદન અઘ ટાલવા રે ॥ ૨ ॥"
(રા. રા. નટવરલાલ ઇ. દેસાઈની સં. ૧૬૯૮ ની પ્રતિ, પૃ. ૨૧૨)

ઉપરના ઉતારામાંની રામાયણની પ્રતિઓ અશુદ્ધ છે, એમ હોવા છતાં સાનુનાસિક દીર્ઘ ઊંકારને તો જાળવી રાખે છે જ.

નિરનુનાસિક અંત્ય 'ઉ' દીર્ઘ છે તે ઉપરના ઉતારામાંનો બેહૂ શબ્દ જોવાથી માલૂમ પડશે. જૂની ભાષાના જાણકારોને આ વાત અજાણી નથી.

ગુ૦ સા૦ ૫૦ મ૦ ના ૭ મા નિયમના (ગ) માં ફક્ત 'રૂં'-ને દીર્ઘ રાખવામાં આવ્યો છે એનો અર્થ શો ? માનો કે સરળતા; તો પછી બધે જ સરળતા રાખવા દીર્ઘ ઊકાર સ્વીકારવામાં શો બાધ ?

તે જ નિયમના (ખ) માં બતાવેલી હકીકતને માટે કશો બાધ નથી. તેના જે જે અપવાદો છે તેનું નિરાકરણ (ઘ) થી થઈ જાય છે. તેમાં જ્યાં વિદ્વાનોનો મતભેદ હોય છે ત્યાં **વિભાષા** સ્વીકારવી યોગ્ય છે.

ગુ૦ સા૦ ૮. 'ઇ'કારવાળા અને 'ઉ'કારવાળા પ્રાથમિક તદ્ભવ શબ્દ

ઉપરથી ઘડાતા શબ્દોમાં પ્રાથમિક શબ્દોની જોડણી કાયમ રાખવી. (જેમ કે, 'દૂધ,' 'દૂધપાક,' 'દૂધાળી,' 'મૂલ,' 'મૂલથાપ,' 'મૂલામણ,' 'મૂલાવો,' 'ઊઠવું,' 'ઊઠાવવું;' 'શીખવું,' 'શીખવાડવું;' 'પીવું,' 'પીવાડવું.')

ભાષામાં આવી સ્થિતિ છે અને રા. નરસિંહરાવ દિવેટિયા વગેરેનો સંપૂર્ણ ટેકો હોવા છતાં જોડણીકોશમાં આ નિયમનો અપવાદ મળે છે.

જોડણીકોશમાંના ૨૩ મા નિયમનો અપવાદ જુઓ. ત્યાં એવું વિધાન છે કેઃ—

"વિશેષણ પરથી થતાં નામો તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ગરીબ–ગરીબાઇ; વકીલ–વકીલાત; ચીકણું–ચીકણાઇ; મીઠું–મીઠાશઃ જૂઠું–જૂઠાણું."

એ પછી ૨૪ મા નિયમની નોંધ જુઓઃ—

"આ જાતનો શબ્દ સમાસ હોય તો સમાસના અંગભૂત શબ્દોની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ભૂલથાપ, બીજવર, હીણકમાઉ."

આમ આ ૮ મા નિયમ મુજબની હકીકત સ્વીકાર્યા પછી ૨૫ મો નિયમ જો૦ કો૦ માં નીચે મુજબ છેઃ—

જો૦ કો૦ ૨૫. પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં તથા પ્રેરક અને કર્મણિ–પ્રયોગનાં રૂપોમાં પ્રાથમિક શબ્દ અથવા ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં ઉપર કલમ ૨૩ તથા ૨૪ પ્રમાણે જોડણી કરવી. ઉદા૦ ભૂલ, ભુલામણી; શીખ, શિખામણ; નીકળ, નિકાલ; ઊઠ, ઊઠાડ, ઊઠમણું; મૂકવું, મુકાવું, મુકાવવું; ભૂલવું, ભુલાવું ભુલાવવું.

ગુ૦ વ૦ સો૦ ના કાચા ખરડાના ૧૭ મા નિયમમાં આવી સ્થિતિમાં વિભાષા સ્વીકારી છે.

આ નિયમમાં પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દો એટલે શું ? રા. નરસિંહરાવે સને ૧૯૩૦ ના "બુદ્ધિપ્રકાશ"ના પ્રથમ અંકમાં

'જોડણીનો એક નિયમ ' એ મથાળા નીચે રા. ચતુરભાઇ પટેલના તે જ મથાળાના આગલી સાલના ડિસેમ્બરના "બુદ્ધિપ્રકાશ"માંના લેખનો જવાબ આપેલો છે તેમાં સ્પષ્ટ સૂચવ્યું છે કે,

"(૪) વસ્તુતઃ પોચા અનુસ્વારયુક્ત આ-કારનો હાવે પ્રસંગે અ-કાર થતાં અનુસ્વાર જોરદાર થઇ જાય છે, તેમ ઈકાર-ઊકારને પ્રસંગે ઉચ્ચારપરિણામ નથી થતું; વાંચવું-વંચાવવું, રાંધવું-રંધાવવું; ઇત્યાદિ; પણ નીંદવું-લૂંટવું-નું નિન્દાવવું, લુણ્ટાવવું જેવું ઉચ્ચાર-પરિણામ નથી થતું. નીંદાવવું-લૂંટાવવું એમ થવા માટે આ બહુ સૂચક સ્થિતિ છે."

એટલે તેમણે ત્યાં "હું ઈકાર ઊકારને દીર્ઘ જ રાખવા તરફ નિર્ણય આપું છું" એવો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યો છે.

એક સરખી સ્થિતિ હોવા છતાં એક ઠેકાણે એક નિયમ પ્રવર્તે અને બીજે ઠેકાણે ન પ્રવર્તે તેમ કહેવું એ વદતોવ્યાઘાત છે. એટલે એનો એ જ ખુલાસો ઠીક કે સાધિત શબ્દોમાં પ્રાથમિક શબ્દોના ઈ-ઊ અવિકૃત રહે.

ગુ૦ સા૦ ૯. શબ્દમાં આવતા જોડાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઇ' કે 'ઉ' જે હોય તે હ્રસ્વ કરવાં. (જેમ કે, 'ડુક્કર;' 'હિસ્સો.') જ્યાં અનુસ્વારનો ઉચ્ચાર કોમળ થતો હોય ત્યાં 'ઇ,' અને 'ઊ' દીર્ઘ લખવાં. (જેમ કે, 'સીંચવું,' 'મૂંડવું.')

જોડણીકોશમાં આ નિયમ બે જુદા નિયમોમાં વેંચી નાખવામાં આવ્યો છે. જુઓ ત્યાંનો ૨૧ મો તેમ જ ૨૦ મો અનુક્રમે.

આમાં બંનેના નિયમોમાં મતભેદ નથી, તેમ છતાં ૨૦ મા નિયમ-માં અપવાદ આપ્યા છે. કુંવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું આ ચારે શબ્દોમાં રા. નરસિંહરાવભાઇએ કહી તેવી જ સ્થિતિ છે. વ્યુત્પત્તિ આપણને દીર્ઘતા આપે છે જ. આ વાત મેં અન્યત્ર "અનુસ્વાર અને અનુનાસિક" એ નામના લેખમાં આપી છે. તે પ્રસિદ્ધ થયે એ વસ્તુનો ખરો ખ્યાલ આવી શકશે. મુદ્દે ગુજરાતી ભાષાના કલે-

વરમાં આવો અપવાદ સ્વીકાર્ય નથી કે કોઇ પણ સંયોગોમાં સાનુનાસિક એટલે કે અનુસ્વારના કહેવાતા કોમળ ઉચ્ચારવાળો સ્વર હ્રસ્વ હોય.

ગુ૦ સા૦ ૧૦. (ક) જે શબ્દોના અંતમાં હ્રસ્વ કે દીર્ઘ 'ઇ' કે 'ઉ' હોય તે શબ્દોને પ્રત્યય લગાડતી વેળાએ મૂળ શબ્દનું સ્વરૂપ કાયમ રાખવું. (જેમ કે, 'યતિ,' 'યતિઓ;' 'કવિ,' 'કવિઓ;' 'દડી,' 'દડીઓ'; 'નદી,' 'નદીઓ;' 'જૂ,' 'જૂઓ.') (ખ) જે શબ્દોના અંતમાં 'ઉ' 'ઉં,' અને 'ઓ,' હોય તે શબ્દોમાં ઉપાંત્ય 'ઈ' હ્રસ્વ કરીને 'યું,' અને 'યો' એમ લખવું. (જેમ કે, 'પિયુ;' 'દડિયો;' 'ઘોડિયું;' 'દારયો.') (ગ) શબ્દના અંગમાં 'ઈ' પછી 'ય' શ્રુતિ થતી હોય ત્યાં 'ઈ' પછીનો સ્વર એકલો નહિ પણ 'ય' કાર સહિત લખવો. (જેમ કે 'ઘડિયાળ'; 'કાઠિયાવાડ;' 'સહિયર.')

જોડણીકોશમાં આને ૨૭ મા નિયમમાં સમાવી લીધેલ છે. પરિષદના આ નિયમોમાં ઉચ્ચારણને (ક)માં જાળવવામાં નથી આવ્યું, જ્યારે (ખ)-(ગ)માં જાળવવામાં આવ્યું છે. વસ્તુસ્થિતિ તો એવી છે કે અહીં જે સંભળાય છે તે સ્પષ્ટ યકાર નથી, પરંતુ લઘુપ્રયત્ન યકાર છે. સંસ્કૃત કાળથી આજના કાળ સુધીમાં આ લઘુપ્રયત્ન યકાર સચવાઇ રહ્યો છે. પ્રાચીન વૈયાકરણોએ વિભાષાદ્વારા આ યકાર સાંચવ્યો છે. એ રીતે ઈ પછી બહુવચનમાં 'ઓ' સ્પષ્ટ બોલાય છે તેના કરતાં લઘુપ્રયત્ન યકાર વધારે ગોચર છે, એટલે આ ત્રણેય સ્થળોમાં વિકલ્પે 'અ'–અને 'ય' સ્વીકારવા. આમ કરવાથી જ્યાં જ્યાં અ સ્પષ્ટ ઉચ્ચારાતો હશે ત્યાં ત્યાંના વિદ્વાનો 'અ' લખે અને જ્યાં જ્યાં લઘુપ્રયત્ન યકાર ઉચ્ચારાતો હોય ત્યાં ત્યાંના વિદ્વાનો 'ય' લખે. આ રીતે મહાગુજરાતનાં આ બંને રૂપો ભાષામાં સચવાઇ રહેશે. તે જ રીતે 'થયેલું–ગયેલું' માં પણ 'થએલું–ગએલું' સ્વીકારવામાં અને 'કરિયે છિયે' વગેરેને બદલે 'કરિએ છિએ' સ્વીકારવામાં કશો બાધ નથી. જોડણીકોશમાં કરીએ છીએ એવી પ્રચલિત જોડણી સ્વીકાર-

વા અનુરોધ કરવામાં આવ્યો છે; પરંતુ સારા ગુજરાતમાં કોઈપણ સ્થળે હું નથી ધારતો કે ઇ દીર્ઘ બોલાતો હોય. જૂની ગુજરાતીમાં કરીઇ એ રૂપ મળે છે. તે સાથે જેમ જેમ અંત્ય સ્વર ઉપર ભાર વળતો જાય છે તેમ તેમ તે ઈ હ્રસ્વ થઇ ગુજરાતીમાં કરિયે કે કરિએ એ સ્વરૂપમાં ઊતરી આવે છે. આમ કરીએ એવી જોડણી સર્વથા ત્યાજ્ય છે.

આ લઘુપ્રયત્ન ય આ જ રીતે તૃતીયા તેમ જ સપ્તમીનો એ–એં શબ્દમાં અંતર્ગત નથી થતો ત્યારે દેખા દે છે. જેમકે ઘોડાએ–ઘોડાયે તેમ જ ઘોડાએં–ઘોડાયેં તે સ્થળે પણ તેને વિભાષાદ્વારા અપનાવવાની જરૂર છે. ભાષાના ખરા સ્વરૂપને જોનારો આનો વિરોધ ન જ કરે.

ફક્ત 'સૌ' શબ્દને લાગતાં તે સ્થળે લઘુપ્રયત્ન વ દેખા દે છે.

સમસ્ત દશાના પ્રત્યયોમાં આમ લઘુપ્રયત્ન ય તેમ જ વ સ્વાભાવિક છે તે આપણે નીચેના ૧૧ મા નિયમમાં જોઇશું.

ગુ૦ સા૦ ૧૧. ક્રિયાપદનું આજ્ઞાર્થવાચક બહુવચન 'વોકારવાળું' નહિ, પણ 'ઓ' કારવાળું રાખવું અને તે જ પ્રમાણે બીજાં રૂપોમાં 'વે' કાર નહિ, પણ 'એ' કાર વાપરવો. (જેમ કે, 'જુઓ,' 'ધુઓ,' 'જુએ,' 'ધુએ.')

જોડણીકોશમાં ૩૨ મો નિયમ પણ આ જ મતલબનો છે. ગુ૦ વ૦ સો૦ ના કાચા ખરડાનો ૨૩ મો તે જ વાતને ટેકો આપે છે. પરંતુ આ નિયમ ઉચ્ચારણથી તદ્દન વિરુદ્ધ છે. ૧૦ માં નિયમમાં ઇકાર પછી સ્વર આવતાં જેવી રીતે લઘુપ્રયત્ન ય સ્પષ્ટ છે તેવી જ રીતે આ સ્થળોમાં લઘુપ્રયત્ન વ સ્પષ્ટ છે. બેશક તેમાં પ્રાંતીયતા કદાચ હશે, તોય પણ આને આપણે વિભાષાદ્વારા સ્વીકારી લઇયે. આ રૂપો તૈયાર થાય છે તેમાં ધાતુની મૂળ પ્રકૃતિ ઉકારાંત બને છે, તે પછી પ્રત્યય આવતાં દશા સમસ્ત સ્વાભાવિક રીતે બને છે, એટલે ઉપરના 'દરિયો' વગેરેના ઇકાર પછીના લઘુપ્રયત્ન 'ય' ની માફક

અહીં તેવો 'વ' શ્રુતિગોચર થાય છે. નરસિંહરાવે એમના **જોડણી** (સને ૧૯૦૫) એ નામના નિબંધના પૃ. ૯૧ ઉપર આ વાત સૂચવી છે.

આ ઉપરાંત આવી જ સ્થિતિ દિયે–દિએ, લિયે–લિએ, પિયે–પિએ, બ્હિયે–બ્હિએ તેમ જ દિયો–દિઓ, લિયો–લિઓ, પિયો–પિઓ, બ્હિયો–બ્હિઓ, એ વગેરેની છે. ત્યાં લ્યે–લ્યો, દ્યે–દ્યો એવાં પહેલા બે ધાતુનાં રૂપાખ્યાનો છે તે દેખીતી રીતે લિયે–લિયો, દિયે–દિયોનાં સૂચક છે. આને આપણે સાવ જતાં જ કર્યાં છે. લે–લો, દે–દો એ આ જ રીતે મૂળ સ્થિતિમાંથી લ્યે–લ્યો વગેરેથી લઘુપ્રયત્ન યકારના નાશને પરિણામે લે–લો વગેરેમાં પરિણમે છે.

તેવી જ રીતે અકારાંત ધાતુઓ તેમ જ કર્મણિરૂપાખ્યાનમાં આજ્ઞાર્થ બીજાપુરુષ બહુવચનનો ઓ ભાગ્યે જ શ્રુતિગોચર છે ત્યાં સ્પષ્ટ રીતે કમાવ–જાવ–થાવ–રચાવ વગેરે રૂપો ઉચ્ચારાય છે. સરળતા ખાતર આ બધાં સ્વાભાવિક રૂપોનો ત્યાગ કરવા જતાં ભાષાસ્વરૂપનું શું ખૂન નથી થતું? ન્યાય ખાતર આપણે તેને **વિભાષાદ્વારા** સ્વીકારી લઇયે.

ગુ૦ સા૦ ૧૨. જે શબ્દોમાં 'ઐ' અને 'ઔ' એમ એક સ્વરવાળો જ ઉચ્ચાર હોય તે શબ્દોમાં 'ઐ' થી અને 'ઔ'થી જ જોડણી કરવી, 'અઈ' અને 'અઉ' એ બે છૂટા સ્વરોથી નહિ. (જેમ કે, 'પૈસો,' 'ખૈબર,' ચૌદૂ',' 'સૌ'.)

આ નિયમ જોડણીકોશ અને ગુ૦ વ૦ સો૦ ના કાચા ખરડાને સંમત છે.

ગુ૦ સા૦ ૧૩. તત્સમ શબ્દોમાં અનુસ્વારનો અને અનુનાસિકનો વિકલ્પ રાખવો. (જેમ કે, 'ગન્ધ', 'ગંધ', 'બન્ધુ', 'બંધુ'; 'આનન્દ'' આનંદ'.) પરંતુ અસ્પૃષ્ટ નાસિક્ય હોય ત્યાં તથા તદ્ભવ શબ્દોમાં કેવળ અનુસ્વારનો ઉપયોગ કરવો. (જેમ કે, 'સંયમ'; 'વંશ'; માંસ'; 'કાંઈ', 'કાંતવું': 'આંખ'; 'બાંધવું'.) અસ્પૃષ્ટ નાસિક્ય 'અ' હંમેશાં ટૂંકો બોલાય છે.

જોડણીકોશમાં નિયમાવલીમાં આ નિયમ નથી; પરંતુ સૂચનામાં આ વિકલ્પ સ્વીકાર્યો છે.

ઉપરના નિયમમાં **અનુનાસિકનો** અર્થ ઙ્, ઞ્, ણ્, ન્, મ્, સમઝવાનો છે. જોકે મહર્ષિ પાણિનિને આ વિકલ્પ ઇષ્ટ નથી, આમ છતાં પરંપરાથી આ વિકલ્પ પ્રચારમાં આવ્યો છે, એટલે વિભાષા સ્વીકારવાંમાં બાધ નથી.

અહીં એક હકીકત સમઝવા જેવી છે. ઉપરના નિયમમાં **અસ્પૃષ્ટ નાસિક્ય** એવી સંજ્ઞા આપવામાં આવી છે અને સાથે સાથે જણાવ્યું છે કે–"અસ્પૃષ્ટ નાસિક્ય 'અ' હંમેશાં ટૂંકો બોલાય છે." અહીં જે ઉદાહરણ આપવામાં આવ્યાં છે તેમાંના પ્રથમના ત્રણ શબ્દમાં અસ્પૃષ્ટ નાસિક્ય હોય તે સર્વથા અસંભવિત છે. અસ્પૃષ્ટ નાસિક્ય એટલે મહર્ષિ પાણિનિ જેને "मुखनासिकावचनोऽनुनासिकः (अष्टा० १–१–८) મુખની સાથે નાસિકા વડે ઉચ્ચારાતો વર્ણ તે **અનુનાસિક**" કહે છે તે આ રીતે દરેક સ્વર સાનુનાસિક બની શકે છે. હ્રસ્વ સ્વર સાનુનાસિક હોય તે ફક્ત એક માત્રા જેટલો સમય રોકે. **સંયમ, વંશમાંનું** ઉચ્ચારણ લઘુતા અર્પે છે ખરું ? બેશક જો **સંય્યમ** એવી જોડણી કરિયે તો 'સં' લઘુ રહે, બાકી નહિ જ. અનુસ્વાર અને અનુનાસિકનો ભેદ મેં મારા **અનુસ્વાર અને અનુનાસિક** એ અપ્રસિદ્ધ લેખમાં અને **વસંત**ના માઘના અંકમાં છપાયેલા "**આપણી વર્ણમાળા**" નામના લેખમાં આપેલ છે.

ય, વ, લ પહેલાં અનુનાસિક ય્ં, વ્ં, લ્ં કરે તો આગલા સ્વરમાં અનુનાસિક ઉચ્ચારણ અંતર્ગત રહે. જેમકે સંય્યમ, સંવ્વાદ, સંલ્લાપ, નહિ તો તે સાનુસ્વાર રહે અને બે માત્રાનો સમય રોકે. કાંતવું, બાંધવું, વગેરેમાંનું જે ઉચ્ચારણ છે તેજ ખરું અસ્પૃષ્ટ નાસિક્ય અને પાણિનિનું અનુનાસિક ઉચ્ચારણ છે.

આ અનુસ્વાર અને અનુનાસિક વૈદિક કાળથી તદ્દન ભિન્ન ઉચ્ચારણો છે, એટલે કે **અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચાર** એ

વાત જ નિર્મૂળ છે. આવાં બે વિભિન્ન ઉચ્ચારણો માટે આપણી ભાષામાં કશાં ચિહ્ન નથી. આ સ્થળે અનુસ્વાર દર્શાવવા ૦ પોલું મીંડું અને અનુનાસિક દર્શાવવા બિંદુ ચાલુ વ્યવહારમાં અપનાવી લઈ સદાની મૂંઝવણ દૂર કરવાની શું અત્યાવશ્યકતા નથી ? એક વાર પ્રચારમાં આવ્યા પછી આનો પ્રયોગ અતિ સરળ થઈ પડશે.

ગુ૦ સા૦ ૧૪. ગુજરાતના અમુક ભાગના શિષ્ટ ઉચ્ચારમાં કેટલાક શબ્દોમાં 'ય' કારની શ્રુતિ થાય છે, એમ એક મત છે; પરંતુ ત્યાં તે 'ય' કાર શ્રુતિ લખવામાં દર્શાવવાની જરૂર નથી. (જેમ કે, 'આંખ્ય,' નહિ, પણ 'આંખ;' 'આવ્ય' નહિ, પણ 'આવ.').

આ નિયમ બંનેને સંમત છે. વારુ, અહીં પ્રશ્ન કરું કે, તો પછી ' આવ્યો, ગયો, લાવ્યો ' વગેરેમાં 'ય' ની જરૂર શી છે? જે ઉચ્ચારણ 'આવ્ય'માં છે તે જ 'આવ્યો'માં છે. આમ છતાં પણ એવા યકારને એ શિષ્ટ ઉચ્ચારમાં હોવા છતાં મૂકી દેવો તે ન્યાય્ય નથી. તેને વિભાષાદ્વારા સ્વીકારવામાં આપણે પછાત ન રહિયે.

ગુ૦ સા૦ ૧૫. કેટલાક શબ્દોમાં 'શ'કાર તેમ જ 'સ'કાર વપરાય છે. તેવે સ્થળે એ બંને ઉચ્ચાર પ્રમાણે વિકલ્પે જોડણી કરવી. (જેમ કે, 'દશ,' 'દસ;' પરંતુ 'શાકર' નહિ, પણ 'સાકર.')

„ ૧૬. 'બાઈડી,' 'ખાંડણી,' 'દોરડું,' 'દળણું,' વગેરે કેટલાક શબ્દોમાં 'ઇ', 'ડ', 'ર,' 'ળ,' આવે છે ત્યાં તેમને બદલે કેટલેક ઠેકાણે 'ય' મૂકાય છે; પણ તેમ ન કરતાં મૂળ 'ઇ' 'ડ' 'ર' અને 'ળ' રાખીને જોડણી કરવી.

„ ૧૭. જે તત્સમ શબ્દોમાં અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયુક્ત હોય તે તત્સમ શબ્દોમાં સંસ્કૃત જોડણી કાયમ રાખવી. (જેમ કે, 'ઉત્થાન,' 'અશ્વત્થ.') અને બીજા શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ સ્વીકારવું. (જેમ કે, 'ચોખ્ખું; 'ચિઠ્ઠી,' 'પથ્થર.')

આમાંના છેલ્લામાં 'ચ્છ' નો સંયોગ જોડણીકોશ આપે છે તે

આવકારવા યોગ્ય છે. એ ઉપરાંત દ્+ધ્ નો સંયોગ હું સૂચવું છું: ‘અદ્ધર’ વગેરે.

૧૬ મા નિયમમાં ‘દળણુ’’માં બે મૂર્ધન્યતર ભેળા થાય છે. આનું ઉચ્ચારણ શકય નથી. તે જ ખાતર ‘વળણુ’ ન થતાં ‘વલણુ’ થાય છે. હજી ‘વળણુ’માં તો ઉચ્ચારસૌકર્ય છે, પરંતુ ‘દળણું’માં તો ‘ળ’ માં લઘુપ્રયત્ન અકાર હોવાથી ઉચ્ચારસૌકર્ય નથી. કાઠિયાવાડનું, ખાસ કરી સોરઠનું ‘દરણુ’’ આવા સંયોગોમાં ઉચ્ચારસૌકર્યે પ્રથમ પસંદગી મેળવશે.

૧૭ મા નિયમમાં સંસ્કૃતેતર શબ્દોમાં વિકલ્પ સ્વીકારવો આવશ્યક છે. આ સ્થિતિ આધુનિક નથી. તેને તેની પુરોગામિની ભાષાઓનો સાથ છે.

હવે છેવટમાં છેવટ રહેતો હકારનો નિયમ છે. પહેલવહેલો એ વિષય છેડનારા કવિ નર્મદાશંકર અને નવલરામભાઇ છે. એ વિષય જોડણીના વિષયમાં ડોળાયો છે તેટલો ભાગ્યે જ કોઇ બીજો ડોળાયો હશે. રા. નરસિંહરાવને એ વિષય અત્યંત પ્રિય છે.

ગુ૦ સા૦ ૧૮. (ક) ‘અ’ અને ‘હ’ જોડાક્ષર તરીકે લખવા નહિ.’ (જેમ કે, ‘અહ્મે’ નહિ, પણ ‘અમે’. (ખ) સર્વનામમાં અને ક્રિયાવિશેષણમાં ‘હ’કાર લખવો નહિ. (જેમકે, ‘ત્હમે’ નહિ, પણ ‘તમે;’ ‘જ્યહારે’ નહિ, પણ ‘જ્યારે.’) પણ ‘હું’ એમ લખવું. (ગ) આ સિવાયના જે શબ્દોમાં ‘હ’કારનું શ્રવણ વિશેષ હોય તેમાં ‘હ’ રાખવો; પણ તે બીજા વ્યંજનની સાથે ભેળવવો નહિ, અને ‘અ’કારની પછી જુદો લખવો. (જેમ કે, ‘દહાડો;’ ‘બહેરો’; ‘કહેવું’; ‘વહાલું’: ‘પહોંચવું’; ‘વહેંચવું’; ‘પહોળુ’.) પરંતુ ‘ચહાવું’, ‘નહાવું’, અને ‘સહાવું’, ન લખતાં ‘ચાહવું’ ‘નાહવું’. અને ‘સાહવું’ એમ લખવું. (ઘ) ‘કાઢવું’, ‘ચઢવું’, ‘લોઢું’, ‘મોઢું’, વગેરે રૂપ જ લખવાં—‘કહાડવું,’ ‘ચડવું’, ‘લ્હોડું’, ‘મ્હોડું’ વગેરે રૂપો નહિ.

જો૦ કો. અને ગુ૦ વ૦ સો૦ ના કાચા ખરડાને આ વાત સંમત છે.

આ બધાંય સ્થળોમાં હકાર લઘુપ્રયત્ન છે તે માટે તો કશો શક નથી. રા. નરસિંહરાવે જોડણી વિશેના વિસ્તૃત નિબંધમાં પૃ. ૪૦–૪૪ માં આ ચર્ચા ઉઠાવી છે અને તે જુદો ન લખાવો જોઈયે તેવો નિર્ણય આપ્યો છે. 'કાઢવું', 'ચઢવું' સ્વીકારવામાં તેમને બાધ નથી, પરંતુ 'લોઢું' 'મોઢું' ને બદલે લ્હોડું, મ્હોડું સ્વીકારે છે. આનું ખરું સ્વરૂપ એ શબ્દોમાંનું કાઠિયાવાડી ઉચ્ચારણ આપશે. કાઠિયાવાડમાં લોઢું-મોઢુંમાં ઢ મૂર્ધન્ય ઉચ્ચારાય છે તેને બદલે ગુજરાતમાં રા. નરસિંહરાવ કહે છે તેવું ઉચ્ચારાય છે; અને એ રીતે કાઢ઼વું, ચઢ઼વું,[1] વઢ઼વું ની સ્થિતિમાં જ તે આવી રહે છે.

આ જ માટે મેં મૂર્ધન્યતર ડ઼-ઢ઼ અને જિહ્વામૂલીય ળ એ લેખમાં ("બુદ્ધિપ્રકાશ" સને ૧૯૩૦ ના પૃ. ૨૭૭–૨૮૮ માં) તેવાં સ્થળોએ નુકતાવાળા ઢ઼ ની સૂચના કરી છે. તેનાથી જ બધો ઝગડો પતી જાય છે.

'હ'કાર સંબંધમાં શિષ્ટ ગુજરાતી જોડણી[2] એ નામના મારા એક અપ્રસિદ્ધ લેખમાં હું તેનો નીચે મુજબ તોડ લાવી શક્યો છું:–
નિયમ ૨૨. જ્યાં જ્યાં હકારનું સ્પષ્ટ ઉચ્ચારણ છે તેવા તત્સમેતર

---

૧. આશ્ચર્ય છે કે 'કાઢવું–વઢવું'માં કાઠિયાવાડમાં મૂર્ધન્ય શુદ્ધ 'ઢ' છે જ્યારે 'ચડવું'માં મૂર્ધન્યતર 'ડ' છે જોડણીકારે વિકલ્પ સ્વીકાર્યો છે. હું 'ચડવું' સ્વીકારવાના પક્ષનો છું, કાઠિયાવાડમાં ત્યાં 'ઢ' નથી માટે.

તા. ૧૨–૮–'૪૪

૨. આ નિયમાવલી શિષ્ટ ગુજરાતી જોડણીની નિયમાવલી એ મથાળે પછી "માનસી": ગ્રં. ૧, અંક ૧ માં છપાઇ છે. એના ઉપર વિસ્તાર કરી "કૌમુદી"માં પછીથી જોડણીની એકવાક્યતા એ નામનો નિબંધ છપાયો હતો, જેમાં 'હ' વિશે મુખ્યત્વે ચર્ચા બાકી રહી હતી.

તા. ૧૨–૮–'૪૪

શબ્દોમાં હકાર પૂર્વનો વ્યંજન અકાર સહિત અથવા અકાર રહિત એમ બંને રીતે લખવો. ઉદા૦ ચ્હેરો–ચહેરો, ત્હેનાત–તહેનાત, ત્હેવાર–તહેવાર, ત્હોમત–તહોમત, ન્હેર–નહેર, ન્હોર–નહોર, પ્હાડ–પહાડ, પ્હાણુ–પહાણુ, પ્હેરવું–પહેરવું, પ્હેલ–પહેલ, પ્હેલું–પહેલું પ્હોંચવું,–પહોંચવું, પ્હોર–પહોર, બ્હોળું–બહોળું, બ્હાનું,–બહાનું, બ્હાર–બહાર, બ્હેડું–બહેડું વગેરે અનેક.

,,—કહે, રહે, લહે, વહે અને સહેનાં નીચે પ્રમાણે રૂપો સ્વીકાર્ય છે:—કહે:–કહું, કહિયે, કહે–ક્‌હે, કહો–ક્‌હો, કહ્યું, કહેલું–ક્‌હેલું, કહીશ, કહીશું પરંતુ કહેશું–ક્‌હેશું, કહેશો–ક્‌હેશો, કહેત–ક્‌હેત કે કહત–ક્‌હત, કહેતું–ક્‌હેતું, કહેનાર–ક્‌હેનાર, કહેવાનું–ક્‌હેવાનું, કહેજે–ક્‌હેજે, કહેવું–ક્‌હેવું, કહેવાવું–કહેવાવું, કહાવવું–ક્‌હાવવું, કહેવડા(રા)વવું–ક્‌હેવડા(રા)વવું અને કહે ઉપરથી કહાણી–ક્‌હાણી, કહેણી–ક્‌હેણી, કહેવત—ક્‌હેવત. વગેરે

રહે, લહે, વહે, સહેનાં તેવાં જ રૂપો રહે–સહેનાં પ્રેરક રૂપો પ્રચારમાં નથી. કહાવવું ની માફક રહાવવું–લહાવવું ફક્ત પ્રચારમાં નથી.

૨૩. ચાહ, નાહ, સાહ, દોહ અને લોહ એ ધાતુઓને અનિયમિત ગણી નીચે પ્રમાણે રૂપો સ્વીકારવાં:—

ચાહ–ચાહું, ચાહિયે, ચાહે કે ચહાય–ચ્હાય–ચાહો–ચ્હાવ–ચ્હાઓ, ચાહવું, ચાહેલું, ચાહીશ, ચાહીશું કે ચાહશું–ચ્હાશું, ચાહશે–ચ્હાશે, ચાહશો–ચ્હાશો, ચાહત કે ચ્હાત, ચાહતું–ચ્હાતું, ચાહનાર, ચાહવાનું, ચાહ, ચાહજે, ચાહવું–ચ્હાવું. ચાહનાં પ્રેરક રૂપો પ્રચારમાં નથી. કર્મણિ ચ્હવાવું. નાહ,–નાહું, નાહિયે, નહાય–ન્હાય, નાહો–ન્હાવ, ન્હાયું, નાહેલું–ન્હાયેલું, નાહીશ, નાહ(હી)શું–

ન્હાશું, નહાશો—ન્હાશો, નહાશે—ન્હાશે, નહાત—ન્હાત, નહાતું—ન્હાતું, નહાનાર—ન્હાનાર, નાહવાનું—ન્હાવાનું, નહા—ન્હા, નહાજે—ન્હાજે, નાહવું—ન્હાવું. કર્મણિ નવાવું—ન્હવાવું. પ્રેરક નવરા(-ડા)વવું કે ન્હવરા(-ડા)વવું.

સાહ—ચાહ પ્રમાણે

દોહ—દોહું, દોહિયે, દુહે, દુહો, દોહ્યું, દોહેલું, દોહીશ, દોહીશું કે દોહશું, દોહશે, દોહશો, દુહત કે દોહત, દોહતું, દોહનાર, દોહવાનું, દોહ, દોહજે.—દોહનાં કર્મણિ પ્રેરક રૂપો નથી.

દોહ અને લોહ એ બન્ને સ્થળે સર્વત્ર તેમ જ કર્મણિ-પ્રેરકમાં પણ દો અને લો એવા ધાતુ પ્રચારમાં છે. રૂપ જો જેવાં જ.

લોહ—દોહ મુજબ.

નોંધ—ચહ અને નાહનાં ચ્હા—ન્હા પ્રકૃતિરૂપે ઉપર રૂપો કેટલાંક આપ્યાં છે. તે ઉપરાંત આકારાન્ત ધાતુ ગણી જાનાં રૂપો જેવાં સ્વીકારવામાં હું કશો બાધ જોતો નથી.

૨૪. ગુજરાતના કેટલાક શબ્દોમાં હકારનું ઉચ્ચારણ છે, જ્યારે કેટલાક ભાગમાં નથી. આવા શબ્દોમાં વિકલ્પ રાખવો. ઉદા૦—ડહાપણ—ડાપણ, ડહોળવું—ડોળવું, નહાર—નાર, પહાણો—પાણો, વહેરો—વેરો, બોહ—બો, ચાહ—ચા, જેહ—જે, તેહ—તે, એહ—એ, મેહ—મે, રહેંટ—રેંટ, વેહ—વે, શાહ—શા, ચેહ—ચે, કુહાડો—કુવાડો, જુહાર—જુવાર, દુહો—દુવો વગેરે.

૨૫. ગુજરાતના કેટલાક ભાગમાં વ્યુત્પત્તિસિદ્ધ લઘુપ્રયત્ન હકારનું કેટલાક શબ્દોમાં અસ્તિત્વ છે, પરંતુ કેટલાક ભાગમાં એ લઘુપ્રયત્ન હકારનું શ્રવણ નથી થતું. આવા શબ્દોમાં વ્યુત્પત્તિસિદ્ધ લઘુપ્રયત્ન હકાર જોડણીમાં વિકલ્પે

બતાવવો. ન્હાનું–નાનું, પ્હાની–પાની, પ્હાનો,–પાનો, ક્હાન–કાન, પ્હેરોણો–પરોણો, વ્હે–વે, વ્હેંત–વેંત, મ્હોટું–મોટું, વ્હાલમ–વાલમ, કહોણી–કોણી, કંહૂણી–કૂણી, વ્હાણું–વાણું, હ્ઝીનૂં–ઝીનૂં, હોજરૂં,–ઓજરૂં, હવેડો-અવે.ડો–હવાડો-અવાડો, હેડકી–એડકી, હેલી–એલી, હેવાતન–એવાતન, હોલવવૂં–ઓલવવૂં, હોળવૂં–ઓળવૂં, હગવૂં–અઘવૂં, દૂલ્હો–દૂલો, મ્હે–મે, લ્હાય–લાય વગેરે. હૂં–તૂં ના રૂપાખ્યાનમાં પહેલીનું એકવચન બાદ કરી સર્વત્ર વિભાષા સ્વીકારવીઃ હમે–વગેરે. તે–જેનાં ત્હેને, ત્હેમને, તેમ જ વિભક્તિના પ્રત્યયોવાળાં રૂપોમાં વિભાષા સ્વીકારવી. તે જ રીતે તે–જે પ્રકૃતિવાળાં અવ્યયોમાં પણ.[1]

ઉપર મુજબ ગુ૦ સા૦ પ૦ મંડળની જોડણીમાં સુધારો કરવાથી ભાષાનું પ્રચલિત સ્વરૂપ સંચવાઈ રહે છે એમ મારું માનવું છે. જે ફેરફાર સૂચવ્યા છે તે સ્વીકારવાથી કાંઈ આજ દિવસ સુધી પ્રચારમાં મુકાઇ ગયેલી જોડણીનાં માનને હાનિ નથી. આજ દિવસ સુધીની જોડણી તે આર્ષ અને હવે પછીની તે શિષ્ટ.

વિભાષા ત્યાં જ સ્વીકારી શકાય કે જ્યાં વ્યુત્પત્તિ બે હોય અથવા ઉચ્ચારણ બે હોય. આ સૂત્ર ભુલાવું ન જોઇયે. इति शम्.

માંગરોળ–કાઠિયાવાડ તા. ૨૦–૯–'૩૨

[વસંત : વર્ષ ૩૧, અંક ૭–૮, શ્રાવણ ભાદ્રપદ, સં. ૧૯૮૮ (સને ૧૯૩૨), પૃ. ૨૧૬–૨૨૭]

---

૧. આ જાતના નિચોડમાં 'હ' વ્યંજન સ્વરૂપમાં દેખાય છે તે તેના સ્વરિત ઉચ્ચારણને આવરે છે. એથી હવે મને તે સ્થળે જે સ્વરમાં તે ઉચ્ચારણ છે તે સ્વર પછી વિસર્ગ ચિહ્ન સ્વીકારવું સગવડ ભરેલું લાગે છે; જેમકે ના:નું, પા:ની, કા:ન, પ:રોણો, વે:, વેં:ત, મો:ટું વગેરે. જ્યાં હ નથી કે વિકલ્પે નથી ત્યાં વિસર્ગ ચિહ્ન ન લખવું. તા. ૧૨-૮–'૪૪

૧૯. કવિ નર્મદાશંકર અને ગુજરાતી જોડણી

હિંદુસ્તાનના રાજ્યતંત્રમાં નવયુગતા કિંવા નવીન રાજ્યશાસનકાળ જે પ્રમાણે ઈ. સ. ૧૮૫૭ ના બળવા પછીથી શરૂ થાય છે તે જ પ્રમાણે દેશી ભાષાઓના વિકાસનો યુગ પણ ત્યારથી જ શરૂ થાય છે. સને ૧૮૫૮ માં ગુજરાતી નિશાળોમાં ચલાવવાને માટે વાચનમાળા તૈયાર થતી હતી. પ્રખ્યાત હોપસાહેબ આ કાર્યના નેતા હતા. તેમણે આ વાચનમાળામાં ગુજરાતી શબ્દોની જોડણીનું ધોરણ શું રાખવું એ વિષયમાં તે સમયે ખાસ ચર્ચા ઉપાડી હતી. તેમની સૂચનાને અનુસરી રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, રા. સા. મોહનલાલ રણછોડદાસ, શ્રી. મહીપતરામ રૂપરામ, કવિ દલપતરામ ડાહ્યાભાઈ, શ્રી. મયારામ શંભુનાથ અને રા. રા. પ્રાણલાલ મથુરાદાસની બનેલી કમિટીએ એક જોડણીકોશ તૈયાર કર્યો. લગભગ ૭૦૦૦ શબ્દોની જોડણી એ રીતે એ કમિટીએ નક્કી કરેલી:

"ગુજરાતી જોડણીમાં અત્યાર સુધી બહુ અનિયમિતતા પ્રવર્તતી હતી અને નવી વાચનમાળા રચવામાં એ પ્રશ્ન બહુ મુઝવતો હતો, તેથી કમિટીના સભ્યોએ માંહોમાંહે ચર્ચા કરી, જોડણી વિષે કેટલાક નિયમો ઘડી કાડ્યા હતા, જે નિર્ણય સાથે બહારના વિદ્વાનોએ પણ અનુમતિ આપી હતી."

(ગુ. વ. સોસા. નો ઇતિહાસ, વિભાગ ૧, પૃ. ૧૦૯)

આને અનુસરી હોપ વાચનમાળા તૈયાર થઈ. આ રીતે ગુજરાતી ભાષાની જોડણીની ચર્ચા શરૂ થઇ. વાચનમાળા તૈયાર થઇ તે પછી તે વાચનમાળાને નવેસરથી સુધારી સ્ટીરિયો ટાઈપમાં છાપવાનો નિર્ણય થયો ત્યારે જોડણીના નિયમો ફરી જોઇ જવાનુ નક્કી થયું. ત્યાર બાદ નક્કી થયેલા નિયમો બહોળી પ્રસિદ્ધિ માટે સને ૧૮૬૮ ના ડિસેમ્બરના "શાળાપત્ર"માં પ્રસિદ્ધ કરવામાં આવ્યા. આ નિયમો નક્કી કરવામાં તે સમયના પ્રસિદ્ધ વિદ્વાનો ૧. મહેતાજી દુર્ગારામ મંછારામ, ૨. કવિ નર્મદાશંકર લાલશંકર, ૩. કવિ દલપતરામ ડાહ્યાભાઈ અને ૪. શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસ હતા.

આ રીતે આરંભમાં જે નિયમો બહાર પાડયા તેમાં નિયમો નક્કી કરનારાઓમાં કવિ નર્મદાશંકર હતા. એ ચાર પૈકીના કવિ સિવાયના બીજા ત્રણે તે પછી આ વિષયમાં માથું માર્યું હોય એમ સાંભળવામાં આવ્યું નથી. કવિ નર્મદાશંકરે આ વિષયને હાથમાં ઉઠાવી લીધો. સને ૧૮૭૨ માં નવલરામભાઈએ "શાળાપત્ર"માં ચર્ચા ઉપાડી કેટલાક નિયમોમાં સુધારા સૂચવ્યા. જોડણીમાંનાં નિયામક તત્ત્વોની ચર્ચાનું ખરું માન તો પ્રથમ કવિ નર્મદાશંકરને જ છે. સને ૧૮૭૩ માં તેમણે "નર્મકોશ" સંપૂર્ણ બહાર પાડયો. પ્રસ્તાવનામાં લંબાણથી તેમણે તે વિષય ચર્ચ્યો છે. નર્મદાશંકરે સૂચવેલી દિશા ઉપયોગી છે તે રા. નરસિંહરાવે એમના "જોડણી" નામક નિબંધમાં બતાવ્યું છે:

"હેમાં એઓએ લેખનપદ્ધતિનાં અમુક તત્ત્વ સ્વીકાર્યાં છે, હેમાં જો કે ગુજરાતી ભાષાના પ્રાકૃતભાષા જોડેના ઐતિહાસિક સબન્ધનું સંપૂર્ણ અંશે ગ્રહણ કરવામાં આવ્યું જણાતું નથી, તેમ જ ઉચ્ચારને સંબન્ધે વર્ણોની સ્થિતિ, માપ, ઇત્યાદિ વિષયમાં કાંઈક વિચિત્રતા, અવિશદતા અને ગડબડાટ થઇ ગયાં છે, અને નિયમોની રચનામાં કાંઈક કઢંગાઇ આવી છે, તથાપિ લેખનશુદ્ધિ વિષે ઉત્સાહપૂર્વક મનન અભ્યાસ વગેરે બળ કામમાં આણ્યાં છે, અને પરિણામે સ્વીકારેલાં ફળો કેટલાંક બહુધા સત્ય માર્ગ તરફ ગયેલાં છે."

(પૃ. ૪—૫)

ખરું જોતાં આ ચર્ચાને વિષય તરીકે આપનારા કવિ પ્રથમ જ છે. એમની પાસે અત્યારે જે વિપુલ પ્રાચીન સાહિત્ય ઉપલબ્ધ છે તેવું વિશેષ હતું નહિ, એટલે જ આપણે અત્યારે તેમના નિયમોમાં જે ખામીઓ જોઇયે છિયે તે રહેવા પામી છે. એમણે જ ગુજરાતી ભાષામાં રહેલાં કેટલાક તત્ત્વો પ્રથમ વાર જ બતાવ્યાં છે; જેવાં કે ડકારનાં બે ઉચ્ચારણ, અનુસ્વારનાં બે ઉચ્ચારણ (એટલે કે અનુસ્વાર અને બીજું સાનુનાસિક), હકારનાં બે ઉચ્ચારણ, એ-ઓ-નું વિવૃત ઉચ્ચારણ અને શાંત (જેને અત્યારે આપણે લઘુપ્રયત્ન અકાર કહિયે છિયે તે) અ.

જોડણીમાં મૂળભૂત નિયમ

લેખનશુદ્ધિ માટે કવિને જબ્બર આગ્રહ હતો. ગુજરાતી શબ્દોની જોડણી કરવામાં તેઓ ઉચ્ચારણ ઉપર ખાસ ભાર આપતા હતા. નર્મકોશની પ્રસ્તાવનામાં તેઓ જણાવે છે કે—

"લેખનશુદ્ધિ વિષે જ્યારથી મેં ગ્રન્થ લખવા માંડયા ત્યારથી જ બોલવું તેવું જ લખવું એ જ વિચારને મૂળ ધોરણ માનતો આવ્યો છઉં. બે ત્રણ વાર નિયમો પણ બાંધ્યા હતા પણ તે પ્રમાણે સર્વત્ર વર્ત્તવા વિષે મેં સ્પૃહા રાખી નથી. ત્રણેક વર્ષ થયાં જૂનાં પુસ્તકો વાંચવામાં ને શબ્દોની વ્યુત્પત્તિ શોધવામાં મેં આનન્દ માન્યો છે, તે ઉપરથી પણ મારા પ્રથમ વિચારને પુષ્ટિ મળી છે, કે બોલવું તેવું જ લખવું, પછી રૂપાન્તર મૂળને મળતું આવતું હોય કે ન હોય." (પૃ. ઋ)

લેખનશુદ્ધિના અવિચળ નિયમો બાંધવાની એમની અભિલાષા પાર પાડવામાં મુશ્કેલી તેમને જણાયેલી જ. આ જ પૃષ્ઠ ઉપરની ટીપણીથી તેઓ લખે છે—

"જ્યાંસુધી પરસ્પર સઙ્ગતિવ્યવહાર વધ્યો નથી, ઘણા ગ્રન્થકારો થયા નથી, અનેક કોશગ્રન્થ થયા નથી, જ્યાંસુધી પ્રદેશપ્રદેશની ભાષા સમ્મિશ્રણે એકરૂપ થઈ નથી ત્યાંસુધી લેખનશુદ્ધિ વિષે અવિચળ નિયમ બન્ધાવા દુર્લભ છે. અમણાં નિયમ બાંધવા તે માત્ર એ વિષે લક્ષ તથા ચર્ચા કરાવવાને અને નિશાળમાં ભણનારાં યથેચ્છ વર્ત્તે તેને અઙ્કોશમાં રાખવાને માટે છે."

[બંને માટે 'નર્મકોશ'ની નવી આવૃત્તિ (અ—આ), પૃ. ૭—૮]

તત્સમ શબ્દોની શુદ્ધિ

ગુજરાતી ભાષામાં સંસ્કૃત તેમ જ પ્રાકૃત ભાષાદ્વારા ઊતરી આવેલા બે જાતના શબ્દો તેમ જ તે જ રીતે સંસર્ગમાં આવેલી અરબી ફારસી અંગ્રેજી વગેરે ભાષાઓના શબ્દો છે. આવી સ્થિતિ હોવાને લીધે મૂળ ભાષામાંથી આવેલા શુદ્ધ તેમ જ વિકૃત-શબ્દોને કેવા સ્વરૂપમાં સ્વીકારવા તેની ચર્ચા આરંભથી જ થતી આવી છે. કવિ તે વાત બતાવતાં સૂચવે છે કે—

"પરભાષાના શબ્દને મૂળના જ ઉચ્ચારણ પ્રમાણે નહિ, પણ મૂળના જ ઉચ્ચારણને અનુસરતા રહી લોકમાં જે ઉચ્ચારણ રૂડું મનાય તેનું વિવેચન કરીને લખવા," (પૃ. ઋ.)

"સંસ્કૃત શબ્દો (અન્ત્યના અનુસ્વાર—વિસર્ગ સહિત અથવા રહિત) પોતાને શુદ્ધ સ્વરૂપે જ હોવા જોઈએ. × × × × × લોકને વાંચતાં અઘરૂં પડશે માટે અનુસ્વારને વ્યઞ્જનરૂપે ન લખવું એના કરતાં નેને તેનાં બીજાં ઉચ્ચારણથી જૂદું પાડી દેખાડવાને વ્યઞ્જનરૂપે જ લખવું ને અભ્યાસથી અઘરાંને સેલું કરી નાખવું એ જ ઉત્તમ પક્ષ છે. (પૃ. ઋ)

[બંને નવી આવૃત્તિમાં, પૃ. ૯]

આ રીતે સંસ્કૃત તત્સમ શબ્દોની શુદ્ધિ મૂળ પ્રમાણેજ કાયમ રાખવી. જે ભાષાની લિપિ જ જુદી છે તેવી અરબી-ફારસી વગેરેના શબ્દો આપણા કંઠને અનુકૂળ પડતા લખવા, પણ તેમાં **મૂળના ઉચ્ચારણને અનુસરતાં** રહી. કવિ આથી કહેવા એમ પણ માગે છે કે તે ભાષાનાં જે જે ઉચ્ચારણ આપણા કંઠને અનુકૂળ છે તેને જાળવવા સંપૂર્ણ કાળજી રાખવી. જે ઉચ્ચારણો આપણને અપરિચિત છે તેને તો આપણે બતાવી શકતા જ નથી.

એમનો " **અભ્યાસથી અઘરાંને સેલું કરી નાંખવું** " એ મુદ્રાલેખ ખાસ ધ્યાન ખેંચે તેવો છે. મ્ પછી વર્ગીય અક્ષરો આવતાં તેની પૂર્વે તે તે વર્ગનો અનુનાસિક વ્યંજન થાય છે; જેમ કે અઙ્ક, વ્યઞ્જન, કણ્ઠ, સમ્બન્ધ વગેરે; તેમ જ સંસ્કૃતને અનુસરી ય્, વ્, લ્ પૂર્વે અનુનાસિક ય્, વ્, લ્; જેમકે સંય્યમ, સંવ્વાદ, સંલ્લાપ, તે તે સ્થળો અઘરાં છે. વિદેશી ભાષા ભણનારાઓ તે તે અજાણી ભાષાની નાનામાં નાની બાબતો ઉપર પૂરતું ધ્યાન આપે છે જ, તો પછી આવી વસ્તુ ધ્યાનમાં ન રહે તે સ્વીકારી શકાય તેવું નથી.

આ રીતે કવિનો તત્સમ શબ્દોની શુદ્ધિ લેખનમાં બતાવવાનો આગ્રહ દુરાગ્રહ નથી જ, બલ્કે તે પ્રશસ્ય અને સ્વીકારવા લાયક છે.

ભાષાસ્વરૂપ સ્પષ્ટ વ્યક્ત કરવાને તેઓ ચિહ્નો યોજવાના

મતના હતા. તેમણે ઍ–ઑ–ના વિવૃત ઉચ્ચાર તેમ જ હ-નો લઘુ-પ્રયત્ન ઉચ્ચાર સ્વર નીચે (.) બિંદુ યા નુકતાથી બતાવવાનો અનુરોધ કર્યો છે તેમાં તેમને ઉપરનો મુદ્રાલેખ જ હેતુભૂત છે. ખરે જ ચિહ્નોના વપરાશથી ભડકનારાઓને આ ધ્યાનમાં લેવા જેવી વાત છે.

જે લિપિ ભાષાસ્વરૂપ બતાવવાને સમર્થ ન હોય તેને **આદર્શ-લિપિ** ન જ કહી શકાય. બોલવું તેમ લખવું તે ત્યારે સંભવે કે જ્યારે ભાષાસ્વરૂપના વ્યંજક સંકેતો લિપિમાં હોય. આ માટે લિપિમાં જે અધૂરું હોય તે પરિચિત અને સહેલા સંકેતો યોજી પૂરું કરી લેવું જોઈએ.[૧]

---

૧. આ નિયમોને ધ્યાનમાં રાખી સારલ્ય માટે નીચેના બે નિયમો આપવામાં આવે છે. આમાં કવિનું હાર્દ તેમણે યોજેલા પ્રયોગોથી સમજી શકાય તેમ છે.

(૧) તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કાયમ રાખવી. (तृ, अन्, इन्, विन्, मत्–वत् વગેરે અંતવાળા શબ્દોનું પ્રથમા વિભક્તિનું એકવચન ભાષામાં વપરાય છે, તેમ જ अ–आ ઉપધાવાળા સકારાંત શબ્દોની પ્રથમાના એકવચનમાં લુપ્ત-વિસર્ગવાળાં રૂપો પ્રચારમાં છે તેને તત્સમ જ ગણવાં). (અ) ઉચ્ચાર અને જોડણી જુદી છે એવી અરબી ફારસી ઉર્દૂ અંગ્રેજી વગેરે ભાષાના શબ્દો ગુજરાતી ભાષામાં કઢંગા ન દેખાય તેવી રીતે મૂળ ઉચ્ચારને અનુસરતા લખવા. (આવા શબ્દોમાં મધ્યે લઘુપ્રયત્ન અકાર જેવો ઉચ્ચાર હોય તો ત્યાં તે શબ્દોમાં વ્યંજન ખોડો ન લખતાં 'અ' ઉમેરી જોડણી કરવી. અકબર વગેરે). (આ) વ્યંજન અકારવાળા જ બોલાય છે. તેવું જ ભાષાનું વલણ હોવાથી તેમાં અકાર ઉમેરી જોડણી કરવી. જગત, વિદ્વાન, અજબ, જાસૂસ વગેરે.

(૨) અનુસ્વાર પછી વર્ગીય વ્યંજન હોય તો તે વ્યંજનના વર્ગનો અનુનાસિક વ્યંજન અનુસ્વારને બદલે યોજવો. ય, વ, લ પૂર્વે અનુનાસિક ય્ વ્, લ્ કરવા, એટલે કે આગલા સ્વર ઉપર બિંદુ મૂકી ય્, વ્, લ્ બેવડા લખવા.

તત્સમેતર શબ્દોની શુદ્ધિ

સને ૧૮૬૮ ના વાચનમાળાના નિયમોમાં એક નિયમ એ હતો કે

"ગુજરાતી શબ્દો ગુજરાતના ઘણા ભાગોમાં જે પ્રમાણે બોલાતા હોય તે પ્રમાણે લખવા."

કવિ આ નિયમ યોજવામાં સાથે હતા તે આપણે જોયું છે. વસ્તુસ્થિતિએ ગુજરાતી જોડણીમાં વિકટ સ્થળો હોય તો તે ગુજરાતી શબ્દો (= તત્સમેતર શબ્દો જે જૂની ભાષાદ્વારા ઊતરી આવ્યા છે તે) છે. તેમાં પણ ઇ–ઉ વાળા જ. બાકીના શબ્દો માટે ઝગડો ભાગ્યે જ રહે છે. કવિએ "નર્મકોશ"ની પ્રસ્તાવનામાં આ ઇ–ઉ–ની વાત ચર્ચી છે. પ્રાથમિક શબ્દોમાં ઇ–ઉ કેવા અને સાધિત શબ્દોમાં કેવા રાખવા આ મુખ્ય પ્રશ્ન છે.

"કેટલાંએક, ઉંકારાન્ત નપુંસક નામ–વિશેષણના પ્રત્યયરૂપે છે તે અને કેટલાક ધાતુના મુખ્ય પ્રત્યય વું રૂપે છે તે એક સરખી જ રીતે બોલાય છે. પણ વું છે તેનું ઉચ્ચારણ કંઈક વિશેષ સ્પષ્ટ ને કિઞ્ચિત લમ્બાતું જણાશે એમ મને ભાષાનું વલણ અને હું, શું નું ઉચ્ચારણ જોતાં ને શબ્દની વ્યુત્પત્તિ જોતાં જણાય છે." (પૃ. ૠ)

"એક અક્ષરના ઈકારાન્ત શબ્દ (સાનુસ્વાર ને નિરનુસ્વાર) તે દીર્ઘ જ છે—ઈ, ચીં, ઘી, જી, દી ઇ૦ પણ નિરનુસ્વાર ઉકારાન્ત જૂ, રૂ, લૂ શબ્દ તે દીર્ઘ ને સાનુસ્વાર હું, શું તે હ્રસ્વ જ તેમ ધ્વનિવાચક ઊં, ચૂં, રૂં તે દીર્ઘ જ રાખવા.

"બે અક્ષરના શબ્દમાં અન્ત્ય ઈ દીર્ઘ ને અન્ત્ય ઉ હ્રસ્વ જ રાખવાં: તેમ પ્રથમ વર્ણમાં ઈ–ઉ હોય તો તે દીર્ઘ જ જાણવાં; વળી પ્રથમ ઉ ને અન્ત્યે ઓ હોય તો વિકલ્પે હ્રસ્વ ઉ ને વો થાય. × × × ×

"બેથી વધારે અક્ષરના શબ્દમાં પ્રથમ વર્ણ ઈ–ઉ હોય અથવા એ સ્વરવાળા વ્યંજન હોય તો તો તે હ્રસ્વ જ જાણવા. ઇઝ-રાતું, ઉજાળવું, × × × × .

"દીર્ઘ ઈ-ઊ થી આરમ્ભાતા શબ્દ બીજા શબ્દ સાથે જોડાય તો તે હ્રસ્વ થાય છે. કીડી પણ કિડિયારું. × × × તેમ ઈકારાન્ત શબ્દને એ-ઓ પ્રત્યય લાગેથી હ્રસ્વ ઇ તથા યે-યો એમ પણ રૂપ થાય છે. બારીઓ અથવા બારિયો, × × ×" (પૃ. ઈ-ઉ) ('મુખમુદ્રા' "સં. ૧૯૨૯ના પોષ શુદ ૬ શનેઉ"ને રોજ લખેલી). (નવી આવૃત્તિ પૃ. ૧૦)

ઉપર કવિનું સામાન્ય વલણ અંત્ય ઇકારની (પછી તે સાનુ-નાસિક કે નિરનુનાસિક હોય તેની) દીર્ઘતા અને ઉની તેવા સંયોગમાં હ્રસ્વતા તરફ દેખાય છે. અંત્ય સાનુનાસિક ઉં કાંઇક લંબાય છે એમ તેઓને જણાયેલું. "નર્મકોશ"માં આ સ્થિતિ હતી, પરંતુ ત્યાર પછી એમની જે "નર્મકવિતા" ગુજરાતી પ્રેસ-મુંબઈ તરફથી છપાઇ તેમાં બધા જ સંયોગોમાં સાનુનાસિક (અનુસ્વારના કહેવાતા કોમળ ઉચ્ચારવાળા) ઇ-ઉ દીર્ઘ જ સ્વીકાર્યા છે. પ્રાચીન હસ્તલિખિત શિષ્ટ સાહિત્યમાં તેમણે આ સ્થિતિ જોઇ અને તેમાં ઉંકારમાં જે લંબાતું ઉચ્ચારણ તેમને પ્રતીત થયેલું તેનો ટેકો મળ્યો હશે. अउंમાંથી આ દીર્ઘ ઊં ઊતર્યો છે એ વાત તેમને સમઝાઈ હોય તેમ દેખાય છે. આ રીતે સાનુનાસિક ઉકારની દીર્ઘતાનો નવીન યુગમાં પ્રચાર કરનાર કવિ જ પ્રથમ છે.

અનંત્ય દશાના (સાનુનાસિક) ઇ-ઉ ની દીર્ઘતા તેમણે માનેલી છે. અત્યારે દી. બ. કેશવ હ. ધ્રુવ અને રા. નરસિંહરાવ દિવેટિયા જેવા ભાષાશાસ્ત્રીઓની કૃપાથી વ્યુત્પત્તિની ખરી સ્થિતિ આપણી આંખો સામે આવી છે. નવા શાસ્ત્રીય વલણ પ્રમાણે સાનુનાસિક (કિંવા અનુસ્વારના કહેવાતા કોમળ ઉચ્ચારવાળા) ઇ-ઉ અનંત્ય દશામાં દીર્ઘ છે. નિરનુનાસિક ઇ-ઉ નો આધાર કેવળ વ્યુત્પત્તિ ઉપર જ નિર્ભર છે. ખરું ઉચ્ચારણ શું એ કહેવું મુશ્કેલ છે, એટલે જ વ્યુત્પત્તિનો આધાર આવશ્યક જણાયો છે.

કવિ સાધિત શબ્દોમાં અનંત્ય ઇ-ઉ ને હ્રસ્વ રાખવાના વલણ-ના હતા. રા. નરસિંહરાવભાઈએ આ વિષયની મુશ્કેલી જણાવી જ

છે. ભાષાનું વલણ જોતાં તે પ્રાથમિક દશામાં દીર્ઘ હોય તો સાધિત દશામાં દીર્ઘ જ રાખવા યોગ્ય છે. બુકકમિટીના સને ૧૮૬૮ ના નિયમોમાં દીર્ઘ જ રાખવાની સંમતિ કવિએ આપેલી તેવું તે નિયમો નીચે આપેલી કવિની સહીથી સમઝી શકાય છે.

અહીં રા. બળવંતરાય ઠાકોરની 'પુસ્તકાલય' માસિકમાં સાર્થ જોડણીકોશની સમીક્ષામાં આપેલી સૂચના યાદ આવે છે: આવા સંયોગોમાં વિભાષા સ્વીકારવામાં આવે તો રહેતે રહેતે બધું સ્વસ્થ થઈ જાય.[1]

ઈકારાંત નામોને એ–ઓ પ્રત્યય લાગતાં હ્રસ્વ 'ઇ' કરી લઘુપ્રયત્ન 'ય' રાખવાની શાસ્ત્રીય વાત ખાસ ધ્યાન ખેંચે છે, તે સ્વીકારવા જેવી છે. સમસ્ત દશામાંના આ ફેરફારો વર્ષો પહેલાં કવિને સૂઝી ગયેલા.

આ રીતે ઇ–ઉની સ્થિતિ કવિએ માની છે. આ પછી ખાસ ધ્યાન ખેંચે તેવો વિષય તે હકાર સંબંધી છે. હકાર સંબંધી એમનું વલણ કાંઈક વિચિત્ર છે. રા. નરસિંહરાવે એમના "જોડણી" તેમ જ Gujarati Language and Literature, Vol. I એ ગ્રંથોમાં વિસ્તારથી હકારની ચર્ચા કરી છે. તેનો તોડ કેવી રીતે કાઢવો તે વાત મેં મારા "મૂર્ધન્યતર ડ઼ ઢ઼ અને જિહ્વામૂલીય ળ" (બુદ્ધિપ્રકાશ, પુ. ૭૭ મું, પૃ. ૨૮૪) અને "ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળની જોડણી" (વસંત, વર્ષ ૩૧) એ નામના લેખોમાં આપી છે તે તરફ મારા વિદ્વાન મિત્રોનું ધ્યાન ખેંચું છું.[2]

---

૧. ગુજરાતી ભાષામાં અંત્ય દશા હોય કે અનંત્ય દશા હોય સાનુનાસિક નિરનુનાસિક બંને પ્રકારના ઇ–ઉ ની સરખી દશા છે. કવિ નર્મદાશંકરના સમયમાં ગમે તે સ્થિતિ હોય, આજની ગુજરાતી બોલનારી પ્રજાની ઉચ્ચારણ-વિષયક સ્થિતિ જોતાં ઇ–ઉ કંઠમાં હ્રસ્વ જ ઉચ્ચરિત વધુ માલૂમ પડે છે, પછી તેના ઉપર સ્વરભાર હોય કે ન હોય. તા. ૧૨–૮–'૪૪

૨. જે સ્વરમાં 'હ' લઘુપ્રયત્ન હોય તેની પૂર્વેનો વ્યંજન અર્ધો લખી તેવી વિકલ્પે જોડણી સ્વીકારવાનો તેમાં સમાદર છે. 'હ'નું તે ઉચ્ચારણ

ઉપસંહાર

આ રીતે કવિની જોડણીની સ્થિતિ છે. ગુજરાતી ભાષાની જોડણી પોતાના સમયમાં ઉપલબ્ધ સાધનોથી કુશાગ્રબુદ્ધિના આ કવિએ સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. રા. નરસિંહરાવ જેવા ભાષાશાસ્ત્રી પણ પોતે કવિના ઋણી છે એમ ઘણીવાર સ્વીકારે છે. આ દિશાનો ખરો આરંભક જ કવિ છે. વસ્તુસ્થિતિએ કવિને જે જે નવાં તત્ત્વો સૂઝેલાં તે તે સિવાયનાં બીજાં તત્ત્વો ભાગ્યે જ સૂઝયાં છે: મૂળ તત્ત્વોમાં મોટો સ્વરૂપભેદ પાછળના વિદ્વાનોને ભલે મળ્યો હોય, તેમ છતાં તે શોધવાનું માન તો કવિને જ છે.

અનુસ્વારનાં બે ઉચ્ચારણો **તીવ્ર** અને **કોમળ**[1] એ તેમની નજરે ચડેલાં. સંસ્કૃત શબ્દોમાંના અનુસ્વાર ઉપરથી કોમળ ઉચ્ચાર ઊતરી આવ્યો છે, તે વાત ખ્યાલમાં આવતાં તેમણે આ હકીકત

ખરા શબ્દોમાં કહિયે તો મહાપ્રાણિત છે. તે તે સ્વર, બતાવવા વધુ વિચાર કરતાં તેવા સ્વરની પછી (:) વિસર્ગ ચિહ્નનો સમાદર કરવાથી સરળતા મળે તેમ લાગે છે. છાપખાનાની મુશ્કેલી પણ તેથી ટળી જાય છે. બે:ન, પોં:ચ, મા:રૂં, તા:રું, કે:, રે:, વે:, રો:, કો:, કો:વું વગેરે એ પ્રમાણે જોડણી કરવી. વિકલ્પવાદમાં વિસર્ગ ન આવે તેટલું જ. સંસ્કૃત બેચાર તત્સમ શબ્દો સિવાય આપણે ત્યાં વિસર્ગનો પ્રયોગ નથી. આ ચિહ્ન પણ જાણીતું છે અને 'હ' નું પ્રતિનિધિત્વ જ સાચવે છે. તા. ૧૨–૮–'૪૪

૧. અનુસ્વારના બે ઉચ્ચાર એ વાત એટલી બધી રૂઢ થઇ ગઈ છે કે અદ્યાપિપર્યંત વિદ્વાનોને તે ઉચ્ચારણના ખરા ભેદનો પત્તો લાગ્યો નથી. સામાન્ય રીતે એમ જ માનવું છે કે તત્સમ શબ્દોમાંનો અનુસ્વાર તદ્‌ભવ શબ્દોમાં લાંપડો પડી જતાં કોમળ થઈ ગયો. આ વાત ખરી હોવા છતાં અનુસ્વાર અને તે અનુનાસિક ઉચ્ચારણ એક વસ્તુ નથી. આ પોચું કિંવા અનુનાસિક ઉચ્ચારણ તદ્દન અલગ વસ્તુ છે. વેદના વારાથી ભિન્ન સંકેતોથી બેઉ ઊતરી આવ્યાં છે. પ્રાતિશાખ્યો તેઓને તદ્દન ભિન્ન જ આપે છે. આની પ્રાચીનતા રા. નરસિંહરાવે આપણને મોડે મોડે પણ પ્રથમ બતાવી છે. જુઓ Guj. Lang. & Lit. Vol. I : Adenda પૃ. ૪૭૦–૭૨.

જાહેર કરેલી. આનું અનુસરણ અદ્યાપિપર્યંત આપણા ભાષાશાસ્ત્રીઓ કરતા આવ્યા છે. રા. નરસિંહરાવે પછી કોમલ, કોમલતર કોમલતમ એવા ભેદો જોયા, પરંતુ તેનું મૂળ તો કવિની પ્રથમ શોધ જ.

આ રીતે કવિ નર્મદ–નર્મદયુગનો અધિષ્ઠાતા દેવ કોઈ અને કોઈ રીતે ગુજરાતી સંસ્કૃતિ ગુજરાતી સાહિત્ય અને માતૃભાષાના ગૌરવનો પરમ વિધાયક હતો એમ કયો ગુર્જરીનો જાયો સ્વીકારી કૃતજ્ઞ ન થાય ? સાહિત્યની દરેકે દરેક શાખામાં પ્રવેશવાળો આવો સમર્થ પુત્ર મેળવી ગુજરાતની ભૂમિ ગૌરવશાલિની થઈ છે એમાં લેશ પણ આશ્ચર્ય નથી. इति शम्

આંગરોળ—કાઠિયાવાડ તા. ૫–૮–'૩૩

[નર્મદશતાબ્દી ગ્રંથ–૧૯૩૩, પૃ. ૩૨૧–૩૨૫]

૨૦. જોડણી

'પ્રશ્નલહરી'ના તૃતીય તરંગના એકદેશનો ખુલાસો

'ગુજરાતી'ના તા. ૫–૧૧–'૩૩ ના અંકથી પ્રો. હીરાલાલ ર. કાપડિયાએ **પ્રશ્નલહરી** એ મથાળા નીચે કેટલાક પ્રશ્નો મૂકયા છે, તેમાંના તા. ૧૯–૧૧–'૩૩ ના અંકમાં જોડણીવિષયક એક પ્રશ્ન કર્યો છે. મુખ્યત્વે તેના ખુલાસા પૂરતો આ અહીં પ્રયત્ન છે.

સ્વરમાં અંતર્ગત રહેતું ઉચ્ચારણ તે **સાનુનાસિક**, જ્યારે સ્વર પછી વધી પડતું ઉચ્ચારણ તે **સાનુસ્વાર**. સાનુનાસિક સ્વર હ્રસ્વ-લઘુ પણ હોય અને દીર્ઘ–ગુરુ પણ હોય. 'સંયમ'માં અકાર નાકમાંથી બોલાય છે ત્યાં તે હ્રસ્વ-લઘુ છે, અને બેવડા 'ય્' ને કારણે ગુરુ બને છે. રા. નરસિંહરાવના 'કાંઈ', 'અહિં', 'તહિં' વગેરેમાંનો ઇ સાનુનાસિક હ્રસ્વ-લઘુ છે. વસ્તુસ્થિતિએ ગુજરાતી વર્ણવિકારના અનેક ઉત્સર્ગો માફક અનુસ્વારમાંથી ઉચ્ચારભેદે ઊતરતા અનુનાસિક ઉચ્ચારનો આ ઉત્સર્ગ છે. નાસિકાસ્થાનની સમાનતાને લીધે તે બેને કોમળ–તીવ્રના ભેદે એક માનવા તે યુક્ત નથી જ.

ગુજરાતી ભાષામાં તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે સ્વીકારાવવામાં આવી છે. ગુજરાતી ભાષાની જોડણીના અંતિમ સર્વમાન્ય નિયમો ભવિષ્ય પર અવલંબેલા હોવાથી તદ્ભવ શબ્દોની જોડણીમાં કેટલેક સ્થળે મતભેદ જોવામાં આવે છે. પ્રથમ હોપવાચનમાલા કમિટીએ જે સંયોગોમાં ગુજરાતી ભાષાની જોડણીના કૃત્રિમ નિયમો પ્રસિદ્ધ કર્યા તે સમયે જૂનું અપભ્રંશકાલીન સાહિત્ય બહોળા પ્રમાણમાં પ્રાપ્ત થયેલું ન હતું, બલ્કે તે કમિટીના સભ્યોને તે સાહિત્ય જોવાનો લાભ ન મળેલો, તેમ જ મધ્યકાલીન ગુજરાતીના સ્વરૂપને વ્યક્ત કરનારા મહત્ત્વના હસ્તલિખિત ગ્રંથો પ્રાપ્ત થયા ન હતા. અત્યારે બહોળા પ્રમાણમાં અપભ્રંશકાલીન સાહિત્ય અમુદ્રિત તેમ જ મુદ્રિત દશામાં અધિગત છે. તેવા સંયોગોમાં જો જોડણી નક્કી કરવાનો એક પ્રયત્ન કરવામાં આવે તો શાસ્ત્ર ઉચ્ચાર અને સારલ્યના સમન્વયવાળી સર્વમાન્ય જોડણી પ્રસિદ્ધ થાય અને જે માત્ર બે ચાર સ્થળે શાસ્ત્ર અને ઉચ્ચારથી વિરુદ્ધ નિયમો રહેતા નજરે ચડે છે તેનો નાશ થાય.

આ સાથે લેખકોની બેદરકારીને લીધે તેમ જ ઉચ્ચારની અવ્યવસ્થાને લીધે કેટલાંક સ્થળોએ શબ્દોમાં અશુદ્ધિ થવા પામે છે તે પણ સર્વસામાન્ય નિયમો બહાર પાડતાં ટળી જાય.

જોડણીમાં ગોટાળો યા મુશ્કેલી ઊભા કરે એવા બે સ્વરો મુખ્યત્વે છે; તે ઈ અને ઉ. અત્યાર સુધીમાં જે કાંઈ પણ અવ્યવસ્થા મુખ્યત્વે દેખાય છે તે ઝાઝે ભાગે આ બે સ્વરના વિષયની જ હોય છે. પ્રો. કાપડિયાના પ્રશ્નમાં પણ તે ઈ–ઉ જ રહ્યા છે તે આ વાતની સાક્ષી પૂરે છે.

ગુજરાતી ભાષામાં સાનુનાસિક અને નિરનુનાસિક ઈ–ઉ ની એક સરખી સ્થિતિ છે. સાનુનાસિક એટલે રા. નરસિંહરાવ જેને અનુસ્વારનો કોમળ ઉચ્ચાર કહે છે તે ઉચ્ચારણ. ગુજરાતી ભાષામાં જ્યાં જ્યાં આ સાનુનાસિક ઉચ્ચારણ ઊતરી આવ્યું છે ત્યાં ત્યાં ઘણું કરી મૂળ પ્રકૃતિમાં અનુસ્વાર રહેલો હોય છે. જે સ્વરમાં

અનુસ્વાર હોય તે સ્વરની માત્રાઓ બે હોય છે, એટલે કે સાનુસ્વાર સ્વર ઉચ્ચારણમાં બે માત્રા જેટલો સમય રોકે છે. અનુસ્વાર જ્યારે વર્ગીય વ્યંજનો પૂર્વે હોય છે ત્યારે તે તે વર્ગના અનુનાસિક વ્યંજનરૂપે જ ઉચ્ચરિત થાય છે. એટલે વસ્તુસ્થિતિએ સ્વર પછી બે જોડાક્ષરો આવી રહે છે. **અપભ્રંશમાંથી ગુજરાતીમાં ઊતરી આવે ત્યારે સામાન્ય રીતે જોડાક્ષરનો આદ્ય વર્ણ લુપ્ત થાય છે અને પૂર્વનો સ્વર ગુજરાતીમાં દીર્ઘ સ્વરૂપે ઊતરી આવે છે,** જેથી માપ કુદરતી રીતે બરાબર સચવાઈ રહે છે. वक्रकम्–वङ्कउं–વાંકૂં, उच्चकम्–उच्चउं–ઊંચૂં, छिद्दउं–છિદ્દઉં–છીંડૂં, पिच्छकम्–पिच्छउं–પિંછઉં–પીંછૂં. (પીછૂં પણ)

આ તો અનંત્ય દશાની વાત થઈ છે. અંત્ય ઇ–ઉ માટે સ્થિતિ જરા જુદી છે. ત્યાં મૂળ અપભ્રંશમાં બે જુદા સ્વરોમાં સ્વરભાર વિભક્ત હોય છે તે મધ્યકાલીન ગુજરાતીમાં આવતાં એક દીર્ઘ સ્વરરૂપે પરિણમે છે. ઉપરનાં ચારે ઉદાહરણમાં अउं માં બે સ્વરમાં વિભક્ત રહેલો ભાર એક સ્વરે પરિણમતાં દીર્ઘ રૂપે ઊતરી આવે છે. એ રીતે વાંકૂં, ઊંચૂં, છીંડૂં, પીંછૂં વગેરે દીર્ઘ ઊંકારાંત શબ્દોનું ગુજરાતી ભાષામાં અવતરણ છે. સાનુનાસિક ઇં–અંતવાળા અહીં, તહીં, કહીં, નહીં, દહીં વગેરે જૂજ શબ્દો છે. આ શબ્દોમાં જો બે માત્રા જ માનિયે તો હૈં, તૈં, કૃહૈં, ન્હૈં, દૃહૈં આવાં ઉચ્ચારણો છે. ગુજરાતીમાં અપભ્રંશમાં જેમ છે તેમ સ્વરો વિભક્ત રહી શકતા નથી. જો વિભક્ત રાખવા હોય તો અંત્ય સ્વર ઉપર ભાર પડે એટલે અહીં, તહીં, કહીં, નહીં, દહીં એવાં ત્રણ માત્રાવાળાં ઉચ્ચારણો થાય. આની સરખામણી કરવી હોય તો નિરનુનાસિક દીર્ઘ ઈકારવાળા ગઈ, થઈ, રહી, જઈ, કહી વગેરે શબ્દો છે. જો ઝડપથી બોલી બે માત્રા જેટલો સમય રોકિયે તો ગૈ, થૈ, ર્‌હૈ, જૈ, ક્‌હૈ, આવી સ્થિતિ મળે છે, તેને આપણે ગઇ, થઇ, રહિ, જઇ, કહિ એમ હ્રસ્વાંત નથી લખતા. સ્વર અલગ પાડતાં ગુજરાતી ભાષામાં અંત્ય સ્વર ઉપર ભાર આવી રહે છે.

વસ્તુસ્થિતિએ ગુજરાતી ભાષામાં અંત્ય તેમ જ અનંત્ય સાનુનાસિક કિંવા અનુસ્વારના કહેવાતા કોમળ ઉચ્ચારણવાળા ઈ-ઊ-કાર દીર્ઘ છે (વધુ જિજ્ઞાસુને વસંત માસિકના સાં. ૧૯૮૮ ના પૌષના અંકનો પદાંત ઇ-ઈ ઉ-ઊ, શ્રાવણ-ભાદ્રપદના અંકનો ગુજરાતી સાહિત્યપરિષદ મંડળનો જોડણી અને ચાલુ સાં. ૧૯૯૦ નાં કાર્તિક માર્ગશીર્ષના અંકમાંનો અનુસ્વાર અને અનુનાસિક, આ લેખો જોઇ જવા વિનંતી કરું છું).

આ રીતે (૫) દહીં અને (૧૧) ઊંચું એ સંબંધી શંકાનો ખુલાસો છે.

ઉપર સૂચવ્યું જ છે કે અપભ્રંશમાંથી ગુજરાતીમાં આવે ત્યારે સામાન્ય રીતે જોડાક્ષરનો આદ્ય વર્ણ લુપ્ત થાય છે અને પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે: (૧૧) पूर्णिमा-पुण्णिमा-પૂન્યમ કે-પૂનેમ (ક્વચિત્ પૂનેમ પણ); (૯) छुट्टउं-છૂટું; (૧૦) उब्भउं-ઊભું; (૮) હિંદી कुत्ता ઉપરથી કૂતરો.

જે શબ્દોની વ્યુત્પત્તિ પ્રાપ્ત થાય છે તેવા શબ્દોને માટે ઉપર પ્રમાણેનાં નિયમનો છે. બાકીના જેની વ્યુત્પત્તિ પ્રાપ્ત નથી તેવા શબ્દોમાં ૧-બે સ્વરવાળા શબ્દોમાં અનંત્ય સ્વર ઉપર ભાર હોય છે તેવા શબ્દમાં પૂર્વનો સ્વર દીર્ઘ રહે: (૩) ડીલ, (૭) ખૂણો [(૪) પૂરૂં શબ્દ-पूरितम् ઉપરથી પૂરિઉ-પૂરયું-પૂરૂં એ રીતે છે. તેમાં પ્રકૃતિમાં જ 'પૂ' [1]દીર્ઘ છે.] ૨. ત્રણ સ્વરવાળા શબ્દોમાં પ્રથમનો સ્વર ભારવાળો હોય તો તે દીર્ઘ અને બીજો સ્વર ભારવાળો હોય

---

૧. दीपालिका-દીવાલિઆ-દીવાળી એ શબ્દમાં પણ દી પ્રકૃતિમાં દીર્ઘ છે. એ રીતે તા. ૧૨-૧૧-'૩૩ ના અંકની તે શબ્દમાંની શંકાનો ખુલાસો પણ થઇ જાય છે.

ઉમેરણ-પણ પછી આદિ 'દિ' હ્રસ્વ બને છે, સ્વરભાર 'વા' ઉપર સ્થિર થતાં. તા. ૧૨-૧૧-'૪૪

તો પ્રથમનો સ્વર હ્રસ્વ રહે છે. એ રીતે (૬) ફૂમતું, (૨) લૂગડાં, પરંતુ શિવાજ, હિસાબ, વિનંતી વગેરે.

સંકારપદ ૧૧ શબ્દોની આ દશા છે. (૧) સૂરજ અને (૧૦) ફિકર એ શબ્દોની સ્થિતિ સમઝવા જેવી છે. અર્વાચીન તદ્ભવ લેખે આ શબ્દોનો સ્વીકાર છે. સૂર્ય=સૂરજ, કાર્ય=કારજ, વીર્ય=વીરજ (કાવ્યમાં વપરાયા છે.) આ ત્રણ શબ્દની એકસરખી સ્થિતિ છે. આ શબ્દોમાંના કારજના સ્વરૂપ ઉપરથી બીજાં સ્વરૂપોનો ખ્યાલ આવશે. મૂળમાં કાર્ય શબ્દની ત્રણ માત્રા છે. જોડાક્ષર અલગ પડતાં ચાર માત્રા થવા જાય છે. તે જ રીતે સૂર્ય, વીર્ય મૂળમાં ત્રણ માત્રાના પછીથી જોડાક્ષર અલગ પડતાં ચાર માત્રાનું સ્વરૂપ દેખાય છે. મૂર્ખ=મૂરખ, પૂર્ણ=પૂરણ, ચૂર્ણ=ચૂરણ, જીર્ણ=જીરણ એ વગેરે વિશેષ ઉદાહરણો છે.[1]

આ શબ્દોમાં જોડાક્ષર પૂર્વનો સ્વર મૂળમાં દીર્ઘ છે. તદ્ભવ લેખે ઊતરતાં તેમાં મૂળનો દીર્ઘ સ્વર દીર્ઘ રહે છે. આ રીતે જો જોડાક્ષર પૂર્વે હ્રસ્વ સ્વર હોય અને જોડાક્ષર અલગ પડે તો તે સ્વર હ્રસ્વ રહે. ધર્મ=ધરમ, કર્મ=કરમ, વર્ણ=વરણ, કર્ણ=કરણ; તે જ રીતે અરબી-ફારસી શબ્દો ઉમ્ર=ઉમર, ફિક્ર=ફિકર, અક્લ=અકલ વગેરે અનેક. [આમાં વિકાર થતાં ઉપાંત્ય અ (જે જોડાક્ષરના પ્રથમ વર્ણમાં ઉમેરાય છે, તે)ના ઉપર સ્વરભાર રહે છે.]

[તા. ૨૬-૧૧-'૩૩ ની **પ્રશ્નલહરી**માંના એઠું શબ્દની વ્યુત્પત્તિઃ—]

उच्छिष्टकम्=ઉચ્છિટ્ઠઉં=उच्छिट्ठउं = ઉહિટ્ઠઉં=ઉઇટ્ઠઉં= અઇટ્ઠઉં = એઠું, એ ક્રમ સ્વાભાવિક છે. उत्सृष्ट ઉપરથી સંભાવના જ નથી.]

માંગરોળઃ તા. ૧-૧૨-'૩૩.

['ગુજરાતી' પત્રઃ તા. ૧૦-૧૨-'૩૩, પૃ. ૧૭૯૩]

---

[1] પણ સ્વરભાર બીજી શ્રુતિ ઉપર જતો હોવાથી આદિશ્રુતિ ઉચ્ચારણમાં હ્રસ્વ જ રહે છે. તા. ૧૨-૧૧-'૪૭

૨૧. શાસ્ત્રોચ્ચારપરિશુદ્ધ જોડણી[1]

: સોરઠા :

વાગીશ્વર - ચરણાબ્જ – રજથી રંગ્યા હૃદયથી
લખવા પ્રેરણ આજ થાય જોડણી - વિષયને. ૧
નમું નવલ ગોપાલ માધવ કમલા રમણને
સ્મરણ કરી આ બાલ તત્પથ ઉજ્જ્વલ અનુસરે. ૨
ભાષાન્વેષણ – કામ સંતત જેણે આદરી
કર્યું ખરું નિજ નામ, પ્રેરક તે નરસિંહ મુજ. ૩
વાણીનો વ્યાપાર પ્રકટયો, એ એંધાણથી
હૈડાં એકાકાર નામ જેમ બંને બનો. ૪
શબ્દબ્રહ્મવિકાસ આનંદે દિલમાં ભર્યો:
દિલનો એ ઉલ્લાસ આનંદે સંલગ્ન હો. ૫
બળ ન કે નથી હામ, તોપણ યત્ન શરૂ કરું;
દિલમાં છે આરામ: અમૃતદૃષ્ટિ બલવંત છે. ૬

મન્દાક્રાંતા

ક્યાં આ વિદ્વત્પરિષદ વડી ! ક્યાં રહ્યો બાલ આ હું ?
તોયે કેવું મુજ દિલ બન્યું હામ આ ભીડવાનું ?
બચ્ચાં કેરાં મધુર વચનો વૃદ્ધને જે ગમે છે,
સાચું તે જો, મુજ હૃદય તો યત્ન આ આદરે છે. ૭

માતૃભાષાપ્રેમી વિદ્વદ્વૃંદ !

ગુજરાતી ભાષાની જોડણીમાં સામાન્ય રીતે જે અરાજકતા હતી તે ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રસિદ્ધ [illegible] જોડણીકોશથી ઘણી જ ઓછી થઈ ગઈ છે એમ અત્યારની સ્થિતિ ઉપરથી આપણે સમઝી શકિયે છિયે. સામાન્ય દૃષ્ટિએ વિદ્વાનો તેમ જ છાપખાનાવાળાઓએ જોડણીકોશને સંમાની તેની જોડણીને માન આપ્યું છે. આમ આ વિષય હવે વધુ વખત ચર્ચાવાનો ન જ હોય તેવી

૧. અગિયારમા ગુજરાતી સાહિત્યસંમેલનમાં લાઠીમુકામે વંચાયલો નિબંધ

પ્રતીતિ થાય છે. ત્યારે સ્વાભાવિક એ પ્રશ્ન ઊઠશે કે–આ પ્રયત્ન કરવાનુ શું પ્રયોજન છે ?

રા. નરસિંહરાવના જ શબ્દોમાં કહું તો—

"કોઇપણ પ્રકારનું વાજબી સમાધાન પામ્યા વિના એ પ્રશ્ન શાન્ત થવાનો નથી; બળે કરીને ગૂંગળાવી નાખવાનો પ્રયત્ન થશે તોપણ હેના જીવનબળે કરીને phoenix પક્ષીની પેઠે ફરી સજીવન થઈને આપણી સમક્ષ ઊભો રહેશે. માટે સર્વ દૂરદર્શી વિદ્વાનોની ફરજ છે કે એ પ્રશ્નને શાન્ત, નિર્વિકાર મનથી અને સત્યશોધક દૃષ્ટિથી તેમજ ખરી વ્યવહારકુશલતાથી તપાસવો અને સારી વ્યવસ્થાના કાયમ પાયા ઊપર મૂકવો. એમ કરવામાં એટલું જ યાદ રાખવાનું છે કે વ્યવહારકુશલતાની આગળ સત્યનાં ઊંચા તત્ત્વોનું બલિદાન અયોગ્ય રીતે આપવાનું નથી." (જોડણી. પૃ. ૧ લું)

જોડણીકોશમાં સ્વીકારવામાં આવેલી જોડણી અંતિમ છે એમ તો જોડણીકોશકાર કહેવા માગતા જ નથી. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના વાંચવાથી એ વસ્તુ આપણે સમઝી શકિયે છિયે :—' એકવાર અ-રાજકતામાંથી વ્યવસ્થા ઉત્પન્ન થઈ ગઇ એટલે પછી સુધારા કરવા જ હોય તો તે કામ પ્રમાણમાં ઘણું સહેલું થઈ જાય છે.' (પૃ. ૧૦)

ખુદ જોડણીકોશમાં જ બીજી આવૃત્તિમાં સાંઝ એવી ખરી જોડણીને વિકલ્પદ્વારા સ્વીકારી આ વાતને સાચી કરી બતાવવામાં આવી છે.

હવે ગુજરાતી ભાષા પોતાની નજીકમાં નજીકની જોડણીના સ્વરૂપને લગભગ પામી ચૂકી છે એ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી જોડણી નક્કી કરવા મળેલી કમિટીના કાચા ખરડા ઉપરથી જોઈ શકયા છિયે. આ છેલ્લા બે પ્રયત્નોની પૂર્વે ગુજરાતી સાહિત્ય-પરિષદમંડલે જોડણીના અઢાર નિયમો પ્રસિદ્ધ કરેલા તે નિયમો ઘણે ભાગે ગુજરાતી ભાષાના સ્વરૂપને અનુકૂળ હતા, આમ છતાં ગુજરાત વિદ્યાપીઠ તરફથી જોડણીકોશ

પ્રસિદ્ધ કરી સરળતા ખાતર કેટલાક કામચલાઉ નિયમો અમલમાં મૂકવા અનુરોધ કરવામાં આવ્યો; પરિણામે મુશ્કેલી ઉત્પન્ન થતાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અંતિમ જોડણી નક્કી કરવા એક કમિટીની નિયોજના કરી. જો કે તે કમિટી છેવટનું સમાધાન લાવી શકી નહિ. તેમ છતાં જે ચર્ચાદિ થયાં તે ઉપરથી એક કાચો ખરડો તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યો. પ્રાયઃ જોડણીકોશના નિયમો અને ગુજરાતી સાહિત્ય પરિષદ-મંડલના નિયમોમાં જ્યાં વિરોધ હતો તે તે સ્થળે વિભાષા સ્વીકારી સમાધાનનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ ત્રણેય નિયમવલીઓ ઉપર એક ચર્ચા સં. ૧૯૮૮ ના શ્રાવણ-ભાદ્રપદના વસન્ત માસિકના પૃ. ૨૧૬-૨૨૬માં આ નિબંધના લેખક તરફથી આપવામાં આવી છે તે આ વિષયના જાણકાર વિદ્વાનોની જાણ બહાર નહિ જ હોય. જોડણીકોશના નિયમોના માન ખાતર જો કે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કાચા ખરડામાં વિકલ્પો સ્વીકારવામાં આવ્યા છે, છતાં ગુજરાતના સમર્થ ભાષા-શાસ્ત્રીઓના મતે તેવા વિકલ્પો જોવાની જરૂર નથી એમ હું કહું તો તે અતિશયોક્તિ ભરેલું નથી. આ રીતે એ અતિ સ્પષ્ટ છે કે ગુજ-રાતી સાહિત્ય પરિષદમંડલની જોડણી બીજી કોઇ પણ નિયમાવલી-ઓની જોડણી કરતાં ગુજરાતી ભાષાના સ્વરૂપને વધુમાં વધુ નજીક છે એમ બહોળા પ્રમાણમાં મળતા પ્રાચીન શિષ્ટ હસ્તલિખિત ગ્રંથોમાં સ્વીકારવામાં આવેલી જોડણી જોવાથી આપણે સમજી શકિયે છિયે. ગુજરાતી પદબંધ મહાભારતના સંપાદનને અંગે આવી મધ્ય-કાલીન તેમ જ અર્વાચીન ગુજરાતી ભાષામાં લખાયેલા અનેક હસ્તલિખિત ગ્રંથોના દર્શનનો લાભ આ નિબંધના લેખકને મળ્યો હોવાથી આમ મત ઉચ્ચારવાને હિંમત કરવામાં આવી છે.

ગુજરાત જુદા જુદા પ્રાંતોમાં વિભક્ત છે. ઉચ્ચારણોમાં તે તે પ્રાંતમાં ભિન્નતા છે. એ બધાનો સમન્વય કરવા વિભાષા-વિકલ્પની આવશ્યકતા છે. ઉપર જે જાતના વિકલ્પનું સૂચન કર્યું છે તે કોઇ

પ્રાંતીય વિકલ્પ નથી જ. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કાચા ખરડામાં નીચેના વિકલ્પ સ્વીકારવામાં આવ્યા છેઃ—

"૩ જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લે તે અને તત્સમ આરદર્શક જ લે ત્યારે અકારાંત ગણીને લખવા. જેમ કે વિદ્વાન્-વિદ્વાનને; પરિષદ્-પરિષદમાં; તેમ કવચિત જ." (ગ્રન્થ અને ગ્રન્થકાર, પુ. ૨. પૃ. ૨૧૬)

અને :—

"૧૭. મૂળ શબ્દ પરથી બનતા શબ્દોમાં અને મૂળ ધાતુ પરથી કરાતાં પ્રેરક અને કર્મણિપ્રયોગનાં રૂપોમાં મૂળ શબ્દ યા ધાતુની જોડણી કાયમ રાખવી નહિ, પરંતુ આગલા નિયમ મુજબ વિકલ્પે ફેરવવી. ઉદા૦ ભૂલ–ભુલામણી વગેરે." (એ જ ગ્રન્થ, પૃ. ૨૧૯)

આમાંનો પહેલો આપેલો નિયમ સંસ્કૃત ભાષાનું માન સાંચવવા નિયોજાયેલો છે. ગુજરાતી ભાષામાં માત્ર સંસ્કૃત ભાષાના જ તત્સમ શબ્દો વાપરવામાં આવતા હોય તો આ નિયમ યોગ્ય જ ગણાય. પરંતુ અહીં મુશ્કેલી એ છે કે સંસ્કૃત સિવાયની અન્ય અરબી ફારસી અંગ્રેજી વગેરે ભાષાઓના તત્સમ વ્યંજનાંત શબ્દો બહોળા પ્રમાણમાં ગુજરાતીમાં વાપરવામાં આવે છે તેના ખોડા વ્યંજનનું શું? વસ્તુ-સ્થિતિ જ એવી છે કે ગુજરાતી ભાષામાં આવા શબ્દો વ્યંજનાંત બોલાતા નથી જ, પરંતુ તેમાં લઘુપ્રયત્ન અકાર સામેલ હોય છે; એટલે જ ગુજરાતી સાહિત્ય પરિષદમંડલે આવો વિકલ્પ સ્વીકાર્યો નથી, અને :—

"૪. ગુજરાતીમાં આવેલા વ્યંજનાંત તત્સમ શબ્દોની જોડણી સ્વરાંત કરવી. (જેમકે, 'જગત', 'પરિષદ', 'અકસ્માત')."

—એવા ભાષોચ્ચારણની સ્વાભાવિકતાને અદલોઅદલ આપતા નિયમનો અનુરોધ કર્યો છે. આપણે ત્યાં આવા વ્યંજનાંત શબ્દોમાં લઘુપ્રયત્ન અકાર છે તેની ખાતરી જ વગેરે અવ્યયો કરી આપે છે જ. જ વગેરે અવ્યયો લાગતાં અકારાંત શબ્દોમાંનો લઘુપ્રયત્ન અકાર

પૂર્ણપ્રયત્ન થઈ જાય છે, તેવી જ સ્થિતિ આ વ્યંજનાંત શબ્દોની થાય છે; જેમકે ક્વચિત જ.

સાધિત શબ્દોની જોડણીમાં ઈ-ઊ ને ફેરવવા સંબંધમાં પણ આવો જ સમઝફેર છે. સ્વરભારના નિયમે આકારવાળા મૂળ શબ્દો ઉપરથી સાધિત શબ્દો તૈયાર થતાં આકારનો અકાર થાય છે તેને અનુસરી એવો ભ્રમ ઉત્પન્ન થાય છે કે જાણે તેવા સંયોગોમાં ઈ–ઊ પણ હ્રસ્વ થઈ જતા હોય. આ ભૂલ આને અનો દીર્ઘ સ્વર માનીને થયેલી છે. વસ્તુસ્થિતિએ આ એ તો અનું વિવૃતિવિધાન રૂપ છે. ઉચ્ચારણવિધાન જોતાં જે રીતે ઇ–ઉ ના એ–ઓ થાય છે તે જ રીતે ગળાની બારી ખુલ્લી કર્યે અ માંથી આ થાય છે. હિંદીમાં એ–ઐ તેમ જ ઓ–ઔવાળા ધાતુ ઉપરથી સાધિત ધાતુઓ બનતાં એ–ઐ નો ઇ અને ઓ–ઔ નો ઉ થાય છે, જેવી રીતે આ નો અ: मारना–मराना, देखना–दिखाना, बोलना–बुलाना. ગુજરાતમાં માત્ર આવાળા શબ્દોમાં જ અકાર થવાનું વલણ રહ્યું છે. રા. નરસિંહરાવે આ વસ્તુ સ્પષ્ટ કરી છે :—

"(૪) વસ્તુત: પોચા અનુસ્વારયુક્ત આકારનો હાવે પ્રસંગે અકાર થતાં અનુસ્વાર જોરદાર થઈ જાય છે, તેમ ઈકાર–ઊકારને પ્રસંગે ઉચ્ચારપરિણામ નથી થતું; વાંચવું-વંચાવવું, રાંધવું–રંધાવવું, ઇત્યાદિ; પણ નીંદવું–લૂંટવુંનું નિન્દાવવું, લુણ્ટાવવું જેવું ઉચ્ચારપરિણામ નથી થતું. નીંદાવવું–લૂંટાવવું એમ થવા માટે આ બહુ સૂચક સ્થિતિ છે." (સને ૧૯૩૦ ના બુદ્ધિપ્રકાશના અંકમાંના જોડણીનો એક નિયમ એ ચર્ચાપત્રમાંનો તેમનો ખુલાસો)

ઉપર મુજબ વિકલ્પ અનાવશ્યક છે, તે ઉપરાંત નીચેની વસ્તુથી પણ તેની અનાવશ્યકતા સિદ્ધ થશે. જોડણીકોશમાં એક નિયમ છે કે:–

"(૨૩મા નિયમનો) અપવાદ—વિશેષણ પરથી થતાં નામો તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ઉદા૦–ગરીબ–ગરીબાઈ; વકીલ–વકીલાત; ચીકણું – ચીકણાઈ; મીઠું – મીઠાશ; જૂઠું – જૂઠાણું."

તે પછી ૨૪ મા નિયમની નોંધ:—

"આ જાતનો શબ્દસમાસ હોય તો સમાસના અંગભૂત શબ્દોની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ભૂલથાપ, બીજવર, હીણકમાઉ."

ભાષામાં નિયમો એક સરખું કામ કરનારા હોય છે. અપવાદ અસાધારણ સંયોગોમાં જ ઉચ્ચારપરિણામને લીધે હોય છે. વસ્તુસ્થિતિએ ગુજરાતીમાં મૂળ શબ્દોને તદ્ધિત–કૃત્–કર્મણિ–ભાવે–પ્રેરકના પ્રત્યયો લાગતાં ઇ–ઉ ની એક સરખી સ્થિતિ ઉપલબ્ધ થાય છે; આમ છતાં એક ઠેકાણે તેનો અમલ કરવો અને બીજે ઠેકાણે ન કરવો એ વદતોવ્યાઘાત જ છે. કરવો હોય તો બંને સ્થળે કરવો, ન કરવો હોય તો બંને સ્થળે ન કરવો. ઉપર બતાવ્યું તેમ કરવા કરતાં ન કરવા તરફ વલણ વધુ છે તે રા. નરસિંહરાવના અવતરણથી સમઝી શકાય તેવું છે. આ માટે જ ગુજરાતી સાહિત્ય પરિષદ્મંડલે નીચેના નિયમનો અનુરોધ વાજબી તેમ જ ભાષોચ્ચારણના સ્વાભાવિક નિયમને અનુસરી કર્યો છે:—

"૮. 'ઈ'કારવાળા અને 'ઊ'કારવાળા પ્રાથમિક તદ્ભવ શબ્દ ઉપરથી ઘડાતા શબ્દોમાં પ્રાથમિક શબ્દોની જોડણી કાયમ રાખવી. (જેમ કે, 'દૂધ', 'દૂધપાક', 'દૂધાળી'; 'ભૂલ' 'ભૂલથાપ', 'ભૂલામણું', 'ભૂલાવો'; 'ઊઠવું', 'ઊઠાવવું'; 'શીખવું', 'શીખવાડવું'; 'પીવું', 'પીવાડવું'.)"

મૂળમાં રહેલો સ્વરભાર પ્રત્યય આવતાં આવા સંયોગોમાં સ્થાનભ્રષ્ટ થતો લાગતો નથી તે આના અવિકૃતપણા માટે નિયામક હશે.

આમ જોતાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કાચા ખરડામાં સ્વીકારવામાં આવેલી જોડણીમાંના વિકલ્પો માત્ર કૃત્રિમ તેમ જ ભાષોચ્ચારણ સાથે મેળ ન ખાતા તેમ જ જેને પ્રાંતીયતા સાથે લેશ પણ સંબંધ નથી તેવા હોવાથી ગુજરાતી સાહિત્ય પરિષદ્મંડલના તેવાં સ્થળોના નિયમો સ્વીકારવામાં કોઇપણ જાતની મુશ્કેલી નથી, ઊલટું સૌકર્ય–સરળતા છે.

તેમ છતાં વિભાષા વિના ચાલે તેમ નથી. તે વિભાષા કયાં

ક્યાં સ્થળોએ સ્વીકાર્ય છે તે હવે પછી બતાવવામાં આવશે. તે પૂર્વે અહીં ગુજરાતી ભાષાના સ્વરૂપથી વિરુદ્ધનું એક ઉચ્ચારણ ગુજરાતીમાં શિષ્ટ તરીકે સ્વીકારાઈ ગયું છે તેના વિષયમાં કંઈક વક્તવ્ય રહે છે.

પરિષદ્‌મંડલના ૭ મા નિયમનો (ગ) એ પેટાનિયમ એક આ વાત આપે છે કેઃ—

"અનુસ્વારવાળી અંત્ય 'ઈ' દીર્ઘ લખવી; પણ રૂકાર સિવાયના બધા પ્રસંગમાં અનુસ્વારવાળો અંત્ય 'ઉ' હ્રસ્વ લખવો. (જેમ કે, 'તહીં', 'અહીં'; 'હતું', 'બધું'; 'ફરૂં', 'કરૂં'.)

સને ૧૮૫૮ પછી હોય વાચનમાલાને માટે જોડણીના નિયમો નક્કી કરવામાં આવ્યા ત્યારથી આ અંધેર ચાલ્યું આવે છે; તેના તરફ દી. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ સિવાય બીજા કોઈ પણ વિદ્વાનનું ધ્યાન ખેંચાયું હોય તેવું મારા સ્મરણમાં નથી.

મહેતાજી દુર્ગારામ મંછારામ, કવિ નર્મદાશંકર લાલશંકર, કવિ દલપતરામ ડાહ્યાભાઈ અને શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસ એ ચાર વિદ્વાનોએ એકમત થઇ તૈયાર કરેલા નિયમોમાં એક નિયમ એવો કર્યો કે—

"૮. કાંસું, રાતું, વાંચવું વગેરે શબ્દોમાં નાન્યતર જાતિ જણાવનારો જે સ્વર તે અનુસ્વારવાળો હ્રસ્વ ઉકાર છે." (ગુજરાત વર્ના. સો. નો ઇતિહાસ પૃ. ૨૧૬).

સ્વ. નવલરામભાઇએ તે ઉપરથી એવો મત જાહેર કર્યો કેઃ—

(उँ प्रत्ययमां उकार बधे ठेकाणे ह्रस्व ज छे.)

આમ નિયમ કર્યો તો ખરો, પરંતુ ચતુર કવિ નર્મદાશંકરને લખવું વગેરેમાં ઉકાર કાંઇક લંબાતો લગ્યો. તેમણે તે હકીકત ખુલ્લા દિલથી નર્મકોશની ભૂમિકાના ૯૮ પૃષ્ઠ ઉપર આપી છે કેઃ—

"* * * કેટલાંએક ઉંકારાન્ત નપુંસક નામ વિશેષણના પ્રત્યયરૂપે છે, તે અને કેટલાંક ધાતુના મુખ્ય પ્રત્યય વું રૂપે છે, તે એક સરખી જ રીતે બોલાય છે, પણ વું છે તેનું ઉચ્ચારણ કંઇક વિશેષ સ્પષ્ટ ને કિંચિત લમ્બાતું જણાશે. એમ મને ભાષાનું વલણ અને હું, શું નું ઉચ્ચારણ જોતાં ને શબ્દની વ્યુત્પત્તિ જોતાં જણાય છે."

કવિએ આ પછી શું કર્યું તે જાણવામાં નથી આવ્યું, પરંતુ ત્યાર પછી ગુજરાતી પ્રેસ તરફથી નર્મકવિતાનો ગ્રંથ બહાર પડ્યો તેમાં આ વસ્તુનો તેમણે અમલ કરી સાનુનાસિક દીર્ઘ ઊંકાર સ્વીકાર્યો.

હવે અત્યારે તો મધ્યકાલીન ગુજરાતી તેમ જ અર્વાચીન ગુજરાતીના અનેક હસ્તલિખિત શિષ્ટ ગ્રંથો આપણને પ્રાપ્ત થયા છે તેમાં સર્વત્ર દીર્ઘ સાનુનાસિક ઊંકાર પ્રાપ્ત થાય છે તે વાત ઉપરની સ્વ. કવિને થયેલી વુંમાંની દીર્ઘતાની ઝાંખીને અતિ પુષ્ટ કરે છે. ઉચ્ચાર હ્રસ્વ છે એમ તો કોઈ પણ કહી શકે તેમ નથી, વ્યુત્પત્તિ પણ તેવે સ્થળે દીર્ઘતા જ અર્પે છે; આ વાત વસંતના સં. ૧૯૮૮ના પૌષના અંકમાં **પદાંત** ઇ–ઈ ઉ–ઊ વાળા લેખમાં વિસ્તારથી મારા તરફથી આપવામાં આવી છે તે ઉપરથી સમઝી શકાશે. વ્યુત્પત્તિ ઉચ્ચાર અને સારલ્ય એકસરખી રીતે આપણને સાનુનાસિક દીર્ઘ ઊંકાર આપે છે, આમ છતાં હ્રસ્વ જ લખવો એ કેવળ **પ્રતારણા** છે એમ કહેવાની હું હિમ્મત કરી શકું છું.[1] તેવાં સ્થળોએ ઇકારને દીર્ઘ સ્વીકારવામાં કોઈને વાંધો નથી. મુદ્દે ઇકાર અને ઉકારની ગુજરાતી ભાષામાં એક સરખી સ્થિતિ છે; આમ છતાં એકને તે જ સંયોગોમાં દીર્ઘ અને બીજાને હ્રસ્વ સ્વીકારવો એ કોઇ પણ રીતે ન્યાય્ય ન જ ગણી શકાય. પરિષદમંડલના નિયમમાં તે જ સ્થળે રૂંકારમાંના ઊંને દીર્ઘ સ્વીકારવામાં જ આવ્યો છે તો પછી બીજા વ્યંજનોમાંના તેવા ઊંકારને દીર્ઘ સ્વીકારવામાં બાધ ન જ ગણવામાં આવવો જોઇયે. આ રીતે પરિષદમંડલના નિયમોમાં આ (ગ) નિયમની

---

૧. સ્વરભારનું તત્ત્વ શબ્દ એકલો ઉચ્ચારતાં જે સ્થિતિ આપે તેને ઢાંકવાના પ્રયત્ન સામે આ **પ્રતારણા** છે. ત્યાં હ્રસ્વતા વાક્યગત સ્વરૂપમાં છે તે સમઝીને નિયમ બાંધવામાં આવે તો તે પ્રતારણા નહિ. 'ઈ–ઉ'ની ભાષામાં સર્વત્ર સરખી સ્થિતિ છે, છતાં શબ્દાંતે 'ઈ' દીર્ઘ અને એકાક્ષરી શબ્દો સિવાય 'ઉ' હ્રસ્વ આવો નિયમ કરવો એ **પ્રતારણા** છે.

તા. ૧૨–૮–'૪૪

આવશ્યકતા જ નથી રહેતી. તેને બદલે છઠ્ઠો નિયમ નીચે મુજબ સુધારવાથી કામ પતે તેમ છેઃ—

નિયમ:—એક સ્વર કે અનેક સ્વરવાળા તત્સમેતર શબ્દોમાં અંત્ય સાનુનાસિક કે નિરનુનાસિક ઈ–ઊ દીર્ઘ છે. ઘી, છી; તહીં, અહીં; હું, શું; હતું, બધું; જૂ, લૂ, ચાલૂ, લાગૂ, વગેરે.

અપવાદ:—જ્યાં સ્વરભાર ઉપાંત્ય સ્વર ઉપર છે તેવા અસંયુક્ત ઇ–ઉ માત્ર હ્રસ્વ છે. કાંઇ, જનોઇ, ભાઇ, જોઇ, રોઇ, ગાઉ, કમાઉ, તેમ જ ચાંઉ, જાંઉ, કમાંઉ વગેરે. (થાઊં, જાઊં, કમાઊં તે સ્થળે મધ્યકાલીન ગુજરાતીમાં દીર્ઘતા છે તે માત્ર તત્સમ લેખે સ્વીકારવી હોય તો વિકલ્પે સ્વીકારાય.)"

વ્યુત્પત્તિ અને સારલ્ય એ ત્રણેય તત્ત્વોનો આ નિયમમાં સમન્વય છે એમ હરકોઇ નિષ્પક્ષપાત વિદ્વાનને જણાયા વિના નહિ રહે; એટલે આ સાનુનાસિક દીર્ઘ ઊંકારના સંબંધમાં વિભાષા કોઈપણ રીતે સ્વીકારી શકાય તેમ નથી. આજ દિવસ સુધી હ્રસ્વ ઉકાર લખાયો–છપાયો છે તેનાથી મૂંઝાવા કાંઇ પણ કારણ નથી. આર્ષ ગુજરાતીમાં એ સ્થિતિ હતી. પાણિનિએ એ રીતે કેટલાય વ્યાકરણ–વિરુદ્ધ પ્રયોગોને 'તેવાઓનો માત્ર વેદમાં પ્રયોગ છે' એમ કહી સંસ્કૃતથી અલગ પાડી નાખ્યા છે. બાકી તો 'જાગ્યા ત્યાંથી સવાર' એમ સ્વીકારવામાં કશો બાધ ન જ હોય.

શાસ્ત્ર ઉચ્ચાર અને સારલ્યમાં અંતર્ગત થતી **વિભાષા–વિકલ્પ** સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી જ તે વાત પરિષદમંડલનો પાંચમો નિયમ જોવાથી સમઝાય છે. તે નિયમ એ છે કેઃ—

"શિષ્ટ જનોના ઉચ્ચાર જુદા જુદા હોય ત્યાં બધા ઉચ્ચાર સ્વીકારવા, અને તે પ્રમાણે જોડણી કરવી. [જેમકે–'ડોશી', 'ડોસી'; 'ફૂલ' 'ફૂળ'; (પ્રસંગાનુસાર'; પણ 'સું' નહિ પણ 'શું'] પરંતુ સરલતા વગેરે કારણથી આ નિયમનો અપવાદ કરવો પડે. (જેમકે, યકારને લગતો નીચેનો ચૌદમો નિયમ જુઓ.)"

હું ઉમેરું છું કે માત્ર ચૌદમો નિયમ નહિ પણ દસમો અગિ-

બારમો એ બંને નિયમ પણ આપવા જોઇતા હતા, કેમ કે તેમાં પણ તે જ લઘુપ્રયત્ન યકારની અને વકારની વાત છે. પંદરમા દસ–દશમાંના વિકલ્પનો આ નિયમમાં સમાવેશ થયો મને લાગે છે, એટલે પંદરમા નિયમને અલગ આપવાની જરૂર નથી. આ નિયમમાંના તાલવ્ય–દંત્ય શ–સકારની વાત જેટલી મહત્ત્વની છે તેટલી બલ્કે તેથી વિશેષ વાત લઘુ–પ્રયત્ન ય–વની છે.

૧. ઇકારાંત શબ્દને એ–ઓ પ્રત્યય લાગતાં યશ્રુતિ ગોચર છે તે વાત છેક બુકકમિટીના નિયમમાં પણ સ્વીકારાયેલી છે. તે જ રીતે—

૨. દડિયો, ઘોડિયું, દરિયો; તેમ જ—

૩. ઘડિયાળ, કાઠિયાવાડ વગેરે શબ્દોમાં અને—

૪. અન્ત્ય ઇકાર ઉપરથી આવેલા નારીજાતિના આંખ્ય વગેરે શબ્દો અને આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાંનાં (મધ્યકાલીન ઇ ઉપરથી ઊતરી આવેલા લઘુપ્રયત્ન ય–વાળાં) રૂપો લાવ્ય, કરય, આલ્ય વગેરે શબ્દોમાં હું સમજું છું ત્યાંસુધી કોઇપણ જાતની કૃત્રિમતા વિના લઘુપ્રયત્ન યશ્રુતિ ગોચર છે જ.

આ ચાર સ્થળમાંથી ૨–૩ માં લઘુપ્રયત્ન યકાર પરિષદમંડલ સ્વીકારે છે, જ્યારે ૧–૪ માં નથી સ્વીકારતું. છે તો બધે જ છે, નથી તો બધે જ નથી. કદાચ માનો કે આમાં પ્રાંતીયતા હોય તો દંત્ય સકારનો તાલવ્ય શકાર થવામાં પણ તેવી પ્રાંતીયતા અનુભવવામાં આવશે. આ ઉચ્ચારણો એકસરખી રીતે શિષ્ટોમાં અનુભવગોચર છે. પાંચમો નિયમ શિષ્ટોમાંના ઉચ્ચારભેદને વિભાષાથી સ્વીકારે છે તે જ રીતે આ સ્થળોએ પણ વિભાષા સ્વીકાર્ય હોવી જ જોઇયે. લઘુપ્રયત્ન ય પૂર્વે જેમ ઇ હ્રસ્વ જ છે તે જ રીતે અ–આ–એ–ઓ લખિયે તે પૂર્વે પણ સ્વરભાર આપણને હ્રસ્વતા આપતો હોય તો હ્રસ્વ જ છે. કરીએ છીએ એમાં જે દીર્ઘ ઈકાર કરવામાં આવે છે તે તો તદ્દન અસિદ્ધ છે. વ્યુત્પત્તિથી પણ તે હ્રસ્વ ઇકાર રૂપે ઊતરી આવ્યો છે. ઉચ્ચાર પણ હ્રસ્વ જ છે. એટલા માટે જ સમસ્ત

દશાનાં રૂપ તરીકે કરિયે છિયે એમ હ્રસ્વ ઇકાર અને લઘુપ્રયત્ન યકારવાળાં રૂપો ભાષાશાસ્ત્રીઓએ માન્ય કર્યાં છે. આ સિવાયનાં લઘુ-પ્રયત્ન યકારવાળાં રૂપોમાં માત્ર ગયેલું જેવાં રૂપોમાં વિભાષા સ્વીકાર્ય છે. બાકી પ્રથમ ભૂત કૃદન્તના રૂપમાં તો લઘુપ્રયત્ન યકાર ચોક્કસ જ સ્વીકારવાનો છે.

આ રીતે દસમો અને ચૌદમો નિયમ નકામા થઇ પડે છે. હવે રહ્યો અગિયારમો નિયમ.

"૧૧. ક્રિયાપદનું આજ્ઞાવાચક બહુવચન 'વો'કારવાળું નહિ, પણ 'ઓ'કારવાળું રાખવું અને તે જ પ્રમાણે બીજાં રૂપોમાં 'વે'કાર નહિ, પણ 'એ'કાર વાપરવો. (જેમ કે 'જુઓ', 'ધૂઓ'; 'જુએ', 'ધૂએ'.)

સમસ્ત અને વ્યસ્ત દશાનાં રૂપો તરફની ઉપેક્ષાને લીધે આવાં રૂપોની સ્વાભાવિકતા તરફ વિદ્વાનોનાં મન ખેંચાયાં જણાતાં નથી. રા. નરસિંહરાવે એમના જોડણી એ નામના નિબંધમાં પૃ. ૯૧ ઉપર આ તરફ વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું છે. જેવી રીતે ઉપરનાં રૂપોમાં લઘુપ્રયત્ન વકાર સ્પષ્ટ છે તે જ પ્રમાણે આકારાંત અંગવાળા ધાતુ-ઓનાં આજ્ઞાર્થે બીજા પુરુષ બહુવચનોમાં મૂળ उ ઉપરથી જ ઊતરી આવેલાં 'થાવ જાવ કમાવ' એ જ રૂપો સર્વત્ર ઉચ્ચરિત થાય છે. આ ખરાં ઉચ્ચારણોને છોડી દેવાં તેમાં ભાષાનું સ્વરૂપ જ નષ્ટ કરવા જેવું છે. આવાં સ્વાભાવિક ઉચ્ચારણો નષ્ટ ન થઇ જાય તે માટે વિભાષાદ્વારા સ્વીકારી લેવાં જ જોઇયે.

આ રીતે આ ત્રણેય નિયમોનું પાંચમા નિયમમાં ગતાર્થત્વ થતું હોવાથી તેઓને જુદા આપવા જરૂર નથી.

હવે અહીં ક્રમપ્રાપ્ત અનુસ્વાર અને અનુનાસિકના વિકલ્પવાળો નિયમ જરા તપાસી જવો યોગ્ય માનું છું:—

"૧૩. તત્સમ શબ્દોમાં અનુસ્વારનો અને અનુનાસિકનો વિકલ્પ રાખવો. (જેમ કે, 'ગન્ધ', 'ગંધ'; 'બન્ધુ', 'બંધુ'; 'આનન્દ', 'આનંદ'.) પરંતુ અસ્પૃષ્ટ નાસિક્ય હોય ત્યાં તથા તદ્ભવ શબ્દોમાં કેવળ અનુસ્વારનો

ઉપયોગ કરવો. (જેમકે, 'સંયમ'; 'વંશ'; 'માંસ': 'કાંઇ'; કાંતવું'; 'આંખ', 'બાંધવું.') અસ્પૃષ્ટ નાસિક્ય 'અ' હંમેશાં ટૂંકો બોલાય છે. ''

આ નિયમમાં **અનુનાસિકનો** અર્થ અનુનાસિક વ્યંજન ઙ્ ઞ્ ણ્ ન્ અને મ્ સમઝવાનો છે. જો કે મહર્ષિ પાણિનિ આ વિકલ્પને અસિદ્ધ માને છે, આમ છતાં પરંપરાથી આ વિકલ્પ પ્રચારમાં આવ્યો છે, એટલે **વિભાષા** સ્વીકારવામા બાધ નથી.

અહીં એક હકીકત સમઝવા જેવી છે. ઉપરના નિયમમાં **અસ્પૃષ્ટ નાસિક્ય** એવી સંજ્ઞા આપવામાં આવી છે અને સાથે સાથે જણાવ્યું છે કે—"**અસ્પૃષ્ટ નાસિક્ય 'અ' હંમેશાં ટૂંકો બોલાય છે.**" અહીં જે ઉદાહરણ આપવામાં આવ્યાં છે તેમાંના પ્રથમના ત્રણ શબ્દોમાં **અસ્પૃષ્ટ નાસિક્ય** હોય તે સર્વથા અસંભવિત છે. **અસ્પૃષ્ટનાસિક્ય** એટલે મહર્ષિ પાણિનિ જેને मुखनासिकावचनोऽनुनासिक: (અ. ૧-૧-૮) મુખની સાથે નાસિકા વડે ઉચ્ચારાતો વર્ણ તે **અનુનાસિક.** " આ રીતે દરેક સ્વર સાનુનાસિક બને છે. હ્રસ્વ સ્વર સાનુનાસિક હોય ત્યારે તે ફક્ત એક માત્રા જેટલો સમય રોકે; **સંયમ, વંશ**-માંનું ઉચ્ચારણ અકારની લઘુતા અર્પે છે ખરું ? બેશક જો '**સંય્યમ**' એવી જોડણી કરિયે તો '**સ**'માનો અસ્પૃષ્ટનાસિક્ય '**અ**' લઘુ રહે; બાકી નહિ જ. અનુસ્વાર અને સાનુનાસિક ઉચ્ચારણ બે અલગ વસ્તુ છે તે તરફ મેં સં. ૧૯૮૫ ના **વસંત**ના માઘના અંકમાં **આપણી વર્ણમાલા** નામના લેખમાં પૃ. ૨૪-૨૫ મે સૂચવ્યું છે જ. અસ્પૃષ્ટ નાસિક્ય એ જ સાનુનાસિક અથવા જેને અનુસ્વારનો કોમળ ઉચ્ચાર કહેવામાં આવે છે તે. '**સંય્યમ**' વગેરેમાં અકાર અસ્પૃષ્ટ નાસિક્ય રાખવો હોય તો ય્ વ્-લ્ બેવડા કરવા જોઇયે, જેથી માપ સંચવાઇ રહે. સંસ્કૃત ભાષામાં ય-વ-લ ના પરસવર્ણ સ્વીકાર્ય જ છે. તત્સમ શબ્દોની શુદ્ધિ મૂળ પ્રમાણે રાખતાં પરસવર્ણ આવે છે જ, એટલે **ગન્ધ-ગંધ**, વગેરેની માફક **સંય્યમ સંવ્વાદ સંલ્લાપ** એમ અથવા **સંયમ સંવાદ સલાપ**

સ્વીકારવા જોઇયે. અનુસ્વાર અને સાનુનાસિક ઉચ્ચાર એ બે જુદી વસ્તુ છે; તેને અલગ બતાવવા માટે બે ચિહ્નની જરૂર છે. અનુસ્વાર પોલા મીંડાથી બતાવવો યોગ્ય છે, જ્યારે સાનુનાસિક ઉચ્ચારણ ચાલુ બિંદુથી બતાવાય, એટલે આ ઉચ્ચારણો કાયમ માટે જુદાં પડતાં ઓળખી શકાશે. એકવાર પ્રચારમાં આવ્યા પછી આનો પ્રયોગ અતિ સરળ થઇ જશે. આ સાથે મૂર્ધન્યતર ડ઼–ઢ઼ નાં ઉચ્ચારણ પૃથક્ બતાવવા નુકતાવાળા ડ઼–ઢ઼ સ્વીકારી સદાની મૂંઝવણ દૂર કરવાની જરૂર છે. ઉચ્ચારાનુકૂલ જોડણી ત્યારે જ સરળ થશે.

હવે માત્ર હ્‌નો નિયમ હ્‌સંબંધી રહે છે. જોડણીના ઇતિહાસમાં આ હ્‌શ્રુતિ મશહૂર છે. હોપ વાચનમાલાના સમયથી આ ડોળાતો આવે છે. જુદા જુદા વિદ્વાનોએ જુદી જુદી રીતે આ લઘુપ્રયત્ન હકાર જોડણીમાં બતાવવાની હિમાયત કરી છે. એટલું તો સ્પષ્ટ છે કે આ 'હકાર જ્યાં જ્યાં ઉચ્ચારાય છે ત્યાં વ્યંજનયુક્ત સ્વર હોય તો વ્યંજન અને સ્વરની વચ્ચે અને કેવળ સ્વર હોય તો સ્વરની પૂર્વે, આ રીતે તેનું ખરું સ્થાન માત્ર 'ઢ઼' સિવાયના બીજા સંયોગોમાં રા. નરસિંહરાવ જે પ્રમાણે જોડણીમાં બતાવવા માગે છે તે જ છે; એટલે રા. નરસિંહરાવની જ પદ્ધતિએ તેના યોગ્ય સ્થાનમાં જ લખાવો જોઇયે. પ્રાચીન શિષ્ટ લખાણોમાં હુ તેહુને એહુને અહ્માંરે એમ સ્વર પછી બતાવવામાં આવ્યો છે, પણ તે તેના યોગ્ય સ્થળે નથી જ. અર્વાચીન પ્રચલિત જોડણીમાં વ્યંજન અને સ્વરના મધ્ય ભાગમાં હોય તેવાં સ્થળોએ વ્યંજનની પૂર્વે અકાર મિશ્રિત છે; અને માત્ર સ્વર જ હોય તો તેનો નાશ કરવામાં આવ્યો છે. આ યોગ્ય તો નથી જ. લેખનની અનુકૂળતા માટે કદાચ વિભાષા સ્વીકારવી હોય તો સ્વીકારી શકાય. આનો નિચોડ કેમ લાવવો તેનો ખુલાસો 'ગુજરાતી સાહિત્ય પરિષદ્‌મંડલની જોડણી' એ નામના એક નિબંધમાં (વસન્ત સં. ૧૯૮૮ ના શ્રાવણ–ભાદ્રપદના અંકનાં પૃ. ૨૨૫–૨૨૬ ઉપર) મેં આપ્યો છે; એટલે એ

વસ્તુ અહીં પુનઃપિષ્ટ કરવા માગતો નથી.[1]

ઉપર સૂચવ્યા મુજબની દિશાએ ગુજરાતી ભાષાની જોડણીમાં ફેરફાર કરી લેવાની આવશ્યકતા હું માનું છું. ગુજરાતી ભાષાનાં શિષ્ટોમાં રૂઢ થયેલાં ઉચ્ચારણોને અનુરૂપ જોડણી જોઈતી હોય તો ગુજરાતી ભાષાનાં સ્વાભાવિક ઉચ્ચારણો જતાં કરવાં નહિ જ પાલવે. જે ખરાં જ છે તેને સ્વીકારી લેવાં, જેના ઉચ્ચારમાં મતભેદ છે તેવાંઓને **વિભાષા-વિકલ્પ** દ્વારા સ્વીકારી લેવાં. તે સિવાય **અંતિમ શાસ્ત્રોચ્ચારપરિશુદ્ધ જોડણી**ની આશા વ્યર્થ જ સમજવી. નરી વ્યવહારકુશલતા દાખવતાં સત્યનાં ઊંચાં તત્ત્વો—સ્વાભાવિક ઉચ્ચારણોનું બલિદાન અયોગ્ય રીતે અપાઈ જતું હોય તો તેવી વ્યવહારકુશલતાની કશી જ કીમત નથી. સારી વ્યવસ્થાના કાયમ પાયા ઉપર જોડણીને મૂકવી હોય તો સત્યાન્વેષક બુદ્ધિથી જ તપાસ કરવી આવશ્યક છે.

આ સાથે **પરિશિષ્ટ** તરીકે પરિષદમંડલના નિયમોને સંસ્કૃત કરી મૂકું છું. તેની યોગ્યતા જણાય તો વિદ્વાનો તેને સંમાને. વિદ્વાનો તેને ન સંમાને તોપણ હૃદયપૂર્વક તેને વિચારી જુએ તોય હું મારા યત્નની સફળતા થઇ માનીશ.

પરિશિષ્ટ

૧. ભાષામાં તત્સમ અને તદ્ભવ બન્ને રૂપોને સમાન રીતે સ્વીકારવાં. જેમ કે, કઠિન–કઠણ, આશ્ચર્ય–અચરજ, વગેરે.

૨. મૂળ અરબી, ફારસી, અંગ્રેજી વગેરે વિદેશીય શબ્દ ગુજરાતી ભાષામાં કઢંગા ન દેખાય તેમ મૂળને અનુસરતા લખવા. જેમકે, અરજી, ખુશબો, દરદી, સિપાઈ વગેરે.

---

૧. વધુ સરળ માર્ગ મને મળ્યો છે તે જે સ્વરમાં હકાર ઉચ્ચરિત થાય છે તેના પછી વિસર્ગનું ચિહ્ન કરવું તે છે. દા. ત. બેઃન, વાઃણું, વાઃણુ, માઃરું, કયાંઃ વગેરે. તા. ૧૨–૮–'૪૪

૩. સ્વરાંત તત્સમ શબ્દો મૂળ પ્રમાણે લખવા. જેમકે, મતિ, ગુરુ, કાબૂ, બાજૂ, વગેરે.

૪. ગુજરાતીમાં આવેલા વ્યંજનાંત તત્સમ શબ્દોની જોડણી સ્વરાંત કરવી. જેમકે, જગત, પરિષદ, અકસ્માત, કવચિત, અકબર, ઇન્સાફ, સ્ટેશન, પેન્સિલ, બ્લૉટિંગ વગેરે.

૫. શિષ્ટ જનોના ઉચ્ચાર જુદા જુદા હોય ત્યાં બધા ઉચ્ચાર સ્વીકારવા અને તે પ્રમાણે જોડણી કરવી. જેમ કે, ડોશી–ડોસી, દશ–દસ, માયાલુ–માયાળુ, (વિભક્તિના પ્રત્યયો લાગી–) નદીઓ–નદીયો–નદિયો, દડિયો–દડિઓ, ઘોડિયું–ઘોડિઉં, દરિયો–દરિઓ, ઘડિયાળ-ઘડિઆળ, કાઠિયાવાડ-કાઠિઆવાડ, કરિયે-કરિએ, આંખ્ય–આંખ, આવ્ય–આવ, દિયે–દિએ–દે, દિયો–દિઓ–દો, લિયે–લિએ–લે, લિયો–લિઓ–લો (એ જ પ્રમાણે પી–બ્હીનાં રૂપો). જુવો–જુઓ–જોવ, જુવે-જુએ–જોય, જાવ–જાઓ, કમાવ–કમાઓ, ગયેલું–ગએલું–ગયલું વગેરે.

૬. એક સ્વરવાળા કે અનેક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય નિરનુનાસિક અને અંત્ય કે અનંત્ય સાનુનાસિક ઇ–ઊ દીર્ઘ છે. જેમ કે, ઘી, છી, વીંછી, તહીં, અહીં, નહીં, વિનન્તી–વીનતી; હું, શું; હતું, બધું; કરું, ફરું; હસું; બોલવું, પોચું; જૂ, લૂ; ચાલૂ, રજૂ; સીંચણિયું, ટૂંકું; લીંબૂ વગેરે.

અપવાદ–જ્યાં સ્વરભાર ઉપાંત્ય સ્વર ઉપર છે તેવા અસંયુક્ત ઇ–ઉ માત્ર હ્રસ્વ છે. જેમ કે, કાંઇ, જનોઇ, ભાઇ, જોઇ, રોઇ; કમાઉ, તેમ જ થાંઉ, જાંઉ, કમાંઉ. (થાઊં, જાઊં, કમાઊં, તે સ્થળે મધ્યકાલીન ગુજરાતીમાં દીર્ઘતા છે તે માત્ર તત્સમ લેખે સ્વીકારવી હોય તો વિકલ્પે સ્વીકારવી.)

૭. અનેક સ્વરવાળા તદ્ભવ શબ્દોની જોડણી કરવામાં શિષ્ટ ઉચ્ચાર ઉપર અને જ્યાં વ્યુત્પત્તિનો આધાર મળી શકતો હોય

ત્યાં વિશેષે કરીને વ્યુત્પત્તિ ઉપર ધ્યાન રાખવું. જેમકે, દૂધ, શીખવવૂં, ઊઠવું, નીવડવું; ગૂજરાત–ગુજરાત; ઊપર–ઉપર વગેરે.

૮. દીર્ઘ ઈ–ઊકારવાળા પ્રાથમિક શબ્દો ઉપરથી ઘડાતા શબ્દોમાં પ્રાથમિક શબ્દોની જોડણી કાયમ રાખવી. જેમ કે, દૂધ, દૂધપાક, દૂધાળી; ભૂલ, ભૂલથાપ, ભૂલામણુ, ભૂલાવો; ઊઠયૂં, ઊઠાડવૂં, ઊઠાવ; શીખવૂં, શીખવવૂં, શીખવાડવૂં, શીખામણ; પીવૂં, પીવડાવવૂં; મીઠું, મીઠાઇ, મીઠાશ; જૂઠું, જૂઠાણૂં વગેરે.

૯. શબ્દમાં આવતા જોડાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઇ–ઉ હ્રસ્વ કરવા. જેમ કે, કુક્કર, હિસ્સો, કિસ્સો, ખુલ્લૂં, વગેરે. (અનુસ્વારના કહેવાતા પોચા ઉચ્ચારની વાત નિયમ ૬ ઠ્ઠામાં આવે છે.)

૧૦. જે શબ્દોમાં 'ઐ' અને 'ઔ' એમ એક સ્વરવાળો ઉચ્ચાર હોય તે શબ્દોમાં 'ઐ' થી અને 'ઔ' થી જોડણી કરવી. જેમ કે, પૈસો, ખૈબર, ચૌટૂં, કૌસ; જૌ (જઊં પણ; તે જ રીતે દૌ–દઊં, લૌ–લઊં વગેરે.)

૧૧. તત્સમ–તદ્ભવ શબ્દોમાં અનુસ્વાર અને પરસવર્ણનો વિકલ્પ રાખવો. અનુસ્વાર રાખવો હોય ત્યારે તે પોલા મીંડાથી બતાવવો. જેમકે ગન્ધ–ગ°ધ, કઙ્કણુ–ક°કણ, અણ્ટસ–અ°ટસ, સંય્યમ–સ°યમ, સંવ્વાદ–સ°વાદ, સંલ્લાપ–સ°લાપ, વ°શ મા°સ, વગેરે.

૧૨. તદ્ભવ શબ્દોમાં મહાપ્રાણનું વિકલ્પે દ્વિત્વ રાખવું. જેમકે, ચોખ્ખૂં–ચોકખૂં, ચિઠ્ઠી–ચિટ્ઠી, પથ્થર–પત્થર. પરંતુ ધ્–ધ, ચ્–છ માં દ્–ચ્ બતાવવા. જેમકે, અદ્ધર, અચ્છેર વગેરે.

૧૩. મૂર્ધન્યતર ડ–ઢ જોડણીમાં નુકતાવાળા ડ઼–ઢ઼ થી બતાવવા. જેમકે, ઘોડ઼ો, વડ઼ૂં, હાડ઼કૂં, કાઢ઼વૂં, ચઢ઼વૂં, લોઢ઼ૂં, મોઢ઼ૂં, વઢ઼વૂં, વગેરે.

૧૪. (अ) જ્યાં જ્યાં લઘુપ્રયત્ન હકારનું સ્પષ્ટ ઉચ્ચારણ છે તેવા તદ્‌ભવ શબ્દોમાં હકાર પૂર્વેનો વ્યંજન અકારસહિત અથવા અકારરહિત એમ બંને રીતે લખવો. જેમકે, ચ્હેરો–ચહેરો, ન્હેર–નહેર, ન્હોર–નહોર, પ્હાડ–પહાડ, ક્‌હે–કહે, ર્‌હે–રહે વગેરે.

–(ब) શિષ્ટ ઉચ્ચારમાં કેટલાક શબ્દોમાં હકાર છે અને કેટલાકમાં નથી, ત્યાં વિભાષા સ્વીકારવી. જેમકે, નહાર–નાર, ખોહ–ખો, ચાહ–ચા, જેહ–જે, તેહ–તે, એહ–એ, કુહાડો–કુવાડો વગેરે.

–(क) ગુજરાતના કેટલાક ભાગમાં વ્યુત્પત્તિસિદ્ધ હકારનું કેટલાક શબ્દોમાં અસ્તિત્વ છે, પરંતુ કેટલાક ભાગમાં એ લઘુપ્રયત્ન હકારનું શ્રવણ નથી. આવા શબ્દોમાં હકાર વિકલ્પે બતાવવો. જેમકે, ન્હાનું–નાનું, પ્હાની–પાની, પ્હાનો–પાનો, ક્‌હાન–કાન, પ્હરોણો–પરોણો, વ્હેંત–વેંત, મ્હોટું–મોટું, વ્હાલમ–વાલમ વગેરે.

અગિયારમું ગુજ. સાહિત્યસંમેલન–લાઠી (૧૯૩૩–૩૪)નો અહેવાલ અને નિબંધસંગ્રહ પૃ. ૨૩૪–૨૪૪, અને કૌમુદી પુ. ૯ મું, માર્ચ–૧૯૩૪ પૃ. ૧૯૩–૨૦૩][1]

૨૨. જોડણીની એકવાક્યતા

જોડણીની એકવાક્યતા લાવવાને છેલ્લી મારા તરફથી સૂચવવામાં આવેલી શિષ્ટ ગુજરાતી જોડણીની નિયમાવલી[2] સહિત

---

૧. પરિશિષ્ટની આ નિયમાવલી ગ્રંથ અને ગ્રંથકાર પુ. ૫ મામાં પણ પ્રછીથી છપાવવામાં આવી હતી.

૨. આ નિયમાવલી 'માનસી' પુ. ૧, અંક ૧લામાં છપાયેલી છે, તે આખી જુદી આ પૂર્વે છપાવી નથી, કેમકે નિયમો અહીં આવી જાય છે. માત્ર એના આરંભનો ભાગ ઉપોદ્‌ઘાત–રૂપે છે તે અહીં પાદટીપમાં આપવામાં આવે છે. ઉપરના નિબંધમાં ૧૬ નિયમ અપાયા પછી તે અધૂરો રહ્યો

આજ દિવસ સુધીમાં નવ પ્રયત્નો થાય છે. આમાંનો સાતમો પ્રયત્ન ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોશની પ્રસિદ્ધિથી થયો છે.

છે, એટલે નિયમાવલીના ૧૭ મા નિયમથી બાકીનો ભાગ આ વિસ્તૃત લેખને છેક છેડે આપવામાં આવશે.   તા. ૧૨–૮–'૪૪

શિષ્ટ ગુજરાતી જોડણીની નિયમાવલી

વાગીશપાદાંબુજ ચિત્તમાં ધરું; પ્રયત્ન આ સાદર અર્પવા કરું.
તજ્જ્ઞો દિયે ધ્યાન જરાય આ ભણી, પ્રયત્ન–સાર્થક્ય તદા શકું ગણી.

જોડણીનું સ્વરૂપ નક્કી કરવાના આજ દિવસ સુધીમાં મહાન આઠ પ્રયત્નો થઈ ચૂકયા છે ત્યારે આ નવા પ્રયત્નની શી આવશ્યકતા છે એમ તરત જ પ્રશ્ન થાય. કાકા કાલેલકરે જ જોડણીકોશની પ્રથમ આવૃત્તિના નિવેદનમાં જણાવ્યું છે કે—

" xxxx એક વાર અરાજકતામાંથી વ્યવસ્થા ઉત્પન્ન થઈ ગઈ એટલે પછી સુધારા કરવા જ હોય તો તે કામ પ્રમાણમાં ઘણું સહેલું થઇ જાય છે.

" સુધારાનો પ્રવાહ માન્ય વિકલ્પોની મર્યાદામાં જ વહી શકે છે. xxxx"

ગુજરાતી ભાષાની જોડણીમાંની અરાજકતા ખરું જોતાં જોડણીકોશની નિયમાવલીથી કાબૂમાં આવી ગઈ છે એમ શિષ્ટ લખાણો જોતાં આપણે સમઝી શકિયે છિયે. હવે માત્ર ગુજરાતી ભાષાના અસલ સ્વરૂપને બતાવનારી જોડણી કયાં કયાં ખામીભરેલી છે અથવા સાર્વદેશિક ઉચ્ચારણમાં કયાં ભેદવાળી છે અને તેનું નિરાકરણ કેવી રીતે કરવું તે જ માત્ર વિચારવાનો વિષય અવશિષ્ટ રહ્યો છે. અને તે વસ્તુનું છેવટનું નિરાકરણ થતાં અમલમાં મુકાયેલા સુધારાથી ગુજરાતી ભાષાનું અસલ સ્વરૂપ વધારે સમય માટે આપણાથી દૂર નહિ જ રહે.

આજ દિવસ સુધીની જે જે નિયમાવલીઓ પ્રસિદ્ધિમાં આવી છે તેમ જ જૂના કાળથી શિષ્ટ લખાણોમાં જોડણી જે સ્વરૂપમાં સ્વીકારવામાં આવી છે તે બધાના સમન્વયપૂર્વક જોડણીની એકવાક્યતા નામનો એક વિસ્તૃત નિબંધ આ લેખક તરફથી લખવા પ્રયત્ન થાય છે. તે ગ્રંથ કાંઈ તરતમાં જ પ્રસિદ્ધ થાય તેવો સંભવ નથી, પરંતુ તેને માટે જે

જોડણીને એકધારી કરવામાં એ પ્રયત્ને વિજય મેળવ્યો છે. પણ જોડણીને એકધારી કરવામાં જોડણીકોશની નિયમાવલીથી જાણ્યે અજાણ્યે કેટલાંક સ્થળોએ વિસંવાદ થઇ ગયો છે. અને હર્ષની વાત છે કે જોડણીકોશમાં સ્વીકારવામાં આવેલી જોડણી અંતિમ છે એમ તો જોડણીકોશ કરનાર કહેવા માગતા જ નથી. પ્રથમાવૃત્તિની પ્રસ્તાવનામાં જ (પૃ. ૧૦ મે) જણાવવામાં આવ્યું છે કે—

"xxxx એક વાર અરાજકતામાંથી વ્યવસ્થા ઉત્પન્ન થઇ ગઈ એટલે પછી સુધારા કરવા જ હોય તો તે કામ પ્રમાણમાં ઘણું સહેલું થઈ જાય છે."

જો કે આપણા એક સાક્ષરે છાપાના એક પ્રતિનિધિને આપેલી મુલાકાતમાં પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં એમ કહેલું કે—'હું એમ માનું છું કે ખરી જોડણી શું છે એ નક્કી કરવાના પ્રયત્નો અત્યાર સુધી વ્યર્થ ગયા છે.' એટલે કે આટઆટલા પ્રયત્નો કર્યા છતાં પરિણામ શૂન્ય જ આવ્યું છે.

જો કે જોડણીનો અંતિમ નિર્ણય તો નથી જ થયો, છતાં તે સાથે એટલું તો સ્વીકારવું જ પડશે કે 'ખરી જોડણી શું છે, એ નક્કી

નિયમાવલી નક્કી કરવામાં આવી છે તે જો પ્રસિદ્ધિમાં મૂકવામાં આવે તો તેથી વિદ્વાનોમાં વિચારોની આપલે કરવાનું એક સાધન પ્રાપ્ત થાય તે ઉદ્દેશથી આ નિયમાવલી આપણા સુપ્રસિદ્ધ **માનસી** ત્રૈમાસિકમાં મોકલવાનું યોગ્ય ધારવામાં આવ્યું છે. **ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળનાં** જોડણીમાં કરવા જોઈતા સુધારા વિશેનો એક લેખ **વસંત** પુ. ૩૧ ના પૃ. ૨૧૬-૨૨૭ માં છપાયેલો છે તેમાં કેટલીક બાબતો રહી પણ જાય છે. તે માટે આ પ્રયત્ન જરૂર વિદ્વાનોને ઉપયોગી થશે જ એમ મારું માનવું છે. આપણા ભાષાશાસ્ત્રીઓ ભાષાના સત્ય સ્વરૂપના વ્યંજક આ નિયમોના સ્વીકાર્યાસ્વીકાર્ય તત્ત્વ વિશે એક વાર ફરીથી ચર્ચા ઉઠાવે અથવા આ **નવમા** પ્રયત્નને તેનું **નવમત્વ** = પૂર્ણત્વ અર્પે એમ આ ગુર્જરીનો સેવક ન ઇચ્છે? તા. ૩-૬-'૩૫]

કરવાના પ્રયત્નો અત્યાર સુધી વ્યર્થ ગયા છે' એ વાત તદ્દન વધુ પડતી છે. ભગવત્કૃપાથી આપણી પાસે ગુજરાતી ભાષાના સ્વરૂપને વ્યક્ત કરનારા પ્રાચીન અનેક ગ્રંથો ઉપલબ્ધ થઇ ચૂકયા છે. તેમાં શિષ્ટ લોકોએ સર્વસામાન્ય રીતે સ્વીકારેલી જોડણીની સાથે આપણી અત્યારની જોડણીની તુલના કરિયે તો તે વાત તરત જ આપણા ધ્યાનમાં આવી જશે.

બેશક કેટલાક એવા નિયમો હશે કે જેની ઉપેક્ષા થયે કોઇ કૃત્રિમ નિયમ દાખલ થયા હશે. આમ બેચાર કૃત્રિમ નિયમ દાખલ થયે એમ ન જ ગણી શકાય કે '......પ્રયત્નો......વ્યર્થ ગયા છે.' સમય ચાલ્યો ગયો નથી જ કે ખરા નિયમો પ્રાપ્ત થયે એવા કૃત્રિમ નિયમોને આપણે સદાને માટે બાતલ કરી ન શકિયે.

વિદ્વાનોએ નક્કી કરેલા નિયમોમાંના કેટલાયે સર્વમાન્ય થઇ ચૂકયા છે તે પોણોસો વર્ષ પૂર્વેનાં આપણાં લખાણોની જોડણી અને અત્યારની જોડણી જોવાથી જાણી શકિયે છિયે. જ્યાં જ્યાં મતભેદ જેવું છે તે શાને આભારી છે? શું જિદ્દને આભારી છે? નહિ જ. આપણામાં જેમ જેમ ભાષાન્વેષણ અને વ્યુત્પત્તિજ્ઞાન આગળ વધતું જાય છે તેમ તેમ ચર્ચાસ્પદ સ્થાનોના નિયમોમાં ફેરફાર કરતા આપણે સાક્ષરોને જોઇયે છિયે. રા. નરસિંહરાવ પોતાના જોડણી સંબંધી વિચારો વ્યક્ત કરતાં લઘુપ્રયત્ન ય અને હુ પર ભાર આપે છે. આપણામાંના કેટલાક હમે હમારા હેમ્બું જેવા શબ્દોને જોઇ હસે છે. આમાં શું તથ્ય છે તે શોધવા આપણે પ્રયત્ન કરતા નથી અને હસ્યે જઇયે છિયે. **ભાષાશાસ્ત્રીઓ** તો ભાષાન્વેષણમાં પોતાના સ્વતંત્ર મતને બાજૂએ રાખી વિચાર કરે તો જ સિદ્ધિ મેળવે. દી. બ. કેશવલાલ ધ્રુવે 'મોટું'ની વ્યુત્પત્તિના સંબંધમાં આપેલો મત રા. નરસિંહરાવે જે પદ્ધતિથી ઉડાડી નાખી 'મ્હોટું' સ્થાપિત કર્યું છે એ જોતાં આપણે જાણી શકીશું કે એમાં જિદ્દ એવી બાબત હોતી જ નથી. તો પછી 'ખરી ને ભાષાશાસ્ત્રના નિયમ પ્રમાણે શુદ્ધ એવી

જોડણીના પ્રશ્ન પરત્વે હજી લગી બે વિદ્વાનો સંમત થયા નથી અને કોઇ પણ દિવસે સંમત થવાના નથી ' એ વાત ક્યાંસુધી ટકી શકે?

આવી વાતો શું આધુનિક છે? પ્રાચીન વ્યાકરણો તપાસિયે; પ્રાતિશાખ્યો તપાસિયે. કદાચિત્ કોઈ બાબતમાં પ્રચલિત ભાષા-સ્વરૂપને જોતાં ભિન્ન મત પડતાં જુદા મતવાળાનો મત તરત જ આપવામાં વૈયાકરણો કદી સંકોચ કરતા ન હતા. પાણિનિની અષ્ટાધ્યાયીમાં એવાં કેટલાંક સ્થળો છે કે જ્યાં પાણિનિએ પોતાને મતે આપેલા પ્રયોગો ગૌણ બનતાં તેમની પૂર્વના વૈયાકરણોના મતો પ્રધાન બની પ્રચારમાં રહ્યા છે. ' भो भगो अघो अपूर्वस्य योऽशि (૮-૩-૧૭) -भोस्' भगोस् अघोस् ના स् અને अ વર્ણ પછી વિસર્ગના થયેલા रु નો સ્વર અને ઘોષવ્યંજન પર છતાં य् થાય. 'व्योर्लघुप्रयत्नतरः शाकटायनस्य (૮-૩-૧૮)-જ્યાં જ્યાં व् અને य् થાય તે શાકટાયનને મતે લઘુપ્રયત્નતર છે.' 'लोपः शाकल्यस्य (૮-૩-૧૯)-શાકલ્યને મતે य्-व् નો તે પ્રસંગે લોપ થાય છે.' 'ओतो गार्ग्यस्य (૮-૩-૨૦)-ગાર્ગ્યને મતે ઓકાર પછી આવતા य्-व्-નો લોપ છે.' જેમ કે भोस्+अच्युत= भो अच्युत ગાર્ગ્યને મતે; પરંતુ भोयच्युत પાણિનિને મતે; देवाः+इह=देवा इह શાકલ્યને મતે; देवायिह પાણિનિને મતે; તે જ સ્થળે લઘુપ્રયત્નતર યકાર શાકટાયનને મતે. આ ઉદાહરણોમાં ચાલુ સંસ્કૃતમાં પાણિનિ અને શાકટાયનનો य् કે व પ્રચારમાં નથી; શાકલ્ય અને ગાર્ગ્યના મતો સર્વત્ર ચાલુ છે.

જ્યાં બે વિદ્વાન સંમત ન હોય ત્યાં બંનેના વાજબી મતો લોકસંમુખ મુકાય. લોકો પોતાને અનુકૂળ મત ગ્રહણ કરશે જ. રા. નરસિંહરાવ જેનું સમર્થન કરે છે તે લઘુપ્રયત્ન य्-व् ના સંબંધમાં લખતાં રા. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર જોડણીકોશના નિવેદનમાં જણાવે છે કેઃ

"જોડણીનો વિચાર કરતી વખતે હશ્રુતિ અને યશ્રુતિ જોડણીમાં આવવી જોઈએ એ શ્રી નરસિંહરાવનો આગ્રહ ધ્યાનમાં આવ્યા વગર રહેતો નથી.

તેઓ કહે છે કે ગુજરાતી ભાષાના સ્વભાવમાં એ વસ્તુઓ છે અને જૂના લોકો એ બન્ને શ્રુતિઓ લખવામાં વ્યક્ત કરતા પણ હતા. સરકારી કેળવણી ખાતાએ મનસ્વીપણે એનો છેદ ઉડાડયો અને લોકોએ જડતાથી અત્યારસુધી એ જોહુકમીને ટેકો આપ્યો છે.

"એમની એ વાત અત્યાર સુધી લોકોએ ધ્યાન ઉપર નથી લીધી એ બરાબર નથી થયું. પણ આટલા દિવસના અનુભવ પછી જરૂર કહી શકાય કે જે ફેરફાર થઈ ગયો છે એ થઇ ગયો છે. હ અને યનું જોડણીમાં ફરી સ્થાન સર્વમાન્ય થવું એ લગભગ અશકય છે. પણ એનું મુખ્ય કારણ એ નથી કે લોકોને એ બે શ્રુતિઓ વિષે વાંધો છે. પણ જનસ્વભાવ લખવા વાંચવામાં અને છાપખાનાવાળાઓ બીબાં ગોઠવવામાં 'જોડાક્ષરો વધે એ પસંદ નથી કરતા. જો હશ્રુતિ અને યશ્રુતિ વ્યક્ત કરવાનો કોઇ સહેલો ઉપાય લિપિસુધારાને અંગે થાય તો શ્રી નરસિંહરાવના પ્રયત્નને અત્યાર સુધી નથી મળ્યો એવો ટેકો જરૂર મળશે."

ઉપર રા. કાલેલકર સ્વીકારે જ છે કે મુદ્રણકલાના પ્રચાર પહેલાં લોકો હ–યશ્રુતિ લેખનમાં બતાવતા; ફક્ત મુદ્રણકલાના પ્રચારબાદ સરકારી કેળવણીખાતાના મનસ્વિત્વને લીધે એ શ્રુતિઓ માત્ર લેખનમાં પ્રચારમાંથી લુપ્ત થઇ ગઇ; પરંતુ ઉચ્ચારણમાં તો છે જ એમાં તો કોઈને મતદ્વૈવિધ્ય નથી. છાપખાનાવાળા બીબાં ગોઠવવામાં જોડાક્ષર પસંદ નથી કરતા તેટલા માત્રથી સદાને માટે આ ય–હ શ્રુતિને જતી કરવામાં ભાષાનું ખરું સ્વરૂપ નાશ પામે છે જ. તત્સમ શબ્દોનો બહોળો પ્રચાર ધ્યાનમાં લેતાં છાપખાનાવાળાઓ આમ જોડાક્ષરમાં ય–હ લેતાં તકલીફમાં આવી પડે એ ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવું છે. બેશક સામાન્ય લેખનમાં મુશ્કેલી જણાતી હોય તો તેને વિભાષાદ્વારા સ્વીકારવાથી સમાધાન તરત મળી જવાનું. આ રીતે ભાષાસ્વરૂપ પણ સચવાવાનું. લોકો પોતાને અનુકૂળનું ગ્રહણ કરી લેશે.

રા. કાલેલકરે એક મુદ્દો એમાં બહુ સુંદર ઉઠાવ્યો છે: આ ય–હ શ્રુતિના ખાસ કોઈ સંકેત નક્કી થાય તો સારું. અને આવી

અનુકૂળતાને કોણ ન ઇચ્છે ? આપણે ત્યાં લઘુપ્રયત્ન હકારનો સંકેત સ્વ. નવલરામભાઈએ સૂચવ્યો હતો. તેઓશ્રી આવો હ જે સ્વરમાં હોય તેના પછી apostrophy (') લખવાથી એ વ્યક્ત કરવા માગતા હતા; પરંતુ આ પ્રચારમાં આવ્યો નહિ. સં. ૧૮૦૦ પહેલાંના ગ્રંથોમાં લઘુપ્રયત્ન યકાર યમાં વચ્ચેના ખાંચામાં ટપકું લખી બતાવવામાં આવતો. આમ બંનેના જુદા જુદા સમયમાં સંકેત નક્કી થયેલા. સ્વ. નવલરામભાઇએ સૂચવેલો સંકેત સામાન્ય રીતે લુપ્તાક્ષરનો વાચક હોવાથી જે શબ્દમાં એ ચિહ્ન હોય ત્યાં હકાર પૂર્વે હતો એટલી જ સ્મૃતિ રહેતી થઈ. પરિણામે હ અત્યારે તો નથી તેની બીતિ એમાંથી જાગી. રા. નરસિંહરાવે આમ હ ના સંકેતને બદલે હ પોતે જ જોડાક્ષરના અંગરૂપે લખાય એ સૂચવ્યું, જેથી તેનું ખરું ઉચ્ચારણ અત્યારે ક્યાં છે તે જળવાઇ રહે. એટલું તો નિશ્ચિત જ છે કે આ બંને લઘુપ્રયત્ન હ–ય શ્રુતિ જેમાં છે તેવા શબ્દોમાં વ્યંજન અને સ્વર વચ્ચે તે છે; જેમકે–ત્હેને. આમાં ત્ અને એ વચ્ચે હ-શ્રુતિ છે, તેમ શાખ્યમાં ખ્ અને અ વચ્ચે ય શ્રુતિ છે. જ્યાં એ શ્રુતિઓમાં વ્યંજન નથી ત્યાં તે સ્વર પહેલાં માત્ર છે; જેમકે હમે. તેમાં એ પહેલાં, ગયું તેમાં ઊં પહેલાં. આને માટે એવી જ જાતના સંકેત નક્કી થવા જોઇયે કે જેમાં હ–ય શ્રુતિ જે સ્વર પહેલાં છે તેની પૂર્વે લેખનમાં વ્યક્ત થાય. સ્વ. નર્મદાશંકરે એમાંની હ-શ્રુતિ વર્ણ નીચે નુક્તાથી સૂચવવા ભલામણ કરેલી; પરંતુ આ રીતે દરેક પ્રસંગે નુક્તો ગોઠવવા છાપખાનાવાળાઓને તે તે વર્ણ નીચેની ડિગ્રીવાળો જોઇયે, એટલે માથાકૂટ તો તેની તે એટલે એ પણ અસ્વીકાર્ય થયો. લઘુપ્રયત્ન યકારને માટે તો કોઇએ કદી વાંધો લીધો જ નથી. જાય કે ગયો કે કહ્યો કે લખ્યો એમ સર્વત્ર લઘુપ્રયત્ન યકાર યના બીબાંથી જ બતાવાયો છે. તે ગોઠવવામાં છાપખાનાવાળાઓને તકલીફ કદી પડી જ નથી. માત્ર અકારાંત સ્ત્રીલિંગ શબ્દોમાં તેમ જ આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાં તકલીફ

આવી જાય એ પણ માનવા કારણ નથી, કેમકે જેમ લખ્યો કહ્યું માન્યો વગેરેમાં અર્ધો વ્યંજન ગોઠવાય છે તેમ જ આમાં ગોઠવવાનું છે. હવે માત્ર ઝઘડો રહ્યો હુકારનો. જેટલા સંયોગોમાં લઘુપ્રયત્ન યકાર સાથે અર્ધો વ્યંજન જોડાય છે તે કરતાં તો ઘણા જ ઓછા શબ્દોમાં આવો હુ આવે છે. તેટલા માટે છાપખાનાવાળાને તકલીફ પડે તે પણ ન માની શકાય તેવી વાત છે. છાપખાનાવાળાને અર્ધા વ્યંજનો ગોઠવવામાં તકલીફ નથી જ, કેમકે તેને માટે તો તેના સ્વતંત્ર ખાનામાંથી તે અર્ધા વ્યંજનનું બીબું ઉઠાવી લેવું તેટલી જ ક્રિયા. છાપખાનાવાળાને ખરી મૂંઝવણ તો નીચે-ઊંચેની ડિગ્રીવાળા ટાઇપ ગોઠવવામાં છે, તેમાં નીચે નાની નાની ડિગ્રી મેળવવી પડે તેમાં સમયનો વ્યય ખરો જ. તેથી ઊલટું લઘુપ્રયત્ન ય – હુ બતાવવામાં કેટલું સૌકર્ય છે તે છાપખાનાના અનુભવવાળો દરેક માણસ સમજી શકે તેમ છે. એટલે એવો અસાધારણ બુદ્ધિનો મનુષ્ય હુ – ય નાં ખરાં સ્થાનોમાં જ તે તે ઉચ્ચારણ લેખનમાં બતાવી શકાય તેવા સંકેતો ન શોધે ત્યાંસુધી તો તેનાં યોગ્ય સ્થળો એ હુ – ય નાં બીબાંમાંથી જ તે ઉચ્ચારણ બતાવવું જોઇયે.[1] બેશક તેમાં પ્રાંતીયતા છે. આવી પ્રાંતીયતા છેક અપભ્રંશમાં બહોળા પ્રમાણમાં છે તે ભાષાના જાણકારના ધ્યાન બહાર નથી જ. આવા સંયોગોમાં ભાષાનો ખરો પ્રેમી આ ઉચ્ચારણને વિભાષાદ્વારા સૂચવે એમાં કશો વાંધો ઉઠાવવા જેવું ન જ હોય. અને એમાં અરાજકતા જેવું પણ માનવા કાંઈ કારણ નથી.

બીજાં સ્થળોએ જે અરાજકતા માનવામાં આવે છે તે પણ

---

૧. આમાંનો 'હ' વસ્તુસ્થિતિએ વ્યંજનાત્મક નથી: તે તે સ્વર જ મહાપ્રાણિત ઉચ્ચારાય છે. તેથી જે સ્વર મહાપ્રાણિત હોય તેની પછી વિસર્ગ ચિહ્‌ન મૂકવાથી સરળતા થાય તેમ છે. જેમકે બેઃન, વાઃણું, માઃરું, કેઃ, રૈઃ વગેરે.

તા. ૧૨-૮-'૪૪

ઉચ્ચારણની ખરી સ્થિતિ જોયા પછી ટાળી શકાય છે. મુદ્દે હું તો આમાં અરાજકતા જોતો જ નથી; એ તો ક્રમિક વિકાસ છે. સને ૧૮૭૨ માં પહેલવહેલા જોડણીના નિયમો બહાર પાડવામાં આવ્યા ત્યારે સંપૂર્ણ અરાજકતાનો સંભવ હતો. સ્વ. દલપતરામભાઈએ 'ગુજરાતી લખાણ વિષે' એ મથાળે એક લેખ લખી તે વખતની સ્થિતિનું બ્યાન આપ્યું છે એ ઉપરથી સર્વસાધારણ મનુષ્યો પણ સમજી શકશે કે તે સમયનું વાતાવરણ જોઈ કેટલાંક ભાષોચ્ચારણનાં તત્ત્વો ઉપર દુર્લક્ષ્ય કરીને કૃત્રિમ નિયમો બાંધી નાખવામાં આવ્યા હતા. સ્વ. દલપતરામભાઈના જ શબ્દોમાં એ હકીકત અહીં ઉતારું છું:

"પછી તેમ થયું, તો પણ ચસમા, અને ગુમાસ્તો એ બે શબ્દોમાં સકાર લખવાનો ઠરાવ રાખ્યો. 'ચૂક' એમાં દીર્ઘ ઊ લખવાનો ઠરાવ રાખ્યો. 'મોહો' શબ્દ વિષે મોહ, મહો, મોહો, મોં એ રીતે જુદા જુદા વિચાર અપાયા. મૂળ શબ્દ 'मुख' ખનો હ અને ઉનો ઓ, જેમકે ચિત્રલેખા, ચિત્રલેહા, ગુડનો ગોળ તે પ્રમાણે જોતાં 'મોહ' લખવું જોઈએ, પણ છેવટ 'મોં' એમ લખવાનો ઠરાવ થયો. 'नहि' શુદ્ધ સંસ્કૃત છે, તો પણ તે ઉપર નજર ન રાખતાં 'નહીં' એમ લખવાનો ઠરાવ થયો. જ્યાં ઈ, એ, ઐ આવે અને તેની પછવાડે ઓ, આ વગેરે સ્વર આવે, ત્યાં 'યા' 'યો' ઉચ્ચાર થાય તો પણ આ, ઓ લખવા; અને તેના ઉચ્ચાર યા, યો, એમ કરવા. જેમકે નદીઓ, કવિઓ, વાણીઆ, ઇત્યાદિ. પણ 'તૈયાર' એમ લખવું. કારણ કે એ ઠેકાણે ફારશીમાં બેવડો ય છે, માટે ય લખવો. હુશીઆર આશીઆ ખંડ એમ લખવું. ફક્ત એક જણે એવી તકરાર લીધી કે વાળ્ય, આંખ્ય, ઇત્યાદિક શબ્દો કે જેના અશલ શબ્દો ઇકારાંત છે, वापी, अक्षि, તેઓમાં યકાર જોડાવા જોઇયે. એ વિષે છેવટ ઠરાવ થયો કે, ઘણા જોડાક્ષરો લખવાથી પારશી લોકો કંટાળે છે. માટે એવા શબ્દોમાં યકાર જોડવા નહીં; પણ જ્યાંના લોકો યકારનો ઉચ્ચાર કરતા હોય, તે લોકો ભલે તેમ ઉચ્ચાર કરે તેમાં મહેતાજીઓએ ઉચ્ચાર ફેરવાવવો નહીં. નાનું મોટું, એમ લખવું. પણ નહાનું, મહોટું, ન્હાનું, મ્હોટું, એમ લખવું નહીં. કહેવું, રહેવું, એમ લખવું. હ અને ડ જોડે આવે ત્યાં ઢ લખવો. જેમકે કાઢવું, વાઢવું ઇત્યાદિ. પણ તે ઢનો ઉચ્ચાર હ અને ડ જોડેલો હોય તે રીતે કરવો. અનુસ્વારની પરદેશી લોકો

ભૂલ કરે છે, માટે બીજી વિભક્તિ ઉપર અનુસ્વાર લખવો નહીં; અને ત્યાં અનુસ્વારનો ઉચ્ચાર કરતા હોય તેમજ કરવા દેવાં. તે અનુસ્વાર વિના કોઇ ઠેકાણે અર્થ ફરી જાય છે, જેમકે:—

વાણીઆને છોકરે લાકડી મારી
વાણીઆનેં છોકરે લાકડી મારી
અર્થ
વાણીઆના છોકરાએ લાકડી મારી
છોકરે વાણીઆને લાકડી મારી

એ રીતે અર્થ ફરી જાય છે તો પણ અનુસ્વાર લખવો નહીં એવો ઠરાવ થયો." વગેરે.

આ ઉપરથી ખ્યાલમાં આવશે કે તે સમયે દેખાતી અરાજકતા દૂર કરવા માટે જ ઉપર મુજબનાં નિયમન હતાં. હવે તો તે કૃત્રિમ નિયમો ઘર કરી ગયા છે અને આપણા ઉચ્ચારમાં પણ કેટલાક પેસી ગયા છે. આ બધી સ્થિતિનો વિચાર કરીને ભાષાના ખરા સ્વરૂપને જાળવી રાખવા વિભાષાતત્ત્વનો સ્વીકાર કરવો રહ્યો. એકેક જે કૃત્રિમ નિયમો એવા હોય કે તેઓનું ભાષોચ્ચારણમાં ક્યાંય સ્થાન ન હોય તેને કાઢી જ નાખવા રહ્યા. તેવા માટે વિકલ્પની પણ જરૂર નથી.

દી. બ. કેશવલાલ ધ્રુવે પોતાના ગ્રંથોમાં પ્રાચીન કાળથી શાસ્ત્ર-સિદ્ધ ઊતરી આવેલ સાનુનાસિક અંત્ય ઉકારની દીર્ઘતા સ્વીકારી છે. એના ઉપર ટકોર કરતાં એક સુપ્રસિદ્ધ માસિકમાં એક પારસી ગૃહસ્થ લખે છે કે—

"જ્યાં સુધી હિંદુ લેખકોમાંથી મનસ્વી જોડણીની અરાજકતા જશે નહીં, જ્યાં સુધી ઠાકોરપક્ષીઓનો 'જુ', પ્રસ્થાનકારોનો 'રુ' અને ધ્રુવતારક સમાન નિશ્ચલ કેશવલાલનો 'ઊ' કાર ગૂજરાતીમાં દગ્ગોચર થાય ત્યાં સુધી તો પારસીઓને માથે ભાષાને ક્લિષ્ટ બનાવવાનો આક્ષેપ મૂકી શકાય નહીં."

એ ભાઇને ક્યાંથી ખબર હોય કે એ ઊકાર કેવી રીતે ગુજ-રાતીમાં ઊતરી આવ્યો છે. હોપ સાહેબની કૃત્રિમ જોડણીએ આપણને

તે સ્થળે સાનુનાસિક હ્રસ્વ ઉકાર આપ્યો તેનું આંધળું અનુકરણ એટલું જોર કરી ગયું કે સાનુનાસિક અંત્ય ઉ હ્રસ્વ એ જ સાચી વાત. આપણા વિદ્વાનો પણ હોપ સાહેબની કૃત્રિમ જોડણી તરફ જરા ઘૃણાની નજરથી જુએ છે તે હ શ્રુતિના સંબંધમાં રા. બળવંતરાય ઠાકોરે મત આપ્યો છે તે ઉપરથી બરોબર ખ્યાલમાં આવશે. ઉપર દલપતરામભાઈ તો સ્પષ્ટ લખે છે કે ઉચ્ચારણ પર ધ્યાન ન આપતાં સગવડ અને સરળતા માટે અર્થફેર થાય છતાં કૃત્રિમ નિયમોનું પાલન કરવું. રા. બળવંતરાયના શબ્દો આ છે:

"આ રૂપોમાં હકાર લખવો, નહીં તો નહીં જ. નર્મદની જોડણીને જુનવાણી ગણીને છોડી દેવી, એવો નિયમ બાંધવો ઠીક છે. ન. ભો. દી. ની રીતે પણ આ રૂપોમાં હકાર ન લખવો એવી બહુમતિ લાગે છે, તે કેવળ આધુનિક છે. હોપવાંચનમાળાની જોડણીનું અને શિક્ષકોના તેને વળગીને ખોટાં શિક્ષણનું પરિણામ છે. વ્યુત્પત્તિ કે ભાષાશાસ્ત્રની દષ્ટિએ કેવળ અણ્ણ હઠ કહેવાવાને જ પાત્ર છે." (વસન્ત, વર્ષ ૨૮ મું, પૃ. ૩૨૭–૨૮)

આ હ ના જેવી જ સ્થિતિ ઊ કારની થઈ છે. આ વાત '**અનુસ્વાર અને અનુનાસિક**' નામના સ્વતંત્ર લેખમાં અન્યત્ર મેં બતાવી છે. (વસન્ત, વર્ષ ૫, પૃષ્ઠ ૧૩૯ થી ૧૪૯, ૧૮૦ થી ૧૮૮). અનંત્ય સાનુનાસિક ઇ–ઊ ને પેઠે અંતે આવતા ઈ–ઊ સાનુનાસિક ગુજરાતીમાં ભાષાશાસ્ત્રની દષ્ટિએ દીર્ઘ છે એ વાત ભાષાશાસ્ત્રમાં રસ લેનાર સિવાય કોણ સમજી શકે ?[1]

આવા વિષયો લક્ષ્યમાં લેતાં બે ફાયદા થાય છે: એક તો ભાષાવિકાસનું સાચું તત્ત્વ નષ્ટ થતું અટકે છે અને બીજું એ કે તે

---

૧. શબ્દગત ઉચ્ચારણમાં આ તત્ત્વ છે. વાક્યગત સ્થિતિમાં હ્રસ્વતા છે. પણ સ્થિતિ ઇ–ઉ બંનેની સરખી છે. 'ઈ' દીર્ઘ અને 'ઉ' હ્રસ્વ તેવી નહિ જ. વ્યુત્પત્તિ દીર્ઘ આપે છતાં પ્રચલિત ઉચ્ચારણ હ્રસ્વ ઉચ્ચારણ આપે છે, તેથી અંત્ય ઇ–ઉ સરખી રીતે હ્રસ્વ સ્વીકારાય તે વાજબી છે.

તા. ૧૨–૮–'૪૪

દિશામાં મહેનત કરી સત્ય સ્વરૂપ દર્શાવનારાની મહેનતની કદર થાય છે. આપણે બેકદર ન જ થઇયે.

આ સ્થળે ગુજરાતી ભાષાની જોડણી નક્કી કરવામાં ક્યાં ક્યાં તત્ત્વોની આવશ્યકતા છે તે સંબંધી વિચાર કરિયે તો એ અસ્થાને નહિ જ ગણાય. આ વિશે વિચાર કરતાં સ્વ. કમળાશંકરભાઈએ '**ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ**' એ ગ્રંથમાં લખ્યું છે કે:

"લખવાની સરળતા સચવાય તેવા નિયમ કરવા તરફ વૃત્તિ રાખવી. જે જોડણીથી ભાષાનું સ્વરૂપ જ બદલાઈ જાય તે શાસ્ત્રીય હોય તો પણ સર્વમાન્ય થવાનો સમ્ભવ નથી." (પૃ. ૪૫૦)

આમાં એમણે ભાષાનું સ્વરૂપ કઢંગું થઇ જાય તો શાસ્ત્રીય સ્વરૂપનો ત્યાગ કરી પ્રચલિત સ્વરૂપ સ્વીકારવું એવો મત દર્શાવ્યો છે. આમ **સરળતા** એ એક કારણ સંમુખ આવી પડે છે. પરંતુ એકલી સરળતા સાંચવવા જતાં ભાષોચ્ચારણનાં કુદરતી તત્ત્વો નષ્ટ થઈ જવા સંભવ રહે છે. ઊલટું બોલવું કાંઇક અને સરળતા માત્ર સાંચવવા લખવું કાંઈક એમ કૃત્રિમ ધોરણ બાંધતાં અસલનાં ઉચ્ચારણો નષ્ટ થતાંની સાથે નવાં કૃત્રિમ ઉચ્ચારણનાં તત્ત્વોથી ભાષાનું સ્વરૂપ કઢંગું થઈ પડવાની સ્થિતિ આવી પડે છે; એટલે ભાષાનું સ્વરૂપ કઢંગું થઈ જવામાં કારણ તો કહેવાતી **સરળતા જ** થઈ પડે છે. એમાં શાસ્ત્રીય ધોરણો કઢંગું સ્વરૂપ કરવામાં દોષપાત્ર થઈ શકે તેમ નથી. માત્ર **હ–ય** કે વિવૃત ઉચ્ચારણ બતાવાથી કાંઈ કઢંગું થઈ પડે તેમ નથી જ. તેથી જ સ્વ. કમળાશંકરભાઇના આશયને જ અગ્ર રાખી કહિયે તો ભાષાનું સ્વરૂપ કઢંગું કરી નાખે તેવા કૃત્રિમ શાસ્ત્રીય નિયમોનો ત્યાગ કરી કુદરતી ભાષોચ્ચારણનાં તત્ત્વો સચવાઈ રહે તેવા નિયમો સ્વીકારવામાં જ ભાષાનું ભૂષણ છે. આ ઉપરથી એ ફલિત થશે કે **સરળતા એવી હોવી જોઇયે કે જેનો ઉચ્ચારણના ખરા તત્ત્વ સાથે સમન્વય હોય.** ઉચ્ચારણનું ખરું તત્ત્વ કયું એ જાણવું આવશ્યક છે. ઉચ્ચારણનું ખરું તત્ત્વ આપણને શાસ્ત્ર–

કિંવા શિષ્ટ-પરંપરા આપે છે. ઉચ્ચારણના વિકાર એ કૈં આધુનિક નથી, પરાપૂર્વથી ચાલ્યા આવે છે. વ્યાકરણશાસ્ત્રોએ આવા વિકારોનો સંચય કર્યો છે અને એ જ સાધનોએ પ્રાપ્ત સિદ્ધિને આપણે વ્યુત્પત્તિ કહિયે છિયે. વસ્તુસ્થિતિએ ઉચ્ચાર અને વ્યુત્પત્તિ કોઈ અલગ વસ્તુ જ નથી. ઉચ્ચાર-વ્યુત્પત્તિ વિશેના સ્વ. કમળાશંકરભાઈના વિચારો નીચે મુજબના કયાં કારણે બહાર આવ્યા હશે તે સમઝાતું નથી. તેઓ તે જ ગ્રંથમાં લખે છે કે—

"જોડણીના નિયમ : ઉચ્ચારને આધારે કે વ્યુત્પત્તિને આધારે ? જોડણીના નિયમ નક્કી કરતાં પહેલાં તે ઉચ્ચારને કે વ્યુત્પત્તિને અવલમ્બીને કરવા તે નક્કી કરવું જોઇએ. જે ભાષામાં જેમ બોલીએ તેમ લખી શકીએ તે ભાષા ઉત્તમ છે, એ નિર્વિવાદ છે. સંસ્કૃત ભાષામાં તે પ્રમાણે છે... સંસ્કૃત ભાષામાં છે તેવા સ્પષ્ટ ઉચ્ચાર ગુજરાતી ભાષામાં નથી, તેમ જ કેટલાક ઉચ્ચારમાં પ્રાંતિક ભેદ છે. આ કારણથી જોડણીનો પ્રશ્ન વિકટ થઇ પડયો છે. આ વ્યુત્પત્તિને અનુસરતી જોડણી કરતાં ઉચ્ચારને અનુસરતી જોડણી ઘણી સરળ છે." (પૃ. ૪૪૫-૪૬)

ઉપર હું બતાવી જ ચૂકયો છું કે વ્યુત્પત્તિ ને ઉચ્ચાર કોઈ અલગ વસ્તુ નથી, એટલે સ્વર્ગસ્થના ઉપર આપેલા વિચારોમાં ઉચ્ચારને અનુસરતી જોડણીની સરળતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે તે આપોઆપ વ્યુત્પત્તિને લાગુ પડી જાય છે; એટલે વ્યુત્પત્તિ યાને પરંપરાગત ઉચ્ચારણનાં તત્ત્વોને સ્પષ્ટ બતાવી શકાય તેવી જોડણી એ જ ખરી જોડણી. આ રીતે ઉચ્ચારાનુસારી જોડણીમાં નૈસર્ગિક સારલ્ય છે; એટલે સામાન્ય રીતે ૧. સરળતા, ૨. શાસ્ત્ર અને ૩. પ્રચલિત ઉચ્ચારણ એ ત્રણેયના સમન્વયવાળી જોડણી એ જ ખરી જોડણી એ આમાંથી સ્પષ્ટ તરી આવે છે.

વ્યુત્પત્તિ અને ઉચ્ચારણ કોઈ અલગ વસ્તુ નથી તે નીચે જણાવેલી હકીકત ઉપરથી પણ સ્પષ્ટ થશે. ઉપર બતાવ્યું તે જ ભાષાના બંધારણમાં કામ કરતા નિયત ઉત્સર્ગોએ જ આપણને વ્યુત્પત્તિ આપી

છે. આ ઉત્સર્ગો શું ઉચ્ચારણના વિકારને વશ નથી ? એકનો એક અક્ષર જુદા જુદા સંયોગોમાં જુદાં જુદાં રૂપો પામે છે, સાથે એ સનાતન છે. એક જ નિયમ લઈયે—"જોડાક્ષરમાં આદિ વર્ણ લુપ્ત થતાં પૂર્વે હ્રસ્વ સ્વર હોય તો તે દીર્ઘ થાય છે.' આ નિયમ કેટલો પ્રાચીન છે તે તપાસિયે. શુક્લયજુઃપ્રાતિશાખ્યમાં दूणाशः એવું એક ઉદાહરણ આવે છે. नाशे च ૩–૪૩. તેની ઉપરની વૃત્તિ नाशे च प्रत्यये दुरित्ययं विसर्जनीय उकारमापद्यते उकारात्परश्च दन्त्यो मूर्धन्यमापद्यते । यथा दुःनाशः दूणाशः । આમ દુઃનાશ ઉપરથી સીધું दूणाश થાય એમ ત્યાં સૂચન કર્યું છે. તેનું મૂળ તપાસિયે. दुर्नाशः આ સ્થિતિ છે. र કાર પછી લાગલો જ न આવ્યો છે એટલે दुर्णाशः । ત્યાં सर्वत्र लवरामवन्द्रे (सि. है. ૮–૨–૭૯) ની જે પ્રાકૃતમાં અસર છે તેને અંગે સંયુક્ત રકારનો લોપ થતાં अनादौ शेषादेशयोर्द्वित्वम् (सि. है. ૮–૨–૮૯) પ્રમાણે दुण्णाशः અને જોડાક્ષરનો આદ્ય અક્ષર લુપ્ત થતાં दूणाशः । તેવું જ બીજું ઉદાહરણ યજુર્વેદ સંહિતામાં दूडमः (दुर् + लभः ઉપરથી) છે.

આ વ્યુત્પત્તિનો સંગ્રહ એ જ શાસ્ત્ર. હવે ઝઘડો એ ઊભો થાય કે પ્રાંતીય જુદાં જુદાં ઉચ્ચારણો એ બધાં આમ શાસ્ત્રાનુસારી ઠરવાથી તે બધાંયનો સંગ્રહ કરવા જતાં જબ્બર અરાજકતા ઉત્પન્ન થાય તેનું શું ? તેનો એ જ ખુલાસો છે કે શિષ્ટ લોકોના કંઠમાંથી વ્યક્ત થતાં ઉચ્ચારણ એ જ ગ્રાહ્ય. એટલે 'તો પણ વ્યુત્પત્તિને અનુસરતી જોડણી કરતાં ઉચ્ચારને અનુસરતી જોડણી ઘણી સરળ છે' એ સ્વ. કમળાશંકરભાઈનો મત આપોઆપ સ્વીકાર્ય થઈ જશે.

આમ ૧. સારલ્ય, ૨. શાસ્ત્ર અને ૩. શિષ્ટ ઉચ્ચારણ એ ત્રણેયના સમન્વયવાળી જોડણી એ જ ખરી જોડણી એમ આમાંથી શું ફલિત નથી થતું ?

જોડણી નક્કી કરવામાં બુકકમિટીથી કૃત્રિમ ઉપાયો યોજવાનું સાહસ થઈ ગયું અને તે રીતે જે જોડણી નક્કી થઈ તે આપણા

ઉચ્ચારણમાં પણ કાળે કરીને પેસવા લાગી. આમ જે સાંકર્ય ઉત્પન્ન થયું તેમાં હશ્રુતિ ખાસ ધ્યાન ખેંચે છે. હશ્રુતિના વિકલ્પમાં આનું નિરાકરણ છેવટનું ઠરે. ખરું જોતાં જ્યારે ગૂંચવાડો ઊભો થાય ત્યારે ભાષાશાસ્ત્રમાં સંપૂર્ણ વ્યાપક અને વધુ અંશે વ્યાપક નિયમોનું ગ્રહણ કરવાથી સરળતા થઈ પડે છે. પ્રાંતિક ભેદોમાં પણ જે બહોળા પ્રમાણમાં વ્યાપક હોય તેને **વિભાષા**દ્વારા સ્વીકારવાથી બધી તરખડ ઓછી થઇ જાય છે.

ભુકકમિટીએ '૪. ગુજરાતી શબ્દો ગુજરાતના ઘણા ભાગોમાં જે પ્રમાણે બોલાતા હોય તે પ્રમાણે લખવા' એવો નિયમ કર્યો તેમાં આ **વિભાષા** તત્ત્વ સ્પષ્ટ છે; એટલે **વિભાષા** એ નવું ઊભું કરેલું તૂત નથી. પ્રાકૃત ભાષામાં બહોળા પ્રમાણમાં વિભાષા છે, તો પછી આપણે એવી **વિભાષા** સ્વીકારિયે એમાં કશી હીણપત નથી, બલ્કે ભાષાનું ભૂષણ છે; અને તે રીતે ભાષાનું ખરું સ્વરૂપ જણાવતાં આપણે આપણી માતૃભાષા તરફનું ખરું ઋણ અદા કરિયે છિયે.

આપણે ત્યાંની જુદા જુદા વિદ્વાનોએ જોડણીવિષયક કરેલી મહેનત છે તે આ બધા નિબંધમાં ઠેર ઠેર આવી જતી હોવાથી અહીં તેનું પિષ્ટપેષણ કરવું આવશ્યક નથી માનતો. ખરું જોતાં ભાષાનું ખરું તત્ત્વ બતાવનારા આપણા વિદેહ તેમ જ વર્તમાન સાક્ષરોના બળ ઉપર જ આ વિષય આટલો અતિ સરળ તેમ જ સાર્વદેશિક થઈ પડયો છે.

હવે અહીં આપણાં જોડણીનાં તત્ત્વો કયા સ્વરૂપમાં આપણે ત્યાં રહેલાં છે તેની પૂર્વ પ્રતિજ્ઞા મુજબ ગુજરાતી ભાષાના મૂળ મંડાણથી ચર્ચા કરવાનો યત્ન કરવામાં આવે છે.

તત્સમ શબ્દોની શુદ્ધિ

ગુજરાતી ભાષા એ નવી ઉદ્ભાવેલી ભાષા નથી, પરંતુ સૈકાંઓ થયાં અનેક ભૂમિકાઓ વટાવતી વટાવતી અત્યારે પ્રચલિત સ્વરૂપમાં ઉચ્ચારણમાં આવી રહી છે. ભાષાનો એક અતિ સામાન્ય નિયમ છે

કે તેમાં જે કાંઇપણ અધૂરું હોય તે તેતે સમયની રાજભાષામાંથી અથવા તો જેમાંથી તે ઉત્પન્ન થઇ આવી હોય તેમાંથી પૂરવામાં આવે. આ રીતે પાલિ પ્રાકૃત શૌરસેની અપભ્રંશ વગેરે તે તે જમાનાની લોકભાષાઓમાં મુખ્યત્વે ખૂટતા શબ્દોની સંસ્કૃત ભાષામાંથી પૂરણી કરી લેવામાં આવી છે, અને જ્યાં સંસ્કૃત તત્સમ શબ્દોનો સ્વીકાર કરવામાં નથી આવ્યો હોતો ત્યાં જેનાં લક્ષણો વધુમાં વધુ નિકટ હોય તેવી ભાષામાંથી શબ્દો ઉછીકા લેવામાં આવ્યા હોય છે. પ્રાકૃત વ્યાકરણોના અભ્યાસકોને તે તે ભાષાના નિયમોને અંતે शेषं संस्कृतवत् शेषं प्राकृतवत् કે शेषं शौरसेनीवत् એવાં અંતિમ શાસનોની ખબર છે જ. આ જ રીતે અપભ્રંશમાંથી ઊતરી આવેલી આપણી ગુજરાતી ભાષાએ પણ તેતે સમયે અપૂર્ણ શબ્દોની ભરતી નિકટવર્તિની ભાષાઓમાંથી પણ કરી છે.

સામાન્ય અપભ્રંશમાંથી આપણી અર્વાચીન ગુજરાતી મધ્યકાલીન ભૂમિકાઓ વટાવતી ઊતરી આવી છે. વસ્તુસ્થિતિએ અપભ્રંશભાષા એ જ પ્રાચીન ગુજરાતી છે એમ કહેવામાં જરા પણ ખંચાવા જેવું નથી. બેશક એ પ્રાચીન ગુજરાતી ભાષાની બે ભૂમિકા છે અને તે અનુક્રમે (૧) હેમચંદ્રની અપભ્રંશ અને (૨) ડો. ટેસ્સિટોરી જેને જૂની પશ્ચિમરાજસ્થાની કહે છે અને રા. નરસિંહરાવ દિવેટિયા જેને અપભ્રંશ પછીની ભાષા (Post-Apabhrams'a) એવું નામ આપે છે તે અપભ્રંશના અવશેષવાળી ભાષા, એ છે. આ પછી તરત જ મધ્યકાલીન ગુજરાતી ભાષાની ભૂમિકાઓ શરૂ થાય છે. અહીંથી મધ્યકાલીન ગુજરાતી શરૂ થાય છે એમ કહેવાનું કારણ અતિસ્પષ્ટ છે કે અપભ્રંશના અવશેષવાળી એ પશ્ચિમરાજસ્થાનીમાંથી જ મધ્યકાલીન મારવાડી ભાષા મધ્યકાલીન ગુજરાતી ભાષાની સાથે સાથે જુદી પડે છે. આ મધ્યકાલીન મારવાડી કિંવા જૂની ડિંગલ ભાષામાં वेलि किसनरुकमणीरी વગેરે કાવ્યો માંહેની ભાષાનું સ્વરૂપ જોવાથી આ વાતનો નિર્બાધિત નિર્ણય બાંધી શકાય છે. મધ્યકાલીન ગુજરાતીના

આરંભથી ગુજરાતી ભાષાનાં સંપૂર્ણ લક્ષણો સ્થાપિત થઈ ચૂકેલાં પ્રાપ્ત થાય છે. જેને હું મધ્યકાલીન ગુજરાતીની પ્રથમ ભૂમિકા માનું છું તે મુગ્ધાવબોધ ઔક્તિકની ભાષામાંના અસંયુક્ત અइ अउ अउं અનુક્રમે ए ओ અને ऊंના સ્વરૂપમાં આવી જતાં જ મોટે ભાગે અર્વાચીન ગુજરાતીની પ્રથમ ભૂમિકા તૈયાર થઈ જાય છે. એ જ પ્રથમ ભૂમિકામાંથી ઉત્તરોત્તર સંસ્કાર મેળવતી જતી ભાષા અર્વાચીન ગુજરાતી ભાષાના સ્વરૂપમાં સ્થાપિત થાય છે. એ દિશા સંશોધનની દૃષ્ટિએ પદ્ધતિપૂર્વક ખેડાતી આવે છે અને ભવિષ્યમાં શ્રી. મધુસૂદન ચી. મોદી અને ભાઈ ભોગીલાલ સાંડેસરા જેવા યુવાન ભાષાશાસ્ત્રીઓ વધુ પ્રકાશ પાડવાના જ છે.

ઉપર બતાવ્યું છે કે તત્કાલીન લોકભાષામાં રાજભાષાના શબ્દોની પણ ભરતી થાય છે. આ સત્ય સનાતન છે અને તેનો કોઈ પણ વ્યક્તિથી વિરોધ ઉઠાવી શકાય તેવી સ્થિતિ નથી. અત્યારે ગુજરાતી ભાષામાં, અરે સમગ્ર હિંદની પ્રત્યેક પ્રાંતીય બોલીમાં વ્યવહારમાં બહોળા પ્રમાણમાં અંગ્રેજી ભાષાના શબ્દો ધમધોકાર ઉમેરાયા છે અને ઉમેરાતા જાય છે. આ સનાતન નિયમને અનુસરીને જ ગુજરાતીની સર્વ ભૂમિકાઓમાં સંસ્કૃત ભાષા ઉપરાંત મુસ્લિમ પાદશાહોના જમાનામાં અરબી ફારસી શબ્દોની અને ત્યારપછી પોર્ટુગીઝ લોકોના સંપર્કમાં આવતાં થોડા પોર્ટુગીઝ શબ્દોની, અને છેલ્લે અંગ્રેજી રાજ્યમાં અંગ્રેજી શબ્દોની ભરતી થવા પામી છે.

ભાષા પોતામાં જ્યારે પરભાષાના શબ્દો અપનાવે છે ત્યારે પોતાને અનુકૂળ એવો સ્વાંગ એ ઉછીના લીધેલા શબ્દોને પહેરાવે છે. આને જ પરિણામે ખુદ સંસ્કૃત શબ્દોમાંથી અર્વાચીન તદ્ભવ શબ્દો જેવા કે ધર્મમાંથી ધરમ, કર્મમાંથી કરમ, ભ્રમમાંથી ભરમ વગેરે, અરબી શબ્દો જેવા કે ફિક્રમાંથી ફિકર, ઇશ્કમાંથી ઇશક વગેરે; અંગ્રેજી શબ્દો ફોર્મમાંથી ફારમ, એ વગેરે છે, તે ઊતરી આવ્યા છે. આમ છતાં પણ સંસ્કારી લોકો મૂળ ભાષાને અનુરૂપ એવાં ઉચ્ચારણો

જાળવી રાખી એ પરકીય તત્સમ શબ્દોનો ભાષામાં સ્વીકાર કરે છે.

હિંદની હરકોઇ ભાષામાંથી તત્સમ શબ્દો ઉઠાવવામાં આવે તો આપણે ત્યાં હિંદની સમગ્ર લિપિઓ ઉચ્ચારણનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવતા સ્વતંત્ર સંકેતો ધરાવતી હોવાથી તેને આપણી ભાષામાં આપણી ચાલુ લિપિમાં લખવામાં ઘણું સારલ્ય છે; અને બહુ ઝઘડો પણ રહેતો નથી; પરંતુ જે ભાષાઓની લિપિઓ આપણા જેવી પ્રત્યેક ઉચ્ચારણને માટે સ્વતંત્ર સંકેત ધરાવનારી નથી અને તેથી કરીને માત્ર ઉચ્ચારણ ઉપર જ આધાર રાખીને જ આપણે આપણી લિપિમાં ઉતારવાની હોય છે ત્યારે માત્ર આપણે તેના ઉચ્ચારણ ઉપર ખ્યાલ રાખી આપણી લિપિમાં એ ભાષાના શબ્દો લખવાના હોય છે. આ વિષય આપણે જેટલો સરળ માનિયે છિયે તેટલો નથી. જોડણી માટે છેલ્લા મારા પ્રયત્ન સુધીના નવે પ્રયત્નોમાં તત્સમ શબ્દોની શુદ્ધિના વિષયમાં સાવચેતીપૂર્વક નિર્ણય બાંધવામાં આવ્યા છે. અહીં એ સૂચના અપ્રસ્તુત નહિ લાગે કે સૈકાંઓ થયાં અરબી ફારસી શબ્દો ગુજરાતીમાં ગુજરાતી સ્વરૂપને પામી ભળી ચૂકયા છે—રણમલ્લ છંદ અને કાન્હડદે પ્રબંધના જમાનાથી જે ભળી ગયા છે તેના સ્વરૂપને માટે તો બહુ ઝઘડો નથી જ; માત્ર એમાંના જે તત્સમ સ્વરૂપમાં અદ્યાપિપર્યંત ચાલ્યા આવે છે તેને બુકકમિટીના નીચેના બે નિયમ મુજબ સંસ્કાર આપવાનો રહે :

"૧. શબ્દના સાધારણ ઉચ્ચારમાં મૂળ શબ્દ જોડે થોડો જ ફેર હોય તો તેને મૂળ પ્રમાણે લખવા. (અને)

૩. શુદ્ધ સસ્કૃત કે ફારશી શબ્દ આવે તો તેને અસલ પ્રમાણે લખવા."

[સ્વ. ન. ભો. દ્વિવેટિયા–કૃત 'જોડણી', પરિશિષ્ટ क]

અહીં એક વસ્તુ ખ્યાલમાં રાખવાની છે કે ભાષામાં એકના એક શબ્દનાં તત્સમ અને તદ્ભવ રૂપ મળતાં હોય તો તે બંનેનો સ્વીકાર કરવાનો આપણે ત્યાં સંપ્રદાય છે જ. જો કે બુકકમિટીએ એવો નિયમ કર્યો હતો કે—

"૨. અસલ અને ચાલતા ઉચ્ચારમાં ઘણો ફેર હોય, તો ચાલતા ઉચ્ચાર પ્રમાણે શબ્દ લખવા." (એજન)

એથી ઊલટું દી. બ. કેશવલાલ હ. ધ્રુવે કરેલા નિયમમાં એવું જણાવેલું કે—

"2. The *tatsama* form of a word should be preferred to the co-ordinate *tadbhava* forms, if in use among high class Hindus, when the former does not widely differ from the latter." (એજન. પરિશિષ્ટ ख)

[જો તત્સમ સ્વરૂપ તદ્ભવ સ્વરૂપથી બહુ જુદું ન પડતું હોય ત્યારે જો તે ઉચ્ચ વર્ણના હિંદુઓમાં વપરાતું હોય તો તેને લગતા તદ્ભવ રૂપ કરતાં તે શબ્દના તત્સમ સ્વરૂપને પસંદગી આપવી.]

બુકકમિટીના ૧ લા નિયમના અનુવાદ જેવો આ નિયમ છે; છતાં તેમણે બુકકમિટીના બીજા નિયમને લગતું કશું વિધાન ન કર્યું હોવાથી તદ્ભવ કરતાં તત્સમ તરફ તેમનું વલણ સ્પષ્ટ જણાય છે. કલાભવનના નિયમોનું અને સ્વ. ગોવર્ધનરામભાઇનું વલણ તેમ જ વાચનમાલા માટેની બંને નિયમાવલીઓનું વલણ પણ, તત્સમ તરફ ગર્ભિત રીતે જણાય છે; પરંતુ આ ઝઘડાનો સાચો ઉકેલ ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળની જોડણીથી અને તેને જ અનુસરી ગુજરાત વિદ્યાપીઠની જોડણીથી જ આવ્યો છે. જોડણીકોશમાં એ નિયમ સ્પષ્ટ સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે કે—

"૨. ભાષામાં તત્સમ તથા તદ્ભવ બંને રૂપો પ્રચલિત હોય તો બંને સ્વીકારવાં."

ગુજરાત વર્ના. સોસાયટીના કાચા ખરડામાં શબ્દશઃ આ નિયમને સ્વીકારવામાં આવ્યો છે; જો કે વિદ્યાપીઠ અને ગુજ. વર્ના. સો.નો કાચો ખરડો અરબી–ફારસી–અંગ્રેજી તદ્ભવ શબ્દો ભાષામાં રૂઢ થઈ ગયા હોય તો શુદ્ધ તત્સમના સ્વીકારની મનાઇ કરે છે. પરંતુ આમ કરવું એ હિતકર નથી અને અરબી–ફારસીના જ્ઞાનવાળો કવિ-

વર્ગ પોતાનાં કાવ્યોમાં તત્સમ શબ્દો છૂટથી વાપરે છે. (જુઓ શ્રી. પતિલનાં કાવ્યો.) આ વસ્તુને ખ્યાલમાં લઈને જ આ નિયમને સંસ્કૃત–અરબી–ફારસી–અંગ્રેજીમાંથી ઊતરી આવેલા શબ્દો માટે વિકસાવવાનો રહ્યો. તે રીતે વિકસાવતાં એ નિયમ આવું સ્વરૂપ પકડે છે:—

૧. ભાષામાં તત્સમ તથા તદ્ભવ એ બંને રૂપો પ્રચારમાં હોય તો એ બંનેનો સરખી રીતે સ્વીકાર કરવો. ઉદા. કર્મ–કામ, કઠિન–કઠણ, આશ્ચર્ય–અચરજ, જગત–જગ; અમાનત–અનામત, અવ્વલ–અવલ, ઇશ્ક–ઇશક, જુલ્મ–જુલમ; બોટલ–બાટલી વગેરે.

જ્યારથી જોડણીને એકધારી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે ત્યારથી આપણા વિદ્વાનોએ તત્સમ શબ્દોની શુદ્ધિના વિષયમાં પૂર્ણ સાવચેતી રાખી છે. દી. બ. કેશવલાલ ધ્રુવે સને ૧૮૯૩ માં નિયમો બાંધ્યા તેમાં પણ એ માર્ગને નિષ્કંટક કરવાનો પ્રયત્ન કરેલો :

"1. *Tatsama* words should be spelt as they are found in Sanskrit.

(અને)

3. Words of foreign origin should be generally spelt as they are pronounced. [એજન–પરિશિષ્ટ ख].

[૧. સંસ્કૃતમાં જે પ્રમાણે જોડણી કરવામાં આવી હોય તે પ્રમાણે તત્સમ શબ્દોની જોડણી કરવી.

અને

૩. વિદેશી ભાષામાંથી આવેલા શબ્દોની તેનાં જે પ્રમાણે ઉચ્ચારણ થતાં હોય તે પ્રમાણે પ્રાયઃ જોડણી કરવી.]

આમાં generally=પ્રાયઃ એ શબ્દનો પ્રયોગ ખાસ ધ્યાન ખેંચે છે. આવી જાતનું વિધાન કરવાનું કારણ સ્પષ્ટ છે કે અરબી ફારસી અને અંગ્રેજી ભાષામાં કેટલાંક ઉચ્ચારણો એવાં છે કે જેનું પ્રતિનિધિત્વ સાંચવી શકે તેવા સંકેતો આર્ય લિપિઓમાં નથી; એટલે જ જોડણીના નિયમો નક્કી કરવાનો સાતમો પ્રયત્ન જે ગુજરાત

વિદ્યાપીઠ તરફથી થયો અને પછી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી જે કાચા ખરડારૂપે આદમો પ્રયત્ન થયો તેમાં—

"૬. આરબી, ફારસી તથા અંગ્રેજી ભાષાના શબ્દો લખતાં તે તે ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ન વાપરવાં."

('જોડણીકોશ'ની નિયમાવલી)

અને

"૩ xxxx પરભાષાના શબ્દોને તેના ઉચ્ચારાનુસાર વાપરવા હોય તોપણ ચિહ્નાદિનો ઉપયોગ કરવો નહિ."

[ગ્રંથ અને ગ્રંથકાર, પુ. ૨ જું-ગુજ. વર્ના. સો. નો કાચો ખરડો, પૃ. ૨૧૬]

—એ રીતે વિદેશીય ઉચ્ચારણો બતાવવા સંકેતોની અનાવશ્યકતાનું વિધાન કરવામાં આવ્યું છે. આ પૂર્વે ગુજરાતી સાહિત્ય પરિષદ-મંડળની જોડણીમાં એવું વિધાન થઈ ચૂક્યું જ હતું કે—

"મૂળ અરબી, ફારસી, અંગ્રેજી વગેરે વિદેશીય શબ્દો ગુજરાતી ભાષામાં કઢંગા ન દેખાય તેમ મૂળને અનુસરતા લખવા."

[આઠમી સાહિત્ય પરિષદનો રિપોર્ટ]

હું અહીં તત્સમ શબ્દોથી માત્ર સંસ્કૃત શબ્દો જ ગણવામાં અવ્યાપ્તિદોષ ગણું છું. તત્સમ શબ્દોનો ખરો અર્થ જ એ કે હરકોઇ પરભાષીય શબ્દ મૂળ ઉચ્ચારણમાં અન્ય ભાષામાં લેવામાં આવે ત્યાં તે તત્સમ જ છે. એ હેતુથી જ તત્સમનો અર્થસંકોચ 'અનાવશ્યક છે.

આપણે મન તો ગુજરાતી ભાષાનો પોતાનો એટલે કે પરંપરાએ ઉત્સર્ગદ્વારા ઊતરી આવેલો અને પરભાષીય છતાં ગુજરાતી ભાષાના ઉચ્ચારણને અધીન થઇ વિકૃત થઈ તદ્‌ભવ સ્વરૂપમાં ઊતરી આવેલો—એ સિવાયનો કોઈપણ શબ્દ તત્સમ છે. જોડણીની એકવાકયતા જેને ઇષ્ટ છે એને મન તો પારકું એવું હરકોઈ પોતે અસલ સ્વરૂપમાં સ્વીકારે એ ઉછીકું જ લીધેલું છે; અને તેથી જ તત્સમ શબ્દોની જોડણીને માટે સાવચેતી અનિવાર્ય થઈ પડે છે.

આ રીતે આપણી પાસે એક કરતાં વધુ ભાષામાંથી મેળવેલા

તત્સમ શબ્દો છે. આમાંના સંસ્કૃત ભાષાના તત્સમ શબ્દોની જોડણી ઉપરઉપરથી ઘણી સરળ દેખાય છે અને અત્યાર સુધીના ૧. બુકકમિટી, ૨. દી. બ. કેશવલાલ ધ્રુવ, ૩. કલાભવન (વડોદરા), ૪. સ્વ. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, ૫. વર્નાક્યુલર ટેક્સ્ટ બુક રિવિઝન કમિટીની બંને નિયમાવલી, ૬. ગુજ. સાહિત્ય-પરિષદ મંડળ, ૭. ગુજરાત વિદ્યાપીઠ અને ૮. ગુજ. વર્ના. સોસાયટીના કાચા ખરડાના આ આઠે નિયમોમાંથી સંસ્કૃત શબ્દ માટે એક સરખો જ અવાજ નીકળે છે કે—

"સંસ્કૃ તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કાયમ રાખવી."

આટલો જ નિયમ હોય તો ગુજરાતી ભાષામાં સ્વીકારાયેલા સંસ્કૃત બધા જ પ્રકારના તત્સમ શબ્દો લખવા ભારે પડી જાય તેમ છે. સંસ્કૃત ભાષામાં જેમ સ્વરછેડાવાળા શબ્દો છે તેવા જ વ્યંજન-છેડાવાળા શબ્દો છે. ગુજરાતી ભાષામાં આ ભિન્ન ભિન્ન શબ્દોની જોડણીમાં એકવાક્યતા સાંચવવી ભારે મુશ્કેલ થઇ પડે છે. આ શંકા ૧૯૦૪ માં વર્નાક્યુલર ટેક્સ્ટ બુક રિવિઝન કમિટીને થયેલી લાગે છે અને તેથી જ તેના પહેલાં અને પછી સુધારેલા નિયમોમાં નીચેનો એક પેટાનિયમ દગ્ગોચર થાય છે કે—

"૧ (क). ગુજરાતી પ્રત્યયો લગાડી શકાય તેવા અંત્ય વ્યંજનવાળા 'અકસ્માત્' જેવા શબ્દો અંત્ય અ સહિત લખવા."

[સ્વ. ન. ભો. દિ. ની 'જોડણી'–પરિશિષ્ટ ज]

"૧ (कृ). અકસ્માત્ જેવા શબ્દો, જે વ્યંજનાંત છે અને જેને ગુજરાતી પ્રત્યયો લાગી શકે છે, તેમને અંતમાં અ છે એમ ગણીને લખવા.'

[એજન–પરિશિષ્ટ ज १:]

ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળની જોડણીએ અને તેને જ અનુ-સરીને થોડા અપવાદ રાખી ગુજરાત વિદ્યાપીઠે આ નિયમને સ્વીકારી ઘણું ઉત્તમ નિરાકરણ આપ્યું છે કે—

"૩ જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રાયયો લેતા હોય તેમને અકારાંત ગણીને લખવા. ઉદા૦ વિદ્વાન, જગત, અકસ્માત; પરિષદ."

['જોડણીકોશ'ના નિયમો]

છતાં કેટલાક શબ્દોને માટે આ મુજબ અપવાદ રાખ્યો છે કે–

"૪. પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, ક્વચિત્, એવા શબ્દો એકલા આવે અથવાં બીજા સંસ્કૃત શબ્દની સાથે સમાસમાં આવે ત્યારે વ્યંજનાંત લખવા. ઉદા૦ કિંચિત્કર, પશ્ચાત્તાપ–આવા અવ્યયો પછી જ્યારે જ આવે ત્યારે વ્યંજનાંત ન લખવા. ઉદા૦ ક્વચિત જ.' [એજન]

ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળે તો '૪. ગુજરાતીમાં આવેલા વ્યંજનાત તત્સમ શબ્દોની જોડણી સ્વરાંત કરવી.' એવો અતિસરળ નિયમ બાંધી જ આપ્યો છે. માત્ર સંસ્કૃત ભાષાના સ્વલ્પ પ્રેમે વિદ્યાપીઠને વ્યંજનાંત અવ્યયોમાં જ ખોડા વ્યંજનને રાખવાની જરૂર જણાઇ છે, બાકી તો સર્વત્ર વ્યંજનાંત શબ્દોમાં અ ઉમેરી જોડણી ઇષ્ટ માની છે. આ વસ્તુ ઉચ્ચારણાનુકૂલ છે; એ સાથે ન્યાય્ય છે. ગુજરાતીમાં સંસ્કૃત સિવાયની પરદેશી ભાષાઓના જે થોકબંધ તત્સમ વ્યંજનાંત શબ્દો પ્રયોજાય છે તે સર્વને અકાર ઉમેરી લખવામાં આવે છે, એ જ નિયમનો સમાદર કરીને સંસ્કૃત કોઈપણ વ્યંજનાંત શબ્દને વ્યજનાંત ન લખતાં અ ઉમેરીને લખવો ઇષ્ટ છે.

ગુજ. વર્ના. સોસાયટીના કાચા ખરડામાં એવી સૂચના કરવામાં આવી છે કે—

"૩. જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લે તે અને તત્સમ ભારદર્શક જ લે ત્યારે અકારાંત ગણીને લખવા. જેમકે–વિદ્વાન્–વિદ્વાનને, પરિષદ્–પરિષદમાં, તેમ–ક્વચિત્–ક્વચિત જ.'

[ગ્રંથ અને ગ્રંથકાર, પુ. ૨ જું–પૃ. ૨૧૯]

સંસ્કૃત ભાષાના સમાદરનો જ આશય આ નિયમમાંથી સ્ફુટ થાય છે; પરંતુ આવા સમાદરથી પરદેશી ભાષાના વ્યંજનાંત શબ્દોને માટે મુશ્કેલી ઉત્પન્ન થાય છે. સાર્વત્રિક અને ન્યાયયુક્ત નિયમ બનાવવાને તો આવાં ઉચ્ચારણોમાં અંતે જે ઉચ્ચારણ થાય છે તેમાં સ્પષ્ટ સ્વરૂપે લઘુપ્રયત્ન 'અ' નો ઉચ્ચાર રહેલો છે; અને ઉચ્ચા-

સ્યુની દૃષ્ટિએ જોતાં વિદ્વાન્ કે રામ એ શબ્દોમાં અંત્ય શ્રુતિ જરા પણ ભિન્ન સ્વરૂપે ઉચ્ચરિત નથી થતી; અને તેથી ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળનો નિયમ આદરણીય થઇ પડે છે.

जि, मृ, कृ, વગેરે ઉપરથી ઊતરી આવતા કર્તૃવાચક ઇન્દ્રજિત્, પરભૃત્, સુખકૃત્ જેવા શબ્દોમાં અ ઉમેરી જો લખવામાં આવે તો जित, मृत, कृत એવાં કર્મણિભૂતકૃદંતોની ભ્રાંતિ ઉત્પન્ન થાય એમ કેટલાક શંકા કરે છે. આ શંકા જ નિરર્થક છે, કેમકે અ ઉમેરી જોડણી કરવામાં આવે છતાં શબ્દસ્વરૂપનું જ્ઞાન નથી તેવા મનુષ્યને તો અર્થભેદની પણ સંભાવના નથી.

પ્રાકૃત ભાષાઓમાં વ્યંજનનો જે નિચોડ લાવવામાં આવ્યો છે, તે અહીં જોઇ જવા જેવો છે. પં. હેમચંદ્રાચાર્ય જણાવે છે કે ' अन्त्यव्यञ्जनस्य (૮-૧-૧૧) શબ્દોમાં જે અંત્ય વ્યંજન હોય તેનો લોપ કરવો;' પરંતુ स्त्रियामादविद्युतः (૮-૧-૧૫), रो रा (૮-૧-૧૬), क्षुधो हा (૮-૧-૧૭), शरदादेरत् (૮-૧-૧૮), दिक्-प्रावृषोः सः (૮-૧-૧૯), आयुरप्सरसोर्वा (૮-૧-૨૦), ककुभो हः (૮-૧-૨૧) અને धनुषो वा (૮-૧-૨૨) વિદ્યુત્ સિવાયના નારી જાતિના વ્યંજનાંત શબ્દોમાં અંત્ય વ્યંજનનો आ કરવો, (જેવા કે सरित् પરથી सरिआ-અહીં त કાર પ્રાકૃતના નિયમ પ્રમાણે ઊડી જાય, એટલું જ); રકારાંત શબ્દોમાં रा કરવો (જેવાં કે गिरा, धुरा, पुरा-વસ્તુસ્થિતિએ गिर्, धुर्, पुर् ના र માં आ ઉમેરાય છે); क्षुध्‌ના અંત્ય વ્યંજનનો हा કરવો, (क्षुहा); शरद् વગેરે શબ્દોમાં अ કરવો (सरओ, भिसओ); दिक् અને प्रावृट्‌ના અંત્ય વ્યંજનનો स કરવો, (જેવાં કે दिसा, पाउसो); आयुस् અને अप्सरस્‌માં અંત્ય વ્યંજનનો લોપ કરવો અને स પણ રાખવો (જેવાં કે दीहाउसो, दीहाऊ; अच्छरसा, अच्छरा), ककुभ् શબ્દમાં ह કરવો (જેવો કે ककुहा), જ્યારે धनुस् માં ह કરવો અથવા લોપ કરવો (धणुहं, धणू).

આ પ્રક્રિયા અહીં નિરર્થક જેવી લાગશે, પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ અતિઉપયોગી થઇ પડશે. અહીં પ્રાયઃ નારી જાતિના શબ્દો આપવામાં

આવ્યા છે. માત્ર आयुस् અને धनुस् એ નાન્યતર જાતિના છે. આમાંના શબ્દોમાં અંત્ય ત્રણ સ્વરો ભિન્નભિન્ન સ્થળે દેખા દે છે, ક્યાંય પણ ખોડા વ્યંજનને રાખવામાં નથી આવ્યો, એ વસ્તુ ખાસ સૂચક છે. અહીંના आ ओ અને अ (ओ પણ अ જ છે–તેમાં નરજાતિની પ્રથમા વિભક્તિનો ओ કાર છે, એટલો જ ભેદ.) એ ત્રણે ખોડા વ્યંજનોને આખા કરવાને જ આવ્યા છે; પ્રાકૃતની વિશિષ્ટતાથી પછી ભલેને त વગેરે લુપ્ત થતા હોય. આ જ પ્રક્રિયા અવિચ્છિન્ન રીતે એની પુત્રી-પૌત્રી અને પ્રપૌત્રી બોલીઓમાં ઊતરી આવી છે; અને તેથી જ ઉચ્ચારણમાં શબ્દને છેડે વ્યંજન अ કાર સહિત ઉચ્ચરિત થાય છે. આટલું જ માત્ર તત્સમ શબ્દોનું લાક્ષણિક ગુજરાતીભવન છે.

આવી સ્થિતિમાં પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, ક્વચિત્, એ વગેરે અવ્યયો એકલા આવે ત્યારે જ માત્ર ખોડા શા માટે લખવા ? જ પૂર્વે ગુજરાત વિદ્યાપીઠને પણ 'અ'નું ઉમેરણ ઇષ્ટ તો છે જ.

સંસ્કૃતમાં तृ, अन्, इन्, विन्, वस्, અને मत् वत् છેડાવાળા જે શબ્દો છે તેનાં પ્રથમા વિભક્તિનાં એકવચનોનાં રૂપો ગુજરાતીને સ્વીકાર્ય છે. આમાંના જે જે રૂપને છેડે વ્યંજન આવતો હોય તે अकार ઉમેરીને જ લખવો પ્રાપ્ત થાય છે. तृ–अन्–इन्–विन्‌નાં તો અનુક્રમે કર્તા, આત્મા, હસ્તી, યશસ્વી આવાં રૂપો જ છે, જ્યારે वस्‌નાં વિદ્વાન્, मत् ,-वत्‌નાં શક્તિમાન્ ગુણવાન્ એ વગેરે તત્સમ રૂપો છે, જે ગુજરાતી ઉચ્ચારણમાં વિદ્વાન, શક્તિમાન, ગુણવાન એ સ્વરૂપમાં છે. આ ઉપરાંત જેની ઉપધામાં अ છે તેવા स् છેડાવાળા चन्द्रमस् वेधस् એ નરજાતિના શબ્દો, यशस् पयस् વગેરે નાન્યતર જાતિના શબ્દોનાં સંસ્કૃત રૂપો चन्द्रमाः, वेधाः, यशः, पयः, એનાં છે તેમાંથી વિસર્ગ લુપ્ત થઇ જાય છે અને ગુજરાતીભવન સિદ્ધ થાય છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન નિયમોની અને ઉચ્ચારણોની એકવાક્યતા સાધવી હોય તો આ પ્રમાણેની વ્યવસ્થા હિતકર થઈ પડે છે:—

૨. સ્વરાંત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કાયમ રાખવી. (तृ, अन्, इन्, वस्, [1]मत्–वत् વગેરે અંતવાળા શબ્દોનું પ્રથમા વિભક્તિનું એકવચન ભાષામાં વપરાય છે; તેમ જ अ ઉપધાવાળા સકારાંત શબ્દોની પ્રથમાના એકવચનમાં લુપ્તવિસર્ગવાળાં રૂપો પ્રચારમાં છે.) ઉદા. મતિ, ગુરુ, હરિ, શાંતિ, નીતિ, નિધિ, સ્થિતિ, શ્રીયુત, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય, પ્રામાણિક; યશસ્વી, મનસ્વી; વિદુષી; ભગવતી, શ્રીમતી; ચંદ્રમા, વેધા; યશ, મન, પય, સુહૃદ્, વહ્નિ વગેરે.

ઉચ્ચાર અને જોડણી જુદાં છે તેવી અરબી ફારસી ઉર્દૂ અંગ્રેજી વગેરે ભાષાના શબ્દો ગુજરાતીમાં કઢંગા ન દેખાય તેવી રીતે મૂળ ઉચ્ચારને અનુસરતા લખવા. ઉદાહરણઃ–આગાહી, અમીરી, આબાદાની, આસાની, ઇરાની, ઉર્દૂ, કાબૂ, કાબુલી, કિસ્સો, કીમતી, ખૂબી, ગિરો, ચાકૂ, જાદૂ, જાસૂસી, તંબુ, તૂતી, તૈયારી, દારૂ, દાવૂદી, પીલુ, બાજૂ, રૂબરૂ, હિંદૂ, મ્યુનિસિપાલિટી, કમિટી, યુનિવર્સિટી વગેરે.

૩. ગમે તે ભાષાના તત્સમ શબ્દો જો વ્યંજનાંત હોય તો અંતે અકાર ઉમેરી જોડણી કરવી. ઉદાહરણઃ– જગત, વિદ્વાન, ભગવાન, પરિષદ, સંસદ, ધનુષ, આશિષ, આયુષ, અકસ્માત, સાક્ષાત, કવચિત; અકીક, અજબ, અંગૂર, અંજીર, આલિશાન, ઇજાર, ઇમારત, ઇલાજ,

૧. वस्–मत्–वत्‌વાળા નરજાતિના શબ્દો વ્યંજનાંત છે, તેને ૩ જા નિયમને અનુસરી 'અ' સહિત લખવાના છે.

ઉમેદ, કબૂલ, કસૂર, કાનૂન, કૂચ, કોશિશ, કોહિનૂર, ખુદ, ખૂન, ગુમ, ચાવૂશ, ચાબુક, જનૂન, જરૂર, જાસૂસ, તવારીખ, તાસીર, તુમાર, દસ્તૂર, દીવાન, નસીબ, નાબૂદ, નાજુક, પુલ, બહાદુર, બારીક, બંદૂક, સાબિત, અપીલ, કોર્ટ, કેબલ, પેન્સિલ, બૂટ, સ્કૂલ, બુક, રબર, સોડાવૉટર, પાસ ડૉક્ટર, સ્ટેશન વગેરે.

આમ છતાં વિભાષા જેને ઇષ્ટ હોય તેઓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કાચા ખરડા પ્રમાણે નિષ્પ્રત્યય દશામાં વિકલ્પે વ્યંજન ખોડો સર્વત્ર લખી શકે. પ્રત્યયો અને જ-ય એ અંત્યયો પહેલાં તો આ ઉમેરોને જ જોડણી કરે.

તત્સમ શબ્દોને માટે સર્વસાધારણ વિગત માત્ર ઉપર પ્રમાણેની છે. સંસ્કૃત તત્સમ શબ્દોમાં અનુસ્વારની શુદ્ધિ તેમ જ અરબી-ફારસી-અંગ્રેજી શબ્દોની કેટલીક ઝિણવટ પણ જરાયે જતી કરાય તેમ નથી.

તત્સમ શબ્દોમાં અનુસ્વાર અને સાનુનાસિક ઉચ્ચારણ

તત્સમ શબ્દોમાં અનુસ્વારના વિષયમાં કેટલીક ઝિણવટ રહેલી છે એ તરફ ઘણા જ થોડા ગુજરાતી વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું છે. આપણા લગભગ બધા જોડણીકારોએ આ વિષયમાં ઉપેક્ષા સેવી છે. અનુસ્વાર અને સાનુનાસિક ઉચ્ચારણ એવાં જે તદ્દન ભિન્ન ભિન્ન ઉચ્ચારણો છે તેઓના તરફ તો જોડણીમાં જરાયે ધ્યાન આપવામાં આવ્યું નથી. સદ્ભાગ્યે અત્યારે જે નવી લિપિ તૈયાર થાય છે એમાં તદ્દન ભિન્ન એવાં આ બંને ઉચ્ચારણોને વ્યક્ત કરતા ભિન્ન ભિન્ન સંકેતો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ૧૮૯૩માં દી. બ. કેશવલાલ હ. ધ્રુવે જોડણીના નિયમો ઘડયા ત્યારે તેમણે સૌથી પ્રથમ આ બે ભિન્ન ઉચ્ચારણોને અલગ અલગ બતાવવા ભિન્ન ભિન્ન સંકેતોને લિપિમાં સ્થાન હોવું જોઇયે તેવું સમર્થન કરેલું; એ પછી પ્રો. રા.

કોલેજના ભૂતપૂર્વ પ્રિ. શ્રી માધવલાલભાઈએ કોમળ ઉચ્ચારણ માટે પોલા મોંડાની હિમાયત કરેલી. પણ પછીથી તે તરફ ખાસ કોઈનું ધ્યાન ગયેલું જણાતું નથી, કેમકે એ પછીના નક્કી થયેલા જોડણીના નિયમોમાં ક્યાંય પણ એ વસ્તુનો ખાસ ઇશારો કરવામાં આવ્યો નથી.

એ તો સ્પષ્ટ છે કે સને ૧૮૫૮ પછી વાચનમાલા તૈયાર કરનારી બુકકમિટીએ જોડણીના નિયમો નક્કી કર્યા ત્યારથી જ એક સરખી રીતે એક નિયમ ઘડવામાં આવેલો છે કે "શુદ્ધ સંસ્કૃત કે ફારશી શબ્દ આવે તો તેને અસલ પ્રમાણે લખવા." અને તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કાયમ રાખવાનું ધોરણ એક સરખી રીતે સર્વમાન્ય થઈ ચૂક્યું. આ વિષય તરફ ચતુર ભાષાશાસ્ત્રીઓએ બેદરકારી નથી સેવી; અને સ્વ. કવિ નર્મદાશંકર, દી. બ. કેશવલાલ ધ્રુવ અને સ્વ. નરસિંહરાવ દિવેટિયાએ એ ઉચ્ચારણને વિશિષ્ટ રીતે બતાવવા તરફ મત પણ આપ્યા છે. સ્વ. નર્મદાશંકર કવિએ તો સ્પષ્ટ સમર્થન કરેલું કે—

"લોકને વાંચતાં અઘરૂં પડશે તે માટે અનુસ્વારને વ્યંજન રૂપે ન લખવું એના કરતાં તેને તેના બીજા ઉચ્ચારણથી જુદું પાડી દેખાડવાને વ્યંજન રૂપે જ લખવું, ને અભ્યાસથી અઘરાને સેહેલું કરી નાખવું એ જ ઉત્તમ પક્ષ છે."
[નર્મકોષ, ભૂમિકા પૃ. ૯]

સ્વ. કવિના આ મત તરફ આપણું વલણ ન વળ્યું એનું મુખ્ય કારણ બુકકમિટીના નિયમોનું અનુસરણ એ જ છે, કેમકે હોપ વાચનમાલામાં તત્સમ શબ્દોમાં પણ અનુસ્વારને અનુસ્વારના રૂપમાં જ રાખવામાં આવેલો.

દી. બ. કેશવલાલ હ. ધ્રુવે આને આમ ચલાવી ન લીધું સને ૧૮૯૩માં કરેલા તેમના નિયમોમાં આ જાતનું શાસન કર્યું:—

"12. Nasal consonants should be preferred to the *anuswara* mark where the former cleariy represent the nasal twang occurring in a word: e. g. અન્તર, સઞ્ચ, અઙ્ક,

લમ્પટ, અણ્ટસ. [સ્વ. ન. ભો. દિવેટિયા–કૃત 'જોડણી'–પરિશિષ્ટ ક]

[શબ્દમાં આવતા પૂર્ણ અનુનાસિક વ્યંજનને વ્યક્ત કરતું ઉચ્ચારણ જ્યાં સ્પષ્ટ હોય ત્યાં અનુસ્વારને બદલે તે તે અનુનાસિક વ્યંજનને ખાસ પસંદગી આપવી.]

તત્સમ શબ્દોની શુદ્ધિ માટે આમ કરવું આવશ્યક હોવા છતાં વાચનમાલા રિવિઝન કમિટીએ તો સ્પષ્ટ શબ્દોમાં મનાઈ ફરમાવી કે–

" ૬. જોડાક્ષરનો પહેલો અક્ષર અનુનાસિક હોય ત્યાં બધા શબ્દોમાં તેને બદલે અનુસ્વાર લખવો. " (એજન, પરિશિષ્ટ જ ૧)

સ્વ. કમળાશંકરભાઈ અને સ્વ. નરસિંહરાવ દિવેટિયા જો કે વિભાષામાં માનતા છતાં, પ્રાયઃ પોતાના લેખનમાં અનુસ્વાર જ પ્રયોજતા.

આ બધાને બરોબર લક્ષ્યમાં રાખી ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળે પ્રથમ સ્પષ્ટ વિકલ્પ સ્વીકાર્યો કે—

" ૧૩. તત્સમ શબ્દોમાં અનુસ્વારનો અને અનુનાસિકનો વિકલ્પ રાખવો. (જેમકે ' ગન્ધ ' ' ગંધ ', 'બન્ધુ' 'બંધુ', 'આનન્દ' 'આનંદ').

જોડણીકોશમાં:—

" ૮. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ."

–આવો નિયમ છે, છતાં તે જ ગ્રંથમાં અન્ય સ્થળે છપાયેલી સૂચનામાં એમ પ્રાપ્ત થાય છે કે–

" છાપવાની સગવડ ખાતર અને શબ્દોની સંખ્યા ન વધારવાના ઉદ્દેશથી અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિક વપરાય છે, તે વાપરીને જુદા શબ્દો આપેલા નથી. પણ જ્યાં જ્યાં અનુસ્વારને ઠેકાણે અનુનાસિક વાપરી શકાય ત્યાં ત્યાં તે વાપરવાની છૂટ છે; ઉદા૦ અંત–અન્ત, દંડ–દણ્ડ. "

આમ છતાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કાચા ખરડામાં " ૪. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ. " એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે; પણ મને લાગે છે કે આ જાતનું શાસન અનુસ્વાર (તીવ્ર) અને સાનુનાસિક ઉચ્ચારણ કિંવા અનુસ્વાર (કોમલ)નાં ભિન્ન ભિન્ન ચિહ્ન ન વાપરવા માટે હોય.

સંસ્કૃત તત્સમ શબ્દો સાથે આનો ખાસ સંબંધ હોવાથી સંસ્કૃત વ્યાકરણમાંની તેની સ્થિતિ અભ્યાસીઓને અહીં આપું તો ઉપયોગી થઇ પડશે.

સ્વ. નરસિંહરાવભાઇએ આ ઉચ્ચારણને તીવ્ર ગણ્યું છે. તેઓ જણાવે છે કે—

"(क) In *tatsama* as well as *tadbhava* words an internal *anuswara* after a short vowel is always तीव्र (hard); e. g. अंक, कुंड, निंदा, नंग, कुंडल; etc.

(ख) The *anuswara* after a long vowel in *tatsama* words is तीव्र (hard); e. g. कांत, पदांत, एकांत, नरेंद्र etc.

(These are generally written कान्त, नरेन्द्र, etc., in the form of a conjunct of a class nasal and the following consonant and so this is no case of *anuswara*.)"

(The Guj. Lang. & Lit., Vol. I, pp. 325)

[(क) તત્સમ તેમ જ તદ્‌ભવ શબ્દોમાં હ્રસ્વ સ્વર પછીનો અનુસ્વાર તીવ્ર છે. (ख) તત્સમ શબ્દોમાં દીર્ઘ સ્વર પછીનો અનુસ્વાર તીવ્ર છે. – જો કે कांत, नरेंद्र ને સ્થળે कान्त, नरेन्द्र એમ પાછળ આવેલા વર્ગીય અક્ષર પહેલાં તે તે વર્ગના અનુનાસિક રૂપે તે અનુસ્વાર લખાય છે, એટલે ત્યાં આ 'અનુસ્વાર'નો વિષય નથી રહેતો.]

ભાંગેલું અથવા તો જેને જૂની પરિભાષામાં " સાનુનાસિક ઉચ્ચારણ " કહેવામાં આવતું તેનાથી જુદું પાડવાને માટે સ્વ. ન ભો. દિવેટિયાએ ઉપર મુજબ પૂર્ણ ઉચ્ચારણને "અનુસ્વારનો તીવ્ર" ઉચ્ચાર કહ્યો છે; જો કે પ્રાચીન પરિભાષા જોતાં " અનુસ્વાર એટલે જે પોતે પૂર્ણ કિંવા તીવ્ર ઉચ્ચાર છે તે;" એટલે " આ અનુસ્વારને એ અનુસ્વારનો તીવ્ર ઉચ્ચાર છે " એમ કહેવાની જરૂર રહેતી નથી.

આ જ તીવ્ર ઉચ્ચારણના સંસ્કૃત વૈયાકરણોએ બે ભેદ આપેલા છેઃ (૧) ર, શ, ષ, સ અને હ પૂર્વે મકારના ઉચ્ચારણને મળતું

અને (૨) વર્ગીય વ્યંજનો તેમ જ રકારવર્જ્ય અંતઃસ્થ પૂર્વે અનુક્રમે તે તે વર્ગના અનુનાસિક વ્યંજન જેવું અને સાનુનાસિક ँय् ँव् ँल् જેવું. આમાંના બીજા પ્રકારમાં કોઇ પણ શબ્દને છેડે અનુસ્વાર આવતો હોય અને પછી બીજો શબ્દ વર્ગીય વ્યંજનથી અને ય–વ–લ–થી શરૂ થતો હોય તો મકાર જેવું ઉચ્ચારણ સામાન્ય રીતે થાય છે એવો પ્રાચીન વૈયાકરણોએ ઉલ્લેખ કર્યો છે. શુકલયજુઃપ્રાતિશાખ્યમાં મહર્ષિ કાત્યાયન જણાવે છે કે–'अनुस्वारं रोष्मसु मकारः (अ. ४–१), अन्तःस्थानामन्तःस्थास्वनुनासिकां परसंस्थानाम् (अ. ४–१०), स्पर्शे परपञ्चमम् (अ. ४–१२)–ર અને ઉષ્માક્ષર પૂર્વે મકારના અનુસ્વાર થાય છે. ર વર્જ્ય અંતઃસ્થ વ્યજનની પૂર્વે પછીના અંતઃસ્થના સમાન સ્થાનવાળો અનુનાસિક અંતઃસ્થ, એટલે ય પૂર્વે ँય્, વ પૂર્વે ँવ્ અને લ પૂર્વે ँલ્ થાય છે. સ્પર્શ વ્યજન પૂર્વે પછીના વ્યંજનના વર્ગનો પાંચમો થાય છે.

મહર્ષિ પાણિનિએ તો સ્પષ્ટ રીતે એમ જણાવ્યું છે કે, अनुस्वारस्य ययि परसवर्णः (अ. ८–४–५८), वा पदान्तस्य (अ. ८–४–५९)–અનુસ્વાર પછી અંતઃસ્થ અને સ્પર્શ વ્યંજનો આવે તો પછીના વર્ણના વર્ગનો અનુનાસિક વ્યંજન થાય. આ અનુસ્વાર જો પદ–વિભક્તિ તેમ જ કાળના પ્રત્યયો લાગી તૈયાર થયેલા રૂપ–અને અવ્યયને છેડે આવ્યો હોય અને તેના પછી ઉપર મુજબની સ્થિતિ હોય તો વિકલ્પે અનુસ્વાર તરીકે રહે." આમ મ. પાણિનિના સમયમાં લૌકિક ભાષામાં માત્ર પદાંત સ્થિતિમાં આ પ્રમાણે (પાણિનિના મતે અસિદ્ધ દશામાં) વિભાષા પ્રવર્તતી હતી, અપદાંતમાં નહિ.

પં. હેમચંદ્રસૂરિએ એમના સંસ્કૃત વ્યાકરણમાં–"म्नां धुड्वर्गेऽन्त्योऽपदान्ते (अ. १–३–३९) અને शिड्हेऽनुस्वारः (अ. १–२–४०)–મકાર અને નકાર જ્યારે પદને અંતે ન હોય ત્યારે તેના પછી જો વર્ગીય વ્યંજન અને 'ર' સિવાયનો અંતઃસ્થ આવે તો પરસવર્ણ થાય અને ઉષ્માક્ષર આવે તો અનુસ્વાર થાય" એવું વિધાન કરેલું છે; છતાં

પ્રાકૃત વિભાગમાં 'वर्गेऽन्त्यो वा (અ. ૮-૧૦-૩૦) એ સૂત્રથી અનુનાસિક વ્યંજનને સ્થળે અનુસ્વાર લખવાની વિભાષા સ્વીકારી છે.

જોડણીની એકવાક્યતા સાધવાને માટે ત્યારે આમાંથી કર્તવ્ય શું થાય છે? પરસવર્ણ કરવાની વ્યાકરણશુદ્ધ પદ્ધતિનો ત્યાગ તો થોડો જ થઇ શકે તેમ છે? જૂનાં લખાણોમાં ઝાઝે ભાગે અનુસ્વારનો પ્રચાર છે; માત્ર ગુપ્તકાલીન લિપિ અને કુટિલ લિપિમાં પરસવર્ણ પ્રાપ્ત થાય છે; નાગરી લિપિના શિલાલેખોમાં વિભાષા પ્રાપ્ત થાય છે અને જૂની ગુજરાતીના હસ્તલિખિત ગ્રંથોમાં પ્રાયઃ અનુસ્વાર જ જોવામાં આવે છે. બેશક સારલ્ય પણ અનુસ્વારમાં જ છે; ત્યારે આવા સંયોગોમાં માત્ર અનુસ્વારનો જ સ્વીકાર કરવો? આનાથી 'સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી' એ પ્રતિજ્ઞાનો ભંગ તો નથી થતો ને? અને માનો કે સર્વત્ર અનુસ્વાર સ્વીકારિયે તો સાનુનાસિક ઉચ્ચાર કિંવા અનુસ્વારના કહેવાતા કોમળ ઉચ્ચારને જોડણીમાં વ્યક્ત કેવી રીતે કરવો?

આ કોમળ ઉચ્ચાર એ અનુસ્વારનો નથી જ, કિંતુ એ તો એક ભિન્ન સ્વતંત્ર ઉચ્ચારણ જ છે. એ નવું પણ નથી, છેક ઋગ્વેદકાળ જેટલું જૂનું છે; અને તેની ખૂબી જ એ છે કે હ્રસ્વ સ્વરનું સાનુનાસિક ઉચ્ચારણ થાય છે ત્યારે તેની માત્રા તો એક જ રહે છે. મ. પાણિનિની અષ્ટાધ્યાયીમાં આ જાતનું વિધાન છે કે 'अणोऽप्रगृह्यस्यानुनासिकः (અ. ૮-૪-૫૭) જેની સંધિ ન થઇ શકે તેવા હ્રસ્વ અ, ઇ, ઉ જેને છેડે હોય તેવા શબ્દના એ અંત્ય સ્વર સાનુનાસિક ઉચ્ચારાય.' જેમકે एतं भरत तद्वशाँ (ઋગ્વેદ ૨-૨-૧૪-૨). પં. હેમચંદ્રસૂરિએ પણ સિદ્ધહેમમાં જણાવ્યું છે કે–'अइउवर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः (અ. ૧-૨-૪૧)–દ્વિવચનને છેડે આવેલા દીર્ઘ ઈ, ઊ સિવાયના અ, ઇ, ઉ અંતે અનુનાસિક થાય.' અને ખૂબી એ છે કે આ સાનુનાસિક સ્વર લઘુ જ રહે છે.

પ્રાકૃતમાં આ કોમળ ઉચ્ચારણની વિભાષા પ્રવર્તતી હતી.

'भिसो हि हिँ हिं (सि. हे. ८–३–७). અકાર પછી આવતા તૃતીયા બહુવચનના भिस् પ્રત્યયને સ્થાને કેવળ हि हिँ અને સાનુસ્વાર हिं થાય છે.' વળી 'जस्–शस् इँ–इंणयः स प्राग्दीर्घाः (सि. हे. ८–३–२६) નપુંસકલિંગના નામ પછી પ્રથમા બહુવચનના जस् અને દ્વિતીયા બહુવચનના शस् પ્રત્યયને સ્થળે સાનુનાસિક इँ, સાનુસ્વાર इं અને णि આદેશ થાય.' ઉદાહરણથી ખાત્રી થશે કે—

> ताल्ला जाअन्ति गुणा जाला दे सहिअएहिँ घेप्पन्ति ।
> रइकिरणाणुग्गहोआ–इँ होन्ति कमलाइँ कमलाइं ॥

[આમાં हिँ, इँ સ્પષ્ટ લઘુ જ ઉચ્ચારાય છે; ગુજરાતીમાં અત્યારે 'મઁડ્યો'માં અને હિંદી 'हँसना'માં જે ઉચ્ચારણ છે તે સરખાવો. છેલ્લા कमलाइंનું ઉચ્ચારણ સાનુસ્વાર છે એટલે इम् કરવો એમ પં. હેમચંદ્રસૂરિનો અભિપ્રાય જણાય છે.]

આ ઉપરાંત दहिँ, महुँ, (જુઓ સિ. હે. ૮–૩–૨૫) અને ताहँ, तुम्हाहँ, अम्हाहँ, सरिआहँ, कम्माहँ (જુઓ સિ. હે. ૮–૪–૩૦૦). આ ઉચ્ચારણની વ્યાપકતાની ચર્ચા સ્વ. ન. ભો. દિવેટિયાએ પણ કરી છે (જુઓ The Guj. Lang. & Lit. I, પૃ. ૩૧૬–૩૩.). સ્વ. દિવેટિયાએ જોકે ત્યાં આ ઉચ્ચારણને અનુસ્વારનો જ પ્રકાર માન્યો છે; તે રીતે આ ઉચ્ચારણના 'અનુસ્વારના કોમલ–કોમલતર–કોમલતમ' એવા ભેદ પાડી ચર્ચા કરી છે; પણ વસ્તુસ્થિતિએ એ અનુસ્વાર જ નથી, કિંતુ અત્યંત પ્રાચીનકાલથી ચાલ્યું આવતું સ્વતંત્ર ઉચ્ચારણ છે.

દી. બ. કેશવલાલ હ. ધ્રુવને આ ઉચ્ચારણનો ભેદ પ્રથમ જણાયેલો જ અને એ માટે જ એમણે એમની જોડણીમાં નીચે મુજબનો નિયમ બાંધ્યો જણાય છે:—

"11. The sharp nasal twang should be distinguished from the light nasalized sound; e. g., અંશ, આઁસ."

[સ્વ. ન. ભો. દિવેટિયા–'જોડણી'–પરિશિષ્ટ ક]

[કોમલ સાનુનાસિક ઉચ્ચારથી તીવ્ર અનુસ્વારના ઉચ્ચારનો ભેદ બતાવવો.]

એઓશ્રીએ એ નિયમો રચ્યા ત્યારે અનુસ્વાર માટે બિંદુ અને સાનુનાસિક કિંવા અનુસ્વારના કહેવાતા કોમલ ઉચ્ચાર માટે સબિંદુ અર્ધ-ચંદ્રાકાર સૂચવેલો; પરંતુ એમના 'પ્રાચીનગુર્જર કાવ્યસંગ્રહ'માં અનુસ્વાર માટે સબિંદુ રેખા ˆ અને સાનુનાસિક ઉચ્ચારણ માટે માત્ર ચાલુ બિંદુ જ પ્રયોજ્યું છે. સ્વ. પ્રિ. માધવલાલ ભાઇએ અનુનાસિકને માટે પોલા મીંડાની હિમાયત કરેલી. [જુઓ સ્વ. દ્વિવેટિયાની-" જોડણી " પરિશિષ્ટ ચ, પૃ. ૧૭.]

છતાં લેખનમાં અને મુદ્રણમાં અનુસ્વારને સ્થળે જો કોઇએ પોલું મીંડુ યોજવાની પહેલ કરી હોય તો તે પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે, અને આ બન્ને ભિન્ન ઉચ્ચારણોને સાર્વત્રિક રીતે અલગ બતાવવા માટે જુદાં ચિહ્નોની અત્યાવશ્યકતા માની હોય તો તે એક અખંડ રાષ્ટ્રલિપિની હિમાયત કરનારી હિંદી સાહિત્ય પરિષદ તરફથી નિમાયેલી " લિપિ સમિતિએ. " તેના તરફથી સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે કે—

[६] पूर्ण अनुस्वार के स्थान पर [°] लगाया जाय और चन्द्रबिन्दु की जगह केवल [˙] लगाया जाय । उक्त अनुस्वार के लिए वैज्ञानिक रूप से स्वरहीन ङ्, ञ्, ण्, न्, म् भी लिखे जा सकते हैं.

ગુજરાતીમાં તત્સમ શબ્દોના વિષયમાં તો સાનુનાસિક ઉચ્ચારણનો પ્રસંગ અનુસ્વાર પછી ય, વ, લ આવે છે ત્યારે જ સાનુનાસિક ઁય્, ઁવ્, ઁલ્ થતાં આવે છે, જેવાં કે સંય્યોગ, સંલ્લાપ, સંવ્વાદ વગેરે. બાકીનો વિષય તદ્ભવ શબ્દોને માટે છે. એટલે તત્સમ શબ્દોના સંબંધમાં સાર્વત્રિક એકવાક્યતા લાવવાને માટે આ પ્રમાણે નિયમનું હોવું જોઇયે:—

૪ (अ). જ્યાં અનુસ્વારના તીવ્ર ઉચ્ચાર જેવું ઉચ્ચારણ હોય તેવા શબ્દોમાં વર્ગીય કોઈ પણ વ્યંજન પૂર્વે વર્ગીય અનુનાસિક વ્યંજન લખવાની સંસ્કૃત વૈયાકરણો-

એ સ્વીકારેલી પદ્ધતિ સ્વીકારવી. ઉદા૦ કઙ્કણ, ચઞ્ચલ, કણ્ઠ, દન્ત, સમ્બન્ધ, જઙ્ગ, તુન્દ, તન્દુરસ્તી, તમ્બૂ વગેરે. વિકલ્પ સ્વીકારવો હોય તો અનુસ્વાર લખવો, અને ત્યાં અનુસ્વારનું ચિહ્ન ° પોલું મીંડું સ્વીકારવું. સ°બ°ધ, નિબ°ધ વગેરે.

(આ). તે જ સંયોગોમાં ય, વ, લ હોય તો તે પૂર્વે સાનુનાસિક ય્, વ્, લ્ કરવા એટલે આગલા સ્વર ઉપર સાનુનાસિક ઉચ્ચારણ બતાવનાર ગુજરાતીમાં સર્વમાન્ય બિંદુ સ્વીકારવું, અને ય્, વ્, લ્, એવડા લખવા. ઉદા૦ સંય્યોગ, સંવ્વત, સંલ્લાપ વગેરે. વિકલ્પ સ્વીકારવો હોય ત્યારે ઉપર મુજબ સ°યોગ, સ°વત, સ°લાપ.

(ઇ) તે જ સંયોગોમાં ર, શ, ષ, સ, હ આવે તો તીવ્ર ઉચ્ચાર દર્શાવવા પોલું મીંડું સ્વીકારવું. ઉદા૦ સ°રમ્ભ, સ°શય, સ°શરણ, સિ°હ વગેરે.

દરેક છાપખાનામાં ભૂમિતિ વગેરેનું છાપકામ કરવાને માટે બીબાં હોય છે, ત્યાં ત્યાં અંશ કિંવા ડિગ્રીના ચિહ્ન તરીકે જે ° ચિહ્નવાળું બીબું હોય છે તે અનુસ્વારને માટે પ્રયોજી શકાશે. મેં મારા કેટલાય ગ્રંથોમાં અનુસ્વારને માટે ડિગ્રીના ચિહ્નનો ઉપયોગ કર્યો છે. બીબાં ગોઠવનારાઓને પણ તેનાથી સમયનો વ્યય નથી; એટલે એને જ અપનાવી લેવું જોઇયે. અને એ સાર્વત્રિક ન બને ત્યાંસુધી ચાલુ બિંદુ પ્રયોજાય તે નિભાવી લેવાનું રહ્યું. સાર્વત્રિક રાષ્ટ્રલિપિ એક થતાં આ નવું ચિહ્ન સર્વસુલભ થઇ પડશે; અને તે પછી સર્વજન-સાધારણ પણ ટેવાઇ જશે.

વિદેશીય ઉચ્ચારણોની ઝિણવટ

વાચનમાળા રિવિઝન કમિટીએ ફારસી અને અરબી શબ્દોના વિષયમાં એક વિચિત્ર જાતનું વલણ બતાવ્યું છે. ત્યાંનો નિયમ એ છે કે—

" ૩. સંસ્કૃત, ઇંગ્રેજી કે બીજી પરભાષાના જે શબ્દોમાં કે તેમના કોઈપણ ભાગમાં જરાપણ ફેરફાર થયો હોય, તેવા બધા શબ્દોને અસલ શબ્દો ઉપરથી અપભ્રષ્ટ થયલા ગુજરાતી શબ્દો ગણવા.

ફારસી અને અરબી શબ્દોના ઉચ્ચારો ગુજરાતીમાં અસલ પ્રમાણે શુદ્ધ હોય કે તેમાં ફેરફાર થયેલો હોય, તો પણ તેમને અપભ્રષ્ટ ગુજરાતી શબ્દો ગણવા. આ પ્રમાણે વરસ, શુકન, ઇન્સાફ, માગશર, મારચ, ખેતર, ઇશાક, કોન્ટ્રાક્ટર, અંગ્રેજ, વગેરે શબ્દોને ગુજરાતી અથવા અપભ્રષ્ટ ગણવા."

[સ્વ. ન. ભો. દિવેટિયા–'જોડણી', પરિશિષ્ટ જ ૧]

આ નિયમનો અર્થ તો એવો જ થાય છે કે ફારસી અને અરબી શબ્દોમાં જરા જેટલો ફેર થતો હોય કે ઉચ્ચારણ એનું એ હોય છતાં પણ તે તદ્ભવ બની રહે; એ અપભ્રષ્ટ ગણાય. પરંતુ આ આવું વિધાન સર્વસ્વીકૃત બન્યું નથી, અને તેથી જ ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળનો "વિદેશીય શબ્દ ગુજરાતી ભાષામાં કઢંગું ન દેખાય તેમ મૂળને અનુસરતા લખવા;" એ ૪થો નિયમ વધુ બંધબેસતો થઈ પડે છે. આ રીતે તે શબ્દોની તત્સમતા નષ્ટ નથી થતી, અને તેમ છતાં ગુજરાતી ભાષામાં શક્ય એવાં ઉચ્ચારણોને અનુરૂપ તેની જોડણી આવી રહે છે. આનો ખુલાસો જોડણીકારે ઘણી ઉત્તમ રીતે આપ્યો છે કે—

" ૩. જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લેતા હોય તેમને અકારાંત ગણીને લખવા.

આ નિયમ અંગ્રેજી, ફારસી, અરબી વગેરે ભાષાના શબ્દોને પણ લાગુ પડે છે."

આ નિયમ અંતમાં અકાર ઉમેરાય છતાં તે તે ભાષાના શબ્દોની તત્સમતા અબાધિત રાખવા તરફનું વલણ બતાવે છે, આવી જ સ્થિતિ ફારસી–અરબી શબ્દોમાં કેટલાય શબ્દોમાં વચ્ચે આવતા વ્યંજનની પણ છે કે જેમાં લઘુપ્રયત્ન અકાર 'રણમલ્લ છંદ' અને 'કાન્હડદેપ્રબંધ'ના સમયથી ઉમેરાયેલો પ્રાપ્ત છે. એને આપણે અપભ્રષ્ટ કહી શકિયે તેમ નથી, કેમકે લઘુપ્રયત્ન અકાર જે ઉમેરાય છે

તેનાથી તેના ઉચ્ચારણને બાધ નથી આવતો અને લખાણ જરાયે કઢંગું થઈ નથી પડતું. અને તેથી જ તત્સમ શબ્દોની શુદ્ધિવિષયક ઉપર આપેલા બીજા નિયમની નીચેની અનુપૂર્તિ આવશ્યક થઇ પડે છેઃ

૨ (અ). આવા કેટલાય શબ્દોમાં મધ્યે લઘુપ્રયત્ન અકાર જેવો ઉચ્ચાર હોય ત્યાં તે શબ્દોમાં વ્યંજન ખોડો ન લખતાં અકાર ઉમેરી જોડણી કરવી. ઉદા૦ અકબર, અખબાર, અફલાતૂન, અબલક, અરજી, અશરફી, આબકારી, આબરૂ, કસરત, કારકુન, કુદરત, ખુશામો, ખિદમત, ગિરદી, ચકમક, ચરબી, જાનવર, તકરાર, પરહેજ, ફારસી, બાદશાહ, બિલકુલ, દૂરબીન વગેરે.

સૈકાંઓ થયાં ફારસી–અરબી શબ્દો ગુજરાતીમાં ભળી ગયા છે અને તે તે ભાષાનાં ગુજરાતી બોલીને અપરિચિત એવાં ઉચ્ચારણોનો ત્યાગ કરી તે તે ઉચ્ચારણને નિકટનાં ગુજરાતી બોલીનાં ઉચ્ચારણને અધીન બની ગયા છે; એટલે તેવા શબ્દોની તત્સમતા અબાધિત રાખવા તે તે ભાષાનાં વિશિષ્ટ ઉચ્ચારણ દર્શાવવા નવા સંકેતો ઉપજાવવાની આવશ્યકતા રહેતી નથી.

અંગ્રેજી ભાષાના તત્સમ શબ્દોને ગુજરાતી બોલીમાં સ્થાન હવે મળી ગયું છે અને કેટલાય શબ્દો સારી રીતે સ્થાન પામી ચૂક્યા છે, એને માટે પણ ખાસ નવા નિયમોની આવશ્યકતા રહેતી નથી; આમ છતાં ગુજરાતી ભાષાને પરિચિત એવાં અંગ્રેજી ભાષાનાં ઉચ્ચારણો બતાવવામાં સાવચેતી રાખવી આવશ્યક થઈ પડે છે. એ રીતે ઉપરના બીજા નિયમની તે ભાષાને લગતી નીચેની અનુપૂર્તિ આવશ્યક થઇ પડે છે :

૨ (આ) અંગ્રેજી ભાષાના શબ્દોમાંનાં બે ઉચ્ચારણો વિવૃત એ–ઓ અને જ–ઝથી અતિરિક્ત અંગ્રેજી Z ઝેડ જેવું ઉચ્ચારણ ગુજરાતી ભાષાભાષીઓને પરિચિત હોવાથી

વિવૃત ઍ–ઑ ઊંધી માત્રાથી પ્રદર્શિત કરવા અને Z ઝેડ જેવું ઉચ્ચારણ ‘જ઼’ નુકતાસહિત લખી પ્રદર્શિત કરવું. ઉદા૦ ડૉક્ટર, કૉલેજ, ઍક્ટ, બૅટ, હૉલૅન્ડ, સિવિજ઼ન, સિરીજ઼, વિઝ઼િટ વગેરે.

છાપવામાં નુકતાવાળા ‘જ઼’ની જરા મુશ્કેલી છે; પરંતુ પારસી ભાઇઓ નુકતાવાળા ‘જ઼’થી કાર્ય ચલાવે છે. જોડણીની એકવાક્યતા સાધવા આવા શબ્દોમાં ‘ઝ’થી ચલાવી લેવામાં આવે છે તે સ્થળે નુક્તાવાળો ‘જ઼’ સ્વીકારાય, તે આવશ્યક છે; એમ ન કરવું હોય તો ‘ઝ’થી ભેદ બતાવવા વચ્ચે ટપકાવાળો ‘ઝ’ કેટલાંક છાપખાનાંઓમાં હોય છે, તેને સાર્વત્રિક બનાવી લેવો જોઇયે. આ ઉચ્ચારણ ગુજરાતી શિષ્ટ શબ્દોમાં જ્યાં જ્યાં જ છે ત્યાં ત્યાં ગ્રામવિભાગોમાં Zના જેવું જ પ્રચલિત છે; એથી જ ગુજરાતી લિપિમાં એના સ્વતંત્ર સંકેતની જરૂર છે.

અંગ્રેજી ભાષાના શબ્દોમાંના ગુજરાતીમાં સ્વીકૃત તત્સમ શબ્દોમાં નકારના વિષયમાં સાવચેતીની આવશ્યકતા છે. અત્યારે એ વિષયમાં બહુ જ અવ્યવસ્થા પ્રચલિત છે. એ વિષયમાં ૪થા અનુસ્વાર–અનુનાસિક વિષયની અનુપૂર્તિ તરીકે એક નિયમ નીચે સૂચવું છું :—

૪ (૬). અંગ્રેજી શબ્દોમાં ‘ મ ’ અને ‘ન’ સ્પષ્ટ ઉચ્ચરિત થતા હોય ત્યાં તે અર્ધા મ્–ન્ રૂપે લખવા, અનુસ્વાર તરીકે નહિ જ; ઉદા૦ પેન્સિલ, સમન્સ, કૉન્ટ્રૅક્ટર, સુપરિન્ટેન્ડન્ટ; ઇમ્પીરિયલ વગેરે.

—માત્ર ing–ઇંગ અંતવાળા શબ્દોમાં સામાન્ય રીતે **સાનુનાસિક દીર્ઘ ઈ ઉચ્ચારાય છે તેવે સ્થળે સાનુનાસિક દીર્ઘ ઈં બિંદુ સાથે લખવી. ઉદા૦ બ્લૉટીંગ, બિલ્ડીંગ, પ્રિન્ટીંગ, ડ્રેસીંગ વગેરે.**

તત્સમ સંસ્કૃત શબ્દોમાં ળ

જોકે છેલ્લા સૈકા સુધીનાં હસ્તલિખિત પુસ્તકોમાં લેખનમાં અત્યારે સ્પષ્ટ ઉચ્ચરિત થતો જિહ્વામૂલીય 'ળ' ક્યાંય ખાસ પ્રાપ્ત થતો નથી; આમ છતાં જોડણીના નિયમોના આરંભથી જ એ સર્વ-વ્યાપી 'ળ' ને લેખનમાં અને મુદ્રણમાં સ્થાન મળી ચૂક્યું છે. એ ઉચ્ચારણ અતિ જૂનું છે અને ઋગ્વેદમાં ळ એ એક માત્ર શબ્દમાં સારી રીતે વ્યાપક છે. લકારને સ્થળે બોલીમાં 'ળ' થવા માત્રથી એને તત્સમ શબ્દોમાંથી ભ્રષ્ટ કરી નાખવાની જરૂર નથી. એ જ પ્રમાણે મૂર્ધન્યતર ડ–ઢ ની સ્થિતિ છે. ઋગ્વેદમાં તે ळ–ळ्ह થી જ બતાવાતો; છતાં પ્રતિશાખ્યોમાં સૂચવાયા મુજબ એનું ઉચ્ચારણ અર્ધતાલવ્ય અથવા તો સ્વ. નરસિંહરાવ દિવેટિયાએ જેને મૂર્ધન્યતર કહ્યું છે તે છે; અને બે સ્વરોના મધ્યમાં આવેલા 'ડ–ઢ' ને એવા ઉચ્ચારણને અધીન થવું પડે છે. દી. બ. કેશવલાલ હ. ધ્રુવે પ્રથમ જોડણીમાં આ વિશે વિશિષ્ટ સંકેતની જરૂર બતાવેલીઃ

" 13. The double pronunciaton of ડ and ઢ should be noticed. "

[સ્વ. ન. ભો. દિવેટિયા. 'જોડણી'-પરિશિષ્ટ ख]

[ડ અને ઢ ના બન્ને ઉચ્ચાર જુદા ચિહ્નથી વ્યક્ત કરવા.]

એના વિષયમાં અત્યારે ગુજરાતીમાં પ્રાંતીયતા છે, પણ તે તદ્દભવ શબ્દોના વિષયમાં છે; એટલે સંસ્કૃત તત્સમ શબ્દોમાં અવિચ્છિન્ન રીતે ઉચ્ચારાતાં એ ઉચ્ચારણો જેમ હિંદીમાં બતાવાય છે તેવી રીતે દી. બ. કેશવલાલ હ. ધ્રુવના બતાવ્યા પ્રમાણે નુક્તાવાળા ડ઼–ઢ઼ થી બતાવાય એ ઇષ્ટ છે. એ સ્થળે નીચેના નિયમ માર્ગદર્શક થઇ પડશેઃ

૫ (अ). સંસ્કૃત શબ્દો ગુજરાતીમાં વપરાતાં કેટલાક શબ્દોમાં લ ને ળ બંને ઉચ્ચરતિ છે, તેવા શબ્દોમાં વિકલ્પ સ્વીકારવો. ઉદા૦ ફલ–ફળ, મલ,–મળ, દયાલુ–

દયાળુ, કૃપાલુ-કૃપાળુ, માયાળુ, જલ-જળ, ખલ-ખળ, બલ-બળ વગેરે.

(આ) સંસ્કૃત તત્સમ શબ્દોમાં જ્યાં જ્યાં મૂર્ધન્યતર ઉચ્ચારણ સ્પષ્ટ હોય ત્યાં ત્યાં તે નુકતાવાળા ડ઼-ઢ઼ થી બતાવવાં. ઉદા૦ પીડ઼ા, દૃઢ઼, મૂઢ઼ વગેરે.

મૂર્ધન્યતર ડ઼-ઢ઼ ના સંબંધમાં ખાસ નિયમો પ્રવર્તે છે તે વિશે જાણવાની ઇચ્છાવાળાએ ૧૯૩૦ ના 'બુદ્ધિપ્રકાશ' ના સપ્ટેમ્બરના અંકમાં મારા તરફથી અપાયેલો 'મૂર્ધન્યતર ડ઼-ઢ઼ અને જિહ્વામૂલીય ળ' નામનો લેખ અવધારણ કરવો ઉપયોગી થઈ પડશે.

તત્સમ શબ્દોની જોડણીને એકધારી કરવાને માટે ઉપર મુજબ કરી લેવાથી ઘણું સૌકર્ય પ્રાપ્ત થશે.

તત્સમેતર શબ્દોની શુદ્ધિ : સ્વરો

જ્યારથી ગુજરાતી ભાષાની જોડણીને એકધારી કરવાના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે ત્યારથી માંડીને અત્યાર સુધીમાં વિદ્વાનોને જો કોઈ પણ પ્રશ્ન સારી રીતે હેરાન કરી રહ્યો હોય તો તે તત્સમેતર શબ્દોમાંના ઈ-ઉ ના પ્રશ્ન. ઍ-ઑ અને વિવૃત એ-ઓ નો પ્રશ્ન એટલો મૂંઝવનારો નથી, કેમકે એમાં એટલી ઝિણવટ નથી; તેમ જ વિવૃત એ-ઓ નો પ્રશ્ન મોટે ભાગે પ્રાંતીય હોતાં એકદેશી જેવો છે. ઈ-ઉ ની મુશ્કેલીનો પ્રશ્ન ગુજરાતી ભાષાના આરંભથી જ છે. દરેક વખતે લહિયો વિદ્વાન નથી હોતો, તેથી કરીને એકનો એક શબ્દ એક ઠેકાણે અમુક સ્વરૂપમાં સ્વરને સાંચવતો હોય ત્યારે બીજે જ સ્થળે બીજા સ્વરૂપમાં એ જ સ્વરને સાંચવતો હોય. કેટલીક વાર આ જાતની છૂટ ગ્રંથકર્તાએ પણ લીધી છે; અને શ્રી. મધુસૂદન મોદી જણાવે છે તે પ્રમાણે—

"(ખ) કેટલીકવાર અપભ્રંશમાં દીર્ઘસ્વરનું હ્રસ્વીકરણ માત્રામેળ ખાતર કે કોઇ અજ્ઞાત ઉચ્ચારપરંપરાને અનુસરીને પણ કરવામાં આવ્યું હોય છે."

(અપભ્રંશ પાઠાવલીમાં અપ. વ્યાક પૃ. ૨૯)

આ ઉચ્ચારપરંપરાના ભેદને લીધે જ એકના એક શબ્દની ભિન્ન ભિન્ન સ્થળે ભિન્ન ભિન્ન રીતે જોડણી મળે છે. અપભ્રંશનું વ્યાકરણ જ્યારે બંધાયું ત્યારે તે પૂર્વેનાં બધાં સ્વરૂપોને નિયમબદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને પ્રાયઃ સર્વ વિકલ્પોને સ્થાન આપવામાં આવ્યું; પણ પછી છેક છેલ્લી સદી સુધી એવો કોઈ શિષ્ટ પ્રયત્ન ન થવાને કારણે મધ્યકાળમાં અરાજકતા અથવા શિષ્ટ શબ્દોમાં કહિયે તો વિકલ્પસ્થિતિ પ્રવર્તા કરી. છેલ્લા સૈકામાં ગુજરાતી ભાષાના સ્વરૂપને વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ પ્રયત્ન કરનારાઓ પાસે તુલનાત્મક અભ્યાસને માટે અત્યારે જેટલી સામગ્રી મળે છે તેટલી ન હોવાને કારણે અમુક વાગ્વિષયક નિયમોને અનુસરીને ચાલ્યાં આવતાં રૂપો અને અણઘડ લહિયાઓને હાથે ઘૂસી ગયેલાં રૂપોનો વિવેક સમઝવામાં ન આવ્યો, અને તેને કારણે કેટલાંયે સ્થળે એવાં રહી ગયાં કે જ્યાં કૃત્રિમ નિયમનો લદાઈ ગયાં; અને તેને જ પરિણામે સ્વ. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી જેવાએ નીચેના નિયમ જેવા નિયમોની હિમાયત કરી કે—

"(ઙ) લૌકિક લિપિને આધારે ગુજરાતી શબ્દોમાં ઈ હમેશ દીર્ઘ કરવી અને ઉ હમેશાં હ્રસ્વ કરવું. આ નિયમમાં વ્યગ્રતા ન આવે માટે દીર્ઘ ઊ સમેત કરી લખાતા રૂ ને પણ રુ લખવું."

[સ્વ. ન. ભો. દિવેટિયા–'જોડણી'–પરિશિષ્ટ ग]

આ પૂર્વે શ્રી. નવલરામભાઇએ બુકકમિટીના નિયમોમાં સુધારો કરી એવો સુધારો સૂચવેલો કેઃ—

" ૭ નાન્યતર જાતિના પ્રત્યયમાં ઉકાર હ્રસ્વ છે.
(ઉં પ્રત્યયમાં ઉપર બધે ઠેકાણે હ્રસ્વ જ છે.)

૮ શબ્દના છેડાનો ઈકાર દીર્ઘ અને ઉકાર હ્રસ્વ લખવો; પણ એકાક્ષરી શબ્દમાંનો ઉકાર દીર્ઘ લખાય છે.

૯ શબ્દને છેડે નહિ આવ્યા હોય એવો ઇકાર કે ઉકાર લખવાનો નિયમ એ છે કે જો તેની પછી લઘુ અક્ષર આવે તો દીર્ઘ, અને ગુરુ અક્ષર આવે તો લઘુ લખવા; પણ બે અક્ષરના શબ્દમાં પછીનો અક્ષર ગુરુ હોય તો પણ એ ઘણું કરીને દીર્ઘ જ લખાય છે.

૧૦ મૂળ શબ્દ ઉપર પ્રત્યય અથવા સામાસિક શબ્દ આવેથી તેની મૂળ જોડણીમાં કોઈ નિયમને અનુસરી ફેર પડવા દેવો નહિ; પણ ઇકારાંત શબ્દની પછી સ્વર પ્રત્યય આવે તો હ્રસ્વ કરીને જોડેના સ્વરમાં ય ઉમેરાઈ શકે."

(એજન. પરિશિષ્ટ ક)

[ઉપરના ૮ મા નિયમમાં કાળા અક્ષરો મારા તરફથી છે; મૂળ લેખકે ચાલુ અક્ષરો જ આપ્યા છે. કાળા અક્ષરો આપવાનું પ્રયોજન સ્પષ્ટ જણાશે કે ઇ એટલા દીર્ઘ અને ઉ એટલા હ્રસ્વ કરવા જતાં સ્વ. નવલરામભાઈ જેવાને પણ ભાષામાં પ્રવર્તતી સાચી સ્થિતિ તરફ સાચું લક્ષ્ય આપવું પડયું છે. એ જ પ્રમાણે ૯મા નિયમમાં બે અક્ષરવાળા શબ્દોમાં પૂર્વ સ્વર, પછીનો સ્વર દીર્ઘ હોવા છતાંયે, દીર્ઘ લખાય છે એમ સ્વીકારવું પડયું છે. આની પાછળ કુદરતી વાગ્વિષયક કોઇ નિયમનો કામ કરી રહ્યાં છે એવું સ્વર્ગસ્થે સ્વીકારેલા આ અપવાદોથી પકડી શકાશે. અમારે જોડણીને નિયમિત કરવામાં વપરાતા અકુદરતી નિયમો સામે આ માટે જ જેહાદ પોકારવી પડી છે.]

અપભ્રંશમાં મોટે ભાગે ઇકાર-ઉકાર હ્રસ્વ જ પ્રાપ્ત થાય છે. બેશક મૂળ શબ્દોમાં જ્યાં દીર્ઘ ઇ-ઉ પડયા હોય અને અપભ્રંશની વિશિષ્ટ લાક્ષણિકતાનાં તત્ત્વને હાનિકર ન હોય તો તે દીર્ઘ પડયા રહે છે ખરા; જો એને એ લાક્ષણિકતાની અસર નીચે આવવાનું હોય છે, તો હ્રસ્વ બની જવું પડે છેઃ—

" किण्णेर–महुरुग्गीअ–मणोहरु
देक्खावहि महु पिअअम महि–हरु ॥ १२ ॥"

(અપભ્રંશ પાઠાવલી, પૃ. ૧૪૬)

આમાં मधुरोद्गीत ઉપરથી આવેલો महुरुग्गीअ ઉપરની બંને બાબતોને સાચવી લે છે. गीत શબ્દનો જૂનો દીર્ઘ ई, गीअमां પણ ચાલુ રહ્યો છે, ત્યારે मधुरोद्गीतमां સંધિ થયેલા ओने અપભ્રંશની

લાક્ષણિકતાએ હ્રસ્વ ઉકારના સ્વરૂપમાં આવી જવું પડે છે. :महीश्वर: પરથી આવેલા महि-अहમાં અપભ્રંશની લાક્ષણિકતાએ જ ઇકાર હ્રસ્વ થઈ ગયો છે.

અને અપભ્રંશની લાક્ષણિકતાને વટાવીને કેટલેક સ્થળે હ્રસ્વ ઇ દીર્ઘ થઈ જાય છે; જેવાં કેઃ—

"सम–रस जाई तक्खणे" (એજન પૃ. ૧૫૦)

આમાં याति પરથી जाइ ને બદલે છંદ जाई માગી લે છે.

મધ્યકાલીન ગુજરાતીની બીજી ભૂમિકામાંથી શરૂ થતો करइ ને બદલે करि એ વગેરે પ્રકાર અતિ જાણીતો છે. આ ઇકાર હ્રસ્વ જ છે; આમ છતાં દીર્ઘ તરીકે ભાલણની કાદંબરીમાં કેટલેક ઠેકાણે આવે છે. એનું દીર્ઘાંત જૂનું સ્વરૂપ અપભ્રંશ કાળમાં પણ કોઈ કોઈ વાર મળી આવે છેઃ—

"घरहिं बइसी दीवा जाली कोणेहिं बइसी घडा चाली ।"

(એજન પૃ. ૧૫૧)

આમાં ज्वालयति–પ્રા. जालेइ અપ. जालइ પરથી जालि થઈ जाली. એ જ પ્રમાણે चाली.

છતાં કેટલાક આવશ્યક વિકલ્પોથી અપભ્રંશનું નિયત સ્વરૂપ લગભગ બંધાઈ ચૂકેલું પ્રાપ્ત થાય છે જ. એ પછી મધ્યકાલીન ગુજરાતીની ભૂમિકાઓમાં પણ જો શિષ્ટ લહિયાઓને હાથે નકલ થયેલી હોય છે તો પ્રાયઃ આખા ગ્રંથમાં સરતચૂકથી અન્યથા ન થયું હોય તો એક સરખી રીતે ઇ–ઉ સાચવતાં રૂપો મળી આવે છે. આમાં પણ વાગ્વિષયક નિયમો એક સરખું કામ કરતા હોય છે. આ વસ્તુ તદ્દન વ્યુત્પત્તિને લગતો હોઈ તેને જ પ્રધાન રાખી અહીં ચર્ચા કરતાં વધુ લંબાણ થઈ જવાનો ભય રહે છે; એટલે આટલુંજ દિશાસૂચન કરી મુશ્કેલીભરેલાં સ્થાનોએ આવશ્યક વિકલ્પોથી નિયમન લાવવું શક્ય છે એ બતાવી પ્રકૃત વિષય પર આગળ વધું છું.

અર્વાચીન ગુજરાતી ભાષાના સ્વરૂપબંધનમાં ઇ–ઉ ના હ્રસ્વ–દીર્ઘ હોવાપણાનો આધાર મુખ્યત્વે **સ્વરભાર** ઉપર જ છે. વ્યુત્પત્તિ ઉચ્ચાર કે શાસ્ત્ર એ કોઈ અલગ વસ્તુ નથી એ આ પૂર્વે મારા તરફથી બતાવવામાં આવ્યું જ છે; એટલે ઉચ્ચારણના અંગરૂપે રહેલો આ સ્વરભાર કોઈ બહારની વસ્તુ નથી. આ સ્વરભાર તરફ શ્રી. નરસિંહરાવભાઇનું ધ્યાન વર્ષો પહેલાં ખેંચાયેલું હતું. એમણે એમના ' જોડણી ' એ નિબંધમાં આ વસ્તુનો સારો ખ્યાલ આપ્યો છે. તેમણે ત્યાં બતાવ્યું છે કેઃ—

" Accent (સ્વર) ખરું જોતાં ગુજરાતીમાં લુપ્ત થઇ ગયા જેવો જ છે. પરંતુ છેક જ નાબુદ થયો નથી. વૈદિક સંસ્કૃતમાં સ્વર હતા તે લૌકિક સંસ્કૃતમાં લુપ્ત થયા. પરંતુ ગુજરાતીમાં શબ્દોનાં બંધારણ બનાવવામાં ગૂઢ રીતે પ્રવર્તતું તત્ત્વ એ accent છે. તે હાવે ઠેકાણે સૂક્ષ્મરૂપે કાંઈક દેખા દે છે. અને હેનો ઉપયોગ આમ જોડણીના નિયામક બળ તરીકે કરવાનો છે."

('જોડણી'–પૃ. ૭૪)

વડોદરામાં ઇ. સ. ૧૯૧૨ માં ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદની બેઠક થઈ તે પૂર્વે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી એક પ્રશ્નાવલી જોડણીના વિષયમાં અન્યાન્ય વિદ્વાનોને મોકલવામાં આવી હતી. જે જવાબો આવેલા તે ઉપરથી દી. બ. કેશવલાલ હ. ધ્રુવ, સ્વ. નરસિંહરાવભાઈ, સ્વ. સર રમણભાઈ, દી. બ. કૃષ્ણલાલભાઈ અને ડૉ. આચાર્યશ્રી આનંદશંકરભાઇની મળેલી કમિટીએ એક નિયમાવલી તૈયાર કરી બેઠક સમક્ષ રજૂ કરી હતી. ઇ–ઉકાર સંબંધમાંના તેમના નિયમો બહુ સ્વાભાવિક હોવાથી અને સ્વરભારના અતિ નૈસર્ગિક તત્ત્વને સાંચવતા હોવાથી અહીં ઉતારું છુંઃ—

"(૫) એક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં ઇ, ઊ દીર્ઘ કરવા. (ઉદા૦ ઘી, જૂ, લૂ.)

(૬) બહુ સ્વરવાળા તદ્ભવ શબ્દોની જોડણી કરવામાં શિષ્ટ ઉચ્ચાર ઉપર, અને જ્યાં વ્યુત્પત્તિનો આધાર મળી શકતો હોય ત્યાં વિશેષે કરીને વ્યુત્પત્તિ ઉપર, ધ્યાન રાખવું. (ઉદા૦ દૂધ, શીખવું, ઊડવું, ઊઠવું, નીવડવું.)

(૭) પ્રાથમિક તદ્દભવ શબ્દો ઉપરથી ઘડાતા શબ્દમાં પ્રાથમિક શબ્દની જોડણી રાખવી. (દૂધ, દૂધાળી; ભૂલ, ભૂલામણી; શીખવાડવું; ઊડાવવું; ઊઠાવવું.)

(૮) બહુ સ્વરવાળા ઈકારાન્ત, ઊકારાન્ત શબ્દોમાં મૂળ શબ્દોને પ્રત્યય લગાડતાં ઉચ્ચારમાં વિકાર થતો હોય તો તે પ્રમાણે, અગર મૂળ શબ્દની જોડણી કાયમ રાખીને–એમ બે રીતે જોડણી થઇ શકે; પરંતુ જોડણી એકધારી રાખવા માટે, અમે મૂળ શબ્દનું સ્વરૂપ કાયમ રાખીને જોડણી કરવાની ભલામણ કરીએ છીએ. (ઉદા૦ નદી + ઓ = નદીઓ, નદિયો: જૂ (જોવું ધાતુનો આદેશ) + ઓ = જૂઓ, જુવો. પરંતુ જોડણી એકધારી રાખવા સારૂ નદીઓ, જૂઓ ઇત્યાદિ રૂપો સ્વીકારવાં ઠીક છે.)"

(ચોથી ગુજ. સા. પરિ. હેવાલ, પૃ. ૨૦–૨૧)

આ વિદ્વાનોના નક્કી કરેલા આ નિયમોમાં સ્વરભારનું તત્ત્વ કેટલું સ્વીકૃત છે એ સમજી શકાય તેવું છે. એકસ્વરવાળા શબ્દોમાં ઇ–ઉ ની દીર્ઘતા, તેમ જ બાકીના નિયમોમાં પણ ઈ–ઉકારની એક સરખી સ્થિતિ, આ ' તત્ત્વ 'ની પાછળ ' સ્વરભાર 'જ નિયામક છે. વસ્તુસ્થિતિએ ગુજરાતી ભાષાની સ્વરૂપરચનામાં ઇકાર અને ઉકારની એક સરખી જ સ્થિતિ છે. આવી જ્યાં પરિસ્થિતિ છે ત્યાં ' ઈ એટલા દીર્ઘ અને ઉ એટલા હ્રસ્વ " એવો બેહૂદો નિયમ આગળ કરવામાં આવે તો એમાં નૈસર્ગિકતા પર અવલંબી રહેલા ભાષાતત્ત્વની કુરબાની થઈ જાય છે એ વિજ્ઞો તરત જ સમજી શકે તેવી વાત છે.

પરંતુ બુકકમિટીથી માંડી છેક જોડણીકોશની નિયમાવલી સુધીની લગભગ બધી નિયમાવલીઓમાં ઈકારને અંત્યદશામાં–એ આનુનાસિક હોય કે નિરનુનાસિક હોય–ઉભયવિધ દશામાં–દીર્ઘ સ્વીકારવામાં આવેલ છે; પરંતુ ઉકારના શા ભોગ લાગ્યા છે કે એક-સ્વરવાળા શબ્દો સિવાયના બાકીના બધા સંયોગોમાં સાનુનાસિક કે નિરનુનાસિક ઉકારને હ્રસ્વ સ્વીકારવામાં આવ્યો છે. સ્વરભારની દૃષ્ટિએ ઈ–ઉની એક સરખી દશા છે; આમ છતાં ઉપર મુજબ બંનેને માટે વિભિન્ન સ્થિતિ સ્વીકારવી એ ઉચ્ચારણના નૈસર્ગિક

તત્ત્વને હોમી દેવા બરાબર છે એવું સાચા અને નિષ્પક્ષપાત વિચારક-ને તો જરૂર થયા વિના ન રહે. આ નિયમનો વિરોધ મારી પહેલાં આજ દિવસ સુધીમાં જો કોઇએ કર્યો હોય તો તે ઇ. સ. ૧૮૯૩-૯૪ ના સુમારમાં થયેલા કલાભવનના ચાલુ જોડણીના નિયમોમાં. એમાંનો ત્રીજો નિયમ એ હતો કે—

"૩ શબ્દોમાં આવતા અન્ત્ય સ્વર ઇ તથા ઉને હમેશાં દીર્ઘ લખવા, પણ જો એ શબ્દો સંસ્કૃતમાંથી લઇને તેવા ને તેવા જ ગુજરાતીમાં મૂકી દીધા હોય તો મૂળ રૂપે જ લખવા. જેમકે, લાકડી, મતિ, ચોપડી, ગતિ, બાજૂ, દારૂ, લાડૂ, વગેરે."

[સ્વ. ન. ભો. દિવેટિયા-'જોડણી'-પરિશિષ્ટ ख]

આ નિયમમાંનો ઉત્તરાર્ધ તત્સમ શબ્દોના નિયમન માટે છે. આ નિયમ વડોદરામાં રચાયા છે એટલે ત્યાં મહારાષ્ટ્રિયોની અંત્ય ઇ-ઉ સંબંધી પરિસ્થિતિ લક્ષ્યમાં લઈ કામ કરવામાં આવ્યું છે. મરાઠી ભાષાનો તો એક નિયમ જ છે કે શબ્દ તત્સમ હોય કે તદ્ભવ, અંત્ય ઇ અને ઉ દીર્ઘ જ રહે. હિંદીમાં પણ તદ્ભવ શબ્દોને માટે આવી જ પરિસ્થિતિ છે; માત્ર વિભક્તિઓના પ્રત્યયો લાગતાં જ્યારે સ્વરભાર અંત્ય સ્વર પરથી ખસી પ્રત્યય ઉપર પડે છે ત્યારે એ અંત્ય ઇ-ઉ ને હ્રસ્વ કરવામાં આવે છે. કલાભવનના આ નિયમ પાછળ સ્વરભાવનું તત્ત્વ જ નિયામક છે. આ જ સ્વરભાર અમુક સંજોગોમાં એટલે કે કોઈ પણ વ્યંજનમાં ન ભળેલા ઇ-ઉ પૂર્વના સ્વર પર ભાર પડતો હોય ત્યારે હ્રસ્વ જ હોય છે. આ વસ્તુ મેં અન્યત્ર વિસ્તારથી બતાવેલી છે. (તે માટે જુઓ અગિયારમા ગુજરાતી સાહિત્ય સંમેલનના અહેવાલમાંનો મારો "શાસ્ત્રોચ્ચાર-પરિશુદ્ધ જોડણી" નામનો નિબંધ, અને કૌમુદી-માર્ચ ૧૯૩૪-પૃ. ૧૯૩-૨૦૩.) આ અપવાદ સિવાયના બધા સંજોગોમાં અંત્ય સાનુનાસિક કે નિરનુનાસિક ઇ-ઉ ગુજરાતીમાં દીર્ઘ ઉચ્ચરિત જણાય છે. આની પણ એક વિસ્તૃત ચ "ર્ચા પદાંત ઇ-ઈ, ઉ-ઊ „ નામના

એક સ્વતંત્ર નિબંધમાં અન્યત્ર કરી છે. (જુઓ વસંત, વર્ષ ૩૦–અંક ૮ મો, પૃ ૨૯૦–૯૮)

આજ દિવસ સુધીની નિયમાવલીઓનું તારણ કાઢિયે તો અંત્ય ઇ–ઉની નીચે મુજબની પરિસ્થિતિ તેમાંથી તરી આવે છે:

૧. એક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય ઇ દીર્ઘ;

૨. એક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય નિરનુનાસિક ઉ દીર્ઘ;

૩. અનેક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં અંત્ય ઇ દીર્ઘ;

૪. અનેક સ્વરવાળા તદ્ભવ શબ્દોમાં સાનુનાસિક કે નિરનુનાસિક ઉ હ્રસ્વ.

જ્યારે ખરી રીતે ઉચ્ચારણની દૃષ્ટિએ ખરી પરિસ્થિતિ આ પ્રમાણે રજૂ થાય છે:—

જયાં સ્વરભાર ઉપાંત્ય સ્વર ઉપર છે તેવા અસંયુક્ત ઈ – ઉ સિવાયના બીજા બધા પ્રસંગોમાં તત્સમેતર શબ્દોમાં અંત્ય ઈ–ઉ દીર્ઘ છે.*

(આ વિષયમાં વધુ જાણવાની ઇચ્છાવાળાએ વસંત–વર્ષ ૩૧, અંક ૭–૮ નાં પૃ. ૨૧૬–૨૨૭ ઉપર છપાયેલો "ગુજરાતી સાહિત્ય પરિષદ્ મંડળની જોડણી" એ નિબંધ જોઈ જવો.)

આ વિષય ઉપર મારા તરફથી જુદે જુદે પુષ્કળ લખવામાં આવ્યું હોવાથી એ સૌની અહીં પુનરુક્તિ કરી લંબાણ કરવા નથી માગતો.

અંત્ય ઇ–ઉ ની ઉપર મુજબની સ્પષ્ટ પરિસ્થિતિ છે. એવી જ

* પરંતુ પ્રત્યેક શબ્દોચ્ચારણને બાજુ રાખી વાક્યગત સ્થિતિ તપાસતાં ગુજરાતી ગળામાં આવતી ઉચ્ચારણશિથિલતા બધા જ અંત્ય સ્વરોને હ્રસ્વ આપે છે, જેને જ પરિણામે તેવા અંત્ય એ–ઓ અર્ધવિવૃત આવી રહે છે. એટલે સરખી રીતે તેવા અંત્ય ઇ–ઉ હ્રસ્વ જ સ્વીકારાય એમ હવે મને લાગે છે. તા. ૧૨–૮–'૪૪

સરખી પરિસ્થિતિ અનંત્ય એટલે કે શબ્દને છેડે નહિ, પરંતુ શબ્દના અંદરના ભાગમાં આવતા ઈ-ઉ ની છે, આમાં પણ સ્વરભારનું તત્ત્વ નિયામક છે. સ્વ. નવલરામભાઇએ બુકકમિટીનો નિયમ સુધારી જે નિયમ રજૂ કરેલો તે આ ચર્ચાના આરંભમાં જ ઉપર આપવામાં આવ્યો છે:

"શબ્દને છેડે નહિ આવ્યા હોય એવા ઈકાર કે ઉંકાર લખવાનો નિયમ એ છે કે જો તેની પછી લઘુ અક્ષર આવે તો દીર્ઘ, અને ગુરુ અક્ષર આવે તો લઘુ લખવા."

આ નિયમ લગભગ સાર્વત્રિક જેવો છે; પણ તે સ્પષ્ટ નથી. આ સ્થળે દી. બ. ધ્રુવના નિયમો વધુ સ્પષ્ટતા રજૂ કરે છે:—

'9 In *tadbhava,* words whereever quality requires it, a long vowel is used: e. g., લૂણ, ખૂણો.'

[સ્વ. ન. ભો. દ્વિવેટિયા-' જોડણી '-પરિ. ख.]

[૯. જ્યાં જ્યાં સ્વર આપોઆપ દીર્ઘતા માગી લે છે. તેવા તદ્ભવ શબ્દોમાં દીર્ઘ સ્વર વપરાય છે.]

આથી આ નિયમને જરાયે આગળ વધવા દઈ શકાય તેમ નથી, કેમકે મોટે ભાગે આવા શબ્દો જે ભાષામાંથી ઊતરી આવેલા હોય છે તેના પારંપરિક અવતરણ ઉપર તેનો આધાર હોય છે; એટલે જ દી. બ. કેશવલાલ ધ્રુવ વગેરે પાંચ વિદ્વાનોની કમિટીએ નક્કી કરેલો ૬ ઠ્ઠો નિયમ-જે શિષ્ટ ઉચ્ચાર અને વ્યુત્પત્તિ ઊપર આધાર રાખવાની હિમાયત કરે છે તે-વાજબી છે. વ્યાકરણ આ વસ્તુનું નિરાકરણ આપી દેશે. આ વસ્તુ ખ્યાલમાં રાખીને જ જોડણીકોશની નિયમાવલીએ નીચેના નિયમ બાંધ્યા જણાય છે કે:—

"૨૨. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય તેવા બેથી વધારે અક્ષરના શબ્દોમાં ઉપાંત્ય ઈ તથા ઊ દીર્ઘ લખવાં. તેમ જ

૨૩. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય તેવા બેથી વધારે અક્ષરના શબ્દોમાં ઈ કે ઉ પછી લઘુ અક્ષર આવે તો તે દીર્ઘ લખવાં અને ગુરુ અક્ષર આવે તો હ્રસ્વ લખવાં.

—ગુજ, વર્ના. સો. ના કાચા ખરડામાં આ નિયમોને એક કરીને ૧૪ મો નિયમ આપ્યો છે તે પણ આ જ મતલબનો છે.

મુદ્દે આમાં કૃત્રિમતાને સ્થાન ન હોવું જોઈયે. આ બધાં કાર્યોમાં કારણ–ભાવે સ્વરભાર રહેલો હોવાથી જે મૂળસ્વરૂપમાંથી વિકાર થઈને શબ્દ ઊતરી આવે છે તેમાં જ એ તત્ત્વ એક સરખી રીતે કામ કર્યે આવે છે; એટલે ગુજરાતીની જોડણીને માટે નવું નિયમન ખાસ કરવાની આવશ્યકતા રહેતી નથી. જોડણીકોશની નિયમાવલીમાંના ૨૦ મા નિયમના અપવાદમાં કુંવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું એ શબ્દોમાં અનંત્ય ઉકારને સાનુનાસિક દશામાંયે હ્રસ્વ રાખવાનો જે પ્રયત્ન થયો છે તે એટલે જ અસ્વાભાવિક થઈ પડે. ગુજરાતી ભાષાનું બંધારણ એવું જણાય છે કે સાનુનાસિક ઈ હોય કે ઉ હોય, જ્યાં જ્યાં એ ઉચ્ચરિત થાય છે ત્યાં દીર્ઘ હોય છે. કદાપિ એના પછી સ્વરભાર સાંચવતો સ્વર આવ્યો હોય તો ત્યાં બે અલગ પદો પડયે સ્વરભાર બંને સ્વરો પર એક સરખી રીતે પડે[1] આના જેવી જ સ્થિતિ પ્રાથમિક શબ્દો ઉપરથી ઘડાતા શબ્દોમાં તે પછી તદ્ધિત પ્રત્યયો કૃત્પ્રત્યયો કે કાળના પ્રત્યયો કે કર્મણિના–પ્રેરકના પ્રત્યયો લાગી ઘડાતા હોય ત્યાં–પ્રવર્તે છે. સ્વ. નવલરામભાઈ, દી. બ. કેશવલાલ ધ્રુવ વગેરેની ચોથી ગુજ. સા. પરિ. માટેની કમિટીએ એના નિર્ણયને અનુસરી, આઠમી ગુજ. સા. પરિ. સમક્ષ રજૂ થયેલી નિયમાવલીમાં સ્વ. સર રમણભાઈએ, તેમ જ સ્વતંત્ર રીતે સ્વ. શ્રી નરસિંહરાવભાઈએ કોઈપણ સંયોગોમાં આમ સ્વર. ન ફેરવવો એવો નિર્ણય આપેલો છે. (આની વિસ્તૃત ચર્ચા–'શાસ્ત્રોચ્ચારપરિશુદ્ધ જોડણી' નામક ઉપર ઉલ્લિખિત નિબંધમાં કરી છે.)–જોડણીકોશની નિયમાવલીએ એક જ

---

૧. આ વિધાન પણ એકલા શબ્દને ઉદ્દેશી છે. વાક્યગત સ્વરૂપમાં અસ્વરિત શ્રુતિમાં આવતા ઇ–ઉ હ્રસ્વ જ ઉચ્ચરિત થાય છે એમ અનુભવ ઉપરથી જણાય છે. સાધિત શબ્દોમાં આ વાક્યગત સ્વરૂપ લક્ષ્યમાં લેવું જોઈયે.

તા. ૧૨-૮-'૪૪

પ્રકારના આ નિયમના બે ભાગલા પાડી નાખી એક ઠેકાણે સ્વરને અવિકૃત રાખવાની હિમાયત કરી છે, જ્યારે બીજે સ્થળે હ્રસ્વ કરવાનો મત આપ્યો છે. એના ૨૩મા નિયમનો અપવાદ આ પ્રમાણે આપ્યો છે કેઃ—

'અપવાદ ૧—વિશેષણ પરથી થતાં નામ તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી.'

જ્યારે ૨૫ મો નિયમ એવો આપ્યો છે કેઃ—

'૨૫. પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં તથા ધાતુનાં પ્રેરક અને કર્મણિ પ્રયોગનાં રૂપોમાં પ્રાથમિક શબ્દ અથવા ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં ઉપર કલમ ૨૩ તથા ૨૪ પ્રમાણે જોડણી કરવી.'

—એટલે સ્વર હ્રસ્વ કરી નાખવો. પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં જ તદ્ધિત, કૃત્, કાળના પ્રત્યયો, તેમ જ કર્મણિ-ભાવે-પ્રેરકના પ્રત્યયો લાગી થતાં રૂપોનો સમાવેશ થઈ જાય છે. વિશેષણ પરથી નામો અને કે નામો પરથી ભાવવાચક નામો અને એ થોડી કોઈ જુદી પ્રક્રિયા છે? આ વિષયમાં મારો અંગત મત એવો છે કે તેવા સંયોગોમાં સ્વરમાં ફેરફાર ન કરવો; આમ છતાં એમ સ્વીકારિયે કે ફેરફાર કરવો જ તો **વિશેષણ પરથી થતાં નામો અને નામો પરથી થતાં ભાવવાચક નામોને પણ એક સરખી રીતે કામ કરતી એ પ્રક્રિયાની હેઠળ લાવવાં.** ગુજ. વર્ના. સો. ના કાચા ખરડાએ તો આ વિષયમાં નીચે મુજબ વિકલ્પ સૂચવી જનતા સમક્ષ ન્યાયનું છાબડું રજૂ કરી દીધું છેઃ—

"૧૭. મૂળ શબ્દ પરથી બનતા શબ્દોમાં અને મૂળ ધાતુ પરથી કરાતાં પ્રેરક અને કર્મણિ પ્રયોગનાં રૂપોમાં પણ મૂળ શબ્દ યા ધાતુની જોડણી કાયમ રાખવી નહિ, પરંતુ આગલા નિયમ મુજબ વિકલ્પે ફેરવવી."

લઘુપ્રયત્ન ય-વકાર પૂર્વેના ઇ-ઉ હ્રસ્વ જ છે એ વસ્તુ હવે સારી રીતે સ્થાપિત થઈ ચૂકી છે; જો કે વાચનમાળા રિવિઝન કમિટીના મૂળ દીર્ઘ રાખવા તરફના વલણનો વાચનમાળાઓમાંથી

હજી ત્યાગ થયો નથી. જોડણીકોશે એ નિયમને સત્ય સ્વરૂપે સુધારી પ્રચારમાં મૂકી અરાજકતા દૂર કરી છે.

પ્રાકૃત કાળથી ચાલ્યો આવતો, ઇ–ઉ ને જોડાક્ષરો પૂર્વે હ્રસ્વ રાખતો નિયમ પણ તત્સમેતર શબ્દોમાં સર્વસ્વીકૃત થઈ ચૂક્યો છે. આ પુરાણા નિયમોને અવલંબીને જ જોડાક્ષર ઢીલો બનતાં પૂર્વ સ્વરનું દીર્ઘ થવાપણું ગુજરાતીમાં ઊતરી આવ્યું છે. આમ છતાં હજી કેટલાય શબ્દો રહી ગયા છે કે જેમાં જોડાક્ષર રહી ગયો છે. 'ફિક્કું–ફીકું, ચિટ્ઠી–ચીઠી, ટિપ્પણ–ટીપણ' જેવા શબ્દો એમ છતાં વિકલ્પે હજી પ્રચારમાં છે પણ ખરા. આ ઉપરાંત ત્રણ કરતાં વધુ સ્વરવાળા શબ્દોમાં ઇ–ઉ નો આધાર વ્યુત્પત્તિ ઉપર અને વ્યુત્પત્તિની મદદ ન હોય ત્યાં શિષ્ટ ઉચ્ચાર ઉપર નિયંત્રિત છે. આ ઉપરથી ઇ–ઉ વિષયક નીચેના નિયમો તરી આવે છેઃ—

૬. તત્સમેતર શબ્દોમાં સાનુનાસિક (કિંવા અનુસ્વારના કહેવાતા કોમળ ઉચ્ચારવાળો) સ્વર દીર્ઘ છે, પછી એ અંત્ય હોય કે અનંત્ય. ઉદા૦ ગાંડું; સીંચવું, અહીં, તહીં,[1] નહીં; ટૂંકું, ઊંઘ, ઊંધું, ઊંચું, સૂનું, લખવું, વાંચવું, લૂંટવું, વગેરે; તેમ જ લખ્યું, વાંચ્યું, જઊં છું; હતું, રહ્યું, ગયેલું, ભાંગેલું; મારું–મ્હારું; રામનું, સારું, સારેરું; સૂંઠાણું, કૂંવર, કૂંવારું, કૂંભાર; હું, તું, શું, વગેરે.

૭. એક સ્વરવાળા કે અનેક સ્વરવાળા તત્સમેતર શબ્દોમાં અંત્ય ઇ કે ઉ દીર્ઘ છે. ઉદા૦ ઘી, છી, પી, બ્હી, બીડી, કીકી, મોતી. લોહી, પાણી, સમચરી–છરી, વરસી–શી, ભારી, ઇન્દ્રી, આરતી, મરી, ગાંધી, તેલી, ધણી,

1. 'નહિ' એ સંસ્કૃત ભાષાનો તત્સમ શબ્દ પણ સ્વીકાર્ય છે જ. અને હવે આવવાના એક નિયમ પ્રમાણે 'ન્હૈં' પણ સ્વીકાર્ય; એ જ પ્રમાણે હૈં અને ત્હૈં પણ.

વીંછી, કોડી, વીજળી, વિનન્તી–વીનતી, કળી, માંખી, માટી, સળી, ઓસરી; વરૂ, રૂ, બરૂ, ચરૂ, કોલૂ–લ્હૂ, કામરૂ, જૂ, ચાલુ, લાગૂ, રજૂ, આળસૂ, લૂ, ટપૂ, બાબૂ, બાપૂ, વગેરે.

અપવાદ—અંત્ય અસંયુક્ત ઈ–ઉ પૂર્વે સ્વરભાર હોય તેવા શબ્દોમાં ઇ–ઉ હ્રસ્વ છે. ઉદા૦ ભાઇ, કાંઇ, કોઇ, રાઇ, પાઇ, બાઇ, જનોઇ, સાંઇ, ખાઇ; (ભાવવાચકનો 'આઇ' લાગે તેવા)–લડાઇ, ચડાઇ, મીઠાઇ, લુચ્ચાઇ, ('ઇ'ની પહેલાં અવ્યય રૂપ કૃદંતોમાં પ્રકૃતિમાં 'આ' હોય ત્યારે) સમાઇ, મૂંઝાઈ, કૂંગાઈ; ચડાઉ,, લડાઉ, ખટાઉ, ચલાઉ, કમાઉ, ભાઉ, ગાઉ, વગેરે; તેમ જ થાંઉ, જાંઉ, કમાંઉ (થાઊં જાઊં, કમાઊં; તે સ્થળે મધ્ય-કાલીન ગુજરાતીમાં દીર્ઘતા છે તે તત્સમ લેખે વિકલ્પે સ્વીકાર્યું.)

૮. જ્યાં વ્યુત્પત્તિથી જુદી જોડણી ન થતી હોય તેવા એક કરતાં વધારે સ્વરવાળા તત્સમેતર શબ્દોમાં ઉપાંત્ય અવિકૃત ઈ–ઉ દીર્ઘ છે. ઉદા૦બીડ઼, ખીલી, સીડ઼ી, લીડ઼ો, ઝીણું, રીઢું, રીડ઼, સીધો, ઈસ, કીકી, કીટ, કીનો, કબીલો, ગોટીલો, દાગીનો. રંગીલું, બૂરૂં, બૂરૂં, ચૂરો, કચૂરો, ચૂંક, સૂનું, રૂડું, કૂડું, થૂલી, ડૂલ, મૂલ, ચૂલો, લૂખું, સૂધી, અધૂરૂં, અરડૂસો, વગેરે; પરંતુ (વ્યુત્પત્તિથી પ્રાપ્ય) વિશે–સે, જુદૂં, મધુરાં, ટહુકો, મહુડું, સ્ફુરવું વગેરે.

[વિકૃત ઇ–ઉ માટે નિયમ બારમો જુઓ.]

૯. અનેક–સ્વરવાળા પ્રાથમિક તત્સમેતર શબ્દોની જોડણી કરવામાં શિષ્ટ ઉચ્ચાર ઉપર અને સ્પષ્ટ ઉચ્ચારાનુકૂલ

વ્યુત્પત્તિનો આધાર હોય ત્યાં એ મુજબ વ્યુત્પત્તિ ઉપર આધાર રાખવો; ઉચ્ચારભેદને લીધે વિકલ્પ સ્વીકારવો પડે તો સ્વીકારવામાં કશો બાધ ન હોય. ઉદા૦ ઊપર-ઉપર, પીયર-પિયર-પીહર, દીયર-દિયર, ભીતર, વિનન્તી-વિનતી, ઉછૂં-ઉચ્છૂં, સૂતાર, લુહાર, ગુવાર, ચીતરવું, ઊતરવું, ઊધરવું, ગૂજરાત-ગુજરાત, મિજલસ, સૂબેદાર, હીચકારૂં, હિલચાલ, કિલકિલાટ, ખિસકોલી, ટીપણિયો, વગેરે.

૧૦. શબ્દમાં આવેલા જોડાક્ષરથી જો આગલા ઇ-ઉ-ને થડકારો લાગતો હોય તો ત્યાં ઇ-ઉ હ્રસ્વ છે. ઉદા૦ કુક્કર, હિસ્સો, જુસ્સો, ખુલ્લૂં, બિલ્લો, ગુણ્ડાઇ, જિઞ્ઝોડી, વાજિન્ત્ર વગેરે; પણ ફિક્કૂં-ફીકૂં, ચિટ્ઠી-ચીઠી વગેરેમાં જ્યાં જોડાક્ષર વિકલ્પે ઉચ્ચરિત હોય ત્યાં વિકલ્પ. એથી ઊલટૂં લઘુપ્રયત્ન 'ય'કાર પૂર્વે સ્વર થડકારો ખાતો નહિ હોવાથી ત્યાં સ્વરવિકૃતિ ન થાય. ઉદા૦ દીસ્યો, પીસ્યૂં, વગેરે.

૧૧. દીર્ઘ ઈ-ઊ વાળા પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં અનંત્ય દીર્ઘ ઈ-ઊ અવિકૃત રહે. ઉદા૦ ગરીબાઇ, વકીલાત, ચીકણાઇ, ચીકાશ, મીઠાઈ, મીઠાશ, જૂઠાણૂં; ભૂલામણી, શીખામણ, ઊતરડ; ઊઠાડે, શીખાડે, મૂકાવે; ચૂકાય, શીખાય; પીવડાવે, પીવાડે, ઊડાડે; તેમ જ દૂધપાક, ભૂલધાપ, બીજવર, હીણુ કમાઉ, એ વગેરે સામાસિક શબ્દો.

૧૨. શબ્દના બંધારણમાં ઇ પછી સ્વર હોય તો ત્યાં લઘુપ્રયત્ન યશ્રુતિ છે તે યશ્રુતિ વિકલ્પે બતાવવી; એવાં સ્થળોએ તેમ છતાં ઇ તો હ્રસ્વ જ છે ઉદા૦ દરિયો-

ઓ, કડિયો-ઓ, રેંટિયો-ઓ, ધોડિયૂં-ઊં, ધોતિયૂં-ઊં; ઘડિયાળ-આળ, કાઠિયાવાડ-આવાડ, નાળિયેર-એર અથવા નાળિયર-અર, રૂપિયો-ઓ, વગેરે.

ઉપર ૬ઠ્ઠા અને ૭મા નિયમમાં સાનુનાસિક અને નિરનુનાસિક ઉકારને 'ઇ'ની માફક જ દીર્ઘ રાખવાનો નિર્ણય રજૂ કરવામાં આવ્યો છે. વ્યુત્પત્તિ આવા સંયોગમાં દીર્ઘતા અર્પે છે એની પુનરુક્તિ અહીં કરવા માગતો નથી; માત્ર એટલું કહેવા માગું છું કે નિરનુનાસિક દીર્ઘ ઊકાર જૂની પશ્ચિમ રાજસ્થાની કિંવા મધ્યકાલીન ગુજરાતી ભાષાની બધી જ ભૂમિકાઓ અને બુકકમિટીએ નિયમો કર્યા ત્યાંસુધી શિષ્ટ લહિયાઓને હાથે લખાયેલાં લખાણોમાં પ્રયુક્ત છે. જૂની ગુજરાતી પ્રતિઓ સાથે જે જે વિદ્વાનો બહોળા સંપર્કમાં આવ્યા છે તેઓ આ વસ્તુસ્થિતિથી જરાયે અણજાણ નથી. એ જ કારણે ગુજરાતી ભાષાના સમર્થ વિદ્વાન દી. બ. કેશવલાલ હ. ધ્રુવે નીડરપણે પોતાના લેખનમાં દીર્ઘ ઊકાર પ્રયોજ્યો છે. સ્વ. કવિ નર્મદાશંકરે તો વર્ષો પૂર્વે એમનાં અને એમણે સંપાદિત કરેલાં કાવ્યોમાં સાનુનાસિક દીર્ઘ ઊંકાર પ્રયોજેલો એ એમનાં એ પુસ્તકો જોવાથી જાણી શકાય છે. ભાષામાં કામ કરતાં કુદરતી તત્ત્વોને મચડી નાખવાથી ભાષાસ્વરૂપ નષ્ટ થાય છે એ વસ્તુ જરૂર અસહ્ય હોવી જોઇયે. જોડણીકોશે ઘણાખરા નિયમોમાં ભાષાના અદ્દલ સ્વરૂપને સાંચવી આપી ગુજરાતી ભાષા અને ગુજરાતી ભાષા-ભાષીઓ ઉપર મહાન ઉપકાર કર્યો છે તે ઉપકારને ભાષાનાં ઉપરિ-નિર્દિષ્ટ ઉપયોગી તત્ત્વના સમાવેશથી પૂર્ણતાએ પહોંચાડશે એવી આશા કયો હૃદયવાળો વિદ્વાન સેવે નહિ ?[1]

---

૧. છતાં આજે હવે હું અંત્ય ઉકારની દીર્ઘતાનું સમર્થન કરવા તૈયાર નથી. વ્યુત્પત્તિથી એવો પ્રત્યેક શબ્દ સ્વરભારને કારણે દીર્ઘ ઊંકારવાળો આવે છે છતાં વાક્યગત સ્થિતિમાં, અગાઉ નવી પાદટીપોમાં બતાવ્યા પ્રમાણે, એ

વિભક્તિજન્ય ફેરફારના નિયમો

વિભક્તિના પ્રત્યયોમાંના કે કાળના પ્રત્યયોમાંના સ્વરાદિપ્રત્યયો અંગને લાગ્યા બાદ અંત્યવર્ણમાં સંયુક્ત નથી થતા હોતા ત્યારે એવા એ પ્રત્યયોના આદિસ્વરને અવિકૃત રાખવાનું વલણ સામાન્ય રીતે જોવામાં આવે છે. આમાં માત્ર સરળતા સિવાય બીજું કાંઇ પણ હોઈ ન શકે. 'જોડણીકોશ'માં આવા વિભક્તિજન્ય ફેરફારોને માટે નીચે મુજબનું નિયમન પ્રાપ્ત થાય છે :

"૨૬. વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કે સમાસ બનાવતાં શબ્દની મૂળ જોડણી કાયમ રાખવી. ઉદા૦ નદી–નદીઓ, નદીમાં ઇ૦. સ્ત્રી–સ્ત્રીઓ, સ્ત્રીને ઇ૦. ખૂબી–ખૂબીઓ. બારીબારણાં.

૨૭. क. કરીએ, છીએ, ખાઇએ, ધોઈએ, સૂઇએ, જોઇએ, હોઇએ, મારીએ એવાં ક્રિયાપદનાં રૂપો બતાવ્યા પ્રમાણે લખવાં. પણ થયેલું, ગયેલું, સચવાયેલું, એવાં રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ख. જુવો, ધુવો નહિ પણ જુઓ, ધુઓ લખવું. તેમ જ ખોવું, રોવું જેવા ઓકારાંત ધાતુઓમાં ખુઓ, રુઓ, લખવું. અને જુએ છે, ધુએ છે, ખુએ છે, રુએ છે, જોયેલું, જોતું, ખોયેલું, ખોતું, ધોયેલું, ધોતું વગેરે રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ग. સૂવું, પીવું, જેવાં ક્રિયાપદોમાં સૂએ છે, સૂઓ, સૂતું, સૂતેલ, સૂનાર અને પીએ છે, પીઓ, પીતું, પીધેલ, પીનાર એ પ્રમાણે લખવું."

આમાંના પ્રથમ ૨૬મા નિયમમાં આપેલા કિસ્સામાં નિયમન કરવાની આવશ્યકતા કેમ ઊભી થઇ વારુ? જેઓ ઉચ્ચારણથી વાકેફ છે તેઓ આ કિસ્સામાં સ્પષ્ટ નિહાળી શકે છે—અનુભવી શકે છે

હ્રસ્વ 'ઉ" બતાવે છે. માત્ર 'ઉ'નું આ નથી, બધા સ્વરો હ્રસ્વ ઉચ્ચરિત થાય છે. સરખાવો અર્ધવિવૃત કિંવા હ્રસ્વ વિવૃત એ–ઓ. અર્વાચીન ગુજરાતીની દયારામ સુધીની પહેલી ભૂમિકામાં આ તત્ત્વ હતું એ અર્વાચીન બીજી ભૂમિકામાં આજ હ્રસ્વ સ્થિતિમાં ઉચ્ચારાતું ઊતર્યું છે એવું ભાષાનો વધુ ઊંડો અભ્યાસ કરતાં જણાય છે એ મારે સ્પષ્ટપણે સ્વીકારવું જોઇએ.

તા. ૧૨–૮–'૪૪

કે અંગ અને પ્રત્યય વચ્ચે નિયમમાં આપેલી સ્થિતિ કરતાં કાંઇ જુદું ઉચ્ચારણ વ્યક્ત–અતિવ્યક્ત છે. આ ઉચ્ચારણ તે લઘુપ્રયત્ન **યકાર છે.** આ લઘુપ્રયત્ન **યકાર** આપણે સંસ્કૃતના કાળથી વારસામાં લેતા આવ્યા છિયે. બે સ્વરોનો જ્યારે પણ સંયોગ નથી થતો, પ્રગૃહ્ય દશા રહે છે, ત્યારે વચ્ચે લઘુપ્રયત્ન યકારનું અને કેટલાક સંયોગોમાં લઘુપ્રયત્ન વકારનું અસ્તિત્વ રહે છે. વૈયાકરણોએ એનું અસ્તિત્વ વિકલ્પે સ્વીકાર્યું છે. આ નિબંધના આરંભમાં જ देवा इह, देवाग्रिह એવા વિકલ્પનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પ્રત્યયોમાં તો મધ્યકાલીન ગુજરાતીની બીજી ભૂમિકાથી પ્રત્યયોના આરંભમાં લઘુપ્રયત્ન યકાર અસ્તિત્વ ધરાવવા લાગ્યો હતો; અને ચોથી ભૂમિકામાં તો એ ખૂબ વ્યાપક થઈ ગયો હતો. મહાભારત–પદબંધ ગ્રંથ ૧ લામાં લીધેલા હરિદાસના 'આદિપર્વ'ની સં. ૧૭૧૭ વાળી પ્રતમાં અનેક સ્થળે પ્રત્યયોમાં આ યકાર પ્રયોજાયેલો છે; એવી તો અનેક હાથપ્રતો પ્રત્યયમાં લઘુપ્રયત્ન યકાર આપે છે.

" ધૃતરાષ્ટ્ર **રાયિ** તેડ્યા મુનિવર પ્રેમિ પૂજા કીધી
અમ સેવક જાણી **માગિયિ** ઇમ **રાયિં** આજ્ઞા દીધી ૧
રહો ઋષિ **આશ્રમ્ય** આપણી ભણાવો અમ તંન
વિનય કરી રાયિ **કહ્યૂં** નરપતિ **માન્યૂં** **મુનિયિ** વચંન ૨
યે **જોઇયિ** તે મુઝ કનિ માગયો એ કૂંઅર તમારિ શરણ્ય"

આ અવતરણમાં આવતા 'રાયિ–રાયિં' શબ્દને બાદ કરિયે, કેમકે તે 'રાઇ' પરથી 'રાય' થઈ તૃતીયાના 'ઇ' સાથે 'રાયિ' થયો સંભવે; જો કે મારું તો સ્પષ્ટ માનવું છે કે 'રા+ઇ'માં લઘુપ્રયત્ન યકાર ઉમેરાયે 'રાયિ' થયું છે. તેને જતું કરતાંયે 'મુનિયિ' એ તૃતીયા વિભક્તિનું રૂપ અને 'માગીઇ' 'જોઇઇ' એ કર્મણિ–ના રૂપ પરથી 'માગિયિ' 'જોઇયિ' થયા બાદ સ્વરભાર અંતે આવતાં 'માગિયે' 'જોઇયે'ના પૂર્વ સ્વરૂપ તરીકે 'માગિયિ' 'જોઇયિ' આવી રહ્યાં છે.

આ વસ્તુનું સત્યદર્શન બુકકમિટીને થયેલું ખરું. જુઓ:

"ઇકારાંત શબ્દને સ્વરપ્રત્યય આવે ત્યારે ઇ દીર્ઘ રાખીને તે સ્વર લખવો, પણ હ્રસ્વ ઇ કરીને ય ઉમેરે તેઓ ચાલે,–જેમ, નદી, નદીઓ અથવા નદિયો."

[સ્વ. ન. ભો. દિવેટિયા: 'જોડણી,' પરિશિષ્ટ क]

સ્વ. નવલરામભાઇએ બુકકમિટીના ૭–૮–૯ એ નિયમને સુધારી જે ચાર નિયમ સૂચવેલા તેમાંના દસમા નિયમમાં ઉપરની મતલબનો જ વિકલ્પ સૂચવેલો. (જુઓ ત્યાં જ છેલ્લો નિયમ.) સ્વ. નરસિંહરાવની અમલ પ્રજ્ઞામાંથી આ વિષય છટકયો નથી. એમણે 'જોડણી' એ નિબંધમાં પૃ. ૭૪–૭૬ પર આવશ્યક ચર્ચા વિસ્તારથી આપી છે. એમની આખી ચર્ચાનો સાર એ છે કે જો શબ્દના અંત્ય સ્વરને દીર્ઘ રાખવામાં આવે તો લઘુપ્રયત્ન ય–વની જરૂર નથી. અર્થાત્ જો સ્વરભાર અંગના અંત્ય સ્વર પર હોય તો પ્રત્યયમાં ય–વશ્રુતિ નથી; પણ ય–શ્રુતિ ઉચ્ચરિત થતાં જ પૂર્વનો અંત્ય દીર્ઘ ઇ–ઊ હ્રસ્વ થઇ જાય છે. ક્રિયાપદના વર્તમાનકાળ પ્રથમ પુરુષ બહુવચનમાં તો 'લખિયે' એમાં પ્રત્યય 'ઇયે' જ તેમણે સ્વીકાર્યો છે, 'લખીએ' એવો 'ઈએ' પ્રત્યય નહિ જ.

તૃતીયા–સપ્તમીના 'એ' પ્રત્યય પહેલાં સ્પષ્ટ સ્વરૂપે લઘુપ્રયત્ન યશ્રુતિ આકારાંત નામો પછી પણ રહેલી છે એ ઉપર આપેલા અવતરણમાંના શંકાસ્પદ 'રાયિ–રાયિં–' એ શબ્દથી સમઝાય છે. એકારાંત–ઓકારાંત શબ્દો પછી એ જ સ્થિતિ છે; માત્ર ઔકારાંત શબ્દો પછી એ આવતાં વશ્રુતિ જણાય છે.

દીર્ઘ ઈ–ઊ છેડે હોય એવાં નામોને હિંદી ભાષામાં તો વિભક્તિના બધા પ્રત્યયો લાગતાં એ અંત્ય ઈ–ઊ હ્રસ્વ કરી નાંખવાનું વલણ છે. વસ્તુસ્થિતિએ વિભક્તિના પ્રત્યયો લાગતાં જે રૂપો તૈયાર થાય છે તે સમસ્ત દશાનાં રૂપો છે. 'મનોમુકુર' (ભાગ ૧, પૃ. ૫૨૩–૨૪) માં સ્વ. નરસિંહરાવભાઇએ આ વિષયને સ્પર્શ કર્યો છે. સમસ્ત દશાનાં રૂપોમાં સંધિકાર્ય સ્વાભાવિક–અતિ સ્વાભાવિક છે.

પ્રત્યય લાગતાં સ્વરભાર છેક પ્રત્યય ઉપર આવી રહે છે; એની અસરે અંત્ય સ્વર જો દીર્ઘ હોય તો હ્રસ્વ થઇ જાય છે. જો કે સ્વ. નરસિંહરાવ 'વહૂઓ' સાસૂઓ'માં ઊકારને હ્રસ્વ કરવાના વલણના નથી; સબબ કે સ્વરભાર ઊ ઉપરથી નથી ખસતો એમ એઓ માનતા હતા. મને તો જણાય છે કે આ ઉદાહરણોમાં પણ સ્વરભાર કુદરતી રીતે અંત્ય ઓકાર ઉપર ચાલ્યો જાય છે; એને અંગે લઘુપ્રયત્ન વકારવાળા 'વહુવો,' 'સાસુવો' જેવાં રૂપો ફલિત થાય છે. જ્યારે એ જ નિયમે આ, ઇ, ઉ અંતવાળા શબ્દો પછી સ્વરાદિ પ્રત્યયોના આરંભમાં યશ્રુતિ અનુભવાય છે.

ક્રિયાપદોનાં રૂપોમાં પણ આવી સ્વાભાવિક ય-વશ્રુતિ, એ રૂપો સમસ્ત દશાનાં હોવાથી છે જ; અને એનું સમર્થન સ્વ. શ્રી. નરસિંહરાવ ભાઈએ સારી રીતે કર્યું છે. (જુઓ 'જોડણી,' પૃ. ૯૧.)

આ બધી ચર્ચા ઉપરથી પ્રથમા વિભક્તિના બહુ વચનના 'ઓ' પ્રત્યયને માટે ગુજરાતી ભાષામાં અતિ સ્વાભાવિક એવો નીચેનો નિયમ આવી રહે છે; પ્રચલિત રૂઢિને અધીન રહી સ્વ. કવિ નર્મદાશંકર અને કલાભવનની નિયમાવલીની જેમ, તેથી જરા વિશદ સ્વરૂપે લાચારીથી તેમાં વિભાષા ગણવી પડે છે:

૧૩. અ. નામિકી વિભક્તિનો બ. વ. નો 'ઓ' પ્રત્યય લાગતાં હ્રસ્વ કે દીર્ઘ ઈકારાંત નામ પછી 'ઓ'માં લઘુપ્રયત્ન યશ્રુતિ છે તે વિકલ્પે બતાવવી. ઉદા૦ મતિયો-ઓ. દીર્ઘ ઇ-ઈકારાંત નામોને આ 'ઓ' તેમ જ તૃતીયા-સપ્તમીનો 'એ-એ' લાગતાં સ્વરભાર ઉપરથી હટી પ્રત્યયાંતર્ગત સ્વર પર જતો હોવાથી ઈ-ઉ હ્રસ્વ ઉચ્ચરિત થાય છે, ત્યાં એ વિકલ્પે હ્રસ્વ કરવા. ઉદા૦ નદીયો-ઓ તેમ જ નદિયો-ઓ. ઉકારાંત નામોમાં 'ઓ' પ્રત્યય લાગતાં વશ્રુતિ છે

તે એજ રીતે વિકલ્પે બનાવવી. ઉદા૦ વહૂવો-ઓ, વહુવો-ઓ.

વિભાષાદ્વારા બતાવવામાં આવેલાં ઉપરનાં રૂપો ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ અનિવાર્ય છે. એ જરાએ અશુદ્ધ નથી. બેશક લેખનમાં સર્વ-સાધારણોને એ માફક ન આવે; પરંતુ ઉચ્ચારણની દૃષ્ટિએ કોઇના તરફથી પણ પ્રયોજવામાં આવે તો એ જરાયે અપરાધી નથી; એવા પ્રયોગમાં સ્વેચ્છાચાર નથી; અને ગુજરાતી ભાષાના વ્યાકરણમાં એનો નિર્દેશ-વ્યુત્પત્તિ વગેરે અચૂક આવવાનાં, કેમકે પરંપરાગત ઉચ્ચાર અત્યાર સુધી વિકલ્પ વિના ગુજરાતીઓના ઉચ્ચારણમાં સચવાઇ રહેલો છે.

તૃતીયા—સપ્તમીનો એકાર અને વર્તમાનકાળ (અને વિધ્યર્થ) પ્રથમ પુરુષ બહુવચનના પ્રત્યય 'ઇયે'-માંનો એકાર સાનુનાસિક પણ ઉચ્ચારિત થાય છે. મધ્યકાલીન ગુજરાતીના અભ્યાસકોને આ ઉચ્ચારણ જરાયે અપરિચિત નથી. છેક અપભ્રંશ કાળથી એ ઉચ્ચારણ વિકલ્પ સ્વરૂપે મોજુદ છે. ચોથી વિભક્તિના અર્થના 'ને'માં પણ એ જ રીતે એ જૂનું ઉચ્ચારણ છે. તળ ગુજરાતમાં મૂળે સાનુનાસિક ઉચ્ચારણ લગભગ બધા જ સંયોગોમાં લુપ્તપ્રાય છે એટલે એનો અનુભવ નહિ થતો હોય; પણ કાઠિયાવાડમાં એ ઉચ્ચારણ સારી રીતે વ્યાપક છે. તૃતીયા-સપ્તમીના 'એ' માનું સાનુનાસિક ઉચ્ચારણ ફક્ત જ્યારે ઓકારાંત નરજાતિ અને ઊંકારાંત નાન્યતર જાતિના શબ્દને લાગતાં આ પ્રત્યય એમાં અંતર્ગત થઇ રહે છે, જેમકે 'ઘોડે', 'ગાડે' વગેરે, ત્યારે જરાયે ઉચ્ચરિત, કોઇ પણ સંયોગોમાં નથી થતું; અલગ રહેતાં ખાસ રહેલું છે; જેમકે 'ઘોડાયેં,' 'ગાડાયેં,' 'ઘોડાએં,' 'ગાડાએં.' સાનુનાસિક પ્રત્યયો તૃતીયા-સપ્તમીના ''मुग्धावबोध औक्तिक''માં છે તે અભ્યાસકોની જરાયે જાણ બહાર નથી, અને છેક દયારામ સુધી એ ભાષામાં એક સરખા સ્વરૂપે પ્રયોજાયા છે. ખુદ દલપતરામભાઇએ પણ એ ભેદ નોંધ્યો છે તેનો ઉલ્લેખ આ નિબંધના આરંભમાં

'**વાણીઆને** છોકરે લાકડી મારી' અને '**વાણીઆનેં** છોકરે લાકડી મારી' એવા અર્થભેદવાળાં બે વાક્યથી કરવામાં આવ્યો છે. આમ એ ઉચ્ચારણની શક્યતા માટે જરાયે શંકાને સ્થાન નથી. વધુ વિસ્તૃત ચર્ચા મારા તરફથી સ્વતંત્ર રીતે અપાયેલા "અનુસ્વાર અને અનુનાસિક" એ નામના સ્વતંત્ર નિબંધમાં આપવામાં આવી છે, તે તરફ અભ્યાસકોનું ધ્યાન ખેંચું છું. (જુઓ 'વસંત' વર્ષ ૪૫, પૃ. ૧૮૧–૧૮૨.) આ ઉપરથી જે નિયમો તરી આવે છે તે નીચે પ્રમાણે છે. આ ઉચ્ચાર અત્યારે હવે પ્રાંતીય છે એ નિર્વિવાદ છે, એટલે એને વિભાષા-દ્વારા સ્થાન આપીને પણ ગુજરાતી ભાષાના ઇતિહાસમાં જીવંત રાખવું જોઇયેઃ—

આ (૧) તૃતીયા તેમ જ સપ્તમીનો 'એ' પ્રત્યય લાગતાં અલગ રહે છે ત્યારે પ્રત્યયમાં લઘુપ્રયત્ન યશ્રુતિ છે તે વિકલ્પે બતાવવી. ઉદા૦ રમાયે–એ, મતિયે–એ, નદીયે––એ તેમ જ નદિયે–એ, લીંબૂયે–એ તેમ જ લીંબુયે–એ, ઘોયે–એ વગેરે.

(૨) ઓકારાંત શબ્દને લાગતાં યશ્રુતિને બદલે વશ્રુતિ છે તે વિકલ્પે બતાવવી. ઉદા૦ સૌવે–એ.

(૩) તૃતીયા–સપ્તમીના ઉપરના 'એ'માં અપભ્રંશના વારાથી સાનુનાસિક ઉચ્ચારણ ચાલ્યું આવે છે તે વિકલ્પે બતાવવું. ઉદા૦ નદીયે–એ તેમ જ નદીયેં–એં, નદિયે–એ તેમ જ નદિયેં–એં; રામે–રામેં; રથે–રથેં,

નોંધઃ—આ પ્રત્યય જેના અંતમાં છે તેવાં અવ્યયોમાં પણ તે તે સ્થળે વિભાષા સ્વીકારવી. ઉદા૦ માટે–ટેં, જ્યારે–જ્યારેં, વગેરે.

(૪) દ્વિતીયા–ચતુર્થીના 'ને'માં પણ આ સાનુનાસિક

ઉચ્ચારણ છે તે વિકલ્પે બતાવવું. ઉદા૦ રામને-નૅ; તેમ જ અવ્યયોમાંના મૂળ ઇકારવાળા અને-નૅ, ને-નૅ.

૬. આખ્યાતિકી વિભક્તિઓમાં વર્તમાન (અને આજ્ઞાર્થ તથા વિધ્યર્થ) પ્રથમ પુરુષ બહુવચનમાં લઘુપ્રયત્ન યશ્રુતિ તેમ જ અપભ્રંશકાલથી ચાલ્યું આવતું સાનુનાસિક ઉચ્ચારણ છે તે બંને વિકલ્પે બતાવવાં. જાણિયે-યેં, જાણિએ-એં.

નોંધઃ-'જાણીએ' એમ દીર્ઘ ઈ કારવાળું રૂપ સ્વરભારના નિયમ મુજબ કેવળ અસિદ્ધ છે, એટલું જ નહિ, કોઈ પણ કાળે કોઈ પણ સંયોગોમાં એ ઇકાર દીર્ઘ ઉચ્ચરિત થતો નથી, તેથી એ સર્વથા અસ્વીકાર્ય છે.

સ્વરાંત ક્રિયાપદોનાં સ્વાભાવિક રૂપો તરફ સ્વ. નરસિંહરાવભાઈ સિવાય અન્ય જોડણીકારોએ તદ્દન ઉપેક્ષાવૃત્તિ જ સેવી છે એમ કહિયે તો તેમાં જરાયે વાંધાપડતું નહિ લાગે. સ્વ. કવિ નર્મદાશંકરે 'જોવું' ક્રિયાપદમાં 'જૂઓ-જુવો' એવો વિકલ્પ જોયેલો; પણ એમનું એ વશ્રુતિનું દર્શન જરા વિકૃત હતું એમ એમણે 'જૂઓ'-માં સ્વીકારેલા ઊકારથી સમઝાય છે. ઉચ્ચારણમાં ઉકાર હ્રસ્વ જ છે. અને ખરું જોતાં જે જે પ્રસંગોમાં યશ્રુતિ અને વશ્રુતિ વ્યક્ત થાય થાય છે ત્યાં ત્યાં 'ય-વ' પૂર્વેના સ્વરમાં 'ય-વ' થવાને કારણે સ્વરમાં કોઈ પણ જાતની વિક્રિયા થતી નથી. લેખનમાં વિકલ્પદ્વારા દીર્ઘતા સ્વીકારિયે છતાં સ્વર હ્રસ્વ જ ઉચ્ચરિત થાય છે એ વસ્તુ ખ્યાલમાં રહે તો વાંધાપડતાં ક્રિયાપદોનાં રૂપોમાં એકવાક્યતા મેળવવામાં જરા પણ મુશ્કેલી આવે તેમ નથી. 'જોડણીકોશ'માં ય-વશ્રુતિને સંમાનવામાં નથી આવી, તેમ જ 'સૂ'-'પી' ક્રિયાપદોમાં અસ્વાભાવિક દીર્ઘતા રાખવાનો અનુરોધ કર્યો છે, એનો ત્યાગ કરવામાં આવે તો વિસંવાદ ઊભો થવાનો જરાયે ભય નથી રહેતો. **સરળતામાં જેમ કૃત્રિમતા ન જોઇયે તે જ રીતે સ્વીકૃત રૂપોમાં સરળતા**

મારી પણ ન જવી જોઈયે એ તત્ત્વનો જરાયે અનાદર કરી શકાય નહિ. આપણે જ્યારે આકારાંત ક્રિયાપદોનાં આજ્ઞાર્થ અને વર્તમાનકાળ બીજા પુરુષના બહુવચનોનાં રૂપો ઉચ્ચારિયે છિયે ત્યારે આકાર ઉપર સ્વરભાર પડવાને કારણે પ્રત્યયનો ઓકાર દીર્ઘ ઓકારરૂપે ઉચ્ચરિત નથી થતો; એ હ્રસ્વ બની જાય છે, એટલું જ નહિ, પણ લઘુપ્રયત્ન અકારયુક્ત લઘુપ્રયત્ન વ-સ્વરૂપે ઉચ્ચરિત છે. એવી જ સ્થિતિ ઓકારાંત ક્રિયાપદનાં વિકલ્પ રૂપોમાં છે. ઓકારાંતના વર્તમાનકાળ ત્રીજા પુરુષમાં અને બીજા પુરુષ એક વચનમાં મધ્યકાલીન ગુજરાતીનાં जोइ વગેરે રૂપો પરથી ઊતરેલાં 'જોય' વગેરે રૂપોની જેમ જ આજ્ઞાર્થ (અને વર્તમાનકાળ) દ્વિતીય પુરુષ બહુવચનનાં 'જોવ' વગેરે રૂપો વ્યુત્પન્ન થાય છે. બધાં જ ક્રિયાપદોનાં કર્મણિ રૂપોમાં પણ અંગ આકારાંત બનતું હોવાથી 'મૂંઝાય' વગેરે રૂપો સ્વાભાવિક ઉચ્ચરિત થાય છે. એકારાંત ક્રિયાપદોમાં પણ વર્તમાનકાળનાં રૂપોમાં પુષ્કળ વિભાષા અને તે પણ સ્વાભાવિક પ્રવર્તે છે.

બધાં જ ક્રિયાપદોનાં ભવિષ્યકાળ પ્રથમ પુરુષનાં બહુવચનમાં વ્યુત્પત્તિસિદ્ધ આવી જ વિભાષા પ્રવર્તે છે, તે 'ઇશૂં'-'ઈશૂં'-'અશૂં' પ્રત્યયની, એ જ રીતે દ્વિતીય ભૂત કૃદંતના 'એલૂં' પૂર્વે અ-આ-એ આવતાં યશ્રુતિ છે. જો કે 'જોડણીકોશ'માં ત્યાં યશ્રુતિ જ સૂચિત છે, આમ છતાં ઉચ્ચારણ કેટલેક સ્થળે એકારસ્વરૂપે મૂળના એકારને લીધે થાય છે, એટલે ત્યાં પણ વિભાષા અનિવાર્ય છે. સૂરત તરફના 'ગયલું' 'સમાયલું' વગેરે જોડણી કરે છે. આવી જોડણી કરવાનું મુખ્ય પ્રયોજન 'એલૂં' પૂર્વેના સ્વર પર ભાર આવવાને કારણે (અને દ્વૈતીયિક સ્વરભાર 'લૂં' પર જવાને કારણે વચ્ચેનો) એકાર હ્રસ્વ ઉચ્ચરિત થાય છે તેમાં રહેલું છે. એ ઉચ્ચારણ બહુ જ થોડા ભાગમાં હોવાથી જોડણી કદાચ ન સ્વીકારવામાં આવે, છતાં સૂરતી ઉચ્ચારણ તરીકે તેને વ્યાકરણમાં સ્થાન મળવું તો જોઇયે જ. સ્વ. કમળાશંકરભાઈએ આ ઉચ્ચારણને સ્વીકાર્યું છે; એને ઉવેખવાની

પણ કોઈ જરૂર ન હોય, દેશના મોટા ભાગમાં થતાં ઉચ્ચારણને લક્ષ્યમાં લઈ નીચે મુજબની નિયમાવલી આ ક્રિયાપદોના સંબંધમાં રજૂ કરવામાં આવે છે. એમાંનું એક પણ ઉચ્ચારણ અસ્તિત્વ ધરાવતું નથી એમ કોઈથી પણ કહી શકાશે નહિ:—

ઈ. **જો, ધો, લો, સૂ, લૂ, રો, ખો, એ ધાતુઓનાં વર્તમાનકાળનાં રૂપોમાં અંત્ય સ્વરનો એ–ઓ પ્રત્યય પહેલાં હ્રસ્વ 'ઉ' થાય છે; ત્યાં પછીના સ્વરમાં લઘુપ્રયત્ન યશ્રુતિ છે** તે વિકલ્પે બતાવવી. ઉદા૦ **જુવે–એ, સુવે–એ,** લુવે–એ; તે જ રીતે જુવો–ઓ વગેરે.

વિશેષ:—જો, ધો, લો, રો, ખો એનાં 'હો' જેવાં રૂપાખ્યાન પણ વર્તમાનકાળમાં થાય છે તે પણ વિભાષા-દ્વારા સ્વીકારવાં: જોય, ધોય, લોય, ખોય; તેમ જ બીજા પુરુષમાં (વર્તમાન અને આજ્ઞાર્થમાં) બહુવચનમાં જોવ, ધોવ, લોવ, રોવ, ખોવ. માત્ર 'હો' ને માટે બીજા પુરુષ બહુવચનમાં 'હો' એવું એક રૂપ વધારવાનું સ્વીકાર્ય છે.

ઉ. આકારાંત ક્રિયાપદોમાં વર્તમાનકાળ (તેમ જ આજ્ઞાર્થ)નો હ્રસ્વ 'ઓ' પ્રત્યય સામાન્ય રીતે લઘુપ્રયત્ન 'વ' –રૂપે દેખાય છે તેને વિકલ્પે સ્વીકારવો. ઉદા૦ **જાવ–જાઓ,** થાવ–થાઓ, મૂંઝાવ–મૂંઝાઓ.

ઊ. 'દે' અને 'લે'નાં રૂપોમાં દિયે-દિએ–દે–દ્યે, લિયે-લિએ–લે–લ્યે, દિયો–દિઓ–દો–દ્યો, લિયો–લિઓ–લો–લ્યો; અને 'પી' તેમ જ 'બ્હી'નાં પિયે-પિએ, પિયો –પિઓ, બિહુયે-બિહુએ, બિહુયો–બિહુઓ.

વિશેષ:—'પી' અને 'બ્હી'નાં પિવે, પિવો, બિહુવે, બિહુવો એવાં વશ્રુતિવાળાં રૂપો જતાં કરાય એમ નથી.

ઋ. ભૂતકૃદંત (દ્વિતીય)ના 'એલૂ' પૂર્વે અ-આ-ઓ હોય ત્યારે લઘુપ્રયત્ન યશ્રુતિ છે, અને દેશના કોઈ ભાગમાં ત્યાં 'યે' ને બદલે 'ય' ઉચ્ચાર પણ છે; એને વિભાષાદ્વારા સ્વીકારવાં. ગયેલૂં-ગએલૂં-ગયલૂં, સમાયેલૂં-સમાએલૂં-સમાયલૂં, ધોયેલૂં-ધોએલૂં-ધોયલૂં, વગેરે.

'લો' અને 'લૂ'ના જ અર્થનો લઘુપ્રયત્ન હકારવાળો 'લ્હો' ધાતુ બાકી રહે છે તેનાં 'લો-લૂ' જેવાં રૂપો ઉપરાંત 'દોહ' જેવાં રૂપો પણ ઉચ્ચરિત છે; એ રૂપો પણ વિભાષાદ્વારા સ્વીકાર્ય રહે.

વિવૃત એ-ઓ

ગુજરાતી ભાષામાં થોડી પ્રાંતીયતાને બાદ કરિયે તો કાઠિયાવાડમાંના ગોહીલવાડ-ઝાલાવાડ ઉપરાંત તળ-ગુજરાતના મોટા ભાગમાં ઝાઝે ભાગે અનાદિ દશામાં 'એ-ઓ'નું પહોળુ કિંવા સ્વ. નરસિંહરાવભાઈએ જેને માટે 'વિવૃત' એવી સંજ્ઞા વાપરી છે તે ઉચ્ચારણ પણ પ્રાપ્ત થાય છે. સોરઠ અને હાલારના વતનીઓ આ ઉચ્ચારણથી જો કે પરિચિત નથી, છતાં ત્યાં પણ અમુક સંયોગોમાં વિવૃત ઉચ્ચારણ 'એ'માં સચવાયેલું છે; બેશક એને તદ્દન વિવૃત ન કહી શકાય; પણ એ 'સંવૃત' નથી, એટલે એને 'અર્ધ વિવૃત' કહી શકાય. આ ઉચ્ચારણ તે પ્રથમ પુરુષ બહુવચન-વર્તમાનકાળમાં તો 'ઈયેં' સાનુનાસિક અંત્ય એકારવાળો પ્રત્યય, તૃતીયા સપ્તમીનો સાનુનાસિક 'એં', અને એ પ્રત્યય ધરાવતાં અવ્યયો માટેં, જ્યારેં, ત્યારેં વગેરેનો અંત્ય સાનુનાસિક 'એં,' અને સાનુનાસિક અનેં-નેં-નો અંત્ય 'એં' 'અર્ધ વિવૃત' છે; છતાં એ 'એ' માંહેલી સાનુનાસિકતા પ્રાંતીય હોવાથી—બેશક તે ઉચ્ચારણ અપભ્રંશકાલથી ચાલ્યું આવે છે છતાં—જોડણીમાં ખાસ મહત્ત્વ અથવા તો વિશિષ્ટતા ધરાવતું નથી, પરંતુ અનંત્ય દશામાં એ બે પ્રાંત સિવાય દેશના મોટા ભાગમાં ઉચ્ચરિત થતું ઉચ્ચારણ વ્યક્ત કરવાને માટે ચાલુ લખાણમાં જરા પણ

પ્રયત્ન નથી. 'જોડણીકોશે' જો કે નિયમાવલીમાં એ ઉચ્ચારણ બતાવવાની આવશ્યક્તા નથી જોઈ, છતાં શબ્દકોશમાં એ ઉચ્ચારણ ધરાવતા શબ્દોને એ ઉચ્ચારણ વિનાના એક સરખા સ્વરૂપવાળા શબ્દોથી જુદા પાડવા તે તે શબ્દની બાજૂમાં મોટો કૌંસ કરી બતાવવા પ્રયત્ન કર્યો છે. આ ઉચ્ચારણ તરફ સ્વ. કવિ નર્મદાશંકરથી માંડી ધ્યાન ખેંચાયું છે. એમણે એવા શબ્દોમાં પૂર્વાવસ્થામાં હકાર હોવાની સંભાવના કરેલી; પણ એનું સ્પષ્ટ નિદર્શન તો સ્વ. નરસિંહરાવે એમના સને ૧૮૮૮ માં લખેલા 'જોડણી' વિષયક નિબંધમાં પ્રથમ કરાવ્યું. એમણે એમના સને ૧૯૦૫ વાળા નિબંધમાં પણ આ વિષયની બહુ સુંદર મીમાંસા કરી છે. વ્યવસ્થિત રીતે આ ઉચ્ચારણ થાય છે એ એમણે બતાવ્યું છે. શબ્દનાં પૂર્વ સ્વરૂપમાં अइ अउ હોય અને સ્વરભાર જો અકાર ઉપર પડતો હોય તો તેવી રીતે થયેલા ए–ओ વિવૃત ઉચ્ચરિત થાય છે. આ સામાન્ય નિયમ છે. એ જ વિષયની વધુ સારી મીમાંસા શ્રી. ચૂનીલાલ વર્ધમાન શાહે કરી છે. એક અતિ વ્યાપક છતાં કોઈના ખ્યાલમાં ન આવેલો નિયમ શોધી આપવાનો એમનો પ્રયત્ન ખરેખર પ્રશસ્ય છે. એ નિયમ આ છેઃ—

" **એ** અને **ઓ** ગુજરાતી શબ્દોમાં છૂટા હોય કે વ્યંજનની સાથે મળેલા હોય પણ તેની સાથે જો કોમલ અનુસ્વાર જોડાયલો હોય તો **એ** અને **ઓ** વિવૃત બને છે.

એ અને **ઓ** ઉપર, તેની પાછળ આવતા અનુનાસિક વ્યંજનનું વજન (વાસ્તવિક રીતે કે ઉચ્ચારણના દોષથી પણ) જો પડતું હોય તો તે વિવૃત ઉચ્ચારાય છે.

ઉદાહરણો—ॲंघाण, पहॉंच–पॉंच, वॅंगण, ढॉंग, सॉंग, गॅंडी, फॅंट, सॉंप, पॉंक, वॅंग, (व्यंग), रहॅंट–रॅंट, गॉंघ, मॅंस ઇત્યાદિ. "

वॅण, रॅणी, पॉणी, चॅन, मॉम, सॅन (सैन्य), जॅन (जैन), नॅन, न्हॅन, जॅम ઇત્યાદિ. "

[બુદ્ધિપ્રકાશઃ વર્ષ ૮૧, અં. ૨, પૃ. ૨૫]

સાનુનાસિક ઉચ્ચારણની અસર નીચે દબાયેલા 'એ–ઓ'ની વિવૃતતા આમ પકડવી લગભગ સહેલી થઈ જાય છે. અરબી–ફારસી ઉપરથી ઊતરી આવેલા અને અપભ્રંશમાંથી હિંદી–ગુજરાતીમાં ઊતરી આવેલા–જેમાંના હિંદી શબ્દોમાં अइ–अउ ઉપરથી આવેલો ऐ–औ છે તેવા શબ્દોના સામ્યે પણ કેટલાક ગુજરાતી શબ્દોમાં 'એ–ઓ'–નો વિવૃત ઉચ્ચાર પકડી શકાય; તેમ છતાં પણ ઘણા શબ્દોની વ્યુત્પત્તિ અદ્યાપિ અનિશ્ચિત હોવાથી સર્વસાધારણ રીતે એ ઉચ્ચારણ પકડી ન પણ શકાય. આવી સ્થિતિમાંથી ઉગાર ત્યારે જ થાય કે વ્યવસ્થિત રીતે લેખનમાં જુદા ચિહ્નથી એ ઉચ્ચારણ વ્યક્ત થતું હોય. 'જોડણીકોશ'માં પણ ભિન્ન ઉચ્ચારવાળો શબ્દ નથી તેની જોડણી તો ચાલુ એકારની માત્રાથી જ બતાવવામાં આવી છે. મારી જન્મભૂમિ સોરઠ (કાઠિયાવાડ) હોવાથી હું સ્પષ્ટ રીતે સ્વીકારું છું કે 'જોડણીકોશ'માં વિવૃત ઉચ્ચારણવાળા શબ્દોની જોડણી શુદ્ધ ન કરવામાં આવી હોય તેવા કેટલાય શબ્દોમાં વિવૃત ઉચ્ચારણ છે કે નહિ એ હું જાણી શકતો નથી. ભાષામાં બહોળા પ્રમાણમાં વ્યાપક એવા ઉચ્ચારણનો ચાલુ લેખનમાં પ્રચાર થઈ જાય, એટલું જ નહિ, પણ શબ્દકોશોમાં વિવૃત 'એ–ઓ'ને સ્વતંત્ર વર્ણાનુક્રમમાં સ્થાન મળે તો જ આ ઉચ્ચારણ જાળવી શકાશે. શ્રી. ચૂનીલાલ વ. શાહે સાચો જ ભય વ્યક્ત કર્યો છે કે—

"પહેલાં બોલી લોકોના ઉચ્ચારણના વારસારૂપે જનતાને મળતી અને તેમાં કેળવણીથી ભાષા–શુદ્ધિ આવતી. શિક્ષણ મોટે ભાગે મુખદ્વારા અપાતું અને ઉચ્ચારણોનો વારસો ઉછરતી પ્રજાને મળ્યા કરતો. હવે મોટે ભાગે પુસ્તકોના વાચનદ્વારા શિક્ષણ અપાય છે અને પરીક્ષાઓ લેખનદ્વારા લેવાય છે, તેથી ઉચ્ચારણનો સીધો વારસો ઓછા થતાં વિવૃત ઉચ્ચારો સંવૃતતા તરફ ઢળતા જાય છે. લેખનમાં વિવૃત ઉચ્ચાર માટે અવળી કે ઉલટાવેલી માત્રા કોઇ કોઈ લખે છે. પરંતુ હાલની ઝડપી છાપાકળા કદાચ એ પદ્ધતિને આગળ વધવા નહિ દે એમ લાગે છે." [એજન પૃ. ૨૬]

દી. બ. કેશવલાલ ધ્રુવે જોડણીમાં એની આવશ્યકતા બતાવી જ છે:—

"10. The close and open sounds of the vowels એ and ઓ should be distinguished; e. g. ગોળ, ગૉળ; એક, ઍબ."

[સ્વ. ન. ભો. દ્વિવેટિયા 'જોડણી'-પરિશિષ્ટ]

સ્વ. નર્મદાશંકર, સ્વ. નવલરામભાઇ, સ્વ. વ્રજલાલ શાસ્ત્રી, અને સ્વ. પ્રિ. માધવલાલભાઇએ પણ એની વિશિષ્ટતા જળવાઈ રહે એ માટે અલગ ચિહ્નની આવશ્યકતા માનેલી. સ્વ. નરસિંહરાવ અને વિદ્યમાન પ્રો. બળવંતરાય ઠાકોર પણ લેખનમાં એની આવશ્યકતા સ્વીકારનારા છે;[1] માત્ર તત્સમ અંગ્રેજી શબ્દોમાં જ નોંધાઈ રહે એટલું પર્યાપ્ત નથી; પ્રાંતીય ભેદ લેખે વિભાષા રહે તોય અત્યારે તો ઘણું છે. એ ઉપરથી ફલિત થતો નિયમ આ છે:—

૧૪. જે જે પ્રાંતમાં 'એ-ઓ'નાં વિવૃત ઉચ્ચારણ છે ત્યાંના વિદ્વાનો એ ઉચ્ચારણ ઊંધી માત્રાથી બતાવે. જ્યાં આ ઉચ્ચારણ નથી જ ત્યાં સંવૃત એ-ઓ રાખે. ઉદા૦ વૅર-વેર, પૅઠો-પેઠો, મૅલૂં-મેલૂં, બ્હૅરો-બ્હેરો, બ્હૅલૂં-બ્હેલૂં, નૅણ-નેણ, વૅણ-વેણ, રૅણ-રેણ, ઘૅન-ઘેન, ઍલી-એલી, મૉર-મોર, પ્હૉળૂં-પ્હોળૂં, મૉડ઼-મોડ઼, ચૉરસ

---

૧. સંવૃત અને વિવૃત ઉચ્ચારણ 'એ-ઓ'નાં અત્યાર સુધી એકલાં દીર્ઘ જ ગણવામાં આવ્યાં છે, પણ જીવંત ભાષાનું સ્વરૂપ જોતાં એ હ્રસ્વ પણ છે. અહીં આપેલાં ચારે પ્રકારનાં ઉદાહરણથી એ સ્પષ્ટ થશે. 'દેખ્યું', 'દૅખાડયું', 'વેંચ્યું', 'વૅંચાયું', 'શોભ્યું', 'શૉભાયું', 'સોંપ્યું' 'સૉંપાયું'. ગુજરાતી ભાષાના સ્વરૂપમાં શબ્દને અંતે આવતા એ-ઓ હ્રસ્વ વિવૃત છે; સિવાય કે ઉત્તર ગુજરાતમાં ક્રિયાપદોને અંતે 'એ' નો 'ઇ' થયો હોય, 'કરશૅ'નું 'કરશિ' જેમ.

તા. ૧૨-૮-'૪૪

—ચોરસ, ચૉક—ચોક, ગૉખ—ગોખ; કૉઠ—કોઠ, કૉડી—કોડી, સૉંપે—સોંપે, કૉણુ—કોણુ, કૉળિયો—કોળિયો, નૉમ—નોમ, નૉખું—નોખું, ગૅરત—ગેરત, ગૅબ—ગેબ, ઍબ—એબ, હૅરાન—હેરાન, કૉલ—કોલ, ઝૅર—ઝેર, કૅર—કેર, ચૉપડી—ચોપડી, વગેરે.

આજે સ્વીકારાયેલી વિકલ્પ જોડણી, એક વખત એવો આવશે કે અમે સોરઠના અને હાલારી કે કચ્છીઓ પણ લખી શકીશું. ગુજરાતી ભાષાના વારસામાં ઉચ્ચારાયેલું આ ઉચ્ચારણ શબ્દકોશોમાં સ્પષ્ટ નોંધાય તો કેટલો ઉપકાર કર્યો કહેવાય? શ્રી. લલ્લુભાઈ ગોકળદાસ પટેલે એમના ગુજરાતી કોશમાં આ ઉચ્ચારણવાળા શબ્દો નોંધ્યા છે, પણ તે તરફ ઘણાનું ધ્યાન ગયું નથી.

કેટલીક પ્રકીર્ણતા

લેખનની શિથિલતાને અંગે ઉચ્ચારણ 'ઐ—ઔ' એવું થતું હોવા છતાં 'અઇ—અઉ' એવી જોડણી જાણ્યે—અજાણ્યે થયા કરે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળ તરફથી પ્રસિદ્ધ થયેલી નિયમાવલીમાં 'ઐ—ઔ' સ્વરૂપે એવા શબ્દો લખવાનું વિધાન પ્રાપ્ત થાય છે. એનું જ અનુસરણ 'જોડણીકોશ'માં અને ગુજ. વર્ના. સો. ના કાચા ખરડામાં છે. સરળતા પણ 'ઐ—ઔ' સાથે લખવામાં મદદગાર થાય છે. આ નિયમનું સંપૂર્ણાંશે પાલન કરવાને માટે વર્તમાન પ્રથમ પુરુષ બ. વ. નો 'ઇયે' લાગતાં પૂર્વે અકાર હોય તો ત્યાં પણ 'ઐ' જોડણી કરવી આવશ્યક બને છે. એમ ન કરવામાં આવે તો તેટલા પૂરતી અવ્યાપ્તિ આ નિયમમાં બાધિત થાય. એથી પ્રાપ્ત થતો સંપૂર્ણ નિયમ આ છેઃ

૧૫. જે શબ્દોમાં 'ઐ' અને 'ઔ' એમ એક સ્વરવાળો જ ઉચ્ચાર થતો હોય ત્યાં તે શબ્દોમાં 'ઐ—ઔ' જ લખવાં. ઉદા૦ **પૈ (પાઈ પણ ખરો), પૈસો, કૈં, કૈંક, કૌવો, ચૌદ, ચૌટું, કૌંસ, સૈકું, હૈડું, વગેરે. હૈયે—**

જેયે-થૈયે (માત્ર રૂઢિ આમાં વિભાષા હઇયે, જઇયે, થઇયે એટલી અર્પે.) જઈ, થઈ, હઈ, લઈ તેમ જ ગઈ તેમાં ઇકાર હ્રસ્વ ઉચ્ચરિત થાય ત્યારે જૈ, થૈ, હૈ, લૈ, ગૈ એવી જોડણી વિકલ્પે સ્વીકાર્ય હોય. તે જ રીતે વિકલ્પે હેં-અહીં, ન્હેં-નહીં, ત્હેં-તહીં, જ્હેં-જહીં, તેમ જ જોં (જણિં પણ, તે રીતે દૌં-દણિં, લૌ-લણિં, ધૌં-ધણિં.)

તત્સમેતર શબ્દોમાં અનુસ્વારના કહેવાતા તીવ્ર ઉચ્ચાર (વસ્તુસ્થિતિએ વૈદિક કાળથી ચાલ્યા આવતા અનુસ્વાર)ને માટે સામાન્ય બિંદુ જ સ્વીકૃત છે. સુધારેલી નાગરી લિપિમાં અનુનાસિક કિંવા અનુસ્વારના કહેવાતા કોમળ ઉચ્ચાર માટે અલગ ચિહ્ન યોજવાની આરાધના કરવામાં આવી છે. અનુસ્વારને માટે બંગાળીમાં છે તેવું વર્ણની જમણી બાજૂએ ० એ ચિહ્ન રાખવું એવી ભલામણ થઈ છે, છતાં સ્વ. પ્રિ. માધવલાલભાઈએ અનુનાસિક માટે સૂચવેલું અને વિદ્યમાન પ્રો. બળવંતરાય ક. ઠાકોર અનુસ્વારને માટે વાપરે છે તેવું ० પોલું મીંડું વધુ સરળ છે. તત્સમ શબ્દોમાં ક્યાં અનુસ્વાર અને ક્યાં પરસવર્ણ કરવો એ બતાવવામાં આવ્યું છે. એ જ નિયમ તત્સમેતર શબ્દોમાં પણ સ્વીકાર્ય હોવો જોઇયે; તો જ એકવાક્યતા પ્રાપ્ત કરી શકાય. આ રીતે—

૧૬. તત્સમેતર શબ્દોમાં અનુસ્વાર (ના તીવ્ર ઉચ્ચાર)ની નિયમ ૪ (अ–आ–इ)માં જણાવ્યા મુજબની જોડણી કરવી. ઉદા૦ ગન્ડું-ગ°ડું, દઙ્ગ-દ°ગ, મણ્ડવું-મ°ડવું વગેરે. 'મંડવું'માં સાનુનાસિક ઉચ્ચારણ પણ છે, ત્યાં 'મંડવૂં' 'મંડવો' એવી જોડણી વિકલ્પે સ્વીકાર્ય. અનુનાસિક (કિંવા અનુસ્વારના કહેવાતા કોમલ) ઉચ્ચારણને ચાલુ બિંદુથી જ વ્યક્ત કરવું. ઉદા૦ માંડવૂં, વાંચવૂં, હીંડવૂં, વગેરે.

સ્વરો અને અનુસ્વાર–અનુનાસિકના વિષયમાં એકવાક્યતા લાવવાને માટે ગુજરાતી ભાષાનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવતાં ઉપર બતાવેલાં ઉચ્ચારણો એના મહત્ત્વ પ્રમાણે નક્કી અથવા વિકલ્પે સ્વીકારવાં જોઇયે. ખરો વિચારક ઉપર રજૂ કરેલાં ઉચ્ચારણોમાંથી કોઇને પણ અશિષ્ટ સ્વીકારી શકે એમ નથી. [અપૂર્ણ]

[કૌમુદીઃ પુ. ૧૪, સને ૧૯૩૭, ફેબ્રુઆરી પૃ. ૧૨૨–૧૨૮; માર્ચ પૃ. ૨૭૦–૨૭૬; મે પૃ. ૪૬૬–૪૭૨; જુલાઈ પૃ. ૬૭૬–૬૮૩; અને પુ. ૧૬, સપ્ટેમ્બર પૃ. ૨૪૩–૨૫૦]

પરિશિષ્ટ

[**નોંધ**—આ લેખના પાંચ હપ્તા છપાયા પછી વિશેષ એક હપ્તો લખાયે ૨૧ મા નિયમ સુધીની ચર્ચા આપવામાં આવી હતી, પછી લખી શકાયું નહિઃ "કૌમુદી" બંધ પડયું, છઠ્ઠો હપ્તો છપાયો જ નહિ, એટલે નિયમ ૧૭ થી આખર સુધીની ચર્ચા પ્રસિદ્ધિ પામી જ શકી નહિ. એ મૂળ નિયમો 'માનસી'માં છપાયાનો આ લેખના આરંભમાં ઉલ્લેખ થયો છે, તેમાંથી મૂળ નિયમો જ અહીં **પરિશિષ્ટ** તરીકે આપવામાં આવે છે. ૨૨ થી ૨૫ નિયમમાં હકાર વિશે નિયમો છે. લઘુપ્રયત્ન હકાર આ નિયમોમાં બધે હ઼થી બતાવ્યો છે. 'હ'નું આ સ્વરિત ઉચ્ચારણ બતાવવા મને વિસર્ગ ચિહ્ન યોજવું વધુ સરળ લાગે છે. 'હ' વાળા સ્વરની પછી વિસર્ગ ચિહ્ન આવી જાય તો છાપખાનાની અગવડ પણ ટળી જાય છે. જ્યાં જુદો હ઼ બતાવવાનો નથી તેવી જોડણીમાં ચેઃરો, તેઃવાર, નેઃર, નોઃર, પાઃડ, પાઃણ, પેઃરવું વગેરે એ રીતે સર્વત્ર સ્વીકારવું. એ જ રીતે અઃમે, મઃને, તઃને, અઃમારૂં, ડોઃળવું, ડાઃપણ વગેરે પણ. તા. ૧૨–૮–'૪૪]

૧૭. ડ–ઢનાં મૂર્ધન્યતર ઉચ્ચારણ બતાવવા નુક્તાવાળા ડ઼–ઢ઼ સ્વીકારવા. ઉદા૦ ઘડ઼ો, ઘોડ઼ો, કડ઼ં, ધડ઼, લડ઼વું, લડ઼યે, પડ઼વું.; કાઢ઼વું, વઢ઼વું. મઢ઼, ચઢ઼વું, કઢ઼ો, લોઢ઼ું, મોઢ઼ું, વગેરે.

૧૮. નારીજાતિના અકારાંત શબ્દોમાં, આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાં અને મૂળ પ્રકૃતિમાં સાતમીનો इ પ્રત્યય (જૂની ગુજરાતીનો) હતો તેવાં સ્થળે વિકૃત થઈ ઊતરી આવેલો લઘુપ્રયત્ન યકાર વિકલ્પે બતાવવો. ઉદા૦ આંખ્ય-ખ, રાત્ય-ત, ચાલ્ય-લ, સાજણ્ય-ણ; લાવ્ય-વ, કરય-ર, વાંચ્ય-ચ; કાલ્ય-લ, ઘેરય-ર, ગામ્ય-મ વગેરે. તેમ જ ઉપલ્યૂં-લૂં, હેઠલ્યૂં-લૂ, નીચલ્યૂં-લૂં, વચલ્યૂં-લૂંમાં વિભાષા સ્વીકારવી.

(દ્વિતીય ભૂતકૃદંતની વિભાષા માટે જુઓ ૧૩ उ.)

૧૯. ઉપર સિવાયના બીજા સંયોગોમાં લઘુપ્રયત્ન યશ્રુતિ હોય તે યથી બતાવવી. ઉદા૦ વસ્યો, હસ્યો, ગયો, જોયૂં, ખોયૂં વગેરે.

નોંધ:—કેટલાક શબ્દોમાં ધ-ર-ડ-લ-ળ ને બદલે યશ્રુતિની ભ્રાંતિ થાય છે ત્યાં મૂળરૂપ જ કાયમ રાખવું. ઉદા૦ બાધડી, કોરડો, ભમરડો, પારણૂં, બારણું, બરણી, દોરડૂં, ખાંડણી, શેરડી-શેલડી, દરણૂં, ચારણી વગેરે. (દળણૂં, ચાળણી એ ઉચ્ચાર-વિરુદ્ધ છે. મૂર્ધન્યતર 'ણ' પૂર્વે લઘુપ્રયત્ન અકારવાળો જિહ્વામૂલીય ળ ઉચ્ચારવો અસંભવિત છે. એથી જ ળ ને સ્થળે ર સ્વાભાવિક આવી જાય છે.)

૨૦. તત્સમેતર શબ્દોમાં સકાર પછી ઈ, એ કે य् આવતાં સકારનો શ ઉચ્ચારાય છે તેનો વિકલ્પે સ્વીકારવો. ઉદા૦ હશી-સી, બેશી-સી, બેશે-સે, વશ્યો-સ્યો, ડોશી-સી, માશી-સી, એંશી-સી, એકયાશી-સી.

૨૧. એ ઉપરાંત બીજે જ્યાં જ્યાં વિકલ્પોચ્ચારણ છે ત્યાં બધે ય વિભાષા સ્વીકારવી. ઉદા૦ દશમૂં-દસમૂં; બારશ-સ, તેરશ-સ; વીશ-સ, ત્રીશ-સ, ચાળીશ-સ, પચાશ-સ, છાશ-સ વગેરે. પરંતુ શાકરમાં રૂઢ શ જ રાખવો.

૨૨. જ્યાં જ્યાં હકારનું સ્પષ્ટ ઉચ્ચારણ છે તેવા તત્સમેતર શબ્દોમાં હકાર પૂર્વેનો વ્યંજન અકાર-રહિત અથવા અકાર-સહિત એમ બંને રીતે લખવો. ઉદા૦ ચ્હેરો-ચહેરો, ત્હેનાત-તહેનાત,

ત્હેવાર–તહેવાર, ન્હેર–નહેર, ન્હોર–નહોર, પ્હાડ–પહાડ, પ્હાણ–પહાણ, પ્હેરવું–પહેરવું, પ્હેરે–પહેરેગીર, પ્હેલું–પહેલું, પ્હોંચવું–પહોંચવું, પ્હેલ–પહેલ, પ્હોર–પહોર, પ્હોળું–પહોળું, બ્હાનું–બહાનું, બ્હાર–બહાર, બ્હેડું–બહેડું, બ્હેકવું–બહેકવું, બ્હેતર–બહેતર, બ્હેન–બહેન (બેન પણ), બ્હેરૂં–બહેરૂં, બ્હોળું–બહોળું, મ્હાલવું–મહાલવું (માલવું પણ), મ્હાવત–મહાવત, મ્હાવરો–મહાવરો, મ્હેણું–મહેણું (મેણું પણ), મ્હેતો–મહેતો, મ્હેનત–મહેનત, મ્હેમાન–મહેમાન, મ્હેર–મહેર, મ્હેલ–મહેલ, મ્હોબત–મહોબત, મ્હોર–મહોર, ર્‌હેમ–રહેમ, લ્હાણ–લહાણ, લ્હાવો–લહાવો (લાવો પણ), લ્હેકો–લહેકો, લ્હેજત–લહેજત (લીજત પણ), લ્હેર–લહેર, વ્હાણ–વહાણ, વ્હાણું–વહાણું, વ્હાર–વહાર, વ્હાલ–વહાલ, વ્હેણ–વહેણ, વ્હેમ–વહેમ. વ્હેરવું–વહેરવું, વ્હેલું–વહેલું, વ્હેવાર–વહેવાર, વ્હેંચવું–વહેંચવું, વ્હોણું–વહોણું, વ્હોરવું–વહોરવું, સ્હાય–સહાય (સાહ્ય પણ), સ્હેજ–સહેજ, સ્હેરો–સહેરો, સ્હેલ–સહેલ, સ્હેલું–સહેલું વગેરે.

—કહે, રહે, લહે, વહેનાં નીચે પ્રમાણે રૂપો સ્વીકાર્ય છેઃ—

કહેઃ–કહું, કહિયે, ક્‌હે–કહે, ક્‌હો–કહો, કહ્યું, ક્‌હેલું–કહેલું. કહીશ, કહીશું. પરંતુ ક્‌હેશું–કહેશું, ક્‌હેશો–કહેશો, ક્‌હેત–કહેત કે ક્‌હત–કહત, ક્‌હેતું–કહેતું, ક્‌હેનાર–કહેનાર, ક્‌હેવાનું–કહેવાનું, ક્‌હેજે–કહેજે, ક્‌હેવું-કહેવું, ક્‌હેવાવું-કહેવાવું, ક્‌હાવવું-કહાવવું, ક્‌હેવડા–(રા)વવું–કહેવડા (રા)વવું, અને કહે ઉપરથી ક્‌હાણી–કહાણી, ક્‌હેણ–ણી કહેણ–ણી, ક્‌હેવત–કહેવત. [કહેનું વિકલ્પે કીધું, અને લહેનું ચોકસ લીધું એવાં રૂપ ભૂ. કૃ. નાં છે.]

રહે, લહે, વહેનાં તેવાં જ રૂપો. રહેનાં પ્રેરક રૂપો પ્રચારમાં નથી. કહાવવું માફક રહે–લહેનાં રહાવવું–લહાવવું નથી. રહેનું રહેવડાવવું પણ થતું નથી. કૃદંત નામનાં પણ પ્રચલિત રૂપો જ સ્વીકાર્ય.

૨૩. ચાહ, નાહ, સાહ, દોહ અને લોહ એ ધાતુઓને અનિયમિત ગણી નીચે પ્રમાણે રૂપો સ્વીકારવાં:—

ચાહ :–ચાહું, ચાહિયે. ચાહે કે ચ્હાય–ચાહ્ય, ચાહવા–ચ્હાવા–ચ્હાઓ, ચાહવું, ચાહેલું, ચાહીશ, ચાહીશું કે ચ્હાશું–ચાહશું, ચ્હાશે–ચાહશે, ચ્હાશો–ચાહશો, ચ્હાત–ચાહત, ચ્હાતું–ચાહતું, ચાહનાર, ચાહવાનું, ચાહ, ચાહજે, ચ્હાવું–ચાહવું, ચાહનાં પ્રેરક રૂપો પ્રચારમાં નથી. કર્મણિ ચહાવું.

નાહ :–નાહું, નાહિયે, ન્હાય-નહાય, નાહે, ન્હાવ-નહાઓ, નાહ્યું–ન્હાયું–નહાયું, નાહેલું–ન્હાયેલું–નહાયેલું; નાહીશ, નાહીશું કે ન્હાશું–નહાશું, ન્હાશો–નહાશો, ન્હાશે–નહાશે, ન્હાત–નહાત, ન્હાતું–નહાતું, ન્હાનાર–નાહનાર, ન્હાવું–નહાવું, નાહવું, ન્હા–નહા–નાહ, ન્હાજે–નહાજે; કર્મણિ ન્હવાવું નવાવું; પ્રેરક ન્હવડા(રા)વવું–નવડા(રા)વવું. ન્હાણી–નહાણી.

સાહ :—ચાહ પ્રમાણે.

દોહ : દોહું, દોહિયે, દુહે–દોહ્યું, દુહો, દોહ્ય, દોહેલું, દોહીશ, દોહીશું કે દોહશું, દોહશે, દોહશો, દુહત કે દોહત, દોહતું, દોહનાર. દોહવાનું, દોહ, દોહજે. (દોહનાં કર્મણિ પ્રેરક રૂપ 'દો' પ્રકૃતિ ઉપરથીઃ દોવાવું દોવડા(રા)વવું થાય છે.)

લોહ :—દોહ મુજબ. **દોહ** અને **લોહ** એ બંનેને સ્થળે **સર્વત્ર દો** અને **લો** એવી પ્રકૃતિ પણ પ્રચારમાં છે.

નોંધ:—ચાહ અને નાહનાં ચ્હા પ્રકૃતિ રૂપે ઉપર કેટલાંક રૂપો આપ્યાં છે તે ઉપરાંત આકારાંત ધાતુ ગણી **જા**નાં રૂપો જેવાં રૂપો સ્વીકારવામાં હું કશો બાધ જોતો નથી.

૨૪. ગુજરાતના કેટલાક ભાગમાં કેટલાક શબ્દોમાં હકારનું ઉચ્ચારણ છે, જ્યારે કેટલાકમાં નથી; આવા શબ્દોમાં વિકલ્પ રાખવો. ઉદા. ડહાપણ–ડાપણ, ડહોળવું–ડોળવું, ડહોળો–ડોળો, નહાર–નાર, પહાણો–પાણો, વહેરો–વેરો, ખોહ–ખો, ચાહ–ચા, જેહ–જે, તેહ–તે,

એહ-એ, મેહ-મે, રહેંટ-રેંટ, વેહ-વે, શાહ-શા, ચેહ-ચે, કુહાડો-કુવાડો, જુહાર-જુવાર, દુહો-દુવો, લુહાર-લુવાર વગેરે.

૨૫. ગુજરાતના કેટલાક ભાગમાં વ્યુત્પત્તિસિદ્ધ લઘુપ્રયત્ન હકારનું કેટલાક શબ્દોમાં અસ્તિત્વ છે, પરંતુ બીજા કેટલાક ભાગમાં એ લઘુપ્રયત્ન હકારનું શ્રવણ નથી થતું, તેવા શબ્દોમાં વિકલ્પ સ્વીકારવો. ઉદા. ન્હાનું-નાનું, પ્હાની-પાની, પ્હાનો-પાંનો, ફ્હાન-ફાન, પ્હરોણો-પરોણો, વ્હે-વે, વ્હેંત-વેંત, મ્હોટું-મોટું, વ્હાલમ-વાલમ, ફ્હોણી-કોણી, ફૂહણી-ફૂણી. વ્હાણું-વાણું, ઢ્હનું-ઢીનું. હોજરૂં-ઓજરૂં, હવેડો-અવેડો, હવાડો-અવાડો, હેડકી-એડકી, હેલી-એલી, હેવાતન-એવાતન, હોલવવું-ઓલવવું, હોળવું-ઓળવું, હગવું-અઘવું, દૂલ્હો-દૂલો, કોલ્હૂ-કોલૂ, મ્હે-મે, લ્હાય-લાય (લાહ્ય પણ) વગેરે. તે જ રીતે જ્યહાં-જ્યાં, ક્યહાં-ક્યાં, ત્યહાં-ત્યાં, જ્યહારે-જ્યારે, ક્યહારે-ક્યારે, ત્યહારે-ત્યારે. હૂં, તૂં, જે, તેનાં રૂપોમાં હ નું સ્થાનઃ—

—હૂં, મ્હને-મને, મ્હારે-મારે, મ્હારાથી-મારાથી, મ્હારૂં-મારૂં, મ્હારામાં-મારામાં, હમે-અમે, હમો-અમો, હમને-અમને, હમારે-અમારે, હમારાથી-અમારાથી, હમારૂં-અમારૂં, હમારામાં-અમારામાં,

—'તૂ' ના તે જ મુજબ.

—જે-જેહ, જ્હેને-જેને, જેણે, જ્હેથી-જેથી, જ્હેનાથી-જેનાથી, જ્હેનૂં-જેનૂં, જ્હેમાં-જેમાં, જ્હેનામાં-જેનામાં, જ્હેની-જેની. બહુવચનની જ્હે-જે પ્રકૃતિ સ્વીકારી રૂપો કરવાં. માત્ર 'મ' પહેલાં 'જે-'.

—'તે'નાં ઉપર મુજબ જ.

૨૬. મૂળ પ્રકૃતિમાં ધ્ય હોય અને તે ઉપરથી જે તાલવ્ય ઊતરી આવે છે, તે ઝ છે. ઉદા. સીઝવૂં, સૂઝવૂં, બૂઝવૂં, સમઝવૂં, સાંઝ વગેરે, તે જ રીતે મઝાં-ગોઝારૂંમાં ઝ છે. [સોજવૂં, સૂજવૂં, બૂજવૂં, સમજવૂં, સાંજ વગેરે જોડણી ઉચ્ચારણથી વિરુદ્ધ છે.]

૩. પ્રકીર્ણ

૨૭. તત્સમ શબ્દોમાં તેમ જ ચ-છ અને દ-ધ નો સંયોગ છે તેવા તત્સમેતર શબ્દોમાં અલ્પપ્રાણ અને મહાપ્રાણ એવી રીતે જોડણી કરવી. તત્સમેતર શબ્દોમાં ચ, છ, અને દ, ધ સિવાયના સંયોગોમાં

વિકલ્પ સ્વીકારવો. ઉદા૦ અશ્વત્થ, ઉત્થાન, વિઠ્ઠલ, સ્વચ્છ, બુદ્ધિ, અચ્છેર, અદ્ધર; પરન્તુ ચિઠ્ઠી-ઠ્ઠી, ચોકખું-ખ્ખું, પત્થર-પથ્થર વગેરે.

૨૮. કવિતામાં કોઇ પણ સંયોગોમાં હ્રસ્વદીર્ઘની છૂટ શિષ્ટતાને ધોકો પહોંચાડનારી હોવાથી સ્વીકાર્ય ન જ હોય.

---

૪. શબ્દો છૂટા પાડવા ન પાડવા વિશેના નિયમો

૧. નામિકી તેમ જ આખ્યાતિકી વિભક્તિના અને કૃદંત તેમ જ તદ્ધિતના પ્રત્યયો-અનુગો છૂટા પાડવા નહિ. ઉદા૦ હાથથી, હાથને, કરશે, કરૂં, શીખનાર, ઘોડાવાળો.

૨. નામયોગી તેમ જ સાહાય્યકારક ક્રિયાપદ છૂટાં જ રહે. ઉદા૦ હાથ કેરૂં, હાથ માટે, હાથ વડે; કરૂં છું, કરતો હતો, કર્યું છે, વગેરે.

૩. સૂધી, લગી, લગણ-આ નામયોગી-અવ્યયો સપ્તમીનો અર્થ બતાવનારાં અવ્યય સાથે જોડાયેલ હોય ત્યારે સાથે જ લખવા. ઉદા૦ જ્યાંસૂધી, ત્યાંસૂધી, જેટલેસૂધી, તેટલેસૂધી, ત્યાંલગણ વગેરે. પરંતુ અત્યાર સૂધી-લગણ-લગી.

૪. સમાસાંત શબ્દોમાં પદો છૂટાં પાડવાં નહિ. ઉદા૦ દૂધપાક, યથાબુદ્ધિ, મહાબાહુ વગેરે. સ્પષ્ટાર્થ ખાતર સંધિ છૂટો બતાવવો હોય તો વચ્ચે લઘુરેખા કરવી. ઉદા૦ અતિ-આદર કે અત્યાદર.

૫. જ, ય, યે-એ આ શબ્દો જેની સાથે આવેલા હોય તેની સાથે જ લખવા, જુદા ન પાડવા. જ અને ય પૂર્વે આવતો લઘુપ્રયત્ન અકાર પૂર્ણપ્રયત્ન થઇ જાય છે. (જુદા રહેલા જ-ય માં કેવી રીતે અંત્ય અકાર લઘુપ્રયત્ન ઉચ્ચારી શકાય ?). ઉદા૦ દૂંજ, દૂંય, રામજ, રામય; આમ જ-ય આગલા શબ્દના અંગમાં એકરૂપ બની જાય છે.

૬. લીટી પૂરી થતાં શબ્દ તોડતાં એટલું ધ્યાન રાખવું કે ઉચ્ચાર કરતાં શબ્દનો જેટલો ભાગ સાથે બોલાતો હોય તેને ન તોડી જ્યાં ભાગ જુદો પડતો હોય ત્યાં તોડવો. ઉદા૦ દરિયા-કિનારો, નહિ કે દરિ-યાકિનારો કે દરિયાકિ-નારો; મુસલ-માન, નહિ કે મુસ-લમાન; તળાવ-માં, નહિ કે ત-ળાવમાં કે તળા-વમાં; ઉપ-કાર, નહિ કે ઉ-પકાર કે ઉપકા-ર; વગેરે.

અપભ્રંશકાલથી ચાલ્યાં આવતાં ઉચ્ચારણોને ખ્યાલમાં રાખી ઉપર પ્રમાણે યથાબુદ્ધિ શિષ્ટ ગળામાં પ્રતીત થતી જોડણી બતાવવાનો આ પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે જે વિકલ્પો પ્રચલિત જોડણી ઉપરાંત બતાવવામાં આવ્યા છે તે બધાય વ્યુત્પત્તિસિદ્ધ છે એમ જૂની ભાષાનો અભ્યાસી જોઇ શકશે. જોડણીમાં ચાલુ થઇ ગયેલા કૃત્રિમ નિયમોને ખરા નિયમો ધ્યાનમાં આવતાં લોકો આપોઆપ છોડી દેશે; પરિણામે ભાષાનું સ્પષ્ટ સ્વરૂપ તરી આવશે. આ ફેરફાર કાંઇ તરત જ ન થાયઃ કાળે કરીને રૂપ સંપૂર્ણ સ્થાપિત થઈ જશે.

ખરું જોતાં આ વિષયને ગમે તેટલો કૃત્રિમ નિયમો બાંધી દાબી દેવાનો પ્રયત્ન કરવામાં આવશે, તોય જ્યાંસુધી ખરું સ્વરૂપ છેવટને માટે નક્કી નહિ થાય ત્યાંસુધી વારંવાર સમુદ્રની ભરતીઓટની માફક એ ઊભો થશે અને વિલીન થશે. ભાષાસ્વરૂપને અસલ સ્થિતિમાં જોવાને કયો ગુર્જરી–પુત્ર ઉત્સુક ન હોય ?

વિકલ્પોથી કદાપિ ડરવાનું નથી. પ્રાકૃત ભાષાઓનાં વ્યાકરણો જોઇયે છિયે ત્યારે આપણને ખરો ખ્યાલ આવે છે કે આપણે ઘણા જ નસીબદાર છિયે. આપણે ત્યાં પ્રાકૃતમાં જે અરાજકતા હતી તેવી છે ? સામાન્ય પ્રાકૃત, જૈન પ્રાકૃત અને અર્ધમાગધીનાં સ્વરૂપો જોયા પછી આપણી ગુજરાતી તરફ જોઇયે, ક્યાં ખરી મુશ્કેલી છે એ તરત જણાઇ આવશે.

આ પ્રયત્નને સહૃદય સાક્ષરો પોતાના ધ્યાનમાં લેશે તેટલાથીય હું મારી મહેનતને સફળ માનીશ. ખરેખરઃ—

(આર્યા)

વિજ્ઞાને ખીલેલું સુજ્ઞ તણું ચિત્ત જીતવું સ્હેલું;
ચુંબક ખેંચે નક્કી, લોહ જ જો હોય શોધેલું.

सुज्ञेषु किं बहुना ? इति शम् ।

માંગરોળ–કાઠિયાવાડ
તા. ૭–૬–'૩૫
[માનસી પુ. ૧, અંક ૨ જો]

૨૩. સાર્થ ગુજરાતી જોડણીકોશ[1]

સૌથી પ્રથમ ૧૯૨૯માં ગુજરાતી ભાષામાં જોડણીમાં પ્રવર્તતી અરાજકતાને નિયમમાં લાવવા માટે ગુજરાત વિદ્યાપીઠ તરફથી "જોડણીકોશ"ના મથાળા નીચે એક વિસ્તૃત શબ્દસૂચી બહાર પાડવામાં આવી હતી. એ કોશના આરંભમાં, તે પૂર્વેના છ-સાત દાયકામાં જોડણીને નિયમમાં લાવવા માટે થયેલા અન્યાન્ય પ્રયત્નોના પરિણામે પ્રસિદ્ધિમાં આવેલી નિયમાવલીઓનો મેળ સાધી સર્વસામાન્ય જોડણીના નિયમો આપવામાં આવ્યા હતા. એ તો સ્પષ્ટ સ્વરૂપે સ્વીકારવું જોઇયે કે એ પૂર્વેના પ્રયત્નો જરા પણ સાર્વત્રિક થઇ શકયા નહોતા. એનું કારણ પણ અતિ સ્પષ્ટ છે કે એની પાછળ વ્યવસ્થિત પીઠબળનો અભાવ હતો; એટલે વસ્તુસ્થિતિએ નિયમો નિયમાવલીઓમાં જ દટાઈ ગૂંગળાઇ ગયેલા હતા. વિદ્યાપીઠે તો માત્ર નિયમાવલીથી ન અટકતાં એ નિયમાવલી મુજબ સિદ્ધ થતા યાવત્પ્રાપ્ય શબ્દોની સૂચી જ બહાર પાડી નાખી; એટલે એકધારી જોડણી લખવાની ચીવટવાળા લેખકોને કોશની મદદથી જોડણીને એકધારી કરવાની સુવિધા પ્રાપ્ત થઈ. એ કોશની નકલો ચપોચપ ઊપડી ગઈ અને ૧૯૩૧માં, મૂળ પહેલી આવૃત્તિના ૪૩૭૭૩ શબ્દોમાં ઉમેરો કરી ૪૬૬૬૧ શબ્દો આપી એ શબ્દોના અર્થો સાથેની બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી. અર્થો અપાયાને અંગે એ કોશનું મહત્ત્વ અત્યંત વધી ગયું. પરિણામે એની છપાયેલી ૨૧૦૦ નકલ થોડા જ સમયમાં અપ્રાપ્ય થઇ પડી. એ પછી રાજકીય ઝઘડાને અંગે વિદ્યાપીઠના કાર્યકરો રાજકીય પ્રવૃત્તિમાં રોકાઈ જવાથી નવી આવૃત્તિ તરતમાં જ પ્રકટ ન કરી શકાઇ. આજ ૭ વર્ષે પણ એ કોશની સુધારાવધારાવાળી નવી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે એ

---

૧ (ત્રીજી આવૃત્તિ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, રૉયલ ૮ પેજી, પૃ. ૨૪+૬૧૬, કી. રૂ. ૪-૦-૦)નું અવલોકન.

પણ એક હર્ષની વાત છે. બીજી આવૃત્તિ કરતાં આ આવૃત્તિ અનેક રીતે નવી ભાત પાડનારી છે એ નિર્વિવાદ છે. પ્રથમ તો સાધિત શબ્દોને અને સામાસિક શબ્દોને તે તે શબ્દોના મૂળ શબ્દના પેટામાં પ્રાયઃ ખેંચી લેવામાં અવાયા હોવા છતાં ૫૬૮૩૦ જેટલા શબ્દોનો સંગ્રહ આ નવી આવૃત્તિમાં આપવામાં આવ્યો છે; નિયમાવલીમાં પણ સંદિગ્ધતા દૂર કરી સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; કેટલાક વધુ વિકલ્પો પણ ઉમેરવામાં આવ્યા છે; અને જે ખાસ મહત્ત્વનો ફેરફાર છે તે તત્સમ શબ્દોની નોંધ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તે છે.

આ આવૃત્તિમાં આપેલી નિયમાવલીને શબ્દોના સ્વરૂપ ઉપરથી ત્રણ વિભાગમાં વિભક્ત કરવામાં આવી છે, તે અનુક્રમે ૧. તત્સમ શબ્દો, ૨. હશ્રુતિ તથા યશ્રુતિ અને ૩. તદ્ભવ શબ્દો. તત્સમ શબ્દોના વિષયમાં આગલી આવૃત્તિમાં આઠ નિયમો હતા, તેમાંનો પાંચમો નિયમ આ આવૃત્તિમાં રદ કરવામાં આવ્યો છે. આ નિયમની અવ્યાવહારિકતા તરફ પ્રો. બળવંતરાય ક. ઠાકોરે બીજી આવૃત્તિનું અવલોકન "પુસ્તકાલય" માસિકમાં આપતાં સૌથી પ્રથમ ધ્યાન ખેંચ્યું હતું. "જ્યાં આરબી ફારસી અંગ્રેજી કે અન્ય પર ભાષામાંથી અપભ્રષ્ટ થયેલો શબ્દ રૂઢ થઇ ગયો હોય ત્યાં તે જ અર્થમાં તત્સમ ન વાપરવો." આ ખરું જોતાં જોડણીનો નિયમ જ નથી. ગ્રંથના વિષય પરત્વે ગ્રંથકારે શબ્દોની પસંદગી કરવાની હોય છે. આ નિયમનો અમલ કરવામાં આવતાં ગ્રંથકાર ધર્મસંકટમાં મુકાઈ જાય છે. વસ્તુસ્થિતિએ શૈલીને લગતો આ પ્રશ્ન હોવાથી ગ્રંથકારના નિર્ણય ઉપર જ એ મુકાવો જોઇયે. એ વસ્તુનું સત્યદર્શન "જોડણીકોશ"ના અત્યારે તો એક માત્ર સંપાદક શ્રી. મગનભાઇ પ્રભુદાસ દેસાઈને યોગ્ય સ્વરૂપે થયું છે; એને જ પરિણામે એ નિયમ નવી આવૃત્તિમાંથી અદશ્ય થયો છે.

તત્સમ શબ્દો

તત્સમ શબ્દોની શુદ્ધિ માટે આપવામાં આવેલા સાત નિયમોમાં ૪ નિયમો માત્ર સંસ્કૃત તત્સમ શબ્દો માટે છે. આમ છતાં એક

પગલું–અને તે પણ મારે મતે તો તદ્દન વાજબી છે તે–નિયમ બીજામાં ભરવામાં આવ્યું છે; અને તે એ છે કે તેમાં સંસ્કૃત શબ્દોની સાથે જ હૂબહૂ–આબેહૂબ, ફ્ર્શ–ફરસ એ બે સંસ્કૃતેતર શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિયમ પ્રમાણે ભાષામાં તત્સમ તથા તદ્ભવ બંને રૂપો પ્રચલિત હોય તો બંને સ્વીકારવાં એ ફલિત થાય છે. ૩ જો નિયમ વ્યંજનાંત શબ્દો માટે છે અને એને તો પ્રથમ આવૃત્તિથી જ સંસ્કૃતેતર ભાષાઓના શબ્દો માટે વ્યાપક રાખવામાં આવ્યો છે. માત્ર અહીં ધ્યાન ખેંચે છે તે ૧લો અને ચોથો નિયમ છે. એ બંને નિયમો સ્વતંત્ર પ્રથમ આવૃત્તિથી જ આપવામાં આવ્યા છે અને એ માત્ર સંસ્કૃત શબ્દો પૂરતા. ખરું જોતાં એ સ્વતંત્ર નિયમો ન હોવા જોઇયે, કેમકે ગુજરાતી ભાષામાં માત્ર સંસ્કૃત શબ્દો જ લેવામાં નથી આવતા, પરંતુ અન્યાન્ય અનેક ભાષાઓના શબ્દોનો સ્વીકાર કરવામાં આવે છે; એટલે કદાચ સંસ્કૃત શબ્દોને માટે કાંઇ વિશિષ્ટ આપવું હોય તો તે મહાનિયમના પેટામાં આપવું જોઇયે. ખરું જોતાં પ્રથમના નિયમમાં લખેલો "સંસ્કૃત" એ શબ્દ જ અનપેક્ષિત છે; 'તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી' એટલું જ પર્યાપ્ત છે. સંસ્કૃતેતર અને એમાં પણ ભિન્ન વિદેશીય લિપિમાં લખાતા શબ્દોની જોડણી કેમ કરવી એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તેનું સમાધાન નવી આવૃત્તિનો ૫ મો નિયમ–"આરબી, ફારસી, તથા અંગ્રેજી ભાષાના શબ્દો લખતાં તેતે ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ન વાપરવાં," એ આપી દે છે.

તત્સમ બધા જ પ્રકારના શબ્દોના વિષયમાં કેટલીયે ઝિણવટ છે તેને સ્પર્શવાની જરૂર હજી "જોડણીકોશ"ના સંપાદકોને જણાઈ લાગતી નથી; માત્ર "જોડણીકોશ"માં અપાયેલા તેવા શબ્દોના સ્વરૂપ ઉપરથી જ આપણે એ નિયમો ઉપજાવી લેવાના રહ્યા. નવી આવૃત્તિમાં આમ છતાં નિયમાવલીમાં નહિ, પરંતુ "નિવેદન"માં શ્રી દેસાઇયે સંસ્કૃત ભાષાના શબ્દોને લગતી કેટલીએક ઝિણવટને સ્પર્શવાનો પ્રયત્ન

કર્યો છે તે પ્રશસ્ય છે. એઓ જણાવે છે કે "આપણી ભાષામાં ઘણા સંસ્કૃત શબ્દો તેમના પ્રથમાના રૂપે ઊતરી આવે છે, અને જેમાં અંતે વિસર્ગ હોય છે તેના તે વિસર્ગનો લોપ થયો હોય છે." પણ આ વિષયને–આ નિયમને સારી રીતે વિસ્તૃત સ્વરૂપે સમઝાવવાની આવશ્યકતા રહે છે. હું અહીં "કૌમુદી"ના ચાલુ વર્ષનાં પૃષ્ઠ ૨૭૫–૨૭૬ તરફ 'જોડણીકોશ'ના સંપાદકનું ધ્યાન ખેંચવા રજા લઉં છું. મને આશ્ચર્ય થાય છે કે–"૧૯૩૫માં આ આવૃત્તિનું કામ શરૂ કર્યું ત્યારે જોડણીના નિયમોને અંગે કાંઈ નવું વિચારણીય છે કે કેમ એનો પણ ખ્યાલ કરી લીધો હતો. એ બાબતમાં કશો મહત્ત્વનો ફેર કરવાની જરૂર જણાઈ નથી," એ વિધાન શ્રી. દેસાઈએ કર્યું છે. જોડણીના નિયમોમાં નિયમત્વે અવ્યાપ્તિનો દોષ ન હોવો જોઈયે એવું તો હરકોઈ સમઝુ વ્યક્તિ સ્વીકારે જ. મારો કહેવાનો આશય એ જ છે કે નિયમો એવા હોવા જોઈયે કે જે આંખ સમક્ષ આવતાં તે તે નિયમોના લક્ષ્યમાં સંપૂર્ણપણે વ્યાપક હોય.

આ દૃષ્ટિએ વિલોકતાં નવી આવૃત્તિના છઠ્ઠા નિયમનો પૂર્વાર્ધ તત્સમ શબ્દોને માટે નથી, છતાં તત્સમ શબ્દોને માટે હોય એમ ઉપર આપેલા મથાળાથી વાચક ભ્રાંતિમાં પડી જાય ખરો કે નહિ? એનો પૂર્વાર્ધ જે પ્રકારના નિષેધ માટે પ્રયોજાયેલો છે તે તદ્ભવ શબ્દોના પ્રકરણમાં જ આવવો જોઈયે અને ઉત્તરાર્ધ માત્ર આ પ્રકરણમાં હોવો જોઈયે.

આ તો માત્ર શાસ્ત્રદૃષ્ટિએ નિયમોની લાક્ષણિકતાનો, આ શાસ્ત્રગ્રંથ હોવાથી, નિર્દેશ કર્યો છે; વ્યાવહારિક દશાએ એમાં વાંધો નહિ.

ચોથો નિયમ તો શાસ્ત્રદૃષ્ટિએ કે વ્યાવહારિક દૃષ્ટિએ પણ ઠીક નથી. શા માટે પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, કવચિત્ એ ચાર શબ્દોને એકલા આવતા હોય ત્યારે વ્યંજનાંત લખવાનો આગ્રહ કરવો જોઈયે? મને તો સંસ્કૃત શબ્દોને માટે અપવાદ રાખવાની ખાસ આવશ્યકતા જણાતી નથી; સબબ કે ગુજરાતીમાં આવતાં સંસ્કૃત, અરબી, ફારસી, અંગ્રેજી

વગેરે ભાષાના વ્યંજનાંત અનેક શબ્દોની માફક જ એની જોડણી થવી જોઇયે. સમાસમાં હોય ત્યારે તો એ આખો સમાસ જ તત્સમ શબ્દસ્વરૂપે હોય છે, એટલે પૂર્વપદ તરીકે આવતા એ ચારે શબ્દોની જોડણી કેમ લખવી એ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ખરું જોતાં ૩ જા નિયમનો અપવાદ કરવાનું કોઇ જ કારણ નથી. ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળના "ગુજરાતીમાં આવેલા વ્યંજનાંત તત્સમ શબ્દોની જોડણી સ્વરાંત કરવી," એ નિયમ પ્રમાણે જ વર્તવું હિતકર છે. ગુજરાતી ભાષાં પણ સ્વતંત્ર ભાષા છે એ ભુલાવું ન જોઇયે.

અનુસ્વારનાં ભિન્નભિન્ન ચિહ્નો ન વાપરવાના નિયમને આપણે નવી લિપિ પ્રચારમાં ન આવે ત્યાંસુધી તો સંમાનવાનો જ છે; નવી લિપિ પ્રચારમાં આવતાં એનો નિકાલ થશે જ, કેમકે વસ્તુસ્થિતિએ અનુસ્વારના ભિન્ન ઉચ્ચાર એ વસ્તુ જ અસ્તિત્વ નથી ધરાવતી; કહેવાતો તીવ્ર ઉચ્ચાર તે **અનુસ્વાર** અને કોમલ ઉચ્ચાર તે **અનુનાસિક** છે. અને એ જ કારણે એ બંને ઉચ્ચારણોને માટે અલગ અલગ ચિહ્નનું હોવાપણું અનિવાર્ય છે.

હશ્રુતિ અને યશ્રુતિ

ગુજરાતી ભાષામાં લઘુપ્રયત્ન 'હ' અને 'ય'નું અસ્તિત્વ સૌ કોઈ સ્વીકારે છે.સદ્ગત કવિ નર્મદાશંકર, શ્રીનવલરામભાઈ, શ્રીગોવર્ધનરામભાઈ શ્રીનરસિંહરાવભાઈ અને વિદ્યમાન દી. બ. શ્રી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ વગેરેએ હકાર અને યકારને કોઈ અને કોઇ રીતે બતાવવાની હિમાયત કરી છે. હોપવાચનમાળાના પ્રતાપે અંતર્ગત લઘુપ્રયત્ન હ ની જે સ્વર પૂર્વે એનું ઉચ્ચારણ રહેલું છે તેની પૂર્વે હકાર પૂર્વેનાં વ્યંજનમાં અકાર ઉમેરી જોડણી કરવાનો ચીલો પડી ગયો; અને એ જ ચીલે વાચનમાલા રિવિઝન કમિટી ચડી. આ સામે સદ્ગત નરસિંહરાવભાઇએ યોગ્ય સ્વરૂપે મોરચો માંડયો; પણ મોરચો નિષ્ફળ જ નીવડયો એમ કહિયે તો એમાં જરાયે ખોટું ન ગણાય.

બેશક હકાર અલગ લખવો એમાં સારલ્ય છે, પણ ઉચ્ચારણશુદ્ધિ જરાયે નથી. અત્યારે જે પદ્ધતિએ હકાર લખાય છે તે પદ્ધતિ હોપવાચનમાલાથી જ અમલમાં આવી છે. મધ્યકાલીન ગુજરાતીનાં શિષ્ટ લખાણોમાં હકાર પૂર્વ સ્વરમાં લખવાને બદલે કેટલીયે વાર અકાર ઉમેરાતાં જુદો લખાતો; જેમકે તેહને, જેહનું, તહમો વગેરે. અહ્યો, તહ્યો વગેરે પણ મળે છે; બાકી મોટે ભાગે તો તેહેને, જેહેનું એવી જોડણી સાર્વત્રિક હતી. ઉચ્ચારણમાં તો એ સ્વલ્પ પણ વધુ ઉચ્ચારણસમય લેતો નથી; બલ્કે એ ઔરસ્ય હકાર-સ્વરૂપે સ્વર સાથે જ ઉચ્ચરિત થાય છે.[1]

કેટલાક શબ્દો એવા છે કે એમાં હકાર પ્રાંતભેદે ઉચ્ચરિત છે અને કેટલાક શબ્દોમાં શિષ્ટોમાં પણ ઉચ્ચારભેદ છે. જોડણીકોશની નિયમાવલીમાં ૮ મો નિયમ સ્પષ્ટ રીતે લઘુપ્રયત્ન હ્રકાર હોય તેવા શબ્દો આપે છે. આવા શબ્દોને માટે આપેલો એ નિયમ લેખનમાં અતિવ્યાપક છે. અમે વિકલ્પવાદીઓ આ જ નિયમમાં વિકલ્પ ઇચ્છિયે છિયે, જેને લીધે સદ્દગત નરસિંહરાવભાઈના હ્રકાર સંબધી નિયમનું માન સચવાઈ રહે છે. છતાં સરળતા ખાતર આ ૮ મો નિયમ સ્વીકારવામાં પણ બાધ નથી; પરંતુ ૯ મો નિયમ જે જાતના વિકલ્પની હિમાયત કરે છે તે રીતે હ્રકાર લખતાં અમુક શબ્દોમાં મુશ્કેલી જરૂર આવશે. નહાનું, મહોટું, સહામું, મહોર (આંબાનો), મહોં, મહોવું (લોટનું), જ્યહાં, ત્યહાં, કયહારે, જયહારે, ત્યહારે, મહારૂં, તહારૂં, તહેનું, અહાવું એમ વિકલ્પે લખાય, પરંતુ બીક, ઊનું, તમારું, અમારું, એને બહીક, અહૂનું, તહમારું, અહમારું એમ લખવાં ? નિયમથી તો એ જ પ્રાપ્ત થાય ખરું કે ? આ કરતાં તો શ્રી. નરસિંહરાવભાઇની પદ્ધતિએ જ એ લખાય એ વધુ યોગ્ય અને કુદરતી નથી જણાતું ?

---

૧. જે સ્વરમાં મહાપ્રાણતત્ત્વ છે તે સ્વર પછી 'હ'ને સ્થાને : વિસર્ગ લખાય તો બધી જ મુશ્કેલી ટળી જાય.　　　　　　　　　　　　　　　　　　　૧૨–૮–'૪૪

આ જ સ્થળે ૧૦ મા નિયમમાં ક્રિયાપદોના વિષયમાં જે રૂપબંધન નક્કી કરવામાં આવ્યું છે તે વધુ સરળ છે; બેશક તેમાં ૮ મા નિયમનો જ અમલ પ્રધાનપણે રહેલો છે; પણ સારલ્ય ખાતર એ નિભાવી લેવાનું રહ્યું. અમો વિકલ્પવાદીઓ તે તે સ્થળમાં જે જાતની વિભાષા સ્વીકારિયે છિયે તે પ્રમાણે અમલ કરવામાં આવે તો અમારું ચોક્કસ માનવું છે કે હુકાર-સંબંધી ઝઘડો કાયમને માટે શાંત થઈ જાય. મહાન વૈયાકરણ પાણિનિ અને હેમચંદ્ર જેવાઓએ પણ ભાષામાં ભારોભાર વિકલ્પોને સ્થાન આપ્યું છે એનાથી સંસ્કૃત ભાષા કે પ્રાકૃત ભાષાઓ નિંદાય છે ખરી? સ્વાભાવિક અને આપણા ગુજરાતીઓના લોહીમાં વહેતા વિકલ્પોને સ્થાન આપવામાં થોડી હીનતા છે?

૧૧ મા નિયમમાં 'ચડવું-ચઢવું'માં આ નવી આવૃત્તિએ એક પગલું આગળ ભરી વિભાષાવાદીઓનાં દિલ ખેંચવાનો પ્રયત્ન કર્યો છે એ જરૂર અભિનંદનાર્હ છે. આમ આશા રાખવાનું કારણ મળે છે કે જોડણીકોશના વ્યવસ્થાપકોને કોઇ યોગ્ય વ્યક્તિઓ તરફથી સત્ય દિશાસૂચન કરાવવામાં આવે તો એઓ એવાં સૂચનો ન સ્વીકારવાની જિદ્દ જાળવી રાખે એવા નથી.

યશ્રુતિ ન બતાવવી એમ ૧૨ મો નિયમ આપણને જણાવે છે. એ ઉચ્ચારણ વ્યુત્પત્તિસિદ્ધ છે; પણ ભૂતકૃદંતો સિવાય બીજાં સ્થળોમાં આજે ઉચ્ચારણમાંથી પણ લગભગ લુપ્ત થઈ જવા આવ્યું છે, હોપવાચનમાળા અને વાચનમાળા રિવિઝન કમિટીએ બાળમાનસોમાં રેડેલા સતત અસ્વાભાવિક ઉચ્ચારણોના પ્રવાહના પ્રતાપે. આને પણ નકારવાને બદલે વિભાષાદ્વારા સંમાનવામાં આવે તો કશી હાનિ નથી. દ્વિતીય ભૂતકૃદંતોમાં આ-અ-ઓ ઉપધામાં હોય તેવા 'એલું' પ્રત્યયમાં લઘુપ્રયત્ન યકાર રહેલો છે; અને સુરત બાજૂ તો તે યે હ્રસ્વ જ ઉચ્ચરિત થતો હોવાથી ગયલું; સમાયલું જેવાં સ્વરૂપે આવેલો જણાય છે. એ યલું રૂપમાં તો નથી જ, પણ હ્રસ્વ એકાર-

વાળો છે. આટલો જ ભેદ ગણિયે તો ગએલું–ગયેલું, સમાયેલું–સમાએલું એમ વિકલ્પ સ્વાભાવિક હોવાથી સ્વીકાર્ય હોવો જોઇયે. આ સંબંધમાં જોડણીકોશ તદ્દન મૌન સેવે છે. વ્યાકરણનો વિષય છે એમ માની એને જ્ઞાતિબહિષ્કૃત પણ ન કરી શકાય, કારણ કે હિંદની ભાષાઓ માટે વ્યાકરણ અને જોડણી એ જુદાં ન હોઈ શકે, કિંતુ વ્યાકરણથી સિદ્ધ થતાં રૂપો જ એ જોડણી; એટલે આવી કોઈ પણ ખૂંચોને જતી ન કરી શકાય. ૨૫ મો 'ઈ + ય 'વાળો નિયમ પણ અહીં જ ચર્ચાવો–લખાવો યુક્ત છે. એનું સમાધાન પણ વિભાષાથી શક્ય છે; બંને પ્રસંગમાં આમ છતાં ઈકાર હ્રસ્વ જ છે.

તદ્ભવ શબ્દો

૧૩ મો નિયમ અલ્પપ્રાણ અને મહાપ્રાણનું દ્વિત્વ હોય ત્યાં તદ્ભવ શબ્દોમાં મહાપ્રાણ જ લખવાની હિમાયત કરે છે અને માત્ર ચ્છ્ સંયોગને બાકાત રાખે છે. નિયમ સ્વયં અલ્પપ્રાણ અને મહાપ્રાણના જોડાક્ષરપણાને મુખરિત કરી પછી મહાપ્રાણત્વનું શાસન કરે છે. જો કે વિકલ્પ એ જ આનો સાચો ઉપાય છે, છતાં તેમ ન કરવું હોય તોય 'ધ્ધ' ને બદલે 'દ્ધ' એવો તદ્દન સ્વીકૃત સંયોગ નકારવો ન જ જોઇયે. સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણોએ વિભાષા સ્વીકારી જ છે. આપણે વિભાષા સ્વીકારિયે તો તેથી ગુજરાતી ભાષાના મહત્ત્વને હીણપ નથી લાગવાની.

૧૪ મો નિયમ ર, ડ, ળ, લ ને બદલે ઉતાવળે બોલતાં જે યકારોચ્ચારણ જણાય છે તેવા સ્થળે મૂળ ર, ડ, ળ, લ રાખવાની ભલામણ કરે છે; હું અત્રે બાઈડી *જેવા ઈકારવાળા શબ્દ પણ ઉમેરવાનું સૂચવું છું. તેમાં ઈ–ર–ડ–ળ–લ લખાય એ યુક્ત છે. આમ છતાં શબ્દકોશમાં ક્વચિત્ આ નિયમનો ભંગ થતો માલૂમ પડ્યો છે.

નિયમોનો બરોબર અમલ થયો છે કે નહિ તે જોવા ન અક્ષર નીચે આવતા સમગ્ર શબ્દો જોઈ ગયો છું. એમાં નરાણુ–નરેણુ એ

વાળંદના, નખ ઉતારવાના હથિયારને માટે **નેયણી** શબ્દ વિકલ્પે આપવામાં આવ્યો છે. શબ્દ **નેરણી** છે, છતાં **નેરણી** નથી અપાયો અને **નેયણી** અપાયો છે. એ શબ્દમાં રકાર જ છે એની ખાત્રી **નરાણ–નરેણુ** શબ્દો આપે છે.

શકાર–વિષયક નિયમન યોગ્ય અને સ્વીકાર્ય છે. જોડણીકોશે આવશ્યક સ્થળોએ વિકલ્પ સ્વીકારી શકારવિષયક ઝઘડાનો અંત આણ્યો છે એમ કહેવું જરાયે વધુ પડતું નહિ લાગે.

ઈકાર અને ઉકાર

૧૮ થી ૨૭ સુધીના ૧૦ નિયમો ઈ–ઉ ના નિયમો તરીકે આપવામાં આવ્યા છે. ૧૮ મા નિયમમાં એકાક્ષરી શબ્દોમાંના નિરનુનાસિક ઈ–ઊ ને બાદ કરતાં સામાન્ય નિયમ તરીકે આ જાતનું વિધાન પ્રાપ્ત થાય છે કે—"તદ્ભવ શબ્દોમાં અંત્ય ઈ તથા ઊ સાનુસ્વાર કે નિરનુસ્વાર એ અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવાં." આ નિયમમાં **સાનુસ્વાર કે નિરનુસ્વાર** એ શબ્દોનો અર્થ **સાનુનાસિક અને નિરનુનાસિક** એટલે કે "અનુસ્વારનો ઉચ્ચાર પોચો થતો હોય" તે ધરાવતા અને ન ધરાવતા શબ્દો સમઝવાના છે. આ નિયમ, અંત્ય ઈકાર એટલા દીર્ઘ અને અંત્ય ઉકાર એટલા હ્રસ્વ એવો જ સ્પષ્ટ અભિપ્રાય રજૂ કરે છે. હોપવાચનમાળા માટે તૈયાર થયેલી નિયમાવલીએ આ વિચિત્ર અને અસ્વાભાવિક ચીલો પાડી દીધો છે અને ગુજરાતી ઉચ્ચારણમાં ઈકાર–ઉકારનો એક સરખો જ ઉચ્ચાર સર્વત્ર થતો હોવા છતાં આવા કૃત્રિમ નિયમથી આપણને નિયમના ભોગ થવું પડ્યું છે. આ કૃત્રિમ નિયમથી બચવાને માટે અત્યારે વિભાષા સ્વીકારવામાં આવે તો તેમાંથી કાયમી ઝઘડો પતી જાય.

હર્ષની વાત છે કે આગલી આવૃત્તિઓ કરતાં આ આવૃત્તિમાં ૧૯ મો નિયમ વધુ સ્પષ્ટ બન્યો છે. પદને અંતે ન આવતા હોય તેવા સાનુનાસિક કિંવા અનુસ્વારના કહેવાતા પોચા ઉચ્ચારવાળા ઈ–ઉ

પ્રાથમિક શબ્દોમાં તેમ જ સાધિત શબ્દોમાં એક સરખી રીતે દીર્ઘ રહે છે. આના અપવાદ તરીકે રાખવામાં આવેલા કુંવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું એ શબ્દોમાં જો સાનુનાસિક ઉકાર હ્રસ્વ ઉચ્ચરિત થતો હોય એમ માનવામાં આવતું હોય તો લૂંટાવવું અને હીંડાડવું માં તેવા ઉ-ઇ દીર્ઘ ઉચ્ચરિત થઇ શકે ખરા? કુંવારું વગેરેમાં સ્વરભારને 'આ' ઉપર માનવામાં આવતો હોય તો 'લૂંટાવવું' વગેરેમાં પણ સ્વરભાર 'આ' ઉપરથી ખસવાનો નહિ જ. આવી સ્થિતિમાં ઉચ્ચારભેદ સંભવિત છે ખરો? સંભવે કે આવા શબ્દોમાં સાનુનાસિક ઉ અને પછીનો આ, એ બંને ઉપર ઓછોવત્તો સ્વરભાર રહ્યો છે, એટલે જ એવો સાનુનાસિક ઉ દીર્ઘ લખાવાને પાત્ર હશે.[1]

નિયમ ૨૧ થી ૨૩ નાં વિધાનો વ્યુત્પત્તિને હસ્તક છોડી દેવાં જોઇયે; અને તેમ છતાં સધ્ધર વ્યાકરણના અભાવે જોડણીકોશના આ નિયમોને માન આપવામાં વાંધો ન હોય. બેશક આવશ્યક સંયોગોમાં વિભાષાનો સમાદાર વધુ આશીર્વાદરૂપ થઇ પડે.

અનંત્ય સાનુનાસિક ઈ—ઉ ને સાધિત શબ્દોમાં પણ અવિકૃત રાખવાનો સ્વાભાવિક નિયમ જોડણીકોશે ૧૯ મા નિયમમાં સ્વીકારી લીધો છે, પણ નિરનુનાસિક તેવા ઇ—ઉ ને સાધિત શબ્દોમાં—તે પણ માત્ર કર્મણિ ભાવે અને પ્રેરકનાં રૂપો પૂરતા—હ્રસ્વ કરવા તરફ વળગવું હજી ચાલુ રાખ્યું છે. ૨૪ મા નિયમનો અપવાદ ૧ લો અલગ આપવાની જરૂર જ નથી રહેતી, કેમકે અસલ ૨૪ મો નિયમ જ તે વસ્તુ બતાવી દે છે. અપવાદ બીજો કૃદંત કરતાં મૂળ જોડણીને કાયમ રાખવાની ભલામણ માટે છે. સાધિત ધાતુઓમાં તો ૨૪ મા નિયમને અધીન બની થયેલા સાધિત અંગને કૃદંતના પ્રત્યયો લાગે

---

૧. આ વિષયમાં સમાધાન તો એ છે કે જે સ્થિતિ નિરનુનાસિક 'ઇ-ઉ'ની તે જ સાનુનાસિકની. આમ થતાં સાનુનાસિક ઇં-ઉં હ્રસ્વ થાય તો થવા દેવા. તા. ૧૨-૮-'૪૪

છે અને કશો ફેરફાર કરવાપણું રહેતું નથી. ઝઘડો ઊભો થાય છે પ્રાથમિક ધાતુઓના વિષયમાં જ, કેમકે ખાસ કરીને એલું વગેરે પ્રત્યયો એવા છે કે જે ઉચ્ચારભેદનો પ્રસંગ રજૂ કરે છે. મુકાય. મૂકેલું, મુકાનાર આ ત્રણ શબ્દો લઇયે તો, જો કે મુકાય અને મુકાનારમાં નિયમ મુજબ હ્રસ્વતા પ્રાપ્ત થાય છે, છતાં મૂકેલું'માંનો અનંત્ય 'ઉ'નો ઉચ્ચાર પેલા શબ્દો કરતાં જુદા પ્રકારનો થાય છે ખરો ? બધા જ પ્રસંગોમાં સ્વરભાર આ કે એ ઉપર તો અચૂક જ છે. એવી જ સ્થિતિ ૨૨ મા નિયમમાં અપવાદ ૧ લાની છે. ત્યાં પણ પ્રત્યયો આવતાં પૂર્વ સ્વરના હ્રસ્વત્વ તરફ પ્રક્રિયા જે વલણ બતાવે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. ખરું જોતાં પ્રાથમિક ધાતુઓ જ નહિ, પણ પ્રાથમિક શબ્દો ઉપરથી ઘડાતા સમગ્ર સાધિત શબ્દોમાં ઉચ્ચારણ પ્રમાણે કોઈ પણ ભિન્ન પ્રક્રિયા અસ્તિત્વ ધરાવતી જ નથી; એટલે આ નિયમ જ નિરર્થક થઈ પડે છે. સદ્ગત નવલરામભાઈ, શ્રી નરસિંહરાવભાઇ, શ્રી રમણભાઈ અને વિદ્યમાન દી. બ. કેશવલાલ ધ્રુવ, ડૉ. આચાર્ય શ્રીમાન આનંદશંકર ધ્રુવ વગેરે વિદ્વાનો આવા આવા સંયોગમાં અવિકૃતતા ઇચ્છે છે. સારલ્ય પણ સ્વરને અવિકૃત રાખવા તરફ ખરું; એટલે જ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના જોડણીના નિયમોના કાચા ખરડામાં એ ઝઘડો ટાળવા વિકલ્પ આપવામાં આવ્યો; આ તરફ જોડણીકોશના સંપાદકોએ જરૂર દૃષ્ટિ આપી નવી આવૃત્તિમાં યોગ્ય વલણ અખત્યાર કરવા તત્પર થવું જોઇયે.[1]

આ નિયમનું શાસ્ત્રદૃષ્ટિએ સંપૂર્ણ રીતે આમ છતાં ખુદ જોડણીકોશ પણ પાલન નથી કરી શકચો. ઊડેલવું', ઊતાડવું'-આમાં ૨૨ મા નિયમનું અનુસરણ છે. ૨૪ મો નિયમ આવા સંયોગોમાં અનુકૂળતા પ્રમાણે ૨૧-૨૨-૨૩-૨૪મા નિયમ મુજબ જોડણી કરવાનું સૂચવે છે. એ જ નિયમ પ્રમાણે ૨૩ મા નિયમમાં અંતર્ગત થતાં 'ઊથલવું' પરથી થતો

---

૧. અથવા સર્વત્ર અનંત્ય ઇ-ઉ હ્રસ્વ બને. આ પ્રક્રિયાથી હ્રસ્વ-પક્ષ વધુ સ્વાભાવિક છે. તા. ૧૨-૮-'૪૪

'ઉથલાવવું' ચાર અક્ષરોનો બનતાં ૨૨ મા નિયમ પ્રમાણે ન ફરતાં ૨૩ મા નિયમ પ્રમાણે ફરી ઉકારનું હ્રસ્વત્વ આપે છે. આ નિયમ આમ ખરું જોતાં ઉકાર પછીના વ્યંજનમાં આકાર હોય ત્યાં જ હ્રસ્વ થાય એટલું જ તાત્પર્ય વ્યક્ત કરે છે. આમ જ હોય તો ૨૪મો નિયમ જ વસ્તુસ્થિતિએ નિરર્થક થઈ પડે છે. ૨૧–૨૨–૨૩થી જ એ સમઝાઇ જાય છે. પણ ખરું જોતાં આવા કોઇ પણ નિયમોને અધીન બનવાની જરૂર નથી. સાધિત ધાતુઓમાં સરળતા માટે ફેરફાર ન થાય એ ગમતું છે. આ તરફ જોડણીકોશના નિયામકોની દૃષ્ટિ ખેંચવા રજા લઉં છું.

વિભક્તિ અને કાળના પ્રત્યયો

૨૬ મા અને ૨૭ મા નિયમમાં લેખન–સારલ્યની જ હિમાયત છે. એ સ્વીકારવામાં હાનિ નથી. આમ છતાં **કરીએ છીએ** જેવાં કદી કયાંય કોઇના મુખમાંથી ન બોલાતાં રૂપોની હિમાયત જોડણીકોશની શાસ્ત્રપ્રિયતામાં કાંઇક ઊણપ વ્યક્ત કરે છે. ઝઘડો પડે ત્યાં વિભાષા જ ઔષધ છે. એવી વિભાષા એ ભાષાનું દૂષણ નથી, પણ ભૂષણ છે.

જ–ઝ ના વિષયમાં આ વખતે વળી એક શબ્દ પૂરતો જોડણીકોશ આગળ વધ્યો છે. અને એ શબ્દ તે મજા–ઝા. નવી આવૃત્તિ હવે થાય તેમાં જોડણીકોશના ચાલુ વલણથી **'સમજ'ને 'સમઝ'વાના** સ્વરૂપમાં જોડણીકોશ આવી રહેશે એવી આશા જોડણીકોશના ચાલુ વલણથી જરાયે નિરાશામાં પરિણત નહિ થાય.

આ નવી આવૃત્તિનું પ્રશસ્ય પગલું તે બહોળા પ્રમાણમાં સ્વીકારેલી વિભાષા ગણી શકાય. જોડણીની એકવાક્યતા સાધવાને, કચ્છ—કાઠિયાવાડ, તલ ગુજરાત, ઉપરાંત ગુજરાતી થઈ ચૂકેલાં મુંબઈ અને કરાંચી એ સમગ્રના બનતા એક મહાગુજરાતનાં એક જ શબ્દનાં ભિન્ન ભિન્ન ઉચ્ચારણોને ન્યાય આપવો હોય તો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાંની વિભાષાની માફક વિભાષા સ્વીકાર્યે જ છૂટકો. એ સત્ય વસ્તુનું દર્શન જોડણીકોશના સંપાદકોને ઉત્તરોત્તર થતું

રહે છે એ ખરેખર હર્ષની વાત છે. આમ છતાં આપવામાં આવેલા શબ્દોના બધા જ વિકલ્પો અપાયા નથી; જેવા કે એકલા **નવર્ણમાં** નવાજેશ, નાખોડી, નોઝણું, નીંધલવું, એ શબ્દો; નાયડીની વિભાષામાં **ના** શબ્દ તેમ જ **નીંભાડો** શબ્દની વિભાષામાં **લીંભાડો** વપરાય છે. આ બંને શબ્દકોશમાં પ્રાપ્ત થતા નથી. **નિર્માલ્ય** શબ્દ પણ આમ વિકલ્પે લખાવો રહી ગયો છે, જો કે **નિર્માલ્યતા**–રૂપે છે ખરો.

ચીભડાં વગેરેના વેલાઓમાં ફૂલ ખરી જતાં નીચે જે ફળ લાગ્યું હોય છે તેને નહિયું, નયું, નૈયું કહેવામાં આવે છે. **નહિયું** શબ્દ તો અપાયો છે, પણ આ બીજો અર્થ તેમ જ વિકલ્પો નોંધાયેલા નથી.

વ્યુત્પત્તિથી પ્રાપ્ત **નીસરણી** જેવા શબ્દો ૨૩ મા નિયમના અનુસરણે **નિસરણી** જેવાં રૂપોમાં પ્રાપ્ત થાય છે. **ન્યોછાવર** અને **નેગ** જેવા શબ્દોમાં વધુ થતા અર્થો નોંધાવા રહી ગયા છે. **ન્યોછાવર**—કીમત, **નેગ**–મંદિરોમાં દેવને પ્રતિદિન નૈવેદ્ય તરીકે ધરવાને નક્કી થયેલી સામગ્રી.

કેટલાક શબ્દોના અર્થ અધૂરા બની ગયા છે; જેમકે **નારું** એનો જોઈતો અર્થ 'વાળો નીકળ્યે પડેલું ધારું' એ છે.

નાંદ—કોઠી, જેવા શબ્દો નોંધાવા રહી ગયા છે. **નાખુદો**—ખારવો ઓકારાંત પણ છે, છતાં માત્ર **નાખુદા** તરીકે નોંધાયો છે.

દોષો જોવાની બુદ્ધિથી આ અહીં બતાવવા નથી માગતો; નવી આવૃત્તિ હવે પછી થાય ત્યારે આ કોશને સર્વવ્યાપક બનાવવા કઈ કઈ વસ્તુ તરફ સાવધાન રહેવું જોઈયે એનું આ દિશાસૂચન માત્ર છે.

ગુજરાતી ભાષાનાં વિશિષ્ટ ઉચ્ચારણોમાંનું વિવૃત એ–ઓ એક સ્વરૂપવાળા છતાં ભિન્નાર્થ એવા શબ્દોમાં નોંધવામાં આવ્યું છે. જ્યાં ભિન્નાર્થ શબ્દ નથી જ તેવા શબ્દમાં વિવૃત એ–ઓ નોંધવામાં નથી આવ્યા. આ જાતનો સ્વીકાર નિવેદનમાં પણ કરવામાં આવ્યો છે.

ગોહીલવાડને બાદ કરતાં કચ્છ–કાઠિયાવાડ–મુંબઇ અને કરાંચીના ગુજરાતી ભાષા બોલનારાઓ પ્રાયઃ આ વિવૃત ઉચ્ચારણથી અપરિચિત છે. ગુજરાતી કોશને વધુ વ્યાપક બનાવવાને માટે ગુજરાતી ભાષાના વ્યુત્પત્તિસિદ્ધ અને મૂળે તળ ગુજરાત અને ગોહીલવાડના જ છતાં આ વાજબી ઉચ્ચારણથી અન્ય પ્રાંતોના વતનીઓને પણ પરિચિત કરવા કોઈપણ જાતના ભેદભાવ વિના કૌંસમાં આપવાને બદલે ઍ–ઑ ને અલગ સ્વર ગણી તેના ક્રમે એટલે સંવૃત એકાર પૂરો થતાં વિવૃત ઍકાર એ ક્રમે શબ્દો ગોઠવી આપવા જોઇયે.

એ જ પ્રમાણે લઘુપ્રયત્ન હશ્રુતિ યશ્રુતિ અને વશ્રુતિ, આ શબ્દકોશ હોઈ, વિશિષ્ટ સંકેતથી નોંધાવી જોઇયે.

ઉચ્ચારણની દષ્ટિએ સૌથી વધુ ઉપયુક્ત વસ્તુ લઘુપ્રયત્ન અકાર છે. અત્યાર સુધીના એકપણ કોશમાં કે એકપણ વ્યાકરણમાં લઘુપ્રયત્ન અકાર નોંધાયો નથી. નાક–સૂર, ના–કસૂર નો ભેદ બતાવવા લેખનમાં કાંઇ સાધન ખરું? ચાલુ લેખનમાં તો તેની શકયતા સુદૂર છે, પણ શબ્દકોશમાં તેને કોઇ વિશિષ્ટ સંકેતથી ન સાંચવી શકાય? વિદેશીઓ ગુજરાતી કોશોનો ઉપયોગ કરે ત્યારે આવાં ઉચ્ચારણો સમઝવા તેઓને શક્તિમાન બનાવવા શબ્દકોશોમાં વિશિષ્ટ સંકેતો આપવાની આવશ્યકતા છે.

જોડણીકોશમાં આ ઊણપો છે એમ કહેવાનો મારો આશય નથી; માત્ર આ કોશને વધુ વ્યાપક બનાવવા આ વસ્તુઓને અપનાવી લેવાની આવશ્યકતા છે એ જ કહેવા માગું છું. જોડણીકોશે ગુજરાતી જોડણીને એકધારી કરવામાં જે ફાળો આપ્યો છે તે ફાળો સુંદર પરિણામો બતાવનારો કરવાને માટે ઉપર બતાવવામાં આવેલી બધી જ નહિ, તો ઉપયોગી જણાય તેટલી સૂચનાઓ વિચારવામાં આવે તો જરાયે હાનિ થવાની નથી.

એક વસ્તુ તરફ અહીં ધ્યાન ખેંચવા માંગું છું: બીજી આવૃત્તિથી આ કોશના મુખપૃષ્ઠ ઉપર મહાત્માજીનું એવી જાતનું ફરમાન ટાંકવામાં

આવ્યું છે કે–" **હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.** " આ ફરમાનની અવગણના કરવી એ મહાત્માજીનો અપરાધ કરવા બરોબર છે. ત્યારે એ શંકા થાય કે કેટલાકો આમ છતાં જુદી જોડણી કેમ કરે છે ? એનો ખુલાસો અતિસ્પષ્ટ છેઃ જેઓ સમઝ્યા વિના જુદી જોડણી કરે છે તેમને માટે તો એ ફરમાન આવશ્યક છે. જેઓ સમઝીને શબ્દરૂપોની પોતે માનેલી જોડણીના ખરાપણાની સંપૂર્ણ ખાત્રી કર્યા પછી જ જોડણીકોશથી ક્યાંક જુદી જોડણી કરે છે તેઓ કદાપિ અપરાધપાત્ર નથી ઠરતા. જોડણીકોશનો પણ એવો તો દાવો નથી જ કે નક્કી કરવામાં આવેલી જોડણી એ અંતિમ છે, કેમકે જો એમ હોય તો નવી નવી આવૃત્તિઓમાં નવા નવા જોડણીવિષયક ફેરફાર કરવાપણું ન જ હોય. એમ તો નથી જ. એ જ બતાવે છે કે હજી નિશ્ચિત જોડણી સુધી બધા જ કિસ્સાઓમાં નથી પહોંચાયું. દી. બ. કેશવલાલ હ. ધ્રુવ અને મારાં લખાણોમાં સાનુનાસિક અંત્ય ઈકાર દીર્ઘ હોય એ થોડો અમે અમારા ઘરનો દાખલ કર્યો છે ? તેમ સદ્ગત નરસિંહરાવ હ–ય માટે આગ્રહ ધરાવતા અને પોતાનાં લખાણોમાં પોતાના ધોરણે હ–ય પ્રયોજતા, એ થોડું એમના ઘરનું હતું ? સમઝીને જુદી જોડણી કરનારાઓ અપરાધી કદી નથી. એઓ આંગળીને ટેરવે ગણી શકાય એટલા છે, અને એઓએ નક્કી કરેલી જોડણી પ્રાયઃ સ્વાભાવિક છે, એમાં ભાગ્યે જ કોઈ વિમત થઈ શકે એમ છે; – અને સમય આવતાં સાચા વિચારકો તેતે વિદ્વાનના ગ્રાહ્ય મતને અવગણવાના પણ નથી.

જોડણીકોશે એકંદરે તો કાર્ય સારું કરી બતાવ્યું છે. એ માટેનો બધો ધન્યવાદ મહાત્માજીને અને કાકા શ્રી કાલેલકરને ઘટે છે. એ કાર્ય યશસ્વી અને ઉત્તરોત્તર આવશ્યક સુધારાઓ દાખલ થયે અસર કરનારું ન નીવડે એમ કોણ ઇચ્છે ?

[બુદ્ધિપ્રકાશઃ વર્ષ ૮૪, અંક ૩, જુલાઈ સપ્ટેમ્બર, સને ૧૯૩૭, પૃ. ૩૧૬–૩૨૫]

૨૪. ગુજરાતી શબ્દોની વ્યવહારુ જોડણી

[ગુજરાત વિદ્યાપીઠના નિયમોનું વિવરણ]

પ્રાસ્તાવિક

કવિ નર્મદાશંકરના સમયથી ગુજરાતી ભાષામાં શબ્દોની જોડણી વ્યવસ્થિત કરવાના પ્રયત્નો શરૂ થયેલા અને અનેક વિદ્વાનોના પ્રયત્નો પછી લગભગ આઠ દાયકે મ. ગાંધીજીના આશ્રય નીચે ગુજરાત વિદ્યાપીઠ તરફથી જોડણીના **વ્યવહારુ નિયમો** અને **શબ્દાવલી** પ્રસિદ્ધ થયાં. છેલ્લાં દસ વર્ષમાં આ શબ્દાવલીનાં નાનાં મોટાં ચાર પાંચ સંસ્કરણ થઇ ગયાં છે; એ દરમિયાન નિયમોમાં પણ સુધારાવધારા થયા છે. "જોડણી માટે ખિસ્સાકોશ"ની નવી આવૃત્તિમાં આપણને છેલ્લામાં છેલ્લું એ સુધારાવધારાવાળું સ્વરૂપ મળે છે. અહીં મુખ્યત્વે તો એ નિયમોનું ટૂંકું વિવરણ આપવાનો જ પ્રયત્ન છે; પરંતુ સુધારાનાં દ્વાર કાયમને માટે બંધ રાખવામાં નથી આવ્યાં એ સત્યને આધારે કેટલાંક આવશ્યક સૂચન અને સુધારાનો નિર્દેશ કરવાનો પણ પ્રયત્ન કરવામાં આવશે. "શાસ્ત્રોચ્ચારપરિશુદ્ધ જોડણી"ના મારાં થોડાં વર્ષો ઉપર પ્રસિદ્ધ થયેલા નિયમોના ભોગે મારા તરફથી સ્વલ્પ જ અપવાદે ગુજરાત વિદ્યાપીઠની જોડણીના નિયમોનો સર્વથા સમાદર કરવામાં આવ્યો છે એ મુખ્યત્વે બારમા ગુજરાતી સાહિત્ય સંમેલનના પ્રમુખપદેથી મ. ગાંધીજીએ "આથી જોડણીમાં સુધારાનાં દ્વાર બંધ થતાં નથી" એ શબ્દો ઉચ્ચાર્યા હતા એ આશ્વાસનથી, અને જોડણીકોશની નવી નવી આવૃત્તિઓમાં નિયમોમાં તેમ જ છૂટક શબ્દોની જોડણીમાં હરવખતે સુધારા કરવામાં આવ્યા છે એ સહૃદય વૃત્તિના દર્શનથી. હું જે સુધારા સૂચવવા ચાહું છું તે મારા નિયમોની તદ્દન ઉપેક્ષા કરી, છેલ્લાં આઠ વર્ષમાં "ભાષાશાસ્ત્ર"ના અધ્યયન-અધ્યાપનને લીધે આ વિષયને અનેક રીતે જોવાજાણવાનો જે લાભ

મળ્યો તેના જ ફલરૂપે. મારા જૂના મતનો હું તેમાં લેશ, પણ આગ્રહી નથી એ કોઇ પણ સજ્જન જોઇ શકશે.

લિપિમાં દેશનાં સ્વાભાવિક બધાં જ ઉચ્ચારણો જાળવી રાખતા સંકેતોનો અભાવ હોવાથી, વળી પ્રાંતિક ઉચ્ચારણોમાં એકનો એક શબ્દ અનેક રીતે વ્યક્ત થતો હોવાથી, અને ગુજરાતી ભાષાશાસ્ત્રનો પ્રાંતીય બોલીઓના વિવરણ સાથેનો એક પણ ગ્રંથ નહિ હોવાથી ગુજરાતી શબ્દોની આખરી જોડણી નક્કી કરવાનું અત્યાર સુધી બની શક્યું નથી; એટલે જ વ્યવહારુ જોડણી-નિયમોની આવશ્યકતા સ્વીકારાઈ છે. એમાં થોડા અપવાદે શુદ્ધિની નજીકમાં નજીક જવાનો સત્પ્રયત્ન છે, અને એથી જ એ સત્પ્રયત્ન સમાદરણીય છે. સુધારાવધારા પણ શુદ્ધિની વધુ અને વધુ નજીક લઈ જવાને માટે જ ગુજરાત વિદ્યાપીઠ તરફથી અવારનવાર આપવામાં આવે છે; અને એથી જ દેશના કોઈ પણ ભાગમાં જે ઉચ્ચારણ કદી પણ જાણીતું ન હોય તેવું ક્વચિત્ જોડણીમાં પેસી ગયું હોય તો તે સર્વથા ત્યાજ્ય બને છે.

નિયમો

૧. તત્સમ શબ્દો

[સંસ્કૃત તત્સમ શબ્દો]

૧. સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી. ઉદા૰ મતિ; ગુરુ; વિદ્યાર્થિની.

૨. ભાષામાં તત્સમ તથા તદ્ભવ બંને રૂપો પ્રચલિત હોય તો બંને સ્વીકારવાં. ઉદા૰ કઠિન-કઠણ; રાત્રિ-રાત; દશ-દસ: કાલ-કાળ; નહિ-નહીં; હૂબહૂ-આબેહૂબ; ફર્શ-ફરસ.

૩. જે વ્યંજનાંત તત્સમ શબ્દો ગુજરાતી પ્રત્યયો લેતા હોય તેમને અકારાન્ત ગણીને લખવા. ઉદા૰ વિદ્વાન, જગત, પરિષદ.

આ નિયમ અંગ્રેજી, ફારસી, આરબી વગેરે ભાષાના શબ્દોને પણ લાગુ પડે છે.

૪. પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, ક્વચિત્, એવા શબ્દો એકલા આવે અથવા બીજા સંસ્કૃત શબ્દોની સાથે સમાસમાં આવે ત્યારે વ્યંજનાન્ત લખવા.
ઉદા૦ કિંચિત્કર, પશ્ચાત્તાપ.

આવાં અવ્યયો પછી જ્યારે 'જ' આવે ત્યારે તેમને વ્યંજનાન્ત ન લખવાં. ઉદા૦ ક્વચિત જ.

આ ચાર નિયમોમાં સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી કેવી રીતે કરવી એનો નિર્ણય આપવામાં આવ્યો છે. આમાંનો માત્ર બીજો નિયમ જોડણીનો નિયમ નથી. એ તો માત્ર એવું એક વિધાન નોંધરૂપે જ કરે છે કે પ્રચલિત ભાષામાં મૂળની ભાષામાંથી અવિકૃતરૂપે સ્વીકારાયેલા શબ્દોની સાથોસાથ વિકૃત સ્વરૂપે પણ તેના તે શબ્દો રૂઢ થઈ ગયેલા હોય એનો પણ સ્વીકાર કરવો. અને ઉદાહરણોથી એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે. અને એથી જ સ્પષ્ટ થાય છે કે શિષ્ટ બોલીમાં ન સ્વીકારાયેલાં 'સુખ'નું 'સખ' 'દુઃખ'નું 'દખ' વગેરે રૂપોનો અસ્વીકાર કરવાનો છે. પણ આ વસ્તુ લખનારની શક્તિ અને શૈલી ઉપર આધાર રાખે છે. પ્રયોગમાં ક્યાં કયું રૂપ: તત્સમ કે તદ્ભવ સ્વીકારવું એ લખનારની મુનસફીનો વિષય છે. બાકી રહે છે ૧ અને ૩–૪ એ નિયમો. આ નિયમોની સમઝૂતી વધુ જરૂરની છે. નિયમોથી કેટલીક વસ્તુ સંદિગ્ધ રહે છે.

એમ તો ૧ લો નિયમ ચોખવટ કરી આપે છે કે "સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી." અને ખરેખર મોટા ભાગના સ્વરાંત શબ્દોમાં આવી કોઈ ખાસ મુશ્કેલી નથી; (ખાસ કરી હ્રસ્વ-દીર્ઘ 'ઇ' અંતે હોય તેવા શબ્દોનો જ પ્રશ્ન જરા વિકટ છે; પણ તેનું નિરાકરણ શબ્દકોશ આપી દે છે. બેમાંથી સંસ્કૃતમાં જે રૂઢ હોય તે 'ઇ' સ્વીકારી લેવી. જોડણીકોશમાં "શતાબ્દી" જેવો શબ્દ હ્રસ્વ 'ઇ' થી છપાયો છે એવી ભૂલો સુધારી લેવી.) પણ સંસ્કૃતમાં જે વ્યંજનાંત શબ્દો છે અને સ્વરાંતમાં પણ એનું વિભક્તિ રૂપ જુદું થાય છે તેવા શબ્દોના વિષયમાં ચોખવટ જરૂરી બને છે.

૩ જા નિયમમાં વ્યંજનાંત વિશે કાંઇક ચોખવટ કરવામાં પણ આવી છે, પણ તે કાંઇક અપૂર્ણ છે. ખરી સ્થિતિ એ છે કે **સંસ્કૃત શબ્દોની પ્રથમા વિભક્તિનાં એકવચનનાં રૂપો, વિભક્તિનો પ્રત્યય જો કાંઈ એમાં હોય તો એનો લોપ થયો હોય એવા સ્વરૂપમાં સ્વીકારવાનાં છે.** સંસ્કૃત तृ, अन्, इन्, विन्, वस्, वत्–मत्, અને स् છેડાવાળા શબ્દોનાં પ્રથમા વિભક્તિના એકવચનમાં નેતા, કર્તા, માતા, પિતા, આત્મા, બ્રહ્મા, નામ, વિદ્યાર્થી, હસ્તી, યશસ્વી, મનસ્વી, વિદુષી, ભગવતી, શ્રીમતી, અને स्‌ના લોપે ચંદ્રમા, યશ, મન, એવાં સ્વરાંત રૂપો વપરાય છે એ આપણે તત્સમ તરીકે સ્વીકારવાનાં છે. વ્યંજનાંત બનતાં વિદ્વાન્, ભગવાન્, શ્રીમાન્ અને બાકીના વ્યંજનાંત બીજા બધા શબ્દો—મરુત્, જગત્, વાક્, પરિષદ્, સંસદ્, ધનુષ્, આશિષ્, આયુષ્, અકસ્માત્ એ બધા શબ્દો એકલા વપરાય ત્યારે અંત્ય વ્યંજનમાં 'અ' ઉમેરી જોડણી કરવાની છેઃ મરુત, જગત, વાક, પરિષદ, સંસદ, ધનુષ, આશિષ, આયુષ, અકસ્માત એ રીતે. "આયુષ" ઉપરાંત "આયુ" અને "વપુષ"ને બદલે તો "વપુ" સ્વીકાર્ય છે એ લક્ષ્યમાં રાખવું.

વસ્તુસ્થિતિએ ૧ લા અને ૩ જા નિયમથી એ સ્પષ્ટ થાય છે કે સંસ્કૃત તત્સમ શબ્દો ગુજરાતીમાં નામ તરીકે કે વિશેષણ તરીકે જે કોઇ પણ સ્વીકારાયેલા છે તે સ્વરાંત હોય કે વ્યંજનાંત હોય તે સ્વરાંત તરીકે સ્વીકારવાના છે. સુદિ, વદિ જેવાં સ્વરાંત અવ્યયો પણ ગુજરાતીમાં વપરાય છે ત્યાં એ શુદ્ધ સ્વરૂપમાં જ આવે. એનું તદ્ભવ રૂપ સ્વીકારવાની ઇચ્છા હોય ત્યાં 'સુદ' 'વદ' એમ લખી શકાય. બેશક પ્રચલિત ઉચ્ચારણમાં લઘુપ્રયત્ન યકાર સાથે 'સુદ્ય' 'વદ્ય' એવાં રૂપ વ્યાપક છે, પણ નીચે ૧૨ મા નિયમમાં સર્વસામાન્ય વિધાન કરવામાં આવ્યું છે કે "૧૨. કેટલાક શબ્દોના ઉચ્ચારમાં ગુજરાતના કેટલાક ભાગમાં યશ્રુતિ થાય છે × × × પણ તે લખવામાં દર્શાવવાની જરૂર નથી." એટલે પ્રચલિત વ્યવહારુ જોડણીમાં લઘુપ્રયત્ન યકાર સ્વીકારવામાં નથી આવ્યો.

પ્રશ્ન રહે છે કેટલાંક વ્યંજનાંત અવ્યયો ગુજરાતીમાં વપરાય છે એનો. 'પશ્ચાત્,' 'કિંચિત્,' 'અર્થાત,' 'ક્વચિત્,' એવા શબ્દો એકલા આવે ત્યારે શું કરવું? ['અકસ્માત્' સંસ્કૃત પ્રમાણે અવ્યય (પંચમી વિભક્તિનું રૂપ) છે, પણ ગુજરાતીમાં એ નામ તરીકે પણ સ્વીકારાઇ ગયેલો છે; એટલે નામ હોય ત્યારે 'અકસ્માત' એવી સ્વરાંત જોડણી સ્વીકારવામાં આવી છે; અવ્યય તરીકે તો 'અકસ્માત્' છે.] પ્રશ્ન ઉપરનાં જેવાં અવ્યયો એકલાં આવે ત્યારનો છે. ૪ થા નિયમમાં એ વિશે સૂચન છે કે એને વ્યંજનાંત લખવાં, માત્ર 'જ' અવ્યય ઉમેરાય ત્યારે જ તેને સ્વરાંત લખવાં; જેમ કે કવચિત જ.[1] ઉચ્ચારણ જ અહીં આ નું ઉમેરણ કરી લે છે: "અકસ્માત જ મારું આવવું થયું" વગેરે.

[સંસ્કૃત સિવાયની ભાષાના તત્સમ શબ્દો]

૫. આરબી, ફારસી તથા અંગ્રેજી ભાષાના શબ્દો લખતાં તે તે ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ન વાપરવાં. ઉદા૦ ખિદમત, વિઝિટ, નજર.

૬. એ તથા ઓ ના સાંકડા તથા પહોળા ઉચ્ચારની ભિન્નતા દર્શાવવા ચિહ્નો વાપરવાં નહિ. પરંતુ અંગ્રેજી શબ્દોના એ–ઓના ઉચ્ચારમાં ભ્રાંતિ ન થાય માટે, તે દર્શાવવા ઊંધી માત્રાનો ઉપયોગ કરવો. ઉદા૦ કૉફી, ઑગસ્ટ, કૉલમ.

અરબી ફારસી અને અંગ્રેજી ભાષાના શબ્દાની ગુજરાતીમાં પ્રમાણમાં ઠીકઠીક આયાત થઈ છે. મૂળ શબ્દોમાં વિકાર થયે આવેલાં

---

૧. "જ" અને "ય" એ અવ્યય જ્યારે પણ કોઈ શબ્દની પછી આવે છે ત્યારે "જ–ય"માંનો અકાર લઘુપ્રયત્ન હોવાને કારણે પૂર્વ સ્વર ઉપર ભાર આવે છે: પરિણામે લઘુપ્રયત્ન અકારવાળા શબ્દોનો તે અ પૂર્ણપ્રયત્ન બને છે. "રામ." પણ "રામ જ." આ સ્વરભાર એટલો પ્રબળ છે કે પૂર્વના હ્રસ્વ ઇ–ઉ પણ દીર્ઘ ઉચ્ચારાય છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ એ ત્યાં દીર્ઘ બને છે, પણ લેખનમાં એ હ્રસ્વ રખાય છે એમાં સરળતા એ જ પ્રધાન કારણ છે. સરળતા ખાતર કેટલોક ભોગ ઉચ્ચારણોનો આપવો પડે છે. બેશક ભાષાશાસ્ત્રની ચર્ચામાં એ સ્વાભાવિક ઉચ્ચારણો નોંધવાં અનિવાર્ય જ બને છે.

સ્વરૂપોની જોડણીનો પ્રશ્ન વિકટ નથી, કેમકે આપણે ત્યાં જે રીતે ઉચ્ચારણ થતું હોય તે રીતે તદ્ભવ શબ્દોના નિયમોને અનુસરી એની જોડણી સંસ્કૃત તદ્ભવની જેમ કરવાની હોય છે. પણ મુશ્કેલી શુદ્ધ શબ્દો પૂરતી છે. સંસ્કૃત ભાષાનાં બધાં જ ઉચ્ચારણો ગુજરાતીને જાણીતાં અને વારસામાં મળેલાં હોઈ મુશ્કેલી નથી; જ્યારે આ ભાષાઓનાં કેટલાંક ઉચ્ચારણો ગુજરાતીને તદ્દન અપરિચિત, તો કેટલાંક પ્રાંતીય ઉચ્ચારણોને મળતાં છે, એ શિષ્ટ જોડણીમાં સ્થાન પામી શક્યાં નથી; અને સ્વલ્પ અપવાદે પામી શકવાની સ્થિતિમાંએ નથી. આવાં ઉચ્ચારણોને ખ્યાલમાં રાખી ગુજરાતીમાં નજીકનું નજીક ઉચ્ચારણ હોય એ સ્વીકારવામાં આવે છે. અરબી ફારસીનાં અ઼ ક઼ ખ઼ ગ઼ જ઼ વગેરેને માટે આપણે ત્યાં સાદા અ ક ખ ગ ઝ થી ચલાવી લઇયે છિયે; એ જ રીતે અંગ્રેજી ફ઼ વ઼ જ઼ વગેરેને માટે સાદા ફ વ ઝ થી ચલાવી લઇયે છિયે. માત્ર વિવૃત એ–ઓ સાંચવતા શબ્દો આપણે ગુજરાતીમાં લઇયે ત્યારે એ બતાવવાની જરૂર સ્વીકારાઈ છે અને એ ઊંધી માત્રાથી. આ ઉચ્ચારણ તળપદા ગુજરાતી શબ્દોમાં પણ જાણીતું છે, પણ એ સમગ્ર ગુજરાતમાં સર્વત્ર વ્યાપક નહિ હોવાથી ગુજરાતી જોડણીમાં સ્વીકારાયું નથી; પણ પરિચિત હોવાને કારણે અંગ્રેજી શબ્દો પૂરતું સ્વીકારવામાં આવે છે એ ખાસ અયુક્ત નથી. (જો કે મને પાકો ભય છે કે આમજનતા એને સમઝવામાં મુશ્કેલી અનુભવશે જ.)

અરબી ફારસી અંગ્રેજી ઉપરાંત ઉર્દૂ પોર્ચુગીઝ ફ્રેંચ વગેરે શબ્દોની જોડણીમાં સ્વરના વિષયમાં તો મુશ્કેલી નથી. જે પ્રમાણે સ્વરનાં તે તે ભાષામાં ઉચ્ચારણો થાય છે તે પ્રમાણે આપણે અપનાવી લઈ જોડણી કરી શકિયે છિયે, પણ મુશ્કેલી શબ્દોના મધ્યમાં આવતા જોડાક્ષરો અને અંત્ય વ્યંજનના વિષયમાં ઊભી થાય છે. સંસ્કૃત તત્સમ શબ્દોના વિષયમાં ૩ જો નિયમ આપી વ્યંજનાંત શબ્દોમાં અ ઉમેરી એવા સં. વ્યંજનાંત શબ્દોની જોડણી સ્વીકારી લેવામાં આવી છે તે જ પ્રમાણે આ વિદેશી શબ્દોમાં પણ અંતે અકાર ઉમેરી જોડણી કરી શકાય

છે; અને એ જ પ્રમાણે આજે થાય છે. પરંતુ શબ્દના મધ્યમાં આવતા જોડાક્ષરોના વિષયમાં કેટલીક અગવડ છે એ વિશે સમઝૂતી જરૂરી બને છે. ઉપરના ૫મા નિયમમાં એ વિશે કાંઈ પણ સૂચન નથી. આ વિષયમાં નીચેની ચોખવટ ઉપયોગી થઈ પડશે.

અકબર, અખબાર, અફલાતૂન, અબલક, અરજી, અશરફી, આબકારી, આબરૂ, આસમાન, ઇલકાબ, કસરત, કારકુન, કુદરત, ખુશબો, ખિદમત, ગિરદી, ચકમક, ચરબી, જાનવર, તકરાર, તદબીર, તસવીર, તોહમત, દરજી, દરદી, દિલગીર, પરહેજ, ફારસી, બાદશાહ, બિલકુલ, દૂરબીન, વર્ડ્ઝવર્થ, શેકસપીયર (જેવા અંગ્રેજી સમાસાંત શબ્દોમાંનો પૂર્વશબ્દ વ્યંજનાંત હોય છે ત્યાં)–આ શબ્દોમાં મોટા છાપેલા અક્ષરો મૂળે અકાર વિનાના છે એમાં 'અ' ઉમેરી જોડણી કરવી પડે છે. અહીં સર્વત્ર અંત્ય વ્યંજનમાંનો અ ઉમેરી લેવામાં આવ્યો જ છે, જે વિશે ઉપર સૂચન આવી જાય છે; ઉપરાંત વધુ મોટા છાપેલા વ્યંજનોમાં પણ 'અ' ઉમેરી જોડણી કરી લેવામાં આવી છે.

અંગ્રેજી શબ્દોમાં અંત્ય જો 'ઇ' કે 'ઉ' હોય છે તો એ ગુજરાતીમાં દીર્ઘ જ લખાય છે: યુનિવર્સિટી, સોસાયટી, ફિલોસોફી વગેરે. અંગ્રેજી ચોક્કસ ઉચ્ચારણોને કારણે શબ્દ વચ્ચેના 'ઇ–ઉ'માં જોડાક્ષર પૂર્વે 'ઇ–ઉ' હ્રસ્વ જ હોય છે. આ વસ્તુ ખ્યાલમાં રાખી ing–ઇંગ અંતે હોય છે તેવા શબ્દોમાં 'ઇ' હ્રસ્વ છે. વિઝિટ, મિનિટ, તેમ જ વિજ્ઞાનના સંખ્યાબંધ શબ્દો વ્યંજનાત છે એમાં પૂર્વેનો આ 'ઇ' અસ્વરિત હોય તો હ્રસ્વ જ સ્વાભાવિક છે. અહીં કેરોસિન, મેડિસિન, વિટામિન વગેરે સંખ્યાબંધ શબ્દો લક્ષ્ય કરવા; જ્યારે સ્વરિત 'ઇ'વાળા ક્વિનીન, ઓબીન, કવોરેન્ટીન વગેરે જાણવા.

[તત્સમ શબ્દોમાં અનુસ્વારનું ઉચ્ચારણ]

૭. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા, ચિહ્નો વાપરવાં નહિ.

નોંધ—શકય હોય ત્યાં અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિકો વાપરી શકાય. ઉદા૦ અંત, અન્ત; દંડ, દણ્ડ; સાંત, સાન્ત; બેંક, બેન્ક.

આ નિયમથી તદ્ભવ શબ્દોના વિષયમાં તો ચોખવટ આપમેળે જ થઈ જાય છે કે માત્ર બિંદુથી જ આ ઉચ્ચારણો બતાવવાં. અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો એ પારિભાષિક દૃષ્ટિએ કાંઈક ભ્રામક છે એ વિશે વિચાર નીચે ૧૮–૧૯ મા નિયમોના વિવરણ વખતે થશે. અહીં તો માત્ર અનુસ્વારનો જ પ્રશ્ન સ્પષ્ટ હોઈ એ વિશે જ ખુલાસો આવશ્યક બને છે.

સંસ્કૃત તત્સમ શબ્દોમાં તો સંસ્કૃતના નિયમ પ્રમાણે એક જ શબ્દમાં પરસવર્ણ અનુનાસિક વ્યંજન નિત્ય થાય છે; માત્ર બે જુદા શબ્દો જોડાતાં એવા પ્રસંગમાં જ તે વૈકલ્પિક છે. એ રીતે અન્ત, દણ્ડ, સાન્ત, એ જ સાચી જોડણી તત્સમ લેખે છે. પણ સૈકાંઓ થયાં આમાં વ્યાકરણશાસ્ત્રથી વિરુદ્ધ જઈને પણ સરળતા ખાતર અનુસ્વારનો ઉપયોગ થતો આવ્યો છે. પ્રાકૃત ભાષાઓમાં તો એથી જ વિકલ્પ સ્વીકારાયો છે. આપણે પણ એ જ વાત ખ્યાલમાં રાખી વિકલ્પ સ્વીકારવા તૈયાર છિયે. આમાં સરળ માર્ગ આવા બધા જ સંયોગોમાં અનુસ્વાર લખવો એ છે. આજે મોટે ભાગે એ જ રીત પ્રચારમાં છે. પ્રશ્ન ઊભો થાય છે તે સંસ્કૃત સિવાયની ભાષાઓના એવા ઉચ્ચારણવાળા શબ્દોને વિશે.

મૂર્ધન્ય વર્ણ પૂર્વે સંસ્કૃતના નિયમ પ્રમાણે અનુસ્વારને સ્થાને ણ્ થાય, નહિ કે ન્; કંઠ્ય પૂર્વે ઙ્ થાય, નહિ કે ન્. આવી સ્થિતિમાં બૅન્ક, સુપરિન્ટેન્ડન્ટ, હૉલૅન્ડ વગેરેમાં નિયમની મુશ્કેલી ઊભી થાય છે. આ માટે સરળ માર્ગ તો એ છે કે ઉચ્ચારણમાં જરા પણ સંદેહ રહેતાં, યા સંદેહ ન હોય તોપણ અનુસ્વાર કરવો. એથી જંગ, તુંદ, તંદુરસ્તી, તંબૂ, બાંણુ જેવા શબ્દો પણ અનુસ્વારથી જ લખાશે. અંગ્રેજી શબ્દોમાં નકાર અને મકાર સ્પષ્ટ સમઝાતા હોય ત્યાં એ લખવામાં બાધ નથી. સંદેહમાં તો સર્વત્ર અનુસ્વાર લખાય એ સરળ થશે.

૨. તદ્‌ભવ શબ્દોઃ હશ્રુતિ તથા યશ્રુતિ

[હશ્રુતિ]

૮. બહેન, વહાણું, વહાલું, પહોળું, મહાવત, શહેર, મહેરબાન, મહાવરો, મહોર જેવા શબ્દોમાં તથા કહે, રહે, પહેર, પહોંચ જેવા ધાતુઓમાં હ જુદો પાડીને લખવો.

૯. નાનું, મોટું, બીક, સામું, ઊનું, મોર (આંબાનો), મોં, મોવું (લોટને), જ્યાં, ત્યાં, કયારે, ત્યારે, મારું, તમારું, તારું, તેનું, અમારું, આવું, વગેરેમાં હકાર ન દર્શાવવો.

એટલે કે, હ જ્યાં દર્શાવવો ત્યાં જુદો પાડીને દર્શાવવો અને ન દર્શાવવો ત્યાં મુદ્દલ ન દર્શાવવો. હ ને આગલા અક્ષર સાથે જોડવો નહિ.

આ બેઉ નિયમો બે વિભાગ પાડી આપે છે. એનું વિવરણ એ ૯ મા નિયમ નીચેની નોંધ છે. એનો આશય સ્પષ્ટ છે કે ૮ મા નિયમમાં બતાવેલા શબ્દોમાં લઘુપ્રયત્ન 'હ' બતાવવો. અને એ એવી રીતે કે જે વ્યંજનમાં એ હોય તે વ્યંજનમાં 'અ' ઉમેરી લખવો અને હકાર મૂળ સ્વર સહિત લખવો. ૯ મા નિયમમાં કયાં ન લખવો એ બતાવવામાં આવ્યું છે; એટલે એ નહાનું, મહોટું, મહોર, મહોં, જ્યહાં, ત્યહાં, કયહારે, જ્યહારે, મહારું, તમહારું, તહારું, તહેનું, અમહારું, અહાવું એમ જોડણી કરવાની સ્પષ્ટ મનાઈ કરવામાં આવી છે. [જોડણીની દૃષ્ટિએ બધા જ સંયોગમાં શંકા થતાં જ "કોશ" જોઈ લેવો જરૂરી છે.]

આ પ્રશ્ન ઉચ્ચારણની દૃષ્ટિએ બહુ જટિલ છે. વસ્તુસ્થિતિએ આખો 'હ'નો પ્રશ્ન પ્રાંતીય છે. જ્યાં એનું ઉચ્ચારણ થાય છે ત્યાં પણ એ સ્વરમાં જ અંતર્ગત છે; એટલે 'વહાલું' લખવા છતાં ઉચ્ચારણમાં માત્રા ચાર નહિ, પણ ત્રણ જ છે. આમાં ૮ મો નિયમ જેમ તળ ગુજરાતનું તત્ત્વ બતાવે છે તેમ ૯ મો નિયમ તળ કાઠિયાવાડનું તત્ત્વ બતાવે છે. ગુજરાતમાં ૮મા–૯મા બંને નિયમોમાં આવતા શબ્દોમાં હકારનું લઘુપ્રયત્ન ઉચ્ચારણ છે, તો કાઠિયાવાડમાં એ બેઉ નિયમોમાંના શબ્દોમાં હકારનું લેશ પણ ઉચ્ચારણ નથી. શિષ્ટ

ભાષામાં હકાર સ્વીકારાયો તો છે જ. એમાં જ્યાં છેલ્લાં ૮૦ વર્ષોમાં રૂઢ થઇ ગયો છે ત્યાં ૮ મા નિયમમાં હકાર સ્વીકારાયો છે; રૂઢ નથી થયો ત્યાં ૯ મા નિયમમાં નથી સ્વીકારાયો. જોડણીની એકવાક્યતા કરવા આ પ્રકારની જે બાંધછોડ કરવામાં આવી છે તે ખાસ ગેરવાજબી નથી. ૯ મા નિયમમાં અપવાદ આપવામાં આવ્યો છે એવા શબ્દો ભાષામાં બહુ જ જૂજ છે એટલે યાદ રાખવા મુશ્કેલ નથી.[1] શંકામાં "કોશ" જોઇ લેવો.

---

૧. જોડણીના આરંભથી માંડી અત્યાર સુધીમાં હકારને જોડણીમાં વ્યક્ત કરવાની અનેક રીતો બતાવાઇ છે. સ્વ. કવિ નર્મદાશંકરે પ્રથમ અર્ધો વ્યંજન, કે સ્વર જ માત્ર હોય તો 'અ' અર્ધો લખી સ્વર સાથે 'હ' લખવાનો ઉપાય બતાવી, પછીથી 'હ'ને સ્થાને તે તે વ્યંજન કે સ્વર નીચે નુકતો કરવા સૂચવેલું. સ્વ. નવલરામ પંડ્યાએ સ્વર પછી વર્ણલોપદર્શક ચિહ્ન' (apostrophe) લખવા નિર્દેશેલું; પછી 'હ'ને રાખવા તરફ વલણ થયું. સ્વ. ગોવર્ધનરામે નર્મદાશંકરની પ્રથમની પદ્ધતિ સ્વીકારી. એ ફરી જુનવાણી બન્યું અને સ્વ. નરસિંહરાવે પેલા અર્ધા 'અ'નો અસ્વીકાર કરી 'અહમે'ને સ્થાને 'હમે' વગેરે રીત સ્વીકારી. આ બધામાં બાંધછોડની નીતિએ છેવટ "જોડણીકોશ" આવ્યો અને ૮ મા–૯ મા નિયમ પ્રમાણે અમુક શબ્દોમાં 'હ' લખવો અને એ ૮મા નિયમમાં બતાવ્યા પ્રમાણે, અને અમુક શબ્દોમાં ન જ લખવો, ૯ મા નિયમમાં બતાવ્યા પ્રમાણે. આમાં લિપિની મુશ્કેલીનો પ્રશ્ન પણ મૂંઝવતો બતાવાયો છે. એ વિશે શ્રી. કાકાસાહેબે "જોડણીકોશ"ની પ્રસ્તાવનામાં નિર્દેશ કર્યો પણ છે. હકાર સ્પષ્ટ બતાવવા પૂર્વના વ્યંજનો અર્ધા જ આપવા પડે. હવે જેમાં કાનો છે તેવા વ્યંજનો તો અર્ધા મળે જ છે, પણ 'જ' સિવાયના કાના વિનાના ક, ટ, ડ, દ, ર એ વ્યંજનો ખોડા મૂકવા જોઇયે, તો જ સાચી રીતે એ યોજાય. અને તેમ છતાં આ બધાં સ્થાનોમાં એ લઘુપ્રયત્ન હકાર છે, એ તો સમઝાય જ નહિ. આનો સરળ ઉપાય એક જ છે. હકારનું એ લઘુપ્રયત્ન કે સ્વસ્તિ ઉચ્ચારણ બતાવવા સંસ્કૃત ભાષામાં વિસર્ગ બતાવવાને વપરાતું [꞉] ઉપર નીચે બિંદુવાળું ચિહ્ન સ્વીકારી લેવામાં આવે તો આ આખો પ્રશ્ન સરળ થઇ પડશે. માત્ર આપણે ત્યાં લઘુવિરામ (કોલન)નું ચિહ્ન [:] એવું છે એ ગુજરાતીમાં છોડી દેવું જોઈશે. પૂર્વે એના વિના ચાલ્યું હતું અને અત્યારે

[હકારવાળાં ક્રિયાપદો]

૧૦. નાહ, ચાહ, સાહ, મોહ, લોહ, દોહ, કોહ, સોહ એ ધાતુઓને અનિયમિત ગણી તેમનાં નીચે દર્શાવ્યા પ્રમાણે રૂપો સાધિત કરવાં:—

નાહ:—નાહું છું: નાહીએ છીએ; નહાય છે; નાહો છો; નાહ્યો,-હ્યા,-હ્યી,-હ્યું,-હ્યાં; નાહીશ; નાહીશું; નહાશો; નહાશે; નહાત; નહાતો,-તી,-તું; નાહનાર; નાહવાનો અથવા નાવાનો; નાહેલો,-લી,-લું; નહા; નહાજે; નાહવું.

નવડા(-રા)વવું; નવાવું; નવાય; નાવણ; નાવણિયો; નવેણ; નવાણ.

ચાહ:—ચાહું છું; ચાહીએ છીએ; ચાહે છે; ચાહો છો; ચાહ્યો,-હ્યા,-હ્યી,-હ્યું,-હ્યાં; ચાહીશ; ચાહીશું; ચાહશે: ચાહશો; ચહાત;ચહાતો,-તી,-તું; ચાહનાર; ચાહવાનો; ચાહેલો,-લી,-લું; ચાહ; ચાહજે; ચાહવું.

ચહવડા(-રા)વવું; ચહવાવું; ચહવાય એ રૂપો શક્ય અને વ્યાકરણદૃષ્ટિએ પ્રામાણિક લાગે છે. પણ આવા પ્રયોગો પ્રચલિત નથી.

સાહ—ચાહ પ્રમાણે.

સવડા(-રા)વવું; સવાવું: સવાય.

મોહ:—મોહું છું; મોહીએ છીએ; મોહે છે; મોહો છો; મોહ્યો,-હ્યા,-હ્યી,-હ્યું,-હ્યાં; મોહીશું: મોહશે; મોહશો; મોહત; મોહતો,-તી,-તું; મોહનાર; મોહવાનો; મોહેલો,-લી,-લું; મોહ; મોહજે; મોહવું.

મોહડા(-રા)વવું; મોહાવું: મોહાય.

લોહ:—લોહું છું; લોહીએ છીએ; લુહે છે; લુહો છો: લોહ્યો,-હ્યા,-હ્યી,-હ્યું,-હ્યાં; લોહીશ: લોહીશું; લોહશે; લોહશો; લોહત; લોહતો,-તી,-તું;

ચાલી પણ શકશે. તેનું સ્થાન અલ્પવિરામ યા અર્ધરેખા લેશે. સ્વ. નવલરામવાળું વર્ણલોપચિહ્ન વર્ણનો લોપ બતાવે છે, જ્યારે આ વિસર્ગચિહ્ન તો વર્ણનું અસ્તિત્વ બતાવશે. ઉચ્ચારણ તો જાણીતું જ છે. છાપખાનાંની મુશ્કેલી પણ કાયમને માટે ટળી જશે; જેમકે બે:ન, વા:ણું, વા:લું, પો:ળું, મા:વત. શે:ર, મે:રબાન, મા:વરો, મો:ર, કે:, રે:, પે:ર, પો:ચ. પદ્યબંધની દૃષ્ટિએ આની સંગતિ પણ સ્પષ્ટ છે. બાકી આવા સબ્દોમાં સ્વરિત કે લઘુપ્રયત્ન 'હ' ક્યાં ખરેખર છે એ કહેવું કાંઇક મુશ્કેલ છે; છતાં પ્રથમ શ્રુતિમાં કે પછી, એ સ્પષ્ટ છે. કાઢવું, લોઢી વગેરે જોવાથી બંને સ્થિતિ સ્પષ્ટ થઇ જશે.

લોહનાર; લોહવાનો અથવા લોવાનો; લોહેલો,-લી,-લું: લોહ; લોહજે; લોહવું.
લોવડા(-રા)વવું; લોવાય; લોવણિયું.

દોહ:—દોહું છું; દોહીએ છીએ; દુહે છે; દુહો છો; દોહ્યો,-હ્યા,-હી,-હ્યું,-હ્યાં; દોહીશ; દોહીશું; દોહશો; દુહત અથવા દોહત; દોહતો,-તી.-તું; દોહનાર; દોહવાનો અથવા દોવાનો; દોહેલો,-લી,-લું; દોહ; દોહજે.

દોવડા(-રા)વવું; દોવાવું; દોવણ; દોણી.

કોહ:—મોહ પ્રમાણે.

કોવડા(-રા)વવું; કોવાવું; કોવાય; કોહવાણ; કોહવાટ.

સોહ:—મોહ પ્રમાણે.

આ ૧૦ મો નિયમ નાહ, ચાહ, સાહ મોહ, લોહ, દોહ, કોહ અને સોહ એ આઠ ક્રિયાપદોનાં રૂપો પૂરતો છે. બધાં જ રૂપો કેવી રીતે લખવાં એ આપી દીધું હોવાથી એમાં વિશેષ સૂચન અપેક્ષિત નથી રહેતું. એક વસ્તુ આ બધાં રૂપોમાં ધ્યાનમાં રાખવી જ જોઈયે કે સર્વત્ર હકાર લઘુપ્રયત્ન એટલે કે સ્વરમાં અંતર્હિત રીતે જ ઉચ્ચરિત છે; બલ્કે એમ કહિયે તો ખોટું નથી કે તે તે સ્વર મહાપ્રાણિત ઉચ્ચારવામાં આવે છે. અને એથી જ અગાઉ બતાવ્યું એ પ્રમાણે લેખનમાં ક્વચિત્ જુદો બતાવાય છતાં માત્રાની દૃષ્ટિએ હકારનું જુદું સ્થાન નથી.[1]

---

૧. એટલે જ એ લક્ષ્યમાં લેવા જેવું છે કે 'નાહું છું' કહેવાથી એનું ઉચ્ચારણ 'નાઃઉં છું=ન્હાઉં છું' જેવું જ છે. આ ક્રિયાપદોનાં આટલાં બધાં રૂપો જુદી જુદી રીતે યાદ રાખવાં પડે એવી સ્થિતિ છે ત્યાં આ વિસર્ગ ચિહ્નથી આખો પ્રશ્ન સરળ થઈ જાય એમ છે. એને લીધે 'હ' વિનાનાં રૂપો: નાવાનો, નવડા(-રા)વવું, નવાવું, નવાય, નાવણ, નાવણિયો, નવેણ, નવાણ, સવડા(-રા)વવું, સવાવું, સવાય, લોવાનો, લોવડા(-રા)વવું, લોવાય, લોવણિયું, દોવાનો, દોવડા(-રા)વવું, દોવાવું, દોવણ, દોણી, કોવડા(-રા)વવું, કોવાવું, કોવાય, એ વગેરેમાં અમાત્રિક વિસર્ગ આવી જતાં એવાં સંદિગ્ધ રૂપોની લેખનમાં જરૂર નહિ રહે.

[મૂર્ધન્યતર ઢ]

૧૧. કેટલાક ઢ ને બદલે હ અને ડ છૂટા પાડીને લખે છે. જેમકે, કહાડવું. તેમ ન લખતાં કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવું એમ લખવું. પરંતુ લઢવું, દાઢમ ન લખતાં લડવું, દાડમ એમ લખવું..
ચડવું, ચઢવું બંને માન્ય ગણવાં.

આ નિયમ બીજી રીતે ખૂબ સરળ છે. કાઠિયાવાડનાં ઉચ્ચારણોમાં આ મૂર્ધન્યતર ઢ઼ને સ્થાને શુદ્ધ મૂર્ધન્ય ઢ જ ઉચ્ચારાય છે. જ્યાં જ્યાં કાઠિયાવાડમાં શુદ્ધ મૂર્ધન્ય ઢ છે ત્યાં જોડણીમાં પણ ઢ જ બતાવવો. કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવું, લોઢું, મોઢું, લઢણ (લઢવું ક્રિયાપદ=ટેવ પડવી), ઢેઢ, દોઢ, અઢી, રઢ, દાઢ વગેરેમાં ઢ જ લખવો. જ્યાં નથી એટલે કે મૂર્ધન્યતર ડ જ ઉચ્ચરિત થાય છે કાઠિયાવાડમાં, ત્યાં સર્વત્ર ડ જ લખવો. એને લીધે આપોઆપ 'ચઢવું' જોડણી નિરર્થક થઇ પડશે. કાઠિયાવાડમાં સર્વત્ર 'ચડવું'જ ઉચ્ચરિત થાય છે મૂર્ધન્યતર 'ડ'થી. એ રીતે 'રાઢ' નહિ, પણ 'રાડ'; શેરડીનો 'વાઢ' નહિ, પણ 'વાડ' વગેરે.

[યશ્રુતિ]

૧૨. કેટલાક શબ્દોના ઉચ્ચારમાં ગુજરાતના કેટલાક ભાગમાં યશ્રુતિ થાય છે. ઉદા૦ જાત્ય, આંખ્ય, લાવ્ય, લ્યો, દ્યો, ઇ૦, પણ તે લખવામાં દર્શાવવાની જરૂર નથી. જાત, આંખ, લાવ, લો, દો એમ જ લખવું.

નારી જાતિના બધા જ અકારાંત શબ્દો અને આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનનાં રૂપોમાં મૂળમાં હ્રસ્વ इ પ્રત્યય પડ્યો છે, જેની અબાધિત છાયા સમગ્ર દેશમાં પ્રાયઃ સર્વત્ર વ્યાપક છે; ગુજરાતના કેટલાક જ ભાગમાં એ યશ્રુતિ છે એ કહેવું બરોબર નથી. જેવી સ્થિતિ આ ય ની છે તેવી જ કર્મણિ ભૂત કૃદંતના યું—યો—ચી પ્રત્યયની પણ છે. જ્યાં આ લઘુપ્રયત્ન યકાર નથી ત્યાં "ગયો"નું 'ગો', 'કર્યો'નું 'કરો' જેવાં જ ઉચ્ચારણ છે. ઉપરના અંત્ય લઘુપ્રયત્ન યકારને અને 'લ્યો—દ્યો' અને 'લ્યે', 'દ્યે', 'જગ્યા–'

માંના યકારને દૂર કરવામાં માત્ર લેખનસારલ્ય એ જ મુખ્ય કારણુ કહેવું વાજબી છે. અને એ જ કારણે એ સ્વાભાવિક ઉચ્ચારણુ જોડણીમાંથી કાયમને માટે લુપ્ત થયું છે.[1]

૩. બીજા તદ્ભવ શબ્દો

[અલ્પપ્રાણુ + મહાપ્રાણુ]

૧૩. અલ્પપ્રાણુ અને મહાપ્રાણુ સંયુક્ત હોય એવા તદ્ભવ શબ્દોમાં મહાપ્રાણનું દ્વિત્વ કરવું. ઉદા૦ ચોખ્ખું, ચિઠ્ઠી, પથ્થર, ઝભ્ભો, ઓઘ્ઘો, સુધ્ધાં, સભ્ભર. પણ ચ તથા છનો યોગ હોય તો ચ્છ લખવું, છ્છ નહિ. ઉદા૦ અચ્છેર, પચ્છમ, અચ્છું.

"જોડણીકોશ"માં જોદ્ધો–યોદ્ધો લખાયેલ છે એ આ રીતે જોધ્ધો–યોધ્ધો લખાવા જોઇયે.

આ નિયમ માત્ર સરળતા ખાતર જ છે. સંસ્કૃત પ્રાકૃત ભાષાઓમાં આ નિયમ વૈકલ્પિક છે અને અલ્પપ્રાણુ+મહાપ્રાણુ એ રીતે જોડણી એ બેય ભાષાઓમાં વધુ સંમાનિત થયેલી છે. એનું જ ગુજરાતીમાં અનુસરણુ હોવાથી નિયમના આરંભમાં "અલ્પપ્રાણુ અને મહાપ્રાણુ સંયુક્ત હોય એવા તદ્ભવ શબ્દોમાં" એમ કહેવું જ પડ્યું છે. આ નિયમની ખાસ તેથી ઉપયુક્તતા નથી લાગતી.

[યશ્રુતિની ભ્રાંતિ]

૧૪. કેટલાક શબ્દોમાં (ઉદા૦ પારણું, બારણું, શેરડી, દોરડું, ખાંડણી, દળણું, ચાળણી, શેલડી) ર, ડ, ળ, લ ને બદલે ય ઉચ્ચાર થાય છે; ત્યાં મૂળ રૂપ જ લખવું.

આ નિયમમાં "ય ઉચ્ચાર થાય છે" એમ કહેવા કરતાં "ઝડપથી બોલાતાં ઉચ્ચારણમાં યશ્રુતિની ભ્રાંતિ છે" એમ કહેવું વધુ યોગ્ય છે.

---

૧. આ ઉચ્ચારણુ ભાષામાં અવિચ્છિન્ન છે અને એથી વ્યક્ત થવું જ જોઇયે; તેથી જેમ મૂર્ધન્યતર 'ડ઼ ઢ઼' નુક્તાથી બતાવવા વાજબી છે તેમ આ લઘુપ્રયત્ન યકાર પણ વ્યાપક રીતે 'ય' ના રૂપમાં નીચે નુક્તા સાથે પ્રયોજાય એ ઇષ્ટ છે.

"જોડણીકોશ"માં ઘણા શબ્દોમાં વિકલ્પ છે; ખાસ કરીને 'ર'—વાળા શબ્દોમાં. આ બધે ઠેકાણે 'ર' રાખીને યા 'ર' ઉડાડીને જોડણી થઈ છે. ઉતરડવું,—ઉત(તે)ડવું, આસડવું વગેરે. આ શબ્દોમાં 'ર' સચવાઈ રહે એ વધુ વાજબી છે.

[સ–શ નાં ઉચ્ચારણ]

૧૫. અનાદિ શ ના ઉચ્ચારની બાબતમાં કેટલાક શબ્દોમાં પ્રાંતિક ઉચ્ચાર-ભેદ છે. ઉદા૦ ડોશી–ડોસી; માશી–માસી; ભેંશ-ભેંસ; છાશ–છાસ; બારશ–બારસ; એંશી–એંસી. આવા શબ્દોમાં શ અને સ નો વિકલ્પ રાખવો.

૧૬. શક. શોધ, શું માં રૂઢ શ રાખવો; પણ સાકરમાં સ લખવો.

૧૭. વિશે અને વિષે એ બંને રૂપો ચાલે.

સામાન્ય રીતે પ્રાંતીય ભેદે છતાં તાલવ્ય સ્વરના યોગમાં સકારને સ્થાને શકાર ઉચ્ચારવાનું વલણ છે. એ રીતે આ શબ્દોમાં વિકલ્પે તાલવ્ય શકાર છે. છાશ બારશ વગેરેમાં તાલવ્ય સ્વર દેખાતો નથી, પણ તેમાં લઘુપ્રયત્ન યકાર છે જ, જે નારી જાતિના इ પ્રત્યય ઉપરથી આવ્યો છે; એથી જ ઉચ્ચારણમાં તાલવ્ય શ ને સ્થાન મળે છે. આ વિકલ્પ કાંઈક સમાદરણીય બને છે. એ રીતે વીશ—સ, અને વીશ—સ —અંતવાળા, પચીશ—સ, છવીશ—સ, ત્રીશ—સ અને ત્રીશ—સ —અંતવાળા, ચાળીશ—સ અને ચા(–તા)ળીશ—સ અંતવાળા, ઓગણપચાશ—સ, પચાશ—સ વગેરે બધામાં વિકલ્પ સ્વીકાર્ય છે. પણ શકારની પ્રાંતીયતાને કારણે આ બધા શબ્દોમાં સકાર વખવો વધુ પ્રામાણિક છે.

શક શોધ તો તત્સમ સંસ્કૃત ધાતુઓ છે. બેશક આજે એનાં સ્વાભાવિક ઉચ્ચારણો દંત્ય સકારવાળાં જ છે; પણ તત્સમની શુદ્ધિ જાળવવાનો પ્રઘાત હોવાથી તે વિશે કાંઈ વિવેચન અપેક્ષિત નથી.

૧૭ મા નિયમમાં 'વિશે' અને 'વિષે' બંને રૂપ સ્વીકારવાનું વિધાન છે; પણ "વિષે" એ રૂપ ગુજરાતી ભાષામાં કદી શક્ય નથી,

તેમ એ તત્સમ નથી, કેમકે તત્સમ તો 'વિષયે' છે. મધ્યકાલીન ગુજરાતીમાં 'વિખિ'—ઉચ્ચારવાળું 'વિષિ' રૂપ લખાયેલું મળવાથી અને 'વિખે'—ઉચ્ચારવાળું 'વિષે' પછી પણ પ્રયોજાયું હતું એટલે માત્ર સ્વરૂપ ઉપરથી 'વિષે' આપણે ત્યાં સ્વીકારાયેલું; પણ આજે તો કોઈ 'વિખે' ઉચ્ચાર કરતું જ નથી, એટલે જૂના 'વિખે'—ઉચ્ચારવાળા 'વિષે'ની જરૂર આપોઆપ ગઈ છે. સ્વાભાવિક રૂપ 'વિસે' ઉપરાંત તાલવ્ય એકારને કારણે 'વિશે' એવું વૈકલ્પિક રૂપ છે; એટલે જો વિકલ્પ જોઈતો જ હોય તો 'વિસે' 'વિશે' એવો જોઈયે. નવીનતા ન જ જોઈતી હોય તો 'વિશે' સંમાનિત થવા યોગ્ય છે; 'વિષે' તો નહિ જ. આ બે રૂપોમાંથી એથી હવે 'વિશે' એ એક જ રૂપ સ્વીકારી લેવું વાજબી છે. આ જ રીતે 'દુભાષિયો' નહિ, પણ 'દુભાશિયો' સ્વીકાર્ય બને છે.

[સાનુનાસિક નિરનુનાસિક ઇ-ઉ]

૧૮. તદ્ભવ શબ્દોમાં અંત્ય ઈ તથા ઉ, સાનુસ્વાર કે નિરનુસ્વાર, એ અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવાં. ઉદા૦ ઘી; છું; શું; ઉં; ધણી; વીંછી; અહીં; દહીં; પિયુ; લાડુ; જુદું.

નોંધ—સામાન્ય રીતે ગુજરાતીમાં રુ અથવા રુ લખવાનો રિવાજ નથી; રૂ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ રુ લખવાનું હોય ત્યાં રુ અથવા રુ લખવું. ઉદા૦ છોકરું–છોકરું. બૈરું–બૈરું.

અપવાદ–એકાક્ષરી શબ્દોમાં નિરનુસ્વાર ઊ દીર્ઘ લખવો. ઉદા૦ જૂ, લૂ, થૂ, ભૂ, રૂ.

૧૯. અનંત્ય ઈ તથા ઊ પર આવતા અનુસ્વારનો ઉચ્ચાર પોચો થતો હોય ત્યારે ઈ કે ઊ દીર્ઘ લખવાં. ઉદા૦ ઈંડું; હીંડાડ; ગૂંચવાય; સીંચણિયું; પીંછું; લૂંટ; પૂંછડું; વરસૂંદ; મીંચામણ.

અપવાદ—કુવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું.

'સાનુસ્વાર' કે 'નિરનુસ્વાર' એ સંજ્ઞાથી સાનુનાસિક' અને 'નિરનુનાસિક' ઈ–ઉ સમઝવાના છે. સ્વ. નરસિંહરાવે પણ આ ભૂલ કર્યા પછી એમને માલૂમ પડેલું કે અનુસ્વાર અને અનુસ્વારનો કોમળ

ઉચ્ચાર એ જુદી વસ્તુ છે. અનુસ્વારનો કહેવાતો કોમળ ઉચ્ચાર તે અનુનાસિક–કે કોઇ 'નાસિક્ય' કહે છે–તે છે. અનુસ્વાર એ સ્વર પછી વધી પડતું ઉચ્ચારણ છે, જ્યારે માત્રામાં કાંઇ પણ વૃદ્ધિ ન કરતો નાકમાંથી બોલાતો હ્રસ્વ કે દીર્ઘ સ્વર એ સાનુનાસિક છે; એટલે ૧૮–૧૯ એ બેઉ નિયમોમાં અનુસ્વારથી સાનુનાસિક ઉચ્ચાર જ સમઝવાનો છે. અને એની જ અહીં વાત છે.[1]

---

૧. ગુજરાતી શબ્દોના ઉચ્ચારણમાં વધુમાં વધુ મૂંઝવનારો પ્રશ્ન હ્રસ્વ કે દીર્ઘ 'ઇ–ઉ' નો છે. ક્યાં એ હ્રસ્વ ઉચ્ચારાય છે અને ક્યાં એ દીર્ઘ ઉચ્ચારાય છે એ પ્રચલિત ઉચ્ચારણો ઉપરથી સામાન્ય રીતે નક્કી કરવું વિકટ છે. ખાસ કરીને દીર્ઘ ક્યાં એ નક્કી કરવું તો ખૂબ જ મુશ્કેલ છે. અહીં ૧૮ મા નિયમમાં અંત્ય સાનુનાસિક 'ઇ–ઉ' માં ઉચ્ચારણની દૃષ્ટિએ લેશ પણ ભેદ નથી, એટલું જ નહિ, 'ઈ' કે 'ઉ' પોતે સાનુનાસિક હોય કે નિરનુનાસિક હોય, એઓના ઉચ્ચારણમાં ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ કાંઈ પણ ફેર પડતો નથી. નિયમો કરવામાં આવ્યા છે એ માત્ર લેખનમાં સરળતા લાવવા માટે વ્યવહાર પૂરતા છે: અને તેથી જ આપણી સામે એ વ્યવહારુ નિયમો પ્રમાણે અંત્ય સાનુ-નાસિક–નિરનુનાસિક 'ઈ' દીર્ઘ અને એવો 'ઉ' હૂસ્વ આવે છે; એ જ 'ઉ' જો નિરનુનાસિક હોય અને એ એકાક્ષરી શબ્દમાં હોય તો "અપવાદ"માં બતાવ્યા પ્રમાણે દીર્ઘ જ લખવાનું પ્રાપ્ત થાય છે. અનંત્ય દશામાં તો સાનુનાસિક 'ઇ-ઉ'નું સરખાપણું તેમ એનાથી સ્વતંત્ર રીતે નિરનુનાસિક 'ઈ–ઉ'નું સરખાપણું લેખનમાં વ્યક્ત કરવાનુ નીચે ૧૯ થી ૨૪ સુધીના નિયમોમાં વિધાન છે.

સિદ્ધાંત તરીકે એક વસ્તુ અત્યંત સ્પષ્ટ છે કે ગુજરાતી ભાષાનાં ઉચ્ચારણોમાં અંત્ય 'ઈ–ઉ' નાં ઉચ્ચારણ હૂસ્વ તરફ વધુ અને વધુ ઢળી ગયાં છે. માત્ર 'જ' અને 'ય' એ બે અવ્યયો જ એવાં છે કે કોઈ પણ હૂસ્વ 'ઇ–ઉ' પછી આવતાં એ 'ઇ–ઉ' દીર્ઘ ઉચ્ચરિત થાય છે. લઘુપ્રયત્ન અંત્ય અકાર પણ આ બે અવ્યય પહેલાં પૂર્ણપ્રયત્ન બની જાય છે એ પૂર્વે સૂચવાયું છે જ.

અંત્ય 'ઇ–ઉ' જેમ હાલ સામાન્ય રીતે હૂસ્વ ઉચ્ચરિત થાય છે, પછી ભલે વ્યુત્પત્તિથી એ દીર્ઘ જ આવતા હોય (અને "શાસ્ત્રોચ્ચારપરિશુદ્ધ

૧૮ મો નિયમ એ અત્યંત સ્પષ્ટ કરી આપે છે કે એકાક્ષરી કે એકથી વધુ અક્ષરવાળા શબ્દોમાં અંત્ય 'ઇ' દીર્ઘ જ લખવો, જ્યારે એકાક્ષરી શબ્દોમાં માત્ર નિરનુનાસિક 'ઉ' દીર્ઘ લખવો; એવા શબ્દોમાં સાનુનાસિક 'ઉ' હ્રસ્વ જ લખવો. એકથી વધુ અક્ષરવાળા શબ્દોમાં અંત્ય સાનુનાસિક અને નિરનુનાસિક 'ઉ' હ્રસ્વ જ લખવો. માત્ર સરળતાના ઉદ્દેશ ઉપર રચાયેલા આ નિયમની શાસ્ત્રીયતા વિશે શંકા કરવાની નથી. જોડણીના નિયમમાં આ 'ઇ–ઉ' વિશેના નિયમો એ માત્ર કામચલાઉ છે એ વાત કોઈ પણ સમજુ વિદ્વાન ભૂલી નહિ શકે, કેમકે એમાં ઉચ્ચારણનો વિષય ઉપેક્ષિત થયો છે.

નિયમ તરીકે આ નિયમ અત્યંત સ્પષ્ટ છે, એવો જ ૧૯ મો નિયમ પણ સ્પષ્ટ છે. ૧૮ મા નિયમમાં અંત્ય 'ઇ—ઉ' નો પ્રશ્ન પતી જાય છે ને માત્ર અનંત્યનો જ રહે છે. એવા અનંત્ય સાનુનાસિક 'ઇ–ઉ' દીર્ઘ જ લખવાનું ૧૯ મો નિયમ વિધાન કરે છે અને કોઇ પણ સંયોગોમાં એમાં ફેરફાર ન કરવાનો પણ આદેશ કરે છે. અપવાદમાં જે પાંચ શબ્દો છે તે જ યાદ રાખવાથી લેખનમાં આવા

જોડણી''માં મને આ તરફ પક્ષપાત પણ હતો, પ્રાંતીયતાને કારણે; પછી તો છેલ્લાં આઠ વર્ષના વધુ વ્યાપક અનુભવથી તે તરફની સમર્થક બુદ્ધિ ઓસરી પણ ગઇ છે.) એ રીતે અનંત્ય 'ઈ–ઉ' અસ્વરિત દશામાં હ્રસ્વ ઉચ્ચરિત થાય છે. આને જ કારણે ૧૯ મા નિયમમાં અનંત્ય 'ઇ–ઉ' સાનુનાસિક હોય ત્યારે દીર્ઘ કહ્યા છે એ અસ્વરિત દશામાં હ્રસ્વ છે કે જેવા નિરનુનાસિક એ 'ઇ–ઉ' હ્રસ્વ છે. "અપવાદ"માં કુંવારું, કુંભાર, કુંવર, કુંવરી, સુંવાળું આપવામાં આવ્યા છે તે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. એ રીતે જોતાં "હીંડાડ"માં 'હીં' દીર્ઘ નહિ, પણ હ્રસ્વ જ છે. "રિસામણું" અને "સીંચણિયું" કે "મીંચામણું"માંના આદિ શ્રુતિમાંના નિરનુનાસિક 'ઈ'માં કાંઇ પણ તફાવત નથી; એ જ રીતે "ઉતરડ" અને "મૂંઝવણ"માંના નિરનુનાસિક કે સાંનુનાસિક 'ઉ'માં પણ. અને ત્રિશ્રુતિ શબ્દોમાં "ચિતાર" "મીઠાઇ" "મૂકેલું" "ઉતાર" અને "જૂઠાણું"માં આદિ શ્રુતિના ઉચ્ચારણમાં ફેર છે એમ કોણ કહી શકે એમ છે?

અનંત્ય સાનુનાસિક 'ઇ—ઉ'નો પ્રશ્ન નિરાકૃત થઇ જાય છે. પણ એટલાથી પૂરતું નથીઃ "જોડણીકોશે" દીર્ઘ અને હ્રસ્વ 'ઇ—ઉ' હોય એવાં સંખ્યાબંધ વિકલ્પો આપ્યા છે. એવા શબ્દમાં સ્વરભાર 'ઇ—ઉ' ઉપર ન હોય અને પછીની શ્રુતિમાં હોય છે એવા એ બધા જ શબ્દો હ્રસ્વ સાનુનાસિક 'ઇ–ઉ'થી લખાય એ વાજબી છે. ઉંદર, ઉંબર, જિંગોડી, શિંગાળી વગેરે. અહીં અનુસ્વાર છે એમ બચાવ કરવો નિરર્થક છે.

[થડકાતો ઇ-ઉ]

૨૦. શબ્દમાં આવતા યુક્તાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઈ કે ઊ જે હોય તે હ્રસ્વ લખવો. અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો થતો હોય ત્યાં યુક્તાક્ષર ગણવો. ઉદા૦ કિસ્તી, શિસ્ત, કુક્કર, જુસ્સો, ચુસ્ત, છેતરપિંડી, જિંદગી, જિંગોડી, લુંગી, ફુંદ, ઘુંડાઈ.

નોંધ—સામાન્ય રીતે ગુજરાતીમાં જિ લખવાનો રિવાજ નથીઃ જી જ વિશેષ પ્રચલિત છે. પરંતુ જ્યાં નિયમ પ્રમાણે હ્રસ્વ જિ લખવાનું હોય ત્યાં જિ લખવું. ઉદા૦ જિંદગી; જિતાડવું, જિવાડવું.

જોડાક્ષરની પૂર્વનો થડકાતો સ્વર હ્રસ્વ લખવો. થડકાતો સ્વર ન હોય તો એ અસલ જે સ્વરૂપમાં હોય તેમ લખવો. 'કર્યો, સ્ફુર્યું' આ શબ્દોમાં ભૂતકાળનો ય લાગે છે, જોડાક્ષર પણ બને છે, પણ પૂર્વના સ્વરમાં કાંઇ પણ થડકારો નથી, એથી "કર" ને 'યો' લાગતાં છતાં 'ક'માં અકાર લઘુ જ છે. એ જ રીતે 'સ્ફુર'માં ઉકાર લઘુ જ છે.

આ નિયમ અત્યંત સ્પષ્ટ છે, પણ એ તદ્ભવ પૂરતો જ છે, એ ન ભુલાવું જોઇયે. સંસ્કૃત તત્સમ શબ્દોમાં જોડાક્ષરમાંના પૂર્વનો ઇ–ઉ દીર્ઘ જ સામાન્ય રીતે હોય છેઃ કીર્તિ, પૂર્ણ, ચૂર્ણ, વીર્ય વગેરે. સંસ્કૃત સિવાયની ભાષાઓમાંથી આવેલા શબ્દોમાં હ્રસ્વ લખવાનું જ વલણ છે; જેમકે ડિગ્રી, ઉર્દૂ વગેરે.

નોંધમાં 'જિ' વિશે જ છે. ત્રણમાંનું પહેલું ઉદાહરણ તત્સમ શુદ્ધ શબ્દ છે; બીજું–ત્રીજું ઉદાહરણ ૨૪ મા નિયમ પ્રમાણે છે.

[દ્વિશ્રુતિવાળા શબ્દોમાં અનંત્ય ઈ-ઊ]

૨૧. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય ('જેમ કે, ઉદલું, ડિલ, જુદું) તેવા બે અક્ષરના શબ્દોમાં ઉપાંત્ય ઈ તથા ઊ દીર્ઘ લખવાં. ઉદા૦ ચૂક, થૂઈ, તૂત, ઝૂલો, ઝીણું, જીનો.

અપવાદ—સુધી, દુખ, જુઓ.

નોંધ—મુકાવું, ભુલાવું, મિચાવું, એવાં કર્મણિ રૂપોમાં હ્રસ્વ થાય છે. જુઓ નિયમ ૨૪ મો.

વ્યુત્પત્તિને આધારે ઉપાંત્ય ઇ–ઉ માં હ્રસ્વતા જ મળતી હોય એ સિવાયનાં સ્થાનોમાં પ્રાયઃ વ્યુત્પત્તિથી જ આ 'ઇ–ઉ' દીર્ઘ મળે છે, એટલે આ નિયમ માત્ર વ્યુત્પત્તિને જ વશવર્તી રખાયો છે; એથી માત્ર વ્યવહારદશાનો છે.[1] આપણને સ્વરિત કે અસ્વરિત અનંત્ય 'ઇ–ઉ' ઉચ્ચારણની રીતે પ્રાયઃ હ્રસ્વ મળે છે એ અનુભવનો જ માત્ર વિષય છે.

[ત્રણ શ્રુતિવાળા શબ્દોમાં ઈ-ઉ]

૨૨. જ્યાં વ્યુત્પત્તિને આધારે જુદી જોડણી ન થતી હોય (જેમ કે, ઉપર, સુગલ, કુરતું, મુગટ, અંગુર) તેવા બેથી વધારે અક્ષરના શબ્દોમાં ઇ કે ઉ પછી લઘુ અક્ષર આવે તો તે દીર્ઘ લખવાં, અને ગુરુ અક્ષર આવે તો હ્રસ્વ લખવાં. ઉદા૦ ખુશાલ, નીકળ, મૂલવ, વિમાસ, મજૂર, ખેડૂત, દુકાળ, સુતાર, તડૂક, કિનારો, ભુલાત, મિચાવ, તડુકાવ.

---

૧. એક સરખું માપ ધરાવનારા શબ્દોમાં ઉચ્ચારણની દૃષ્ટિએ ભેદ મળી શકે નહિ. દા. ત. 'સુધી', 'ઝૂલો', 'ઝીણું'માં ઇ કે ઉમાં ઉચ્ચારણની દૃષ્ટિએ કાંઇપણ ભેદ નથી. આ આખો પ્રશ્ન સ્વરભારના તત્ત્વને આભારી છે. ગુજરાતી ભાષામાં સ્વરભાર જો અંત્ય સ્વર ઉપર જતો હોય તો અસ્વરિત સ્વરો દીર્ઘ રહેવાની સ્થિતિમાં નથી હોતા. ઉપરના ત્રણે શબ્દોમાં સ્વરભાર કઈ શ્રુતિમાં છે? સ્પષ્ટ છે કે અંત્ય સ્વર ઉપર જ પડે છે, એટલે ઉચ્ચારણની દૃષ્ટિએ ઉપાંત્ય સ્વર હ્રસ્વ જ આવી રહે છે.

આ પછીના નિયમોમાં એ તત્ત્વ ઓછેવત્તે અંશે સ્વીકારવામાં આવ્યું જ છે. મુકા-વું, ભુલા-વું, મિચા-વું એ ત્રણ શ્રુતિવાળા શબ્દોમાં એ જ તત્ત્વને લીધે આદિ શ્રુતિ હ્રસ્વ મળે છે.

અપવાદ ૧—વિશેષણ પરથી થતાં નામો તેમ જ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી.: ઉદા૦ ગરીબ—ગરીબાઇ; વકીલ—વકીલાત; ચીકણું—ચીકણાઈ; ચીકાશ; મીઠું—મીઠાશ, મીઠાણ; જૂઠું—જૂઠાણું; પીળું—પીળાશ; ઝીણું—ઝીણવટ.

નોંધ—વેધિ-વેધિત્વ, અભિમાની-અભિમાનિત્વ, એવા શબ્દો તત્સમ સંસ્કૃત હોઈ ફેરફાર કરવામાં આવે છે.

અપવાદ ૨—કેટલાક શબ્દો બોલતાં ઉપાંત્ય અક્ષર ઉપર ભાર આવે છે ત્યાં ઇ કે ઉ જે હોય તે દીર્ઘ કરવાં. ઉદા૦ ગોટીલો, દાગીનો, અરડૂસો, કંતૂડી વગેરે.

નોંધ—જેમાં આ જાતનો ભાર નથી આવતો એવા શબ્દો: ટહુકો, કુહાડી, મહુડું.

·નિયમમાં બેથી વધારે અક્ષરોથી ત્રણ અક્ષરો-શ્રુતિઓ સમઝવાની છે, કેમકે ચાર અક્ષરવાળા માટે ૨૩ મો નિયમ છે જ. અહીં ઉદાહરણમાં "તડુકાવ" ચાર અક્ષરનો અપાયો છે એ નિયમમાં રહેલા વ્યાપક તત્ત્વને આભારી છે. આ નિયમથી જે કાંઈ સમઝાય છે તે એ જ છે કે બે દીર્ઘ સ્વરો લાગલગાટ શ્રુતિમાં આવી શકતા નથી. એ જ પ્રમાણે ઉદાહરણો બરોબર અપાયાં છે. "તડુકાવ"માં એથી આપણે "તડુકા-" અંગ પૂરતું લક્ષ્ય આપવાનું રહે છે.

અહીં "તડુકાવ"માં ઉકાર સ્પષ્ટ હ્રસ્વ નિર્ણીત થયા પછી નીચે ૨૪ મા નિયમની નોંધમાં "તડૂકાવ(વું), તડૂકા(વું)" નોંધાયાં છે એ પ્રમાદ જણાય છે.

આ નિયમમાં સ્વરભારનું તત્ત્વ એકંદરે નિયામક છે. જે શબ્દોને છેડે લઘુપ્રયત્ન અકાર છે તે શબ્દોમાં અમુક રીતે ઉપાંત્ય શ્રુતિ ઉપર ભાર પડે છે. ખુશાલ, વિમાસ, દુકાળ, સુતાર, કિનારો, ભુલાવ, મિચાવ એ એનાં આબાદ ઉદાહરણો છે. ત્યારે 'નીકળ' 'મૂલવ'માં સ્વરભાર ક્યાં છે? ઉચ્ચારણ જોતાં ઉપાંત્ય અકાર ઉપર છે; અને એથી કરી આદિ શ્રુતિના ઇ–ઉ અસ્વરિત બનતાં દીર્ઘ ટકી શકતા નથી. અને એથી જ નિકળ, મુલવ, ઉતર, નિપજ, ઉપજ જેવાં ક્રિયાપદોમાં

જોડણીમાં પૂર્વે હ્રસ્વ સ્વર સ્વીકારાયેલો. આજે તો બે દીર્ઘ શ્રુતિ સાથે ન આવે, તેમ બે હ્રસ્વ પણ, એવી માન્યતાથી આ શબ્દોમાં આદ્ય શ્રુતિમાં ઇ–ઉ દીર્ઘ માત્ર વ્યવહારપૂરતા જ સ્વીકારાયા છે. એ જ રીતે અપવાદ ૧ માં સાધિત નામ અને વિશેષણોમાં જોડણી ન ફેરવવાનું વિધાન કરવામાં આવ્યું છે.[1]

૧. અહીં પણ સ્વાભાવિક ઉચ્ચારણ એટલે કે સ્વરભારના સિદ્ધ તત્ત્વને ઉથામવામાં આવ્યું છે. આપેલાં ઉદાહરણોમાં ક્યાંય પણ 'ઈ–ઊ'માં દીર્ઘ ઉચ્ચારણ રહ્યું નથી. વસ્તુસ્થિતિએ ૧૪મા નિયમમાં આ અપવાદ ૧ નો પણ સ્વાભાવિક સમાવેશ છે, અને સ્વરભાર પૂર્વની શ્રુતિમાં એ 'ઈ–ઊ' આવી જતા હોવાથી સ્વાભાવિક રીતે જ હ્રસ્વ સ્વરૂપમાં જ એ ઉચ્ચરિત છે. અહીં એ પણ લક્ષ્યમાં લેવા જેવું છે કે બે શ્રુતિવાળા શબ્દોમાં અગાઉ બતાવ્યું તેમ, સ્વરભાર છેડે હોય તો ઉપાંત્ય 'ઈ–ઊ' હ્રસ્વ ઉચ્ચરિત થાય છે, એના ઉપરથી પાછા ઘડાતાં એ હ્રસ્વના હ્રસ્વ જ રહે છે. ત્રણ શ્રુતિવાળા શબ્દોમાં તો, ચાર શ્રુતિવાળા શબ્દોની જેમ જ, દ્વિતીય શ્રુતિ ઉપર સ્વરભાર હોય કે પ્રથમ શ્રુતિના એ ઇ–ઉ ઉપર સ્વરભાર હોય, એ દીર્ઘ ઉચ્ચારી શકાતા નથી. એથી પણ આ સાધિત સ્વરૂપમાં ઈ–ઉ ની હ્રસ્વતા જ રહે છે.

ખરી રીતે સ્વરભારને કારણે પૂર્વનો ઈ–ઉ જ માત્ર નહિ, ગમે તે સ્વર આવ્યો હોય એ હ્રસ્વ થઇ જાય છે; જેમકે ચારવું–ચરાવવું, મારવું–મરાવવું, પાડવું–પડાવવું, દેખવું–દૅખાડવું, પેસવું–પૅસાડવું, બેસવું–બૅસાડવું, બોલવું–બૉલાવવું, ખોદવું–ખૉદાવવું; પ્રેરકને બાજૂએ મૂકતાં કર્મણિરૂપમાં પામવું–પમાવું, વાળવું–વળાવું, ચારવું–ચરાવું. એ પ્રમાણે વિશેષણો વગેરે ઉપરથી સાધિત શબ્દો રાતું–રતાશ, ખાટું–ખટાશ, વગેરે પણ લક્ષ્યમાં લેવા જેવા છે. ("કાળાશ" જેવા કોઈક જ અપવાદ ગમે તે કારણે રહી ગયા છે.)

આમાં સ્વરભારનું તત્ત્વ કેટલું પ્રબળ છે એ સમજાય છે. હિંદીમાં देख–दिखाना, बोल–बुलाना, बेठ–बिठाना, खोद–खुदवाना એવાં સ્પષ્ટ ઉદાહરણો છે. આપણે ત્યાં હ્રસ્વ 'ઍ–ઑ' હોવાને કારણે 'ઍ–ઑ' રહ્યા છે, પણ એ હ્રસ્વ જ. આ તદ્દન ઉચ્ચારણશાસ્ત્રનો વિષય છે. સરખાવો વળી "ઘૉડાર" જેવા શબ્દો, જ્યાં "ઑ" હ્રસ્વ છે.

અપવાદમાં આપેલાં ઉદાહરણોમાં 'ઝીણું' ઉપરથી "ઝીણવટ" આપવામાં આવ્યું છે, જ્યાં આદિ શ્રુતિનો 'ઈ' દીર્ઘ જ રાખવામાં આવ્યો છે. ઉચ્ચારણમાં શી સ્થિતિ છે એ અહીં બતાવવા પ્રયોજન નથી, કેમકે માત્ર વ્યવહાર જ અહીં લક્ષ્ય છે. અહીં તેથી જ પ્રશ્ન ઊભો થાય છે કે "જોડણીકોશ"માં "જૂનું" ઉપરથી "જુનવટ" અપાયું છે તે વાજબી કે આ? "-વટ" અનુગ બેયમાં જુદો તો નથી જ. "ઝીણું+વટ" અને "જૂનું+વટ" એ આપણને જુદાં રૂપ આપી શકે ખરાં? એટલે મને લાગે છે કે "અપવાદ ૧"માં મુકાયેલ આ "ઝીણવટ" શબ્દને દૂર કરવો જોઇયે, જે જોડણીની દૃષ્ટિએ "ઝિણવટ" થઈ રહેશે. ૨૪મા નિયમમાં ક્રિયાપદો ઉપરથી આવેલા શિખામણ ભુલામણી ઉઠમણું વગેરે જેવી જ આની સ્થિતિ છે.

નોંધમાં આપેલા "વેધિત્વ-અભિમાનિત્વ" વગેરે તત્સમ જ હોઇ એના 'ઇ'નો પ્રશ્ન આવશ્યક નથી જ.

અપવાદ ૨જો વ્યવહારપૂરતો જ મને લાગે છે. ખરી રીતે ઉપાંત્ય શ્રુતિ ઉપર ભાર ઉચ્ચારણમાં નથી; અપવાદ ૨ જા જેવી જ એની સ્થિતિ છે. "મધુરું" અને "અધૂરું"ના ઉચ્ચારણમાં જો ફેર હોય તો આમાં હોઈ શકે.

[ચાર શ્રુતિ અને તેથી વધુ શ્રુતિવાળા શબ્દોમાં ઈ-ઉ]

૨૩. ચાર અથવા તેથી વધારે અક્ષરના શબ્દોમાં આદિ ઈ કે ઉ હ્રસ્વ લખવાં. ઉદા૦ મિજલસ, હિલચાલ, કિલકિલાટ, ખિસકોલી, ટિપણીયો, ટિટિચારો, ટિચકારી.

વિકલ્પ—ગુજરાત—ગૂજરાત

નોંધ ૧—આ જાતનો શબ્દ સમાસ હોય તો સમાસના અંગભૂત શબ્દોની જોડણી કાયમ રાખવી. ઉદા૦ ભૂલથાપ, બીજવર, હીણકમાઉ, પ્રાણીવિદ્યા, સ્વામીદ્રોહ, મીઠાબોલું,

નોંધ ૨—ફદાફદ, બૂમાબૂમ, ભુલભુલામણી, એવા દ્વિર્ભાવથી થતા શબ્દોમાં દ્વિર્ભાવ પામતા પદની જોડણી જ કાયમ રાખવી.

'ઇ–ઉ'ને લગતા નિયમોમાં સ્વાભાવિકતાની નજીકમાં નજીક આવતો જો કોઈ નિયમ હોય તો આ છે. લાંબા શબ્દોમાં સ્વરિત કે અસ્વરિત ઇ–ઉ દીર્ઘ ઉચ્ચારી શકાતા નથી; અને એથી જ વ્યુત્પત્તિથી એક મતે આવતો "ગૂજરાત" શબ્દ વિકલ્પે સ્વીકારાયો છે. મને લાગે છે કે ઉચ્ચારણની દૃષ્ટિએ અને એ શબ્દની ઐતિહાસિક દૃષ્ટિએ સંસ્કૃતેતર મૂળ "ગુજ્રાત" ઉપરથી "ગુજરાત" એવી વ્યુત્પત્તિ વધુ સ્વાભાવિક હોવાથી એ શબ્દ અત્યારે ઉચ્ચારણમાં છે એવી જ રીતે "ગુજરાત" તરીકે જ માત્ર સ્વીકારાય એ વધુ વાજબી છે; એટલે "ગૂજરાત" એ વિકલ્પ છોડી દેવો જોઇયે.

નોંધ ૧લી સમાસાંત શબ્દને માટે છે. એ વિશે કાંઈ વિશેષ સ્પષ્ટતા અપેક્ષિત નથી. માત્ર તત્સમ હોઈ 'પ્રાણિવિદ્યા, સ્વામિદ્રોહ' જોઇયે.

નોંધ ૨જી માત્ર વ્યવહારપૂરતી છે. ઉચ્ચારણથી આદિ શ્રુતિમાં દીર્ઘતાની કોઈ સંભવિતતા નથી.

[સાધિત શબ્દોમાં ઇ–ઉ]

૨૪. પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં તથા ધાતુનાં પ્રેરક અને કર્મણિ પ્રયોગનાં રૂપોમાં પ્રાથમિક શબ્દ અથવા ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં ઉપર કલમ ૨૦, ૨૧, ૨૨, ૨૩, પ્રમાણે જોડણી કરવી. ઉદા૦ ભૂલ–ભુલામણી; શીખ–શિખાઉ, શિખામણ; નીકળ–નિકાલ; ઊઠ–ઉઠાવું, ઉઠાડ, ઉઠાવ, ઉઠમણું; મૂક–મુકાણ, મુકાવું, મુકાવવું; ચૂંથવું, ચૂંથાવું, ચૂંથાવવું; ફિંગલાણ, ફિંગલાવું, ફિંગલાવવુ.

નોંધ—ધાતુના અક્ષરો ગણવામાં તેના સામાન્ય કૃદતનું રૂપ નહિ, પણ મૂળ રૂપ લેવું. જેમ કે, ઊથલ(વુ); મૂલવ(વું); તડૂક(વું), તડૂકાવ(વું), તડૂકા(વુ).

અપવાદ ૧—કર્મણિ રૂપોને નિયમ ૨૧માં અપવાદ ગણી હ્રસ્વ કરવાં; જેમકે, મિચા(વું), મુકા(વું), ભુલા(વું).

અપવાદ ૨—ક્રિયાપદનાં કૃદંત રૂપોમાં મૂળ જોડણી જ કાયમ રાખવી.

જેમકે, ભૂલનાર, ભૂલેલું, ભુલાવનાર, ભુલાયેલું; મૂકનાર, મૂકેલું, મુકાયેલું, મુકાવનાર, મુકાવડાવેલું.

આ નિયમનો મુદ્દો બહુ સ્વાભાવિક છે. સ્વરભારના નિયમ પ્રમાણે સ્વાભાવિક ઇ–ઉની હ્રસ્વતા આમાં અભિપ્રેત છે, એટલે જ "ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં" એ શબ્દો નિયમમાં અપાયા છે. આ નિયમોમાં ૧૯ મી કલમ સાનુનાસિક 'ઇ–ઉ'ને દીર્ઘ રાખનારી જણાવવામાં આવી નથી, એટલે નિયમથી તો એવા 'ઇ–ઉ'ની હ્રસ્વતા આવી જાય છે; પણ જ્યારે ઉદાહરણો જોઇયે છિયે ત્યારે જ માલૂમ પડે છે કે "ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં" ને બદલે "કાયમ રાખતાં" એવો વિકલ્પ પણ ઇષ્ટ રહ્યો છે, ચૂંથવું, ચૂંથાવું, ચૂંથાવવું વગેરેમાં 'ઊ' અવિકૃત રાખ્યો છે ૧૯મા નિયમ પ્રમાણે તે.[1]

આ નિયમ પ્રમાણે સાધિત ક્રિયાપદોમાં બે દીર્ઘ સ્વર સાથે ન આવે; આ નિયમનું પાલન મોટે ભાગે બરોબર થયું છે. જીવવું–જિવાવું, જિવાડવું વગેરે, છતાં દીપવું–દીપાવવું, પૂજવું–પૂજાવું–પૂજાવવું જેવી ભૂલો પણ મળે છે, જે અસાવધપણું લાગે છે. તત્સમતાની દલીલ એઓ માટે નકામી છે, કેમકે 'જીવવું'થી એ બેઉની સમાન સ્થિતિ જ છે.

---

૧. વસ્તુસ્થિતિએ સાનુનાસિક હોય કે નિરનુનાસિક હોય 'ઈ–ઊ' ની એક જ દશા છે એવું અગાઉ બતાવાયું છે. નિરનુનાસિકમાં ફેર થાય અને સાનુનાસિકમાં ફેર ન થાય એ અસ્વાભાવિક હોવાથી સ્વ. નરસિંહરાવભાઇએ નિરનુનાસિક કે સાનુનાસિક કોઇપણ દીર્ઘ 'ઇ–ઉ' સાધિત શબ્દોમાં ન જ ફેરવવા મત આપેલો. ગુજરાતી સાહિત્યપરિષદ ખાંડોળ કમિટીની જોડણીમાં પણ આ જ સ્થિતિ હતી, જ્યારે ગુજ૦ વર્ના૦ સોસાયટીના ખાચા ખરડામાં આવા બધા સંયોગોમાં વિકલ્પ સૂચવવામાં આવ્યો હતો. સરળતા ન ફેરવવામાં છે. ફેરવવા હોય તો ઉચ્ચારણ પ્રમાણે એ બધા અસ્વરિત હોવાથી કોઈપણ સ્વરભારવાળા શ્રુતિ પહેલાંની શ્રુતિમાંના 'ઇ–ઉ' હ્રસ્વ જ સ્વીકારાવા જોઇયે. તત્સમ શબ્દો ઉપરથી થતા ગુજરાતી સાધિત શબ્દોમાં પણ આ જ નિયમ સ્વીકારવો જોઇયે.

ઉદાહરણમાં 'નીકળ' ઉપરથી 'નિકાલ' બતાવ્યું છે એ વાજબી નથી. એક ગુજરાતી શુદ્ધ શબ્દ છે, બીજો સ્વતંત્ર હિંદી તત્સમ છે. આવી ઝીણી વાતો સમઝવી અનિવાર્ય છે.

"નોંધ"માંનું સૂચન નિયમની સ્પષ્ટતા માટે છે, જ્યારે "અપવાદ ૧" એ ખરી રીતે અપવાદ નથી. એ ૨૧મા નિયમથી પ્રાપ્ત દશા સામે સૂચન માત્ર છે, જે ૨૪મા નિયમથી "જોડણી કાયમ ન" રાખવાની વાતમાં એકરૂપ થઈ જાય છે.

"નોંધ"માંના "તડૂકા(વું), તડૂકાવ(વું),"માં ઉકાર ૨૨મા નિયમ પ્રમાણે હ્રસ્વ જોઇયે એવું સૂચન ઉપર થઇ ગયું છે.

"અપવાદ ૨જો" માત્ર વ્યવહારુ છે.[1]

[ઈ-ઉ વિશે કેટલીક પ્રકીર્ણતા]

૨૫. શબ્દના બંધારણમાં ઈ પછી સ્વર આવતો હોય તો તે ઈ ને હ્રસ્વ કરી સ્વરની પહેલાં ય ઉમેરીને લખવું. ઉદા૦ દરિયો, કડિયો, ધોતિયું, આળિયું, કાઠિયાવાડ, પિયર, મહિયર, દિયર, સહિયર, પિયુ.

અપવાદ— પીયો; તથા જુઓ પછીનો નિયમ.

વિકલ્પ—પિયળ–પીયળ.

૨૬. વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કે સમાસ બનાવતાં શબ્દની મૂળ જોડણી કાયમ રાખવી. ઉદા૦ નદી–નદીઓ, નદીમાં ઇ૦. સ્રી–સ્રીઓ, સ્રીને ઇ૦. ખૂબી–ખૂબીઓ; બારીબારણાં.

---

૧. "અપવાદ ૨ જા" પ્રમાણે ધાતુ ઉપરથી બનતાં કૃદંતોમાં જોડણીમાં ઇ–ઉ દીર્ઘ હોય એમાં ફેરફાર ન કરવાનું સૂચન છે એ અસ્વાભાવિક છે. કૃદંત–પ્રત્યયમાં સ્વરભાર હોય તો એ પૂર્વશ્રુતિમાંના ઇ–ઉની હ્રસ્વતા જ માગી લે છે, "મુકયો" "મુકેલું" જેમ; "મૂકયો" "મૂકેલું" માં ઊ દીર્ઘ રહી શકતો જ નથી.

સ્વરભાર જેવા ભાષાના નિયામક તત્ત્વના અભ્યાસને અભાવે જોડણીમાં કેટલીક અસ્વાભાવિકતા પેસી ગઇ છે એ આવા પ્રસંગોથી વધુ સારી રીતે સમઝાશે.

૨૭. ક. કરીએ, છીએ, ખાઈએ, ધોઈએ, સૂઈએ, જોઈએ, હોઈએ, મારીએ એવાં ક્રિયાપદનાં રૂપો બતાવ્યા પ્રમાણે લખવાં. પણ થયેલું, ગયેલું, સચવાયેલું એવાં રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

આ ત્રણ નિયમો "ઇ+સ્વર" વિશે મુખ્યત્વે છે. માત્ર ૨૭ કમાં દ્વિતીય ભૂતકૃદંતો વિશે લખ્યું છે તે માત્ર લઘુપ્રયત્ન યકાર પૂરતો એકદેશ જ આપે છે. આ આખો પ્રશ્ન યકારના લઘુપ્રયત્ન ઉચ્ચાર સાથે સંબંધ ધરાવે છે. ૨૫ મા નિયમમાં આપેલા શબ્દોમાં એ લઘુપ્રયત્ન યકાર ઉચ્ચરિત થાય છે અને સ્વરભાર અંત્ય શ્રુતિ ઉપર હોવાને કારણે પૂર્વ શ્રુતિમાંની 'ઇ' હ્રસ્વ જ ઉચ્ચરિત થાય છે. અને અત્યંત સ્વાભાવિક રીતે આ, નિયમથી કાયમને માટે ગુજરાતી ભાષામાં સ્થાપિત થઈ જાય છે. "પીયો (=ચેપડો)" અપવાદમાં અપાયો છે એ ખાસ મહત્ત્વનો નથી; તેમ જ વિકલ્પ "પિયળ–પીયળ" આપ્યો છે એ પણ મહત્ત્વનો નથી. આપણે વ્યવહારપૂરતો "પીયો" સ્વીકારિયે અને "પિયળ–પીયળ"માંથી–"પિયળ"ને કાયમ માટે સ્વીકારી લઈયે; પણ મહત્ત્વનો અપવાદ તો ૨૬મો નિયમ છે. સ્વ. નવલરામ પંડયાએ સ્વરથી શરૂ થતો પ્રત્યય લાગતાં અંત્ય 'ઇ'ને હ્રસ્વ કરવાનો નિયમ ઉચ્ચારની સ્વાભાવિકતાને કારણે સ્વીકારેલો. 'નદીઓ' કોઈ ઉચ્ચારતું નથી; એ 'નદિયો' ઉચ્ચારાય છે. છતાં સરળતા ખાતર આ અપવાદ સ્વીકારવામાં આવ્યો છે.[1]

---

૧. આની ખરી કસોટી તો ત્રણ શ્રુતિવાળા દીર્ઘ ઇકારાંત શબ્દોને 'ઓ' પ્રત્યય લાગે છે ત્યારે સમઝાય છે. દા. ત. ચોપડી શબ્દ લો. ચોપડી+ઓ= ચોપડિયો. મૂળ ચોપડી શબ્દમાં 'પ'માં અકાર લઘુપ્રયત્ન છે. 'ઓ' પ્રત્યય લાગતાં એ પૂર્ણપ્રયત્ન બને છે; એટલે કે 'ડી' પરનો સ્વરભાર ખસી 'પ' અને 'યો'માં વહેંચાઈ જાય છે. આ ક્રિયા વ્યંજનાદિ પ્રત્યય–અનુગમાં નથી થતી એ સમઝવા જેવું છે; જેમકે ચોપડી+માં=ચોપડીમાં, આમાં 'પ'માંનો અકાર લઘુ-પ્રયત્ન જ છે. આવી ઝીણી વાતો સમઝવાનો પ્રયત્ન થાય તો જ જોડણીના નિયમો બહુ સ્વાભાવિક બની રહે.

૨૭ क તરીકે નોંધાયેલો નિયમ પણ અપવાદ જ છે, પણ એ અપવાદ તદ્દન વિચિત્ર જાતનો છે. ૨૬મા નિયમમાં તો 'ઓ' પ્રત્યય છે અને એ પૂર્વેના 'ઈ'ને હ્રસ્વ કરવો કે નહિ એ ચર્ચાનો વિષય હોય છે, જ્યારે અહીં તો અસ્વાભાવિક 'ઈ એ' એવો પ્રત્યય માની લેવામાં આવ્યો છે. એવો પ્રત્યય શક્ય જ નથી. મધ્યકાલીન ગુજરાતીમાં કર્મણિરૂપ ઉપરથી આવેલાં करीइ, बोलीइ એવાં રૂપો પરથી इ નો ए થયે, વસ્તુસ્થિતિએ વચ્ચેની ई ઉપરથી સ્વરભાર ખસી ए ઉપર જતાં લઘુપ્રયત્ન યકારવાળું રૂપ करिये, बोलिये આવ્યું; અશુદ્ધ લખાણોમાં करीए बोलीए એવાં પણ રૂપો લખાયેલાં. હોપ વાચનમાળાએ એ આંધળિયાં કરી સ્વીકાર્યાં અને પછી તો વ્યુત્પત્તિ કે ઉચ્ચારણ કોઈના પણ આધાર વિનાનો " ઈ એ " પ્રત્યય જ જાણે કે છે એમ સ્વીકારવામાં આવ્યું. ૨૫ મા નિયમમાં પ્રાપ્ત સંસ્કૃત ईय પ્રત્યય જેવી જ આ સ્થિતિ છે. એમાંનો ई જેમ હ્રસ્વ બની ગુજરાતીમાં इयुं–ई–इयो તરીકે આવ્યો તેમ જ પેલો મધ્ય-ગુજરાતીનો ईइ પ્રત્યય इये તરીકે ગુજરાતીમાં અબાધિત રીતે વ્યુત્પત્તિ અને ઉચ્ચારની એકતાથી વારસામાં મળ્યો છે; એટલે વર્તમાનકાળ ૧ લા પુરુષ બહુવચનનાં રૂપો કરિયે, છિયે, ખાઇયે, ધોઇયે, સૂઇયે, જોઈયે, હોઇયે, મારિયે એવાં જ સ્વીકારવાં જોઇયે. હિંદીમાં આ પ્રકારનાં કર્મણિરૂપો છે તે સરખાવો.

વહેલામાં વહેલી તકે આ અસ્વાભાવિક રૂપનો ત્યાગ કરી નિરપવાદ રીતે, જરા પણ પ્રાંતીયતાના ગંધ વિનાનો, 'ઇયે' પ્રત્યય આ રૂપોમાં સ્વીકારવાની હું ભલામણ કરું છું. ૨૫ મા નિયમને અનુસરી લેશ પણ અપવાદ વિના ગુજરાતી બોલતી સમગ્ર પ્રજાના કંઠમાં આ જ રૂપ સ્વાભાવિક છે.

(૨૭) ख. જુવો, ધુવો નહિ, પણ જુઓ, ધુઓ લખવું. તેમ જ ખોવું, રોવું, જેવા ઓકારાંત ધાતુઓમાં ખુઓ, રુઓ લખવું, અને જુએ છે, ધુએ છે, ખુએ છે, રુએ છે, જોયેલું, જોવું, ખોયેલું, ખોવું, ધોયેલું, ધોવું વગેરે રૂપો દર્શાવ્યા મુજબ લખવાં.

ग. સૂવું, પીવું જેવાં ક્રિયાપદોમાં સૂએ છે, સૂઓ, સૂવું, સૂતેલ, સૂનાર, અને પીએ છે, પીઓ, પીવું, પીધેલ, પીનાર એ પ્રમાણે લખવું.

૨૫ મા નિયમમાં જે વાતનું વિધાન છે તેને જ મળતું આ ગ–ગ નિયમનું વિધાન છે, પણ એનાથી ઊલટું, એટલો તફાવત છે. 'ઇ' પછી યશ્રુતિ બતાવવી આવશ્યક માનવામાં આવી છે, એથી ઊલટું અહીં 'ઉ' પછી સ્વાભાવિક આવતી વશ્રુતિનો અવરોધ કરવામાં આવ્યો છે; એટલે આ નિયમ માત્ર વ્યવહારપૂરતો જ છે; ઉચ્ચારણથી વિરુદ્ધ છે.

૨૭ ક–ખમાં દ્વિતીય ભૂતકૃદંતમાં સ્વરાંત ધાતુઓ પછી "એલું"નું "યેલું" થાય છે એ બતાવવાનું વાજબી વિધાન થયું છે. આ સાથે એટલું ખ્યાલમાં રાખવું કે ઉચ્ચારણની દૃષ્ટિએ આ 'યે' હ્રસ્વ છે. સુરત બાજુ "જોયલું"ને નજીકનું ઉચ્ચારણ છે.

ગ માં બતાવ્યા પ્રમાણે રૂપો પણ વ્યવહારપૂરતાં જ છે; એને પણ ઉચ્ચારણ સાથે સંબંધ નથી.

[કેટલીક પ્રકીર્ણ સૂચના]

૨૮. પૈસો, ચોટું, પૈડું, રવૈયો એમ લખવું. પણ પાઈ, પાઉંડ, ઊડઈ, સઈ એવા શબ્દો દર્શાવ્યા પ્રમાણે લખવા.

"અઇ" "અઉ"નું ઉચ્ચારણ 'ઐ' 'ઔ' જેવું થાય છેજ, એટલે પૈસો ચોટું વગેરે બરોબર છે. "પાઇ, પાઉંડ" માટે પ્રશ્ન નથી; પ્રશ્ન ફરી ઊડઈ, સઈ, ઊધઈ અને થઈ, જઈ, લઈ, દઈ જેવાં સંબંધક ભૂત કૃદંતનો રહે. આમાં સ્વરભાર ઉપાંત્ય 'અ' ઉપર હોવાથી દીર્ઘ 'ઈ' ઉચ્ચારી શકાતી નથી. પણ વ્યવહારપૂરતો 'ઇ' દીર્ઘ રાખ્યો છે; એટલે વ્યવહારપૂરતી આવી જોડણી કરવી એવું સમાધાન છે.

આવી જ સ્થિતિ ઉપાંત્ય સ્વર ઉપર ભાર છે એવા ઇકારાંત શબ્દો—જોઈ સમાઈ સૂઈ વગેરે સંબંધક ભૂત કૃદંતો, કોઈ કાંઈ જમાઈ જેવા શબ્દો, અને 'આઇ' અંતવાળાં ભાવવાચક નામોનો છે. ઉચ્ચારણથી 'ઇ' હ્રસ્વ જ આવે છે; માત્ર વ્યવહારપૂરતી જ દીર્ઘ 'ઈ' સ્વીકારાઈ છે.

['જ' કે 'ઝ']

૨૯. સજા, જિંદગી, સમજ એમાં જ; ગોઝારું, મોઝારમાં ઝ; અને સાંજ–ઝ, મજા–ઝા, એમ લખવું.

સજા જિંદગી જેવા વિદેશી શબ્દોનો પ્રશ્ન જરૂરી નથી. ખરો

પ્રશ્ન તો તદ્ભવ ગુજરાતી શબ્દો વિશેનો છે. આ શબ્દોમાં 'જ' છે કે 'ઝ' એનો નિર્ણય ઉચ્ચારણ તો આપે જ છે. 'સ્હમજ' એવી જૂની એકદેશી જોડણીને ધ્યાનમાં લેતાં માલૂમ પડશે કે શબ્દમાં ક્યાંક મહાપ્રાણ ઉચ્ચારણ છે. પણ એ શા માટે છે? મૂળમાં 'ધ્ય' ઉપરથી 'ज्झ' થઈ એ શબ્દો ગુજરાતી ઉચ્ચારણમાં આવ્યા છે; એટલે વસ્તુસ્થિતિએ 'જ'નો વિચાર જ આવશ્યક નથી. સમઝ, મોઝાર, સાંઝ, સૂઝ, બૂઝ, વાંઝણી, એ સૌ શબ્દોમાં 'ઝ' જ છે. અહીં વ્યુત્પત્તિ અને ઉચ્ચારણ બંને એક જ વસ્તુ આપે છે.

[કેટલાક વિકલ્પો]

૩૦. આમલી–આંબલી, લીમડો–લીંબડો, તૂમડું–તૂંબડું, કામળી–કાંબળી, ડામવું–ડાંભવું, પૂમડું–પૂંભડું, ચાંલ્લો–ચાંદલો, સાલ્લો–સાડલો એ બંને રૂપો ચાલે.

૩૧. કહેવડાવવું–કહેવરાવવું, ગવડાવવું–ગવરાવવું, ઉડાડવું–ઉરાડવું, બેસાડવું–બેસારવું, જેવાં પ્રેરક રૂપોમાં ડ અને ર નો વિકલ્પ રાખવો.

૩૦ મા નિયમમાંના વિકલ્પો સ્વીકાર્ય છેઃ બંને રૂપો વ્યાપક થઈ ચૂક્યાં છે.

૩૧ મા નિયમમાં દ્વિત્વપ્રેરક રૂપોમાં તેમ જ થોડાં સાદાં "આડ" પ્રત્યયવાળાં પ્રેરક રૂપોમાં વિકલ્પ છે એ સ્વીકાર્ય જ છે.

[ઈ–ઉ વિશે શેષ પ્રકીર્ણતા]

૩૨. કવિતામાં નિયમાનુસાર જોડણી વાપરી હ્રસ્વ દીર્ઘ બતાવનારાં ચિહ્નો વાપરવાં.

ખરી રીતે આ જોડણીનો કોઈ નિયમ નથી. કવિતામાં યથેચ્છ જોડણી કરનારને અટકાવવાપૂરતું આ નિયંત્રણ છે. ગદ્ય કરતાં પદ્ય એ મુખપાઠમાં વધુ આવે છે અને તેથી ઉચ્ચરિત શબ્દોમાં હ્રસ્વ દીર્ઘ યથાસ્થાને આવે એ આવશ્યક છે. ન લાવી શકનારને માટે ચિહ્નોનો ઉપયોગ આવશ્યક બને છે, જે પણ પ્રયોજકની કાચી હથોટી સૂચવે.

અહીં નમૂના તરીકે 'કરીએ, નદીઓ, મીંચાવવું' વગેરેને લક્ષ્ય કરિયે. ઉચ્ચારણમાં તે 'કરિયે, નદિયો, મિચાવવું' છે, અને સિદ્ધહસ્ત કવિ એ જ પ્રમાણે પ્રયોગ કરવાનો. એને માટે 'કરીએ, નદીઓ,

મોં'આવવું' એવી ઉચ્ચારણ વિરુદ્ધ જોડણી કરવાથી કેવું વિચિત્ર વલણ અખત્યાર કરવું પડે છે !

'કરીએ શું આવે? ઝડપ સહ પાણી પ્રવહતાં.
નદીઓ વીંઝાતી ગગન સહ વાતે વળગતાં.'

આમાં 'કરીએ, નદીઓ, વીંઝાતી'માં અનંત્ય "ઇ"નું દીર્ઘ ઉચ્ચારણ કાનને સારું લાગે છે ખરું?

આ જ વસ્તુ જોડણીને વધુ સ્વાભાવિક કરવાનું નિમંત્રણ, એટલું જ નહિ, નિયંત્રણ પણ માગી લે છે; માત્ર વ્યવહાર રોચક થઈ શકતો નથી.

૩૩. જે શબ્દોની જોડણી કે ઉચ્ચારને વિષે એકરૂપતા ચાલતી હોય તે શબ્દોની, ઉપરના કોઈ નિયમો અનુસાર જુદી જોડણી થતી હોય છતાં, પ્રચલિત' જોડણી કાયમ રાખવી. ઉદા૦ મુજ, તુજ, ટુકડો, ટુચકો, મુજબ, પૂજારી, મુદત, કુમળું, કુસકી, ગુટકો, કુલડી.

માત્ર "મુજ-તુજ" અને "પૂજારી" શબ્દ સિવાય બાકીના આ બધા શબ્દોમાં ઉચ્ચારણ પ્રમાણે સ્વરભાર અંત્ય કે પછીના સ્વર ઉપર હોવાને કારણે જ આદિ શ્રુતિમાં "ઉ" હ્રસ્વ જ છે. આમ થવાનું સાચું કારણ શોધી પૂર્વે થયેલાં વ્યવહારુ નિયમોમાંનાં વિધાનોને સ્વાભાવિકતા તરફ લાવવાનો પ્રયત્ન આવશ્યક બને છે.

ઉપસંહાર

જોડણીમાં સુધારાનાં દ્વાર હજી બંધ થયાં નથી; થઇ કે હોઈ પણ ન શકે, કેમકે ગુજરાતી ભાષાને હજી શાસ્ત્રીય વ્યાકરણ મળ્યું નથી. શાસ્ત્રીય વ્યાકરણ મળ્યા પછી જ આખરી નિર્ણય મેળવી શકાશે. અને જોડણીનો જટિલ વિષય નક્કી કરનારા ભાષા અને ભાષાશાસ્ત્રના અંતરમાં ઊતરેલા માણસો જોઇયે. કહેવાની જરૂર નથી કે નિર્ણય લાવનારો એવો વિદ્વાન કે વિદ્વાનો ન હોય ત્યાંસુધી આ વિષય આખરી શુદ્ધ અને સ્વાભાવિક રૂપ ન પામી શકે.

ગુજરાત વિદ્યાપીઠના નિયમોમાંના જે જે સ્વાભાવિકતાની વધુ નિકટ છે યા સ્વાભાવિક છે તે બતાવવાની ઉપર એક પણ તક જતી કરવામાં આવી નથી. જે નિયમોનાં વિધાન મને અસ્વાભાવિક જણાયાં

છે તે પણ, સૂચવવાની ફરજ સમજી, આપ્યાં છે. આ વિષય ભાષાશાસ્ત્રીઓનો છે અને એઓ જ આ વાતને સમજી શકશે. ગુજરાત વિદ્યાપીઠ જેવી જવાબદાર સંસ્થા એ જવાબદારી સમજે જ છે અને તેથી દર આવૃત્તિએ કાંઈ અને કાંઈ સુધારા સ્વીકાર્યા છે, જે વસ્તુસ્થિતિએ ઉચ્ચારણની સ્વાભાવિકતા તરફ વધુ અને વધુ આવતા જાય છે. એ માર્ગદર્શક પ્રયત્નોના ઋણ નીચે જ વધુ સુધારા સૂચવવાનો આ નમ્ર પ્રયત્ન મારા તરફથી થયો છે. આ સત્ય સ્વીકારતાં હું ગૌરવ લઉં છું. [ગ્રંથ અને ગ્રંથકાર, પુ. ૯, સને ૧૯૪૪, પૃ. ૧-૨૭]

૨૫. જોડણીની સહેલી ચાવીઓ

[ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોશને ચુસ્તપણે અનુસરી]

નિયમો

અ પરભાષાના શુદ્ધ (તત્સમ) શબ્દોની જોડણી

(૧) સંસ્કૃત, અરબી, ફારસી, અંગ્રેજી વગેરે ભાષાના શુદ્ધ શબ્દોની જોડણી ગુજરાતી ભાષામાં જાણીતાં ઉચ્ચારણોને ધ્યાનમાં રાખી મૂળ પ્રમાણે કાયમ રાખવી, સંસ્કૃત પ્રત્યય વિનાનાં પહેલી વિભક્તિ એકવચનનાં રૂપ લખવાં; જેમકે, મૂળ સંસ્કૃત મતિઃ; એ ઉપરથી મતિ લખવું. એ જ રીતે ગુરુ, હરિ, શાંતિ, નીતિ, નિધિ, સ્થિતિ, શ્રીયુત, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય, પ્રામાણિક, કર્તા, પિતા, વિદ્યાર્થી, હસ્તી, યશસ્વી, મનસ્વી, વિદુષી, ભગવતી, શ્રીમતી, સુદિ, વદિ; આગાહી, અમીરી, ઉર્દૂ, કાબૂ, કાબુલી, કિસ્સો, કીમતી, ખૂબી, ગિરો, ચાકૂ, જાદૂ, જાસૂસી, તંબૂ, તૂતી, તૈયારી, દારૂ, દાવૂદી, પીલૂ, બાજૂ, રજૂ, રૂબરૂ; મ્યુનિસિપાલિટી, કમિટી, યુનિવર્સિટી, વગેરે.

વિશેષ—જેને છેડે વ્યંજન હોય તેવા શબ્દો ગુજરાતી પ્રત્યય લેતા હોય તેઓને અકારાંત ગણીને લખવા: જગત્ નહિ પણ જગત. એમ જ—વિદ્વાન, ભગવાન, પરિષદ, સંસદ, ધનુષ, આશિષ, આયુષ, અકસ્માત; અકીક, અજબ, અંગૂર, અંજીર, આલિશાન, ઇજાર, ઇમારત, ઇલાજ, કબૂતર, કબૂલ, કસૂર, કાનૂન, કૂચ, કોશિશ, કોહિનૂર, ખુદ, ખૂન, ગુમ, ચાબુક, જરૂર, જાસૂસ, ઝનૂન, તવારીખ, તાસીર,

દસ્તૂર, દીવાન, દીવાલ, સાબિત; અપીલ, કોર્ટ, કેબલ, પેન્સિલ, બૂટ, સ્કૂલ, બુક, ડૉકટર, સ્ટેશન, વગેરે.

અપવાદ–પશ્ચાત્ કિંચિત અર્થાત કવચિત્ સાક્ષાત્ અકસ્માત્ (અવ્યય) એવા શબ્દો એકલા આવે ત્યારે છે તેમ જ વ્યંજનાંત લખવા; જેમકે કવચિત્, સાક્ષાત્. પણ આ શબ્દો પછી જ્યારે 'જ' અવ્યય આવે ત્યારે એ વ્યંજનાંત લખવા; જેમકે કવચિત જ, સાક્ષાત જ, વગેરે.

સૂચના—(અ) અંગ્રેજી શબ્દોમાં જ્યાં જ્યાં પહોળા એ કે ઓ હોય ત્યાં ત્યાં ગુજરાતીમાં એ ઊંધી માત્રાથી જોડણીમાં બતાવવા; જેમકે ડૉકટર, કૉલેજ, ઍક્ટ, બૅંક વગેરે.

(આ) અરબી, ફારસી શુદ્ધ શબ્દોમાં મધ્યે લઘુપ્રયત્ન અ જેવો ઉચ્ચાર હોય ત્યાં તે શબ્દોમાં વ્યંજન ખોડો ન લખતાં અકાર ઉમેરી જોડણી કરવી: અખ્બાર નહિ પણ અખબાર. એ જ રીતે અફલાતૂન, અરજી, અશરફી, કુદરત, ખુશબો, ગિરદી, ચરબી, તકરાર, તસવીર, દરદી, બિલકુલ, દૂરબીન વગેરે.

(૨) અનુસ્વારના ભિન્ન ભિન્ન ઉચ્ચારો દર્શાવવા ચિહ્નો ભિન્ન ભિન્ન વાપરવાં નહિ; છતાં શકય હોય ત્યાં અનુસ્વારના વિકલ્પમાં અનુનાસિક વ્યંજનો વાપરી શકાય; જેમકે 'અંત' અને 'અન્ત' બંને વાપરવા. એ જ રીતે દંડ–દણ્ડ, સાંત–સાન્ત, તંબૂ–તમ્બૂ વગેરે.

વિકાર પામેલા (તદ્ભવ) શબ્દોની જોડણી ઇ–ઈ, ઉ–ઊ

(૩) વિકાર પામેલા શબ્દોમાં, કોઈ પણ સ્થળે રહેલો ઇ અને શબ્દને છેડે ન હોય તેવો ઉ નાકમાંથી બોલાતો (પોચા) ઉચ્ચારવાળા હોય, તે દીર્ઘ લખવા; દાખલા તરીકે વીંછી, દહીં, ટૂંક, ઊંધ. પણ એવો ઉ જો શબ્દને છેડે હોય તો એ હ્રસ્વ લખવો; દાખલા તરીકે સીંચવું, ટૂંકું, ઊંચું, ઊંધું, છું, શું, હું, તું વગેરે.

અપવાદ—પરંતુ એ નિયમ પ્રમાણે કૂંવર–રી નહિ પણ કુંવર–રી. એવા જ બીજા અપવાદો: કુંવારું, કુંભાર, કુંવાર, સુંવાળું; પણ ઉંદર–ઊંદર એમ બેય રૂપ સ્વીકારવાં.

(૪) તદ્ભવ શબ્દને છેડે આવતા ઇ એટલા દીર્ઘ, અને ઉ

એટલા હ્રસ્વ લખવાઃ ઘી, ધણી, વિનંતી-વિનંતિ વગેરે; તથા પ્રભુ, લાડુ, ચાલુ, લાગુ, ડાધુ વગેરે.

અપવાદ—એકાક્ષરી શબ્દોમાં એવો ઊ દીર્ઘ જ લખવોઃ જૂ, લૂ, થૂ, ભૂ, છૂ, રૂ વગેરે.

(૫) તદ્ભવ શબ્દોમાં આવતા જોડાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં ઈ કે ઉ જે હોય તે હ્રસ્વ લખવો; દા. ત. શિસ્ત, કુક્કર, ચુસ્ત, જુસ્સો, છુટ્ટું (છૂટું પણ), ભુક્કો (ભૂકો પણ), કિલ્લો, જિલ્લો, છેતરપિંડી, જિંદગી, જિંગોડી, દુંડ, તુંડાઈ વગેરે.

(૬-અ) બે અક્ષરના જે શબ્દોમાં ઉપાંત્ય (છેડે ન આવતા હોય એવા) ઇ અને ઉ હોય તે દીર્ઘ લખવાઃ લુખું નહિ, પણ લૂખું. એ જ રીતે બીડી, ખીલી, સીડી, ઝીણું, રીઢું, ચીડ, સીધું. ઈસ, ઝીનો, ચૂરો, સૂનું, ફૂકું, થૂલી-લું, ડૂલ, સૂવું-સૂએ-સૂઓ વગેરે.

અપવાદ—પણ જ્યાં વ્યુત્પત્તિને કે રૂઢિને કારણે જુદી જોડણી થતી હોય તેવા શબ્દોમાં હ્રસ્વ લખવા; દા. ત. મુજ, તુજ, વિશે-વિષે, સુધી, જુદું, જુએ-જુઓ, ધુએ-ધુઓ, ખુએ-ખુઓ, રુએ-રુઓ વગેરે.

(૬-આ) ત્રણ અક્ષરના શબ્દોમાં પહેલી શ્રુતિમાં રહેલા ઇ કે ઉ પછી હ્રસ્વ સ્વરવાળો વ્યંજન હોય તો તે દીર્ઘ લખવા; જેમકે નીકળ; અને દીર્ઘસ્વરવાળો વ્યંજન હોય તો હ્રસ્વ લખવા; જેમકે કિનારો. એ જ રીતે ઊતર, મૂલવ, મજૂર, ખેડૂત વગેરે; અને વિમાસ, ખુશાલ, વિસામો, નિસાસો, દુકાળ, સુતાર, ભુલાવો વગેરે.

અપવાદ—(૧) પરંતુ આમાં પણ જ્યાં વ્યુત્પત્તિ કે રૂઢિને કારણે જુદી જોડણી થતી હોય ત્યાં અપવાદ કરવો; જેવા કે ઉપર, ચુગલી, કુરતું, ટુકડો, ટુચકો, કુમળું, કુસકી, ગુટકો, કુલડી, મુગટ, ટહુકો, મહુડું, મધુરું, ફુઉડી, સ્ફુરવું; અને પૂજારી, દંતૂડી, કબીલો, ગોટીલો, દાગીનો, રંગીલું વગેરે.

અપવાદ—(૨) વિશેષણ ઉપરથી થતાં નામો તેમ જ નામો ઉપરથી થતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવીઃ ગરીબ-ગરીબાઈ, વકીલ-વકીલાત, ચીકણું-ચીકણાશ – ચીકણાઈ –

ચીકાશ, મીઠું-મીઠાશ-મીઠાઈ-મીઠાણ, જૂઠું-જૂઠાણું, પીળું-પીળાશ વગેરે.

અપવાદ—(૩) ક્રિયાપદોનાં મૂળ રૂપને કે સાધિત રૂપને કૃદંત પ્રત્યયો લગાડવા હોય ત્યારે ઉપર મુજબ મૂળ તેમ જ સાધિત રૂપની જોડણી સિદ્ધ કર્યા પછી જ પ્રત્યયો લગાડવવા; જેમકે ભૂલ(વું) પરથી ભૂલનાર, ભૂલેલું; પણ સાધિત રૂપ ભુલા(વું) પરથી ભુલાનાર, ભુલાવેલું, ભુલાવડાવેલું વગેરે.

સૂચના—ઊતરવું, નીકળવું, મૂલવવું એ પ્રમાણેનાં સર્વ મૂળ ક્રિયાપદોમાં 'વું' રહિત જ રૂપો અક્ષરગણતરી માટે રાખી નિયમ ૬ આ પ્રમાણે જોડણી કરવી. મૂળ ધાતુ ઉપરથી કર્મણિ કે ભાવેનાં રૂપો બનાવતાં પણ એ નિયમ ધ્યાનમાં રાખવો: નીસર(વું), વીસર(વું) વગેરે પરથી નીસરા(વું), વીસરા(વું). એ જ પ્રમાણે ઊતર(વું), ઊપડ(વું) વગેરે પરથી ઉતાર(વું), ઉપાડ(વું) વગેરે.

(૬–ઇ) ચાર અથવા એથી વધારે અક્ષરના શબ્દોમાં શરૂમાં આવતો વ્યંજનવાળો કે વ્યંજન વિનાનો ઇ-ઉ હ્રસ્વ લખવો: હિલચાલ, કિલકિલાટ, ખિસકોલી, ટિપણિયો, ચિચિયારી, ટિટિયારી, ટિચકારી, નિમણુક, ઉજાગરો, ઉનામણો, ઇતરડી વગેરે.

અપવાદ—ગુજરાત અથવા ગૂજરાત બંને રૂપ સ્વીકારવાં.

ય-શ્રુતિ

(૭) શબ્દના બંધારણમાં ઇ પછી ય-શ્રુતિ વ્યક્ત થતી હોવાથી પૂર્વનો ઈ હ્રસ્વ કરી, પછીના સ્વરમાં ય ઉમેરી જોડણી કરવી: દરિયો, કડિયો, રેંટિયો, ફળિયું, ધોતિયું, માળિયું, ઢાળિયું, કાઠિયાવાડ, પિયર, પિયેર દિયર, દિયેર, મહિયર, સહિયર, પિયુ વગેરે.

અપવાદ—(૧) પણ પીયો (ચેપડો) એવું રૂપ લખવું, અને પિયળ-પીયળ, એવાં બંને રૂપ સ્વીકારવાં.

અપવાદ—(૨) વિભક્તિ કે વચનના પ્રત્યયો લગાડતાં કાંઈ ફેરફાર ન કરવો: નદી-નદીએ, નદીઓ; સ્ત્રી-સ્ત્રીએ, સ્ત્રીઓ; ખૂબી-ખૂબીઓ.

અપવાદ—(૩) વર્તમાનકાળમાં કરીએ, છીએ, ખાઈએ, ધોઈએ,

મૂઈએ[1] એવાં રૂપ સ્વીકારવાં.

(૮) ભૂતકૃદંતનાં 'એલું' પ્રત્યયવાળાં રૂપોમાં 'એલું' પહેલાંના અંગમાં અ આ એ આવ્યા હોય ત્યારે એમાં ય ઉમેરી જોડણી કરવી: ગયેલું, થયેલું, સચવાયેલું, મુકાયેલું, જોયેલું, ખોયેલું, ધોયેલું, વ૦

ઐ — ઔ

(૯) શબ્દના રૂપમાં અ+ઈ, અ+ઉ જેવાં ઉચ્ચારણની ભ્રાંતિ થતી હોય ત્યાં ઐ અને ઔ લખવા; જેમકે પઈસો નહિ પણ પૈસો. એ જ રીતે પૈડું, ચૌટું, ચૌદ, કૌંસ, રવૈયો, ગવૈયો, કૈં વગેરે.

અપવાદ—પણ પાઈ, પાઉંડ એ શબ્દો એ મુજબ છૂટા લખવા, તથા જઈએ, થઈએ, તેમ જ ધઉં, ઊડઈ, સઈ અને સંબંધક કૃદતના જઈ, થઈ વગેરે રૂપો અહીં લખ્યા પ્રમાણે લખવાં, તેમ ઊધઈ–ઉધેઈ.

હ-શ્રુતિ

(૧૦) વિકાર પામેલા શબ્દોમાં હકારનું શ્રવણ થતું હોય ત્યાં પૂર્વના વ્યંજનમાં અકાર ઉમેરી જોડણી કરવી; જેમકે બ્હેન નહિ પણ બહેન. એ જ રીતે વહાણું, વહાલું, પહોળું, મહાવત, શહેર, મહેરબાન, મહોલ્લો, મહાવરો, મહોર, કહે, રહે, પહેર, પહોંચ વગેરે.

અપવાદ—(૧) પરંતુ મ્હને ને બદલે મને રાખવું. એ જ રીતે મારું, તારું, અમારું, તમારું, તેનું, એનું, નાનું, બીક, સામું, ઊનું, મોર(આંબાનો), મોં, મોતું(લોટનું), જ્યાં, ત્યાં, જ્યારે, ત્યારે, ક્યાં, ક્યારે વગેરે જે પ્રમાણે ચાલે છે તેમ જ લખવા.

અપવાદ—(૨) ચાહ, સાહ, મોહ, લોહ, દોહ, કોહ, સોહ, એ ધાતુઓને અનિયમિત ગણી જોડણીકોશમાં બતાવ્યા પ્રમાણે એઓનાં રૂપ લખવાં. [જુઓ 'જોડણીકોશ'નો (૩જી આવૃત્તિ) નિયમ ૧૦મો, પૃ. ૧૮.]

અપવાદ-(૩) કાઢ, વાઢ, કઢી, ટાઢ, અઢાર, કઢવું અને તે ઉપરથી થતા શબ્દો બતાવ્યા મુજબ લખવા, પણ ચડવું અને ચઢવું બંને ચાલે.

---

૧. વિદ્યાપીઠે આપેલો આ ત્રીજો અપવાદ કેવળ નિરર્થક છે. હિંદીમાં करिये खाइये વગેરે જ પ્રચારમાં છે.

પ્રકીર્ણ વ્યંજનો

(૧૧) જોડાક્ષરોમાં નિકટના અલ્પપ્રાણ અને મહાપ્રાણ ન લખતાં મહાપ્રાણ જ બેવડા લખવા: ચોકખું નહિ પણ ચોખ્ખું. એ જ રીતે પથ્થર, ઝભ્ભો, ઓધ્ધો, સુધ્ધાં, સભ્ભર વગેરે.

અપવાદ—માત્ર ચ્ છ ના સંયોગમાં ચ્છ લખવા: અચ્છેર, પચ્છમ, અચ્છું વગેરે.

(૧૨) જેમાં યની ભ્રાંતિ છે તેવા શબ્દોમાં ય ન લખતાં મૂળ શુદ્ધ રૂપ લખવું: ચાયણી નહિ, ચાળણી. એ જ રીતે પારણું, બારણું, શેરડી–શેલડી, દોરડું, બરણી, ખાંડણી, દળણું, શરણાઈ એમ લખવું.

(૧૩) નીચેના શબ્દોમાં બતાવ્યા મુજબ બંને જોડણી કરવી:

(અ) ડોશી–ડોસી, માશી–માસી, ભેંશ–ભેંસ, છાશ–છાસ, બારશ–બારસ, એંશી–એંસી, વિશે–વિષે વગેરે.

(આ) પણ શોધવું (સોધવું નહિ), શકવું એમ જ લખવાં.

(ઇ) સઝા અને સમઝ નહિ પણ સજા સમજ રાખવું; પણ ગોઝારું, મોઝાર એમાં ઝ રાખવા; છતાં સાંઝ–સાંજ, મઝા–મજા.

(ઈ) આંબલી—આમલી, લીંબડો—લીમડો, ઊંબરો—ઊમરો, તુંબડું–તૂમડું, કાંબળી- કામળી, ડાંભવું–ડામવું, પૂંભડું–પૂમડું, ચાંલ્લો–ચાંદલો, કડલાં–કલ્લાં, સાડલો–સાલ્લો, ગાડલું–ગાલ્લું વગેરે બંને રાખવાં.

(ઉ) પ્રેરકના પ્રત્યયોમાં આવતો અડાવ કે અરાવ એ બંને પ્રત્યયો વિકલ્પે રાખવા (ઇચ્છા મુજબ ચલાવવા): કહેવડાવ–કહેવરાવ, ગવડાવ–ગવરાવ. એ જ પ્રમાણે આડ કે આર પ્રત્યયો પણ વિકલ્પે રાખવા; જેમકે બેસાડ–બેસાર; પણ દેખાડમાં ડ જ રાખવો.

આ પ્રમાણે મૂળ જોડણીકોશના ૨૮ નિયમોને ઉપલા ૧૩ નિયમોમાં સમાવી આવી રૂપ બનાવ્યા છે. એ ખ્યાલમાં રાખીને લખવાનો અને શંકા વખતે 'જોડણીકોશનો ઉપયોગ' કરી નિર્ણય મેળવી લેવાનો જો આગ્રહ રાખવામાં આવે તો થોડા જ સમયમાં જોડણી ઉપર પ્રભુત્વ આવી જાય.

[કુમાર : અંક ૨૦૦; ઑગસ્ટ, સને ૧૯૪૦, પૃ. ૩૯૪-૩૯૭]